યોગવિંશીકા

ભાગ – ૧

પણિધાન ભાવધર્મ

પ્રવચનકાર :
અધ્યાત્મગુણસંપન્ન, પરમતત્વવિદ્, પરમપૂજ્ય
પંડીત મહારાજ યુગભૂષણવિજયજી

સં·પુ·ત્યે ૬૩૪

યોગવિંશીકા

ભાગ – ૧

પણિધાન ભાવધર્મ

રૂ ૧૧૦/–

પ્રવચનકાર :

અધ્યાત્મગુણસંપન્ન, પરમતત્ત્વવિદ્, પરમપૂજ્ય

પંડીત મહારાજ યુગભૂષણવિજયજી

॥ ॐ ह्रीं श्री पार्श्वनाथाय नमः॥

॥ प.पू. श्री युगलूषणविजयजी सद्गुरुभ्यो नमः॥

મને પૂજ્યશ્રીના સંપર્ક બાદ ધર્મના ક્ષેત્રમાં કયા ગુણો વિકસાવીએ તો આત્મકલ્યાણ થાય. આ તમામ ભાવનોનું વિશુદ્ધ જ્ઞાન થયું. માટે એ જ્ઞાનના રેફરન્સ માટે જ પૂજ્યશ્રીની વાણીને અક્ષરદેહ આપ્યો છે.

આ અક્ષરદેહ રૂપ
પૂજ્યશ્રીની વાણીમાં મારી અલ્પ મતિના કારણે
જીનાજ્ઞા વિરુદ્ધ કે પૂજ્યશ્રીના આશય વિરુદ્ધ
કાંઈપણ મારાથી ભૂલચુક થઈ હોય તો

"મિ"
ત્રિવિધે ત્રિવિધે
મિચ્છામી દુક્કડં માંગું છું.

પ્રસ્તુત લખાણનો સંપૂર્ણ અભ્યાસ બાદ જ
પ્રસ્તુત પદાર્થનો વિશદ બોધ થશે.

લી. દર્શિતા જયજીનેન્દ્ર

પ-૨-૯૫ બુધવાર ॥ વીરવિંશીકા॥
ભાદરવા સુદ ૧૪ ચતુર્દશ ॥ પ્રણિધાન ભાવધર્મ॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી, અનંત જ્ઞાની, શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને અનુપમ યોગમાર્ગની પ્રાપ્તિ કરાવવા માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જગતના જીવમાત્રને મુક્તિ પ્રાપ્ત કરાવવા માટે જ આ શાસન સ્થાપ્યુ છે. આપણે જે આ ગ્રંથનું વાંચન કરવાના છીએ, એ ગ્રંથના રચયીતા પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી છે. તેઓએ ૧૪૪૪ ગ્રંથની સ્થાપના કરી છે. તેઓ પૂર્વથી જૈન ન હતા. તેઓ પહેલેથી જ વૈદીક ધર્મના અનુયાયી હતાં અને રાજપુરોહિત હતા. તેઓ ખૂબ જ વિદ્વાન હોવાના કારણે રાજાને તેમના પ્રત્યે ખૂબ જ માન હતુ.

તેમને જીવનમા સંકલ્પ કર્યો હતો કે જેનુ પણ હું જ્ઞાન ન સમજુ શકુ તેના મારે શિષ્ય બનવુ. તેઓ ચાર વિદ્યાના પારગામી ધુરંધર વિદ્વાન જ્ઞાની હતા.

એક દિવસ યાકીની નામના સાધ્વીજી શાસ્ત્રનો અભ્યાસ કરી રહ્યા હતા, તેઓ ઉંચા અવાજથી શ્લોકોનું પઠન કરી રહ્યા હતા, તે વખતે રાજપુરોહિત માર્ગ ઉપરથી પસાર થઇ રહ્યા હતા. તે વખતે આ શ્લોકોના પારિભાષિક શબ્દો તેમના કાને પડ્યા. આમ તો તેમની વિદ્વતામાં શંકા કરી શકાય તેમ ન હતું. પરંતુ શાસ્ત્રના પારિભાષિક શબ્દો હોવાના કારણે તેમને કંઇ સમજ ન પડી. જીવનમાં પહેલીજ વાર પોતાની વિદ્વતાની શંકા થઇ. તેથી સાધ્વીજી મહારાજ પાસે જઇને કહે છે કે મને આ શ્લોકનો અર્થ સમજાવો. સાધ્વીજી મહારાજ પણ વિવેકી અને જ્ઞાની હોવાના કારણે કહે છે, કે તમારે અર્થ સમજવો હોય તો તમે અમારા આચાર્ય પાસે જાવ. રાજપુરોહિતે કહ્યુ કે મારે એવી પ્રતિજ્ઞા છે કે જેનું જ્ઞાન હુ સમજ ન શકુ તેના મારે શિષ્ય બનવું. જો કે આ પ્રતિજ્ઞા તેમને જાહેરમાં નહોતી લીધી, માટે જણાવ્યુ ન હોત તો પણ

ચાલત, પણ પોતે ખુબ જ પ્રમાણિક, વિદ્વાન જ્ઞાની હતા. માટે જ તેમણે પોતાની પ્રતિજ્ઞા જણાવી. આ પ્રતિજ્ઞાના કારણે તેમને સાધ્વીજીના શિષ્ય થવુ હતું. પરંતુ આપણા શાસનમાં પુરુષવર્ગ ધર્મથિાર્થના શિષ્ય બની શકે. તેથી તેમને આચાર્ય મહારાજ પાસે મોકલ્યા. અને તેમનો જૈન શાસન સાથે સંબંધ થયો. ધર્મથિાર્યએ જોયું કે લાયક અને જ્ઞાની જીવ છે. અને આવા જીવો જો શાસનને મળે તો બહુ સારુ થાય તેથી તેમને તેમને દીક્ષા આપી, અને તેથી જૈન શાસનને હરિભદ્રસૂરી જેવું વિદ્વાન, જ્ઞાની જેવુ અણમોલ રત્ન મળ્યું. અને હરિભદ્રસૂરીએ તેમાંથી જૈન દર્શનનુ માખણ મેળવ્યું. હરીભદ્રસૂરીને જિન આગમો મળ્યાં પછી લખ્યુ કે કોઇપણ વ્યક્તિ જિન આગમો વિના પોતાનો ઉદ્ધાર કરી શકે નહીં.

અમને પણ આગમો ન મળ્યા હોત તો આ સંસારરુપી સમુદ્રમાં ક્યાંય ડૂબી ગયા હોત. માટે આ તત્વજ્ઞાનની પ્રાપ્તિ વગર દરેક આત્માને ભયંકર નુકશાન થવાની શક્યતા છે. એમને બે મોઢે આ તત્વજ્ઞાનની ઠેર ઠેર પ્રંશસા કરી છે.

સ્વાધ્યાય આપણા જીવનનુ કર્તવ્ય છે. આ તત્વજ્ઞાનની પરખ ત્યારે આવે જ્યારે આપણે તેમા ડૂબી જઈએ. અને તેમા જ ખરી મજા છે. મહાપુરુષોએ આ શાસ્ત્રોની બે મોઢે પ્રશંસા કરી છે. આપણા શાસ્ત્રો જૈનેતરને પણ પ્રભાવીત કરી શક્યા માટે વિચારજો આપણને કેવું શાસન મળ્યુ છે.

આ ગ્રંથના પહેલા શ્લોકનો આપણે વિચાર કરીએ વિંશીકા એટલે વીસ શ્લોક અને યોગવિંશીકા એટલે જેમાં યોગમાર્ગનું સાંગોપાંગ વર્ણન છે તે. યોગ શબ્દ અત્યારે બહુ જ પ્રચલીત છે. પરંતુ અત્યારે યોગ શબ્દનો અર્થ આસન તરીકે કરાય છે. જેમકે પદ્માસન વગેરેને અત્યારે યોગ કહેવામાં આવે છે. પરંતુ આ એક ભ્રમ છે.

આ વાસ્તવીક યોગનો અર્થ નથી.

"મોક્ષેણ યોજનાયોગઃ"

બીજે જોડે તેનુ નામ યોગ, યોગ આત્માને મુક્તિ સાથે જોડે. જે મોક્ષની સાથે યોજન કરે તેનું નામ યોગ છે.

મોક્ષ એટલે શું? મોક્ષ એટલે મહાનંદમ્

પરમ આનંદની સાથે જોડે તે મોક્ષ.

આનંદનો અગાધ સાગર એટલે મોક્ષ.

આપણને અત્યારે મોક્ષના સુખની ઝાંખી પણ દેખાતી નથી. કારણકે આપણને મોક્ષનો પરિચય થયો નથી. હવે જ્યારે મુક્તિની જ ખબર નથી તો મુક્તિ મેળવવાના સાધનની તો વાત જ ક્યાં રહી ? તેની તો ક્યાંથી ખબર હોય ? આપણને ચોવીસે કલાક સંસારનું સુખ દેખાય છે. આપણા મનનો સ્વભાવ છે કે તેને ચોવીસે કલાક આનંદ જોઇએ છે. પણ સાચો આનંદ શું છે તેની ખબર જ નથી.

પુર્ણાનંદ એટલે જ મોક્ષ છે. મોક્ષનો અર્થ બંધનમાંથી છુટકારો. એટલે આત્માનો સર્વ બંધનમાંથી છુટકારો થાય, તેનુ નામ મોક્ષ. પરંતુ અત્યારે આપણને બંધન બંધન રૂપે દેખાતા નથી. માટે જ આપણે સ્પષ્ટ સમજણ લેવી પડે.

આપણે કર્મના વિપાકનો અનુભવ કરીએ છીએ, જેમકે દેહ પહેલું બંધન છે. ઈન્દ્રિયો, મન, દેહ જુવતા જાગતા બંધન છે. પરંતુ અત્યારે આપણી બુધ્ધિમાં અસ્પષ્ટતા છે. જેથી દેહ એ દુઃખનુ સાધન છે છતાં પણ આપણને દેખાતું નથી. વિચારજો સર્વની જરૂરીયાત કેટલી? આ શરીરના પ્રોબ્લેમ્સનો ક્યાંય અંત નથી છતા પણ આપણને એ બંધન, બંધન નથી લાગતા. અનંતકાળથી આત્મા આ બંધનમાંથી પસાર થયો છે. અને હજુપણ આત્મા તેને મજબુત કરી રહ્યો છે.

મોક્ષમાં અશરીરી, અમનનીય અને ઇન્દ્રિયહીન અવસ્થા છે. આત્માને લાગેલા બંધનથી છુટકારો કરો એટલે મોક્ષ. જો કે અત્યારે મોક્ષમાં સુખ દેખાતુ નથી, કારણ મોક્ષનુ સુખ એ જુદી ક્વોલીટીનું છે. જેને સંસારનું સુખ ગમે તેને મોક્ષ ગમે ખરો? પણ જો કદાચ તમને તે મજાનું સ્થાન લાગતુ હોય તો એને મેળવો કે ન મેળવો તે પછી વાત, પણ ચોવીસે કલાક વાદ તો આવે ખરુ ને? પરંતુ અત્યારે આત્માને આ સંસારમા જે આધિ, વ્યાધિ, ઉપાધિ છે, તે ઉપાધિમાંથી છુટકારો પ્રાપ્ત કરવો નથી. કારણકે તેને આ સંસારમાં જ સુખ દેખાય છે.

માટે જ્યારે જીવને મોક્ષની ઓળખાણ થશે, ત્યારે તેને તે મેળવવાની તલપ અને તરસ લાગશે, પછી તો એનુ નામ સાંભળતાં આનંદ આનંદ થશે. અને પછી જ તેને પરમાત્માની ભક્તિમાં આનંદ આવશે. મોક્ષ અને પરમાત્માનો અભેદ છે. જ્યાં સુધી મોક્ષની ઓળખાણ થાય નહીં, ત્યાં સુધી પરમાત્મા તત્વની ઓળખાણ થતી નથી. જેઓ મહા આનંદની પરાકાષ્ટાને માણી રહ્યા છે.

ભૌતિક સુખના સાધનથી વિકારી આનંદનું સુખ મળે છે, જ્યારે આપણા શાસ્ત્રમાં નિર્દોષ સુખ અને અનંદ છે. વિકારી સુખ એટલે જેમા પહેલા પીડા, અને પછી તેમાં થોડી હળવાશ લાવવાથી જે સુખ મળે એ સુખને વિકારી સુખ કહ્યુ છે.

દા.ત. તમે વીડીયો, ટીવી જોતા હોવ ત્યારે તમને સુખનો અનુભવ થાય છે. પણ આમ વિચારીએ, ત્યારે શરીરને સુખ મળતુ નથી, પેટ ભરાતુ નથી. આ બધુ સુખ કૃત્રીમ અને આભાસી હોવા છતાં પણ લોકો લાખો રુપિયા તેમાં ખર્ચે છે. કારણ તેમાંથી માનસિક સુખ મળે છે. આપણા મનમાં વાસના, તૃષ્ણા, વિકારો ભરેલા પડ્યાં છે. જે આવેગો દ્વારા ઉશ્કેરાય છે. પછી એને શાંત પાડો ત્યારે તમને

જે શાંતિ લાગે છે, તેનુ નામ જ વિકારી સુખ છે. એટલે કે પહેલા તૃષ્ણા, વિકારોને તંગ કરવા અને પછી તેને શાંત પાડવા.

પરંતુ જેમાં સીધી તૃપ્તિ મળતી હોય, તેને જ ખરો આનંદ કહેવાય. સીધી તૃપ્તિ એટલે જેમાં પહેલા અતૃપ્તિનો ત્રાસ વેઠ્યા વગર આનંદ થાય તે.

આ દુનિયામાં જીવ માત્ર સુખને ઝંખે છે. પણ તેને સાચા સુખની કલ્પના નથી. માટે જ તેને વિકારી સુખમાં સુખ દેખાય છે. પરંતુ મોક્ષનુ જે સાચુ સુખ છે તેને તે દેખાતુ નથી.

ભૌતિક સુખ એ દુઃખનો પડછાયો છે. માટે તેમાં દુઃખ અને સુખ બન્ને સાથે હોય છે. જેમ માણસ અને તેનો પડછાયો સાથે હોય તેમ.

ભૌતિક સુખ દુઃખનો પર્યાય છે.
ભૌતિક સુખ દુઃખની અવસ્થા છે.

માટે આખો સંસાર દુઃખોપચાર, દુઃખપ્રતિકાર છે. નાસ્તીક પણ આ વાતનો ઈન્કાર કરી શકે તેમ નથી. દા.ત. ભુખ લાગ્યા પછી જ આપણે ખાવા બેસીએ તો તૃપ્તિ મળે. ભુખ ના હોય અને સામે ગમે તેટલુ ખાવાનું મૂકીએ તો પણ કંટાળો આવે છે. આ આખા સંસારમાં દીવો લઇને ગોતવા જઇએ તો પણ સાચો આનંદ ક્યાંયથી મળવાનો નથી. પરંતુ કણીયા જેટલો પણ સાચો આનંદ પામશો તો જ મોક્ષ થશે. અને જ્યારે પૂર્ણ આનંદ પ્રાપ્ત કરશો ત્યારે મોક્ષ પામશો.

સભા:- શરીર, ઇન્દ્રિય વગર આત્મા રહી શકે ખરો?

સાહેબજી:- જેમકે આંખ એ કાંઇ જોતી નથી, પરંતુ જોવાનુ તે સાધન છે. જોનાર તે આપણો આત્મા છે. જેમ ઘડપણમાં વ્યક્તિ લાકડી લઇને ચાલે છે, છતાં લાકડી તે વ્યક્તિને ઉપાડે છે કે વ્યક્તિ

લાકડીને ઉપાડે છે. લાકડી એ તો સહાય કે સાધન છે. એમ આત્મા આપણને ચલાવે છે.

સાધનની જરુર દુર્બલને પડે છે. જે દિવસે આપણી નબળાઇ જતી રહેશે તે દિવસે સાધનની જરુર પડવાની નથી. અત્યારે આપણો આત્મા ડિપ્લ્ડ-નિર્બળ છે. એટલે આપણને ઇન્દ્રિયોની જરુર પડે છે. માટે અત્યારે આપણે સાધનરુપી શરીરને મુખ્ય બનાવ્યુ છે.

પણ હકીકતમાં આ શરીરનું સર્જન આત્મા કરે છે, અને આ શરીરથી વિયોગ પણ આત્મા કરે છે. માટે આ આત્મા શક્તિ છે. માટે જ મોક્ષમા શરીરની જરુર નથી. પરંતુ સંસાર આપણા કર્મથી બંધાયેલો છે. આમ તો આત્માની શક્તિ પ્રત્યક્ષ છે. પરંતુ આપણે આત્માની અનંત શક્તિનો ક્યારે પણ વિચાર કર્યો નથી.

<u>આનંદની જરુરીયાતનું નામ યોગ છે.</u>
<u>અને તેની પરાકાષ્ટાનું નામ મોક્ષ છે.</u>

॥પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

તા ૬-૭-૯૫ ॥યોગવિંશીકા॥ ગોવાળિયા ટેંક
અષાઢ સુદ આઠમ
ગુરુવાર

॥પ્રણિધાન॥

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના સમગ્ર જીવ માત્રને પુદ્‌ગલાનંદમાંથી મુક્ત કરી આત્માનંદી કરવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ જીવનમાં પામવા લાયક કાંઇ હોય તો તે સહજ નિર્દોષ આનંદ છે. સંસારમા તમે જે આનંદ મેળવો છો તે ભૌતિક આનંદ છે. જે ઔપચારિક છે. આનંદ શબ્દ બોલો છો તેની જે અનુભૂતિ છે તેને તોડવાની ખુબ જ જરુર છે.

નંદ, હર્ષ, તૃપ્તિ, અંદરનો સંતોષ તે આનંદ છે. જેને ભોગવતાં કોઇ પણ પાસાથી કંટાળો ન આવે, પણ સતત હર્ષનો અનુભવ થાય. ભૌતિક જગતમાં દીવો લઇને ગોતવા જાવ તો પણ આવો આનંદ મળે તેમ નથી. જ્યારે સંસારના સુખમાં સંતાપ, પીડા, કંટાળો ભરેલા છે. જેમાં દુઃખનું મિશ્રણ ન હોય તેવો એક પણ દાખલો નમુના રુપે નથી.

આ જે ભૌતિક સુખ ભોગવો છો, તેમા આગળ પીડા, ભોગવતી વખતે પીડા અને ભોગવ્યા પછી પણ સંતાપ છે. ખાવાનું, પીવાનું, ફરવા-ફરવાનું કે મોજમઝા કે સત્તાસંપત્તિનું કોઇ પણ સુખ હોય, કોઇપણ સાથે સંતાપ વીંટળાયેલો છે.

જીવનમાં તમે જે પ્રવૃત્તિ કરો છો તેનું પૃથ્થકરણ કર્યું નથી. જેમ કે તમે સવારના ઉઠ્યા, આપણા ખંખેરી, નાહ્યા, પ્રભુ કર્યું, ચા-પાણીનો સ્વાદ કર્યો પછી નવરા પડ્યા એટલે કુતુહલથી છાપુ વાંચ્યુ, ટી.વી જોયુ. પછી પુરુષો બીઝનેસ કરવા જાય, છોકરાઓ સ્કુલે જાય, બીજો રસોઇ કરે, પણ આ બધી પ્રવૃત્તિ શું કામ કરીએ છીએ, તેમાં મળતો આનંદ શું છે ? કેવી રીતે મળે છે, એનુ કદી વિશ્લેષણ કર્યું નથી.

સંસાર એ ગાડરીયો પ્રવાહ છે.

જ્યારે નવા જમાનાના આજના લોકો ધર્મને ગાડરીયો પ્રવાહ કહે છે. પરંતુ શાસ્ત્રકારો એમ કહે છે કે સંસારમાં તમે જે રીતે જુવો છો, તે ગાડરીયો પ્રવાહ છે.

દા.ત. ઘેટાનુ એક ટોળુ ચાલ્યુ તેમા એકની પાછળ બીજુ ઘેટુ ઉંધુ ઘાલીને ચાલ્યુ જાય. તેને પાછળનુ ખબર નથી, અને આગળ પણ તે કયા જાય છે, તેની ખબર નથી. ઘેટામાં મુર્ખતા ભરેલી લાગે છે ને? ઘેટાની આવી મુર્ખતા જોઇને એક ભાઇએ કહ્યુ કે અમે કતલખાનામાં આજે જે જુવો મરવાના હતા તેને છોડાવા ગયેલા, એ વખતે બહાર પ્રાણીઓ ન હોવાના કારણે અંદર જે જુવોને લઇ ગયા હતા, તેને છોડાવવા અંદર મોકલ્યા. અમે તો ત્યાનુ દૃશ્ય જોઇને કમકમી ઉઠ્યા. એક ઘેટુ આવે, છરાથી ઘા કરે માથુ ધડથી જુદુ કરે, લોહીની શેરો ઉડે, જેવું એક પુરુ કરે તેની પાછળ બીજુ ઘેટુ પણ વગર કહે આવીને ઉભુ રહે, જાણે કોને મોતનો ડર જ ન હોય. ઘેટામાં કેટલી મુઢતા હોય છે કે આગળ શું થાય છે તેનો તે વિચાર ન કરે. માટે એક પછી એક આવે અને કસાઇઓ તેને કાપ્યા કરે.

માટે ઘેટાના ટોળા માટે કહેવાય છે કે આના પછી આગળ શું થશે? પાછળનું શું થશે? મારું શું થશે? એનો કદી જ વિચાર ન કરે. તેમ તમે જે પ્રવૃત્તિ કરો છો તે વિચારીને કરો છો કે ઘેટાની જેમ મુઢતાથી કરો છો? ગમે ત્યાં જાતને ઝંપલાવો છો પણ શા માટે આ પ્રવૃત્તિ કરો છો તેનો જવાબ છે ખરો?

મજા એટલે શું? મજાની વ્યાખ્યા શું? મજા આવે છે તેનો પુરાવો ખરો? આ બધાનો જવાબ મળે ખરો? ના, માટે એમનેમ ઝંપલાવવાની જ વાત છે ને।

જો આ જડ જગતમાં આનંદ ઉપલબ્ધ થાય તો અમારે

મોક્ષ કે મોક્ષમાર્ગ કે અધ્યાત્મની કોઇ વાત કરવાની રહેતી નથી. આત્મા અનંતકાળથી આનંદ માટે તલસી રહ્યો છે. જો તેને મનગમતો આનંદ મળી રહે તો તે બીજુ કાંઇ ઇચ્છતો નથી, બીજુ કોઇ તેને ઝંખના નથી. આ શાશ્વત અને સનાતન તેની ઝંખના છે. તે ઝંખનાને માટે તો પુરા મરવાની નથી, કદી ઓછી થવાની નથી. માટે જ તે ઝંખનાને પૂરી કરવા જ્ઞાનીઓએ મુક્તિ બતાવી છે.

મોક્ષ એટલે બીજુ કાંઇ નથી પણ જીવમાત્રની અભિલાષાને પરિપૂર્ણ કરવાનો ઉપાય તેનું નામ મોક્ષ.

અનંતકાળથી જીવોની આજ ઝંખના છે. તેને પરિપૂર્ણ કરવાનો ઉપાય તે મોક્ષ. જીવ જેવો આનંદ ઇચ્છે છે તેને પૂર્ણ રૂપે પામવો તેનુ જ નામ મોક્ષ.

તેનો પર્યાયવાચી (સમરવર્ડ) શબ્દ શું વાપર્યો ?

મહાનંદ. મહાનંદકારી સતત અવસ્થા તેનું નામ મોક્ષ. જ્યાં આનંદનો સાગર હિલોળા લઇ રહ્યો છે. જેમાં ચારેબાજુથી હર્ષ અને તૃપ્તિનો આનંદ જ હોય. પરંતુ જે સુખમાં રતીભાર પણ કંટાળો હોય તેવા આનંદને સાચુ સુખ કહેવાય નહીં.

સુખની વ્યાખ્યા શું ? શાસ્ત્રમાં સરળ ભાષામાં વ્યાખ્યા કરી છે કે સુખનું નામ એ કે જેનાથી જીવ કદીપણ કંટાળે નહીં. પરંતુ જે સુખમાં છે તે વાસ્તવીકમાં સુખ નથી પણ સુખના નામથી કોઇ ભળતી વસ્તુ જીવને ભટકાઇ ગઇ છે.

તમે જેને સુખ માન્યુ છે તેની પાછળ દોડવામાં શું બાકી રાખ્યુ છે ? અને જેને દુઃખ માન્યુ છે તેનાથી છુટવા દોડાદોડી કરવામાં પણ કાંઇ બાકી રાખ્યુ નથી.

સુખની વાત આવે તો મુઠ્ઠીવાળીને દોડો ને ? તેમ દુઃખથી પણ ભાગો ને ? માટે બન્નેનુ સરખુ જ આકર્ષણ અને અપાકર્ષણ છે.

આ એક ચેતન તરીકેની વિશેષતા છે. આત્માના ઘણા લક્ષણોમાં આ એક લક્ષણ છે. "જે સતત સુખને ઝંખે અને દુઃખને ના ઝંખે તેનું નામ આત્મા."

આત્મા એટલે :- પોતાને જાણે તે આત્મા. આ દુનિયામાં આત્માને છોડીને બીજુ એવી કોઇ વસ્તુ નથી કે જે પોતાને જાણતી હોય. સ્વનો અનુભવ હોય એવો કોઇ ભૌતિક પદાર્થ આ દુનિયામાં ખરો?

મશીનને તમે પ્રશ્ન પુછો તો તમારાથી સારા જવાબ આપે, ઝલાઇ સુધી વાત કરે, તમે બોલ્યા તેના પર સમીક્ષા કરે, સારાંશ બોલે, એવા મશીનો છે કે નથી? મશીનો કોડાનાં સમાધાન કરી શકે પણ સ્વનો અનુભવ કરી શકે ખરો? તેને આખો જવાબ આપ્યો હોય પણ તે પોતે ન જાણી શકે કે તેને શું જવાબ આપ્યો છે. જ્યારે માણસ વિચારી શકે કે તેને શું જવાબ આપવાનો છે અને આપ્યો છે માટે જે આત્માની વિશેષતા છે તે કોઇ મશીનમાં નથી. સેલ્ફ ઓબઝર્વેશન આત્માને છોડીને બીજે ક્યાંય નથી. આ જગતમાં આત્માને અદ્વિતીય પદાર્થ તરીકે સ્થાપિત કર્યો છે. સારાંશમા એમ કહેવાય કે સૃષ્ટીમાં ચેતનની તોલે કોઇ નથી.

તમને હું આત્મા છું તેનું ગૌરવ છે ખરુ? તમને સત્તા, સંપત્તી કે, ઘરમાં તથા બહાર થોડો પ્રભાવ, શરીર નિરોગી, ખાવા-પીવાની બીજુ બધી સગવડતા હોય એટલે ઠરસો રહે ને! કારણ પુણ્ય છે. પરંતુ પુણ્યનું પાંદડુ ખસે તો ઢીલા ઘેંસ જેવાને? અને પાછા જરા પુણ્યનું પાણી વધ્યું કે રુઆબ વધી જાય ને? બસ આ જ સંસારનું સ્વરુપ છે અત્યારે તમે આત્મબળથી નહીં જીવી રહ્યા પણ સત્તા, વૈભવના પાવરથી જીવી રહ્યા છો. જ્યારે ધર્માત્મા તો આત્મબળથી ટકી રહે છે. પણ ઘણાની સ્થિતિ

તો શું કે જરાક મોટી આપત્તી આવે એટલે મરવાના વિચાર કરે, નિરાશા આવી જાય. જીવવાનો રસ ચાલ્યો જાય. પરંતુ મનુષ્ય ભવના જીવનની અતિશય કિંમત છે. તેની તમને ખબર છે? આપણા જૈન શાસ્ત્રમાં અનેક દાખલા છે કે જીવનમાં અપાર વિપત્તી આવી હોય પણ તેમને ક્યાંય આવા વિચારો ન આવ્યા હોય. આપણને બાહ્ય અનુકુળતાથી જીવન ભર્યું લાગે છે.

શાસ્ત્રમાં સ્ત્રીઓના દાખલા પણ છે જેમ ચંદનબાલા ગઇકાલ સુધી રાજમહેલમાં મહાલવા હતા. પરંતુ પછીથી અડધી રાતે ભાગવુ પડ્યુ. પિતાનુ મરણ થયુ. ત્યાંથી ભાગતાં ભાગતાં સિપાઇઓના હાથમાં ઝડપાયા છે. આસક્ત એવા કામી સિપાઇના હાથમાં ફસાયા છે. શિયળનું જોખમ લાગવાથી માતા તો જીભ કચરીને મરી ગયા. આમ જોતજોતામાં માતાપિતાનુ મૃત્યુ થયુ, રાજવૈભવ ગયો છતાં ચંદનબાળાએ આંખમાંથી એક ટીપુ નથી પાડ્યુ. સત્વ, મનોબળ તેમનું કેવુ હશે? સંતી સીતાને પણ ઉપર આભ ને નીચે ધરતી છતાં પણ મરવાના વિચાર તેમને આવ્યા નથી. કારણ? તેમની પાસે ધર્મ પામ્યાથી ખીલેલુ બળ છે. માટે જ આવા સંયોગોમાં પ્રભુ અડીખમ રહી છે. તમને તો શું થાય કે આટલો ધર્મ કર્યો છતાં આવુ દુઃખ આવ્યુ? જ્યારે બીજા પાપ કરે છતાં તેમને લહેર છે. અને ધર્મીને ત્યાં ઘાડ પડે છે. તેથી ધર્મ માટે શું ભાવ થયો? જ્યારે સીતાજીને તો આવા કપરા સંયોગોમાં પણ ધર્મ ગુંજી રહ્યો છે. તેમને સંદેશો મળ્યો કે - શીખરજીની જાત્રા કરવા જવાનું છે. માટે જલદીથી ચાલો રામચન્દ્રજી રસ્તામાં મળશે. પોતે પતિવ્રતા લક્ષી છે માટે વિચાર કર્યા વગર તૈયાર થઇને ચાલ્યા છે.

રથ આગળ ચાલ્યો, જંગલ આવ્યુ પણ સ્વામીનાથનો રથ છે તેઓ દેખાતા નથી, અને શિખરજી પણ દેખાતુ નથી. માટે વિચારમાં

પડી ગયા છે. આગળ ગાઢ જંગલમાં સેનાપતિ રથ ઉભો રાખે છે. જમીન ખોતરે છે પણ કાંઇ જ બોલતો નથી. માટે આગ્રહ કરી સીતાજી પૂછે છે ત્યારે કહે છે અમારું નસીબ કેટલું ખરાબ છે કે અમને આવું કામ કરવાનું આવ્યું છે. સ્વામીનાથની સેવા કર્યા સિવાય અમારે છુટકો નથી. પોતે આજ્ઞાંકિત સેવક છે. માટે ઘણા દુઃખ સાથે કહે છે કે ગાઢ જંગલમાં તમારો ત્યાગ કરવાનો છે. રામચંદ્રજીએ તમારો ત્યાગ કર્યો છે માટે મૂકવા આવ્યો છું.

આ શબ્દો તેમને વીજળી પડવા બરાબર છે. પોતે પતિવ્રતા હોવાના કારણે પતિ સિવાય કાંઇ વિચાર્યું નથી.. માટે આવું સાંભળતાં જ રથમાં બેભાન થઈ જાય છે. પછી જાગ્રત થયા પછી રથમાંથી ઉતરતાં પહેલો શબ્દ બોલે છે કે મારા વગર રાજા કઇ રીતે જીવશે? આમનું દાંપત્ય જીવન કેવું હશે તે વિચારવા જેવું છે. નહીંતર આવા પ્રસંગે મોંમાંથી શું શબ્દો નીકળે? પરંતુ સીતાજીને ખબર છે કે રામજીને મારા પર કેટલો સ્નેહ છે! મારો ત્યાગ કાંઇ મનથી કર્યો નથી. પણ કટોકટીના સંજોગો કારણે જ ત્યાગ કર્યો હશે. રાજા મારા વગર ઝુરીઝુરીને મરશે. આવો તેને વિશ્વાસ છે. આવા કડવા અનુભવમાં પણ તેમને ખાત્રી છે. પણ હવે કહે છે જે બનવાનું હતું તે બની ગયું.

સેનાપતિ સાથે સંદેશો મોકલે છે કે "રઘુકુળની નિતિ ન્યાય મશહૂર છે. તમે મહાન સમ્રાટ થઈને બેઠ પક્ષી ન્યાય તોળ્યો. બન્ને પક્ષની ફરીયાદ સાંભળ્યા પછી ન્યાય તોળાય તે તમને ખબર છે. પરંતુ મારૂ એવું કમભાગ્ય કે તમારા જેવા ઉત્તમ પુરુષને આવું સુઝ્યું. તમે લોક નિંદાથી મારો ત્યાગ કર્યો પણ મિથ્યાત્વીના ડરથી સમ્યક્‌ત્વનો ત્યાગ નહીં કરતા. "વિચારજો તેમના હૃદયે ધર્મ કેવો વસ્યો હશે? અને એના જ કારણે આવા

આત્મબળથી સંસારમાં જુવે છે. ભૌતિક સુખ તેમને જોઇએ છે. સત્તા, વૈભવ, સંપત્તિ, આનંદ, પ્રમોદ જોઇએ છતાં પણ કુંદ કોની છે? કુંદ ધર્મથી મળે છે કે ભૌતિક ભોગોથી?

સભા:- આત્મબળ છે કે નહીં કેમ ખબર પડે

સાહેબજી:- આત્મબળથી જુવતા હોવ તો જ્યારે કસોટી આવે ત્યારે ખબર પડે. તેવા વખતે અભિવ્યક્ત થયા વગર રહે નહીં. વિશ્વાસ આવે ત્યારે થાય કે ભૌતિક પદાર્થ કશુ આપી શકે તેમ નથી. ધર્મ જ અલૌકીક છે. તેજ બધુ આપી શકે તેમ છે. અને જેને આ અનુભવ્યુ છે તેમાં કાંઇ ઉથલપાથલ થાય કે આધુપાધુ થાય તો પણ તેના આત્મબળમાં ઉની આંચ ન આવે. તેવુ કોને થાય? વિચારજો.

યોગની ૧ દૃષ્ટીમાં આવેલ જુવને જ આ ટકી શકે છે.

નમુત્થુણંમાં સ્પષ્ટ લખ્યુ છે કે

અભય દયાણં

ચક્ખુ દયાણં

આનો અર્થ શું? ખબર છે? ભયને જીત્યો? કોણે? ભગવાને?

તમે ભગવાનના દર્શન કરો છો યા કરવા જાઓ ત્યારે વિચાર આવે છે કે પ્રભુ કેવા છે? અભયને આપનારા છે. બોધિ કે સમકીતને આપનારા છે.

ક્રમસર સાંગોપાંગ નમુત્થુણંમાં ગુંથીને મૂક્યુ છે. સંસારમાં સમકિત પામવા માટેના સ્ટેપમાં ૧લી, રજી, ત્રીજી, ચોથી પાંચમી એમ દૃષ્ટી બતાવી છે. ૧લી દૃષ્ટી પામેલાને અભયની પ્રાપ્તી થાય.

પરમાત્માની સેવા, ભક્તિ, ઉપાસના કરવા માટે યોગની ભૂમિકા પામવી જોઇએ. આ પરમાત્મા યોગના સમ્રાટ છે. યોગના નાથ છે. માટે તેમની સાચી ઉપાસના એજ કરી શકે કે જે યોગી હોય. સાચી ઉપાસનાનો અધિકારી યોગી જ છે. અયોગીને ઉપાસના માટે સાચો

અધિકાર નથી. તમે યોગી છો ? પણ મોટા ભાગને તો ખબર પણ નહીં હોય કે યોગી એટલે શું ? હજુ તમારે એ અધિકાર પામવાની બાકી છે. હા, જો તે અધિકાર પામવા માટે પ્રભુની ઉપાસના કરી તો વાંધો નથી. પણ સાચા અર્થમાં પૂજા કોણ કરી શકે કે જે યોગી હોય તે. યોગી પુરુષો જ તેમને ઓળખી, પીછાની શકે છે. પરંતુ જે ગાઢ મિથ્યાત્વી છે તેમને માટે પરમાત્મા પરોક્ષ છે. યોગમાર્ગ કે સમકીત પામનારને પ્રભુ પ્રત્યક્ષ છે. તમને પરમાત્માના પ્રત્યક્ષ દર્શન કરવા છે ? તો યોગી બનવું પડશે. પ્રભુ પરમાનંદ છે. તેમના આનંદનો કણિયો ચાખ્યો હોય તો ખબર પડે કે ભગવાન કેવા છે, જેમની ઝાંખી થાય. હું શું બોલું છું તે સમજાય છે ને ? જો તેની અનુભુતી કરવી હોય તો યોગ પામવો પડે. જેથી તેની કણીયા જેટલી પણ અનુભુતી થાય અને પછી પરમાનંદને પામો એટલે પરમાત્મ સ્વરુપ પામ્યા કહેવાઓ.

આતો હજુ શરુઆતની વાતો છે પણ આગળ ભાવધર્મની એવી વ્યાખ્યા કરી છે કે તમે ક્યારેય વિચારી નહીં હોય.

સભા:- ખબર જ નથી તો શું વિચારે ?

સાહેબજી:- ધીમે ધીમે શાંતિથી સમજાવવા માંગુ છું.

ઉમાસ્વાતીજીએ કહ્યું કે જૈન શાસન પામેલા ઉપદેશકને આના સિવાય બીજો ઉપદેશ આપવામાં રસ હોય જ નહીં. અને જો રસ હોય તો તે જૈન તત્વને ભણ્યો નથી. ત્યાંના મર્મ સુધી પહોંચ્યો નથી. ઉપાધ્યાય યશોવિજયજીએ લખ્યું કે જે યોગ ગ્રંથને ભણ્યો નથી તે ઉપદેશ આપવા ગેરલાયક છે. અને પોતે તે ભણે છતાં પ્રકાશિત ન કરે તેવા ઉપદેશકની કુરી કોડીની કિંમત નથી. અમારા માટે આવી વાતો કરી છે. જેથી તમે ઓછોવત્તો પણ યોગમાર્ગને પામો તે માટે જ અમને આ પીરસવામાં રસ છે. કદાચ તમને

નિરસ લાગે તો પણ રીપીટ કર્યા કરીશું. પરંતુ આ જેને પણ ગમાડ્યું હોય તેને તૈયાર થઈને જ આવવું પડે. તમારી શું સ્થિતિ છે? ખાલી વ્યાખ્યાન સાંભળવું કે પછી હોમવર્ક પણ કરવાનુ રાખ્યુ છે?

તમે ૨૫ વર્ષથી આ બધુ સાંભળો છતાં પણ તમને પુછે કે યોગની વ્યાખ્યા શું? તો માથુ જ ખંજવાળો ! આ ધર્મના ફીલ્ડમાં જે રીતે આવવુ હોય તે રીતે આવો તો ચાલે ને? બીજ ફીલ્ડમાં આમ જાઓ તો કોઇ ઉભા રાખે ખરા? તમારો બાળક દર વર્ષ સ્કુલમાં જાય અને ફેલ થાય તો કેટલો વખત ભણાવો? ૧ વર્ષ-૨ વર્ષ-પછી કહેશોને કે હરામના પૈસા નથી આવતા. ઉઠાડી મૂકોને ? જ્યારે અહિંયા ?

સભા:- અહિંયા સાહેબ મફત છે. અને નવા નવા ટીચરો આવે છે.

સાહેબજ:- કેમ અમે તમને ઉઠાડી ન શકીએ? અમને પણ રાઇટ છે. પણ અમે તેનો ઉપયોગ કરતાં નથી. ભગવાને અમને કેવા કેવા ટાઇટલ આપ્યા છે તે વાંચો તો ખબર પડે. પરંતુ તમે કોઇ દિવસ પણ પામશો માટે અમે સંભળાવીએ છીએ.

સભા:- પણ સાહેબજ, પેંડાના ડબ્બાનો સ્વાદ આવે પછી રસ પડે ને?

સાહેબજ:- પણ તકલીફ ક્યાં છે કે જેને પેંડાને ચાખ્યો નથી તેને ગોળમાં મજા આવે. ગામડામાં રહેનારને દુનિયામાં મીઠી વસ્તુ ગોળ જ છે. બીજ વસ્તુની ખબર નથી માટે તેને મીઠામા ગોળમાં આવે છે! તેમ તમે સુખ ક્યાં માનો છો? ભૌતિક જુવનમાં ને? માટે તેને જ ચાખવાની તલપને? ભૌતિક સુખ મળે તો તૈયાર ને? બે સિવાય કોઇ બીજે આનંદ પામવાની તરસ છે?

પરંતુ જે મજા કે આનંદ સંસારમાંથી મળે છે તે અસલી ન લાગે, તેમા અધુરપ લાગે, તો તમને ખરો આનંદ કે તૃપ્તિ મેળવવાની લગની લાગે. અને તો જ યોગમાં રસ પડે. પછી જેને આ સાચો આનંદ અનુભવ્યો તેને બીજા બધા આનંદ ફીક્કા લાગ્યા વગર રહે નહીં.

યોગી અને ભોગી વચ્ચે ઘણો જ તફાવત છે.

ભોગીને સંસારના ભોગમાં રસ હોય ત્યારે

યોગીને યોગમાં જ રસ હોય. યોગીને તેના જીવનમાં ભોગ હોય પણ રસ ભોગમાં ન હોય. રસ તો યોગમાં જ હોય.

સંસારમાં તમે ભોગ ભોગવો તેમાં વાંધો નથી પણ મોક્ષમાં રસ આવે અને ભોગ ન ગમે તો તમે યોગમાં ચઢવાને લાયક છો.

મોક્ષ એટલે મહાનંદ - જ્યારે સંસારમાં કહેવાતા બધા આનંદ સદોષ છે. પરંતુ નિર્દોષ આનંદ એ જ આત્માનો સ્વભાવ છે.

તમારા સંસારના બધા આનંદમાં કંટાળો છે. કોઈ એવું સુખ ખરું કે જેમાં તમને કંટાળો ન આવે? તમારી જ પસંદગીની વાતથી વિચારીએ. જેમ તમને સંગીતમાં સુખ લાગે છે માટે એને મન ભરીને માણો, પણ શરત એટલી કે તેને કાયમ ખાને સાંભળતાં કંટાળો નહીં આવે ને? જેમ તમને જેનો સ્વાદ ગમતો હોય તે તમારી ડીમાન્ડ પ્રમાણે બધુ જ આપીએ. હવે તેને ભોગવતાં ક્યારેય પણ કંટાળો ન આવે તેવું બનશે ખરું? ના, કારણ એકનું એક સુખ વારંવાર ભોગવો તો ઘરાઈ જાઓ છો કારણ કે જ વસ્તુ વધારે કે ફરી ભોગવતાં દુઃખરૂપ લાગે છે. જ્યારે સાચા સુખમાં કંટાળો નથી દુઃખ નથી માટે જ જીવ ધરાતો નથી. સુખની મહત્તા ક્યારે ટકે? ક્યારે પણ સુખમાં કંટાળો ન આવે તો.

જેમ તમને પુરણપોળીમાં સુખ લાગે છે. પણ બે ત્રણ ખાતા તેનાથી તમે કંટાળ્યા. એટલે તમે સુખથી કંટાળ્યા તેમ કહેવાય. પછી પુરણપોળીની જગ્યાએ બીજી વસ્તુ જોઈએ.

ઘણા લેખકો લખે છે કે પશ્ચિમના લોકો સુખથી કંટાળ્યા માટે યોગ તરફ વળ્યા. પરંતુ આવી વાતો કરનારમાં મૂર્ખાની જમાત ભેગી થઈ છે. પશ્ચિમના લોકો સુખથી કંટાળ્યા નથી પણ જેને

સુખ માનતા હતા તેમાંથી તેમને સુખ મળ્યું નહીં માટે અધ્યાત્મની તરફ વળ્યા. તેઓ સુખની શોધ માટે યોગ તરફ વળ્યા છે.

સુખ એનું નામ કે જેને ભોગવતાં ઉદ્વેગ કે કંટાળો ન આવે. તત્વ નહીં વિચારી ત્યાં સુધી દિશા બદલાશે નહીં.

ખરો આનંદ યોગ છે. મોક્ષ એ પૂર્ણાનંદ છે. મોક્ષના મહાનંદ સાથે જોડી આપનાર મન-વચન-કાયાની પ્રવૃત્તિ તેનું નામ યોગ છે.

મોક્ષ એ ગહનમાં ગહન તત્વ છે. તેને સમજવા આગળ ઘણી દલીલ આવશે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૭-૭-૯૫ ॥ યોગવિંશીકા॥
શુક્રવાર
અષાડ સુદ નોમ ॥ પ્રણિધાન॥ ગોવાબિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને સુવિશુદ્ધ યોગમાર્ગની પ્રાપ્તિ કરાવવા ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ જીવનમાં પામવા લાયક કાંઇ હોય તો તે યોગ છે. જે જીવ અનંતકાળથી પામ્યો નથી. આ જીવ ઘણી વખત શાસનને પામ્યો છે. પરંતુ મહત્વપૂર્ણ પામવા લાયક યોગને પામી શક્યો નથી. યોગને પામ્યા વગર કોઇ મોક્ષે ગયુ નથી. જેટલા પણ ગયા તેટલા યોગ પામીને ગયા છે. ભવિષ્યમાં પણ જશે તે યોગના આલંબનથી જશે. ધર્મતીર્થ પામ્યા પછી જો યોગની પ્રાપ્તિ ન થાય તો તેને પામવા માટેની જે પ્રવૃત્તિ કરી તે બધી નિષ્ફળ ગઇ કહેવાશે. જ્યારે પણ આ શાસન મળ્યુ ત્યારે તે કાંઇ મફ્તમાં મળ્યુ નથી. પુણ્ય બાંધ્યુ હોય તો જ આવું અલૌકિક શાસન મળે છે.

<u>હવે આંશિક આત્મીક આનંદને યોગ કહ્યો છે. અને</u>
<u>પૂર્ણ કક્ષાના આનંદને મોક્ષ કહ્યો છે.</u>

આંશિક સ્વાદ ચાખવા મળે તેવી અનુભુતિને યોગ કહ્યો છે. હવે આપણ પ્રશ્ન કરે છે કે આ તો મોક્ષનુ લક્ષણ થયુ ? પણ તેને કઇ રીતે સમજવા, ઉદાહરણ માટે શું લેવું ?

જેટલો વિશુદ્ધ ધર્મ છે તે બધો ધર્મનો વ્યાપાર છે. જે બધાને આપણે યોગ કહેવા તૈયાર થયા છે. શુદ્ધ ધર્મની જેટલી પણ પ્રવૃત્તિ છે તે બધાને આપણે યોગ કહેશુ. આના દ્વારા આ મહાપુરુષે ધર્મની પ્રવૃત્તિને યોગ તરીકે બતાવ્યો પણ તેમાં વિશુદ્ધ ધર્મનુ વિશેષણ લગાડ્યુ. એટલે એનો અર્થ શું થયો કે ધર્મના બે પ્રકાર છે (૧) શુદ્ધ ધર્મ, (૨) અશુદ્ધ ધર્મ. અશુદ્ધ ધર્મને ધર્મ કહ્યો પણ તેને યોગ તરીકે તેઓ સ્વીકારવા તૈયાર નથી. તેમને ' પરિશુદ્ધો ' શબ્દ વાપર્યો. એટલે

ચારે બાજુથી શુદ્ધ. સામાયિક, પ્રતિક્રમણ, વંદન, ચૈત્યવંદન, તપ, ત્યાગ, વિનય, વૈયાવચ્ચ, દાન, ખમાસમણ. કોઇ પણ ધર્મ પરિશુદ્ધ હોય તો તેને યોગ કહેવા તૈયાર છે. માટે વ્યાખ્યા બહુ જ સરળ છે. શુદ્ધ ધર્મ મોક્ષ સાથે અનુસંધાન સાધે છે. જ્યારે અશુદ્ધ ધર્મથી મોક્ષ સાથે અનુસંધાન થતું નથી. તેવો ધર્મ પહાડ જેટલો વિશાળ હોય તો પણ તેને યોગ તરીકે સ્વીકારવા તૈયાર નથી. આ વાત પોઇન્ટથી પકડશો તો હૃદયમાં બેસી જશે. જેથી તમારા જીવનમાં કરાતી ધાર્મિક ક્રિયાનું મુલ્યાંકન કરવામાં તમને સહાયરુપ થશે.

અત્યારે તમે ધાર્મિક ક્રિયા નથી કરતા તેવું તો નથી. દહેરે, ઉપાશ્રયે નથી જતા તેવા તમે નથી. જ્યારે ઘણા બે દિવસે આવે, પાછા ન આવે, કુરસદે ટાઇમ પાસ કરવા તરીકે આવતા હોય, પણ ધર્મ સાથે જેને ન્હાવા નિચોવાનો સંબંધ ન હોય. તેનું તો લોન્ડ્રિ જીવન જ કહી શકાય. જ્યારે તમારા માટે ન કહેવાય. રજ કલાકમાંથી ઘણો સમય ભલે સંસારમાં જાય પણ બીજો સમય પણ અટિંવા તમે આવો છો. દહેરે, ઉપાશ્રયે કરો છો તેમ ઘરે પણ તમારી ક્રિયા, આત્મ પ્રવૃત્તિ કરો છો. તમે કાંઇ ધર્મશુન્ય નથી. ધર્મના વ્યાપાર યુક્ત છો. પણ જે ધર્મ કરો છો તેની મોક્ષ સાથે ડાયરેક્ટ લીંક ખરી? મુક્તિ સાથે કનેક્શન ખરુ? કે પછી ડીસ્કનેક્શન વાળો જ ધર્મ છે?

સભા:- ના, કનેક્શન વાળો ધર્મ છે.

સાહેબજી:- થર્ડાસ્પની કરી છે કે એમનેમ ઝીંકે રાખો છો? મોક્ષ માટે ધર્મ કરીએ છીએ, એવી લીન્ક આવી ગઇ છે તે એક ભ્રમણા છે.

સંસારના કારણથી જ ધર્મ કરો તો મોક્ષ ન થાય તેવું ખાસી નથી. મોક્ષની ઇચ્છા કરો એટલે મોક્ષ થાય તેવું પણ નથી. મોક્ષ એટલો કાંઇ સોંઘો નથી. આ તો તમે મોક્ષને બહુ જ સસ્તો બનાવી દીધો છે.

સભા:- મોક્ષની ઇચ્છા કરી એટલે પ્રયત્ન કરવાનું મન થાયને?
સાહેબજી:- મોક્ષની ઇચ્છા કરી પણ પ્રયત્ન ઉંધી દિશાએ કરો તો ડફણા જ પડે ને? કશું ન મળે ને? ખાલી ઇચ્છા કરવાથી થાય? પરંતુ સમજણ પૂર્વકની ઇચ્છા જોઇએ. ખાલી ગોખી રાખેલી ઇચ્છા ન ચાલે.

મુક્તિની ઇચ્છાથી ધર્મ કરનારને પણ મુક્તિનો વિવેક નથી, સમજણ નથી, સંસારથી વૈરાગ્ય નથી તેને તે ધર્મ મોક્ષનું સાધન બને તેવું અમે કહેતા નથી.

શુદ્ધ ધર્મ મોક્ષનું સાધન છે. અશુદ્ધ ધર્મ ક્યારેય સાધન બન્યો નથી, અને બનશે પણ નહીં. માટે શુદ્ધ ધર્મ અને અશુદ્ધ ધર્મની વ્યાખ્યા સમજવી પડશે. તમે અત્યારે તેનું અર્થઘટન ખોટુ કરો છો.

ઘણા કહે ભગવાન પાસે શુદ્ધ હૃદયથી પ્રાર્થના કરીએ તો સાહેબ કહે ને? પણ શુદ્ધ હૃદયની પ્રાર્થના એટલે શું? શુદ્ધ શબ્દને ફંફોળવો પડે. માટે પ્રોપર મીનીંગ સમજવો પડે.

શુદ્ધ ધર્મ રાઇ જેવડો પણ હોય તો તેમાં મોક્ષનું અનુસંધાન છે. એટલે ધીરે ધીરે ભવિષ્યમાં મોક્ષ સુધી પહોંચાડવાની તેની ગેરંટી છે. આ ગેરંટી એટલે મોડાવહેલા તેનું આત્મકલ્યાણ નક્કી થવાનું, જેમાં મીનમેખ ફેરફાર થવાનો સવાલ નથી. તમે ધર્મને અંતરમાં સ્વીકારીને પામ્યા હોત તો અમે યોગી કહેવા તૈયાર છીએ.

હરીભદ્રસૂરીએ કહ્યુ કે સાચા શ્રાવક યોગી જ હોય. શાસ્ત્રમાં તમારુ પણ સંબોધન યોગીનું જ છે. આજે તમે સાચા શ્રાવક ખરા? આ જૈન શાસનમાં પ્રવેશ્યા સાચા શ્રાવકને જ છે. ગમે તે પેસે તે ન ચાલે. માટે ચોકસાઇ તો વ્યાખ્યામાં રહેવાની જ.

વૈદિક ધર્મમાં અધ્યાત્મ ધર્મને પામનારા યોગી છે. ગીતામાં વ્યાસમુનીએ લખ્યુ કે જે યોગ્યી સાધના કરતાં કરતાં તેનું

આયુષ્ય પુરુ થાય તો તે ક્યાં જાય? તો કહ્યું કે યોગ તેનો અધુરો રહ્યો છે. આમ તેનું અંતિમ ધ્યેય મુક્તિ છે. માટે પવિત્ર અને ધર્મનિષ્ઠ કુળો હોય તેમાં જ તેનો જન્મ થાય.

શ્રાવક કુળમાં જન્મે કોણ? જેને આગલા ધર્મમાં યોગ અધૂરો રહ્યો હોય તે તમારે ત્યાં જન્મે. શું તમારા ઘરમાં યોગીનું વાતાવરણ મળે ખરુ? કે પછી યોગ વિરુદ્ધનું વાતાવરણ મળે?

સભાઃ- અમારા કુળો તો ભોગી છે.

સાહેબજીઃ- અત્યારે તમારા તામસી પ્રકારના વિકૃતીવાળા ભોગો છે. પૂર્વકાળમાં શ્રાવકો શું બધા ગરીબ હતા? ના, ધનાઢ્ય, રાજાઓ કોઠીયાઓ હતા, તમારી પાસે નથી એવા ભોગો હતા. મનોરંજનની પણ પ્રવૃત્તિઓ હતી, પણ તે સાત્વીક મનોરંજન હતા. તેનાથી રાગ-દ્વેષ પોષાય છતાં તે સાત્વીક મનોરંજનની પ્રવૃત્તિ હતી.

ભોગના ત્રણ પ્રકાર છે. તામસી, રાજસી અને સાત્વીક.

તેમાં તામસી કેવા? રાજસી કેવા?

તો કહ્યું કે જે,

મનોરંજન તામસી હોય તો તેમાં મર્યાદા ન હોય, જે ઉશ્કેરાટ, આવેગ, વિકારો બહેકાવે

જ્યારે સાત્વીક કેવા હોય? કે જેના ભોગમાં મર્યાદા હોય. તેમાં કલા, વાર્તા, વિનોદ હોય કે જેમાંથી નવી જાણકારી મળે, જ્ઞાનવિજ્ઞાનની ક્ષિતિજો ખૂલે. તેના પહેરવેશમાં, ખોરાકમાં બીજા બધામાં પણ સાત્વીકતા હોય. સાત્વીક ભોજન એટલે સ્વાદ પણ મળે અને આરોગ્ય પણ સચવાય.

પૂર્વકાળના ખાનપાનમાં વિવિધતા નહોતી? તેઓ શું દાળ રોટલી જ ખાતા? વેરાયટી ખાતા, પણ કેવી ખાતા? કે જેનાથી સ્વાદ પણ મળે આરોગ્ય પણ સચવાય અને શરીરને તૃપ્તિ મળે. અને મનની સ્વસ્થતા સચવાય અને આનંદ પણ મળે.

રાજસીનું રાગપ્રધાન અને સ્નેહપ્રધાન માનસ હોય. તામસી પ્રકૃતિવાળાને હલબલી ઉઠે તેવું પૉપ મ્યુઝીક, ડીસ્કો, ડાન્સ વધુ ગમે. તમને શાંત સંગીત ગમે ખરું? ગંભીર સંગીત પ્રાકૃતિક વાતાવરણમાં લઈ જાય. તમને તમારા ઉદ્વેગરાટને ઠારે એવું સંગીત ગમે કે ઘોંઘલિયું સંગીત ગમે? તમારે બધી વિકૃતિ ચાલી છે માટે જ અમારે ટીકાટીપ્પણ કરવી પડે છે. અત્યારે ઘણા કહેનારા છે કે સાધુ શું કહેશે સંસારની કોઈપણ પ્રવૃત્તિ કરવી તે ખરાબ. પણ આવું ક્યારે કહેવું પડે? જ્યારે તમે મર્યાદા ભૂલ્યા ત્યારે કહેવું પડે છે ને?

તમે ખાવ, પીવો તેથી શું તમને નાલાયક કહેવાય? અને તેમાં સ્વાદ આસક્તિ ન હોય તેવું એકાંતે પણ ન કહેવાય. પરંતુ આસક્તિમાં વિવેક હોવો જોઈએ. જ્યારે સાધુ માટે આસક્તિ કલંક છે.

ધન્ના શાલીભદ્ર જન્મ્યા તેમને ત્યાં પણ ભોગ હતા. નેમિકુમાર પણ મહેલમાં જન્મ્યા. તેમને ત્યાં પણ ભોગ હતાં. ત્રિશલામાતાનો શયનખંડ કેવો હતો તેનું વર્ણન શાસ્ત્રમાં આવે છે ને? કલ્પસૂત્રમાં સાંભળો છો ને?

અત્યારે તમારા ઘરોમાં સાત્વીક જીવનના વિરોધી ભોગો છે. માટે જ અમારે ટીકા કરવી પડે છે. અત્યારે આપણા ઘરોમાં યોગનું એટમૉસફીયર કરવાનું છે. તો જ જન્મ લેનાર બાળકને યોગ પ્રાપ્ત કરવાની શક્યતા ઉભી થાય. અત્યારે તમે, તેને પ્રેરક નથી બનતા પણ તેના વિરોધી બનો છો.

પૂર્વજન્મની આરાધના કરીને જીવ આવેલો હોય છે. માટે જો તેને વાતાવરણ એવું મળે તો તે ચોક્કસ આગળ ધર્મ પામી શકે છે.

બલા:- પૂર્વ શક્તિ પ્રમાણે, ઢંઢા પ્રમાણે બાગળ નીકળે ખરો?

સાહેબજી:- પ્રબળ સંસ્કાર, પ્રબળ મહેનત જોઈએ. અને જો તે હોય તો આગળ નીકળી શકે. પણ જો તેને વાતાવરણ ન મળે તો વધુ

ધોઈને સાફ થઈ જાય. તમારે ત્યાં આવનાર જીવને વાતાવરણ જ એવું મળે છે કે જેથી તે પાયમાલ જ થઈ જાય.

તમારા કુળોમાં યોગને અનુરૂપ વાતાવરણ હોવું જોઈએ. આવું વાતાવરણ આવનાર જીવને મળે તો તે શુદ્ધ ધર્મ પામી શકે.

હવે શુદ્ધ ધર્મનું સ્વરૂપ શું? તેનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે ભગવાનની આજ્ઞા મુજબના તમામ ધર્મનો વ્યાપાર તે શુદ્ધ ધર્મ. બધો શુદ્ધધર્મ એટલે સાધુ ધર્મ? કારણ સાધુ ધર્મમાં સર્વ વિરતિ છે. સાધુ ૨૪ કલાક ભગવાનની આજ્ઞા મુજબ કામ કરે છે. તે બધો શુદ્ધધર્મ કહેવાય. જેમના જીવનમાં અધર્મ નથી. શ્રાવકના જીવનમાં ધર્મ-અધર્મનું મિશ્રણ છે. પરંતુ સાધુ સર્વ પાપથી વિરામ પામેલા છે. જ્યારે શ્રાવક બધા પાપથી વિરામ પામેલા નથી. તેથી તેના જીવનમાં ધર્મ અને અધર્મનું સંયોજન છે. સાધુ તો ખાય, પીએ, ઉંઘે, કાડો પેશાબ કરે તો પણ ધર્મ છે. અહિંયા આ સાંભળીને પ્રશ્ન થાય ને કે પ્રતિક્રમણ, દર્શન, ચૈત્યવંદન વગેરે સારી પ્રવૃત્તિ કરે તો ધર્મ કહેવાય, પણ ખાય, કાડે, પેશાબ જાય, ઉંઘે તેને પણ કેમ ધર્મ કહેવાય? તો જવાબ આપે છે કે સાધુ ખાય, પીએ, ઉંઘે કોઈપણ ક્રિયા કરે તે ભગવાનની આજ્ઞા મુજબ કરે છે. માટે તેને જ્ઞાનીઓ ધર્મ વ્યાપાર કહેવા તૈયાર છે. તેમ શ્રાવકના જીવનમાં ભલે સંપૂર્ણ પાપ વિરામ નથી. છતાં પણ શ્રાવક તેના જીવનમાં ભગવાનની આજ્ઞા મુજબ સંસારની કે ધર્મની કોઈપણ ક્રિયા કરે તેને પણ જ્ઞાની ધર્મ વ્યાપાર યોગ કહેવા તૈયાર છે.

હવે ધર્મની વ્યાખ્યા શું કરવાની?

ધર્મ એટલે અધોગતિથી આત્માને ઉન્નતી તરફ લઈ જાય, પતનથી તેને બચાવે તે ધર્મ છે. જેનાથી આત્માનું ઉત્થાન થાય તેવી બધી પ્રવૃત્તિ ધર્મ છે. હવે

વ્યવહારમાં ધર્મ શું ?

દેવગુરુની ઉપાસના, અનુષ્ઠાનો, તપ-ત્યાગ સંયમ, દાન, વિનય, ભક્તિ, સદ્‌ગુરુની, તથા સદાચારનો ધર્મમાં સમાવેશ થાય છે. સદ્‌ગુરુની સદાચારો ધર્મ તરીકે કહી શકાય.

સામાયિક, ચૈત્યવંદન પણ જો શુદ્ધ હોય તો જ યોગ કહેવાય. પણ સામાયિક, ચૈત્યવંદન પણ જો અશુદ્ધ હોય તો યોગ કહેવાય નહીં. પણ તેને ખાલી ધર્મ જ કહેવાય.

સલા:- અશુદ્ધ એટલે શું ?

સાહેબજી:- એની ડેફીનેશન આગળ થશે.

ધર્મ તરીકે લોકમાં જે પ્રવૃત્તિ છે તે ધર્મ. જ્યારે શુદ્ધ ધર્મની તો મોક્ષ સાથે લીન્ક છે. અશુદ્ધ ધર્મની મોક્ષ સાથે લીન્ક નથી. જે ધર્મ મોક્ષ સાથે જોડાણ ન કરે તેને યોગ કઇ રીતે કહેવાય ?

હું વારંવાર આ રીપીટ એટલે કરુ છું કે જેથી તમને ઝૂલાવ નહીં અને મગજમાં બરાબર બેસી જાય.

મોક્ષ સાથે જોઇન્ટ કરે તે યોગ

મોક્ષની આંશીક પણ અનુભુતિ કરાવે તે યોગ.

શુદ્ધ ધર્મ હોય તો જ યોગ કહેવાય.

હવે શુદ્ધની વ્યાખ્યા શું ? તમારે ધર્મનું ચેકીંગ કેવી રીતે કરવું ?

જવાબમાં અમે એમ કહીએ કે જે ભાવથી યુક્ત છે તે બધો ધર્મ શુદ્ધ છે. ભાવશુન્ય જેટલો પણ ધર્મ છે તે અશુદ્ધ ધર્મ છે. આ બધા શબ્દો તમારા સાંભળેલા હશે પણ ઈન્ટરપીટેશન ધ્યાનથી સાંભળજો. નહીંતર ગોટાળા થશે.

દા.ત. પ રુપિયાનું દાન પણ જો ભાવયુક્ત હોય તો શુદ્ધ ધર્મ છે. જ્યારે ૫ કરોડનું દાન પણ જો ભાવશુન્ય હોય તો અશુદ્ધ ધર્મ છે. તેમ એક નવકારશીનું તપ પણ જો ભાવયુક્ત હોય તો શુદ્ધ ધર્મ છે.

જ્યારે માસખમણ જે ભાવશુન્ય હોય તો અશુદ્ધ ધર્મ છે.
તેમ એક નવકાર જે ભાવયુક્ત ગણો તો શુદ્ધ ધર્મ છે.
અને લાખ નવકાર પણ જે ભાવશુન્ય હોય તો અશુદ્ધ ધર્મ છે.
તેની ભાવ સાથે સાંકળ બંધાયેલી છે.
સભા:- "ભાવે ભાવના ભાવીએ, ..."
સાહેબજી:- કેવળજ્ઞાન ભાવથી થાય વાત સાચી છે.

તમે દાન-શીલ-તપ-ત્યાગ, કરો પણ ભાવવિહોણું હોય તો તે ફળ શુન્ય છે. આવા વિધાન પણ શાસ્ત્રમાં ઠેરઠેર મળશે. મહાપુરુષો ભાવની ડેફીનેશન અસ્પષ્ટ રાખવા માંગતા નથી. તમારી કટોકટી અહિંયા છે. તમે ભાવનો અર્થ શું કરો છો? જેમ ભાવથી નવકાર ગણવો એટલે શું? કે ખુબ તલ્લીનતાથી હૃદયના આનંદ, ઉમળકાથી નવકાર ગણવો તે ભાવથી ગણ્યો કહેવાય. ગણતાં વીજે મન ભટકે તો ભાવવિહોણુ કહેવાય, પણ ના આ ભાવની વ્યાખ્યા નથી.

એકાગ્રતાથી, તન્મયતા, તલ્લીનતાથી, ઉમળકા વડે, શુદ્ધ હૃદયની ભાવના વડે કરાતી ક્રિયા ભાવયુક્તની વ્યાખ્યામાં નથી આવતી. મન ફરતુ હોય અને નવકાર ગણતો હોય, તેવો પણ આત્મા જે સમ્યગદૃષ્ટી હોય તો તેનો ભાવયુક્ત ધર્મ કહેવાય, જ્યારે મિથ્યાદૃષ્ટી એકાકાર થઈ તલ્લીનતા સાથે, ઉમળકા વડે નવકાર ગણતો હોય તો તે ભાવશુન્ય કહેવાય. ભાવ શબ્દ હજારવાર બોલો છો પણ ભાવ કોને કહેવાય તે સમજતા નથી માટે જ ગોટાળા કરો છો.

પ્રણિધાનરૂપ પાંચ આશયો તે ભાવો. તેના વગરની બધી પ્રવૃત્તિઓ મનથી, વચનથી કે કાયાની સ્થિરતાથી, એકાકારતાથી, તલ્લીનતા સાથેની હોય પણ જો પ્રણિધાન વગેરે પરિણામ ન હોય તો (તેનું વર્ણન આગળ આવશે). તે બધી ભાવશુન્ય ક્રિયા

કરેવાય છે. ભાવશુન્ય ક્રિયાનું ફળ તુચ્છ છે. જેનાથી થતો પુણ્યબંધ સંસારની ભૌતિક સગવડતાં આપે પણ મુક્તિદાયક ફળ નથી આપી શકતું.

માટે કોઈપણ ધર્મક્રિયાનું ફળ ક્યારે ? જ્યારે ધર્મમાં પ્રણિધાન ભાવ આવે ત્યારથી ફળ મળે છે.

પહેલા ગુણસ્થાનકથી ૧૪ ગુણસ્થાનકમાં સાંગોપાંગ ભાવધર્મ સમજાવ્યો છે.

શરુઆતથી મુક્તિ સુધી પહોંચાડે તેને મહાપુરુષોએ સ્ટેજમાં વિભાજીત કર્યા છે. પાંચ પ્રકાર પાડ્યા છે.

શરુઆત ક્યાંથી ? પરાકાષ્ઠા ક્યાં ? શરુઆતમાં શું ફળ ? પરાકાષ્ઠામાં શું ફળ - ત્યારે કેવા ભાવોની ઉપલબ્ધી થાય. તે બધાનું વિવેચન આવશે.

ભાવ કયા ? તેના પ્રકારો શું ? પામ્યા તેની નિશાની શું ? તે બધાનું હવે વિવેચન ચાલુ થશે.

જે સમજીને તમારા આત્મા સાથે ટેલી કરવાનું છે. જે તમને હાથમાં ફુટપટ્ટી આપી દેશે.

ભાવધર્મમાં (૧) પ્રણિધાન શબ્દ આવે છે. શબ્દ તમારા માટે નવો છે. જૈન ફીલોસોફીનો છે.

બીજો ભાવ ધર્મ (૨) પ્રવૃત્તિ ભાવધર્મ છે (૩) વિઘ્નજય (૪) સિદ્ધિ ભાવધર્મ (૫) વિનિયોગ ભાવધર્મ છે.

પહેલા ભાવધર્મમાં પ્રવેશ ન થયેલો હોય અને ગમે તેટલો ધર્મ કરે તો પણ ભાવ વગરનો હોવાથી ફળ તુચ્છ છે. પરંતુ ભાવધર્મ પામ્યા પછી કદાચ મન ફરતું હોય તો પણ તમને પ્રવેશ મળી ગયો સમજવો.

પ્રણિધાન જેટલે તમે કલ્પના ન કરી હોય તેવો ભાવધર્મ છે.

ધર્મની દિશા ન મળી હોય તો મળે તેવી ખુબીવાળો વર્ગ છે. ધ્યાનથી, એકાગ્રતાથી સાંભળશો તો ચિંતનની નવી દૃષ્ટી મળશે.

પ્રણિધાન :- પ્ર ઉપસર્ગ પૂર્વક નિ ધાતુમાંથી પ્રણિધાન બન્યો છે. તેનો ટુંકો ભાવાર્થ શું ? કર્તવ્યતાનો સંકલ્પ. એનું નામ પ્રણિધાન છે. દાખલા તરીકે - તમે દાન આપો છો. તમે ૫૦૦૨. નું દાન આપ્યુ. હવે આ પ્રવૃત્તિ શેની કરી ? દાનની ને ? દાન એટલે ધનનો ત્યાગ. તમે તમારી સંપત્તિનો હક્ક, માલિકીનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો તેનું નામ દાન. આ કાંઇ બીજાના ખિસ્સામાંથી આપવાનું નથી. જો તેમ હોય તો પછી બધા જ દાનેશ્વરી થઇ જાય. બીજાની ભક્તિ, પરોપકાર, તેના સંકટ નિવારવા, કે કોઇપણ કારણસર આપો એટલે શું થયું ? ધનદાન થયું કહેવાશે. અત્યારે આપણે ધનદાનની વાત કરીએ છીએ. આમ દાનના ઘણા પ્રકારો છે.

હવે તમને ધનત્યાગ કરવા લાયક જ છે. સંગ્રહ કરવા લાયક નથી. આવો જે સંકલ્પ હોય તો પ્રણિધાન છે. તેમ કહી શકાય. આ ટુંકોને ટચ અર્થ છે.

જેમ ઉપવાસ કરો. અર્થ શું થયો. જેમાં તમે ૨૪ કલાક આહાર ન લો. ચોવિહારમાં તો પાણી પણ ન લો.

હવે આહારપાણીના ત્યાગને કર્તવ્ય માનો અને ખાવું તે અકર્તવ્ય માનો તો પ્રણિધાન કહેવાય. તમે શું માનો છો ? પ્રણિધાન એટલે શું ? તમને કરવા લાયક, આદરવા લાયક, પ્રાપ્ત કરવા લાયક માનસીક સંકલ્પ થાય તેમાં તે વસ્તુનું પ્રણિધાન થયુ કહેવાય.

અત્યારે તમારા જીવનમાં ઘણા પ્રણિધાન છે.

જેમ પૈસા કમાવવા તે સંકલ્પ છે ને ? તમે આટલી મહેનત શું સંકલ્પ વગર કરી શકો ખરા ?

કર્તવ્યતાનો પાયો સંકલ્પ છે.

માટે જે જે જ્યાંએ સંકલ્પ છે ત્યાં ત્યાં પ્રણિધાન છે. જ્યાં કર્તવ્યતાનો સંકલ્પ નથી ત્યાં ત્યાં પ્રણિધાન નથી. સંસારનુ પણ પ્રણિધાન હોય છે. પણ સંસારના ક્ષેત્રમાં જ્યાં સંકલ્પ ત્યાં ભાવધર્મ નથી. જ્યારે ધર્મના ક્ષેત્રમાં જ્યાં સંકલ્પ ત્યાં ભાવધર્મ છે. આને સ્પષ્ટતાથી સમજવા જુદા જુદા પાસા લેવાના છે. આગળ તેનું વિસ્તૃત વિવેચન લઇશું.

દૃષ્ટાંત તરીકે

તમે તમારા જીવનમાં પાપનું પ્રણિધાન કર્યું છે કે પાપના ત્યાગનું પ્રણિધાન કર્યું છે? તમારી જાતને ઢંઢોળીને તપાસજો.

દા.ત. તમે કહો "અમારે પ્રસંગે ગુસ્સો કરવો જોઇએ, થોડી કઠોરતા લાવવી જોઇએ. આ બધુ તો કોમન ગણાય. જો સરળ થઇએ તો કામ ન થાય માટે કઠોરતા લાવવી જ જોઇએ." જો આવો ભાવ હોય તો કઠોરતામાં તમને પ્રણિધાન છે. પ્રસંગે માયા, લુચ્ચાઇ, ગુસ્સો, રુઆબ, કઠોરતા કરવા લાયક છે તેમ માનો એટલે અર્થ શું થયો? આ બધુ કરવા લાયક છે. તે કરશો એટલે તમને પાપમાં તમારુ પ્રણિધાન કહેવાશે. અનંતકાળથી જીવ સંસારમાં પ્રણિધાન કરતો આવ્યો છે માટે જ આપણે બધા ભવોભવથી રખડીએ છીએ. અને તેમાંથી બહાર નીકળવું ઘણુ જ કઠીન છે. પણ જ્યાં સુધી નહીં નીકળો ત્યાં સુધી અધર્મમાંથી નીકળવું શક્ય નથી.

તમારે કયા કામ આચરવા લાયક છે તે બધુ સમજવાનું છે. તમારા જીવનમાં સ્વચ્છતાનું પ્રણિધાન છે કે ગંદકીનું? તમને ગંદકી ગમે કે ચોખ્ખાઇ ગમે? તમારુ ઘર ચોખ્ખુ હોય તો ગમે. જો કોઇ ગંદવાડ કરે અને ન માને તો તમે ન છુટકે તેમાં રહો? કપડું પણ ડાઘાવાળુ ગમે? તમારા પસીનાથી ગંધાતું હોય તો પણ બદલી કાઢો ને?

ગટરના પાણીના છાંટા જો શરીર પર પડે તો સાફ કરે કે છુટકો કરો? આ બધાનો અર્થ શું? શરીરની સ્વચ્છતા ગમે છે તેમ તમારી ચારે બાજુ ઉકરડો હોય તો ગમે ખરો? ના, માટે બધા ક્ષેત્રમાં ચોખ્ખાઇનું પ્રણિધાન છે. હવે

ધર્મના ક્ષેત્રમા પ્રણિધાન શું?

ધર્મમાં પ્રણિધાન આંતરીક વસ્તુ છે. બાહ્ય પ્રવૃત્તિ તે તો સાધન છે. જેને આંતરીક ભાવો ન ગમે તે ધર્મ ન પામી શકે. જેને આંતરની સ્વચ્છતા ગમે તે જ ધર્મમાં પ્રણિધાન પામી શકે.

જેમ શરીરનો ગંદવાડ ન ગમે તેમ આત્માની ગંદકીથી ત્રાસ્યા છો?

સભા:- સાહેબજી આંતરની ગંદકી જ દેખાતી નથી.

સાહેબજી:- ગંદકી નથી દેખાતી તેના ત્રણ કારણો છે.

સાહેબજી અમને બતાવો.

હા, ભગવાને અમને બતાવવાનું કામ સોંપ્યુ છે. માટે જ અમે કહી રહ્યા છીએ. પરંતુ જાણ્યા પછી તેને ગંદકી કાઢે તો લાગવું જોઇએને? જેમ મન ગંદુ છે તેનો વિચાર ન કર્યો, પણ જ્યારે કર્યો છતાં ગંદકી ન દેખાય તો. તેનું તાત્પર્ય શું? સમજજો.

પ્રણિધાન એ આંતરીક વસ્તુ છે માટે બધા આંતરીક ભાવો પર જવું પડશે.

ધર્મનું કામ મેલા આત્માને ચોખ્ખો કરવાનું છે. જને આત્માને સાફ કરવો માનના હોય તો તમને ગંદવાડ નથી ગમતો. આત્માની સ્વચ્છતા ગમે છે. માટે પ્રણિધાન આવશે.

તેથી બધા ક્ષેત્રમાં પ્રણિધાન છે કે નહીં તે જોવાનું આવશે.

શેનું પ્રણિધાન છે તેનાથી મનની રુચી, અરુચીની પરખ થશે.

તમે નવકાર ચોકકાર થઇને, તલ્લીન થઇ ગણો, પણ આત્માની પવિત્રતા ન ગમે તો સ્વચ્છતા ન ગમે, મનના ગંદવાડથી ન અકળાવ તો

પ્રક્રિયા નથી.

રસ્તામાં જતાં જો ગંદવાડનો છાંટો પડે તો પણ અડધાઈ જવને? સાફ ન કરો ત્યાં સુધી બેચેની જાય નહીં ને? બહારના ગંદવાડની સુગ કેટલી છે? એના ત્યાગ માટે સંકલ્પ છે પરંતુ અંદરની ગંદકીમાં ત્યાગનો સંકલ્પ નથી ને? કે પછી ગંદકી જ ગંદકી રૂપે દેખાતી નથી? પરંતુ જ્યાં સુધી મલીનતાનું ભાન નથી ત્યાં સુધી સાફ કરવાનો સંકલ્પ જ ક્યાંથી આવે! સમજ્યા પછી પણ ભાન લાવતા નથી તેનો અર્થ શું?

જોઈ લાખ નવકાર ગણો, પંચ પરમેષ્ઠિ પવિત્રમાં પવિત્ર છે. તેમનું નામ સ્મરણ પવિત્ર થવા જ કરવાનું છે. કાંઈ અપવિત્રતા વધારવા લેવાનું નથી. પરંતુ તમે અપવિત્રતા વધારવા જાય કરો છો કે ઘટાડવા? વધે કે ઘટે એ પછી વાત પણ

સભા:- ગણ્યું તો અપવિત્રતા ઘટવી જ ને?

સાહેબજી:- જો એમનેમ નવકાર ગણવાથી પવિત્રતા જોડાને વધે જ તો પછી બધાને પકડાવી દઈએ. પરંતુ નવકાર ગણીએ તો જોડાને મોક્ષ નક્કી તેવું ક્યાંય લખ્યું છે? અભવિના જીવોએ પણ અનંતા નવકાર ગણ્યા પણ કલ્યાણ કરી લાવ્યા નહીં. તેમ આપણે પણ અનંતા નવકાર ગણ્યા છે. તે પવિત્રતા પામવાનું સાધન નક્કી છે. હવે આટલા ગણ્યા છતાં કલ્યાણ ન થયું માટે આનો ઉંધો અર્થ કરીને હવે નવકાર ગણવાનું બંધ કરી દઈએ તેવું કરવાનું નથી. તેનો મહિમા અપરંપાર છે. પરંતુ તે ગણતાં પવિત્રતા પામવાનો સંકલ્પ જોઈએ. જેવી તેઓ પવિત્રતા પામ્યા છે, તેવી મારે મેળવવી છે. પણ આત્માની ગંદકીથી ત્રાસ્યા છો? તે નથી ગમતી માટે બેચેન છો? જ્યાં સુધી ન નીકળે ત્યાં સુધી ચેન ન પડે ને? હા, તો વિકાર-વાસના, ઉદ્વેગો, સંસારની ઈચ્છાની પૂર્તી માટે નવકાર નહીં ગણો ને? મારે જોનાલીસીસ કરવો કે અપવિત્રતા વધારવા ગણો છો કે

અપવિત્રતા ઘટાડવા ગણો છો?

સભા:- સાહેબજી અમારા ભાવોનું કાંઇ સમજાતું નથી.

સાહેબજી:- ક્યાં ગુચ્ય છે તે કહો, તો આપણે પદાર્થને વધારે ખોલશું. તમે બહારની દુનિયામાં જેટલા અનુકાર તેટલા અંદરની દુનિયાને સમજવાનું રાખ્યું જ નથી. જ્યારે ધર્મ તો અંદરની દુનિયા છે. તમને બહારની દુનિયામાં શું જોઇએ તેના માટે તમે ચોક્કસ છો. બહારથી સુખી, ધનિષ્ઠ, ચોખ્ખાઇ, નિરોગી, શ્રીમંતાઇ, પવિત્રતા બધામાં તમારે પ્રણિધાન સંકળાયેલું છે.

પરંતુ આંતરીક દુનિયામાં શું મેળવવુ છે તે નક્કી કર્યું નથી. બહારની દુનિયાની ઇચ્છા, મહત્વાકાંક્ષા, આકાંક્ષા બધાનો તમને ખ્યાલ છે પણ અંદરના ક્ષેત્રમાં મહત્વાકાંક્ષાથી શુન્ય છો. ધ્યેય શુન્ય છો. ધર્મના ક્ષેત્રમાં ધ્યેય શું? સંકલ્પ શું? પ્રણિધાન શું? તેના પર વધુ વિશ્લેષણ આગળ જોઇશું.

ભાવધર્મની માંડણ આની સાથે જ જોડાયેલી છે.

કાલે ઋષભદેવ ચરિત્ર આવશે અને રવીવારે મનોવિજ્ઞાન પર આવશે. માટે હવે આગળ સોમવારે વિચારશું.

॥પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

અષાડ સુદ ૧૨ સોમવાર ૧૭-૭-૯૫

॥ચૈત્યવંદન॥

॥પ્રણિધાન॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના સમગ્ર જીવમાત્ર સુવિશુદ્ધ ભાવધર્મને પામે તેના માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ જે આત્મા ધર્મતીર્થને પામે છે, તે ભૂતકાળમાં તેને પુણ્યનો સંચય કર્યો તેથી તેને વ્યવહારથી ધર્મતીર્થની પ્રાપ્તિ થઇ છે. ભૂતકાળમાં પણ આની ઘણીવાર પ્રાપ્તિ થઇ છે. આ કાંઇ પહેલીવાર પામ્યા નથી. અનંતીવાર મનુષ્ય ભવ પામ્યા, અનંતીવાર જ્ઞાનાન પામ્યા, જૈનકુળનો ધર્મ પણ કુર્યો હતો. કાંઇ ધર્મ સાથે લેવા દેવા જ નહીં એમ નહીં પણ પરિચય પણ કેળવ્યો હતો. અરે તીર્થંકરની વાણી સાંભળી, શ્રદ્ધા કરી, આચરણ પણ કર્યું, શ્રાવકપણુ કે સાધુપણુ અતિશુદ્ધ પણે પાળ્યુ છે. એટલે કાંઇ ભૂતકાળમાં કર્યું નથી અને હવે આ શાસન મળ્યુ છે માટે આપણે બેઠ સ્ટેપ આગળ આવી ગયા તેવું નથી. આ જીવે અનંતીવાર સારા કાર્યો કર્યા છે. મન-વચન-કાયાથી આરાધના કરી છે. છતાં મોક્ષ ન થયો. સંસારમાંથી જીવ છુટ્યો નહીં. આત્માનું ઉત્થાન ન થયુ. કારણ શું ? કઇ કડી તેમાં ખૂટતી હતી કે જેનાથી આરાધના આધ્યાત્મીક દૃષ્ટીએ નિષ્ફળ ગઇ.

તેના માટે ઉપાધ્યાય યશોવિજયજી બતાવે છે કે બધી જ ભાવશુન્ય આરાધના કરી હતી. અર્થાત તેમાં પ્રણિધાન રુપ વિશુદ્ધ ભાવધર્મ નહોતો. હા, તમે જે ભાવનો અર્થ કરો છો તે નહીં. કે મન રખડતું હતુ અને કાયાએ ક્રિયા કરી તેમ નહીં. તમે એકાગ્ર ચિત્તે ક્રિયા કરી હોય પણ પ્રણિધાનનો ભાવ ન હોય તો તે ભાવશુન્ય કહેવાય.

કોઇપણ ઉંચો ધર્મ કે સામાન્ય ધર્મ પણ ભાવધર્મ ન હોય

તો તે દ્રવ્યક્રિયા જ કરી કહેવાય. તેવા ધર્મનો પુણ્યબંધ ધર્મની સામગ્રી આપાવે તે તેનું મેક્સીમમ ફળ. પરંતુ પ્રણિધાન નામના ભાવધર્મથી જ ખરું ફળ મળે છે. આ ભાવ સાથેનાને શુદ્ધધર્મ કહેવાય છે, બાકીનો અશુદ્ધ ધર્મ કહેવાય. શુદ્ધધર્મ જ યોગસર્યે મોક્ષનું અનુસંધાન કરી આપે છે.

અશુદ્ધ ધર્મનું ફળ નથી જ તેવું અમે કહેતા નથી. પરંતુ
અશુદ્ધ ધર્મનું ફળ મુક્તિ નથી.

પ્રણિધાનવાળો ધર્મ જ મુક્તિનું કારણ બનશે. ધ્યેયનો સંકલ્પ તે જ પ્રણિધાનનો અર્થ છે.

સંસારમાં તમે બધે પ્રણિધાન કરીને આવો છો. પ્રણિધાન તે નવી વસ્તુ નથી. અનુભુતિનું વસ્તુ છે. પરંતુ ધર્મના ક્ષેત્રમાં આ સમજાયુ નથી.

સ્કુલમાં બેગ લઇને જવું હોય કે ન જવું હોય તો પણ જાવ છો? કારણ મગજમાં બેસાડી દીધુ છે કે સ્કુલે જઇ ભણીને ઘરે આવી હોમવર્ક કરશું, મહેનત કરશું તો જ પાસ થઇશું. પુછે કે પાસ કેમ થવું છે? તો કહેશો ડીગ્રી લેવી છે. ડીગ્રી પણ શાના માટે લેવી છે તેનો પણ સંકલ્પ છે. માટે અર્થ શું થયો? ધ્યેય પ્રાપ્તિનો સંકલ્પ છે માટે બેગ લઇને સ્કુલે જાય છે.

માર્કેટમાં ધંધો કરવા જાઓ છો ત્યાં પણ પૈસા કમાવાનું ધ્યેય છે. ધ્યેય તમે શા કારણે બાંધો છો? કારણ એ મેળવવા લાયક છે. માટે જ તેમાં સંકલ્પ આવે છે. તેમ ધર્મના ક્ષેત્રમાં આદરવા લાયક લાગે તો તેમાં કર્તવ્યતાની બુધ્ધિ થાય.

ગુરુ:- ખાલી શ્રધ્ધા પૂર્વક કરે તો?

શિષ્ય:- કોની શ્રધ્ધા? ધર્મની એટલે કઇ વસ્તુની શ્રધ્ધા? ધર્મ શબ્દ પર શ્રધ્ધા? કે ધર્મ તત્વ પર શ્રધ્ધા? ધર્મ તત્વને માનો છો? શ્રધ્ધા

માટે વિશાળ જ્ઞાનની જરૂર નથી પણ મીનીમમ જ્ઞાન તો હોવું જોઈએ કે ભગવાને જે છોડવા લાયક કહ્યું છે તે અને જે આદરવા લાયક બતાવ્યું છે તેનું ભાન તો અવશ્ય જોઈએ. આટલું પણ જ્ઞાન ન હોય તેવી શ્રદ્ધા શ્રદ્ધા ન કહેવાય.

શ્રદ્ધામાં પણ આદર્શ આવે જ. આદર્શ વિહોણી શ્રદ્ધા હોય જ નહીં. આદર્શ એટલે તમને જે મેળવવા લાયક વસ્તુ લાગે તેનો આદર્શ થયો કહેવાય. જેમ પૈસા વગર કશું જ નથી. કોઈપણ સુખ સગવડતા તેનાથી જ મળશે. જીવનમાં ધનસંપત્તિ ન હોય તો કશાંય વેલ્યુ નથી. ધન હશે તો બધે સગવડતા મળશે, ભાવ પૂછશે, એવું મનમાં બરાબર ઠસેલું છે ને ? માટે જ તમે શ્રદ્ધા કેળવી શક્યા. તેથી જ સંકલ્પ કર્યો ને !

જ્યારે તમે સાવ નાના હતા ત્યારે પૈસા શું ? કમાવાનું શું ! તેવું ભાન હતું ? નાના બાળકને કોઈ સો રૂપિયાની નોટ સામે પીપર આપે તો શું પડકે ? સો રૂપિયાની નોટ ન મળે તો વાંધો નહીં ને ? પણ જે દિવસે ખબર પડી કે આ સો રૂપિયાની નોટથી ઘણી પીપર આવે ત્યારે શું લેશો ? કારણ ? તેની વેલ્યુની ખબર પડી.

માટે <u>શ્રદ્ધા</u> એટલે <u>કાર્ય પૂર્વકનો વિશ્વાસ</u>. આવી શ્રદ્ધા જેમાં પ્રગટે તેમાં સંકલ્પ કરવાની ઈચ્છા થાય.

જેમ તમે ડોકટર પાસે દવા લેવા જાવ છો ત્યારે આરોગ્યનું પ્રતિદાન છે ને ? કાંઈ ડોકટરને ફી આપવાનો શોખ વધ્યો માટે જાઓ છો ? પરંતુ આરોગ્ય મેળવવા દવા જરૂરી છે માટે જાઓ છો. દવા, તેની સલાહ સૂચન દ્વારા આરોગ્ય મળશે તેવો સંકલ્પ છે ને ? જેટલા દર્દી આવે છે તે આરોગ્ય મેળવવાના હેતુથી જ આવે છે. પણ જો માંદા પડવાના હેતુથી આવે તો તે કેવો કહેવાય ? મુર્ખાને ?

તમે ધર્મના ક્ષેત્રમાં પણ બોક્કસ હેતુ જોઈએ જ. અને એ જો

નહીં હોય તો પછી ભલે તમે ઉલ્લાસ સાથે, તલ્લીનતા સાથે, એકાગ્રતા સાથે હૈયાની ઉર્મીઓ સાથે ધર્મ કરશો છતાં પણ અમે જકાર સાથે કહીશું કે ભાવશુન્ય ધર્મ છે.

જેમ બહારની દુનિયામાં શું મેળવવા લાયક છે તે નક્કી કરી બેઠા છો તેમ ધર્મના ક્ષેત્રમાં પણ શું મેળવવા લાયક છે ? તે નક્કી કરવું જોઇએ. તમારી ધર્મ પાસેથી શું અપેક્ષા છે ? શું ડીમાન્ડ છે ? શા માટે મેળવવું છે તે નક્કી હોવું જોઇએ.

ગુરૂઃ- સાહેબ મુક્તિ મેળવવી છે.

સાહેબજીઃ- શબ્દો તો બોલી ગયા. પણ તેના ભાવને પકડજો. શબ્દ બોલવો તો સહેલો છે. મુક્તિનું પ્રણિધાન કોને આવે ? મોક્ષ એ આત્માની કંઇ અવસ્થા છે ? <u>સર્વ દોષથી રહિત અને સર્વ ગુણસંપન્ન</u> <u>એવી આત્માની અવસ્થા તેનું નામ મોક્ષ છે.</u>

હવે માશ કે તમારા જીવનમાં કોઇપણ દોષ હશે ત્યાં સુધી મોક્ષ નહીં થાય. માટે બધા દોષને તિલાંજલી આપશુ ત્યારે જ મોક્ષ થશે. પણ તેવું નથી પરંતુ જ્યારે દોષ રહિત થઇ આત્મીક સર્વ ગુણોની પરાકાષ્ટાની પ્રાપ્તિ કરશું ત્યારે મોક્ષ થયો કહેવાશે. હવે આ ગુણો મેળવવા લાયક ન લાગે, ગમતા ન હોય તેની ઇચ્છા કે અભિલાષા પણ ન હોય તો ખાલી મોક્ષ મેળવવાનું પ્રણિધાન કર્યું તે કહેવાય ?

કેવી વાત જેમ એક માણસ કહે અબજોપતિ બનવું છે. અબજોપતિ ક્યારે બનાય ? કેટલાને કેટલાય સાથે ગુણો ત્યારે થાય. સો, લાખ, કરોડ, પાંચ કરોડ નથી જોઇતા પણ સીધા અબજ જ જોઇએ છે. જોકે આવો કોઇ વ્યક્તિ મળે નહીં. પણ જો મળે તો તે કેવો કહેવાય ? ચક્રમ જ લાગે ને ? અબજપતિ થવા પહેલાં લાખ તો મેળવો. તેમ તમારે સીધુ મોક્ષનું ટોપ લેવલ જોઇએ છે.

દા. કું ધર્મ કરું છું તેનાથી મોક્ષ થાય બીજુ મારે સંસારનું કશું જ જોઇતું નથી. જો આવો સંકલ્પ હોય તો સારુ. પણ ગુણમાત્ર પામવા લાયક લાગે છે?

માટે તમને ગુણ માત્રની અભિલાષા છે ખરી? એક ગુણની અભિલાષા ઓછી હોય તો મુક્તિનુ પ્રણિધાન ન આવે.

અવાજપતિ થનારને અવાજમાં કેટલી સંખ્યા આવે તેની વ્યાખ્યા ખબર હોવી જોઇએ. જેમ સ્વસ્થતા નિરોગીપણુ જોઇએ. તેમાં સંપૂર્ણ આરોગ્ય માંગો છો ને? કે પછી બે ચારમાં નિરોગીપણુ ન હોય તો ચાલે? માટે રોગ માત્રની ત્યાં અનિચ્છા છે. ન પણ ગમે, કે તેને રાખવાની ઇચ્છા હોય તો તે સંપૂર્ણ આરોગ્યની ઇચ્છા ન કહેવાય.

તેમ એક પણ દોષ ગમે, તો સંપૂર્ણ દોષના નિરાકરણની ઇચ્છા કેમ કહેવાય? મુક્તિની ઇચ્છા છે તે તો વાવના વડા બરાબર કહેવાય.

માટે પ્રમાણિકતાથી પૂછજો કે દોષ માત્રની અનિચ્છા છે, અરુચિ છે, ગુણ જોઇને પામવાનો તલસાટ લાગે છે? દોષ જોઇને તેમાંથી છુટવાની બેચેની થાય છે? આ બેમાંથી એક પણ ન થતુ હોયને મુક્તિનો દાવો લઇને બેસો તો શું કહેવાય? મુક્તિ માટે જ ધર્મ કરું છું તેમ બોલવાથી મુક્તિ થાય નહીં.

પણ મોક્ષ શું ચીજ છે? ઇચ્છા કરવાનો અધિકાર ક્યારે પ્રાપ્ત થાય તે બધુ વિચારવું પડે. માટે જાતનું બરાબર પૃથ્થકરણ કરવું પડે.

ક્રોધ તે દોષ છે, ક્ષમા તે ગુણ છે તમને શું ગમે છે? બહુ વિચારીને સમજીને બોલજો. ક્ષમા ગમે છે એટલે શું? બહુ જ પ્રમાણીકતાથી વિચારજો. તમને અત્યારે ભારોભાર અરુચિ ક્ષમા પર છે કે ક્રોધ પર છે?

જેમ રોગ થાય ત્યારે બેચેન થાઓ, અકળાઓ. જેમ તાવ ગયા પછી અકળામણ થાય? કે તાવ હોય તો આખુ શરીર તાવ

બળે? રોમેરોમમાં બળતરા થાય? તેમ ક્રોધ એ મનનો તાવ છે. તાવથી શરીરમાં બેચેની થાય તેવી ક્રોધથી મનમાં બેચેની થાય છે?

સભા:- આત્મબળ નથી માટે થાય છે.

સાહેબજી:- આત્મબળ ન હોય તો ક્રોધ થાય. પણ સંસારની દૃષ્ટી જેવી બેચેની થાય છે? જો આત્મબળ ચાલે તો તે કર્મને પરાજીત કરતો જ હોય, તેને નિષ્ફળ જ કરે. જ્યારે તે સફળ થાય છે ત્યારે પુરુષાર્થ, આત્મબળ નબળુ પડે છે. જો વિવેક આવે તો આ બધા દુશ્મનને શાંતિથી બેસવા દે? કે તેની સાથે સંઘર્ષ ચાલુ જ હોય.

સમ્યગ્દૃષ્ટીને ક્રોધ સામે ૨૪ કલાક સંઘર્ષ ચાલુ જ હોય, સંઘર્ષ જેને ન હોય તેવો આત્મા સમ્યગ્દૃષ્ટી ન કહેવાય.

સભા:- નિમિત્ત મળે છે માટે ક્રોધ આવે છે.

સાહેબજી:- તમારી દૃષ્ટીએ તમે સાચા. પરંતુ તમારા ક્રોધની ઉપયોગીતા સાબિત કરો. ક્રોધ કર્તવ્ય હોય,અને તમે ન કરો તો તેને ભૂલ કરી કહીશું આપણા શાસ્ત્રમાં પ્રેક્ટીકલ ઉપદેશ છે.

જ્યાં પણ રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા કરવા લાયક હોય તેને પ્રશસ્ત કષાય તરીકે કહીશું. જે કરવા લાયક છે.

કષાયોમાં બે પ્રકારે વર્ગીકરણ આવશે.

પ્રશસ્ત કષાય અને અપ્રશસ્ત કષાય.

પ્રશસ્ત કષાય એટલે સ્વ અને પરની હિતકારી દૃષ્ટીએ કરવા તે. પ્રશસ્ત કષાયના સેંકડો દૃષ્ટાંતો છે.

પ્રશસ્ત કષાય વગર શાસન ન ચાલી શકે તો સંસાર તો ક્યાંથી ચાલી શકે! સંસારને યોગ્ય રીતે ચલાવવા પ્રશસ્ત કષાયની જરુર પડશે.

જે આત્મા કષાયથી મુક્ત થાય તે શાસનની જવાબદારીથી મુક્ત થાય જ. જેમ સંઘનાયક, ગચ્છનાયક. વીતરાગ થાય તેને પછી આ જવાબદારી નથી.

ગૌતમ મહારાજને જે દિવસે કેવળજ્ઞાન થયુ પછી બધી જવાબદારી શિષ્ય સુધર્માસ્વામીને સોંપી. પછીથી છદ્મસ્થ સ્થવિરોને જવાબદારી આવે છે.

શાસન જેવી પવિત્ર વસ્તુ પણ કષાય વગર ચાલી શકતી નથી. માન-માયા-લોભ-રાગ-દ્વેષ વગર અનુશાસન ન ચાલી શકે. માટે પ્રશસ્ત કષાયને અનીવાર્ય આવશ્યકતા માની છે.

કષાય માત્રથી પાપ લાગે તેમ નથી. પાપ બંધાય તેવા કષાય છે. અને પુણ્ય બંધાય તેવા પણ કષાય છે. પુણ્ય બાંધવું હોય તો કષાયની જરૂર પડે છે. માટે કષાયનું શરણું લેવું જ પડે છે.

સિદ્ધ ભગવંતોને કષાય નથી માટે જ પુણ્ય કે પાપ બંધાતુ નથી. કેવળીને પણ પુણ્ય-પાપનો બંધ નથી કારણ કે કષાય માત્રથી મુક્ત છે, કષાય હોય તેવી વ્યક્તિ જ બંધનો અધિકારી છે. તમે માની બેઠા છો કે કષાય માત્રથી પાપ જ બંધાય. પણ તમે થાપ ખાઈ ગયા છો. પરંતુ રાગ-દ્વેષ વગર પુણ્ય ન જ બંધાય. શાસ્ત્રમાં ડગલે ને પગલે પ્રશસ્ત કષાય, અપ્રશસ્ત કષાયની વાતો આવે છે. એકાંતે કહ્યુ નથી કે રાગ-દ્વેષ ન જ કરવા. પરંતુ ગમે તે સંજોગોમાં, ગમે તે પરિસ્થિતિમાં ગમે તેવા તબક્કામાં અપ્રશસ્ત કષાય ન જ કરવા, ન જ કરવા, ન જ કરવા કરશો તો થોડોઽસ પાપ બંધાશે.

તમે કહેશો હીડરો આવુ કરે તો ગુસ્સો આવે જ ને? કોઈ મારવા કે લુટવા આવે તો ગુસ્સો આવે જ ને? પણ આ દલીલથી તમે નિર્દોષ સાબિત નહીં થાઓ. અપ્રશસ્ત ગુસ્સો કર્યો તો પાપ લાગશે જ. કરવાની પરવાનગી ખાલી પ્રશસ્તને જ આપી છે. જે જીવનમાં જકડી છે. પ્રશસ્ત કષાયો કઈ રીતના હોય તેના ઘણા જ દૃષ્ટાંતો આવશે. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે...

મંત્રીએ માથા કરીને હીડરાને ગુરુ પાસે ભણવા મોકલ્યો.

૧૨ વર્ષ કાશીમાં ભણીને આવેલા દીકરાનું સ્વાગત કરવા રાજા માથે આખુ ગામ ઉમટ્યુ છે. છતાં તે વખતે મા સ્વાગત કરવા નથી ગઈ? કેમ? તે ધર્માત્મા છે. તેને ખબર છે આવા પ્રસંગે હું નહીં જઉ તો તેને ચોટ લાગશે. તેને ચોટ લગાડવાની ઇચ્છા છે. મહાવાત્સલ્યવાળી મા છે. ૧૨ વર્ષ કાશીમાં દીકરાને એક દિવસ જોવો નહીં હોય કે તેને મા યાદ ન આવી હોય. માનું સ્થાન તેના હૃદયમાં આગવુ છે. માટે સ્વાગતના સમારંભમાં તે માને જ શોધે છે. મા સામાન્ય નથી, બાપ રાજ પુરોહિત છે. મા શ્રાવીકા છે. તે આવા પ્રસંગને ટાળીને જ બેઠી હતી. માને ન જોવાથી દીકરાને સમારંભમાં રસ રહ્યો નથી. ઘરે જઈને તરત જ માને શોધે છે. મા સામાયિકમાં બેઠી છે. પગમાં પડીને કહે છે કે આખુ ગામ આવ્યુ પણ તું કેમ ન આવી. ૧૨ વર્ષ ભણીને હું આવ્યો છતાં તારા મોં પર આનંદ કે હર્ષની લાગણી નથી દેખાતી. શું કારણ છે?

ત્યારે કહે છે ભલે તારા સ્વાગતમાં આખુ ગામ ઉમટ્યુ પણ હું તારી સાચી મા છું. પણ મા હું શું કરું તો તુ રાજી થાય? ત્યારે કહે છે તારા મામા જે મારો મોટો ભાઇ આચાર્ય છે. તેમની પાસે જઈને દૃષ્ટીવાદ ભણ તો હું ખુશ થઈશ.

બાપ નોનજૈન વૈદિક ધર્મના ચુસ્ત અનુયાયી છે. તેના કારણે જૈનધર્મનો ઘરમાં પરિચય નથી, સંસ્કાર નથી. માટે તેને દૃષ્ટિવાદ એટલે શું તે ખબર નથી.

દૃષ્ટીવાદ એટલે દર્શનોનો વાદ. દીકરાને થાય છે મા ગમે તેવી વાત ન કરે તે બહુ જ વિચક્ષણ છે. માટે પૂછે છે બોલ ક્યારે જઉ? માને થાય છે આ થોડો વધારે ટાઇમ રોકાઇ જશે તો ઘરમાં વધાને ખબર પડશે તો નહીં જવા દે. તેથી તરત જ જવાનું કહે છે.

હવે આ માવા જ કરી કહેવાય ને? બાપને અંધારામાં રાખીને

દીકરાને આવી સલાહ કેમ આપે છે ? કારણ તે જાણે છે કે દીકરાનો એમાં જ ઉદ્ધાર છે. આમ કરવામાં કોઇ તેમનો અંગત સ્વાર્થ નથી. પોતાના સ્વાર્થ માટે આમ કરે તો તે અપ્રશસ્ત કષાય કહેવાય.

૧૨મું અંગ એટલે દૃષ્ટીવાદ. સાધુ થયા વગર તે ભણી શકાય નહીં. માટે માને ખબર છે કે હવે તે પાછો નહીં આવે. તો "લાવ હું એક દિવસ તેને વાત્સલ્યથી બરાબર જમાડીને મોકલું." તમારી દૃષ્ટીએ તો એમનેમ ઘકેલી દીધો ને ? પરંતુ તે દીકરાનું હિત વિચારે છે. તેને દીકરા પર રાગ છે પણ રાગમાં કંટ્રોલ છે. જ્યારે તમારા રાગ તો દીકરાના અહિતમાં પૂરક બને તેવા હોય છે.

બીજા દૃષ્ટાંતમાં વજસ્વામી પણ માને ઉઠા ભણાવે છે ને ? જન્મ્યા ત્યારથી માયા કરી છે. છ મહિના સુધી રડીને મા સામે ચોંચ કર્યો છે. જેથી જન્મદાત્રી હાથ પહોળા ગઇ છે. વિચારો માને કેવો ત્રાસ આપ્યો હશે ? હકીકતમાં પેટમાં દુઃખતું નહોતું. પણ બધુ કૃત્રીમ હતુ. મા થાબડતી છતાં પણ રડ્યા જ કરતા. આ તેમને પ્રશસ્ત માયા જ કરેલી.

તમાક વંદિતુ સૂત્ર તે પ્રતિક્રમણનું મુખ્ય સૂત્ર છે. તેમાં દિવસ દરમ્યાન થયેલા અપ્રશસ્ત કષાયનું તેમાં મિચ્છામી દુક્કડં આવે છે. કેમ પ્રશસ્ત કષાયનું નહીં ?

પ્રાયશ્ચિત્ત ભુલ (પાપ) માટે જ હોય. માટે પ્રશસ્ત કષાય કરવા તે કાંઇ ભૂલ (પાપ) નથી. માટે તેનું પ્રાયશ્ચિત્ત ના હોય. જો પ્રશસ્ત કષાયનું મિચ્છામી દુક્કડં કરો તો ધર્મનું પ્રાયશ્ચિત્ત કર્યું કહેવાય.

તમે સંઘના કે કોઇના પણ હિત માટે સ્વાર્થ વગર ગુસ્સો કરો તો મિચ્છામી દુક્કડં ન અપાય. ધર્મ કે ગુરુનું મિચ્છામી દુક્કડં

ન હોય.

સામાયિક કે પ્રભુનું મિચ્છામી દુક્કડં અપાય ? અને આપો નો પાપ લાગે ને ? ધર્મની આજ્ઞા મુજબ જે કર્યું તેનું પ્રાયશ્ચિત ન હોય. હા, જેમ તમારા દીકરાને અહિતમાંથી હિતમાં લાવવા તમે કષાય કરો તો તે કર્તવ્ય છે. ખોટા માર્ગે જતો રોક્યો તે સારુ કામ કર્યું કહેવાય માટે તેનું પ્રાયશ્ચિત ન હોય. સારુ કામ કર્યામાં વસવસો ન જોઈએ અને ખરાબ કામ કર્યામાં ધિક્કાર ન જોઈએ.

માટે કર્તવ્ય શું ? અકર્તવ્ય શું ? ક્યાં કેવી રીતે કષાય સેવવાના તે બધુ જ ભગવાને બતાવ્યુ છે. થોડી થોડી પણ સમજણ કેળવતાં જશો તો ટપ્પી બદલાઈ જશે. આગળ આગળ વધુ વિવેચન આવશે.

હવે મોક્ષના પ્રણિધાન માટે તમામ ગુણનું પ્રણિધાન કરવું પડે. સર્વ ગુણની પ્રાપ્તિનું અને સર્વદોષના ત્યાગનું પ્રણિધાન જોઈએ. બે આમાં જરા પણ કચાસ હોય તો મોક્ષના પ્રણિધાનમાં કચાસ છે માટે આપણે હજુ પ્રણિધાનની દૂર છીએ તેમ માનવુ પડે.

જેમ લૌકિક ક્ષેત્રમાં ધ્યેય નક્કી છે તેમ ધર્મના ક્ષેત્રમાં પણ ધ્યેય, મનોરથ, મહાત્વકાંક્ષા નક્કી જોઈએ.

સભા:- સાહેબજી આ ક્ષેત્રમાં વેવરીંગ માઈન્ડ છે. અડિયા આવીએ ત્યારે હલ્યમાં અસર થાય અને નીચે ઉતરીએ એટલે બાષ્પીભવન થઈ જાય છે.

સાહેબજી:- આ બધી ઉઠા ભણાવવાની વાતો છે. તમારા જીવનમાં ક્યારેય બન્યુ છે કે બજારમાં ગયો ત્યારે પૈસા કમાવવાનું પ્રણિધાન હોય અને દુકાનની નીચે ઉતરો એટલે પ્રણિધાન ગયું ?

તમારા છોકરાને સ્કુલમાં ભણવાની ઈચ્છા થાય અને ઘરે આવેને કહે કે મારે સ્કુલે જવું નથી, ભણવું નથી. આમ કરે તો તેને ઘરમાં રાખી પહેલા બરાબર નિર્ણય કરાવો ને ? એટલે સંસારમાં

પ્રણિધાન નક્કી છે.

જ્યારે અહિંયા જ તમે ઠોચડની જેમ થયા કરો છો. માટે ઘડીકમાં સંકલ્પ થાય અને ઘડીકમાં સંકલ્પ ઉડી જાય તેમ ન હોય

પ્રણિધાન પહેલી યોગદૃષ્ટીમાં આવે છે. ખરુ પ્રણિધાન પાંચમી યોગદૃષ્ટિમાં આવે છે. સમ્યગદૃષ્ટીનું પ્રણિધાન સોના જેવું હોય છે. બુદ્ધિની તત્પતમતા હોય પણ હેય, ઉપાદેયનો ૧૦૦ ટકા વિવેક સરખો હોય. કલ્પ છોડવા કે આચરવામાં તીવ્રતા, મંદતા કે સુક્ષ્મતા ઓછીવત્તી હોય, પણ ૧૦૦ ટકા દોષ છોડવા જેવા છે ગુણ ઉપાદેય છે તેનો નક્કી વિવેક હોય. માટે સમ્યગદૃષ્ટીમાં અને મિથ્યાદૃષ્ટીમાં ફેર પડવાનો જ.

અપુનર્બંધક દશાથી આના લક્ષણો ચાલુ થાય છે.

જે જીવમાં એકપણ દોષનો આગ્રહ હોય અને એકાદ ગુણ પણ ન ગમતો હોય તો તે પહેલી યોગદૃષ્ટિમાં નથી. માટે પ્રણિધાન વગર કોઈ ભૂમિકા નથી. માટે આ બધી વાતો ડોસેજની નથી પણ એકડીયાની જ છે. જેમ જેમ ધ્યાનથી સાંભળીને ચિંતન મનન કરશો તો નવી દૃષ્ટિ જ મળશે. આંતરીક જીવનમાં પ્રણિધાન શું ? તેના પર વિશેષ દૃષ્ટાંત સાથે આગળ વિચારશું.

ગીવાલિયાટેંક, મુંબઈ ધાતુમૂર્તિક
પ્રવચનો

મૂળકાર ટીકાકાર
સ્વર્ગસ્થ પુરંદર હરિભદ્રસૂરિ - મહોપાધ્યાય યશોવિજયજી
વિરચિત

યોગવિંશિકા

ગ્રંથ ઉપરના
પ્રવચનો
યાને
અધ્યાત્મ માર્ગના ગહન રહસ્યો
(ભાવધર્મ)

પ્રવચનકાર
અધ્યાત્મશાસ્ત્રના મર્મજ્ઞ, શુદ્ધ દીમાન્
ગણિવર્યશ્રી પુણ્યભૂષણ વિજયજી મ.સા.

॥ ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥
॥ પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

ગોવાળિયા ટેંક

૧૧-૭-૯૫
મંગળવાર
અષાડ સુદ ૧૪

॥ યોગવિંશીકા ॥
॥ પ્રણિધાન ॥

અનંત જ્ઞાની અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવ માત્ર સુવિશુદ્ધ યોગની પ્રાપ્તિ કરે તેના માટે ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

જીવ અનંતીવાર શાસનને પામ્યો છે. પણ આજ સુધી તે યોગને પ્રાપ્ત કરી શક્યો નથી. યોગ પામેલા જીવ જ ધર્મનો સ્વાદ પામી શકે છે. આત્માને મહાનંદ કે પરમાનંદ પમાડવાની ક્ષમતા ને યોગ કહેવાય છે. મોક્ષ પામવાનું સાધન માત્ર વિશુધ્ધ ધર્મ જ છે.

આપણે આ ૮૪ લાખ જીવાયોનીમાં બેઠ્યા છીએ તે જ બતાવે છે કે ભૂતકાળમાં આપણે કરેલ ધર્મમાં કંઈક કડી ખૂટતી હતી. આપણે વિશુધ્ધ ધર્મ ક્યારે પણ કરેલ નથી. વિશુધ્ધ ધર્મ પ્રણિધાન યુક્ત હોય છે. અને અત્યાર સુધીના આપણા કરેલ ધર્મમાં આ પ્રણિધાન નામના ભાવની જ કડી ખૂટતી હતી.

પ્રણિધાનનો અર્થ :- ધ્યેય પ્રાપ્તિનો સંકલ્પ. દરેક પ્રવૃત્તિનો ધ્યેય કે ઉદ્દેશ પહેલાં સ્થાપિત કરવાનો છે. જે વિચાર શૂન્ય પ્રવૃત્તિ છે તેનાથી આત્મ કલ્યાણ થતું નથી.

તમે જગતના દરેક ક્ષેત્રમાં પણ ધ્યેય સામે રાખો છો. જેમકે બાથરૂમમાં ન્હાવા જતાં પણ શરીરની સફાઈ કરવી છે તેવું ધ્યેય હોય છે. જમવા બેસતાં પણ જીભને સંતોષવી છે. પેટને તૃપ્તિ આપવી છે જીભના સ્વાદને પોષવો છે. કંઈક ધ્યેય હોય છે. જીવનમાં નાની મોટી બધી ક્રિયામાં ચોક્કસ ધ્યેય હોય છે. અને તે ધ્યેયને સામે રાખીને પ્રારંભ કરો છો અને તેમ તે ક્રિયાને વહન પણ કરો છો.

અહિંયા પણ ધર્મના ક્ષેત્રમાં ધ્યેય શું ? શું મેળવવુ છે ? તમારી કઈ તમન્ના છે ? કઈ કામના છે ? તેની અંતરમાં સ્પષ્ટતા જોઈએ.

પ્રતિક્રમણની સ્પષ્ટતા જોઈએ. વિચાર શૂન્ય થઈને પ્રવૃત્તિ કરવાની ભગવાને ના પાડી છે.

આપણી જૈન શાસનની કોઈ એવી ક્રિયા નથી કે જેમાં ધ્યેય ન હોય. જેમકે ઈરિયાવહિયા લો. પ્રતિક્રમણ લો. પ્રતિક્રમણમાં પણ પહેલાં કરેમિભંતે પછી જ વાંદણા પછી જ આલોવવાનું કેમ ? બધામાં હેતુ અપાયેલો છે. આ બધાની તમને સ્પષ્ટતા ન હોય તેમાં તમારી અજ્ઞાનતા છે, પણ બધી ક્રિયામાં ધ્યેય તો છે જ.

ઘણો વર્ગ એવો છે કે બસ ધર્મ કરી લઈએ જેથી સારુ થશે. પણ તે વ્યાજબી નથી. પરંતુ આત્મ કલ્યાણની ભાવનાથી ધર્મ કરવો જોઈએ.

મારે મારા આત્માના ગુણોનો વિકાસ કરવો છે. મારા આત્માનું કલ્યાણ, ઉત્થાન કરવું છે. અને તે જ ખરુ ધ્યેય જોઈએ.

ધર્મ -પાપના નિવારણ માટે છે. પાપને પુષ્ટ કરવા માટે ધર્મ નથી. પણ પાપથી મુક્ત થવા માટે જ ધર્મ કરવાનો છે.

સંસારના સુખની પ્રવૃત્તિ તે પાપ પ્રવૃત્તિ છે. સંસારના સુખના રટણનો ભાવ પણ પાપ છે. આ બધી ભૌતિક કામના છે. ધર્મથી આપણને સંસારના સુખ મળશે તે કામનાથી ધર્મ કરવાનો નથી. અને તેના રટણનો ભાવ પાપ જ બંધાવે છે. શાસન જીવ માત્રને પાપથી મુક્ત કરવા જ સ્થપાયું છે. ધર્મનો ઉદ્દેશ જીવને પાપથી મુક્ત કરવાનો છે.

માટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ છે કે બીજાના આત્માને દુઃખ આપવું પાપ છે. તેમ પોતાના આત્માને પણ દુઃખ આપવું પાપ છે.

ભૌતિક કામનાથી જેમ પાપ બંધાય છે. તેમ આત્મીક સુખની કામનાથી પુણ્ય બંધાય છે. તેમ બીજાને સુખ આપો તો પુણ્ય બંધાય. બીજાના આત્માને દુઃખ આપો તો પાપ બંધાય છે. બીજાના આત્માને સુખ આપો તો તમારા કર્મો ખપે છે. દુઃખ આપો તો નવા કર્મો બંધાય છે. આમ સામ-સામે છે. માટે આત્મીક સુખને મેળવવાની જ ઇચ્છા કરવાની છે. આ બધી વાતો જે અહિંયા સાચા દિલથી ધર્મ કરવા આવે તેના માટે છે. જેને પોતાના આત્માની ઉન્નતી કરવી છે, કર્મ પામવુ છે, આત્માનું ઉત્થાન કરવું છે. એવું જેનું ધ્યેય છે ભાવના છે તેને માટે જ કહેવાનું છે.

સંસારના ક્ષેત્રમાં પણ પસંદગી રહે છે. જેમકે તમને આરોગ્ય ગમે કે રોગ ગમે ? આપણને કોઇના અંડરમાં રહેવું ગમે કે બીજા પર ઓર્ડર કરવા ગમે ? આપણને બીજા પર આધિપત્ય ને વર્ચસ્વ ગમે છે. આપણને કોઇ દિવસ ગરીબ થવાની ઇચ્છા નથી. શ્રીમંતાઇ જ ગમે છે. ધ્યેય ફીક્સ જ હોય છે. આપણને બાહ્ય દુનિયામાં જ્યું જોઇએ છે તે નક્કી ધ્યેય હોય છે. ધ્યેય બધ્ધતા ભૌતિક દુનિયામાં છે. પણ ધર્મની દુનિયામાં નથી. સંસાર અને ધર્મમાં વિરોધાભાસ ક્યાં છે ? તે સમજવાનું છે.

તમારુ કહેવાતું ભૌતિક જગત બાહ્ય છે. જ્યારે ધર્મ એ આત્માના ગુણો છે. જે આંતરિક વસ્તુ છે.

તમામ આત્માના ગુણ છે તે બધા જ ગુણ આંતરિક છે. જે ગુણો નજરે બતાવી શકાય નહિ. કોઇને આપી શકાય પણ નહિ. તેમ બીજાના ગુણ લઇ પણ શકાય નહિ. આપણા ગુણ આપણી માલિકીના જ છે. બીજાના ગુણ ગમે તે રીતે લેવા નીકળીએ તો પણ મળે નહિ. માટે <u>ગુણમય</u> <u>એવો</u> <u>ધર્મ</u> <u>આંતરિક</u> <u>ધર્મ</u> <u>છે.</u>

બધા ધર્મનું અંતિમ ધ્યેય મોક્ષ છે. તેના પહેલાં અવાંતર

ધ્યેયવાદી લાગ્યો છે. તેને સંક્ષીપ્તમાં સમજવા હોય તો ધ્યેય શું છે તે સમજવું પડે.

આંતરિક જગતની દુનિયા પવિત્રમય છે. આંતરિક ધર્મ પર પ્રણિધાન નામનો ભાવધર્મ આધારિત છે. તમને આંતરિક દ્રષ્ટીએ પવિત્રતા ગમે કે મલીનતા ગમે ?

સભા :- પવિત્રતા ગમે છે

સાહેબજી :- ચોક્કસ રોજને બોલજો. પછી ગુલાટ નહિ ખાતા. જાતને બરાબર પૂછજો. તમારા શરીર ઉપર કોઇ ગંદકીનો છાંટો પડે કે કપડાં પર ડાઘ પડે તો શું થાય ? ગંદકી દૂર કર્યા વગર રહો ખરા ? બાહ્ય જગતમાં કેટલી સ્વચ્છતા રાખો છો. ઘરમાં પણ કચરાં-પોતાં કરવા, ડમ્યાઉન્ડ સાફ કરવુ, રસ્તા પણ સાફ કરાવ માટે બાહ્ય જગતમાં કેટલી ચોખ્ખાઇ ગમે છે, તેજ પસંદ છે. કદાચ નિયતના કારણે તમારે તમારા જ ખાડા, પેશાબમાં પડી રહેવું પડે તો પણ કેટલી મજબુરીથી ના છૂટકે પડી રહો ! તમારી ગંદકી પણ ના છૂટકે તમે સાફ કરો છો ને ? બીજાની ગંદકી તમે સાફ કરો ખરા ? તમારી ગંદકી સાફ કરો છો છતાં તે ગમે છે ? કે તેના તરફ અણગમો છે માટે જ આજે આટલા સફાઇના સાધનો વેચાય છે ને.

તેમ તમે આંતરિક પવિત્રતાને ઝંખો છો ? કદી મનની આંતરિક ચોખ્ખાઇ કે ગંદકીનો વિચાર કર્યો છે ખરો ? કારણ તમને આંતરિક ચોખ્ખાઇનું આકર્ષણ જ નથી.

ઝુપડપટ્ટીવાળા જેમ તમને જોઇને ટીકી ટીકીને જોઇ રહે, અને વિચારે કે આપણા કેટલા ગંદા છીએ. આપણે ક્યારે આવા ચોખ્ખા થઇશું. તેમ કોઇ આત્માની પવિત્રતા જોઇને જેમ મન થાય ખરું કે અમે ક્યારે આવા પવિત્ર થઇશું. તે

મેળવવા જ તમે દેવ ગુરુ પાસે આવો છો?

પૂર્ણ પવિત્ર વ્યક્તિત્વ પરમાત્મા છે. જેમના આત્માનો મેલ સંપૂર્ણ નાબુદ થયો છે. આ પવિત્રતા આપણને કોઈ દિવસ આકર્ષિત કરતી નથી. તેમના દર્શન કરતાં થાય કે આ પવિત્રતાની એક આંધિકડ અંદર મળી જાય, આવી ભાવના થાય ખરી? તે વખતે તમારા અંતરમાં શું ભાવના હોય? આ બધી તકલીફો છે જેનું નિવારણ થાય. એટલે તમે આત્માની ગંદકી વધારવા જ આવો છો ને? તેમની પવિત્રતા ઉપર મંથન થાય છે ખરું?

સભા:- તે દુર્લક્ષ છે.

સાહેબજી:- ધર્મ એ આત્માના મેલને દૂર કરવાનું રસાયણ છે. જેમ રસાયણ વાપરો તેમ મેલ દૂર થાય. તેમ આત્માને પવિત્ર કરવો તે ધર્મનું ધ્યેય છે. પરંતુ અત્યારે આપણને ગંદા થવામાં જ રસ છે. માખી, કાગડો, ભૂંડ ગંદકીમાં જ જશે. કારણ તેની રુચી ત્યાં છે. તેમ આપણને પણ વિકાર-વાસનામાં જ રસ છે. મોંટે જ મનના વિકારો વકરે, કષાયો વકરે તેવા પ્રકારનું જ વાતાવરણને ઈચ્છો છો ને? આંતરિક જગતમાં ગંદકીના જ હિમાયતી છો માટે જ આંતરિક જ્ઞાનનું પ્રક્ષિધાન નથી આવ્યું.

જેને ભૌતિક ચોખ્ખાઈ નથી ગમતી તેનું તો માનસ જ વિકૃત છે.

તમારા માનસને વિકારી ભાવોમાં છબછબીયા કરવા ગમે છે? કે નિર્મોહી ભાવોમાં રમવું ગમે છે?

તમે અત્યારે શું કરી રહ્યા છો તેની આ બધી વાત નથી પણ તમને શું ગમે છે તેની વાત છે.

ઘણા છોકરાઓ એવા છે કે તેમને ગંદા પાણીમાં

છબછબીયા કરતાં મજા આવે છે ત્યારે તમારા છોકરાઓને કેમ થાય કે અમે રહી ગયા ? ઉલ્ટાની સૂગ થાય, જુગુપ્સા થાય છે. કારણ તમને સ્વચ્છતા ગમે છે, ગંદકી નડે છે. પરંતુ આંતરિક દુનિયામાં ઉંધુ છે.

પ્રભુ ધ્યાન છે કે નહિ તેની કસોટી છે. પરમાત્માને ખમાસમણ કેમ આપો છો ? તેમને વંદન કરો, ભક્તિ કરો, વિનય કરો તે બધાનું તમારા લક્ષ્ય શું ? તમારે તેનાથી શું જોઈએ છે ?

તેમણે જે મેળવ્યુ છે તે મેળવવું છે કે તેમને જે છોડ્યુ છે તે જોઈએ છે ? પરંતુ તેમને જેને કચરો સમજીને છોડ્યુ છે. તે જ તમને તો ગમે છે ને ? માટે નાની પ્રવૃત્તિ કરતાં પણ દ્રષ્ટિની અને આત્માની પવિત્રતા જોઈએ. બાહ્ય ગંદકી મેલ જરાપણ ગમતો નથી. પછી જેમ ગરીબ માણસો ગંદકીમાં રહે છે તેમ રહેવું પડે તે જુદી વાત છે.

મજબુરીથી શું તમે મનની આ ગંદકીને સહન કરો છો ? ન છૂટકે સહન કરો છો ? જાતને જરા ઢંઢોળીને પૂછજો. અંદરથી તમે બધા સ્થિર છો તેની વિચારણા છે જ નહિ.

તમારા ઘરની સ્વચ્છતા જાતે પણ કરો, માણસ પાસે પણ કરાવો છો. બહારથી આવો ત્યારે કદાચ ઘરમાં ઉકરડો પડ્યો હોય તો તેનો ઉધડો કાઢી નાંખો ને ! તેમ તમારા ચોખ્ખા કરેલા ઘરમાં પાડોશી જો કચરો નાંખી જાય તો સહન કરો ખરા ? તમારી ગંદકી જેમ સહન ન કરો તેમ બીજાની ગંદકી પણ સહન કરો નહિ.

તેમ તમારા મનમાં બીજો ગમે તે કચરો નાંખે તો તેને રીજેક્ટ કરો ખરા ? તમે તેને સ્વીકારી લો છો તેનું

મુખ કારણ શું છે કારણ તે મેલ રુપે દેખાતું નથી. એક કમપાઉન્ડનો કચરો સહન થતો નથી પણ આખા ગામની ગંદકી તમારા મનમાં ભરાય તો ચાલે ને ?

મેલ, વાસના, વિકારો પૈસા આપે ને વકરાવો છો ને ?

પ્રસંગે પ્રતિકમણ, સામાયિક કરો છો તે ચોખ્ખા થવા કરો છો કે મેલા થવા કરો છો.

સભા:- ચોખ્ખા થવા માટે કરીએ છીએ.

સાહેબજી :- ધ્યેયની સુબધ્ધતા નથી. જેમ નાનો છોકરો તમે કપડાં ધોતા હોવ તો તે પણ સાબુ લઈને કપડું ધોવા માંડે અને પાછુ એજ કપડું લઈને બીજા છોકરા રમતાં હોય તો ગુલાંટીયું ખાઈ આવે, મેલુ કરી આવે. કારણ તેને ભાન નથી. ગંદુ થાય તેનું તેને ભાન નથી. બાકી તે તો તમારા અનુકરણ કરે છે. આ બધી પ્રવૃત્તિ કેવી કહેવાય ? માટે જો ચોખ્ખાઈનું ધ્યેય હોય તો તે ધ્યેય કાયમ જોઈએ. ધ્યેય એક વખત નક્કી થાય પછી ફેર બદલી થાય નહિ.

સભા:- પણ ચોખ્ખા થવાની જ ભાવના છે.

સાહેબજી:- ચોખ્ખા થવાની જો ભાવના હોય તો એક વખત સામાયિક, પ્રતિકમણા પૂર્ણ કર્યા પછી ઘરે ગયા પછી ગંદકીમાં પડવું પડે છે. તે વખતે મજબુરી લાગે છે ? ડંખ રહે છે ? મજેથી ઘરની ગંદકીમાં કૂદી જાઓ છો ને ?

મન - આત્માની પવિત્રતા વિકસાવે તેવા જ ભાવો કરો. અપવિત્રતા જામી હોય તેના નિવારણ માટે પ્રાયશ્ચિત છે.

મન- આત્માનું શુધ્ધીકરણ કરવાની ક્રિયા તે પ્રાયશ્ચિત છે.

કુતરુ ચોખ્ખા પાણીમાં આળોટે. ચોખ્ખા થઈ પાછુ ગંદા પાણીમાં પણ આળોટે. જીવનમાં જો ચોખ્ખાઈનું ધ્યેય હોય

તો કાયમ ચોખ્ખાઈ ગમવી જોઈએ. ધ્યેય જીવનમાં એક વખત નક્કી થયા પછી બદલાય નહિ. મનને પવિત્ર કરવા માટે અનુષ્ઠાન, ક્રિયા કરીએ છીએ. પાપનું પ્રાયશ્ચિત પણ કરીએ છીએ. પણ ગમે છે તો ગંદકી.

બીજાનું કે પોતાનું બુરું ઈચ્છવું તેનું નામ ગંદકી છે. બીજાનું કે પોતાનું ભલું ઈચ્છવું તેનું નામ પવિત્રતા છે.

જીવ માત્ર માટેની શુભભાવના પવિત્રતા છે.

જીવ માત્ર માટેની અશુભભાવના ગંદકી છે.

તમને કોઈ રતી ભાર પણ દુઃખ આપવાની ભાવના કરે તો કેવું લાગે ? તમારા પર બીજો ગુસ્સો કરે તો ગમતું નથી. બીજો અહંકાર કરે તો પણ ગમતો નથી. તેમ તમારો અહંકાર પણ બીજાને ગમતો નથી.

વ્યવહારમાં પણ શું નિયમ છે કે કોઈનો ઝાડો પેશાબ તમારા માટે ગંદકી છે. તેમ તમારો ઝાડો પેશાબ પણ બીજા માટે ગંદકી રૂપે છે. તેમ આ ક્ષેત્રમાં પણ આજ વ્યવહાર છે. આની સામે કોઈ વાંધો ઉઠાવી શકે તેમ નથી.

સભા:- એક વસ્તુ દેખાય છે. એક વસ્તુ દેખાતી નથી.

સાહેબજી:- તેને તમે ચામડાની આંખથી જુઓ તો ન દેખાય. પણ જો આંતરિક ચક્ષુથી જુઓ તો ચોક્કસ દેખાય છે. વાત રીતે ન દેખાય તો શું માનવાનું નથી ? ધર્મ એ આંતરિક વસ્તુ છે, આંતરિક ભાવ છે. જેની પાસે આંતરિક ભાવ ન હોય તે સાચો ધર્મ પામી શકે નહિ. આત્માની ત્રણ દશા છે.

<u>બાહિર આત્મા</u>
<u>અંતર આત્મા</u>
<u>પરમાત્મા</u>

જેનામાં આંતર દૃષ્ટી ન હોય તે કદી ધર્માત્મા બની શકતો નથી. જેને અંતરની ગુલામી, અસલામતી દેખાતી નથી તેવા આત્માને ધર્મ પામવાની શક્યતા નથી. સમ્યક્ત્વ પામતાં પહેલાં ગંદકી કાઢવી જ પડે છે.

શ્રેણીકનું દૃષ્ટાંત છે તે આપણે વિચારીએ. શ્રેણીકરાજા પ્રભુ મહાવીરથી સમકીત પામ્યા નથી. તેઓ અનાથી મુનીથી સમકીત પામ્યા છે. તેઓ ક્ષાયિક સમકીતને પામ્યા છે.

આ પહેલાંનું જીવન જુઓ તો કાંઇ તે ગુંડા, બદમાસ નથી. ન્યાયી, સદાચારી, ધર્મનિષ્ઠ માણસ છે. ધર્મને માનનારા છે. તેમના ધર્મમાં તેઓ ચુસ્ત છે. પુણ્ય, પાપ, ધર્મ, કર્મ, મોક્ષ બધું જ માનનાર છે. આજના લોકો જેવા નાસ્તીક કે અનાડી નથી. છતાં ત્યારે શ્રેણિક મિથ્યાદૃષ્ટી છે. મોક્ષમાર્ગ, અધ્યાત્મ પામ્યા નથી.

ભગવાન મહાવીરની માસાની દીકરી ચેલણા છે તે ચુસ્ત શ્રાવિકા છે. શાસ્ત્ર ભણેલ છે. શ્રેણીક રાજા સાથે તેને ઘણી વખત ચર્ચા થાય છે ત્યારે કોસીંગમાં તર્ક કરતાં ચેલણા જ જીતે છે. ત્યારે શ્રેણીકને થાય કે આ મને જીતવા દેતી નથી. પરંતુ શ્રેણીકમાં લાયકાત સજ્જનતા ઘણી છે. છતાં સાચો અધ્યાત્મ પામ્યા નથી. કારણ તેમનામાં બાહ્ય દૃષ્ટી છે. હવે આ બાહ્ય દૃષ્ટી તોડી કોને?

એક વખત શ્રેણીક રાજા ઉપવનમાં ફરવા નીકળ્યા છે. ત્યાં ઘોમ ઘખતાં તડકામાં અનાથી મુની ધ્યાનમાં ઉભા છે. આ મુની રુપ રુપના અંબાર છે તેમના શરીરની આકૃતિ ખાનદાન કુટુંબને શોભાવે તેવી છે. આવી ભર યુવાનીમાં આવો કઠોર ત્યાગ!

તમે અત્યારે ભર યુવાનીમાં દીક્ષા લેવાવાળાને જુઓ તો શું થાય? ત્યાં તમારી માન્યતા શું?

હા, કાંઇ તકલીફમાં હશે. હા, અમને ઘણા પૂછે એવું તમને શું થયું કે તમને આવી ભર યુવાનીમાં દીક્ષા લેવાનું મન થયું. હા, કાંઇક થયું હશે માટે સંસારથી કંટાળીને તેનો ત્યાગ કર્યો હશે. તમે તો આટલો વિચાર કરીને પાછા ચાલતાં થાઓ. પરંતુ અહિંયા તો શ્રેણીક રાજા વિચારે છે કે આ મુનીએ કાંઇક તકલીફથી દીક્ષા લીધી હોય તો લાવ તે તકલીફ હું દૂર કરું. માટે આવીને વિનયથી પૂછે છે કે "તમને શું દુઃખ આવ્યુ કે આવી ભર યુવાનીમાં સંયમ સ્વીકાર્યું"!

મહાત્મા પણ સંયોગો જોઇને પાત્ર જોઇને જવાબ આપે છે કે

"હું અનાથ હતો"

જેમ મા-બાપ વગરના ઘણા ફુટપાથ ઉપર મોટા થનારા હોય છે, માટે તેમને લાગે છે કે આમને પણ મા-બાપ કોઈ હશે નહીં. શ્રેણીક રાજા પરગજુ છે. માટે કહે છે તમે અનાથ છો તો હું તમારો નાથ થવા તૈયાર છું. તમારા જેવા રાજકુમારો મહેલમાં છે. તો તેમની સાથે રહેજો હું વાત્સલ્યથી રાખીશ. તેમનામાં હૃદયની સરળતા, ઉદારતા, પરોપકારીતા, સૌજન્યતા કેટલી છે? છતાં શાસ્ત્રકાર કહે છે તેઓ ધર્મ પામ્યા નથી.

ખાલી સદ્‌ગુરુ કેળવવા માત્રથી ધર્મ પમાતો નથી.

અહિંયા અનાથી મુની કહે છે કે

જે સ્વયં અનાથ છે તે બીજનો નાથ શું થવાનો? શ્રેણીકને આ વાત સાંભળીને ચોંટ લાગે છે પરંતુ હજુ આ

માર્મિક ભાષાને સમજ્યા નથી. કારણ આંતરીક ચક્ષુ ખુલ્યા નથી.

શ્રેણીક રાજા અત્યારે શું બાહ્ય દૃષ્ટીએ અનાથ છે? ભરપુર સાધન-સામગ્રી છે છતાં કહે છે "અનાથ છો."

ત્યારે રાજા કહે છે "હું તો મગધનો નાથ છુ"

મહાત્મા કહે છે ભલે મગધનો નાથ છે. પણ તું તારી જાતનો નાથ નથી. હવે આ વાક્ય બાહ્ય દૃષ્ટીએ છે કે આંતર દૃષ્ટીએ છે?

શ્રેણીકને બાહ્ય દૃષ્ટીએ સલામતીની જરુર છે કે આંતર દૃષ્ટીએ સલામતીની જરુર છે.

તમારા ઘરના દરવાજા ચોવીસે કલાક બંધ રાખો ને? બેલ વાગે તો પણ જોઈને ઓળખો તો જ ખોલો ને? આવી આવી સલામતીની વ્યવસ્થાની શ્રેણીકને કાંઈ જરુર હતી.

આટલી તમારે સલામતી હોય છતાં પણ જોખમ કલાકમાં ને? આગળ વધીને બેન્કમાં મૂકો ને? રાત્રે પણ કેટલી તકેદારી રાખો? આ બધી સલામતી મનની કે શરીરની? તેમ અડધી રાત્રે પણ તમારા ઘરમાં ચોર ઘુસી ન જાય તેની તકેદારી પણ કેટલી?

પરંતુ મનના દરવાજા ચોવીસે કલાક ખુલ્લા ને? જેમ તમારા ઘરને ત્રાસ આપે, લૂટી જાય સંતાપ પેદા કરે તે ગુંડા, તેમ મનને ત્રાસ આપે લૂટી જાય તેવા ગુંડા ખરા ને?

કષાયો છે તે મનના ગુંડા છે.

તે ન આવે તેના માટે કોઈ લોક ખરુ? તેની સલામતી માટે ક્યારે પણ વિચાર કર્યો છે?

સભા:- માટે જ અહિંયા આવીએ છીએ.

સાહેબજી :- તો તો બહુ જ સારુ.

અડધી રાતે રોગ આવીને ઉપાડી જઈ શકે છતાં તમને

સલામતી લાગે છે. આંતરિક નાથતા શું છે તેનો કદી વિચાર કર્યો છે ખરો?

અનાથી મુનીને મા-બાપ પત્ની બધુ જ હતું. છતાં તેમને અનાથતા લાગી. રાજમહેલમાં બેઠા હતા ત્યારે ચારે બાજુ સૈનિકો, સુરક્ષા, સલામતી બધુ જ હોવા છતાં તેમને અનાથતા લાગી છે. જ્યારે જંગલમાં એકલા અટુલા છે. ચારે બાજુ જંગલી પ્રાણીઓ છતાં તેમને ત્યાં સલામતી, સનાથતા લાગી છે.

બાહ્ય જ્ઞાતની સનાથતા જુદી છે.
આંતરિક જ્ઞાતની સનાથતા જુદી વસ્તુ છે.

બાહ્ય જગત જુદુ છે. આંતરીક જગત જુદી વસ્તુ છે. તેમ આંતરીક સ્વચ્છતા જુદી વસ્તુ છે. આંતરીક ગંદકી જુદી વસ્તુ છે. તેમ બાહ્ય સ્વચ્છતા, બાહ્ય ગંદકી જુદી વસ્તુ છે. તેમ બાહ્ય આરોગ્ય જુદી વસ્તુ, બાહ્ય રોગ જુદી વસ્તુ તેમ આંતરીક આરોગ્ય, આંતરીક રોગ જુદી વસ્તુ છે. બધી આ પ્રશ્નો આવશે. અને આ નહિ સમજો તો પ્રક્ષિપ્તાન શબ્દ રુપે જ આવશે. અનંત કાળથી આત્મા આ જ નથી કરી શક્યો.

અનાથી મુનીએ એવું વેધકતાથી સમજાવ્યુ છે કે શ્રેણીક રાજા સમજી જાય છે.

તેમને લાગે છે " મારુ મન કાબુમાં નથી". બધી બહારની સલામતી હોવા છતાં આંતરિક સલામતી નથી. તેમ તેમને લાગે છે અને તેનાથી તેમનું આખુ મન ફરી જાય છે.

બાહ્ય દ્રષ્ટીથી જુઓ તે મિથ્યાદ્રષ્ટી
આંતરિક દ્રષ્ટીથી જુઓ તે સમકીતી.

સમકીતી એટલે પૂર્ણ આંતરિક દૃષ્ટીવાળો જીવ.

અમે તમને કહીએ કે તમારામાં સમકીત નથી આવ્યું તો તમને ખોટું લાગી જાય. અમારે તમને મિથ્યાદૃષ્ટી ચિતરવા નથી. પણ તમે તેની બધી સીમાઓ પસાર કરી ગયા છો? બરાબર વિચારજો નહીંતર આત્મવંચના થશે.

આગળ આજ બધી વાતો પછી સામાયિક કરતાં કેવા પ્રણિધાનવાળુ માનસ હોય, પૂજા કરતાં કેવા પ્રણિધાનવાળું માનસ હોય તે આવશે.

૧૩-૭-૯૫ ગુરુવાર અષાડ વદ એકમ ॥ યોગવિંશીકા ॥ ગોવાળિયા ટેન્ક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવ માત્રને અનંત દુઃખમય એવા સંસારથી મુક્ત થઈ અનંત સુખમય એવા મોક્ષને પામે તેના માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દ્રષ્ટીએ જીવમાત્રને જો સાચા અર્થમાં ઠારે પાડવા હોય, શાંત કરવા હોય તો મોક્ષે મોકલ્યા વગર છૂટકો નથી. આ આખો સંસાર અતૃપ્તિની આગ છે. આ સંસારમાં ૮૪ લાખ જીવાયોનીમાં એક જગ્યા એવી નથી કે જ્યાં અતૃપ્તિની આગ ન હોય. માટે તો જીવને પૂર્ણ તૃપ્તિ જોઈતી હોય તો તેના માટે મોક્ષ જ છે. પરમાનંદ એવા મોક્ષની ખાલી વાતો કરવાથી મળવાનો નથી. સુખમય એવા મોક્ષને મેળવવા માટે જો કોઈ એક સાધન હોય તો તે વિશુધ્ધ ધર્મ જ છે. માટે જે આત્માને સાચું સુખ પામવું છે, તેને વિશુધ્ધ ધર્મને અપનાવો જ પડે.

મોક્ષ એ તો લાંબી મજલની વાત છે. પણ જીવને આંતરિક સુખ પણ કે આંતરિક શાંતિ પણ જો પામવી હોય તો તેને વિશુધ્ધ ધર્મ અપનાવો જ પડે. અને અહિંયાથી જ મોક્ષના સુખની પ્રાપ્તિની શરુઆત થાય છે.

વિશુધ્ધ ધર્મને આપણે યોગ કહીએ છીએ. યોગ એ જ બની શકે કે જેનું મોક્ષ સાથે કનેકશન હોય. જેમાં યોજન કરવાની તાકાત છે, તે જ યોગ બની શકે છે.

જૈન શાસનમાં દરેક બનાવેલ ક્રિયાઓ ઉચીત છે. અને આજ જૈન શાસનની ખુબી છે. જૈન શાસને બનાવેલ આખો ક્રિયામાર્ગ, આત્મ કલ્યાણનો માર્ગ સંપૂર્ણ ગુણપોષક છે. ક્યાંય પણ તેમાં અધર્મનું મિશ્રણ નથી. જ્યારે અન્ય ધર્મોમાં અધર્મનું મિશ્રણ હોય છે. જેમકે અહિંસામય ધર્મ કહ્યો હોય પણ

ક્રિયા હિંસામય હોય. જેમ અપરિગ્રહ કે સત્યની વાતો બતાવી હોય પણ તેમનાં ધર્મમાં પરિગ્રહ કે અસત્ય આવી જાય. જ્યારે જૈન શાસનનો ધર્મ તો અખિશુધ્ધ ધર્મ છે.

હવે તપ-ત્યાગ-સંયમ કે કોઈપણ આરાધનાની આપણે ફેરબદલ કરવાની વાત કરતા નથી પણ આ બધી ક્રિયામાં પ્રણિધાન ભાવને પૂરવાનો છે. જીવ અનંતીવાર ધર્મ કરવા છતાં ક્યારે પણ આ ભાવને પામ્યો નથી. અને આ જ પ્રણિધાન ભાવ એ જ આપણી ખૂટતી કડી છે. માટે અત્યાર સુધી સાચી અને સારી કરેલ મહેનત પણ નિષ્ફળ ગઈ છે.

જેમ ગણિતનો દાખલો કરતાં પદ્ધતિ ભલે સાચી હોય પણ જો બેસીક ઈક્વેશન જ ખોટુ હોય તો દાખલો ખોટો જ પડે. ભૂતકાળમાં જીવે સદ્‌ગુણો સદાચારો કેળવ્યા છે, ધર્મ પામ્યો છે, આરાધનાઓ કરી છે, શ્રાવકના બાર વ્રતો પણ પાલ્યા છે, અખિશુધ્ધ એવું પંચમહાવ્રત યુક્ત સાધુપણુ પણ પાલ્યુ છે. પામ્યા છીએ એ બધાનું પાલન પણ કર્યું છે, પણ મોટી ભૂલ તેમાં એ થઈ ગઈ છે કે દરેકમાં આપણે પ્રણિધાન વગરના રહી ગયા. આ ક્રિયારૂપ ધર્મમાં વિશુધ્ધતા ન આવી, પ્રણિધાન રૂપ ભાવ ન આવ્યા.

પ્રણિધાનની મહિમા અપરંપાર છે. આત્મ કલ્યાણ માટે ભાવ પ્રાણ છે. અને અભવિનો જીવ આ પ્રણિધાનને પામી શકતો નથી માટે તે આત્મ કલ્યાણ પણ કરી શકતો નથી.

અભવિના જીવમાં ગુણો ઘણા જ હોય છે. કંઈ બધા અભવિ જીવો દુષ્ટ, ગુંડા કે દુરાચારી નથી હોતા. અભવિ જીવો બે પ્રકારના હોય છે. બધા કાંઈ દુષ્ટ જ હોય તેવો નિયમ નથી. અભવિ જીવો પણ મહાઉદાર, ક્ષમાશીલ, દયાળુ, અનાશક્ત, નિર્વિકારિતા,

સદ્‌ગુરુઓ અને સદાચારને ધારણ કરનારા હોય છે. કોઈ તેમને જનથી મારી નાંખે તો પણ તેના તરફ તેમને દ્વેષ ન આવે. દેવલોકની અપ્સરાને સામે લાવીને મૂકો તો પણ નખમાં પણ વિકાર પેદા ન થાય. મન-વચન-કાયાથી અખિનવગુપ્ત બ્રહ્મચર્યના પરિણામવાલા હોય છે. આવા જીવો પણ અભવિ હોય. આમ આપણે વિચારીએ તો તેમનામાં ગુણો કેટલા ? આવા ગુણો તો હજુ આપણે પણ પામ્યા નથી. હા, પણ એટલા માત્રથી તેઓ ઉંચા અને આપણે નીચા તેવું નથી.

સભાઃ- આપણે ભવિ છીએ તે કેવી રીતે કહેવાય ?

સાહેબજીઃ- શાસ્ત્રમાં આવે છે કે જે સિદ્ધગિરિની સ્પર્શના કરે તે ભવિ જીવ કહેવાય.

જીવોમાં ભવિ, અભવિ, જાતિભવ્ય, દુર્ભવ્ય, આસન્ન ભવિ છે. ભવ્ય અને અભવ્ય તે મુખ્ય વિભાજન છે બાકી બધા તો પેટા વિભાગો છે.

નિગોદમાંથી જે જીવ બહાર નથી નીકળતો તે જાતિભવ્ય છે. અભવિનો જીવ જે કે જેને કદી પણ આત્માના સુખની ઝાંખી ન થાય. આત્માના સુખના સ્વાદનો નમુના રુપે પણ અનુભવ ન થાય તેવા પ્રકારનું આ અભવિનું જીવદળ હોય છે. ભૌતિકતાને છોડીને તેના સુખની વ્યાખ્યા બીજે કશે જઈ શકતી જ નથી. ભૌતિકતા સાથે જ તેના સુખની વ્યાખ્યા બંધાયેલી હોય છે.

સભાઃ- પણ સાહેબજી શાસ્ત્રમાં વર્ણન આવે છે કે અભવિના જીવો પણ સભાને ડોલાવી શકે છે.

સાહેબજીઃ- હા શબ્દથી વર્ણન કરવું જુદી વસ્તુ છે. શ્રદ્ધાથી માનવું તે પણ જુદી વસ્તુ છે. અને અનુભુતિની સ્પર્શના કરવી તે પણ જુદી વસ્તુ છે.

અભવિના જીવો શ્રદ્ધા કરી શકે, સમજ શકે, ઉપદેશ પણ આપી શકે પણ તેઓ મોક્ષના સુખનો અંશથી પણ અનુભુતિમાં સ્વાદ ન લઈ શકે.

વિશ્વાસ રૂપે તેની શ્રદ્ધા હોય.

ઈચ્છા રૂપે પણ હોય પણ તેઓ મોક્ષની ઈચ્છા ઓઘથી કરે. તેઓ મોક્ષ માટેની સાધના કરે પણ તેમની શ્રદ્ધા અનુભુતિ પૂર્વકની નથી હોતી. આવા જીવો અભવ્ય ગણાય છે.

સભા:- સાહેબજી, અભવ્યનો જીવ ભવ્ય બની શકે ખરો ?

સાહેબજી:- ના; કદી પણ ત્રણકાળમાં પણ આવું બની શકે નહિ.

અભવિ કદી ભવિ ન થાય અને ભવિ કદી પણ અભવિ ન બની શકે.

સભા:- અભવિએ એવું શું પાપ કર્યું હશે ?

સાહેબજી:- આમાં પુણ્ય, પાપનો સવાલ જ નથી આવતો. ભવ્યત્વ, અને અભવ્યત્વ એક નેચર છે. તેતો પ્રકૃતિગત છે. જીવદળ જ તેવા પ્રકારનું હોય છે. જેમકે જંગલમાં ઘણા એવા પથરા હોય કે શિલ્પી તેની મસ્ત કલાકૃતિ બનાવે. જ્યારે ઘણા એવા પથરા હોય કે શિલ્પી એક ટાંકણુ મારવા જાય તો પથરો તૂટી જાય. બરિયા લાયકાતમાં જ તફાવત છે. તેમ ઘણા લાકડામાંથી ફર્નીચર સરસ બને. અને ઘણા લાકડા પર વંદો ફેરવતાં જ બટકી જાય.

આ બધી મૂળભૂત લાયકાત છે.

સભા:- લાકડુ, પત્થર એ તો બધુ પુદ્ગલ છે ને ?

સાહેબજી:- જેમ જડના ગુણધર્મો જુદા હોય છે. તેમ ચેતનના પણ ગુણધર્મો જુદા હોય છે. જીવમાત્રમાં ફેર હોય છે.

ભવ્યત્વ, અભવ્યત્વ વ્યક્તિ લેવે બદલાવ છે. મોક્ષે પણ એક સમયે કે એક રીતે જતો નથી.

મુળભુત સ્વભાવથી જ ઇશ્વરથી જ ભવ્ય અભવ્ય લેવાય છે.

પુણ્ય-પાપ એ તો જડ કર્મ છે. તેઓ સુખ દુઃખ આપવાની તાકાત ધરાવે છે. પુણ્ય-પાપ તો ભૌતિક ક્ષેત્રો અસરકારક છે.

જીવની પ્રકૃતિથી જ ભવ્ય અભવ્ય જુદા પડે છે. જેમ ઘણા દૂધમાં દહી નાંખો તો તરત સરસ મઘી જાય. અને ઘણા દુધમાં દહી નાંખો તો મળે જ નહિ. કારણ ક્વોલીટીનો તફાવત છે.

અભવિના જીવ આત્માના સુખને સમજ શકે પણ અનુભવી ન શકે. પણ આપણે ચિંતા કરવાની જરુર નથી. અભવિના જીવો ઘણા જ થોડા છે. સમગ્ર જીવ સૃષ્ટિની અપેક્ષાએ અભવિના જીવો અનંતમાં ભાગે છે.

અનંતા ભવ્ય જીવે એક અભવ્ય જીવ જુદીએ તો પણ એવરેજ ઘટે. માટે આપણે તેની ચીંતા રાખવાની જરુર નથી.

હા, પણ જે જીવો ભવ્ય છે તેને સાધના કરીને મોક્ષે જવું હોય તો તે જઇ શકે છે. પણ તમે ભવિ છો તેટલા માત્રથી તમે મોક્ષે ક્યારે પણ જશો તેવી ગેરંટી નથી.

સભા:- નિયતિના નિયમ પ્રમાણે મનુષ્યના જીવો ક્યારે પણ મોક્ષે પામશે તેવી અમારી સમજ છે.

સાહેબજી:- આ તદ્દન ખોટી વાત, ખોટી સમજ છે. નિયતિના હાથમાં કાંઇ જીવને મોક્ષે લઇ જવાનું નથી. અભવિના જીવો પણ મનુષ્ય તો બને છે. ભવ્ય પણ બધા જ મોક્ષે જશે તેવું શાસ્ત્રકારો કહેતા નથી. બાકી ભવ્ય પણ જે પુરુષાર્થથી આત્મ કલ્યાણની સાથી સાધના કરશે તે જ જીવ મોક્ષે જશે.

સભા:-

સાહેબજી:- આવું વિધાન શાસ્ત્રકારો ક્યાંય કરતા નથી. કૂર્મ

ઉપોલ કલ્પનાથી આવું બોલાય નહિં. જ્ઞાનીના વચન પ્રમાણે જ થાય. સિધ્ધિગિરિની સ્પર્શના કરે તે જ ભવ્ય જીવ ગણાય.

સભા:- અભવ્ય બીજા તીર્થોની સ્પર્શના કરે ખરા?

સાહેબજી:- હા, અભવ્યના જીવો બીજા તીર્થોની સ્પર્શના કરે.

હવે આપણે ભવ્ય છીએ માટે ધારીએ તો આત્મકલ્યાણ કરી શકીએ તેમ છીએ. ભવ્યત્વના કારણે આત્મ કલ્યાણ કરવાની અપેક્ષણીએ મળી છે.

હા જો બધા જ ભવ્ય જીવો મોક્ષે જવાના હોય તો એક દિવસ સંસારમાં એવો આવે કે કૂલ અભવિના જીવો જ સંસારમાં રહી જાય. અભવિના જીવોનું જ સંસારમાં ટોળુ રહે તેવું બનવાનુ નથી. પરંતુ કાયમ માટે ભવ્ય જીવો પણ સંસારમાં રહેવાના છે. ભવ્યમા પણ અનંતમો ભાગ જ મોક્ષે જશે. નવ્વાણુ પોઈન્ટ નવ્વાણુ ટકા ભવ્ય જીવો પણ સંસારમાં રખડતા રહેશે. કદાચ ઝીરો, ઝીરો, ઝીરો વન પોઈન્ટ પણ બોલુ તો આંકડો ઓછો પડે, માટે જો આમાં મોક્ષે જવામાં તમારે નંબર લગાડવો હોય તો ઉપદેશ સાંભળી પુરુષાર્થ કરવાનો છે.

બાકી ભવ્યત્વનો સીક્કો મળી જવાથી બાકી મુંઠે હાથ દઈને ફરો તો કાંઈ વાળે નહીં. હા, દાદાની એવી માન્યતા છે કે અમે ભવિ છીએ માટે અમારો એક દિવસ મોક્ષ નક્કી છે. અને પાછા તેમાં આવા ઈલાચીકુમાર, ભરત ચક્રવર્તી કે ચોરીમાં ફરતાં ફરતાં પણ કેવળજ્ઞાન થયેલાના દૃષ્ટાંતો સાંભળો એટલે થાય કે બસ ઔચિંતી ભાવના જાગશે અને કેવળજ્ઞાન થઈ જશે. પણ હકીકતમાં તેવુ નથી. જીવ મોક્ષમાર્ગના ક્રમસર પગથિયા ન ચઢે તો કદી પણ તેનો મોક્ષ થતો નથી.

જે જીવો નાચતાં નાચતાં કે ખાતાં ખાતાં કે અરીસા

ભવનમાં પણ પામ્યા છે. પણ તે બધાએ પણ આ ચૌદ ગુણસ્થાનક મોક્ષમાર્ગના ક્રમસર પગથિયા પાસ કર્યા જ છે. કોઇ પણ દાખલો એવો નથી કે આને પાસ કર્યા વગર જીવનો મોક્ષ થયો હોય. હા, કોઇને વધારે વાર લાગે. તો કોઈ જીવ ઝડપથી પસાર કરે.

સભા:- સ્પીડથી મોક્ષ થાય તેના માટેનું કારણ શું?

સાહેબજી:- સ્પીડ માટે અંદરથી ફોર્સ જોઈએ. તમારો તો માંદલો ધર્મ હોય છે. અંદરથી કાંઇ ધર્મ માટેનો પાવર છે. નવકાર ગણતાં ક્યારે પણ ભાવોનો ફોર્સ આવે છે ખરો? પુરુષાર્થ કે વીર્યનો ઘોધ વહે છે ખરો? કે ફક્ત બાલી સંસારમાં જ આ ફોર્સ આવે છે?

ઘણા કમ્પલેન કરતાં હોય છે કે સાહેબ નવકાર ગણીએ છીએ પણ કાંઇ અનુભવમાં આવતુ નથી. નવકારમાં તો તાકાત ઘણી જ છે. પણ તમારામાં પાણી કે પાવર નથી. કોઇ વખત અંદરથી પુરુષાર્થ જાગૃત થાય પછી આત્મા ઓછા સમયમાં દ્યેયને પામી જાય છે.

સભા:- મોક્ષે જતાં પહેલાં ચૌદમાં ગુણસ્થાનકે જીવને આવવું જ પડે?

સાહેબજી:- તમે આમ આંકડાને વળગી ન રહો. પણ ગુણ સ્થાનક તો સાઇડ ટ્રેક છે. વિકાસના ક્રમ માટે તો અગિયાર ભૂમિકા જ છે. જીવ જો સ્ટ્રેટ લાઈનમાં જાય તો તેને ૧૧ સ્ટેપ પસાર કરવા પડે.

૧ ગુણસ્થાનક ૪,૭,૮,૧૦,૧૨-૧૩-૧૪

૨જુ, ૩જુ અને ૧૧મું ગુણસ્થાનક તો સાઇડ ટ્રેક છે. બીજુ ગુણસ્થાનક તો ઉપરથી પડતાં ને આવે. અને ત્રીજુ ગુણસ્થાનક ઝોલા ખાવારને આવે. જ્યારે ૧૧મું ગુણસ્થાનક કેવું છે કે જેમ દાદર ચઢતાં માણસ જો કઠેડામાં ભરાઇ જાય તો પાછા નીકળતાં પડવું પડે. આ સાઇડ ટ્રેક છે માટે નીચે જાય.

સભા:- ૧૧માં ગુણસ્થાનકેથી જીવ કેટલે સુધી નીચે જાય?
સાહેબજી:- ઉપરથી નીચે પડતાં જો ધ્યાન ન રહે તો ઠેઠ તળીયે પણ જાય. અને જો પાછું ચઢતાં આવડે તો પાછુ ઠેઠ ઉપર પણ જીવ આવી જાય. ધ્યાન ન રહે તો ૧૧મેથી જીવ નીગોદમાં પણ પહોંચી જાય. માટે આમાં બન્ને પ્રકારના જીવો મળે.

મોક્ષમાર્ગના વિકાસક્રમમાં ૧૪ ભૂમિકામાંથી ૧૧ ભૂમિકા જ છે. છતાં પણ ૧૪ ભૂમિકા કેમ ગણાવી? આ ચૌદે ચૌદ ભૂમિકા અધ્યાત્મની ભૂમિકા છે. પછી તેમાં ૨જુ ગુણસ્થાનક હોય કે ચોથુ ગુણસ્થાનક હોય કે ૧૧મું ગુણસ્થાનક હોય. ચૌદ ગુણસ્થાનક સર્વે અધ્યાત્મની ભૂમિકા હોવાના કારણે બધી ભૂમિકાને તે માર્ગમાં વણીથી પડે. હવે જે લોકો સીધા ચડે છે તે ૧૧ માંને ટચ કરે છે. જેમ મરુદેવા માતાએ અગિયારમું ટચ કર્યું અને સડસડાટ આગળ ચાલ્યા ગયા. પણ આત્મ કલ્યાણની આ બધી ભૂમિકામાં જીવે આવવું તો પડે.

સભા:- ગુણસ્થાનકમાં આવવા દીક્ષા લેવી પડે?
સાહેબજી:- ના, ભગવાનના શાસનમાં સાધુ ,સાધ્વી સંઘ નજીકે શ્રાવક શ્રાવિકાને પણ સ્થાન છે. તમારે અત્યારે ભલે આચાર, વિચાર ન હોય કે ભૂમિકા પણ ન પામ્યા હોય. તો પણ તમે કુળથી તો શ્રાવક કહેવાઓ. પણ ભગવાનના વખતના બધા શ્રાવકો તો ભાવ શ્રાવક હતા. જે પાંચમાં ગુણસ્થાનકમાં હોય છે. બધા શ્રાવકો ગુણસ્થાનક પામેલા, અધ્યાત્મ પામેલા સ્થિર હોય છે. માટે ગુણસ્થાનકમાં આવવા દીક્ષા લેવી પડે તેવું નથી. હા, ઉપરના ગુણસ્થાનકો સાધુ માટે કીર્ણ છે. તેમાં આવવા માટે દીક્ષા લેવી પડે. પરંતુ યોગમાર્ગ કક્ષા સાધુ માટે છે તેવું નથી શ્રાવકને પણ યોગી કહ્યા છે.

તમે ભૂમિકા પામ્યા છો કે નહિ તે બધા લક્ષણો પરથી નક્કી

કરવાનું છે.

અભવ્યનો જીવ તો મોક્ષે જવાનો નથી. પણ તમે ભવ્ય છો માટે સાધના માટે સક્રિય રહેવાનું છે.

હવે મોક્ષે જવું હોય તેમાં મોક્ષમાર્ગ પહેલા ગુણસ્થાનકથી મૂક્યુ છે. તેમાં શરૂઆતમાં જ પ્રથિગ્રંથિભાવ નામના ભાવને સ્પર્શ કરવાનો છે.

મોક્ષમાર્ગની પ્રાપ્તિ પહેલાં બોર્ડર લાઇન ચરમાવર્ત છે. તેની બહારના જીવો મોક્ષમાર્ગ પામ્યા નથી. અને તેનામાં અત્યારે તેની લાયકાત પણ નથી. તે જીવો ગમે તેટલો ધર્મ કરે, સદાચાર, સદ્‌ગુણો પામે, કેળવે પણ તે ધર્મ કદીપણ તેને મોક્ષ સાધક બને નહિ. મહાપુરુષોએ આ વાત ઠોકી ઠોકીને કરી છે. પથ્થરની લકીર જેવી વાત છે. માટે ચરમાવર્ત પહેલાંનો જે પુરુષાર્થ છે તે નિષ્ફળ જ જવાનો છે. માટે આત્માએ જો આત્મ કલ્યાણ કરવું હોય તો ચરમાવર્ત પામવું જ પડે.

અનંતીવાર જીવે ધર્મ કર્યો, સદાચાર કેળવ્યા પણ બધુ નિષ્ફળ કેમ ગયુ? તો કહે છે કે જીવ ચરમાવર્ત પામ્યો નહોતો.

ચરમાવર્ત પામ્યા પછી મોક્ષમાર્ગ પામવાનો છે.

સભા:- ચરમાવર્ત પામવા જીવે શું કરવું જોઇએ?

સાહેબજી:- ગઇકાલે આના ઉપર ચર્ચા થઇ છે.

<u>ગુણનો અદ્વેષ પામ્યા વગર</u> જીવ <u>ચરમાવર્ત</u> પામી શકતો નથી ગુણનો અદ્વેષ તે ગુણના દ્વેષનો વિરોધી છે. જેનામાં ગુણનો દ્વેષ હોય તેનામાં કદીપણ ગુણનો અદ્વેષ ન હોય.

અદ્વેષ એ નેગેટીવ ટર્મ છે અને આ સ્ટેટમેન્ટ ક્યારે થાય? કે જ્યારે પોઝીટીવ કમ્પલસરી નીલ હોય ત્યારે જ થાય.

દા.ત. જેમ આ મકાનમાં માણસ છે કે નહિ?

તે વખતે જ્યાં સુધી મકાનમાં એકપણ માણસ હોય ત્યાં સુધી એમ ન કહેવાય કે મકાનમાં માણસ નથી. હા, એમ કહી શકાય કે મગનલાઈ નથી, કિશોરભાઈ નથી, કુસુમબા નથી. પણ માણસ નથી તેમ તો ન જ કહેવાય. એકપણ માણસની હાજરી મકાનમાં ન હોય તો જ એ વિધાન થાય.

તેમ એકપણ ગુણ પ્રત્યેનો દ્વેષ જીવમાં હોય ત્યાં સુધી એમ ન કહી શકો કે મારામાં ગુણનો અદ્વેષ છે. આત્માના ગુણો અનંતા છે. લાખો ને કરોડો તો ગણી શકાય તેમ છે. તેમાંથી જીવને બે ગુણ, પાંચ ગુણ, પચ્ચીસ ગુણ ગમતા હોય, ઉપરાંત અમુક ગુણો તમે પામી પણ શક્યા હોય, ખીલવી દીધા હોય, પરોવી પણ દીધા હોય, તે વખતે જીવમાં આ પરટીક્યુલર ગુણોનો રાગ પણ હોય, પણ જો ઉંડે ઉંડે પણ એક ગુણ પ્રત્યે અરુચી, કંટાળો, દ્વેષ હોય તો તમે ગુણના અદ્વેષનો દાવો કરી શકો નહિ.

સભા:- આ તો બહુ જ અઘરી વાત છે.

સાહેબજી:- તમને અઘરી વાત લાગે છે પણ આ તો એકડાનો પણ એકડો છે. તમે ધર્મ ન કરી શકો તે બની શકે, કદાચ ઓછો વત્તો પણ કરી શકો, કદાચ બહુમાન કે અનુરાગ પણ ન હોય, પણ ધર્મ પ્રત્યે દ્વેષ તો ન જ જોઈએ. ધર્મ એ ગુણ જ છે. ગુણ અને ધર્મને અભેદ છે.

આત્માનું અનંત કાળથી ભારેમાં ભારે આ જ ઝેર છે. આપણને જન્મોજન્મથી ધર્મ પ્રત્યે અણગમો, અરુચી દ્વેષ અવ્યક્ત પણે છે.

તમે કહેશો સાહેબ અમે ધર્મ કે ધર્મીની નિંદા નથી કરતાં. જે નિંદા કરે છે તેને વખોડીએ પણ છીએ. ઉલટું જે ધર્મ કરે છે તો રાજીપણ થઈએ છીએ. બીજાને ધર્મ કરવા પ્રેરણા પણ કરીએ છીએ.

હવે ખરી મુશ્કેલી ચાલુ થાય છે. જીવનમાં વિસંવાદિતા ક્યાં છે? બરાબર ધ્યાનથી સાંભળજો.

તમે જે કરો છો, જેને તમે સારું માનો છો તેના પ્રત્યે જ તમને ઊંડે ઊંડે અણગમો પડ્યો હોય છે અને માટે જ તમે હેતરાઓ છો.

તમે ધર્મને કરવા લાયક માનો છો, ધર્મ જોઈને આનંદીત પણ થાઓ છો. ગુરુકીયલ તમને મળે તો તમે ખુશ થાઓ કે નાખુશ થાઓ? ના, વ્યક્તિગત વાંધો નથી લેવાનો.

તમને કદાચ રસ્તે જતાં ખબર પડે કે આ માણસ બહુ જ પરોપકારી છે, તપસ્વી છે, અપરિગ્રહી છે. પછી ભલે તે વ્યક્તિ X.Y.Z હોય છતાં પણ તમને આ સાંભળી તેના પ્રત્યે ઘૃણા નથી થતી. સાદગુડતાથી તેના વખાણ કરો છો, આપમેળે રાજી થાઓ છો માટે તમે ગુરુકીયલના પ્રશંસક છો. જે તમારી વાઈટ સાઈડ છે. તે તો કરીદા જ. ગુરુકીયલ જોઈને તમે રાજી થનારા છો.

<u>તમને ગુરુકીયલ ગમે તેટલા માત્રથી ગુણ ગમે છે</u>
<u>તેવું નથી.</u>

આપણે ગુરુકીયલ જોઈને રાજી થઈએ છીએ માટે આપણને ગુણ ગમે છે આ અવલોકન પૃથ્થકરણ એ આપણી અજ્ઞાનતા છે. ગુરુકીયલ ગમે તેટલા માત્રથી ગુણ ગમે તેવું ઘોરણ નથી. કુર્ગુણી નથી ગમતાં તેટલા માત્રથી ગુણ ગમે છે તેવું નથી.

નવ્વાણુ પોઈન્ટ નવ્વાણુ ટકા જીવોને ગુરુકીયલ તો ગમવાના જ. બધા જીવોને સારા વ્યવહારની જ અપેક્ષા હોય છે. તમારા તરફ કોઈ સારો વ્યવહાર કરે તે ગમે કે ખરાબ વ્યવહાર કરે તે ગમે?

લુચ્ચા માણસને પણ સરળ મળે તો ગમે.

જુઠ્ઠા માણસને પણ સાચો માણસ પોતાને મળે તો ગમે. અપ્રમાણીક માણસને પણ જે તેની સામે અપ્રમાણીક મળે તો ગમે કે પ્રમાણીક મળે તો ગમે? એટલા માત્રથી તેને પ્રમાણીકતા ગમે છે તેવું નથી.

સલા:- સારા જીવોની અનુમોદના કરીએ તો ગુણો આવે!

સાહેબજી:- તમે કયા ભાવથી અનુમોદના કરો છો તેના પર આધાર રાખે છે. ઘણી વખત સારાની અનુમોદના કરવાથી આપણી છાપ સારાની પડે. માટે પણ કરાતી હોય છે. ઘણી વખત સાંભળ્યું હોય છે કે સારાની અનુમોદના કરવાથી પુણ્ય બંધાય માટે પણ કરાતી હોય છે.

તમે અમને સારા માનો છો ને? માટે જ અમને વંદન કરો છો, પગે લાગો છો, ખમાસમણા આપો છો, અમારા તરફ અહોભાવ વ્યક્ત કરો છો માટે તમે અમને સારા માનો છો. પણ અમારી પાસે જે સાધનપણું છે જેના કારણે તમે આ બધુ કરો છો ને તમને જોઇએ છે?

જેમ કોઇ કરોડનું દાન કરે તો તેના તમે વખાણ કરી લો, પણ દાન કરવાનું આવે તો ગમે ખરુ? ગુણની અનુમોદના કરી તે કાંઇ ગુણની અભિલાષા નથી. તમને ગુણીયલનો રાગ છે પણ ગુણનો રાગ નથી.

ગુણનો રાગ તે જુદી વસ્તુ છે. આ બધુ જે કરાય છે તે ઔપચારિક છે. સાચી અનુમોદના નથી. સંસારમાં લગભગ જીવોની આજ પરિસ્થિતિ છે.

જેમ ચત્વારે ખેરનાર છે. તેને તમે પ્રમાણીક ઓફીસર તરીકે વધાવા તૈયાર છો. પણ તમારા જીવનમાં પ્રમાણીકતા

અપનાવવા તૈયાર છો ? જેમ ભ્રષ્ટાચાર સામે મોરચો કરવાનો હશે તો બધા તૈયાર પણ તમારા જીવનમાંથી ભ્રષ્ટાચાર કાઢવા તૈયાર છો ?

સભા:- કથી પ્રમાણીકતાની હોય તો જ પ્રમાણીકને વધાવીએ ને ?

સાહેબજુ:- ના તેવું નથી. પ્રમાણીક માણસ તમારી તરફ સારુ વર્તન કરે છે માટે ગમે છે. ત્યાં અપ્રમાણીક માણસ નથી ગમતો. માટે પ્રમાણીકતા ગમે છે તેવું નથી. જેને પ્રમાણીકતા ગમતી હોય અને છતાં તે પ્રમાણીકતાને ન અપનાવી શકતો હોય તેવું બને પણ તેને તેના જીવનમાં તેની કેટલી હોય ? પોતે નથી અપનાવી શકતો તેને પોતાની નબળાઇ ગણતો હોય. તે કાંઇ અપ્રમાણીક થઇને મુંઝે હાથ દઇને કરતો હોય ? લોકોને પ્રમાણીકતા નથી જોઇતી પણ પ્રમાણીક માણસ જોઇએ છે.

સભા:- પ્રમાણીકતા ગમે તો પ્રમાણીક માણસ ગમે ને ?

સાહેબજુ:- ના તેવું નથી. ગુંડાને પણ સજ્જન માણસ જ ગમતો હોય છે. જુઠ્ઠાને પણ સાચો મળે તો વધારે ફાવે કે સામે જુઠ્ઠો જ મળે તો ફાવે ?

લુચ્ચાને ભોળો મળે તો ફાવે કે લુચ્ચો મળે તો ફાવે ?

સભા:- લુચ્ચાને ભોળો મળે તો કહાય તે સુધરી જાય

સાહેબજુ:- હૃદય પરિવર્તન થાય તો સુધરે. નહીંતર તો ભોળાને ડબ્બલ લૂંટી લે. તમારા હૃદયમાં જ્યાં સુધી અપીલ નથી થતી ત્યાં સુધી જીવનો ટર્નીંગ પોઇન્ટ આવતો નથી. તેના માટે તો હૃદય પરિવર્તન અનીવાર્ય છે.

સજ્જન ગમે છતાં સજ્જનતા ગમે તેવું નથી. જરા આંત્માને પૂછજો સદાચારી ગમે છે કે સદાચાર ગમે છે.

ગુણ ગમવા જુદી વસ્તુ છે - ગુણીયલ ગમવા જુદી વસ્તુ છે.

વિચારજો જીવનમાં તમારી ડીમાન્ડ શું?
બીજા તરફથી અપેક્ષા શું?

કોઈને પણ સામે ક્રોધ કરે તો ગમતું નથી. તે વખતે તો તે ક્ષમા રાખે તેજ ગમે છે. દુષ્ટને પણ દુષ્ટ ગમતાં નથી. માટે તપાસ જે ગુણ સારા લાગે છે કે નહિ?

સભા:- ચોક્કસ ગુણ સારા લાગે છે

સાહેબજી:- વિચારી, તોલી તોલીને બોલજો. ફરી ના જતાં.

જે વ્યક્તિને જે વસ્તુ સારી લાગતી હોય તે મેળવવાની તેને ઇચ્છા થયા વગર રહે ખરી? રસ્તે જતાં મોટર સારી લાગે તો તે મળે તો રાજુ ખરા કે નહી? હા, મળે તેવી ત્રેવડ ન હોય તો ચુપચાપ બેસી રહો. સંસારમાં પણ વિચારજો કે એક નમુનો એવો છે કે જે વસ્તુ ગમી હોય તે મેળવવાની ઇચ્છા ન થઇ હોય?

જો ગુણ સારા લાગતા હોય તો સતત ગુણની અભિલાષા હોય, તલપ હોય. જેવા પૈસા મેળવવાની તલપ છે તેવી ગુણો મેળવવાની તલપ ખરી? બધુ બોલવું સહેલુ છે પણ અપનાવવું મુશ્કેલ છે.

પ્રણિધાન મનનું પાયામાંથી પરિવર્તન માંગે છે. અનંત કાળથી મન જે દિશામાં ગોઠવાયેલુ છે તેમાંથી કાઢીને આ પ્રણિધાનમાં ગોઠવવાનું છે. માટે પ્રણિધાનને અમે પાયો કહીએ છીએ. જેમ પાયા વગરનું મકાન નક્કામું છે તેમ પ્રણિધાન વગરનો ધર્મ પાયા વગરનો છે. માટે જ મહાપુરુષો કહે છે કે પ્રણિધાનને પામો.

તમારી દરેક ક્રિયામાં પ્રણિધાન છે કે નહીં?

સભા:- પ્રણિધાનને અપૂર્વ કહી શકાય?

સાહેબજી:- હા, ચોક્કસ કહી શકાય. અનંત કાળથી જીવ જે નથી પામી શક્યો તેને પામે તો અપૂર્વ કહી શકાય. માટે તે તત્ત્વથી અપૂર્વ જ છે. મોક્ષમાર્ગ પામવાના બધા ભાવો અપૂર્વ જ કહી શકાય. તેમાંથી

અમુક અપૂર્વકરણ બોલાય છે. તે વિશેષ છે બાકી ક્રમસર ન પામેલા અપૂર્વ ભાવો જ છે. જેમ તેને પામતાં જાઓ તેમ મોક્ષ પર ચઢાણ થતું જાય છે.

ગુણનો દ્વેષ એ જો જીવ સાવચેત રહે તો તેને પામવું સહેલામાં સહેલું છે.

બધા ધર્મ પ્રત્યે દ્વેષ ન જોઈએ. ગુણ પ્રત્યે દ્વેષ ન જોઈએ. ગુણ પ્રત્યે રાગ ન હોય તો ચાલે, ઇચ્છા ન હોય તો ચાલે, આચરણ ન હોય તો ચાલે, પણ દ્વેષ તો ન જ જોઈએ.

જો દ્વેષ રાખીને ધર્મ કરે તો તે ધર્મ રૂપે કઈ રીતે? પરમાત્માની ભક્તિ દ્વેષ રાખીને કરો તો તે ભક્તિ કઈ રીતે રૂપે? તે કેમ ન રૂપે? તો કહે છે કે તમારા અંદરમાં દ્વેષનું ઝેર પડેલું છે. માટે પરમાત્માની પ્રીતિ દ્વેષરહિત જોઈએ.

સભા:- એકપણ ગુણ પ્રત્યે દ્વેષ હોય તો ચરમાવર્ત થયો ને?

સાહેબજી:- હા, બરાબર છે.

સભા:- અમારામાં કેટલા રાગદ્વેષ ભરેલા છે.

સાહેબજી:- તેની પંચાત અત્યારે ક્યાં કરો છો? તમારા મનના બધા રાગદ્વેષ તૂટે પછી જ ચરમાવર્ત આવે તેવું નથી. દુનિયામાં ગમે તે વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે રાગદ્વેષ હોય પણ ગુણ પ્રત્યે તો દ્વેષ ન જ જોઈએ. એટલી જ વાત છે. તમે બધા વીતરાગ છો? તે તો ૧૨માં ગુણસ્થાનકે આવશો. તે તો ઉપર છે. આ તો આપણે તળેટીની વાત કરીએ છીએ. આ તો પ્રાથમિક ધર્મની વાત છે. બધા દ્વેષ ન કાઢી શકો તે બને પણ ગુણનો દ્વેષ તો ન જ જોઈએ.

જગતમાં જે પણ સારું છે તે બધું ગુણરૂપ જ છે. જો તેને જ તમે કાઢી નાંખો તો આ સંસારમાં કાંઈ સારું લાગે ખરું?

સંસારમાં જે રહેવા જેવું લાગે છે. તેનું કારણ સદ્‌ગુરુનો જ છે. જો બધા જ ગુંડા બની જાય તો તમે ઘરમાં રહી શકો ખરા? માટે જે છે તે ગુરુને જ આભારી છે. માટે સારુ તત્વ છે તે ગુરુરુપ જ છે. તેથી તેનો તો દ્વેષ ન જ જોઇએ.

અનુબંધની દૃષ્ટીએ આના જેવું કોઇ પાપ નથી. હિંસા જેટલી ભયંકર નથી તેટલો અહિંસા પ્રત્યેનો દ્વેષ ભયંકર છે. અસત્ય જેટલું ભયંકર નથી તેના કરતાં સત્ય પ્રત્યેનો દ્વેષ ભયંકર છે. આ બધાને કાઢ્યા વગર જીવ ચરમાવર્તને પામી શકતો નથી.

સભા:- ચરમાવર્ત કાળ એટલે એક પુદ્‌ગલ પરાવર્ત?

સાહેબજી:- હા, એક પુદ્‌ગલ પરાવર્ત કાળ, જીવ આજ સુધી જેટલું રખડ્યો છે તેની અપેક્ષાએ આ કાળ સમુદ્રના બિંદુ જેટલું છે.

સભા:- જે જીવ ચરમાવર્તમાં આવી ગયો તેનો મોક્ષ ક્યારે થાય?

સાહેબજી:- જો જીવ પુરુષાર્થ જલદી કરે તો તેનો મોક્ષ ઘણો વહેલો થાય. જો પુરુષાર્થ વધારે ન કરે તો એક પુદ્‌ગલ પરાવર્ત કાળમાં તો પુરુષાર્થ પ્રમાણો મોક્ષ થાય. પુરુષાર્થ ઉંધો કરે તો પુદ્‌ગલ પરાવર્ત કાળમાં વધારે ભટકે.

ચરમાવર્તમાં જીવ આવે એટલે તેનો સંસાર જે અત્યાર સુધી અનલીમીટેડ હતો તે લીમીટમાં આવી ગયો. મોક્ષ વહેલો મોડો થાય પણ ચરમાવર્તની રેન્જની બહાર તો નહીં જ થાય.

સભા:- એક જીવ ચરમાવર્તમાં આવી ગયો છે અને બીજો જીવ જે ચરમાવર્તની બહાર છે તો તેનો મોક્ષ પેલાં કરતાં વહેલો થાય?

સાહેબજી:- હા, બની શકે. કોઇ સ્પીડ વધારે તો થાય ખરા. જેમ એક માણસ ગાડીમાં જતો હોય અને એક ચાલતો હોય. પણ ગાડીવાળો જો અટકી જાય અને પેલાને કોઇ વાહન મળી જાય તો, તે તેનો રસ્તો આગળ નીકળી જાય.

આગળ નીકળેલ પાછળ રહી જાડે છે. બધો ગતી પર આધાર છે. મહાવીર તીર્થંકરને જનમ જનમની સાધનાથી મોક્ષ થયો છે. જ્યારે દૃઢપ્રહારી ૬ મહિનામાં મોક્ષે ગયા છે. દૃઢપ્રહારી પાપથી ભારે છે તો પણ ૬ મહિનામાં મઝલ કાપી દીધી જ્યારે પ્રભુ મહાવીરે ૧૨॥ વર્ષની સાધના કરી છે. બધામાં સ્પીડ ઉપર આધાર છે, આપણા જૈન શાસનમાં કોઇની મોનોપોલી નથી.

ચરમાવર્તમાં નહી આવેલ જીવનું ભાવિ નેગેટીવ છે. જ્યારે ચરમાવર્તમાં આવેલ જીવનું ભાવિ નિશ્ચિંત થઇ ગયુ છે. જે અત્યાર સુધી જીવનું પરિભ્રમણ ચાલુ હતું અને ભવિષ્યમાં પણ જેની સીમા નહોતી તેમાં જીવ જે ચરમાવર્તમાં આવે એટલે તેના પરિભ્રમણની સીમા આવી જાય છે.

સભા:- ચરમાવર્તમાં આવેલ જીવને ગુણનો દ્વેષ આવી જાડે?

સાહેબજી:- હા, પણ જે તેના રીઝર્વ બેનીફીટ છે તે જવાના નથી.

મોક્ષમાર્ગની ભૂમિકા પામો તેના

તાત્કાલીક લાભ જુદા

દૂરના " " અને

રીઝર્વ " " હોય છે.

જેમ મિથ્યાત્વમાંથી સમકીતને પામો એટલે તાત્કાલીક આત્માનું સુખ મળે, આંતરિક ગુણો મળે, મનની શાંતિનો અનુભવ થાય. આ બધા તાત્કાલીક ફળ છે. પહેલાં આ મળે છે. અને લાંબા ગાળાના ફળમાં સમ્યગ્ દૃષ્ટી આત્માને ચોવીસે કલાક નિર્જરા ચાલુ હોય, પુણ્યનો બંધ ચાલુ હોય, ગમે તેવા પાપ કરે તો પણ પાપ બે ટકા જ બંધાય. અને પુણ્ય જે બંધાય તે પુણ્યાનુબંધી પુણ્ય જ બંધાય. આ બધા લાંબા ગાળાના લાભો છે.

સભા:- ૧૧માં ગુણસ્થાનકથી જીવો નિગોદ પણ ગયાને?

સાહેબજી:- ૧૧મેથી લાખ ચટ્યા હોય પણ એક પડી ગયો હોય તેને તમે પકડી રાખો છો. આ ૧૧માની ઉંચી વાતો છે. મોટે ભાગે ૧૧મું પામ્યા પછી પડતો નથી. જેમ સમકીતનો સ્વાદ જે જીવે ચાખ્યો હોય તે જીવ તે સ્વાદને મૂકવા તૈયાર કેમ થાય? એક વાનગી તમને ભાવી ગઈ તો આવાની છોડો ખરા? દરરોજ ખાવાની ત્રેવડ ન હોય તો યાદ તો કરો જ.

સમકીતને અપ્રતિપાતિ ગુણ કહ્યો છે તે જવલેજ પડે. અને પડે તો તેને નિકાચીત કર્મ જ પાડે. સમકીતીને પાડનાર એક જ નિકાચીત કર્મ છે. તે નિકાચીત મિથ્યાત્વ મોહનીય કર્મ છે.

સભા:- શ્રેણીક મહારાજ સમકીત પામીને પણ નરકમાં ગયાં?

સાહેબજી:- શ્રેણીક મહારાજ સમકીતથી પડ્યા નથી. પણ સમકીત પામતાં પહેલાં તેમને નરકનું આયુષ્ય બાંધી દીધુ છે માટે ગયા છે.

જેમ તમને કોઈ ધંધામાં ગેરંટી સાથે કમાણી જ હોય, ક્યારે પણ ડાઉનટ્રેંડ ન આવે તેવા ધંધાની લાઈન તમારા હાથમાં આવી ગઈ હોય પણ જો પહેલાં તમે ૫૦ લાખનું નુકસાન કર્યું હોય તે આ લાઈન મળ્યા પછી ચૂકવવું પડે. તો શું એમ કહેવાય કે આ લાઈનમાં તમે નુકશાન કરો છો? કે આ લાઈનને ગુમાવો છો? સમકીતીની દુર્ગતી થાય તો તેની ભૂતકાળની ભૂલથી જ થાય છે. નિકાચીત કર્મથી જ તે પડે છે.

॥ યોગવિંશીકા ॥

૧૪-૭-૯૫ પ્રણિધાન ગોવાળિયા ટેંક
શુક્રવાર
અષાડ વદ બીજ

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્ર સંસારના પ્રણિધાનનો ત્યાગ કરી મુક્તિના પ્રણિધાનને પ્રાપ્ત કરે તેના માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ અનંત કાળથી આપણો આત્મા સંસારના પ્રણિધાનથી રખડ્યા કરે છે. અને આજ પ્રણિધાન આત્માને મોક્ષના પ્રણિધાનમાં અવરોધક બને છે. ધર્મના ક્ષેત્રમાં પ્રણિધાનને પામવા માટે મનની દિશા બદલવી જ પડે. પંરતુ આપણે તે બદલી નથી શકતાં તેમા નડનર ક્યાં છે ? તો મહાપુરુષો કહે છે કે અનંત અનંત કાળથી

આત્માને સ્વદોષનો ગાઢ રાગ છે. અને
આત્માને સ્વગુણો પ્રત્યે દ્વેષ છે.

આજ આપણને બીજના ગુણો ગમતાં હોય છે. પરંતુ જાત માટે કેમ મન નથી થતું ? તેમ બીજના દોષ આપણને ગમતાં નથી છતાં આપણા દોષો પ્રત્યે ગાઢ રાગ છે. આ દુનિયામાં દુર્જનો આપણને ગમતા નથી છતાં દુર્જનો પ્રત્યે રાગ છે. સદ્‌ગુરુ પર રાગ છે. છતાં ગુરુનો પરનો દ્વેષ જતો નથી. અનંત અનંત કાળથી આત્મા આ ઉંધી કડી પકડીને બેઠો છે. અને આજ મિથ્યાત્વ ભાવમાં ભારે આત્મા માટેનું ઝેર છે. મિથ્યાત્વની મૂળ જડ આજ છે. મિથ્યાત્વના આધાર રુપ સ્તંભ

સ્વદોષ પ્રત્યે ગાઢ રાગ અને
સ્વગુણ પ્રત્યે ગાઢ દ્વેષ

અનંત કાળથી આ ઉભી થયેલી ગાંઠ છે. આ ૮૪ લાખ જીવાયોની

વાળા સંસારમાં જીવ ગમે તેટલો સારો બને, સદ્‌ગુરુનો કેળવે પણ આ ગાંઠના કારણે જ જીવ સંસારની ચુંગાલમાંથી નીકળી શકતો નથી. તેનાથી જ સંસારનું ચક્ર ચાલે છે. આપણું પરીભ્રમણ આત્મા પર લાગેલા કર્મના કારણે જ છે. આમ તો એક કર્મ સતત આત્મા પર રહેતું નથી. પણ કર્મોનો પ્રવાહ આત્મા પર ચાલુ જ છે. જો કર્મનો બંધ પ્રવાહ રૂપે અટકે તો જ આત્મા પરથી કર્મનો સ્ટોક ખાલી થાય. કર્મનો બંધ આત્મા પર ૨૪ કલાક ચાલુ છે. પ્રતિક્ષણ સાત કર્મ બંધાયા જ કરે છે. એક આયુષ્ય કર્મ જ એકવાર બંધાય છે. મેઈન ૮ કર્મ છે પણ આમ પેટાભેદ અસંખ્ય છે. બધા કર્મોની અસર જુદી જુદી હોય છે. જેમકે

જ્ઞાનાવરણીય કર્મ બુધ્ધુ બનાવે
મોહનીય કર્મ મોહના આવેગો ઉત્પન્ન કરે
અંતરાય કર્મ તમને અશક્ત બનાવે.

કર્મોની અસરો જુદી છે. પંણ જેટલા કર્મ છે તેના બંધનું કારણ તો એક જ છે. કર્મોનો ઉદય જુદો છે. અસરો જુદી છે. હવે આ આઠે કર્મોના બંધનું કારણ મોહ છે. જેના મનમાં મોહ છે તેને આઠે કર્મ બંધાય છે. આ કર્મો બંધાય છે તેમાં જવાબદાર તત્વ મોહનો પરિણામ જ છે. નિર્મોહીને નવા કર્મોનો બંધ આવતો નથી. તેમને તો જુના કર્મો ખપાવવાના હોય છે. આપણને બંધ ચાલુ છે, કારણકે આપણા મનમાં મોહ પડ્યો છે. હવે વિચારવાનું કે

મોહનું મૂળ ક્યાં છે? તેનું ઉત્પત્તિ, ઉદ્‌ગમ સ્થાન ક્યું છે?
જો કોઈ તેનું પોષક તત્વ કે તેની જડ હોય તો તે મિથ્યાત્વ છે.

આઠે કર્મોમાં મોહનીય કર્મ બળવંતર છે. મોહનું બળ વળ મિથ્યાત્વ છે. જેમ ઝાડને લીલુછમ રાખવાની તાકાત તેના મુળીયામાં હોય છે. જો ઝાડના મુળીયા તૂટી ગયા હોય તો તે ઝાડ કરમાયા વગર રહે

જ નહીં. તેમ મોહને લીલોછમ રાખવાનું ખરું બળ આ મિથ્યાત્વ છે. જેના પણ મનમાંથી મિથ્યાત્વ મર્યું છે, તેનો મોહ જીવતો છતાં મરેલો છે. આમ સમ્યગ્ દૃષ્ટીને પણ મોહ ભરેલો હોય છે. પણ તેમનો મોહ મરેલો હોય છે. તેના મનમાં મોહની અસરો છે, મોહના પરિણામો છે, આવેગો રૂપે મોહ જાગે છે, પણ આ બધો તેમનો મોહ કેવો ? તો મહાપુરુષો કહે છે કે તે મોહ તેના આત્માને જોખમકારી કે નુકસાન કરનારો નથી. કારણ તેના મનમાંથી મોહનું જે બળ મિથ્યાત્વ છે, તે ટળી ગયું છે.

અઢારે પાપસ્થાનકમાં મિથ્યાત્વને ભારેમાં ભારે કીધું છે. તેમાં તેને છેલ્લે કેમ મુક્યુ છે ? કારણ તે બધા પાપોનો બાપ છે.

શંકા:- અવિરતિ એ મિથ્યાત્વના કારણે હોય છે ?

સાહેબજી:- ના, અવિરતિ તો ચારિત્ર મોહનીયનો વિપાક છે. જ્યારે મિથ્યાત્વ દર્શન મોહનીયનો વિપાક છે. સમ્યગ્દૃષ્ટીને અવિરતિ દાબી હોય છે.

પાપનો વિરામ એટલે વિરતિ
પાપનો અવિરામ એટલે અવિરતિ.

જેના જીવનમાં પાપ ચાલુ છે તે અવિરતિ છે.

સર્વ પાપોનો વિરામ તે સર્વવિરતિ
અંશથી પાપોનો વિરામ તે દેશવિરતિ
પાપોનો અવિરામ તે અવિરતિ છે.

અવિરતિ એ ચારિત્ર મોહનીયનો વિપાક છે, મિથ્યાત્વ એ દર્શન મોહનીયનો વિપાક છે. હવે દર્શન મોહનીયનું કામ શું ? તે તમારી દૃષ્ટીને વિકૃત કરે. સમજણ બગાડે, બુધ્ધી બગાડે, અનુભવ

બગાડે. જેની બુદ્ધી બગડી તેનું બધુ જ બગડે, તેવું તમારા સંસારમાં પણ કહેવાનું હોય છે. ગીતામાં પણ કહ્યુ છે કે જેનો વિવેક નાશ પામ્યો તેનું પતન શરૂ છે. હા, જેનામાં વિવેક હોય પણ કદાચ તેનું પતન થાય તો પણ તેનું ઉત્થાન નિશ્ચિંત છે સમકીતમાં વિવેકનો મહિમા ઘણો છે. અધ્યાત્મના ક્ષેત્રમાં વિવેકને સમકીત કહેવાય છે. જેનામાં તત્વ વિવેક ખામીવાળો હોય તે મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. હવે ફરી વિચારીએ.

<u>કર્મ બંધનું મૂળ મોહ</u>
<u>મોહનું મુળ મિથ્યાત્વ</u>

અને આ જડની પણ જડ કોણ? જેનાથી આ સંસારનું સર્જન આપણા આત્મા પર થયું છે. મહાપુરુષોએ નિદાન કર્યું છે કે અનંત કાળથી જીવને <u>સ્વદોષનો રાગ અને</u>
<u>સ્વગુણનો દ્વેષ છે.</u>

આજ આત્મા અનંત કાળથી ધારણ કરીને ફરી રહ્યો છે. આ બધી વાત તમે જો ઉંડે ઉંડેથી વિચારશો તો ચોક્કસ સાચી લાગશે. જેમકે

કોઈ દુષ્ટ, લંપટ, ગુંડો, નાલાયક આપણા સંપર્કમાં આવશે તો ગમશે ખરુ? એ વખતે તો એમ થશે કે આવા ક્યાં ભટકાયા. દુર્જનો જોઈને આપણો રાજી થઈએ તેવું આપણુ માનસ નથી. છતાં આપણા દુર્જનો પ્રત્યે રાગ છે, પક્ષપાત છે. જેમ સદ્‌ગુણી, સજ્જન, પરોપકારી, ઉદાર કોઈપણ જોઈએ તો આપણુ હૈયુ રાજી થાય, તેની પ્રશંસા પણ કરી લઈએ, તેના તરફ બહુમાન પણ થાય. પણ આજ ગુણો અપનાવાના આવે તો ગમતા નથી.

આપણા દોષ પ્રત્યે રાગ છે. પણ તેજ દોષો જો બીજામાં જોઈએ તો તેના તરફ અભાવ થાય છે આ બધાનું કારણ શું?

સભા:- સાહેબ અમને અમારા દોષ દેખાતા જ નથી.

સાહેબજી:- તે એક તમારી દૃષ્ટીનો અંધાપો છે. ચલો આપણે તે કબુલ કરી લઈએ. પણ તમે કોઈ દિવસ તેને જોવા માટે પ્રયત્ન કર્યો છે? પ્રમાણીકતાથી જો પ્રયત્ન કરો તો અમુક દોષો તો દેખાય જ. સાવજ દોષોને ન જોઈ શકો તેવો અંધાપો તો નથી. દોષ દેખાય ત્યાં ભૂલ છે તે દેખાય કે ત્યાં તમારો તે દોષ તરફ પક્ષપાત, રાગ, કચી, બચાવ થાય. કોઈ આપણો દોષ સજ્જનતાથી બતાવે ત્યારે પણ શું થાય? બચાવ જ કરો ને?

સ્વદોષનો પક્ષપાત હોય, બચાવ હોય, સમર્થન હોય, આગ્રહ હોય, તો તમારા માટે ગુણનો અદ્વેષ શક્ય જ નથી. આના પર ગઈકાલે પણ વિચારી ગયા છીએ.

આપણે જે પ્રણિધાનનું વર્ણન કરી રહ્યા છીએ તેમાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સાહેબ તેના લક્ષણોમાં અદ્વેષની વાત કરી છે. તે હીન ગુણનો અદ્વેષ.

જેના આત્મામાં હીનગુણનો અદ્વેષ આવે તેને પ્રણિધાન ચાલુ થાય. પણ તે ત્રીજુ સ્ટેપ છે.

અદ્વેષના પણ સ્ટેપો છે. યોગમાર્ગમાં ક્રમસર અદ્વેષ પામવાના છે. સૌથી પહેલાં

ગુણનો અદ્વેષ પછી
મુક્તિનો અદ્વેષ "
હીન ગુણીનો અદ્વેષ પછી
અધિક ગુણીનો અદ્વેષ પછી
નિર્ગુણી કે દુર્ગુણીનો અદ્વેષ આવે પછી
અપરાધી પ્રત્યેનો અદ્વેષ આવે પછી
દુઃખનો અદ્વેષ આવે.

દુઃખનો અદ્વેષ આવે તે સ્થિતપ્રજ્ઞની ભૂમિકા પામે. પછી દોષનો

અલેષ આવે તે સમતાની ભૂમિકા પામે.

અલેષની પણ એક પ્રક્રિયા હોય છે. જે ક્રમસર પામવાના છે. આ બધાનું વિવેચન બહુ જ માંગે તેવું છે.

સભા:- અમને તો આ બધા શબ્દોના અર્થ પણ ખબર નથી.

સાહેબજી:- બધાના અર્થ વિસ્તાર માંગે તેવા છે. માટે પ્રસંગે લઈશું.

આત્મ કલ્યાણનો માર્ગ એ જનમજનમની જબરદસ્ત સાધના છે. તીર્થંકર જેવા આત્માઓ પણ એક ભવમાં પામી જતાં નથી. ભવોભવની સાધના છે. માટે ક્રમસર પામવાનું છે આ એક સાંકળ છે.

સભા:- ગુણનો અલેષ અને મુક્તિનો અલેષ એક જ?

સાહેબજી:- ના, બન્નેમાં ઘણો જ ફેર આવશે. સામાન્ય ગુણ પ્રત્યે પણ જે લેષ હોય તે મુક્તિના અલેષનો તો વિચાર પણ ન કરી શકે. મુક્તિના અલેષમાં તો વૈરાગ્ય જોઈએ. ગુણના અલેષમાં વૈરાગ્યની જરૂર નથી.

મોક્ષ માર્ગની ભૂમિકામાં નીચે ઉપરનું અનુસંધાન હોય છે. જેમ બીજે પગથીયે જવા માટે ત્રીજુ પગથીયુ પસાર કરવું પડે. તેને ટચ કર્યા વગર ઉપર જવાય નહીં.

સભા:- કોઈક કુદકો મારે તો?

સાહેબજી:- હા, કુદકો મારે તો પણ તેને હાઈટ તો સર કરવી જ પડે. જેમ કોઈ સીડી ચઢે તેમાં કોઈ એક એક પગથિયું ચઢે, કોઈ બે કોઈ ચાર પગથીયા ચઢે પણ ચારવાળાને પણ હાઈટ તો એક, બે, ત્રણ, ચારની સર કરવી જ પડે. એક પગથિયાની ઉંચાઈ સર કર્યા વગર બીજા પગથિયે જવાય નહીં. તેમ ઘણા

પહેલાં ગુણસ્થાનકથી સીધા સાતમે જાય તો પણ તે તે અધ્યાત્મની ભૂમિકાના ગુણો તેને પામવા જ પડે. જેમ ૧૦૦માં ૫૦ સમાઈ જાય છે તેમ ઉપરની ભૂમિકામાં નીચેની સમાઈ જાય છે.

છતાં નીચેના ગુણોનો વિકાસ ન કર્યો હોય તેવું ન બને. તેમ

પહેલાં અદ્વેષ પછી જ
બીજો " આવશે. પછી જ
ત્રીજો " આવશે.

જેને પણ મોક્ષે જવું હોય તેને સર્વજ્ઞ બનવું પડે. સર્વજ્ઞ વીતરાગ બન્યા વગર થવાય નહીં. વીતરાગ સર્વ કષાયોથી મુક્ત થવા વગર થવાય નહીં. વીતરાગ એટલે પરમાત્મા.

વીતરાગતાએ પહોંચવા પણ કષાયોના ત્યાગનો ક્રમ છે. જે કોઈ નીચેના કષાયોનો ત્યાગ કર્યા વગર ઉપરના કષાયોનો ત્યાગ કરવાનો પુરુષાર્થ કરે તો તે ફેઈલ થાય. સૌથી પહેલાં

અપ્રશસ્ત કષાય છોડવાના છે. પછી જ
પ્રશસ્ત કષાય છોડવાના છે.

પ્રશસ્તમાં પણ પહેલાં સાવદ્ય પ્રશસ્ત કષાય છોડવાના પછી નિરવદ્ય કષાય છોડવાના

નિરવદ્યમાં પણ વ્યક્ત, અવ્યક્ત છોડવાના આવશે. આ ઘણુ મોટુ તત્વ છે.

ધર્મના ક્ષેત્રમાં અગડમ્બ, બંગડમની વાત નથી. બધી વાતો તર્કબદ્ધ, અનુભવ સિદ્ધ વાતો છે. પ્રયોગ સિદ્ધ વાતો છે. આવા સચોટ શાસ્ત્રો દુનિયામાં જૈન શાસન સિવાય કશે જ મળશે નહીં.

હવે મારે

ગુણના અદ્વેષ અને
મુક્તિના અદ્વેષને જુદા પાડવા છે. ગઈકાલે આપણે ગુણના અદ્વેષ માટે થોડું વિચારી ગયા છીએ.

અદ્વેષ એટલે શું ? એ પણ ગુણ પ્રત્યે દ્વેષ હોય તો તે અદ્વેષ કહેવાતો નથી.

તમામ ગુણો પ્રત્યેના દ્વેષનો પરિહાર માંગે છે.
" " " " અભાવ માંગે છે.
કોઇ પણ ગુણ પ્રત્યે દ્વેષ હોય તો તમે પહેલી ડીક્ષામાંથી ડ્રોપ્સલ થઇ ગયા છો. ચરમાવર્તમાં આવી શકાય નહીં. પછી ભલે તમારામાં ગુણો ગમે તેટલા હોય. જેમકે અમે સાધુ છીએ, પંચ મહાવ્રત પાળીએ છીએ. ક્ષમાશીલ છીએ, તપ-ત્યાગ, સંયમ, મૈત્રી બધું જ પાળતા હોઇએ પણ જો અમારામાં પણ કોઇ ગુણ પ્રત્યે દ્વેષ હોય તો અમારો નંબર પણ ચરમાવર્તમાં નથી. હા એ ધર્મ દ્વારા પુણ્યબંધનું કારણ બને: પરંતુ આત્મ કલ્યાણ ન કરે.

પ્રણિધાન એ બોડકો છે. પ્રણિધાન વગર બોડકા વગરના મીંડા બરાબર છે. બોડકા સાથેના મીંડાની કિંમત હોય, હા પાછુ તમે ઉંધુ નહીં સમજતા. કે તમે જે જીવનમાં ધર્મ, સદાચાર, પાળો છો તે બરાબર નથી. પણ પ્રણિધાન વગર તેની કિંમત બોડકાં વગરના મીંડા બરાબર છે. જો બોડકો સાથે હોય તો બાજ મીંડાની (ધર્મની) કિંમત વધી જાય છે. તમે જેમ વધારે વિકાસ કરો તેમ અમે રાજ છીએ. અમે તમારા ધર્મને ડ્રોપ્સલ કરવાની વાત કરતાં નથી. નેગેટીવ કોમ્પ્રોમાઇસ લેતા નહીં. પણ પ્રણિધાન જો જોઇએ, પાયો છે.

પ્રણિધાન વગર કરાતી આરાધના દ્રવ્ય ક્રિયા છે. દ્રવ્યક્રિયા બે પ્રકારની હોય છે.

(૧) ઇચ્છિત ફળને આપનારી દ્રવ્ય ક્રિયા
(૨) જે વાવા, વાવા પણ મોક્ષનું સાધન ન બને તેવી દ્રવ્ય ક્રિયા. જે તુચ્છ છે. પ્રણિધાન વગરની ક્રિયા આવી હોય છે. જે ભાવ ક્રિયા નથી બનતી. ભાવ ક્રિયાનું સાધન પણ નથી બનતી.

હા, સમ્યગ્દૃષ્ટીવાળા જીવો પ્રણિધાનવાળા હોય છે. પરંતુ તેમની ક્રિયા પણ ભાવ ક્રિયા નથી બનતી. જેમ કૃષ્ણમહારાજા તપ-ત્યાગ કરતાં

છતાં તેમની ક્રિયાને પણ દ્રવ્યક્રિયા કહી છે. શ્રેણીક મહારાજ ચાવિહાર આદિ કરે તો પણ તેમની ક્રિયા દ્રવ્ય ક્રિયા કહી છે.

સભા:- એવું સાંભળ્યુ છે શ્રેણીકમહારાજા નવકારવાળી પણ નહોતાં કરતાં.

સાહેબજી:- ના, આ બધી ખોટી વાતો છે. હા, તેઓ ભાવક્રિયા નહોતાં કરી શકતાં. બાકી ક્રિયાઓ તો કરતાં હતાં. આ વાતોને લોકોએ ઉંધી રીતે લીધી છે. શ્રેણીકરાજા પ્રભુના પરમ ભક્ત છે. તેમને અભિગ્રહ છે. તેઓ સવારે ઉઠે એટલે પહેલાં સેવકોને તપાસ કરવા મોકલે, પ્રભુ મહાવીરની સુખ શાતા પુછીને સેવકો આવે. તેમની સ્વસ્થતાનો સંદેશો મળે પછી જ હૃદયથી જે દિશામાં પ્રભુ વિચરતાં હોય તે દિશામાં નમસ્કાર કરે, મોતીના સાથિયા પુરે, ચૈત્યવંદન આદિ કરે, પછી જ મોંમાં પાણી નાખતાં. શું આવા શ્રેણીક નવકારવાળી ન કરતાં હોય, ઘણી વખત તો પ્રભુ તેમનાથી ૫૦૦ માઇલ પણ દૂર હોય.

સભા:- અભિગ્રહ અને પચ્ચખાણમાં તો ફેર ને?

સાહેબજી:- અભિગ્રહ વગર પચ્ચખાણ થાય ખરુ? પચ્ચખાણ ન લે તો પણ માનસીક સંકલ્પ હોય તો વિરતિ આવી જાય. પચ્ચખાણ લો પણ વિરતિનો પરીણામ ન હોય તો લાભ નથી. હાથ ન જોડવા માત્રથી લાભ નથી? શું શ્રેણીકરાજાને હાથ જોડવામાં દુઃખાવો થતો હતો? પચ્ચખાણ લે તો જ વિરતિ આવે? મરુદેવી માતા, ઇલાચીકુમાર, ભરત મહારાજા ક્યાં પચ્ચખાણ લેવા ગયા હતા. વગર પચ્ચખાણે પણ પાપની વિરતિ આવી શકે છે.

સભા:- તો છ આવશ્યકમાં પચ્ચખાણ કેમ?

સાહેબજી:- તમે ઉંધુ સમજ્યા છો. હું પણ પચ્ચખાણનો હિમાયતી છું. અમે પણ પચ્ચખાણ લઇએ છીએ. ભાવને પામવા પચ્ચખાણ એ

અમોઘ સાધન છે. પાપના ત્યાગ માટે સંકલ્પ બધ્ધ થવું હોય તો પચ્ચખાણ જેવું આલંબન નથી. તે મહિમાવંત છે. પરંતુ શાસ્ત્રમાં ક્યાંય એવું નથી કે પચ્ચખાણ લો તો જ વિરતિ અને ન લો તો અવિરતિ. હકીકતમાં કૃષ્ણ મહારાજ પચ્ચખાણ લેતા હતા. જ્યારે દ્વારિકામાં નેમીનાથ પ્રભુ સમોવસર્યા છે ત્યારે આખા નગર સાથે રાજ દેવના સાંભળવા ગયા છે. તે વખતે ચોમાસાની સીઝન છે. ત્યારે ગમનાગમનથી કેટલી હિંસા થાય ? માટે તેઓ પ્રભુ પાસે પચ્ચખાણ લે છે કે "મારે ચાર મહિના દ્વારિકાની બહાર જવું નહીં. વાસુદેવ હતા છતાં પણ કહે છે રાજસભા ભરવી નહીં. ૧૬ હજાર રાજા રસાલા સાથે રાજસભામાં આવે તો તેના નિમિત્તે કેટલી જીવહિંસા થાય? મારે રાજસભા ભરવી નહીં આવું પચ્ચખાણ લે છે અને પ્રાણ સાટે પાળે છે. છતાં ભાવથી વિરતિ નહોતા પામ્યા. સાયિક સમકીતના સ્વામી છે. તીર્થંકરનો આત્મા છે. ભગવાનનો ઉપદેશ પામેલા, ગીતાર્થ શ્રાવક છે. આટલુ જ્ઞાન છે. તેઓ જ્ઞાની, પ્રાજ્ઞ, ભક્ત હોવા છતાં પણ તેમની દ્રવ્ય ક્રિયાઓ જ રહી.

સભા:- દ્રવ્યક્રિયા ભાવક્રિયા ક્યારે થાય?

સાહેબજી:- તે આગળ આવશે. પ્રણિધાન પૂર્વક કરાતી ક્રિયા પણ ભાવક્રિયા નથી.

ભાવક્રિયા જુદી
ભાવપૂર્વકની ક્રિયા જુદી

પ્રણિધાન વગરની ક્રિયા ભાવક્રિયા નથી કે ભાવક્રિયાનું સાધન પણ નથી. પ્રણિધાનવાળો ધર્મ ભાવક્રિયાનું સાધન બનશે. ભાવક્રિયા ક્યારે આવે? પ્રવૃત્તિ નામનો આશય આવે ત્યારે. આ બધા શાસ્ત્રીય શબ્દો અઘરા લાગે છે ને? પણ જેમ જેમ ધ્યાનથી આગળ સાંભળશો તો બધુ સમજશો.

પ્રણિધાનમાં જવા માટે ત્રીજા અદ્વેષે પહોંચવું પડે. માટે તે પહેલાં, પહેલો બીજો અદ્વેષ પામવો પડે. પહેલો અદ્વેષ પામી એટલે ચરમાવર્તમાં આવો. જેમ ટ્રેન સ્ટેશનથી ઉપડે ત્યારે જો ગ્રીન સીગ્નલ ન હોય તો શું થાય? જેને આત્મ કલ્યાણ કરવું હોય તેને ચરમાવર્ત ગ્રીન સીગ્નલ રૂપ છે. હવે જે જીવ પુરુષાર્થ કરશે તે આત્મ કલ્યાણનું કારણ બનશે. પહેલાંનો ધર્મ જે આત્મ-કલ્યાણકારક નથી બનતો. તેમાં કારણ અંદર ઝેર પડ્યું છે. મગનું પાણી પણ ક્યારે પોષણ આપે? જો હોજરી ચોખ્ખી હોય તો. તેમ જેનામાં ગુણની દ્વેષ અને દોષની રાગ આ ઝેર પડ્યું છે. તે તેને નુકસાન કારક બને છે. આ ઝેર કાતીલ છે. જે કાઢવા જેવું જ છે. અનંત કાળથી આત્મા આ ઝેરને કાઢી નથી નાખ્યો.

સભા:-ગુણ કયા લેવાના?

સાહેબજી:- સામાજીક ગુણો, ધાર્મિક સદ્‌ગુણો, અધ્યાત્મીક સદ્‌ગુણો આ બધાને ગુણોમાં સંગ્રહીત કરેલ છે. માટે બધા જ ગુણ લેવાના.

દૃષ્ટાંત- એક વ્યક્તિને ઉદારતા ગુણ પ્રત્યે દ્વેષ છે તે કેમ નષ્ટી થાય?

ઉદારતા એ ગુણ છે. હવે જેને તેનો વિરોધી દોષ-લોભ, કંજુસાઇ ગમતી હોય. પોતાની કંજુસાઇ લેવાની છે. બીજાની કંજુસાઇ તો કોઇને ગમતી હોતી નથી. બધાને ઉદાર માણસો જ ગમે છે. કંજુસ તો તમને ઘસારો જ આપે ને? તે તમારો ઉપયોગ કરે કે તમને ઉપયોગી થાય? હવે અહિંયા મુશ્કેલી ક્યાં નડે છે કે પોતાની કંજુસાઇ ગમે છે. કારણ મનમાં પડ્યુ છે કે જો ઉદાર બનશું તો લુંટાઇ જશું. લોકો ઉલ્લુ કાઢી લેશે. કેમ બરાબર ને? ઉદારતા એ લુંટાવાનું સાધન દેખાય છે ને? કંજુસાઇમાં તમારી તમને સલામતી દેખાય છે. તમારુ બધુ ટકી

રહે ત્યારે ? આમ સાચવો તો ને ! બલ્કીમેટલી ઉંડે ઉંડે તમને કંજુસાઇમાં લાભ દેખાય છે. અને ઉદારતામાં નુકશાન દેખાય છે.

કોઇ દાનેશ્વરી મળે તો તેને હારતોરા પહેરાવો, વખાણ કરો, પણ અંદરમાં ત્યારે શું હોય ? પોતાને ઉદાર બનવાની ઇચ્છા નથી તમે કહેશો કે હું ઉદાર માણસની અનુમોદના કરું છું તેની નિંદા નથી કરતો.

સભા:- તે સાહેબજી ગુણ જ કહેવાય ને ?

સાહેબજી:- આ સમીકરણ માંગે તેવો વિષય છે.

અનુમોદના, વખાણ કેમ કરો છો ? કોના કરો છો ? જે તમને અનુકુળ થાય તેવો હોય તેના ને ? સાઇકોલોજી શું છે તે વિચારજો.

પોતાની કૃપણતાના ભાવ પર રાગ છે. તે જીવને ખટકતું નથી. દોષ ઉપરનો રાગ જ તેના વિરોધી ગુણ ઉપર દ્વેષ પેદા કરે છે. ગુણ ઉપર દ્વેષ કરવો એટલે કાંઇ આખો દિવસ ગુણીને ભાંડવા, નિંદા કરવી તેવું નથી. ગુણના દ્વેષનું પોષક તત્વ હોય તો સ્વદોષ પ્રત્યેનો ગાઢ રાગ છે. સ્વ-દોષનો રાગ છે તેને તેના વિરોધી ગુણ પ્રત્યે અદ્વેષ આવે જ નહીં.

ક્રોધ એ દોષ છે. તેનો વિરોધી ગુણ ક્ષમા છે. હવે કોઇ આપણા પર ગુસ્સે થાય તો આપણને ગમતું નથી. ભલો માણસ કદાચ સારા માટે પણ આ રીતે વાત કરે તો ગમે ખરું ? બીજના ક્રોધ માત્ર પ્રત્યે અણગમો છે. બીજનો ક્રોધ નથી ગમતો પણ આપણો ક્રોધ ખટકે છે ખરો ? કોઇ સજ્જન માણસ સમજાવે તો પણ તે વખતે તમારી ભૂલનો સ્વીકાર કરો કે તમારા દોષને સમર્થન આપો ? બચાવ કરો. તમારા સ્વદોષને સારા તરીકે ખપાવવાના જ તમે આગ્રહી છો તો તેના વિરોધી ગુણ પ્રત્યે દ્વેષ છે જ. ભલભલા સાધક આત્મા પણ ઉંધામાં ઉંધો પુરુષાર્થ કરતાં હોય પણ જો આ પહેલી કડી જ ચૂકી ગયા હોય તો બધુ નિષ્ફળ છે.

ગુણ એ ધર્મ છે
દોષ એ અધર્મ છે

હવે ધર્મ જ દોષ સાથે કરે તો તે ધર્મની વેલ્યુ કેટલી? જેમકે ઘણા પ્રભુની ભક્તિ મન મૂકીને કરતાં હોય, પ્રભુને જોઈને હૈયું નાચતું હોય, તેમને જોઈને ગાંડા ગાંડા થઈ જતાં હોય પણ એજ વીતરાગ પ્રત્યે તેમનામાં અવ્યક્ત દ્વેષ પડેલો હોય છે. જેની ભક્તિ કરતાં તેને પામેલા ગુણો પ્રત્યે દ્વેષ હોય તો તે ભક્તિ સફળ કેટલી થાય. તમે અમારા પગ દાબો, અમને વંદન કરો, વૈયાવચ્ચ કરો પણ જે સાધુતા પ્રત્યે જ અરુચી હોય તો આ બધુ સફળ કેમ થાય?

ગુણ ઓછાવત્તા કેળવો તો ચાલે, તેનો રાગ, તમન્ના-અભિલાષા ન હોય તો ચાલે, પણ ગુણોનો અણગમો તો ન જ જોઈએ. અને જો આ હોય તો તેને જૈન શાસનમાં સ્થાન નથી. આત્મીક દૃષ્ટીએ તે ઝીરોમાં છે.

સભા:- ભક્તિ કરે છે એટલે ટાઈમ તો સારા વિચારમાં છે!

સાહેબજી:- હા, એટલો ટાઈમ સારા વિચાર કરે છે, સદ્‌ગુણો કેળવે છે. પણ તેનાથી તેને દ્રવ્ય પુણ્ય બંધાય છે. પણ આત્મ કલ્યાણ ન થાય. આ પુણ્યથી ભવાંતરમાં થોડી સામગ્રી મળે, ભૌતિક સગવડ મળે, તે પછી ભોગવીને સંસારમાં ફરે. દ્રઢ ન મળે તેવું નથી. પણ તેનાથી આત્મ કલ્યાણ થશે જ તેવું નથી. જેમ નાસ્તીક માણસ આત્મા, પુણ્ય, પાપ, પરલોક નથી માનતો. જો આત્માની વાત આવે તો ઠેકડી ઉડાડે. પણ તે પ્રમાણીક માણસ છે. જીવનમાં કોઈ લાખ રુપિયા આપે તો પણ જુઠુ ન બોલે. તો આ ગુણથી તેને પુણ્ય બંધાય. પણ તેનું આત્મ કલ્યાણ તો ન થાય.

સભા:- પણ આનાથી ધીરે ધીરે તો ઉદ્ધાર થાય ને?

સાહેબજી:- આ રીતે થાય તેવું મગજમાં ક્યાંથી બેસી ગયું છે? શું

તમારે દિલ્હી જવું હોય ને તમે ગમે તે રસ્તે ચાલો તો શું દિલ્હી પહોંચી જવાના? એ રસ્તો ચાલે ખરો?

સભા:- દુનિયા ગોળ છે.

સાહેબજી:- કહેવાનું તાત્પર્ય શું છે કે દિશા તો નક્કી કરવી જ પડે.

તીર્થંકરના આત્માએ નયસારના ભવ પહેલાં ઘણી વખત સદ્‌ગુરુઓ ભેળવ્યા, ધર્મ આરાધના કરી છતાં પણ તેનાથી તેમનું પણ આત્મ કલ્યાણ ન થયું.

આત્મ કલ્યાણનું સાધન બને તેવા ગુણ કયા અને આત્મ કલ્યાણનું સાધન ન બને તેવા ગુણ કયા. અધ્યાત્મના ક્ષેત્રમાં આત્મ કલ્યાણનું સાધન ન બને તેવા ગુણોની કિંમત નથી.

સભા:- તેનાથી સદ્‌ગતિ તો મળે ને?

સાહેબજી:- હા, તેનાથી એક વન મોર ચાન્સ મળે. જેમ આ ભવમાં પણ એવો ચાન્સ પામ્યો છે. એટલે શું તે પામી ગયો? ભવાંતરમાં સામગ્રી મળશે પણ તેનાથી આગળ રીઝલ્ટ નક્કી નથી. અમે તો તમને વાસ્તવીકતા કહીએ છીએ. કોઇને અમારે ભ્રમમાં રાખવા નથી. તમે જે ધર્મ કરો છો તે આત્મ કલ્યાણનું કારણ બને તેવી ગેરંટી તો લેવી જ જોઇએ ને? બજારમાં તમે કોઈ વસ્તુના પૂરા પૈસા આપો તો પહેલાં ગેરંટી માંગો કે નહીં? અમે તો સાફ શબ્દોમાં તમે જે ધર્મ કરો છો તેનું ઓછું ફળ પણ નથી બતાવતાં, અને વધારે ફળ પણ નથી બતાવતા. વાસ્તવીક પરીણામનો વિચાર કરો.

દેરાસર આવે અને દર્શન કરે તેટલાથી નક્કી જ ઉદ્ધાર થાય તો, અભવિ, દુર્ભવિ ભારે કર્મી પણ દર્શન કરવા આવે છે. આપણો પણ એવો ધર્મ કર્યો છે છતાં ઉદ્ધાર નથી થયો. માટે એકાંતે તો એવું ન જ કહેવાય. હા, તે આવે છે તો તેને કયારે પણ તક ઉભી થશે. સાધુ પાસે આવે છે આરાધના કરે છે તો તેને સ્કોપ છે જ્યારે

જે નથી જ આવતો, આરાધના નથી કરતો તેને તો સ્કોપ નથી. પણ આવે એટલે તરત જ તેવું તો ન જ બોલાય. અને તેવું કરીએ તો ખોટુ વિધાન કર્યું કહેવાય.

સામાયિક, પ્રતિક્રમણ કરે છે તેટલા માત્રથી મોક્ષ નક્કી થશે તેવુ ન કહેવાય. હા, હોટલમાં રખડે છે તેને સ્કોપ નથી. અહિંયા તેને પામવાની તક છે. કારણ સારા સારા નિમિત્તો અહિંયા છે. એનો અર્થ એમ નહીં કે નિમિત્તો મળવાથી પામી જ જશે. પરંતુ જે નિમિત્તો ઝીલે તે પામી જાય. અનંતી વાર આત્મા નિમિત્તો પામ્યો છે. પણ તે બધા ફોગટ ગયા છે. કોઇ એવુ નથી કે પ્રભુની દેશના સાક્ષાત ન સાંભળી હોય. આવા નિમિત્ત પણ ફેલ ગયા છે.

પ્રણિધાન વગરના બધા ધર્મ માટે આપણે થોડકી મૂકી શકીએ. તમને ગુણનો અદ્વેષ સમજાઇ ગયો હશે ? હવે મુક્તિનો અદ્વેષ આવશે. પછી હીનગુણનો અદ્વેષ આવશે.

હીન ગુણનો અદ્વેષ એટલે તમારા કરતાં જે નીચલી ભૂમિકામાં હોય તેના પ્રત્યે અદ્વેષ. પ્રણિધાન પામવા માટે આ ત્રણે સ્ટેપ પહોંચવાનું છે.

ઘરે જઇને મંથન કરજો કે "કયા દોષ પ્રત્યે મને આગ્રહ છે. હું સમર્થન કરવાવાળો છુ. દોષોનો પક્ષપાત છે ? અને આ દોષોના કદાગ્રહના કારણે જ હું તેના વિરોધી ગુણોનો અદ્વેષ ચૂકી જઇશ. વરાવર પ્રમાણિકતાથી મંથન કરજો. જો હું આ પહેલી કડીમાં ગોઠવાઇશ તો જ ચરમાવર્તમાં આવીશ."

॥ પ.પૂ. શ્રી યુગલુખના વિજયજ સદ્‌ગુરુભ્યો નમઃ॥

૨૭-૭-૯૫ ॥ યોગવિંશીકા॥
સોમવાર
અષાડ વદ પંચમ પ્રણિધાન ગોવાપિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને આત્માના અનુપમ સુખની ઉપલબ્ધી કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ જગતના જીવો ભૌતિક સુખને જ સર્વસ્વ માને છે. ભૌતિક સુખમાં જ તેમની સુખની વ્યાખ્યા બંધાઈ છે. અને આ સુખ સિવાયની નવી દૃષ્ટિ આપવા માટે જ્ઞાની ભગવંતો અધ્યાત્મની વાત કરે છે. અધ્યાત્મીક સુખ એ જુદી ક્વોલીટીનું સુખ છે. અલૌકિકતાને ધારણ કરવાવાળું સુખ છે.

મહાપુરુષોએ ભૌતિક સુખ અને અધ્યાત્મીક સુખની જબરદસ્ત તુલના કરી છે. ભૌતિક સુખમાં શું ખામી છે, અને અધ્યાત્મીક સુખમાં શું વિશેષતા છે. તેનું વર્ણન કર્યું છે. બન્ને સુખનું વર્ણન કરીએ તેમાં તમને જે સુખ ગમે તે તમે જાતે અપનાવો.

જો અધ્યાત્મીક સુખને પામવું હોય તો યોગમાર્ગમાં જોડાવું જ પડે. આજ દિવસ સુધી જેટલા પણ અધ્યાત્મીક સુખને પામ્યા છે. તે યોગી બનીને જ પામ્યા છે.

<u>સંસાર આખો ભોગમાં સુખ માને છે. જ્યારે યોગી ભોગના ત્યાગ સાથે અનુપમ સુખને પામે છે.</u>

હવે યોગમાં પ્રવેશ કરવાનું દ્વાર ક્યાંથી છે?

તો મહાપુરુષો કહે છે કે જીવને અચરમાવર્તમાંથી ચરમાવર્તમાં આવવું પડે. ચરમાવર્તમાં આવવા માટે કઈ વસ્તુ આત્મામાં ખીલવવી પડે?

ગુણનો અદ્વેષ ખીલવવો પડે.

તેના વગર ભાવથી ચરમાવર્ત આવતું નથી. જે આત્મા ગુણનો અદ્વેષ પામી જાય તે આત્માને ચરમાવર્ત પામવાની ગેરંટી મહાપુરુષો આપે

છે. તમે કઇ કક્ષા પામ્યા છો તેનો વિચાર કરજો.

અધ્યાત્મીક સુખ માટે આત્મ વિશ્વાસવાળો જ ધર્મ જરુરી છે. ધર્મ કરતાં ખાત્રી હોવી જોઇએ કે આનાથી આટલુ મળ્યુ છે, આટલુ પામું છુ. અને આગળ આટલું પામીશ. આવા આત્મ વિશ્વાસ સાથેના ધર્મને જ જ્ઞાનીઓ ધર્મ કહે છે. જેમાં તમને ખાત્રી ખરી કે આપણો આટલું પામ્યા છીએ ? અને આટલુ પામવાનું બાકી છે. ઘણાની સ્થિતિ તો કેવી છે કે શું મેળવ્યુ તેની પણ ખબર નથી. અને શું બાકી છે તે પણ ખબર નથી. તેના માટે કસોટીમાં જાતને તપાસો.

હવે જેને દોષ પ્રત્યે ગાઢ રાગ છે તે હાવો ન કરી શકે કે તેને ગુણનો અદ્વેષ છે. જ્યાં પણ રાગ છે ત્યાં તેના વિરોધી ગુણ પ્રત્યે દ્વેષ છે જ. રાગ-દ્વેષ એકબીજા સાથે સંકળાયેલા છે. જેના પર રાગ છે તેની વિરોધી વસ્તુ પર દ્વેષ અવશ્ય છે. તમે ઘુંઘાપુઘા થાઓ તો જ દ્વેષ આવ્યો તેવું નથી.

જેમ દીકરા પર રાગ છે તો તેના બધા દુશ્મન પર દ્વેષ થવાનો જ. સંપત્તિ પર જેને રાગ છે, તેને સંપત્તિ લૂંટનાર પ્રત્યે દ્વેષ રહેવાનો જ. રાગ-દ્વેષ એ સિક્કાની બે બાજુ છે. બન્ને સાઇડ સાથે જ રહેવાની. બન્ને સાઇડને નામ જે આપવું હોય તે આપો, પણ તેનું કીરાકનેકશન કાપ્યુ નથી.

તેમ અઢિયા રાગ-દ્વેષ વિરોધી સાથે ચુંથાયેલા રહેવાના.

<u>ગુણ અને દોષ પરસ્પર વિરોધી તત્વો છે.</u>

ગુણ અનંતા છે તેમ દોષ પણ અનંતા છે. દુર્ગુણો આત્મામાં જ પ્રગટે છે. જડમાં દુર્ગુણને પ્રગટવાનો સવાલ જ નથી.

ક્રોધ એ દુર્ગુણ છે. ક્રોધ ચેતનમાં જ પ્રગટવાનો સંભવીત છે. જડમાં ક્રોધને થવાની સંભાવના જ નથી. જેમ પથરાને કાંઇ ક્રોધ થવાનો નથી. ટેબલને કાંઇ ક્રોધ આવવાનો નથી.

ક્રોધ એ આત્માનો વિકાર છે. હા, જડના નિમિત્તથી પેદા થયેલો છે. ક્રોધમાં વિકૃત ચેતના ભળી છે. વિકૃત ચેતના જેની ન હોય તેને રાગ, વિકારો થાય જ નથી, મારે આ બધાને આત્માના વિકારો કહ્યા છે. કામ, ક્રોધ, રાગ આદિની બધાને આત્માના વિકાર કહ્યા છે. જડના વિકાર કહ્યા નથી. જડમાં વિકારો થતાં નથી અને થવાના પણ નથી.

આજે ઘણાં એકાંતવાદી બોલતાં હોય છે

આ બધા પર પર્યાય છે. ચેતના તો નિર્વિકારી છે. આ બધા પુદ્ગલના ભાવો છે. જો પુદ્ગલના ભાવો હોય તો ભીંતને પણ ક્રોધ આવવો જોઈએ ને? એકાંતવાદીઓને આવો ભ્રમ થાય છે.

ક્રોધ પુદ્ગલના ભાવ છે. મારા આત્માને તેની સાથે કાંઈ લેવાદેવા નથી. આત્મા શુદ્ધ, બુદ્ધ, નિરંજન નિરાકાર છે. આ જૂત તમારામાં ન ભરાઈ જાય તો જો જો.

શું ક્રોધ કોઈ દિવસ જડમાં પેદા થાય છે. કપડાંને ફાડી નાંખો તો શું ગુસ્સે થશે? તેને ઈસ્ત્રી ટાઈટ કરીને મુકો તો શું રાજી થશે? માટે બોડલા જડના આ ભાવો માને તે અધુરા છે.

જ્યારે અશુદ્ધ ચેતના હોય ત્યારે આવા વિકારો જન્મે છે. ક્રોધ એ આત્માનું મુળભુત સ્વરૂપ નથી. પરંતુ વિકૃત સ્વરૂપ છે.

હકીકતમાં અશુભ ભાવો આત્મામાં થાય છે. શુભાશુભ ભાવો આત્મામાં થાય છે. બધા ભાવ ચેતનમાં જ થાય છે.

આત્માનો પ્રાકૃતિક સ્વભાવ ક્ષમા છે, પણ વિકૃત સ્વભાવ ક્રોધ છે. ક્રોધ ક્યાં પેદા થાય છે? દેહમાં કે આત્મામાં? હા, ક્રોધના કારણે શરીર લાલચોળ બને, પણ ક્રોધ ઉત્પન્ન તો આત્મામાં જ થાય છે.

માટે ચેતનાના શુદ્ધ પર્યાય, અશુદ્ધ પર્યાય જડમાં આરોપીત ન થાય. ગુણ અને દોષ બન્ને આત્માના ભાવ છે. ગુણ એ પ્રાકૃત ભાવ

છે. જ્યારે દોષ એ વિકૃત ભાવ છે.

હવે આગળ જોઈએ.

જેને પણ દોષ ગમે છે તેને તેના વિરોધી તત્વ પ્રત્યે દ્વેષ આવે જ. માટે સાવધાની ક્યાં રાખવાની કે હજુ દોષ હોય તો થાસે પણ તે દોષ ગમવો તો ન જ જોઈએ. જેને દોષમાં મન આવે, સમર્થન, આગ્રહ, પક્ષપાત હોય તો તે તેટલા અંશમાં ગુણનો દ્વેષ છે.

સભા:- વીતરાગતામાં દોષ હોય?

સાહેબજી:- વીતરાગતા ૧૨માં ગુણસ્થાનકે આવે છે. ત્યારે આત્મામાં ઘણા દોષ પડ્યા હોય છે. સર્વ દોષોથી મુક્તિ તો સિદ્ધ ભગવંતોને જ છે. જે પણ મોક્ષે નથી ગયા તેમાં કોઈકને કોઈક દોષ પડ્યો જ હોય છે.

સભા:- સાહેબજી, એકાદ દાખલો આપો.

સાહેબજી:- જુઓ વીતરાગતા ૧૨માં ગુણસ્થાનકે આવી ત્યારે આત્મામાં અનંતુ અજ્ઞાન પડ્યુ છે. તે વખતે આત્મા ૪ જ્ઞાનના ધણી, ૧૪ પૂર્વધર હોય છતાં કેવળજ્ઞાનની અપેક્ષાએ તે જ્ઞાન બીંદુ જેટલું છે, અને અજ્ઞાન સાગર જેટલું હોય છે. હા, આ અજ્ઞાન તેમને કાંઈ નડવાનું નથી.

માટે કયા દોષ નુકશાનકારી અને કયા દોષ ભારી તેનું વર્ગીકરણ કરવું પડે. વીતરાગ થયા પછી દોષ ખરી પડવાના છે. માટે અજ્ઞાન જોખમ નથી. અજ્ઞાનથી કાંઈ જ્ઞાનાવરણીય કર્મ બંધાતું નથી. જ્ઞાનાવરણીય કર્મ વિકૃતીથી બંધાય છે.

તમને આખી દુનિયામાં કેટલાનું અજ્ઞાન હોય છે? પણ તેનાથી કાંઈ આત્માને નુકશાન થાય છે? જેમકે આ કીડીનું દર છે. તેમાં કેટલી કીડી રહે છે? કેટલી જુવે છે? કેટલી કીડી મરે છે? શું આ ન જાણો તેની આત્મા સાથે કાંઈ લેવા દેવા?

આત્મ કલ્યાણને ઉપયોગી જ્ઞાન વીતરાગને હોય છે. જ્ઞાનાવરણીયનો બંધ મોહ છે ત્યાં સુધી જ હોય છે. મોહ ગયો એટલે કર્મબંધ ગયો. અને જે બંધાયેલા કર્મ છે. તે તૂટી જવાના. પણ એમ તો ન જ કહેવાય કે વીતરાગતામાં દોષ નથી.

૧૩માં ગુણસ્થાનકે રહેલા કેવળીને પણ અધુરા કહ્યા છે. તેમને પણ શારીરીક સંતાપ, આધિ-વ્યાધિ ઉપાધી છે. એમનામાં પણ પૂર્ણતા નથી. અરિહંતની દશા પણ પૂર્ણતામાં સ્વીકારી નથી. ફક્ત સિદ્ધદશા જ પૂર્ણતામાં સ્વીકારી છે. અરિહંતો સિધ્ધ કરતાં બીક સ્ટેપ નીચે છે. માટે બન્ને દશામાં તફાવત છે.

નમો અરિહંતાણં } આ બન્નેમાં શું તફાવત છે
નમો સિધ્ધાણં }

અરિહંત આ ભૂમિકામાં છે સિધ્ધ આ ભૂમિકામાં છે. પરંતુ તેમના સ્વરૂપનો તમને બોધ નથી માટે જ ગોટાળા થાય છે. બન્નેમાં બહુ જ તફાવત છે.

નવકારનો અર્થ આપ્યો ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે નવકારમાં પંચ પરમેષ્ઠિ લખ્યો છે તે કયા ક્રમથી લખ્યા છે ?

ઉપરથી નીચેના ક્રમે લખ્યા છે કે
નીચેથી ઉપરના ક્રમે લખ્યા છે કે
વચ્ચેના ક્રમે લખ્યા છે?

જો તમે નીચેના ક્રમથી ઉપરના ક્રમે લખ્યા હોય તો પહેલાં
નમો લોએ સવ્વસાહૂણં આવે પછી
નમો ઉવજ્ઝાયાણં આવે પછી
નમો આયરિયાણં આવે એમ આગળ ક્રમ આવે.

અને જો ઉપરથી નીચે ક્રમ લો તો પહેલાં
નમો સિધ્ધાણં આવે
નમો અરિહંતાણં આવે પછી

નમો આયરિયાણં આવે એમ આગળ ક્રમ આવે.
અને જે વચ્ચેથી ક્રમ લીધો હોય તો પહેલાં
નમો આયરિયાણં આવે પછી આગળ ક્રમ આવે.
પણ તમે તો કાંઇ ઇદમવૃત્તીયમ લીધું છે.

ત્યારે જવાબ આપ્યો કે તમારી વાત સાચી છે પહેલાં ઉપરથી નીચે જવું જોઇએ. કારણ પૂજન પહેલાં સર્વ શ્રેષ્ઠનું હોય છે. પરંતુ અહિંયા ક્રમ ઉલ્ટા છે કારણ .....

અરિહંતને વિશેષ મહત્વ આપવા, તેમની પૂજ્યતા વિશેષ છે. તે ઉપસાવવા માટે આ ક્રમ લીધો છે.

અરિહંતની ભૂમિકા શ્રેષ્ઠ નથી. પણ સિધ્ધની ભૂમિકા શ્રેષ્ઠ છે.

સભા:- અરિહંતો મોક્ષે ન જાય ?

સાહેબજી:- અરિહંતોને મોક્ષે જવાનું બાકી છે. પણ તે જાય જ. અહિંયા ભાવ અરિહંત લઉ છું.
જ્યારે તેઓ સદેહે વિચરતાં હોય, સમોવસરણમાં ૩૪ અતિશયોની લક્ષ્મી સાથે જગતને ઉપદેશ આપતાં હોય તે ભાવ અરિહંત છે. સીમંધર સ્વામી વગેરે ભાવ અરિહંત છે. મહાવીરસ્વામી ભાવ અરિહંત નથી. તે દ્રવ્યથી છે.

સભા:- ભગવાન અરિહંત થાય જ ને ?

સાહેબજી:- જેટલા પણ કેવળજ્ઞાન પામે તેને વીતરાગ તો થવું પડે. સર્વજ્ઞ દશાની પ્રાપ્તિ વીતરાગતાને પામ્યા પછી જ આવે. પરંતુ સર્વજ્ઞ થયા એટલે કાંઇ બધા કર્મ ખપી ગયા તેવું નથી. અરિહંતે ચાર ઘાતી કર્મ ખપાવ્યા છે પણ અઘાતી ચાર કર્મ ખપાવવાના હજુ બાકી છે. સિધ્ધોએ સર્વ કર્મોનો ક્ષય કર્યો છે. અરિહંતોને ઇન્દ્રિયોના બંધનથી મુક્ત થવાનું છે.

સભા:- અરિહંત ફરીવાર જન્મ લે ?

સાદેબજુ:- જરુરી નથી. તેઓ એજ જન્મમાં સાધના પૂરી કરશે. જે વ્યક્તિ એજ ભવમાં સમાપ્તી ન કરી શકે તેને જ જન્મ લેવો પડે. બાકી જન્માન્તર પ્રાપ્તિનો સવાલ જ આવતો નથી. અરિહંતો એજ ભવમાં સાધના પૂરી કરશે પણ અરિહંત છે ત્યાં સુધી સાધના બાકી છે.

જેમ પ્રભુ મહાવીર ચાર ઘાતીકર્મ ખપાવી સર્વજ્ઞ, સર્વદર્શી થઈ વિચરે છે ત્યારે ગોશાળાએ તેજો લેશ્યા મૂકી છે. બીજા કેવળજ્ઞાન પામે પછી ઉપસર્ગ આવી શકે. પણ તીર્થંકરને પ્રાયે કરીને ઉપસર્ગ ન આવે. મહાવીર પ્રભુને અપવાદ તરીકે ઉપસર્ગ આવ્યો છે. તેજો લેશ્યાને ઉપસર્ગ જ ગણ્યો છે. તે તેજો લેશ્યા તેમના પુણ્ય પસાયે શરીરમાં ન પ્રવેશી. પણ તેમને પ્રણ પ્રદક્ષિણા આપી ગોશાળામાં તે પ્રવેશી છે. ૧૯ દેશને બાળી નાંખે, કરોડો માણસોને બાળી નાંખે તેવી તેમાં ઉષ્ણતા હોય છે. આવી ભયંકર તેજો લેશ્યા તેમની આજુબાજુમાંથી પસાર થઈ તેથી તેમના દેહમાં પીત્તનો પ્રકોપ થયો. તેનાથી. રોમે રોમમાં તેમને દાહ પેદા થયો અને લોહીના ઝાડા થયા. અરિહંત, જેમને કેવળજ્ઞાન થયા પછી. જેમની તહેનાતમાં કરોડો દેવતા અને ૬૪ ઈન્દ્રો હોય, જેમનામાં અનંત શક્તિ, અનંત ગુણો હોય. છતાં તેમને દેહ છે માટે પીડા આવી. દેહાતીત અવસ્થાને નહોતા પામ્યા માટે આ દશા આવી. સિધ્ધ ભગવંતોને કોઈ ઉપસર્ગ આવે ખરો? અરિહંતને ઉપસર્ગ થઈ શકયો, જ્યારે સામાન્ય કેવલીને તેમના કર્મ પ્રમાણે ઉપસર્ગ થઈ શકે. અરિહંતને હજુ અવ્યાબાધ સુખ પામવાનું બાકી છે. મારે બોલાવ નહીં કે તે બધા બંધન, દોષથી મુક્ત છે. તેમની સાધના પરિપૂર્ણ છે.

નમો અરિહંતાણમાં શું કીધુ? જેણે પોતાના બધા શત્રુઓ કે પરિબળોને જતી લીધા છે. હા, એમ ન કીધુ કે બધી સિધ્ધીને

પામ્યા છે.

આપણે ત્યાં અરિહંત, સિધ્ધ કોઇ વ્યક્તિ નથી. આ નવકારમંત્ર અદ્‌ભુત મંત્ર છે. આપણા આરાધ્ય તત્વને તેમાં રજુ કર્યું છે. દુનિયાના કોઇ ધર્મે આવું રજુ કર્યું નથી. દુનિયાના બીજા ધર્મો દેવ-ગુરુ તત્વની વાત કરે છે પણ આપણે તો આવા આવા દોષોથી રહિત, આવા ગુણથી યુક્ત ગમે તે વ્યક્તિ હોય તે આરાધ્ય તત્વ છે. આપણે નામ, વેશ કે વ્યક્તિ સાથે સંબંધ નથી. આવા ગુણ હોય તે ભગવાન.

સભા:- સર્વ ગુણમાં થોડા બાકી છે.

સાહેબજી:- ગુણ છે. ઘણા જ ગુણો પામી ગયા છે. શિખર પર છે. જ્ઞાન, દર્શન અનંતુ છે. કેવળીમાં ગુણોનો ભંડાર છે.

સિધ્ધ અને અરિહંતમાં તરતમતા છે.

દુનિયામાં આવા શબ્દોની રજુઆત ક્યાંય નહીં મળે. સિધ્ધ માટે - સિધ્ધ છે તેને નમસ્કાર. જે સર્વ સિધ્ધિને પામ્યા છે, જેને બધી સારી વસ્તુ મેળવી લીધી છે. કશું મેળવવાનું કે છોડવાનું બાકી નથી. તેઓ પામવા લાયક પામી ગયા છે. ભોગવવા લાયક ભોગવી રહ્યા છે. માણવા લાયક માણી રહ્યા છે. દુનિયાની બધી સારી વસ્તુને ટોપ લેવલથી પામી ગયા છે.

જ્ઞાન પણ પરાકાષ્ઠાનું ? શક્તિ પણ પરાકાષ્ઠાની ?
ગુણ પણ પરાકાષ્ઠાના ? સુખ પણ પરાકાષ્ઠાનું ?

સભા:- અરિહંત અને સિધ્ધ ભગવંતના કેવળજ્ઞાનમાં તફાવત હોય ?

સાહેબજી:- છે. તેમને જ્ઞાન છે પણ અનુભુતીમાં નથી. અનંતુ સુખ છે, તે સિધ્ધોને છે. કેવળીને તેની જાણકારી છે. પણ અનુભવ નથી.

સભા:- તેમને શરીર છે માટે ?

સાહેબજી:- કેવળી ભગવંત જુએ છે, જાણે છે, પણ અનુભવી શકતાં નથી.

૧૩માં ગુણસ્થાનકે કેવળજ્ઞાન જુદુ
૧૪માં " " "
અને મોક્ષમાં કેવળજ્ઞાન જુદુ છે.
કેવળજ્ઞાનનું સ્વરુપ સ્પષ્ટ હોવું જોઈએ.

સભા:- કેવળજ્ઞાનમાં પણ ભેદ હોય?

સાહેબજી:- હા, ભેદ કઈ રીતે ન હોય કે તેમનામાં બંધથી પણ અજ્ઞાન ન હોય.

કેવળજ્ઞાનને સમજો.

આખી દુનિયાનું જ્ઞાન છે. દુનિયા જુએ છે. સમજે છે. પણ અનુભવતાં નથી. આના ઉપરની અર્થ વોલ્યુમના વોલ્યુમ ભરાય તેટલી છે.

કેવળજ્ઞાનને ન માનનારા કહે છે

તમારા કેવળીને તો ગટરનું પાણી કેવુ? તેની દુર્ગંધ કેવી? વધુ જ્ઞાન છે માટે આખી દુનિયાની ગંદકીનું જ્ઞાન છે. જેટલું પણ દુઃખ છે તે બધુ જાણે છે માટે તેમના આત્મામાં આવીને ભરાયુ છે.

જો તેવું હોય તો તેમની હાલત તો કેવી કફોડી થાય? ચું બધુ જ્ઞાન છે માટે આખો દિવસ ગટરની ગંદકી સુંઘ્યા કરે! બધી વસ્તુ જાણે છે. દુઃખ જાણે છે. પણ કેવળી ભગવંત બધુ જુએ છે જાણે છે પણ અનુભવતાં નથી. સંસારની સામગ્રીને અનુભવતાં નથી. તેઓ દુનિયાને તટસ્થતાથી જાણે છે. વેદનુ તો સ્વનું જ કરે છે. મોક્ષનો અર્થ સ્વનું પૂર્ણમાત્રામાં સંવેદન છે.

કેવળજ્ઞાનીને પણ ૧૪માં ગુણસ્થાનકે જડનું સંવેદન ચાલુ છે. તે અધુરાશ છે. સંપૂર્ણ ચેતનનું વેદન નથી કરી શકતો.

૧૪માં ગુણ સ્થાનકે વેદન છે પણ પ્રવૃત્તિ નથી.
૧૨માં ગુણ સ્થાનકે જડનું અજ્ઞાન હોય.
૧૩માં ગુણ સ્થાનકે જડમાં પ્રવૃત્તિ હોય છે.
૧૪માં ગુણ સ્થાનકે જડમાં પ્રવૃત્તિ નથી હોતી પણ અનુભવ તો છે.

સભા:- શૈલેશી વખતે જડનો અનુભવ છે?

સાહેબજી:- હા, નિર્વાણ પામે પછી જ જડના સંવેદનથી વિખુટો પડે. ૧૪માં ગુણ સ્થાનકે પણ ટાંચણી ખોસો તો વેદન થાય. હા, શરીરની પ્રવૃત્તિ બધી બંધ છે. દેહની પ્રવૃત્તિ નથી. શ્વાસોશ્વાસ બંધ, સરક્યુલેશન બંધ, હાર્ટનું ફંક્શનીંગ બંધ છે. શૈલેશી અવસ્થાનો અર્થ બરાબર સમજો.

તીર્થંકરે કહેલો મોક્ષમાર્ગનો સંક્ષેપમાં પણ અભ્યાસ જોઈએ. તેમને મોક્ષનો માર્ગ આખો બતાવ્યો છે. જે રાજમાર્ગ છે. તે બધા ગુણસ્થાનકને પદ્ધતિસર સમજી પામવાના છે. તેને સમજ્યા વગર અધ્યાત્મની દિશા નહીં પકડી શકો. આ કરવાથી આની પ્રાપ્તિ થાય તેવો વિશ્વાસ જોઈએ. જેમ ગવર્નમેન્ટમાં તમને અહિંથી બેઠા અમેરીકા માટે બધું જ ગાઇડ કરે છે. તેમ મોક્ષમાર્ગનો આખો નકશો ૧૪ ગુણ સ્થાનકમાં બતાવ્યો છે.

સભા:- ૧૪માં ગુણસ્થાનકનો ટાઈમ

સાહેબજી:- હા, અ ઇ ઉ ઋ લૃ બોલો એટલો જ ટાઇમ. એટલા ટાઈમમાં પણ કેવી અનુભુતિ, કેવો કર્મનો વિપાક, કેવા ગુણોનો વિકાસ તે બધાની સ્પષ્ટતા છે. વિશેષ અનુભુતિ તો ક્ષણોની જ હોય છે. છતાં તેનું મુલ્ય ઘણુ જ છે. તેના વગર મોક્ષ નથી. તે નિર્વાણ પદનું પ્રવેશદ્વાર છે. સંસારમાં પરાકાષ્ઠાની શ્રેષ્ઠ અવસ્થા શૈલેશીકરણ છે.

સભા:- અહીં અશુધ્ધ પર્યાય છોડી શુધ્ધ પર્યાય છોડે?

સાહેબજી:- અશુધ્ધ પર્યાય પહેલાં ગુણ સ્થાનકથી છોડવાના છે. મૂલતમાં કાંઇ પહેલા ગુણ સ્થાનક મળવાનું નથી. પુરુષાર્થ કરો તો જ મળે.

હવે આગળ વધીએ.

અનંતકાળથી ગુરુનો લેષ આપણે છોડી શક્યા નથી. જેના કારણે આપણો સંસાર ખુટ્યો નથી. જેની રફતાર ચાલી રહી છે. આ બધાનું બીજ ક્યાં છે? કે આપણે મુંબઈમાં પાઘડી સીંચ્યા કરીએ છીએ, ગુરુ પ્રત્યે લેષ લઈને ફરીએ છીએ. પછી આપણે ગમે તેટલા ગુરુબીયલ બનીએ તો તેની વેલ્યુ નથી. મારે સ્ટેપ વાઈઝ કાઢવાના છે. નીચેના સ્ટેપ જે નથી પામ્યો તે ઉપરનું સ્ટેપ નહીં પામી શકે.

જેને ગુરુનો અદ્વેષ નથી આવ્યો તે ચરમાવર્તની બહાર છે.
જેને મુક્તિનો અદ્વેષ નથી આવ્યો તે ગુણસ્થાનકની બહાર છે.

સભા:- બધા ગુણસ્થાનક સમજવા સરળ ભાષામાં પુસ્તક છે?

સાહેબજી:- લખે તો સારુ, આ કામ કાંઇ સહેલું નથી. આમાં સેંકડો ગ્રંથો રમતાં હોય. અધ્યાત્મનો માર્ગ કાંઇ બે કલાકમાં સમજાવી દેવાય તેવો નથી. કેટલું મંથન કરીને આપવું પડે છે. સેંકડો ગ્રંથોમાં જુદા જુદા પાસાથી હોય છે. જેમકે સમકીત નામની ભૂમિકાની જુદા જુદા એંગલથી વર્ણન કર્યું હોય છે. જેને આ બધી ખબરદારી હોય તે લખી શકે. પરીશીલન કરી, અર્ક કાઢીને મૂકવું પડે. આ બધી ગંભીર વાતો છે.

લખનારા માર્ગદ્રષ્ટા પુરુષો હતા. તેમને મોક્ષમાર્ગ ઝાંખો દેખાતો. અનુભુતી અમુક ટકા દેખાતી, માટે જ સચોટતા છે, સ્પષ્ટતા છે. ખાલી બુધ્ધીથી સમજ શકાય તેવું નથી. અતિનિશ્ચય છે. તર્કથી તેને સમજાવી શકાય. મોક્ષમાર્ગ સમજવા માટે શ્રધ્ધા જોડલાની જરુર નથી. પણ શ્રધ્ધા સાથે તર્કથી સમજાવી શકાય.

નવ તત્વ, મોક્ષમાર્ગ, મોક્ષ, અધ્યાત્મની વાતો અનુભવ ગમ્ય, બુધ્ધિ ગમ્ય છે. ધર્મ અનુભવ ગમ્ય, બુધ્ધિ ગમ્ય છે. અંધશ્રધ્ધાની

ખાલી વાત નથી. તમારા આત્મકલ્યાણ સાથે જેને સંબંધ છે તેવી વાતોમાં કોરી શ્રધ્ધા રાખવાની જરૂર નથી. બુધ્ધિથી જે સમજવા માગે તેને સમજવી શકાય તેમ છે.

નવકારમાં પણ જે રજુઆત છે તે અદ્‌ભુત છે. માટે જ મહિમા ગાવાનું મન થયું. જ્વલદ્‌રક્ત તત્વ છે. આધીન-રીઢા થઈ જવાય તેવું છે.

આપણે પ્રણિધાન પર જવું છે.

જે ગુણનો અદ્વેષ પામ્યો તેને હવે શેનો પુરુષાર્થ કરવાનો
તેને મુક્તિનો અદ્વેષ પામવાનો પુરુષાર્થ કરવાનો છે.

આ કોણ પામી શકે ?

ગુણનો અદ્વેષ પામવામાં વિરોધ ગુણોનો દ્વેષ છે. જે પેદા થવામાં દોષનો ગાઢ રાગ છે તેમ મોક્ષનો વિરોધી સંસાર

સંસારનું વિરોધી તત્વ મોક્ષ છે.

સંસાર મોક્ષ પરસ્પર વિરોધી તત્વ છે.

આત્માની અશુદ્ધ અવસ્થા સંસાર
આત્માની શુદ્ધ અવસ્થા મોક્ષ
પુદ્‌ગલની સામગ્રી છે ત્યાં સંસાર છે
આત્માની સામગ્રી છે ત્યાં મોક્ષ છે

જેમ ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ કદી ભેગા થાય? સામ સામેજ રહેવાના. પૂર્વ, પશ્ચિમ સામ સામેજ રહેવાના પછી ગમે ત્યાંથી જુઓ.

તેમ સંસાર અને મોક્ષ પરસ્પર વિરોધી અવસ્થા છે.

જેને <u>સંસાર પર ગાઢ રાગ છે</u> <u>તેને</u> <u>મોક્ષ પર દ્વેષ છે</u>.
<u>દોષ પ્રત્યે ગાઢ રાગ છે</u> <u>તેને</u> <u>ગુણ પ્રત્યે દ્વેષ છે</u>.
સંસાર પ્રત્યે ગાઢ રાગ છે તેને મુક્તિ પ્રત્યે દ્વેષ છે.

પછી તે ગમે તેટલી ભગવાનની દર્શન, પૂજા કરતાં હોય મુક્તિનો

હોવી છે. તેને પછી પૂછો કે તારે ક્યાં જવું છે તો કહેશે મોક્ષે જવું છે. પણ તત્વથી તેને મુક્તિનો હોય છે. કારણ તેને તેના વિરોધી તત્વ પર ગાઢ રાગ છે. જેને અંધારું ગમતું હોય તેને અજવાળા તરફ હોય રહેવાનો. જેને આરોગ્ય ગમતું હોય તેને રોગ પર હોય રહેવાનો. શ્રીમંતાઈ ગમે તો ગરીબાઈ તરફ હોય જ હોય. એક ગાઢ રાગ બીજા પર પરિણમન પામે છે બન્નેને સાથે રાખી શકાય નહિં.

કાંતો સંસારનો ગાઢ રાગ કાંતો
મુક્તિનો " "

શ્રોતા:- ગાઢ રાગ એટલે?

સાહેબજી:- મુક્તિનો હોય કઈ ભૂમિકામાં આવે? તે અપુનર્બંધક દશામાં આવે. મુક્તિના અહોય માટે ચરમાવર્તની વાત હતી. હવે આ અપુનર્બંધક દશાનું લક્ષણ શું?

ભવ એટલે સંસાર

જેને સંસાર ઉપર બહુમાન નથી એનું નામ અપુનર્બંધક જીવ. બહુમાન શબ્દ વધી તમે કેટલી વખત વાપરો છો. જેમકે કલ્યાણ પ્રત્યે બહુમાન છે. આ બહુમાનનો અર્થ સમજો છો? આ વ્યક્તિ પ્રત્યે માન છે. સદ્ભાવ છે આદર છે. હવે તમે શું બોલો છો? બહુમાન છે. જેમ બીજી વ્યક્તિ છે, બીજી વસ્તુ છે તેના ઉપર માન છે તેના કરતાં આના પર ચડિયાતું માન છે. તમે બોલો છો કે ભગવાન પર બહુમાન છે. હા, પણ તે તપાસવા જેવું છે કે બહુમાન છે કે નહીં?

સાચું બહુમાન ક્યારે કહેવાય કે આ સંસારમાં કોઈ વસ્તુ કે કોઈ વ્યક્તિ પર માન નથી તેટલું માન પરમાત્મા પર છે.

શ્રોતા:- દેવ-ગુરુ-ધર્મ ત્રણે પર બહુમાન જોઈએ?

સાહેબજી:- પહેલાં એક પર લાવો પછી આપણે ત્રણ પર જઈશું.

દેવ-ગુરુ-ધર્મ જોડાયેલા જ છે.

તમે કહી શકશો કે જેમકે સંસારમાં ઘણી વસ્તુ પર રાગ છે. કુટુંબ, સંપત્તિ, દેહ પર મમતા છે. તેનું સ્થાન છે. તેના પર માન છે. પણ પરમાત્મા પર જે રાગ છે તેવો બધા પર ક્યાંય રાગ નથી. પરમાત્મા પરનો રાગ તમારે બધા કરતાં ચઢીયાતો છે. તો કસોટીમાંથી પાસ થઈ શકશો? વિચારવા જેવું છે. બહુમાન શબ્દ ગુજરાતી છે. ઘણુ માન.

અપુનર્બંધક જીવને સંસાર પર રાગ છે. સંસાર ગમે છે. તેમાં રસ પડે છે. સંસારના સુખનું આકર્ષણ પણ છે. માન છે. પણ તેને બહુમાન નથી. સમકીતીને રતીભાર પણ સંસાર તરફ માન નથી. સોએ સો ટકા તેને ત્યાં દુઃખનો અનુભવ છે.

મોક્ષ સિવાય જેને કશે માન નથી તે સમકીતી. આતો ઘણી ઉંચી સરસાઈની વાત છે. અપુનર્બંધક દશા સમકીતની ભૂમિકા પામવાનું બીજ છે. અપુનર્બંધક દશાથી જીવની મોક્ષમાર્ગ તરફ ગતિ થાય છે.

જ્યાં બહુમાન છે ત્યાં ગાઢ રાગ છે. આ તો શબ્દાર્થ થયો છે. આનો વિસ્તાર જરુરી છે.

મુક્તિના અદ્વેષ વગર મુક્તિનો રાગ નથી આવતો. ગુણનો દ્વેષ જાય પછી મુક્તિનો દ્વેષ જાય. ગુણનો અદ્વેષ આવે પછી મુક્તિનો અદ્વેષ આવે. પ્રણિધાન માટે ત્રણ અદ્વેષ આવશે. આઠ અદ્વેષ બતાવ્યા છે. આઠે અદ્વેષ પામે તેને કેવળજ્ઞાન આવી જાય. પણ તે તો માઈલ સ્ટોન છે. મોટા સોપાન છે.

એકને પામ્યા બોલ્યે મોક્ષમાર્ગની પહેલી કડીએ પહોંચ્યા.

પ્રણિધાન પામવા ત્રીજા સ્ટેપે જવાનું છે.

પ્રણિધાનને ભાવધર્મ તરીકે વખાણ્યો છે.

ભાવધર્મનું ઉત્પત્તિ સ્થાન અંતરમાં છે. ક્રિયા તમે શરીરથી કરી શકશો. પરંતુ ભાવધર્મ માટે તો અંતરમાં ઉતરવું પડશે.

॥ પ.પૂ. શ્રી યુગભુષણ વિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૧૮-૭-૮૫ ॥યોગવિંશીકા॥ ગોવાળિયા ટેંક

મગળવાર

અષાઢ વદ ૯ સાનમ ॥ પ્રણિધાન ॥

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને અતિ સુગમ અને સરળ રીતે મોક્ષ માર્ગનો પ્રબોધ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ આપણા આત્માએ અનંતકાળમાં આત્મકલ્યાણ માટે પ્રાયે કરીને જીજ્ઞાસા કરી નથી. જીજ્ઞાસા કરીને જે જાણ્યું છે તો પુરુષાર્થ કર્યો નથી. જો પુરુષાર્થ કર્યો તો તે યોગ્ય દિશામાં નથી કર્યો. માટે આત્મ કલ્યાણ કરવા પ્રયત્ન કર્યો તો પણ આત્મા નિષ્ફળ ગયો છે. નિષ્ફળ ગયા માટે જ સંસારમાં રખડીએ છીએ. જો પ્રયત્ન કરવામાં સફળ થયા હોત તો આપણો ક્યારના ક્યાંય પહોંચી ગયા હોત. માટે હવે જીવે યોગ્ય દિશામાં પુરુષાર્થ કરવાનો છે.

સાધકોએ આત્મકલ્યાણના પ્રકારો પાડ્યા છે. જેમકે કેટલા સાધકો અલ્પ પુરુષાર્થથી સિધ્ધિને પામ્યા છે. કેટલા સાધકો પ્રબળ પુરુષાર્થથી સિધ્ધિને પામ્યા છે. જેમકે દરિયાના પેલે કાંઠે જવું છે પણ સીધો અને ટુંકો રસ્તો જો ખબર ન હોય તો ફરી ફરીને જાય તો ક્યારે પહોંચે ? અને જો ઉલ્ટી દિશામાં જાય તો પ્રયત્ન કરવા છતાં પણ પહોંચે નહીં. માટે સાધક સવળી દિશામાં પ્રયત્ન કરે તો જ અલ્પ પ્રયત્ને સિધ્ધિને પામી શકે છે. માટે જો અલ્પ પ્રયત્ને પહોંચવુ હોય તો તીર્થંકરે કહેલ મોક્ષમાર્ગ જાણવો

જોઈએ.

જેમ અમુક ગુણ કેળવશો તો આ ભૂમિકાને પામશો. અમુક ગુણ કેળવશો પછી આ ભૂમિકાને પામશો. હા, તે વખતે બીજા વધારે ગુણો કેળવશો તો સારું પણ અમુક ભૂમિકાને અનીવાર્ય ગુણ તો અવશ્ય પામવો જ પડશે.

હવે ક્રમસર વિચારીએ.

ચરમાવર્ત કાળ, આ મોક્ષમાર્ગની સીધી ભૂમિકા નથી. પરંતુ ચરમાવર્ત કાળ એટલે અનુકુળ કાળ. આગળ વધવા ગ્રીન સીગ્નલ જેવો આ કાળ છે. તેમાં પ્રવેશ કરવા માટે ગુણનો અલ્પ દ્વેષ પામવો પડે. ત્યારે બીજા ઓછા વત્તા ગુણો હોય તો ચાલે, જે વધારે હોય તો લાભ જ છે. એટલે આનો અર્થ શું થયો કે ખરી સાધના કરવા બીજા ગુણોનો પુરુષાર્થ ગૌણ કરી પહેલા ગુણનો અલ્પ દ્વેષ પામવાનો પુરુષાર્થ કરવાનો છે.

જેમ તમારે ધંધાની લાઇનમાં અમુક ચોક્કસ કામ, સોદા કરો તો આટલો તો નફો મળે જ. પછી ભલે બીજુ આવડત, સગવડ ઓછીવત્તી હોય.

જેમ પછી ભલે તમે દુકાન અપટુડેટ રાખી હોય, માણસો સારા હોય પણ અમુક ચોક્કસ કામ ન હોય તો નફો હાથમાં આવતો નથી. માટે મહત્વના કામમાં ધ્યાન આપવું જોઈએ.

હવે ગુણનો અલ્પ દ્વેષ આવે પછી જ

મુક્તિનો અલ્પ દ્વેષ આવે. આપણા ગુણ વત્તર આ ગુણ મેળવી શકાતો નથી. પ્રયત્ન કરો તો પણ તે ખોટી પડે છે. અત્યારે તમે જે જીવનમાં આરાધના કરો છો જેમકે દર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, તપ, ત્યાગ - આ બધામાં ત્વરિત છે કે ગુણનો અલ્પ દ્વેષ પમાડે. મુક્તિનો અલ્પ દ્વેષ પણ પમાડે. અરે સમકીત પમાડવાની

પણ વાકાત છે. બસ અનુસંધાન જોડનાં થઈ જાઓ. તેના માટે અંદરમાં નજરની જરૂર છે. પણ તમને અવલોકન નથી, અંધાપો છે.

હવે ગુણનો અદ્વેષ પામવા દોષનો ગાઢ રાગ છોડવો જરૂરી છે. ગુણનો અદ્વેષ પામવા વિરોધી તત્વ આ ગાઢ રાગ છે. તે એકબીજા સાથે ગુંથાયેલા છે. એક વસ્તુ પર રાગ બાંધો એટલે તેના વિરોધી વસ્તુ પર દ્વેષ થઈ જ જાય. પછી તેના દ્વેષનો વિચાર કરો કે ન કરો. જેમ સુગંધ પ્રત્યે ગાઢ રાગ છે તો વિરોધી તત્વ દુર્ગંધ પ્રત્યે દ્વેષ છે જ. જેમ જેમ દોષના ગાઢ રાગને જીવનમા છોડવાં જાઓ તેમ સદ્ગુણતા મળતી જાય. હા, સંપૂર્ણ રાગ ન જાય પણ ગાઢ રાગ તો જવો જોઈએ.

ગાઢ રાગ એટલે શું ?

દોષને સમર્થન આપવું. તેને સારાયપણુ માને. પક્ષપાત, આગ્રહ હોય. દોષના ગાઢ રાગ ગુણના દ્વેષને ખેંચી લાવે છે. જે આમાંથી નીકળી જાય તેને દોષ પ્રત્યે અંતરમાં આગ્રહ નથી. હા, તે વખતે દોષ છોડી શકે તેમ નથી, ગમે પણ છે, સેવે પણ છે. પણ પક્ષપાતનો ભાવ નથી.

હવે જેમ કપડું કઘોચ્યુ હોય તો એક વખતના સાબુથી ધોવાય છે? તેના માટે વારંવાર પ્રક્રિયા કરવી પડે છે. પહેલી વાર સાબુવાળા ગરમ પાણીમાં બોળો એટલે સ્થુલ મેલ નીકળી જાય. તેમ આપણા આત્મા ઉપર ઘણા જ મેલ છે તેમાં જે સૌથી વધારે જાડો(સ્થુલ) મેલ આજ્ઞે.

ગુણ, ધર્મની ચરસ્યી લાગે સ્થુલ મેલ છે. આ નીકળી જાય તો ગુણનો અદ્વેષ આવી જાય. આ પછી અદ્વેષને પામેલા જીવમાં સાચો ધર્મ પામવાની લાયકાત આવે છે. અદ્વિતીય અધ્યાત્મ પામવા માટેની યોગ્યતા જીવમાં વિકસી છે. પણ હજુ તેને અધ્યાત્મ પામવાનું બાકી છે.

જેમ નયસારને કે ધનાસાર્થવાહને મહાત્મા નહોતા મળ્યા તે

પહેલાં તેમનામાં ધર્મ પામવાની લાયકાત છે. કારણ તે ચરમાવર્તમાં છે. જો આ લાયકાત ન હોય તો ગમે તેવા મહાત્મા મળે, વિશુદ્ધ સૂક્ષ્મ તત્વ પારદર્શિ ભાષામાં સમજાવે તો પણ તે જીવને ગળે ઉતરે નહીં. આપણે ભૂતકાળમાં તીર્થંકરના સમોવસરણમાં ગયા હોઈએ, વંદન કર્યા છે, દેશના સાંભળી છે પણ નિષ્ફળ ગયું; કારણ ચરમાવર્ત પામ્યા નહોતા. જીજ્ઞાસા, એકાગ્રચીત્તે દેશના સાંભળી હતી પણ હૃદયમાં અનુભુતિ રૂપે ઉતરી નહીં. જેવું તત્વ કહે છે તે સ્વરૂપે આપણને પ્રતિતી થઈ નહીં. શ્રધ્ધાપૂર્વક ઘણો ધર્મ કર્યો, આચરણ કર્યું પણ તત્વ અનુભવમાં ન આવ્યું. ચરમાવર્ત પામેલા જીવને નીમીત્ત કે વગર નીમીત્તે સ્વયં સ્ફુરણાથી સંસારના સ્વરૂપનું ચિંતન કરતાં બોધ થાય છે.

જગત જેને સુખનું સાધન માને છે. ઈન્દ્રિયોના મોજમજામાંથી મળતા સુખ વાસ્તવીક સુખ નથી. પણ આ સુખ એક દુઃખની પ્રક્રિયા છે. માટે આ સુખમાં જેને થોડો દુઃખાનુભવ પ્રગટે, સંપૂર્ણ નહીં. સંપૂર્ણ દુઃખ લાગે, અનુભવ થાય તે તો સમ્યગદ્રષ્ટી જીવ છે. સમ્યગદ્રષ્ટીને તો ત્રણ લોકના સામ્રાજ્ય, દેવતાઈ સુખો, ચક્રવર્તીના વૈભવ કેવા દેખાય? અસાર અને દુઃખમય જ દેખાય. સમકીતને પામવા આપણે ઘણા ચક્રાણા પાસ કરવાના છે.

આપણે આગળ જે વિચારી તે અપુનર્બંધક દશા છે. સમકીત પામવા માટેના પરિણામ અહિંથાથી ચાલુ થાય છે. જેમ ઝાડ ગમે તેટલું વિશાળ હોય પણ તેનું બી નાનું હોય છે. નાના બીમાં પણ વિશાળ ઝાડ પેદા કરવાની ક્ષમતા છે. બી તો નાનુ જ હોય. બી કદમાં નાનુ હોય પણ ક્ષમતા વિશાળ હોય છે. તેમ સમકીત પામવાના પરિણામ આ અપુનર્બંધક દશાથી ચાલુ થાય છે.

તે પામવા માટે મીનીમમ ક્વોલીફીકેશન માટે ક્રાઇટેરીયા

સંસારના સુખ પર આંશિક વિરાગ પેદા થવો જોઈએ. અહિંયા સંપૂર્ણ વિરાગની અપેક્ષા નથી રાખવા. જેને સંસારના સુખ પ્રત્યે અંશ માત્ર વિરાગ નથી, જેને સંસારના સુખમાં પૂર્ણ સુખનું ભાન થાય છે, સુખની વ્યાખ્યા ભૌતિક સુખ સાથે જ બંધાયેલી છે. આવું માનસ જે જીવોનું છે તે બધા મુક્તિના (મોક્ષના) દ્વેષી છે. દ્વેષનો અર્થ વિરોધ છે. મોક્ષમાં જે સુખ છે અને સંસારમાં સુખ છે તે પરસ્પર વિરોધી છે.

સંસારનું સુખ પૌદ્ગલિક છે.
મોક્ષનું સુખ આત્મીક છે.

સંસારનું સુખ વિકાર, વાસના દ્વારા પ્રાપ્ત થાય છે, માટે તે સુખ વિકારી છે. જ્યારે મોક્ષનું સુખ નિર્વિકારી છે. બન્ને સુખના પાસા વિરોધી છે. જેને સંસારના સુખ પર રાગ તેને મોક્ષના સુખ પર રાગ નહીં, પણ અદ્વેષ પણ ન હોય.

ઘણાને કાંઈ મોક્ષ પ્રત્યે લેવાદેવા નથી હોતી. તેમને પૂછીએ સાધના દ્વારા શું મેળવવું છે? તો કહેશે મોક્ષે જવું છે. કારણ મોક્ષમાં કોઈ દુઃખ નથી. અનંત સુખ છે. માટે જ ત્યાં જવામાં શું વાંધો? તમારે સુખ, સગવડતા સાથે થોડો વિરોધ છે? તમને તો પ્રતિકુળતા ના ફાવે ને? માટે ત્યાં જવું છે તેમ બોલો ખરા. પણ મુશ્કેલી ક્યાં નડે છે. તમે જેને સુખ માનો છો તેવું કોઈ સુખ મોક્ષમાં નથી. તમે જેને દુઃખ માનો છો તેવું મોક્ષમાં છે. વાસ્તવમાં કહે કે મારે મોક્ષે જવું છે પણ સાચી મોક્ષની તમન્ના નથી.

દેહ, ઈન્દ્રિય અને મનના ભોગોમાં જેને આનંદનું ભાન થાય છે, ભોગમય જીવનમાં જ સાચી તૃપ્તિ દેખાય છે, જેમાં સર્વસ્વનું ભાન થાય છે. તેને મુક્તિ એ દ્વેષનો વિષય છે. તેનો અનુરાગ નથી. પછી ભલે આમ મોક્ષનો તિરસ્કાર ન હોય.

ઘણાને તો મોક્ષ શું ચીજ છે ? ત્યાં જવાથી શું મળે છે ? ત્યાં જવાની જરૂર શી છે ? તેની ખબર જ નથી. જો મોક્ષના સ્વરૂપનું ખરેખર ભાન થાય તો કોડ ઝાટકે ના પાડી દેશે કે મોક્ષે જવું નથી. કારણ શું છે ? તેની સમજણ બહારનું મોક્ષનું સ્વરૂપ છે.

જેમ અભવિનો જીવ આત્મા, પરલોક, પુણ્ય, પાપ, કર્મ, તેના સિદ્ધાંતો માને છે. આત્મા અને દેહ જુદો છે. તેનો ભેદ પણ માને છે. અત્યારે ઘણા કહે છે ને કે દેહ, આત્માનો ભેદ સમજાઈ જાય તો સમકીત આવી જાય. તો પછી અભવિના જીવને પણ સમકીત આવી જાય ને ? કારણ તે પણ દેહનું સ્વરૂપ જુદુ માને છે. પરલોકમાં પણ તેને આસ્થા છે. પરલોકમાં પોતાના કર્મ પ્રમાણે જ મળશે, માટે દેહની ચિંતા કર્યા વગર તે સાધના કરે છે. આત્માનું જેને ભાન નથી તેનું નામ અભવિ. તેવું નથી. અભવિને ખરેખર આત્માનું ભાન હોય છે. ચેતન તત્વ છે. આ દેખાય છે તે જડ છે. જે જુદો છે. પોતે તે સ્વરૂપે બની શકતો નથી.

સભા:- તો પછી અભવિને શું જોઈએ છે ?

સાહેબજી:- અભવિ બે રીતે સાધના કરે છે. સંસારની આ લોકની કામનાથી અને પરલોકની ભૌતિક કામનાથી કરે છે. તેઓ રાજા, મહારાજા, ચક્રવર્તી, દેવાધિદેવ, તીર્થંકર પાસે જઈ ઈન્દ્રો, કરોડ દેવતા આવે, આ બધી ઋદ્ધિ, સિદ્ધિ જુએ ત્યારે થાય કે આ બધું ધર્મનું જ ફળ છે. ધર્મ કરવાથી આ લોક પરલોકમાં ચોક્કસ સુખ મળશે. તેવી તેને ૧૦૦% ખાત્રી હોય છે.

સભા:- અભવિના જીવને ખબર હોય પોતે અભવિ છે ?

સાહેબજી:- હોય પણ, અને ન પણ હોય. જો કોઈ કેવળજ્ઞાનીએ કહ્યું હોય તો ખબર પડે. પણ પોતાની આપ મેળે ખબર ના પાડે.

સભા:- અભવિ ભવિ થઈ શકે ?

સાહેબજી:- ના થઈ શકે.

સભા:- સાહેબજી શાસ્ત્રમાં કહ્યુ છે કે જેને જેવી રુચિ થાય કે "હું ભવિ છું કે અભવિ છું" તેવો આત્મા ભવિ છે.

સાહેબજી:- આનો મીનીંગ બરાબર સમજ્યા નથી. માટે જ બધા ઉંધા રવાડે ચઢ્યા છો. આના માટે રામાયણમાં બેઠ સરસ દૃષ્ટાંત છે. તેમાં રામચંદ્રનો પ્રસંગ આવે છે. રામચંદ્રજી મોક્ષે ગયેલા છે. સિધ્ધ ભગવાન નજીકે બીરાજમાન છે. તમે બને હું આપણે બધા તેમને "નમો સિધ્ધાણં" માં પગે લાગીએ છીએ. તેઓ ઉત્તરાર્ધ અવસ્થામાં સંયમ લઈ સાધના કરી મોક્ષે ગયા છે. જૈન શાસનમાં ઈશ્વર તત્વ અનાદિ સિધ્ધ નથી. મહાવીર પણ પામર જીવ હતા.

રામચંદ્ર આ ભવમાં મુક્તિગામી છે. બળદેવ છે. લક્ષ્મણ વાસુદેવ છે. પુણ્ય અદ્‌ભુત છે. રામચંદ્ર ચરમ શરીરી છે. તેમનામાં સંસારની ભાવના, મિથ્યાત્વ દેખાતા તેવો પ્રસંગ આવ્યો છે. તેઓ રાવણને પરાજીત કરી ત્રણ ખંડ જીત્યા પછી એક વખત રાજસભામાં બેઠા છે તે વખતે સંદેશો આવે છે. જે વિદ્યાધર રાજા, તેમના ભક્ત છે, વંશ વાનર છે, વૈભવ સમૃધ્ધિ છે. પહેલા રાવણના આજ્ઞાંકિત હતા, પછીથી રામના પક્ષે ખેડ્યા રાજ્યો તરફે આવ્યા છે. એવા હનુમાનજીને મહાત્માનો યોગ થયો, તેમની દેશના સાંભળી અને વૈરાગ્ય થવાથી તેમને દીક્ષા લીધી. આમ પછી તેઓની પ્રૌઢ દશા નથી. ચતુર્થ વય છે. સંસારના ભોગ ભોગવી શકે તેવું વય છે. શરીર છે. છતાં તેઓ પરિવાર સાથે તપ-ત્યાગના માર્ગે ગયા છે.

આમ તો ધર્મી માણસને આવું સાંભળતાં રાજીપો થાય. પણ રામજી વિચારે છે ભર યુવાનીમાં આટલા વૈભવમાં મહાલવા ને બદલે, તેને ત્યાગીને અકાળે સંયમ લીધું. કોઈ કરોડપતિનો દીકરો ભર યુવાનીમાં બધી રીતે પરિપૂર્ણ હોય અને ત્યાગ કરીને દીક્ષા લે તો

તમને શું થાય ?

સભા:- અહોભાવ થાય.

સાહેબજુ:- પણ ધણીને ઉંડે શું થાય ? બીલ્લી ડબી જેવો છે. જીવનમાં કાંઇ ભોગવ્યુ નહીં, માણ્યુ નહીં, લાહ્વો ન લીધો. માટે હજુ જીવનમાં મજાનો લાહ્વો આ ભોગમાં, વિકારોમાં જ દેખાય છે ને!

હવે જ્યારે રામચંદ્રજીને આવા વિચાર આવ્યા તે વખતે યોગાનુયોગ સીધેસીધ્ધ બેઠા બેઠા બ્લડપ્રેશરનું ઓપરેશન કરી રહ્યા છે. તેમનો ઉપયોગ અહિંયા જ્યો છે. જેવુ કે બ્લડપ્રેશરમાં શું વિચારે છે! ખ્યાલ આવ્યો ત્યારે તેઓ બોલે છે કે " શું મોહરાજાનું કેવું જોર છે! ચરમ શરીરી જેવા રામને પણ ભોગમાં સારાપણાનું ભાન થાય તેવા વિચાર આવે છે. મિથ્યાત્વની કેવી અસર છે. તે વખતે રામચંદ્રજીને મનમાં દીક્ષા પ્રત્યે દ્વેષ નથી. પણ ભાવ શું? સંસારની બધી મોજ મજા માણી, ભોગવી પછી છેલ્લે ત્યાગ કરે એમાં ખોટું નથી. પણ ક્યારે છેલ્લે ને ?

સભા:- હા, સાહેબજુ ઘડપણમાં ગોવિંદ ગુણ ગાયું

સાહેબજુ:- હા, તમારે ધર્મનો નંબર છેલ્લો કે પહેલો? તમે પ્રાયોરીટી કોને આપો છો ? સંસારથી પસ્તાયો ત્યારે ને! આ મિથ્યાત્વનું માનસ છે. અત્યારે સંયમ પ્રત્યે રામને અરુચી છે. આમ દીક્ષા પ્રત્યે કાંઇ ગાળ નથી આપી પણ ઉંડે ઉંડે અરુચી છે. અને આનું નામ જ દ્વેષ છે.

હવે આપણે આજ રામનો બીજો પ્રસંગ લઇએ. જેથી આપણને ખ્યાલ આવે.

સભા:- રામચંદ્રજીને ગુરુનો દ્વેષ છે?

સાહેબજુ :- ના, ગુરુનો દ્વેષ નથી. પરંતુ મુક્તિનો વિરાગ પસંદ પડે. તેવું તેમનું માનસ નથી. સંસાર રસીડ છે.

સભા:- અવધિજ્ઞાનથી ખબર પડાય ?

સાહેબજી:- હા, અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકે તો બધી શકાય. મનોવર્ગણા પણ દેખાય. રૂપી પદાર્થ દેખાય. આકાર પણ જોઈ શકે, જો ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન હોય તો. ઇન્દ્રમહારાજને ઉત્કૃષ્ટ માત્રામાં અવધિજ્ઞાન હોય છે. જો મનનો આકાર દેખાય પણ તેને શાસ્ત્રનું જ્ઞાન ન હોય તો, તેણે આવો વિચાર કર્યો છે તે બધી ન શકે. પરંતુ ઇન્દ્રમહારાજ તો દસ પૂર્વધર શ્રુતકેવળી છે તે ક્રાર્નિક શેઠનો જીવ છે. મરીને ઇન્દ્ર થયા છે. તેઓ દીક્ષા લીધા પછી ૧૪ પૂર્વ ભણ્યા છે. મર્યા પછી ૧૪ પૂર્વનું જ્ઞાન ન રહે પણ દસ પૂર્વનું જ્ઞાન રહે છે. માટે આવો વિચાર બધી શકે છે.

હવે બીજા પ્રસંગ પરથી તેમની બેઉ દશા સમજાવવા માંગું છું. હવે બન્યુ છે શું એક વખત કેવળજ્ઞાની ઉપદેશ આપતાં હોય છે. તે વખતે તેઓ સદ્‌ભાવથી સાંભળવા બેસે છે. કેવળજ્ઞાનીની દેશનામાં કહી કયાંથી હોય? ઘીધમાર અસ્ખલીત દેશના વહે છે. તેમણે દેશનામાં મુક્તિના સ્વરૂપનું વર્ણન કર્યું છે. આમ તેઓ સંસારના સુખને ઝંખે છે. પણ મુક્તિનું રમણીય, પરમાનંદ જેવું અદ્‌ભુત સ્વરૂપનું વર્ણન કર્યું છે. આમને આ સાંભળતાં હૈયે બેસી ગયુ છે. હવે જેને ઉંચા સુખનું વર્ણન ગમે તો તેની ઈચ્છા થયા વગર રહે?

અત્યારે તમે માલપાણી ખાધા ન હોય પણ તે ભાવી શકે તેવી વાનગીનું વર્ણન કરીએ તો મોંમાં પાણી આવ્યા વગર રહે ખરુ? કારણ ઉંચુ સુખ દેખાય તો આત્માનો સ્વભાવ છે કે આકર્ષણ થાય. તમને મોક્ષનું વર્ણન સાંભળતાં પાણી કેમ નથી આવતું? કારણ ત્યાં અનંતુ સુખ છે તે સમજાયું નથી માટે.

સભા:- સાહેબજી એવું વર્ણન કરો કે અમને મોક્ષ ગમી જાય.

સાહેબજી:- હા, પ્રસંગે કરવું. તમે બધો ભાર ગમારા પર મૂકી દીધો.

સૌથી વધારે સુખનું તત્વ મોક્ષ છે. તેની રોચકતા જો હૃદયમાં અપીલ કરી જાય તો સંસારમાં મન ન લાગે. પછી ભલે સંસારમાં રહો.

સમ્યગદૃષ્ટીની ઓળખાણ શું છે ખબર છે? " मोक्षे चित्त, तनु भवः" તેનું શરીર સંસારમાં હોય પણ તે મનથી મોક્ષમાં છે. આવી અવસ્થા અનુભવી છે?

સભા:- હા, સાહેબજી અનુભવવી છે.

સાહેબજી:- હા, સારુ છે આદર્શ તમારા ઉંચા છે. પણ હજુ તમને મોક્ષ ગમી જાય તેવા ઉત્કૃષ્ટ ભાવ નથી. સામને તો આવું. મોક્ષનું સુખ જાણતાં, આવું અનુપમ સુખ, આવી પરમાનંદ અવસ્થા હું પામી શકીશ કે નહીં? આ પામવાનો અધિકારી કોણ? ભવ્ય જીવો. અભવિ જીવ સાધના કરે તો પણ પામે નહીં. તો ખરેખર ભવ્ય પામે તો હું પામી શકીશ કે નહીં. માટે પોતે ભવિ છે કે અભવિ છે તે નક્કી કરવા કેવળજ્ઞાનીને પૂછે છે " હું ભવિ કે અભવિ?" ત્યારે જવાબ આપે છે " તમે ભવિ, આસન્નભવિ, ચરમ શરીરી છો" આજ ભવમાં સાધના કરી અંતમાં મોક્ષે જશો. આ સાંભળતાં તેઓ ભાવ વિભોર થઈ ગયા. ખુશખુશાલ થઈ ગયા. રોમે રોમ આનંદથી વિકસીત થઈ ગયા.

હવે જેને આવી શંકા થાય તે નક્કી ભવિ. જેને મોક્ષનું સુખ સાંભળી, સમજીને તેનું આકર્ષણ કે લાલસા થાય, મોક્ષ મેળવવા મન તલપાપડ થતું હોય, આવી તમન્નાવાળા જીવને શંકા થાય કે હું ભવિ કે અભવિ? તે જીવ ભવિ છે.

જેમ ઘણા નાના બાળક સાંભળે કે અમેરિકામાં આવી મોજમજા છે ત્યાંની ડીગ્રીની આટલી વેલ્યુ છે, આવાઆવા

મોજમઝાના સાધનો છે આ બધુ સાંભળતાં તેને અરમાન થતાં હોય છે કે મોટો થઈને હું અમેરિકા જઈશ. મગજમાં કેવું ઘુસી ગયુ કે આવુ આકર્ષણ પેદા થયુ છે. અને જઈ શકે તો લહી લાગે ને?

તેવી ભવ્ય જીવને આકર્ષણ, જીજ્ઞાસા થઈ શકે છે.

મુક્તિના આકર્ષણ વગરની જીજ્ઞાસા અભવ્યને થઈ શકે. પણ મુક્તિની તમન્નામાંથી જાગતી જીજ્ઞાસા અભવિને ન થાય.

અત્યારે તમે ભવિ છો, પણ ખરુ ભવ્યત્વ તો મુક્તિના ગમન માટે બરાબર સાધના કરે તેવા જીવો છે તેનું ખરુ ભવ્યત્વ છે.

અમે મોક્ષના સુખનું વર્ણન કરીએ પણ જ્યાં સુધી મગજમાં કચરો હોય ત્યાં સુધી બધુ અધ્ધર જાય, જ્યાં સુધી સંસારના સુખમાં સુખનું ભાન છે ત્યાં સુધી આ સુખ બમ્પર જાય. પુદ્‌ગલમાં સુખ માને તે આત્મીક સુખને ન માને. માટે સંસારનું સુખ દુઃખમય છે, તે પહેલાં સમજે પછી મુક્તિના સુખની રમણીયતા લાગશે.

માટે પહેલાં સંસારનો વિરાગ જાગ્યો પછી
મુક્તિની કામના જાગી છે.

માટે જો ચકિયા જ મજા દેખાતી હોય તો મુક્તિમાં મજા ક્યાંથી લાગે.

સભા:- ત્યાંની મજા દેખાતી હોયતો મન થાય.

સાહેબજી:- ફ્લેટમાં જેને મુંઝવણ થાય તેને બંગલામાં જવાની ઈચ્છા થાય.

સભા:- બંગલો બનાવે તો મન થાય.

સાહેબજી:- ગામડાના જેવા ઘણા માણસો છે જેને તેની ઝુપડી સ્વર્ગ જેવી લાગતી હોય છે. ઝુપડી પરથી મન ઉઠવું જોઈએ. પછી જ બંગલાની વાત લેજો. નહીંતર કહેશે ભાઈ તમારો બંગલો તમને મુબારક, અમારી ઝુપડી જ સ્વર્ગ છે.

જેનું પણ હલકામાં મન ચોંટ્યુ છે તેને ઉંચામાં આકર્ષણ

થતું નથી. હલકામાં મન બંધાયેલું ન જોઈએ. મોકળુ રહેવું જોઈએ. ભલે તમે સંસારના સુખ મેળવો ભોગવો, પણ તેમાં જ બંધિયાર દૃષ્ટી ન જોઈએ.

જેમ કુવાના દેડકાને બહારની દુનિયા ન જ દેખાય. તેમાં જ ફુદાફુદ કરે તેમ તમને સંપત્તિ, સત્તા, માન, મરતબો, વૈભવમાં જ સુખ લાગે તેને આત્મીક સુખ ન દેખાય. અત્યારે આપણો આંશિક વૈરાગ્યની વાત છે. આંશિક વૈરાગ્ય આવે તેને સંસાર પર ગાઢ રાગ નથી.

જીવ માત્રના મનને રાગ-દ્વેષ ગમે તેટલા હોય. પણ કોઈ વસ્તુ પર તેને તે સહજ રાગ નથી. બરાબર સાંભળજે ગંભીર મુદ્દો છે.

સહજ શબ્દ પરીક્ચુલર બોલીએ છીએ. જે પણ રાગ છે તે કૃત્રિમ છે. તમારા પર બીજાને રાગ છે તે પણ કૃત્રિમ અને તમને બીજા પર રાગ છે તે પણ કૃત્રિમ. આકરી લાગે તેવી વાત છે.

જેમ તમે અત્યારે એક નવું કપડું લાવ્યા તેની ક્વોલીટી, ડીઝાઇન, રંગ ગમે તેવું આકર્ષણ કપડું લાવ્યા. તે પહેરતાં આનંદ આનંદ થાય છે. આ ડ્રેસ પહેરીને કસાબથી ચાલો. કારણ રાગ છે. પણ એના પર જો ડાઘ પડે કે ભરાઇને ફાટી જાય કદાચ થોડો અકસોસ થશે પણ કાંઈ નાંખશો. જુનુ થાય તો ફેંકી દેશો. હવે રાગ ઉતરી ગયો. રાગ કાંઇ કાયમ નથી. કામચલાઉ છે.

સભા:- પૈસા પર કાયમ રાગ હોય છે.

સાહેબજી:- આ ગયુ છે. તમે લાખ રૂપિયા લઇને જંગલમાંથી પસાર થતાં હોવ અને તે વખતે લુટારો સામે પીસ્તોલ લાવીને ઉભો રહે તો શું કરો? પૈસાનો ઘા કરોને? પૈસા સાથે ન લાવ્યા હોત તો સારુ તેમ લાગે.

સભા:- ત્યારે મોક્ષનો ભય છે.

સાહેબજી:- પૈસા પણ ક્યાં સુધી ગમે? સુખનું સાધન લાગે ત્યાં સુધી જેમ પહેલાનાં વખતમાં પૈસા કાગળમાં નહોતા. નજદ નાણું હતું. માટે જ્યારે કમાઈને સ્ટીમર કે વહાનમાં લાવે ત્યારે સોનાના સિક્કાનું વજન હોય. હવે કદાચ તે વખતે વહાણ વસ્તુ. કાંઈ સાફત આવી તો તે વખતે આ નાણું બાંધીને તરો, પણ લાગે કે બાના ભારથી આપણે ડૂબી જઈશું તો ભાર છોડી દોને! માટે કોઈ વસ્તુ પર સહજ રાગ નથી.

સભા:- ચમડી છૂટે પણ દમડી ન છૂટે

સાહેબજી:- એવા માણસને પણ સુરક્ષા, સુખ છે ત્યાં સુધી. કદાચ જીવન કરતાં પૈસો વહાલો બની જાડે. પણ પૈસા કરતાં વધારે વહાલું તો સુખ જ રહેશે. જે દિવસે પૈસો સુખનું સાધન નહી રહે તે દિવસે છોડી દેશે. આ સંસારમાં જીવને સુખને છોડીને રાગ ક્યાંય નથી.

સભા:- પણ સાહેબજી ધર્મ પર તો રાગ જોઈએ ને?

સાહેબજી:- હા, અમે રાગને કાંઈ ખરાબ નથી કહેતાં. અમારા ભગવાનનો ઉપદેશ છે કે બધા રાગ દમણાં છોડવાના નથી. અમુક રાગ કરવા લાયક છે. અમુક રાગ છોડવા લાયક છે.

રાગદ્વેષનું મારણ પણ રાગદ્વેષ છે.

કષાયનું મારણ કષાય છે.

અત્યાર સુધી જેટલા સાધક થયા છે તેને મોહને મોહ દ્વારા જ માર્યો છે. કષાય પર વિજય મેળવવા કષાય જ સાધન છે.

સભા:- દાખલો આપો

સાહેબજી:- જેમ કોઈને સાપ કે વીંછી કરડ્યો હોય ત્યારે ડોકટર, વૈદ્ય હવા, ઈન્જેક્શન આપે. જો હવા ન મળે તો રામ રમી જાય તેમ હોય

અને તે વખતે દવાથી બચી જાય તો આ પ્રસંગ જોઈને બોલું માનો આ દવા તો જીવન આપનાર છે. માટે શું તમે લઈ લેશે ખરા? લો તો રામરમી જાય ને?

સાપના ઝેરને મારવાની દવા તેના માટે અમૃત છે. પણ સાજાને તો? ઝેરનું મારણ ઝેર છે. ઝેર ચઢ્યું હોય તેને તાકાત આપે તેવી વસ્તુ ખવડાવો તો મરી જ જાય ને?

મેલનું મારણ મેલ છે.

કાંટો કાઢવાનું મારણ કાંટો છે. કાંટો અંદર ખૂપી ગયો હોય તો કાઢવા તીણી સોય જ લેવી પડે. તે વખતે તેને કથી પંપાળો તો નીકળે? માટે રાગ-દ્વેષ કષાયને કાઢવાનું સાધન કષાય જ છે.

સભા:- લુચ્ચાઈને કેમ મારવી? શું લુચ્ચાઈનો ઉપયોગ કરવો?

સાહેબજી:- પહેલાં કહો લુચ્ચાઈ કોની સાથે કરી છે? કોઈ વ્યક્તિ સાથે લુચ્ચાઈ કરી છે? તમને લુચ્ચાઈ ક્યાં કરવી ગમે? દુશ્મન સાથે ને! હવે તમે બહારના દુશ્મન સાથે લુચ્ચાઈ કરો છો પણ અંદરના દુશ્મન સાથે લુચ્ચાઈ કરી છે? બહારના દુશ્મનને દરરોજ કબ્જામાં પુરવા બેઠા છો પણ અંદરના દુશ્મન છે તેની સાથે લુચ્ચાઈ કરો. દુશ્મન કોનું નામ?

દુઃખ સંતાપ આપે તે. તમને હેરાન કરે તે દુશ્મન. આજ વ્યક્તિ દુશ્મન છે તેવું ડીક્સ છે? પણ ડીક્સ વ્યાખ્યા તો જે તમને હેરાન, પરેશાન કરી દુઃખ આપે તે.

હવે અંદરમાં રોજ કોણ સંતાપ આપે છે?

સભા:- મોહ

સાહેબજી:- ગામનો મોહ કે તમારો મોહ? તમારા મોહથી હેરાન થાઓ છો તેવું લાગે છે? તમને કોઈ આવીને થપ્પડ મારે, ચીંટીયો ખણે, વાળ ખેંચે તો કેવું લાગે? ગુસ્સો આવે તેમ

ક્રોધ, માન, અહંકાર લોભ બધા હેરાન કરી ભય તો તેના પર ગુસ્સો ન આવે ને? કબજામાં લેવાનું મન ન થાય ને? અંદરના દુઃખ આપનારા બધા ગમે છે બહારના જ દુશ્મન આકરા લાગે છે. અંદરના એક એક કષાયને ઠગવાનું કામ કરવાનું છે. ભગવાને તેની સામે સરસ લુચ્ચાઈ બતાવી છે. પ્રશસ્ત કષાયના વિષયમાં આગળ ખુલાવટ આવશે. આપણે ઋષભદેવના ચરિત્રમાં કેવી કળાથી જુવવું જોઈએ તે આવશે. પ્રશસ્ત કષાય ડગલે પગલે કેમ કરાય. જેમ પત્ની ઉપર પ્રશસ્ત કષાય કરો તો અમે ખરાબ નથી કહેતાં. તમારા બાળક ઉપર પણ પ્રશસ્ત રાગ કરો તો કર્તવ્ય છે. માટે રાગમાં પણ વર્ગીકરણ આવશે. પ્રશસ્ત રાગ કરવા જેવા છે અપ્રશસ્ત છોડવા જેવા છે.

જેમ નવકારમાં, તમે તેનો અર્થ બરાબર નથી ભણ્યા. તેમા શું કહે છે, એક બાજુ રાગ-દ્વેષ જીત્યા, આંતર શત્રુને જીત્યા તે અરિહંત. તો પાછા બીજી બાજુ તમે અમને કહો છો કે ભગવાન પર રાગ કરો. જેને જીતવાના છે તેને જ કરવાનું કહો છો? આતો કેવી વિરોધી વાતનું વર્તન કરવાનું કહો છો.

વીતરાગની આજ્ઞા પ્રમાણે રાગ-દ્વેષ કરો તો ધર્મ છે.

વીતરાગની આજ્ઞા પ્રમાણે રાગ-દ્વેષનો ત્યાગ કરો તો પણ ધર્મ છે. માટે શાસ્ત્રમાં સૂત્ર આપ્યું "आणारु धम्मो". જે સમયે જે પરિસ્થિતિ, જે જૂમિકા, જે પ્રભુની આજ્ઞા તે ધર્મ છે.

ભગવાનની આજ્ઞા પ્રમાણે હિંસા પણ ધર્મ છે.

ભગવાનની આજ્ઞા વિરુધ્ધ અહિંસા પણ અધર્મ છે.

ટાઈમ થઈ ગયો છે આગળ આવશે.

॥ ૫.૪.શ્રી યુગજુખણવિજયજુ સદ્ગુરુભ્યો નમઃ॥

૨૦-૭-૮૫ ગુરુવાર અષાડ વદ નોમ

॥ વીરવિંશીકા॥

॥ પ્રણિધાન॥

ગોવાણિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવ માત્રને વિશુધ્ધ ધર્મની પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ આ જગતના જીવો પ્રાયે કરીને અધર્મમાં જ રાચે છે. ક્યારેક તેમને ધર્મની પ્રાપ્તિ થાય છે. અને પ્રાપ્ત થયા પછી આદરે પણ છે. પણ હજુ સુધી જીવને વિશુધ્ધ ધર્મ પ્રાપ્ત થયો નથી. તો એવો ધર્મ પ્રાપ્ત કરવાનો ઉપાય શું?

તો મહાપુરુષો કહે છે કે કોઈપણ ધર્મમાં જો પ્રણિધાન ભળી જાય તો તે વિશુધ્ધ ધર્મ બને છે. માટે ધર્મના ક્ષેત્રમાં પ્રણિધાન અતિ આવશ્યક છે. પછી ભલે તે જૈન ધર્મની કે અજૈન ધર્મની ક્રિયા કરતો હોય. પણ પ્રણિધાન ન હોય તો તેને અમે વિશુધ્ધ ધર્મ કહેવા તૈયાર નથી. પણ પ્રણિધાન પૂર્વકની ક્રિયાને વિશુધ્ધ ધર્મ રૂપ આત્મકલ્યાણનું સાધન કહેવા તૈયાર છીએ.

હવે આ પ્રણિધાનને પામવા માટે પૂ. ઉપાધ્યાય યશોવિજયજીએ ટીકામાં લક્ષણ કર્યું કે હીનગુણા લેષા ભાવ.

ધર્મ ક્ષેત્રમાં કર્તવ્યનો ઉપયોગ,
સંકલ્પ, ધ્યેય એટલે પ્રણિધાન
પ્રણિધાન માટે બે વિશેષણ મૂક્યા
હીનગુણા લેષા ભાવ
પરોપકાર

હીનગુણા લેષા ભાવ, આ ત્રીજા સ્ટેપની વાત છે. આત્મકલ્યાણનો માર્ગ અલેષ દ્વારા સમજવો હોય તો તેમાં અલેષના આઠ સ્ટેપો છે. તેમાં રાગલેષના નીકંદનની સાધના જ ખરી સાધના છે. તે વીતરાગ બનવાની સાધના છે. તે બન્યા પછીની સાધના સરળ છે

તેમાં સ્ટ્રગલીંગ નથી. પુરુષાર્થની આવશ્યકતા વીતરાગ બનવા સુધીની છે. હવે તેના ક્રમમાં આપણે રાગદ્વેષને કઇ રીતે જુતવા? આપણા રાગ-દ્વેષ લાખો, કરોડો વસ્તુ, વ્યક્તિઓ સાથે ફેલાયેલા છે. આપણે વ્યવહારે અપેક્ષા રાખીએ કે રાગ-દ્વેષને તીલાંજલી આપીએ. પણ તે એક દીવાસ્વપ્ન જેવી વાત છે. તેને તોડવાની ક્રમબધ્ધ પધ્ધતિ છે. જેમ રાગમાં ક્રમ બતાવ્યા છે તેમ દ્વેષમાં ક્રમ બતાવ્યા છે. જેમ પહેલાં આ છોડો પછી આ છોડો.

હવે જેનામાં સુખનો રાગ છે તેને દુઃખનો દ્વેષ છે. વ્યવહારે દુઃખનો દ્વેષ છોડવાનો નથી પણ દોષનો દ્વેષ છોડવાનો છે. જ્યાંસુધી જીવમાં દોષનો દ્વેષ છે ત્યાં સુધી જીવે દુઃખનો દ્વેષ જાળવી રાખવાનો છે. ન હોય તો પેદા કરવાનો છે.

અત્યારે અનુકુળતા ગમે છે પ્રતિકુળતા નથી ગમતી. પ્રતિકુળતાની જેવી વાત આવે એટલે જીવને ગભરામણ થાય છે. જેમ ડોક્ટર પાસે તમે જાઓ અને તેમના મોં ઉપરથી મોટા રોગનું નિદાન થાય તેવું લાગે તો પરસેવો થઇ જાય છે. રોગ પ્રત્યે ભય છે. કારણ તે તમને સંતાપ આપે છે. તમને દુઃખ પ્રત્યે અણગમો છે દ્વેષ છે.

સુખ પ્રત્યે રાગ થાય અને દુઃખ પ્રત્યે દ્વેષ થાય ત્યાં સુધી ગુણ પ્રત્યે રાગ અને દોષ પ્રત્યે દ્વેષ કેળવવો પડે, નહીંતર સાધના કરવામાં થાપ ખાઇ જશો.

જેમ કોઇ વ્યક્તિ તમને હેરાન કરે તો અસર થાય છે. માટે ત્યાં સુધી જે તમારા દુર્ગુણો છે તે હેરાન કરનારા છે. તો તેના ઉપર પણ અણગમો, દ્વેષ રહેવો જોઇએ. પહેલી દોષ પ્રત્યેનો અણગમો કાઢવાનો છે. પરંતુ અત્યારે તો ગુણનો રાગ અને દોષનો દ્વેષ રાખવાનો છે.

અત્યારે ઘણા કરે છે રાગ-દ્વેષ કરવા નહીં. તેને શાંતભાવે,

સમતાભાવે જોયા. પરંતુ જ્યાં સુધી તમને મત્સર કરડે તો તેના ઉપર ક્રોધ આવે છે. કારણ પીડા આપે છે. માટે અપ્રીતિ કે દ્વેષ થાય તો તમારા દોષ પ્રત્યે તટસ્થ બનો તો ન ચાલે. પરંતુ ઘૃણા, અપ્રીતિ, તીરસ્કારભાવ, અસ્પૃશ્યભાવ કેળવવો જોઈએ. તેમ ગુણ ઉપર રાગનો ભાવ કેળવવો જોઈએ.

ગુણ ઉપરનો રાગ અને દોષ ઉપરનો દ્વેષ આગળની સાધનામાં જતાં છોડવાના છે. જો અત્યારે ત્યાગ કરો તો સાધનામાંથી ભ્રષ્ટ થશો. અત્યારે ભગવાનને જુઓ તો રાગ કરવાનો છે. વીતરાગનો રાગ તમારા સંસારનો રાગ તોડવાનું સાધન બનશે. ભગવાન પરીપૂર્ણ ગુણીયલ વ્યક્તિ છે. માટે રાગ, અહોભાવ તેમના તરફ કેળવવાનો છે. આત્માનો વિકાસ કરાવવા તે આવશ્યક સાધન છે. જીવનમાં જે પણ ખામીઓ છે તેના માટે સમભાવ કેળવીએ તે વ્યાજબી નથી. જેમકે સ્વાર્થવૃત્તિ, આસક્તિ, કંજુસાઈ, કઠોરતા, ઉગ્રતા જેટલા પણ દોષો છે તેના તરફ અપ્રીતિભાવ, અસ્પૃશ્યનો ભાવ લાવવાનો છે. તે કાંઈ એમનેમ ખસવાના નથી. તટસ્થતાથી જો અવલોકન કરશો તો તે જામીને વધારે મજબૂત થઈને બેસી રહેશે. માટે અત્યારે તટસ્થતાથી, સમભાવથી તેનું અવલોકન કરવાનું નથી.

સાક્ષીભાવ ગુણ-દોષ પર રાખવાનો નથી. બીજાના ગુણ-દોષ પર પણ સાક્ષીભાવ રાખવાનો નથી. તમને પવિત્ર મહાત્મા કે પવિત્ર શ્રાવક મળે તો તેને જોવાથી સદ્‌ભાવ, બહુમાન પ્રીતિ જાગવી જોઈએ તેનો બદલે થવો રાગ કેળવવો પડે. પરંતુ તટસ્થ જોવાનું નથી.

કોઈ ગુણીયલ વ્યક્તિ આવે અને કોઈ વદમાશ વ્યક્તિ આવે તો બન્નેને કોઈ ત્રાજવે તોળવાના છે?

કે પછી કોઈ પ્રત્યે બહુમાન રાખવાનું છે અને વદમાશ પ્રત્યે કરુણાભાવ રાખવાનો છે.

અત્યારે અમુક રાગ-દ્વેષ કરવાના છે અને અમુક રાગ-દ્વેષ છોડવાના છે. વિચારવાનું કે કયા છોડવાના છે.

પહેલાં ગુણ પ્રત્યેનો દ્વેષ છોડવાનો છે પછી
મુક્તિનો દ્વેષ પછી
હીન ગુણીનો દ્વેષ

જે દોષ ઉપરનો રાગ અને ગુણ ઉપરનો દ્વેષ છે તે ઉંધી સાવકલ છે. જેને પલટવી પડે. માટે પહેલાં દ્વેષમાંથી અદ્વેષમાં અને પછી જ રાગમાં આવી શકાય. બધા ગુણ ઉપર ઉંડે ઉંડે અભાવ કે અરુચીનો ભાવ ન આવે તેવી કાળજી લો. અને તેજ વ્યક્તિ ચરમાવર્તમાં સ્થિર થાય છે. અને આ કક્કાવાળા જીવ ધર્મ પામવા માટે લાયક બને. હા, હજુ તેનો મોક્ષમાર્ગમાં પ્રવેશ થયો નથી. પરંતુ ચરમાવર્ત ન પામે તો જીવ ધર્મ કરે તો પણ તે ગેરલાયક છે. હા, ભવિષ્યમાં પરિવર્તન થાય. પરંતુ અત્યારે તેને લાયકનું બિરુદ આપી શકાય નહીં. આ વ્યાખ્યામાંથી કોઈ જીવની બાદબાકી થાય નહીં. પછી ભલે તીર્થંકરનો જીવ હોય. તીર્થંકરો પણ આજ માર્ગથી ચઢ્યા છે. આજ માર્ગને લાવ્યા વગર ઉપાય નથી. જેમ અમુક જગાએ જવા અમુક પોઈન્ટ પર આવવું પડે. તેમ ધર્મના ક્ષેત્રમાં જીવ પુરુષાર્થ કરે, ગુણો કેળવે પણ આ પોઈન્ટ પર આવવું પડે. ગુણનો અદ્વેષ પામવો જ પડે.

અને આ પામ્યા પછી શું ? તો
મોક્ષનો અદ્વેષ પામવો પડે.

અને તેનો વિરોધી સંસાર પરનો ગાઢ રાગ છે. માટે ક્યાં ક્યાં ગાઢ રાગ છે તેનું વિશ્લેષણ કરી જાતને તપાસો. તમારા સંસારનો રાગ અકૃત્રિમ નથી. પરંતુ તમામે તમામ વ્યક્તિ કે વસ્તુ પરનો રાગ કૃત્રિમ જ છે દરેકે જીવના રાગ કૃત્રિમ છે. નિયમ છે કે જ્યાં સુધી એ રાગ તમને સુખનું સાધન બને ત્યાં સુધીજ તમારો રાગ રહે છે. પરંતુ

જેવી તે વસ્તુ કે વ્યક્તિ તમને દુઃખનું સાધન બને એટલે તેના ઉપર દ્વેષ થવા વગર રહે નહીં.

જેમ જે દીકરો મા વગર એક મીનીટ રહેતો નહોતો, જાનપણમા મા બહાર જાય તો આખો દિવસ રડ્યા કરે. કારણ મા વગર ચાલતું નહોતું. પરંતુ જે દિવસે માથી કામ સરે નહીં પછી તે મા સુખનું સાધન નથી લાગતી. એટલે તેનો રાગ ઓસરવા માંડે. નાના હતા ત્યારે બે દિવસ પણ ના ચાલે તે મોટા થાયને કહી દે તમારે કથ, કથ કરવી નહીં, કશામાં માથુ મારવું નહીં. હા, તમે તેનાથી દૂર જાઓ તો તે રાજીને! ચલિંયા વ્યક્તિ તો તેની તેજ છે, કાંઇ બદલાઇ નથી. પરંતુ સુખનું સાધન જ્યાં સુધી લાગતી હતી ત્યાં સુધી રાગ હતો માટે બધે આવ ક્રમ છે. બધી વસ્તુ પરનો રાગ કામચલાઉ જ છે.

જેમ ઘડિયાળ પર રાગ છે પણ કાલે ઘડિયાળ જુની થાય એટલે રાગ ઓસરવા માંડે. જેમ બચ્ચાની ફ્રેમ પર રાગ છે. પણ તેનાથી વધારે સારી બીજ મળે એટલે આના પરનો રાગ ઓસરી જાય. જેમ તમે અત્યારે તમારા ઘર માટે ઓતપ્રોત છો. કદાચ તમને આ ઘર પર રાગ છે. પણ જો તેનાથી ચડીયાતું ઘર મળે તો આ ઘરને વેચવા તૈયાર છો ને! માટે ઓલ્ટીમેટ રાગ જ્યાં સુધી. જ્યાં સુધી સુખનું સાધન છે ત્યાં સુધી. માટે

રાગ સુખ પર છે તેમ
દ્વેષ દુઃખ પર છે.

આ સંસારમાં અંતિમ બિંદુ સુખ-દુઃખ છે. જે વ્યક્તિને મોક્ષમાં દુઃખ દેખાય તેને મોક્ષ પર દ્વેષ રહેવાનો. પછી ભલે તેને વિચાર્યું હોય કે ન વિચાર્યું હોય.

તમે મોક્ષ કેવો છે તે જાણ્યું નથી, સમજ્યા નથી, ચિંતન

મનન કર્યું નથી પણ જેવો મોક્ષ છે તે જો તમારી સામે રજુ થાય ત્યારે તમને લેષ થવાનો.

જેમ અત્યારે શરીરમાં હજુ રોગ થયો નથી. બધા રોગના તમે નામ સાંભળ્યા નથી. છતાં પણ જો રોગની વાત આવે, વર્ણન કરીએ તો લેષ અને ભય થવાનો. કારણ તેના પ્રત્યે અણગમો છે. દુઃખ આપનારો છે.

મોક્ષ કેવો છે

સંપૂર્ણ પુદ્‌ગલથી રહિત છે. ત્યાં ભૌતિક આનંદ છે જ નહીં. જેને ભૌતિક આનંદમાં સુખ લાગતું હોય તેવી વ્યક્તિને મોક્ષ માટે અણગમો, અરુચી થાય નકકી!

અમારા જેવા સાધુ બોલે કે મોક્ષે જવા જેવું છે ત્યાં અનંતુ સુખ છે. આજ પામવા જેવું છે તો હા, હા કરે પણ પૂછે કે મોક્ષમાં શું મળે? ત્યાં જઇને શું કરવાનું છે? તો તેને કાંઇ ખબર ન પડે. પણ તેને ઉંડે ઉંડે છે, ત્યાં ભેંકાર જગા છે, ખાલી પડ્યા રહેવાનું. બોલવાનું, ચાલવાનું, ખાવાનું, પીવાનું, મોજમજા કરવાનું કાંઇ નથી. કાયમ એકલા રહેવાનું. આવી પરિસ્થિતિ માને. પણ મોંથી બોલે નહીં કારણ સાંભળ્યુ હોય કે આવું બોલીએ તો ભયંકર પાપ લાગે, ઠંડા, કુઠંડા કરીએ તો મિથ્યાત્વ લાગે. માટે બધી વાત સ્વીકારી લે. પણ તેને ગળે ઉતરે નહીં. તમને મોક્ષનું સુખ બરાબર બેસી ગયુ છે? કે બાકી છે?

સભા:- સાહેબ મોક્ષના સુખનું વર્ણન કરો.

સાહેબજી:- તેના માટે પીઠીડા બાંધવી પડે.

હજુ તમે સુખની વ્યાખ્યામાં જ ગડમથલમાં છો. સુખ કોને કહે તે વિચાર્યું છે કે નહીં તે જ પ્રશ્ન છે. ફક્ત સુખના નામથી બાવરા થઇને ફરો છો. કોઇ વસ્તુ મેળવવાની લગની લાગે પછી મેળવવા

ચર્યા કરો, તેવી આખી દુનિયાની સ્થિતિ છે. મુઢ બની દુનિયા દોડી રહી છે.

તમને ભૌતિક આનંદમાં જ સુખ દેખાતુ હોય, તેમાં જ સુખની વ્યાખ્યા ઉભી થતી હોય તો આત્માનું સુખ સમજાય નહીં. પણ જ્યારે સંસારના સુખમાં દુઃખમયતાનું ભાન થાય ત્યારે જીવ આત્માના સુખને સમજવા લાયક બન્યો છે. આની ઘણી જ સમીક્ષા, ચર્ચા કરવી પડે.

શાસ્ત્રમાં ઉપદેશમાલામાં કે જેના રચયીતા પૂ. ધર્મદાસ ગણી, પ્રભુ મહાવીરના શિષ્ય જે ૧૪ પૂર્વધર હતા તેમને કહ્યુ છે કે " અમારી દ્રષ્ટીએ મહાન આશ્ચર્ય હોય તો તે આજ કે દુનિયા આખી દુઃખ ઉભુ કરી પછી દુઃખમાં રાહત કરવી તેને સુખ માનવા તૈયાર નથી.

તમને તાવ આવ્યો હોય ત્યારે માથા પર પોતા મુકો ત્યારે ઠંડક થાય, જરા રાહત થાય. ત્યારે તમને કોઇ કહે મજા છે તને પોતા મુકવાની, કેટલી ઠંડક થાય છે! તો તમે શું કહેશો " તુ અનુભવ કરી જો. શું મારી હાંસી ઉડાડે છે! તને થશે ત્યારે ખરાબ પડશે.

તાવથી સંતાપ પીડા થાય છે તેમાં પોતા ઉારા રાહત છે. જો તેમાં તાવમાં પોતા મુકવામાં તમે સુખ માનો છો તો પછી તે સુખ મેળવવા દરરોજ તાવ લાવજો.

તેમ ગુમડુ થયુ હોય તેમાં પસ થાય ત્યારે ચંદ્ર ચેન ન પડે. અસ્વસ્થ પીડા, તકલીફ થાય. ત્યારે તમે ચીક મુકાવી પસ કાઢો એટલે રાહત થાય! જો આવી રાહતનું સુખ જોઇતું હોય તો દરરોજ ગુમડું ઉભું કરવું પડે.

તમારા ત્રાસમાં રાહત થઇ તે કાંઇ સુખ કહેવાય?

દુનિયામાં દુઃખ પેદા કરી રાહત થાય તેને સુખ માનવા તૈયાર નથી. જો તમે તે માનવા તૈયાર હોવ તો હું ઘણા જ ડિમિયા બતાઉ. પણ તમને ફાવે તેમ નથી.

જેમ પાલીતણાની જાત્રા ઉતાવળ, ધડાધડથી કરી ત્યારે પગે ગોટલા ચઢી જાય. પછી તેને ચંપી કરાવો તો કેવી રાહત થાય? પરંતુ જો એમનેમ ચંપી કરાવો તો પગ દુઃખવા આવે? માટે ચંપીની મજા મેળવવા ગોટલા ચઢાવા પડે.

બહિંથા જ્ઞાની કહે છે કે સંસારના તમામ સુખ આવા છે. પહેલાં દુઃખ ઉભુ કરી પછી તેમાં રાહત કરે તેનું નામ સુખ છે. જેમ તમે થાક્યા હોવ અને ઉંઘો તો મજા આવે કે વગર થાકે પથારીમાં આળોટો તો મજા આવે? બાર કલાકની ઉંઘ કરીને ઉઠો ત્યારે પૂછે તો કહેશો મજા આવી ગઈ. તો કહે બાર કલાક ફરી ઉંઘી જાઓ તો તમે શું કહેશો.

બબા:- ના હવે નહીં.

સાહેબજુ:- કેમ હવે મજા ના આવે? ઉંઘવામાં સુખ ક્યાં સુધી? થાક છે ત્યાં સુધી? પછી ઉંઘમાં મજા ખરી? માટે ઉંઘનું સુખ કામચલાઉ છે. બસ થાકમાં થોડી રાહત થઈ.

માટે નટશૈલમાં કહીએ તો પહેલાં દુઃખ ઉભુ કરી તેમાં જે રાહત કરી તેનું નામ સુખ. અને સંસારના બધા જ સુખ આવા છે. આ વાત ડાહ્યો માણસ માને ખરો? માટે જ્ઞાની ભગવંતો આપણને ગાંડા કીધે તેવું કહે છે. ગાંડામાંથી ડાહ્યા બનવાનું છે. માટે જેટલો ધર્મ અપનાવીએ તેટલા ગાંડામાંથી ડાહ્યામાં આવતા જઈએ. પરંતુ અનંતકાળથી આત્મામાં મુઠતા ઘુંચાયેલી છે. તમે એવું એવું સંસારનું સુખ બતાવો કે જેમાં દુઃખમાં રાહત થાય એવું સુખ ન હોય. એવું સુખ બતાવો પહેલાં દુઃખ ન હોય, અને તેનું

નિરાકરણ તે સુખ. આને સુખ માનો તે બુદ્ધિની જડતા છે.

જેમ મચ્છર કરડ્યો એટલે બળતરા થાય, પછી ખણવાનું ચાલુ કરો એટલે બળતરામાં શાંતિ થાય. માટે કરડે પછી ખણો છો. અને મચ્છર ન કરડ્યુ હોય અને ખણો તો શું થાય? બળતરા ઉભી થાય? માટે ખણવાનું સુખ જોઈતું હોય તો મચ્છર કરડાવો! દુનિયાને પૂછો કે સુખ જોઈએ છે તો હા કહે એટલે કહો કે મચ્છર કરડે તેવી રીતે બેસો અને પછી ખણો તો સુખ મળશે. મજા આવશે. નો લાફો જ મારે ને! તમારી સવારની સાંજ સુધીની પ્રવૃત્તિ બધી આવી જ છે. જેમાં આના સિવાયનું નવું સુખ હોય તેવું બતાવો. અમે બધી વાત સચોટતા સાથે કરીએ છીએ. તમે તર્ક, વિતર્ક કરો, બધા જવાબ છે. એક ઈન્દ્રિયનું સુખ બતાવો. બધામાં પહેલા દુઃખ પછી કાયમચલાઉ રાહત. આના સિવાયનું નવું સ્વતંત્ર સુખ હીરો લઈને શોધવા જશો તો પણ સ્વતંત્ર સુખ નહીં મળે.

સંસારના તમામ સુખ દુઃખ સાપેક્ષ છે. સુખદુઃખનો પડછાયો છે. દુઃખના પર્યાય તેનું નામ સુખ. બધાજ આવા સુખ છે. જેમ તમે જ્યાં જાઓ ત્યાં પડછાયો સાથે જ છે. તમારા વગર પડછાયો હોઈ શકે? તે મૂળ આકૃતિની પ્રતિકૃતિ છે. સંસારનું સુખ, દુઃખનો પડછાયો છે. માટે પહેલાં દુઃખ ચૂકવો પછી જ સુખની પ્રાપ્તિ થાય.

૮૪ લાખ જુવાયોનીમાં દેવલોકના સુખ, મનુષ્યલોકના સુખ, ઈન્દ્રોના સુખ, કોઈપણ સુખ લો બધા જ સુખમાં આજ પ્રક્રિયા છે.

જેમ કોઈ દાઝે, પછી તેમાં દવા લગાડે એટલે ઠંડક થાય, દાહને શમાવે, સુખ લાગે. પણ દવા એમનેમ લગાવો તો શું થાય? માટે જો દવાની મજા માણવી હોય તો પહેલાં અવશ્ય દાઝવું પડે. બસ સંસારના બધા સુખ આવા છે. પહેલાં દાઝો પછી રાહત કરવી. દવા લગાવવી તે પણ કાયમની રાહત નથી.

જેવી દવાની પાવર જરા ઓટલે ફરી બધતરા થશે. ફરી દવા લગાડવી પડે. બસ તેમ સંસારના બધા સુખ આવા છે. તમામ સુખમાં આજ ઘટશે. તમે ખાવાના, પહેરવાના, ઓઢવાના, ઈન્દ્રિયના તમામ ભોગમાં આજ ખાસિયત પહેલા દુઃખ પછી અતિશય તેમાં ચાઠ, પછી તેમાં રાહત કરો એટલે સુખ. અને આવા સુખ તમને ગમે છે. ફાવી ગયા છે. કારણ તમારુ અવલોકન નથી. આ પ્રત્યક્ષ બેસી જાય તેવી વાત છે. મિથ્યાત્વ પડ્યુ છે માટે દુઃખ દેખાતું નથી.

જેમ તરસ લાગી છે, જેટલી તરસ વધારે અને પાણી પીઓ એટલી વધારે મજા આવે. પાણીના સુખની મજા તરસના દુઃખની સાપેક્ષ છે. જેમ ત્રાજવાની બન્ને દાંડીની ગતિ સાપેક્ષ છે. એક પલ્લુ નીચું કરવું હોય તો બીજા પલ્લાને ઉંચુ કરવું પડે. બેલેન્સ રાખવુ હોય તો સમાન સ્તર પર રાખવું પડે.

જેટલું દુઃખ પેદા કરો એટલું વધતર કચે સુખ પેદા થાય. માટે દુઃખનું વધતર એનું નામ સંસારનું સુખ. તમારે જેટલું વધતર જોઈતું હોય એટલી કિંમત ચૂકવવી પડે. આજ ક્રમ છે.

કકડીને ભૂખ લાગી હોય ત્યારે રોટલો, મરચુ પણ મીઠુ લાગે ?, અને એમનેમ ખાવા બેસો તો ૫૦ આઇટમમાં પણ મજા ન આવે ?. કારણ તમને ભૂખ નથી. સુખ ભોગવવાની પૂર્વ શરત તમે પૂરી કરી નથી.

પ્રીકન્ડીશન શું કે પહેલાં દુઃખ ઉભુ કરી ભોગવો પછી કામચલાઉ રાહત મળશે.

સભા:- સુખ પછી દુઃખ આવે છે

સાહેબજી:- અત્યારે આપને આ વાત નથી પણ સુખ જન્મે છે ક્યાંથી તેની વાત છે. પછી તો જે થવું હોય તે થાય.

સુખ પછી દુઃખ આવે એવું સુખ પસંદ પડે છે ? તો નક્કી

કરો કે સુખ ભોગવ્યા પછી દુઃખ આવે તો રડવું નહીં. આવે દુઃખ પડે તો સહન કરો. સહન પણ કેમ કરો છો ? દુનિયામાં જીવને અતિશય દુઃખ જોઈતું નથી.

અત્યારે ઘણા લેખકો લખે છે "સુખદુઃખ એ ક્રમ છે". જીવનમાં તડકો-છાંયડો આવે તેજ ખરું જીવન છે. જીવનમાં એકલું સુખ હોય તો કંટાળી જાય. માટે થોડું દુઃખ જોઈએ. તોજ સુખની મજા આવે માટે દુઃખ જરૂરી છે. તો પછી આપણે કહીએ કે

તમને સ્વાદીષ્ટ લાડુ આપીએ પણ તેમાં શું કરવાનું કે થોડું સુદર્શન તેમાં નાંખીને આપીએ. તો શું કહેશો ? તમારા સુખની શું વ્યાખ્યા છે. એકલું સુખ નહીં થોડું દુઃખ જોઈએ. તો પછી બધી વાનગી તમને કેવી આપવી ? બધામાં થોડો લીમડાનો રસ નાંખીએ. ફાવશે ?

તમારી ડીમાન્ડ શું છે ? અપેક્ષા શું છે ? દુઃખ નહીં જોઈએ. તેનો અર્થ શું ? માટે કોઈપણ જીવ આવું ઇચ્છતો નથી. પરંતુ એકલું જ સુખ ઇચ્છે છે. સુખથી કોઇ કંટાળતુ નથી. એકલા સુખથી જીવ કંટાળી જાય છે તે તમારી ભ્રમણા છે.

મહાપુરુષોના ચરિત્રમાં વર્ણન આવે કે તેઓ રાજકુળમાં જન્મેલા, વૈભવો લોગો તૃણવલાની જેમ છોડીને ચાલ્યા ગયા. આવું વર્ણન કરીએ ત્યારે કહે સાહેબ આટલુ બધુ સુખ મળેલુ માટે તેનાથી કંટાળી ગયા માટે છોડીને ચાલ્યા ગયા. અમને આટલુ મળે પછી અમે છોડીને ચાલ્યા જઈએ. કેમ તમને આ ગમતી દલીલ છે ને ? પરંતુ વજુદ વગરની વાત છે. વિન્ના કે શાલીભદ્રજીએ ત્યાગનો માર્ગ પકડ્યો તો તે સુખથી કંટાળીને દીક્ષા લીધી ? અમે ઘરબાર, પૈસા, પરીવાર છોડ્યા તે શું અમારે સુખ નહોતું જોઈતું માટે ?

દુઃખી થવા સંસાર છોડ્યો? કે
સુખી થવા સંસાર છોડ્યો?

ધર્મના ક્ષેત્રમાં એવી વાત જ નથી કે સુખની કામના છોડી દો. જુવને સુખની કામના રહેવાની જ. જેને સુખ ન જોઇતું હોય તેને ધર્મનું મોં જોવાની જરુર નથી.

સુખની શોધમાંથી ધર્મની શોધ થઇ છે.
સુખ માટે ધર્મ સિવાય કોઇ સાધન નથી.
મોક્ષ પણ સુખ માટે છે.
સંસારનો ત્યાગ પણ સુખ માટે છે.
ધર્મ પણ સુખ માટે છે.

ચૈતનાના સ્વભાવ વિરુદ્ધની વાત છે. ચૈતનાનો સ્વભાવ શું? અનંતકાળથી જુવને સુખની અદમ્ય ઇચ્છા છે. માટે સુખથી કંટાળીને દીક્ષા લીધી તેવું ન બોલાવ. પરંતુ તેમને સંસારના સુખમાં સુખ દેખાયુ નહીં માટે છોડીને ચાલ્યા. તમે જેને સુખ માનો છો તેમાં તેમને પીડા દેખાઇ, પીડાનો અનુભવ થવો માટે તેમને તે છોડ્યુ. સુખની તાલાવેલીથી ત્યાગમાર્ગ સ્વીકાર્યો. આ વાત સમજશો તો દયી બહલાઇ જશો.

ઘણા માને છે કે ધર્મ સ્વીકારશું તો સુખ છોડવું પડશે, કષ્ટ વેઠવું પડશે અને કષ્ટ વેઠવાની આપણી તાકાત નથી માટે જ તમે લીમીટમાં ધર્મ કરવાનું રાખ્યુ છે ને? શું માનો છો ધર્મ લીમીટમાં જ કરાય ને?

સભાઃ- સગવડના પ્રમાણે ધર્મ કરવાનો

સાહેબજીઃ- હા, જો બરાબ. ધર્મમાં સગવડતા લઇ આવ્યા. સગવડતાનો અર્થ શું કરો છો?

સભાઃ- ધર્મ વધારે કરીએ તો સંસારમાં મન રહે નહીં!

સાહેબજી:- તેમાં ખોટું શું છે ? લાડવો હોય તો રહોને. અમારી ના નથી. પણ લાડવો બતાવો. અમે તમને દુઃખી કરવા માંગતા નથી. ભગવાને કહ્યું છે કે જીવ માત્રને દુઃખ આપવું એ અધર્મ છે. જીવ માત્રને સુખ આપવું એ ધર્મ છે. આ વ્યવહાર નયની વ્યાખ્યા છે. જીવને સુખથી વિખુટો પાડો અને દુઃખનો સંયોગ કરાવો તો પાપ લાગ્યા વગર રહે નહીં. માટે અમને, તો પછી પાપ લાગ્યા વગર રહે નહીં. નિશ્ચય નય કહે છે, જેમ બીજાના આત્માને દુઃખ આપવું અધર્મ છે તેમ પોતાના આત્માને દુઃખ આપવું તે પણ અધર્મ છે. દુઃખ આપ્યો એટલે પાપ બાંધ્યો. તત્વથી આઠે કર્મનો બંધ શાનાથી થાય છે ?

જે આત્માને દુઃખ આપે તેને આઠે કર્મ બંધાય.

જે આત્માને સુખ આપે તેના તમામ કર્મો છુટવા માંડે.

તમે ૨૪ કલાક તમારા આત્માને હેરાન કરો છો. આત્માને શાંત કરો એટલે કર્મો છૂટવા માંડે. આ ધ્યાન રાખવા જેવો મુદ્દો છે.

અત્યારે તમારા આત્માને સુખ આપો છો કે દુઃખ આપો છો ? શરીરના સુખદુઃખની વાત નથી કરતો. દેહ અને ઈન્દ્રિયને તકલીફ ન થાય, તેને સુખ આપવા સતત સક્રિય, પ્રયત્નશીલ છો પણ આત્માને સુખ આપવા સક્રીય ખરા ?

શરીર- મન- ઈન્દ્રિયના સુખદુઃખ જુદા છે.

સભા :- આત્માના સુખ માટે ધર્મ કરીએ છીએ.

સાહેબજી:- આત્માના સુખ માટે ધર્મ કરો છો પણ આત્માને સુખ આપો એનું જ નામ ધર્મ છે. જેટલું આત્માને સુખ આપ્યું એટલો ધર્મ આરાધ્યો.

સભા:- દાખલો આપો

સાહેબજી:- તમે તમારા શરીરને ટાંચણી ખોસો તો વેદના થાય છે.

તમારા મનમાં ઇર્ષ્યા પેદા થાય તો સોય ભોંકાય તેવી વેદના થાય છે? મન-આત્માને પીડા થાય છે. ભીંત ઉપર હાથ ઘસાય તો બળતરા થાય.

સભા:- મનને ઉઝરડો નથી પડતો.

સાહેબજી:- મનને પડે છે. જેમ તમારો સગો હોય અને તમને હાડોહાડ લાગે તેવા વેણ કહે તો મન ઘવાય છે. સગી પત્ની પણ કાંઇ કહે તો મન ઘવાય છે. તમારે વ્યવહારમાં પણ કહેવત છે કે

શરીરના ઘા દવાથી રુઝાય પણ
મનના ઘા રુઝાવવા મુશ્કેલ છે.

તમે આવા કેટલા ઘા સાથે લઇને ફરો છો. તમને અત્યારે તમારા સગાવાહલાં, સકેલ, સંબંધી બધા તરફથી તમારી અપેક્ષા મુજબ સંતોષ છે? કે ચાંદાંપો છે? ઘવાયેલા છો? ઉઝરડા પડ્યા છે? અને પાછા તે બધા યાદ પણ હોય. આમ તમને કોઇએ સારુ કહ્યુ હોય તે ભૂલી જાઓ પણ કાંઇ ખરાબ કહેલું હોય તો યાદ રાખો ને! કહેશો આને મને નીચો પાડવા આવું કહેલું. આને દુઃખ જ કહેશો ને? મનના ઘા નથી પડતાં કે ઉઝરડા નથી પડતાં, જો તેવું હોય તો અમતરા માટે એવા વાતાવરણમાં તમને મૂકીએ, બધાને કહીએ તેમને સાબી કરજો. પછી શું થાય? ઘા, ઉઝરડા પડે છે? તેની વેદના થાય છે? દુઃખ થાય છે? તેમ આત્માને સતત પીડા કેમ આપે છે? વિષય કષાયો સતત પીડા આપે છે. મચ્છર કરડે તો બળતરા થાય, તેમ કષાયો બટકા ભરે તો વેદના થાય છે?

ક્રોધ, ઇર્ષ્યા બાબી ભાવ છે. આત્માને દુઃખ થયું. તમે જ દુઃખ ઉભુ કર્યું? કર્મનો બંધ કષાયથી છે. આત્માને પીડા આપવાથી કર્મબંધ છે. જે દિવસે આત્માને પીડા આપવાનું બંધ કરશો તે દિવસે કર્મબંધ અટકી જશે.

ધર્મ વધારે કરવાથી ગભરામણ કેમ છે?
ધર્મ કરવો, ઓલ્યે જનને સુખ આપવું.
ઓલ્યે તમે સુખથી ગભરાઓ છો?

હજુ બુદ્ધિનો અલેખ ઘણી સમજણ માંગશે. સંસારમાં મોક્ષ સિવાય પ્રતિષ્ઠાન કરવા લાયક કોઈ ચીજ નથી.

।। ५.५. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ।।

૨૧-૭-૯૫
શુક્રવાર
ભાદરવા વદ દશમ

।। યોગવિંશીકા।।
।। પ્રણિધાન।।

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રના આત્માની અનાદી કાળની ભ્રાન્તીનું નિરાકરણ કરવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ અનંતકાળથી આપણા આત્માની આ સંસારના વિષયમાં ભ્રાન્તી છે. આપણો આત્મા ઉંધા પુરુષાર્થને રવાડે ચઢ્યો છે. તેનું નિરાકરણ કરવા માટે ધર્મ એ પ્રબળ સાધન છે.

તત્વના વિષયમાં જે ભ્રાન્તી પેદા થઈ છે તેનું મુળ કારણ મિથ્યાત્વ મોહનીય કર્મ છે. મિથ્યાત્વ મોહનીયના કારણે આપણો આત્મા અનાદિથી ભ્રાન્તી લઈને ફરે છે. આત્મામાં સમકીત આવે એટલે ભ્રાન્તીનું મુળમાંથી નિરાકરણ થાય છે.

સમકીત એટલે અભ્રાન્તી, તત્વનું દર્શન, તત્વના વિષયમાં તેને ભ્રમ નથી. સમકીતીને દુનિયાના વિષયમાં ભ્રમ હોઈ શકે. સમકીતી દુનિયાની બધી જ વસ્તુના સાચા અર્થ ન પણ જોઈ શકે, તેને તેનું અજ્ઞાન કે અણસમજ ન જ હોય તેવું નથી. જેમ સમકીતીની આંખ નબળી હોય તો તેને ઝાંખુ દેખાય, તેને પણ કમળો હોય તો બધું પીળુ દેખાય.

આત્માને ભૌતીક દુનિયાની વસ્તુમાં ભ્રમ-ગેરસમજ, અજ્ઞાન હોવું તે જુદી વસ્તુ છે. અને તત્વમાં ભ્રમ, ગેરસમજ, અજ્ઞાન હોવું તે જુદી વસ્તુ છે. સમકીતીને તત્વના વિષયમાં ભ્રમ નથી હોતો. આત્માને આખી દુનિયાનું જ્ઞાન થાય તો જ સમકીત આવે તેવું નથી. આખી દુનિયાનું જ્ઞાન તો કેવળજ્ઞાનીને જ હોય છે. માટે સમકીતીને જગતના વિષયમાં ભ્રમ ન હોય તેવું અમે કહેતા નથી. પણ શાસ્ત્રના, તત્વના વિષયમાં ભ્રમ ન જ હોય. અને જો ભ્રમ હોય તો મિથ્યાત્વ નક્કી છે. જેને

તત્વના વિષયમાં ભ્રમ ટૂટે તેને સમકીત આવ્યું માનવું. જેને આ સંસારનું તત્વ ઉંધુ, વિપરીત દેખાય તેનું તત્વદર્શન ભ્રાન્તી છે.

જેમ ઘણા કાચ એવા હોય છે કે તમે જાડા હોવ તો દુબળા દેખાવ, દુબળા હોવ તો જાડા દેખાઓ, તમે જેવા હોવ તેવા તેમાં ન દેખાઓ પણ વિકૃત દેખાવ. કાચની પણ રચના છે તેનામાં વિપરીત દર્શન કરાવવાની તાકાત છે. જ્યારે ઘણા પારદર્શી કાચો એવા છે કે જેમાં જેવો ચહેરો છે તેવો જ દેખાય, તમે જેવા છો તેવાજ દેખાવ. તેમ

આત્મા પર મિથ્યાત્વ મોહનીયનો ઉદય છે. તે એક કર્મના રજકણો જ છે. તે જડ ભૌતિક પદાર્થ છે. જેમ કાચમાં વિકૃતી લાવવાની તાકાત છે. જોકે તેનામાં બાહ્ય દૃષ્ટીએ વિકૃતી લાવવાની તાકાત છે. તેમ આ રજકણો આંતર દૃષ્ટીમાં વિકૃતી લાવે છે. અને આ મિથ્યાત્વ મોહનીય કર્મ ઉંધુ જ દર્શન કરાવે છે. આ મિથ્યાત્વ મોહનીયની શક્તિ જે માની છે, તે અશક્ય અસંભવીત શક્તિ નથી માની.

જેની આગે જેના આત્મા પર સમકીત મોહનીયનો ઉદય થાય તેને જેવું તત્વ છે, તેવું જ દેખાય.

સમકીત મોહનીયનો ઉદય નિર્મળ દર્પણ જેવું કામ કરે છે.

મિથ્યાત્વ મોહનીયનો ઉદય વિકૃત કાચ જેવું કામ કરે છે.

જેમ વિકૃત કાચ, તમે ઉંધા ઉભા હોવ તો સીધા દેખાઓ, સીધા હોવ તો ઉંધા દેખાવ, કાળા હોવ તો ધોળા, ગોરા હોવ તો કાળા, જાડા હોવ તો પાતળા, પાતળા હોવ તો જાડા દેખાઓ. તેમ જેના આત્મા પર મિથ્યાત્વ મોહનીયનો ઉદય છે તેને આખી દુનિયા ઉલટી દેખાય. જગતનુ ભ્રાન્ત દર્શન કરાવવાનું કામ મિથ્યાત્વ મોહનીયમાં છે. અને આના કારણે વ્યક્તિ જે પણ પુરુષાર્થ કરે તે તેનો ઉંધી દિશામાં જ થાય. આત્માને આજ મિથ્યાત્વ ગુણસ્થાન પામવામાં આડખીલી

રૂપ છે. આગળના ભાવધર્મોમાં અવરોધક બીજા બધા કર્મો છે. પરંતુ પ્રણિધાન ભાવધર્મ પામવામાં તો આડખીલી રૂપ આજ મિથ્યાત્વ મોહનીય કર્મ છે.

પ્રશ્ન:- સાહેબજી મિશ્ર મોહનીય હોય ને?

સાહેબજી:- હા, પણ તેની તમે ચિંતા કરો નહીં. મિશ્ર મોહનીય ક્યારે હોય? સમકીત પામેલો હોય કે પામવાની તૈયારી પર હોય ત્યારે મિશ્ર મોહનીય હોય. અને ઉદય હોય તો પણ તેનો ઉદય લાંબો ટાઈમ રહેતો નથી. ત્રીજા ગુણસ્થાનકે મિશ્ર મોહનીયનો ઉદય હોય છે. ઉપરથી નીચે પડતાંને બીજું ગુણસ્થાનક આવે. કાં ચડતાંને આવે કાં પડતાંને આવે. ત્રીજું ગુણસ્થાનક બહુ રહેતું નથી. આત્માના વિકાસક્રમમાં રજ ઝમની ગણતરી કરી નથી. આત્મકલ્યાણ માટે ૧૪ ગુણસ્થાનક બતાવ્યા, પણ તેમાં ૧૧ સીધા સ્ટેપ છે જ્યારે ૨-૩-૧૧મું તો સાઇડટ્રેક છે. માટે તેની ચિંતા કરવી નહીં. અને તેનો કાળ અંતર્મુહૂર્ત રહે છે. ત્યાં આવીને ક્યાં તો ઉપર ચઢે, ક્યાં તો નીચે પડે. આ લાંબી સ્થિર ભૂમિકાઓ નથી. માટે તેવી ભૂમિકાની ચિંતા કરવાની નથી. ખરું મહત્વ તો મિથ્યાત્વ મોહનીય અને સમકીત મોહનીયનું છે.

મિથ્યાત્વ મોહનીયનો ઉદય થાય તો સમકીતથી પડવું પડે.

<u>મિથ્યાત્વ મોહનીય</u> <u>સમકીતનો</u> <u>વિરોધી</u> <u>છે</u>.

જેને સમકીત પામવું હોય તેને સમ્યક્ત્વ મોહનીયનું શરણું લેવું જ પડે. જે આત્મા મિથ્યાત્વનો સામનો કરે છે, તેવો આત્મા નક્કી થોડું ઘણું પામી શકે. પ્રણિધાન પામવા માટે દર્શન મોહનીય સાથે ઝઘડવું પડે. જે તેની સાથે દોસ્તી કરીને બેઠો હોય તેને પ્રણિધાન સાથે કાંઈ લેવાદેવા રહે નહીં. મિથ્યાત્વ મોહનીય સામે ફાઇટ આપવી જ પડે.

હવે મિથ્યાત્વ મોહનીય સામે લડવું એટલે શું ?
કાંઇ બાવડાથી કુસ્તી કરવાની નથી. આતો આંતરિક લડાઇ છે. આત્માના ચંદરના વિકૃત ભાવો સામે સંઘર્ષ કરવાનો છે.

મિથ્યાત્વનું કામ સંસારમાં નવા નવા ભ્રમ પેદા કરવાનું છે. ચોવીસે કલાક તમારી સંસારની ઠોઇપણ પ્રવૃત્તિ કે વિષયોમાં ભ્રાન્ત અક્સરો પેદા કરે. માટે એના કારણે જીવ તેની ચુંગાલમાંથી ન નીકળી શકે. આ ભ્રમને તોડવા જેટલો પુરુષાર્થ કરો તેટલા બહાર તમે નીકળો.

જેઓ આ ભ્રમથી પીડાઇ રહ્યા છે, તેમની દૃષ્ટી, બુદ્ધિ વિકૃત બની છે. તેઓ વાસ્તવીક દર્શન નથી કરી શકતાં.

સૌથી પહેલો ભ્રમ પોતાના અસ્તિત્વ માટે છે. જેમકે હું એટલે દેહ છું. દેહને આત્મા માનીને જીવ જીવે છે. દેહથી પોતાનું જુદુ અસ્તિત્વ માનતો નથી. માટે આત્માએ હું દેહથી ભિન્ન છુ, તેવું સતત ધારણ કરવાનું છે.

હું દેહ નથી. દેહથી ભિન્ન છું તેવું કદાચ આત્માને બેસી જાય. જેમ અભવ્ય આ માનતો હોય છે. અને આ ભૌતિક પદાર્થો જુદા છે તે વાત પણ તેને સમજાય છે પણ મુશ્કેલી ક્યાં છે કે આ સંસારનું સુખ છે તે જડ ભૌતિક પદાર્થોમાં જ સુખ છે અને તે ભૌતિક પદાર્થોમાં સુખ છે તેવું માનતુ હોય છે. અને આત્મામાં અનુપમ સુખ છે તે તેને પ્રતિતમાં નથી આવતું. તેને ફીલ નથી થતુ.
જેને આ દુનિયામાં મઝાઓ કહી શકાય તેવી, જેમકે ખાવામાં, પીવામાં, હરવાફરવામાં, મોજમજામાં જ સુખ, મજા દેખાય, તેની બુદ્ધિ તેમાં જ વધારે હોય.

મનુષ્યલોકના ભોગો કચરા જેવા છે. જેમ તમને ઝુપડપટ્ટીમાં મજા દેખાય ખરી ? એટલે આ ઝેરિયામાં રહેનારને ૧૫ દિવસ

ઝુપડપટ્ટીમાં રહેવાનું આવે તો શું કહે? રહેવાય નહીં? જીવાય કઈ રીતે? તેમ લાગેને?

હવે તમને જે જીવનમાં આકરુ કષ્ટ દેખાય છે. છતાં લાખ્ખો લોકો ઝુપડામાં મજેથી રહે છે. કાલી કુવડી સ્ત્રીમાં પણ તેને રાગ થાય છે. કાલુઘેલુ બોલનાર તેના છોકરા પર તેને રાગ થાય છે. જે ખાવાનું મળે તેમાં તેને આનંદ થાય છે. પ્રસંગે બધી મજાના સ્વાદ લેતા હોય છે. તમને જે જીવનમાં રસ નથી દેખાતો તેમાં તેમને મજા આવે છે. હા, તેમને બંગલો મળે તો રાજી છે પણ ન મળે તો કંટાળી જાય તેવું નથી. હવે મર્ત્યલોકના સુખ દેવતાના સુખ પાસે ઝુપડપટ્ટીના સુખ જેવા છે. કદાચ તેનાથી નીચલી ક્વોલીટીના ખરા. તમારા કહેવાતાં સુંદરમાં સુંદર બંગલામાં પણ ઈંટ, ચુના, પથ્થરના છે. સુંદરમાં સુંદર દેહમાં પણ હાડ, માંસ, લોહી છે. ગંદકી ભરપૂર છે. માટે દેવલોકના સુખ પાસે મર્ત્યલોકના સુખ શું વીસાતમાં?

અભવીનો જીવ પુણ્ય, પાપ માનતો હોય, તેને ભગવાનના વચન પર શ્રધ્ધા હોય, વિશ્વાસ હોય છે. અભવી દેવલોકને માને છે અને ત્યાંનાં ભોગમાં જ ખરી મજા છે એવું તે માને છે. અહિંયાના ભોગમાં મજા નથી. સુખ ભોગમાં જ છે એવું તે માનતા હોય છે.

અભવીના જીવને વૈરાગ્ય થાય તે દુઃખગર્ભિત કે મોહગર્ભિત જ વૈરાગ્ય થાય.

સભા:- તેમનું મિથ્યાત્વ મોહનીય મંદ થાય?

સાહેબજી :- હા, મંદ થાય, પણ તેમાં કાણુ ન પડે. કર્મમાં કાણુ પડવુ જુદી વસ્તુ છે. કર્મ પાતળુ પડવું જુદી વસ્તુ છે.

જેમ દાખલા તરીકે આ હોલમાં વચમાં પડદો કરી લઈએ અને રાતના અંધારામાં દીવો કરીએ તો બીજી સાઈડ દીવાનો પ્રકાશ આવે? પડદો માદરપાટનો, જાડો હોય તો પ્રકાશ આવે ખરો? હા, પડદો જેમ

પાતળો કરો, અને લાઇટ કલરનો કરો તો તે પ્રકાશ ગાલા રૂપે આવે. પણ ઓરીજનલ પ્રકાશ તો ન જ આવે. તો હીવાનો ઓરીજનલ પ્રકાશ ક્યારે આવે?

જો પડદામાં કાણુ પડે તો તેમાંથી ઓરીજનલ પ્રકાશ આવે. તેમ, આત્મા પર કર્મના આવરણ છે તેને તમે પાતળા કરો એટલે કર્મો પાતળા પડવાથી આત્માના ગુણો રૂપ પ્રકાશ જે બહાર આવે તે તેની ગાલારૂપ જ આવે. અલવીના પણ કર્મો પાતળા પડે ત્યારે તેનામાં ઘણા લાખ્યો ગુણો ખીલે પણ આ આત્માના ઓરીજનલ ગુણો ન હોય. કારણ તેઓ કર્મમાં કાણું પાડી શકતાં નથી. કાણું પાડવુ એટલે ક્ષયોપશમ. તેમને કર્મનો ક્ષયોપશમ થતો નથી. તેમના ગુણો ઔદયિક ભાવના હોય પણ ક્ષયોપશમ ભાવના ન હોય.

બીજો દાખલો જોઈએ.

જેમ અત્યારે ઘણી વખત ચોમાસામાં દિવસમાં સૂર્ય આકાશમાં ન દેખાય. અત્યારે ઘનઘોર વાદળા છે છતાં રાત જેવું અંધારૂ છે! દિવસ જ છે, દિવસનું અજવાળુ દેખાય છે. આ અજવાળુ જે દેખાય છે તે સુર્યના પ્રકાશની પ્રભા છે. બીજો ઓરીજનલ સુર્યનો પ્રકાશ નથી. વાદળા જેટલા ઘનઘોર જમે તેટલું અંધારૂ થાય. હવે ઘનઘોર વાદળા દિવસે થાય તો પણ રાત જેવું અંધારૂ ન થાય? રાત દિવસનો ભેદ રહે છે. અત્યારે સુર્ય છે પણ ઘણા વાદળા હોવાના કારણે મુળ પ્રકાશ નથી આવતો.

બીજી સામે દિવસે આછા વાદળામાં સુર્યનો પ્રકાશ દેખાય પણ તે ઓરીજનલ પ્રકાશ તો નથી. પણ જો વાદળામાં બોડ કાણું પડે તો ઓરીજનલ પ્રકાશ દેખાય. જેની કિંમત ઘણી છે.

તેમ તમારા આત્મા પર પણ કર્મના આવરણવા પડ છે. માટે તમે ગમે તેટલા ગુણો ખીલવો પણ તે આત્માના મુળ

ગુણોરૂપ નથી. પણ જો કર્મ ઉપર તમે કાણું પાડો તો એ વખતે એક ગુણ પણ ખીલવો તેનું મુલ્ય ઘણું છે. કર્મો પાતળાં થતાં જે ગુણો ખીલવો તે આત્માના ગુણોની ઝાંખીરૂપ ગુણો છે. પણ મુળભુત પ્રકાશરૂપ ગુણો નથી. તમારા ગુણો કેવા છે તે વિચારજો.

સભા:- સાહેબજી અમે તો આવો કાંઇ વિચાર જ કર્યો નથી.

સાહેબજી:- તમે ભાગ્યવાન થઇને અને વર્ષોથી ધર્મ કરનારા આવુ બોલો તે અફસોસની વાત છે. તમારે નક્કી કરી લેવું જોઈએ કે આપણે કયા સ્ટેજે આવ્યા છીએ અને કયા સ્ટેજ હવે પામવાના બાકી છે.

હવે આત્મામાં કર્મો કયા તોડવા તે જ રીતે નક્કી કરવું. જેમ વાદળા પણ આકાશમાં ઘરના ઘર રૂપે જામે છે. એક જ પડ કાંઇ વાદળાનું હોવું નથી. હવે પ્લેન ઉડે ત્યારે હજાર ફીટની હાઇટે જાય ત્યારે સામાન્ય વાદળા હોય અને આગળ પાંચ-દસ હજાર ફીટ ઉપર જાય ત્યાં ઘનઘોર વાદળાં હોય. તેમ હજાર ફીટે જાય તો ઘનઘોર વાદળા પણ હોય અને ઉપર વધારે જાય ત્યાં ખુલ્લુ આકાશ પણ હોય. તેમ આત્મા ઉપર પણ કર્મના ઘણા આવરણ છે. દાખલા તરીકે વાદળાના દસ પડ છે, તેમાં ઉપરના પડમાં કાણું પડે તો નીચે જમીન પર પ્રકાશ આવે ખરો? તેમ આત્મા ઉપરના બીજા ઘણા કર્મો તૂટે, નબળા પડે પણ જો નીચેનું પડ જે દર્શન મોહનીય કર્મ છે તેમાં પહેલું કાણું ન પડે તો? તેમાં જ પડવુ જોઇએ. આ બધી કર્મગ્રંથની માર્મિક ગંભીર વાતો છે.

હવે બીજા કર્મો તમારા ઢીલા પડ્યા પણ જો દર્શન મોહનીય ઢીલુ નથી પડ્યુ, તેમાં કાણું નથી પડ્યુ તો તમારા બધા ગુણ આભા રૂપ છે. પહેલા નીચેલા કર્મમાં કાણું પડે તો જ ઓરીજનલ ગુણ બહાર આવે. દર્શન મોહનીય તોડવાનું મુલ્ય, મહત્વ ઘણુ જ છે.

મિથ્યાત્વવાળો જીવ ચારિત્ર ગુણનો ગમે તેટલો વિકાસ કરે

તો પણ તે દ્રવ્ય ચારિત્ર જ કહેવાય. આત્મામા ગમે તેટલું જ્ઞાન પ્રગટે પણ જેનું મિથ્યાત્વ મોહનીય કર્મ તૂટ્યુ નથી તેના જ્ઞાનની કોઇ વેલ્યુ નથી.

જેમ મોટુ મકાન હોય, બંદરમાં તીજોરી હોય, તેમાં ઘણી સંપત્તિ, ઝવેરાત હોય અને તમારી પાસે બધા રુમની, તિજોરીની ચાવી હોય પણ તમારી પાસે જે મેઇન ગેટની જ ચાવી ન હોય તો બંદરની સંપત્તિ મેળવી શકો ખરા? તો પછી તિજોરીની ચાવીને શું કરવાની?

તેમ આત્માના બધા ગુણોનો વિકાસ થાય, આરાધના થાય પણ મિથ્યાત્વ રુપ મેઇન ગેટનું તાળુ ન ખુલી જાય. સમકીત રુપ ચાવી ન હોય તો સિદ્ધિ હાથમાં ન આવે.

માટે પ્રણિધાનને સૌથી પહેલી કડી કહી છે. પ્રણિધાન વગરના બધા આગળના ભાવધર્મનો પુરુષાર્થ તમારો એળે જશે. તમે કદાચ ચાવીથી ડમ્પાઉન્ડની વોલ ખોલી તો તેમાં જે હશે તે તો મળશે. પણ જેની પાસે પહેલી જ ચાવી નથી તેને તો હવા ખાવાની જ રહેશે. તેમ પહેલી ભૂમિકા જે આત્મા પામ્યા નથી તે આત્માનો બધો પુરુષાર્થ એળે જશે.

સભા:- સાહેબ પહેલી ચાવી આપોને!

સાહેબજી:- હા કહીશ, માટે જ બેઠો છુ

મિથ્યાત્વ તોડવાની પહેલી જરુરીયાત છે. બીજા કર્મોને તમે પછી તોડશો તો ચાલશે. પણ પહેલી ફાઇટ તો મિથ્યાત્વ સાથે જ કરવાની છે. તમને મિથ્યાત્વ તરફ કેટલો દ્વેષ કેટલો છે? તેનું નામ પડે તો લોહી ઉકળે ને? દુશ્મનનું નામ આવે તો ગુસ્સો આવે ને? મિથ્યાત્વ તમને વિકાસમાં દુશ્મન લાગે છે?

મિથ્યાત્વ એ તત્વની ભ્રાન્તી છે. મિથ્યાત્વએ ઉંધી

બુદ્ધિ, ઉંધી સમજણ પેદા કરી છે. તેને ઉંધા પાટા ચઢાવ્યા છે. માટે ભૂતકાળમાં આટલુ રખડ્યા અને અત્યારે પણ રખડીએ છીએ. સંસારનું પરિભ્રમણ અનંતકાળથી આના કારણે જ છે.

સભા:- મિથ્યાત્વ બુદ્ધિ ઉપર પ્રહાર કરે છે ?

સાહેબજી:- હા, બીજા કર્મો સીધા બુદ્ધિ પર પ્રહાર કરતા નથી. મિથ્યાત્વ વિવેક પર પ્રહાર કરે છે, ઘા કરે છે. સદ્‌બુદ્ધિ પર તે ઘા કરે છે. માટે જ અનંતકાળથી ભ્રાન્તી છે. આમ તો ભ્રાન્તીઓ ઘણી જ છે. અનંતકાળથી આપણો આત્મા માને છે કે સુખ સંસારના ભોગોમાં છે, આત્મામાં સુખ છે તે માનવા તૈયાર નથી.

કદાચ તીર્થંકરો, સદ્‌ગુરુ ગાયા ન મારે માટે દેવ-ગુરુ પરના ભરોસાને કારણે તમે માની લો ખરા કે આત્મામાં અનંતુ સુખ છે, જડમાં સુખ નથી, તે તમે વિશ્વાસથી સાચુ માની લો પણ અનુભવમાં કેવું ? તમારો અનુભવ સીધો કે ઉંધો? અત્યારની તમારી માન્યતા આત્માના સુખની જે છે તે અનુભવના સ્તર પર કે વિશ્વાસના સ્તર પર છે ? હા, કાંઇ બધાને વિશ્વાસના સ્તર પર પણ સાચી માન્યતા નથી હોતી.

શ્રધ્ધાના પણ ત્રણ પ્રકાર છે.

વિશ્વાસ રુપ શ્રધ્ધા
સમજણ રુપ શ્રધ્ધા અને
અનુભવના સ્તર રુપ શ્રધ્ધા.

હા, સાચી વસ્તુની શ્રધ્ધા સારી છે. સારા માણસ પર કરેલી શ્રધ્ધામાં લાભ છે. વગર સમજે પણ સારા માણસ પર કરેલી શ્રધ્ધામાં જોખમ નથી. માટે સાચા દેવગુરુ પર વિશ્વાસ રાખો તે ખોટું નથી. પણ તેટલાથી કાંઇ ભ્રાન્તી ટળતી નથી.

આત્મામાં સુખ છે તેનો જેને અનુભવ ન થાય તેને મોક્ષમાં

સુખ છે, તેવું લાગે નહીં.

સભા:- અનુભવ કેવી રીતે.

સાહેબજી:- તે પામવાની જે પ્રક્રિયા છે તેમાં પહેલું પગથીયું સંસારના સુખો દુઃખરૂપ છે. તમને વિરોધી વસ્તુમાં ભ્રમ છે. તમે ઘોળી વસ્તુને પીળી માનો છો. ઘોળીને ઘોળી ન માનો તો ચાલે પણ તેને પીળી માનો તે તો ન જ ચાલે.

એની જેમ અદિયા સંસારના પૌદ્ગલિક સુખો સુખ નથી પણ દુઃખ જ છે. આ વાત અનુભુતિમાં આવવી જોઈએ. નહીંતર વિકાસનો એકડો પણ શરૂ ન થાય. આપણે ગઈકાલે તેના પર થોડું વિચારી ગયા હતા.

આ સંસારમાં એક સુખ નથી જેને સ્વતંત્ર સુખ માની શકાય.

સભા:- સંગીતનું સુખ માણીએ છીએ તેમાં દુઃખ છે તે કઈ રીતે?

સાહેબજી:- આ જે સંસારના સુખ છે તે ઉભા કરેલા દુઃખોમાં રાહત બરાબર છે. હવે, તમે કહો છો સંગીત સાંભળતાં તેમાં દુઃખનો અનુભવ નથી થતો. હવે તમને પસંદ પડે તેવા સંગીતની ટેપ આપીએ. અને તમે એજ ટેપ ૨૪ કલાક સાંભળો તો શું થાય? બેવાર, પાંચવાર, પચ્ચીસવાર સાંભળો પછી એમ થાય કે હવે આ ન જોઈએ. સાંભળતાં પછી કંટાળો આવે છે, પછી કહો હવે બીજ સંભળાવો. તેનો અર્થ શું? જો સંગીતમાંથી જ સુખ મળતુ હોત તો કેસેટ તો એની એજ છે. તો કાયમ સુખ મળવું જોઈએ. અરે કાયમ સુખ નહીં પણ સાંભળતાં, સાંભળતાં સુખનો ગુણાકાર થવો જોઈએ.

દા.ત. દુધપાકની એક વાડકી પીઓ અને જે સુખ મળે તો બીજ વાડકી દુધપાક પીઓ તો કબ્બલ સુખ મળવુ જોઈએ? ત્રીજ વાડકી એ તેનાથી કબ્બલ. એમ સુખનો ગુણાકાર થવો જોઈએ. પણ તમે વિચારજો બીજ વાડકીએ શું થાય છે. ત્રીજએ શું થાય છે. જો

દુઃખપાકમાં જ સુખ હોત તો દુઃખપાક વધારે પીતાં સુખ પણ વધવું જોઈએ.

સભા:- અતીન્દ્રાયોક્તી થઈ જાય

સાહેબજી:- શેમાં અતીન્દ્રાયોક્તી થાય છે. સુખમાં કે વસ્તુમાં ? સુખમાં ઉદી અતીન્દ્રાયોક્તી થઈ છે ? પાછુ વિચારીને બોલજો. દુઃખપાક પીતાં સુખ વધ્યુ ? સુખથી તમે ઘેરાઈ ગયા કે દુઃખપાકથી ઘેરાઈ ગયા ? જો તમારું સુખ વધ્યુ હોય તો તમારો કાન આંબળીએ. આ સંસારમાં કોઈ આત્મા એવો નથી કે સુખથી ઘેરાઈ ગયો હોય. સુખથી કંટાળ્યો હોય તેવો એક માણસ લાવી આપો.

સભા:- જેને વૈરાગ્ય આવે તે સુખથી કંટાળેલા હોય ?

સાહેબજી:- સુખથી કંટાળેલાને વૈરાગ્ય ન થાય પણ જેને સાચા સુખની તલપ થાય તેને વૈરાગ્ય થાય. વૈરાગ્ય એટલે સાચા સુખની સમજ. જેને આ પ્રગટે તેનું નામ વિરાગી જીવ છે. વીતરાગતા એ મૂળભૂત સ્વરૂપ છે. વીતરાગના સુખને સમજવા માટે વૈરાગ્ય એ પાયો છે. વિરાગી જીવ વીતરાગના સુખના અંશને સમજી શકે. માટે સુખથી કંટાળવાથી વૈરાગ્ય આવતો નથી. હા, અત્યારે સુખના નામથી તમે ખાલુ જ પકડીને બેઠા છો. તીર્થંકરો સુખથી કંટાળ્યા માટે મોક્ષે ગયા તેવું નથી. જે સુખથી કંટાળે તેને તો પછી નરકે જવું જોઈએ. મોક્ષે કોણ પસંદ કરે કે જેને દુઃખ જરાપણ નથી ભોગવું. તીર્થંકરો મોક્ષે ગયા કારણ તેમને સુખ વગર ચાલે તેમ નહોતું. અને સુખની વ્યાખ્યામાં તેઓ બાંધછોડ કરવા તૈયાર નહોતાં. તમે તો સુખ સાથે બાંધછોડ કરી લીધી છે ને ? એકલુ સુખ નથી મળતું તો કાંઈ નહીં માટે જેવું મળે છે તેવુ સ્વીકારી લીધુ છે. પણ જેને પૂર્ણ સુખની ઈચ્છા હોય તે સંસારમાં એક મીનીટ પણ ન રહી શકે. તમારી કઈ ક્વોલીટીની ડીમાન્ડ છે ?

સંસારના દુઃખના કારણે વૈરાગ્ય આવે તે સાચો વૈરાગ્ય નથી પણ સંસારના સુખમાં દુઃખના અનુભવથી સુખ પર વૈરાગ્ય થાય તો સાચો વૈરાગ્ય કહેવાય. સંસારના સુખ એ દુઃખના પર્યાય છે. તેમાં રતીભાર સુખ નથી તેવું જેને લાગે તેનો વૈરાગ્ય સાચો વૈરાગ્ય છે. દુઃખ ઉપરથી વિરાગ થાય તે ઔપચારિક વૈરાગ્ય છે.

તમે કોઈપણ ભોગ ભોગવો છો તેમાં તમે જીવનમાં સુખ મેળવવા કોઈપણ વસ્તુમાંથી પ્રયત્ન કરો છો ? જેમ ગુલાબજાંબુ, બરફી, સંગીત, ઘરેણા, કપડાં કોઈપણ વસ્તુ દ્વારા જ ભોગ ભોગવવાનો પ્રયત્ન કરો છો. હવે જો વસ્તુમાં જ સુખ હોય તો જેમ વસ્તુનો ભોગવટો વધે તેમ સુખનો ગુણાકાર થવો જોઈએ. પરંતુ આ તો ભાગાકાર થાય છે. વસ્તુ એની એજ છે. એક પેંડો ખાધા પછી બીજા પેંડે મજા ઘટી, ત્રીજા પેંડે વધારે ઘટી, તેમ કરતાં છેલ્લે ૦ પર મજા ગઈ. પેંડા અને જીભ એની એજ છે. તમે પણ એના એજ છો. તો શું બદલાયુ ?

સભા:- ભૂખ બદલાઈ

સાહેબજી:- માટે ભૂખ ઘટે તેમ સુખ ઘટે છે. જેટલી ભૂખ હોય તેટલું જ સુખ મળે. ઓછી ભૂખે ઓછું સુખ, વધારે ભૂખે વધારે સુખ, અને જરાય ભૂખ ન હોય તો? અને વગર ભૂખે ખાઓ તો શું થાય ?

વસ્તુ, ઈન્દ્રિયના ભોગની ક્રિયા, વ્યક્તિ કાંઇ બદલાઈ નથી. પ્રક્રિયા એની એજ છે. તો બદલાયું શું? પહેલા ભૂખની તલપ વધારે હતી, અને ભૂખ એ સુખ છે કે દુઃખ છે ? માટે બધુ સુખ એ દુઃખ સાપેક્ષ છે.

નાસ્તીકને પણ જે પુણ્ય, પાપ નથી માનતો તેને પણ આ વાતમાં કાન પકડવો પડે. બધા જ ભૌતિક સુખનો પ્રોબ્લેમ આજ છે. સ્ટોકમાં જો દુઃખ વધારે તો સુખ વધારે લાગે. પેંડા ખાવાની

તલપ રુપ દુઃખ વધારે તો પેંડા ખાતા સુખ વધારે મળે.

મારો બનેલો એક કિસ્સો કહું અમે એક વખત તીર્થસ્થાનમાં રોકાયેલા હતા. ત્યાં એક ભાઇ જે ડબલ એંજીનીયર વીટીશ વખતમાં થયેલા, તે આવેલા. તે ઘોડું દાન-ધર્મ કરે, પણ તેમને મોક્ષના સુખની વાત ગળે ઉતરે નહીં. કહે હું મોક્ષની બાબતમાં માનતો નથી. તે કહે સારા કામ કરવા અને આનંદથી જીવવું. જીવનમાં આનંદ લૂટી લેવો. વ્રત-તપ-ત્યાગ કરવામાં હું માનતો નથી. મને કષ્ટ ન ગમે. ત્યારે મેં કહ્યુ તમારી દૃષ્ટીએ વાત બરાબર. તમને દુઃખ નથી જોઇતું અને સુખ વધારે જોઇએ છે. તો જો આ દૃષ્ટી તમારી હોય તો તમને ભૌતિક સુખ ભોગવવાની ઇચ્છા વધારે છે. તો તમે મેકઝીમમ સુખને માણો તેવો કીમીયો બતાઉ. મે આવી વાત કરી તો ચમક્યા? કારણ અમારા સાધુઓ પાસે લોગસુખની નિંદા હોય. અને મેં તો ઉંધુ કહ્યુ. પછી મેં કહ્યુ તમે ઉનાળામાં બે કલાક બહાર રખડી આવો. બરાબર પરસેવે રેબઝેબ થઇ લાલચોળ થાવ. રોમેરોમમાં ગરમી લાગતી હોય, અંદરથી ઠંડકની અર્જ થાય, પછી તે વખતે તમે એરકન્ડીશનમાં બેસો તો જીંદગીમાં ન મળી હોય તેવી મજા મળે. વગર ગરમી સહન કરે આવી મજા ન આવે. તેમ શરબતની મજા લેવા પણ ખુબ રખડી આવો, કાં કસરત કરી કાંઠે પ્રાણ આવે તેવી તરસ લાગે પછી શરબત પીઓ એટલે તેના એક ટીપામાં કેવી મજા આવે? પરંતુ જો એમનેમ સોફામાં બેઠા બેઠા પીઓ તો? આ બધુ સાંભળીને કહે સાહેબ આમાં તો હેરાન હેરાન થઇ જઇએ.

પણ તમારે વધારે સુખ જોઇતું હોય તો પહેલાં વધારે દુઃખ ભોગવવું પડે. અને તે ભોગવો એટલે વધતર રુપે સુખ મળે છે. તમે ઘરાક નરીકે માલ માંગો તો જેટલા પૈસા થૂકવો તેટલો જ

માલ મળે ! કચરા જેવો માલ પણ પૈસા વગર ન મળે. માટે કોલસાના પણ ભાવ બોલાય છે.

તેમ ભૌતિક જગતમાં દુઃખરૂપી મુલ્ય ચૂકવ્યા વગર સ્ટીલાર પણ ભૌતિક સુખ મળતું નથી. ખાવાનું સુખ મેળવવા પહેલાં મજૂર કરડાવવા પડે. પીતાનું સુખ મેળવવા માટે પહેલાં તાવ લાવવો પડે. સંગીતમાં પણ તેની તલપ જેટલી વધારે જાગી થઇ હોય તેટલું સુખ વધારે. નહીંતર અકળામણ થશે.

તમને દુઃખ શું ખબર નથી
સુખ શું તે પણ ખબર નથી.

અનંતકાળથી જીવની આજ ભમણા છે. અને મિથ્યાત્વનું કામ આજ છે. તે સાચા સુખને ન જ સમજવા દે. તમને ભ્રાંતિ તોડવા માટે, ચિંતન કરવા નટસેલમાં દિશા બતાઉં છું. ચિંતન કરજો :

કોઇ માણસમાં મિથ્યાત્વ હોય અને તે સમકીત પામે એટલે તેને નવી દુનિયાનું જ દર્શન થાય. અપૂર્વ દર્શન થાય. તેના ભૂતકાળના વિચારો પર હસવું આવે. તેને લાગે કું તે વખતે મૂર્ખો હતો. અને આ સાચા દર્શનથી તેને અપૂર્વ આનંદ થાય. તેને લાગે આ દેવ-ગુરુ, શાસન ન મળ્યું હોત તો બોધો જ રહ્યો હોત. નવી દૃષ્ટી આના દ્વારા જ મળી રહી છે. માટે આનંદ થાય.

અપૂર્વ આલોચન થાય.

અને અપૂર્વ દર્શનનો હર્ષ થાય. આ બધા પ્રણિધાનના લક્ષણો છે જે આગળ આવશે.

૨૪-૭-૮૫ ॥પ.પૂ.શ્રી યુગદ્રપ્રધાનવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥
સોમવાર
અષાડ વદ બારમ ॥ યોગવિંશીકા॥ ગોવાળિયા ટેંક

॥ પ્રણિધાન ॥

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને નિર્મળ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના કરી છે.

મહાપુરુષોની દૃષ્ટીએ ઉપદેશ દ્વારા પમાડવા લાયક જે ગુણ હોય તો તે સમ્યગ્દર્શન ગુણ છે. એ ગુણને પામ્યા પછી જીવને ઉપદેશ કે પ્રેરણાનો આગ્રહ કરવો પડતો નથી. જ્યાં સુધી જીવ આ ગુણને નથી પામ્યો ત્યાં સુધી તેને વારંવાર ઉપદેશ, પ્રેરણા, સમજણ આપવી પડે છે. સમ્યગ્દર્શન પામ્યા પછી તેને નવા નવા તત્વોનો બોધ થાય તેના માટે તે ઉપદેશ સાંભળે છે. જ્યારે મિથ્યાદૃષ્ટીને ધર્મમાં રુચી, આકર્ષણ પેદા થાય તેના માટે ઉપદેશ આપવાની જરુર છે. કારણ હજુ તેની રુચી નક્કર નથી બની. તેને ધર્મ કરાવવા માટે વારંવાર આકર્ષણ ઉભુ કરવું પડે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટીને હવે આકર્ષણ ઉભુ કરવું પડે તેમ નથી. તેતો સ્વયં ધર્મને સુંઘતો ફરે. કારણ તેનું વલણ દેવ-ગુરુ-ધર્મ તરફ છે. આના સિવાય કારણ આધાર કોઈ નથી તેમ તે માનતો હોય. સમ્યગ્દૃષ્ટી આત્મા ધર્મનો ગરજુ હોય છે. જ્યારે મિથ્યાદૃષ્ટીમાં ધર્મની ગરજ પેદા કરાવવાની બાકી છે. તમારા આત્મામા જેવી રુચી આવી જાય પછી ધર્મની આવશ્યકતા તમને લાગે. પછી તમને ધર્મ માટે કહેવું પડે નહીં.

શંકાઃ- અભવ્યનો જીવ પણ આવી રુચી સાથે જ ધર્મ કરે છે. માટે જ નિરતિચાર ચારિત્ર પાળે છે. તો તે શાના કારણે ?

સાહેબજીઃ- તેને જે ધર્મનો રસ છે તે ધર્મના ફળના કારણે છે. તેને ધર્મનો સ્વાભાવિક રાગ લેશ જ નથી. તમે ધર્મથી આકર્ષાયા છો

શાના માટે? ધર્મનો મહિમા સાંભળીને જ આકર્ષાયા છો ને? પૈસાને જોઈને આંખ ચમકી ઉઠે છે. તે શાના કારણે? તેનાથી મળતા ભોગસુખને જોઈને જ લલચાયા છો ને? માટે જ આકર્ષણ છે ને? જો કદાચ આ છાપેલી નોટોમાં ફેરફાર થયા પછી થપ્પી સામે મૂકે તો આ નોટો પર મન લલચાય ખરું? કાંઈ તમે તેના રૂપરંગથી હરખાયા નથી. મોટી થપ્પી પણ નકલી હોય તો ફેંકી દો ને? તેની જેમ ધર્મ કરવાથી આ લોકમાં સારું થાય, વિઘ્નો ટળે, અનુકુળતા પ્રાપ્ત થાય, પરલોકમાં પણ સારું મળે અને એમ કરતાં મોક્ષ સુખ મળે. માટે આવા મહાન ફળ સાંભળીને જ ધર્મ માટે મન લલચાયું છે અને આના કારણે આકર્ષણ થયું હોય તો ધર્મનું ફળ ગમે છે. લાલચ ફળની છે. ધર્મમાં આનંદ કે સ્વાદ નથી. આવતો, આનંદ તો સંસારમાં જ આવે છે. છતાં તમે સંસારની પ્રવૃત્તિ ત્યાગ કરીને ધર્મમાં સ્થિર થયા છો! કારણ ધર્મનો મહિમા અપાર છે. તેની લાલચ છે. માટે જ આકર્ષણ ઉભુ થયુ છે. પરંતુ આ રુચી, આકર્ષણ સમ્યગદર્શી જેવો ન કહેવાય.

શિષ્ય:- તો શું ધર્મના ફળના રસથી ધર્મ ન કરાય?

સાહેબજી:- પહેલા ધર્મનું ખરું ફળ શું છે તે સમજવુ પડે. ધર્મનું ખરું ફળ ધર્મ જ છે. આ નવી વાત છે ને? જેમ આ ધર્મ કરો એટલે આગળ આગળનો ધર્મ આવતો જાય. અંતે તેનાથી પૂર્ણ ધર્મમાં રૂપાંતર થાય. આ પૂર્ણ ધર્મ પામે એનું નામ જ મોક્ષ. પૂર્ણ ધર્મની પ્રાપ્તિ થાય એ જ ખરું ધર્મનું ફળ છે. બીજા બધા ફળ તો બાયપ્રોડક્ટ આનુસંગીક ફળ છે. સત્તા, સંપત્તિ, ભોગ, સુખો બાયપ્રોડક્ટ ફળ છે.

ધર્મમાંથી અધર્મ પેદા થાય તે ત્યાજ્ય નથી. માટે જેમ જેમ ધર્મ કરતાં જાઓ તેમ આગળના ધર્મની અભિવૃધ્ધિ થાય. વાણિયા, બુધ્ધિશાળીના ઘરમાં પૈસા હોય તો ફળ શું? તે એમનેમ

રાખે ખરો ? પૈસામાંથી પૈસા જ પેદા કરે ને ? પૈસા પેદા ન થાય એ પૈસાને ખોટનો ધંધો કહે ને ?

સભા:- આત્મકલ્યાણની ઇચ્છા રાખી શકાય ને ?

સાહેબજી:- કોણ ના પાડે છે. માટે જ ધર્મ પર રાગ કરવાનો છે ને ? ઇચ્છાનો નાશ ઇચ્છાથી જ થવાનો છે. ક્રોધનો નાશ ક્રોધથી જ થવાનો છે. કષાયોનો નાશ કષાયોથી જ. ઇર્ષા તોડવા માટે ઇર્ષા જ કરવી પડે. સંસારની ઇચ્છા તોડવા જ મોક્ષની ઇચ્છા કરવાની છે.

વીતરાગની ઇચ્છા સર્વ રાગ તોડવાનું ઔષધ છે. હવે મારી વાત તો કેટલી છે કે જેમ પૈસા પૈસાને ખેંચી લાવે તેમ ધર્મ ધર્મને ખેંચી લાવે.

જેને ધર્મના ફળ રૂપ ધર્મ નથી ગમતો તેને બીજુ બધુ ગમે છે. પણ તે સાચા ધર્મનો રાગી નથી. ભલે કહેતો હોય કે મોક્ષે જવું છે. પણ મોક્ષમાં તો. પરાકાષ્ટાનો ધર્મ છે. મોક્ષમાં ૨૪ કલાક ધર્મ છે. ત્યાં હિંસા છે કે અહિંસાનું પાલન છે ? ત્યાં અસત્યનો પડછાયો પણ નથી. ત્યાં પૂર્ણ સત્યમાં જ મગ્ન થવાનું છે. અપરિગ્રહ પણ પરાકાષ્ટાનો છે. કોઇપણ ધર્મ લો, બધા જ ધર્મ મોક્ષમાં પરાકાષ્ટાના છે. હવે જેને ધર્મ નથી ગમતો તો ધર્મની પરાકાષ્ટાવાળો મોક્ષ કેમ ગમશે ?

સભા:- સાહેબજી સ્વભાવ એજ ધર્મ છે ?

સાહેબજી:- સ્વભાવ એજ ધર્મ છે. આ અપેક્ષાએ વાત કરી.

આત્માનો મુળભુત સ્વભાવ એજ ધર્મ છે.
આત્માનો વિકૃત સ્વભાવ તેજ અધર્મ છે.

માટે મોક્ષમાં પરાકાષ્ટાનો ધર્મ છે. જેને હવે ધર્મ જ ન ગમતો હોય તેને મોક્ષ કેમ ગમવાનો છે ? તમારી સામે વારંવાર ફળ ગાઓ તો ધર્મ કરવાનો પાવર ચઢેને ?

જેમ કરુ અટ્ઠમ કરી તો તમારા કર્મો ખપે, પુણ્ય બંધાય, પરભવમાં પણ બધુ સારુ પ્રાપ્ત થાય. તેમ અટ્ઠાઇ, માસખમણ બધાના મહિમા ગાઉ, વર્ષીતપ કરુ તો પાશે થઇ ને? કેવી રિદ્ધિ-સિદ્ધિ માટે કેવા કર્મના વિપાકો, દેવતાઇ સુખો મળે. આ બધુ સાંભળી મોમાં પાણી આવી જાય અને કરવા માટે ઉત્સાહ થાય ને?

સભા:- આવી રીતનો ધર્મ કરાવનાર ઉપદેશકનું શું થાય?

સાહેબજી:- આવી રીતનો ધર્મ કરાવનાર ઉપદેશક માટે લખ્યુ છે કે આવા ઉપદેશકો કેવા છે જે કે તમને બુદ્ધિમાં બેસે તેવી વાત નથી તમે તો શું કહેશો આ રીતે ઉપદેશ આપીને પણ કરાવે છે તો ધર્મને? સારુ જ કામ કરાવે છે ને? હું હમણા મહિમા ગાઇને દાન અપાવું તો પાવર થઇ, ફળની વાતોથી મોં ભરાઇ જાય ને?

સભા:- પ્રાથમીક કક્ષાવાળા જીવોને આ રીતે ધર્મ કરાવાય?

સાહેબજી:- કોથળામાં પાંદડી રાખીને ના બોલો. સ્પષ્ટ બોલો.

પ્રાથમીક કક્ષાનો અર્થ શું?

નાનો છે, બાળક છે. રપ વર્ષથી ધર્મના ક્ષેત્રમાં આવતો હોય તે પ્રાથમીક કક્ષાનો કહેવાય? હા જેને મરતા સુધી બેડકીયા ક્લાસ માં રહેવુ છે તેને અમારે કાંઇ કહેવાનું રહેતું નથી. હા, કોઇ જીવ ધર્મના ક્ષેત્રમાં નવો આવ્યો હોય, અથવા બુદ્ધિ અપરિપકવ હોય, કદાચ જરા દાઘારંગો, ભલો, ભોળો હોય તેવાની વાત જુદી છે. તમે સંસારમાં ઉસ્તાદ વેપારી છો. પ્રસંગે સાધુને પણ સમજાવી જાઓ તેવા છો આ બધી તમારી છટકબારી છે.

વર્ષોથી પ્રાથમીક કક્ષામાં જ રહેવુ છે. અમે ગામે ગામના સંઘમાં જઇએ છીએ ત્યાં જોઇએ છીએ કે જો કોઇ સંઘના વહીવટની વાત આવે ત્યારે અમે શાસ્ત્રા દષ્ટીએ કહીએ આ પ્રમાણે કરવું જોઇએ. તો શું કહે ના, સંઘ કહે તે પ્રમાણે કરવું જોઇએ. અમારા

સંઘની વ્યવસ્થા સંઘ કહે તે પ્રમાણે ચાલે.

તો સંઘ એટલે શું ? આ ચાર ઘોતિયાવાળા ભેગા થયા તે સંઘ. ભગવાને સંઘ કોને કીધો છે ? અમે સંઘની બહાર ને ? આ બધી વાતો ખુબ વિચારણીય છે. અને જ્યારે ધર્મ કરવા માટેની વાત આવે ત્યારે કહે કે અમે તો મુગ્ધ જુવો છીએ. ભગવાનની આજ્ઞા સમજતા નથી. પ્રાથમીક કક્ષાના જ જુવો છીએ. બાળ છીએ.

પાછા એમ પણ કહો કે એક મહારાજસાહેબ આમ કહે બીજા મહારાજસાહેબ આમ કહે છે. અમારે શું કરવું. શું અમારે બધાનું માનવાનું ? એટલે જે ફાવે તે કરવાનું ? એમને ?

સભા:- તો અમારે શું કરવું ?

સાહેબજી:- મોટા ચાર ડોક્ટર કે ચાર બેરીસ્ટરોના વિચારોમાં પણ ભેદ પડે છે ને ? એટલા માત્રથી તમે દવા લેવાનું મૂકી દીધું ? ચારમાંથી વધારે ઠીક લાગે તેના અભિપ્રાય પ્રમાણે કરો છો ને ? અહિંયા બધા બહાના છે. પ્રાવડો બે બાજુ ઢોલકી વગાડે છે. જ્યારે પ્રસંગ આવે ત્યારે બાળ જુવો પ્રાથમીક કક્ષાના છીએ કરી સમજણ ન પડે ત્યારે છટકી જવાનું અને જ્યારે શાસનની આજ્ઞા મુજબની વાત આવે ત્યારે સંઘના નિર્ણય પ્રમાણે કરવાનું. મહારાજ તો રદબાતલને ? આ બધા બાળ જુવોના લક્ષણ છે કે વક્રતાના લક્ષણ છે ?

સભા:- આનાથી કર્મ બંધાય ? કેવા બંધાય ?

સાહેબજી:- હા, ચોક્કસ કર્મ બંધાય. તમે જે શાસનની ઉપેક્ષા કરો છો, સાધુ ભગવંતની અવગણના કરો છો, શાસ્ત્રની ઉપેક્ષા કરો છો, ધર્મ વિરુદ્ધનો જે આગ્રહ છે. તેનાથી પુણ્ય પસાયે આ જે શાસન મળ્યુ છે તે ભવાંતરમાં અનંતકાળ સુધી પામી ન શકો. બોધીબીજ જેનાથી દુર્લભ થાય.

ભગવાનની આજ્ઞા પ્રધાન છે. અમે પણ જે ભગવાનની આજ્ઞા

વિરુદ્ધ વર્તીએ તો શું થાય તેનું વર્ણન વાંચતાં હૈયું ફફડી જાય. જે સાધુ ફળનો મહિમા બતાવે છે. તેનાથી તપ-ત્યાગ - સંયમ પળાવે છે. કાંઈ તે દુશ્કર કરાવાની વાત નથી. વિનય, વૈયાવચ્ચ, ભક્તિ કરાવે, જુન મહોત્સવ આયોજનો કરાવે. વર્ણન ધર્મના ફળનું હોય, અને જેનાથી પાવર ચઢાવી ધર્મ કરાવે છે. તે ઉપદેશક મોક્ષમાર્ગના લૂટારા છે. આ બધો કુળાચારનો ધર્મ છે. ઉપમા બેસશે? વાત ઉતરશે? મોઢાથી ના નહીં પાડી શકો, પણ વાત ઉતરશે ખરી? આવા ઉપદેશકો મોક્ષમાર્ગ કે મોક્ષમાર્ગના સાધન રૂપ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની જો દેશના ન આપે તો તેમને લૂટારાની ઉપમા આપી છે.

સભા:- અર્થકામની દેશના આપે તો!

સાહેબજી:- તેમાં તો સીધો સંસારનો રસ પૂરે છે. તેની વાત જુદી છે. અર્થકામની દેશના આપે તે તો મોક્ષના જ ચોરટા છે. મોક્ષમાર્ગના નહીં. પરંતુ આમાં તો સાધુ સારુ જ કામ કરાવે છે. તપ-ત્યાગ-દાન કરાવે છે. પબ્લીકની દૃષ્ટીએ શું લાગે? જોરદાર સારી પ્રવૃત્તિ કરાવે છે. અને મારા જેવો આવી ટીકા કરે તો, મને સહન નથી થતુ, તેમ કહેને? પરંતુ અમે રાજ છીએ કાંઈ અમને પેટમાં નથી દુઃખતુ પણ શાસ્ત્રમાં શું લખે છે તેના માટે અમારી જવાબદારી આવે છે કે અમારે સમજવું પડે.

ઉપદેશકની જવાબદારી શું? ખાલી વ્યસનોનો ત્યાગ કરાવી થોડા દુરાચાર દૂર કરાવીએ. જરા મા-બાપની સેવા કરાવીએ, માંસાહારનો ત્યાગ કરાવીએ પણ સાચે મોક્ષમાર્ગ ન પમાડીએ તો ઉપદેશકને લૂટારા ઉપદેશક કીધા છે. આ બધુ કરાવતાં સૌથી પહેલાં મોક્ષમાર્ગ બતાવાનો છે. તેને પૂરક બને તેવા સદાચાર બતાવાના છે.

અમે તપ-ત્યાગ કરાવ્યા માંગીએ છીએ. તમે ગમે તેટલી નીતિ પાળો પણ આત્મકલ્યાણની ઈચ્છા ન હોય તો તેનાથી પાપાનુબંધી પુણ્ય બંધાશે. જેનાથી પછી સંસારમાં રખડશો. અમે ભણ્યા

હોઇએ કે તમારું હીત આમા છે તો અમારી ઉપદેશકની શું જવાબદારી આવે? તમારું હીત જેમાં છે તેમાં પહેલુ ધ્યાન દોરવું જોઇએ. બાકી બધાને ગૌણ કરવું જોઇએ. અમે મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપીએ તો ભલે કદાચ પાંચ-પચ્ચીસ ઓછા આવે તેનો અમને વાંધો નથી. પણ એકને પણ આત્મકલ્યાણના માર્ગ પર ચઢાવીએ તો તેમાં ઘણો લાભ છે.

લાખ માણસને કુળાચારનો ધર્મ કરતાં કરીએ તેના કરતાં એકને પણ સમ્યગ્દર્શનની ભૂમિકામાં ગોઠવીએ તો મહાન ફળ છે. તેને માટે શાસ્ત્રદૃષ્ટી જોઇએ. નહીંતર તમે લેવાઇ જાઓ. જેમ આ સંઘમાં ૧૦૦૦ પૂજા કરતાં થઇ જાય તો અઘધ થાય. પણ એકને મોક્ષમાર્ગ પર ચઢાવું તો અઘધ થાય? કારણ તમારી પાસે શાસ્ત્ર દૃષ્ટી નથી. જેનું મુલ્ય છે. તે ન પામો તો મુળ તત્વથી વંચીત રહી જાઓ. માટે જ મુળ તત્વ માટે આગ્રહ છે. તમે દુરાચાર કરી અનીતિ કરો તે સારુ નથી. પણ સૌથી પહેલું શું છોડવાનું?

ગુણોનો અદ્વેષ લાવવાનો. આના વગર બીજુ બધું નકામું થાય. તેને પ્રાથોશીરી આપવી જ પડે. આટલી અમારી વાત છે.

બધા જ જીવો કાંઇ સમ્યગ્દર્શન પામી જતાં નથી. સમ્યગ્દર્શન ન પામી શકે તેવો જીવ હોય તેને તેની પૂર્વભૂમિકા પામી શકે, તે પણ ન પામી શકે તેવો જીવ હોય તો તેની પૂર્વ ભૂમિકા, તેમ કરતાં ક્યાં સુધી એની પૂર્વભૂમિકા સુધી જવાનું. પણ જે મોક્ષમાર્ગની પૂર્વ-ભૂમિકા નથી એની બહાર તો નહીં જ જવાનું. આ બધી ગંભીર વાત છે. જીન વચનનો ઉપદેશ આપવો હોય તો પરિપકવ બનવું જોઇએ. આ પાટ પર બેસનારને નિસ્પૃહતા ન હોય તો તે સાચો ઉપદેશ ન આપી શકે. તમે ખુશ થાઓ, તમને રસ પડે, મનોરંજન થાય તેવું પીરસવાનું નથી. શ્રોતા પાસેથી અપેક્ષા રહિત બની ઉપદેશ આપવો જોઇએ. અને એ આવે પહોંચ નક્કર ઉપદેશ આપી શકીએ. અમને એમ

થાય કે તમને રસ નહીં પડે, ગમશે નહીં, તો ભગવાનની આજ્ઞા મુજબ ન હોય તે પણ પીરસવું પડે. ઉપદેશ આપવો તલવારની ધાર ઉપર ચાલવા જેવું છે. નિસ્પૃહતા ગુણ ગુરુ માટે કહ્યો છે. નહીંતર પોતાની સ્પૃહાના કારણે આત્મકલ્યાણ ગૌણ કરી દેશો.

પહેલો પ્રથમ ઉપદેશ આપીને ધર્મનો સહજ રાગ, આકર્ષણ થાય, ધર્મ મૂળભુત ધર્મતત્વ તરીકે ગમે, એટલે ધર્મ સ્વયં ગમે, ફળ નહીં, તે કરવાનું છે. જે દિવસે અમે આવો ધર્મ તમારા હૃદયમાં વસાવી શકીએ ત્યારે સાચો ધર્મ પમાડ્યો કહેવાય.

સભા:- નહીંતર આર્ટીફીસયલ ધર્મ કહેવાય?

સાહેબજી:- હા, ચોક્કસ, જે ધર્મના ફળ ઉપર લલચાયેલા હોય તેનો ધર્મ કૃત્રીમ છે. અસલી નથી. જેમ પૈસા પર રાગ છે, પણ સરકાર જાહેર કરે કે બીજુ છાપવાળી નોટો વેલીડ ગણાશે. તો આ નોટોને તીલાંજલી આપો ને? તમને કાંઇ નોટો પર રાગ છે. નાણાની આ નોટોથી કાંઇ ફળ ન હોય, મનગમતાં ભૌતિક-સુખ આપવાની તાકાત ન હોય તો સંમોહ ખરા? પત્નીમાં જેવા છો તેમ જેને ધર્મનું ફળ ગમે છે તે ધર્મને પત્નીના ભાવમાં કાઢી નાંખશે.

સભા:- ૯૯% ફળ માટે જ ધર્મ કરે છે.

સાહેબજી:- માટે જ સાચો ધર્મ પામવો કઠણ છે. સાચો ધર્મ પામનારા જૂજ છે. મોક્ષે જનારા કેટલા? માઇનોરીટી - પણ કેટલા. તેનાથી પણ ઓછા. માટે અનંતકાળથી આત્મા સંસારમાં રખડે છે.

સભા:- આવી રીતે ધર્મ કરવાથી પુણ્ય તો મળેને?

સાહેબજી:- તેમાં પણ શરત રાખવાની કે જેટલો ઝુલભાવ હોય તેટલુ જ પુણ્ય મળે. જેમ વ્યક્તિ દયા કરે છે પણ જો તે સ્વાર્થથી દયા કરે તો શું બંધાય? પુણ્ય કે પાપ? પાપ જ બંધાય.

સભા:- નામના માટે દયા કરે તેને પાપ બંધાય?

સાહેબજુ:- હા પાપ બંધાય. સ્વાર્થ માટે નીતિ પાળે તો પણ પાપ બંધાય. પશ્ચિમના લોકો પોલીસી માટે નીતિ પાળે છે. માટે નીતિ પાળે છતાં પણ પાપ બંધાય. તેમ પરોપકાર કરે પણ તેમાં નર્યા સ્વાર્થથી કરે તો પાપ બંધાય.

સભા:- કપટ હોય?

સાહેબજુ:- ના એવું ન હોય. તમે સોદાની જેમ પરોપકાર કરતાં હોવ છો. તમને વળતર ન મળે તેવો પરોપકાર ક્યારે ખરો? તમે અપેક્ષા સાથે જ પરોપકાર કરો છો. પત્ની માંદી પડી હોય ત્યારે તમે ખડેપગે સાચવી હોય અને તમે માંદા પડો ત્યારે જો ન સાચવે તો શું થાય? માટે વગર સ્વાર્થે કરો ખરા?

સભા:- ધર્મ કરતા, ધર્મ મોક્ષમાર્ગનું સાધન બનશે તેવી અપેક્ષા રખાય.

સાહેબજુ:- હા, થવાનો માર્ગ આજ છે. ધર્મનું સાધ્ય ફળ ધર્મ છે. ખરો ધર્મ કરનારને શું અપેક્ષા હોય કે મને આગળનો ધર્મ મળે. સાધ્ય અને સાધ્ય ફળની અપેક્ષા રાખવાની છે.

ધર્મ દ્વારા ધર્મ જ મળે તેવી અપેક્ષા રાખવાની છે.

સભા:- અનુકંપામાં ફળ મળે.

સાહેબજુ:- બધા માટે નિયમ છે. તપ-ત્યાગ પાળે પણ જો અશુભ ભાવથી કરે તો પાપ બંધાય. સ્વાર્થથી નીતિ પાળે, પરોપકાર કરે, અનુકંપા કરે પણ પાપ જ બંધાય.

સભા:- પુણ્ય થોડું બંધાય?

સાહેબજુ:- તમને સ્વાર્થ હોય ત્યાં તમને ઉદાર, પરોપકારી, સહિષ્ણુ બનતા વાર નથી લાગતી. સંતાનો માટે કેટલો ત્યાગ કરો છો? એ ત્યાગથી પુણ્ય બંધાય કે પાપ બંધાય? જેમ વેપારીને ધરાક કસદાર લાગે તો પાંચ-પચ્ચીસનો નાસ્તો કરાવે ને? તે વખતે તમે ઉદારવા બનાવી તેનાથી પુણ્ય બંધાય કે પાપ બંધાય? માટે સ્વાર્થ હોય ત્યાં

પાપ જ બંધાય. પાપ નડતી બંધાય તેમાં શંકા નથી. તમને કદ આયંબિલ કરો પણ નેચરોપથી વાળા કહે ડાયાબીટીસ પ્રેશરના કારણે તમે બાફેલુ ખાઓ. અને તમે જુલના ચટકા છોડી દો અને બાફેલું ખાઓ તો શું પુણ્ય બંધાય ? પાપ જ બંધાય. તમે પગપાળા તીર્થયાત્રા એ જાઓ ? પણ ડોકટર કહે કે હવે તમારે જોખમ છે માટે સવારે વોકીંગ કરો. તો પાંચ વાગે ઉઠીને જાઓને ? ધર્મના નામથી સાત વાગે પણ ઉઠો ખરા ? પણ આરોગ્યના નામે પાંચ વાગે ઉઠોને ?

સભા:- પણ સાહેબજી સવારે વોક લેતા જેમ થાય કે દર્શન પણ કરી લઈએ તો પુણ્ય બંધાય ?

સાહેબજી:- હા, ચોક્કસ. પણ વોક કરતી વખતે આશય આરોગ્યનો ન હોય, પણ જેમ થાયકે આ જૂત વળગ્યું છે માટે ચાલવુ પડે છે. પણ સાથે પાંચ દેરાસરના દર્શન થતાં હોય તો મને લાભ છે. માટે દર્શન કરો તો પુણ્ય બંધાય. ધર્મની પ્રવૃત્તિ કરો તેમાં શુભભાવ હોય તો પુણ્ય બંધાય. જેમાં અમને વાંધો નથી. અમારો અવરોધ નથી. અમે રાજી છીએ. પણ જે સિદ્ધાંતથી પુણ્ય બંધાતુ હોય તે સ્પષ્ટ જોઈએ.

માટે ધર્મ કરનાર બધાને પુણ્ય બંધાય તેમ નહીં પણ સાથે જેટલો શુભભાવ હોય તેટલું પુણ્ય બંધાય. વિચારજો. જેટલી પ્રવૃત્તિ કરો છો તેમાં કેટલો સ્વાર્થ છે. કેટલો શુભભાવ છે. જેટલો શુભભાવ છે તેટલુ જ પુણ્ય મળે. માટે સાવધાન થઈ જાઓ.

ડોકટર કહે આરોગ્ય માટે ઉકાળેલુ પાણી પીવો તો ચાલુ કરી દે. પણ અમે અહિંસા માટે ઉકાળેલુ પાણી પીવા કહીએ તો વહાના ચાલુ થઈ જાય. આ ઉકાળેલુ પાણી પીનારને શું પુણ્ય બંધાય ? અમેરિકામાં ઘણા શાકાહારી જોજન ન કરનારા, કે માંસ નહીં ખાનારા છે. આરોગ્ય માટે ઈંડા નહીં ખાનારા લાખો લોકો છે. તે બધાને શું પુણ્ય બંધાય ? કે પાપ બંધાય છે.

સભા:- પણ સાહેબજી ન ખાય એટલે પાપથી તો બચ્યાને?
સાહેબજી:- કોઈ માણસને તેના વિરોધીનું ખૂન કરવાની ભાવના હોય પણ ૪ વર્ષ સુધી તક ના મળી હોય તો એને પાપ બંધાય કે નહીં? શ્રેણીકે કસાઈ કાળસૌરિકને કૂવામાં ઉતાર્યો કારણ તે પ૦૦ પાડા મારે નહીં. માટે શું તે પાપથી બચી ગયો? ના, તેના પાપના ભાવ ચાલુ છે. પાડા માર્યા નહીં એટલે પાપથી બચી જાય તો બધા કસાઈને ઉંધા માથે મૂકી દેવા જોઈએ. બધા પાપની જવાબદારી મનની છે. જો મનમાંથી પાપના ભાવ ન ગયા હોય તો ચમરબંધી પણ પાપથી ન અટકાવી શકે.

આરોગ્ય શું કામ જોઈએ છે. નિરોગી થઈ સંસારમાં પાપ કરવું છે. અશુભ ભાવ છે માટે પાપ આવે. મનમાં અશુભ ભાવ પડ્યો છે. હજુ ભાવ કોને કહેવાય તે સમજ્યા નથી.

તમારા ઘરમાં બાજુમાંથી સારી વાનગી આવી જે પ્રમાણમાં ઓછી છે. માટે તમે ના ખાધી અને તમને તમારા વહાલસોયા દીકરાને ખવડાવાનું મન થયું માટે તમે તેને બધુ ખવડાવી દીધુ આ જે તમે ત્યાગ કર્યો તે મોહના કારણે કર્યો છે કે તમારો શુભભાવ છે માટે ત્યાગ કર્યો છે?

ममता शुभभाव કે અશુભભાવ.

તમારા મનમાં દેહની મમતા છે તે શુભભાવ કે અશુભભાવ? તેનાથી શું પુણ્ય બંધાય? ત્યાગ પાછળ પ્રેરક બળ શું? મમતાથી, મોહથી ત્યાગ કર્યો છે કે શુભભાવથી ત્યાગ કર્યો છે?

સભા:- મુસાફરીએ જતાં કે ક્યાંય બહાર જતાં અમે નવકાર ગણીએ તો પુણ્ય બંધાય કે પાપ?
સાહેબજી:- શું કામ બોલો છો? બાપ કરતાં તમારો શું આશય છે? તે પ્રમાણે પુણ્ય બંધાય. ભાવની વાવતમાં પોણીસોળ આની ચાલે

તેમ નથી. તીર્થંકર જેવા આત્માને પણ જેવો ભાવ તેવા કર્મબંધ થાય તો આપણા માટે શું નવું ?

જેમ વિનયરત્નને દિક્ષા લીધી. એ ધર્મ મોટો છે. પોતે રાજકુમાર છે. આખો સંસાર છોડીને દીક્ષા લીધી. પછી ૧૨॥ વર્ષ સુધી ચારિત્ર પાળ્યું. મોંમાં આંગળા નાંખો તેવા તપ-ત્યાગ સંયમ પાળ્યા છે. આચાર કેવા પાળ્યા છે. બધું જ અતિશુદ્ધ કરે છે પણ મનમાં ભાવ શું ? ક્યારે તક મળે હું તેમને સાફ કરું, રાજાને મારવાનો ભાવ છે. હવે આ ચારિત્ર પાળ્યું તેનાથી તેમને પુણ્ય બંધાય કે પાપ બંધાય. એમનો ત્યાગ કેટલો છે. હજારો ત્યાગના નિયમો છે. એટલે એ પાપથી બચી ગયા? માંસાહાર ત્યાગ નો તેની આગળ નાનો ત્યાગ છે. આમના માટે શાસ્ત્રમાં શું લખ્યું કે આવું વરા॥વર્ષ ચારિત્ર પાળ્યું તેનાથી તેમને ઘોર પાપનું ઉપાર્જન કર્યું. શાસ્ત્રમાં ઘણા દાખલાઓ છે.

પ્રશ્ન:- કાળસૌરિકને કૂવામાં ઉતાર્યો તે વખતે શ્રેણિકરાજાને પુણ્ય બંધાય કે પાપ બંધાય ?

સાહેબજી:- હિંસા અટકાવાનો ભાવ છે માટે જે કક્ષાનો તેમને ભાવ છે તે પ્રમાણે પુણ્ય મળે.

પ્રશ્ન:- પણ તે વખતે તેમની નરક તૂટે તેવા પણ ભાવ છે ?

સાહેબજી:- હા, પણ તેમને નરકે જવાનો વાંધો કેમ છે ? શું કામ નરકે નથી જવું. તમને નરક નથી ગમતી કેમકે ત્યાં દુ:ખ છે. માટે કે ત્યાં ધર્મ આરાધના નથી માટે. ધર્મનો વિયોગ સાલે છે ?

શ્રેણીકને નરકે ન જવા પાછળ ભાવ શું છે. ત્યાં ત્રાસ છે માટે તેમને દેવલોકે જવું છે ? " પણ ત્યાં આત્મકલ્યાણ માટે દેવ-ગુરુ-ધર્મની સામગ્રી નહીં મળે માટે મારું શું થશે ? " એટલે તેમને આરાધનાનો ભાવ છે. માટે ચોક્કસ સ્વાર્થમાં આ ભાવ ખતવી કાઢો તેમ નથી.

માટે કોઈપણ પ્રવૃત્તિમાં ભાવ, આશય શું છે તે જોવાનું. બધામાં

સૌથી મહત્વનું પાસુ આજ છે. ભાવ, આશય સુધારવા જ પ્રતિધાન છે.

સભા:- તેમને નરકનું આયુષ્ય બંધાઇ ગયુ હતુ માટે નરકે તો જવાનું જ હતુ ને?

સાહેબજી:- હા, અત્યારે બોલવું સહેલુ છે. જાત પર આવે ત્યારે ખબર પડે. આપણે બોલી દઇએ કે તેમનું આયુષ્ય નરકનું બંધાઇ ગયુ હતુ તો જવાનુ જ છે ને? પણ તમને પરલોકનો વિશ્વાસ જચ્યો નથી. જે દિવસે પરલોક પર વિશ્વાસ થઇ જાય ત્યારે તમારા અત્યારના પાપની પ્રવૃત્તિથી "હું મરીને કુતરો બનીશ" ખબર પડે તો નાવ આવી જાય ને? અત્યારે તમને ચિંતા કેમ નથી? પરલોક દેખાતો નથી માટે ને?

તેમને ભગવાનના વચન પર આસ્થા છે. તેમને બેબાકળા થવામાં કારણ છે કે ધર્મ જેવી કોઇ વહાલી વસ્તું ત્યાં નથી. તેમને ધર્મ જ સર્વસ્વ લાગે છે. સમકીતીને મનગમતી વસ્તુનો રાગ છે, તે ધર્મના રાગે અનંતા ભાગે આવે. જ્યારે ધર્મનો તેનો રાગ અનંતા ગણો છે. પત્ની, દેહ, સંપત્તી પર રાગ આસક્તિ છે, મમતા પડી છે. પણ આ બધી મમતા ધર્મના રાગે ૧% છે. આવુ તમે છાતી ઠોકીને કહી શકો ખરા? કે પછી ઉલટું બોલવું પડે. ધર્મની મમતા છે તેના કરતાં કઇ ઘણી મમતા સંસાર માટે છે. કેમ ખરુને?

શાસ્ત્રમાં લખ્યુ કે શ્રેણીકને નરકમાં ધર્મ નહીં મળે તેની તેને અસર છે. સમ્યગ્દ્રષ્ટી કાંઇ વીતરાગ નથી. સમકીતી બધા સ્થિતપ્રજ્ઞ હોતા નથી. માટે સંસારના દુઃખ આવે ત્યારે તે વિહ્વળ થઇ જાય. અને સંસારના સુખ મળે ત્યારે આસક્તિ, મમતા આવે. પણ કેવી આવે? ધર્મના રાગની અપેક્ષાએ અનંતા ભાગે આવે છે. માટે નરકના દુઃખની ગભરામણ છે.

સભા:- ચારિત્ર કર્મનો ઉદય કારણ છે?

સાહેબજી:- ચારિત્ર કર્મ છે ત્યાં સુધી રાગ-દ્વેષ કષાય ઉભા કરશે. માન-

માયા-લોભ-રાગ-દ્વેષ થાય. મોહ, મમતા આવે.

સ્થિતપ્રજ્ઞ ભૂમિકાનું સમકીત જુદુ અને

નીચલી ભૂમિકાનું સમકીત જુદુ છે. શ્રેણીકરાજા સ્થિતપ્રજ્ઞ નહોતા તે યોગની પાંચમી ભૂમિકામાં હતા. જ્યારે સ્થિતપ્રજ્ઞ છઠ્ઠી દૃષ્ટીમાં આવે છે.

સ્થિતપ્રજ્ઞ સમકીતીના ઘરા પાણા કેવા હોય તેનો સંસાર કેવો હોય તે બધુ આપણે ઋષભદેવ ચરિત્રમાં જોઇશું. સ્થિતપ્રજ્ઞની સંસાર જીવવાની કળા છે. સંસારમાં રહીને પણ પાપથી ખરડાય નહીં. શ્રેણીકની આ દશા નથી. પણ તેમને ધર્મની ચિંતા હતી.

સભા:- પોતાના મોક્ષનો આશય તેને સ્વાર્થ માનો છો?

સાહેબજી:- તમારા આત્માના મોક્ષનાં આશયમાં આખુ જગત સમાયેલું છે.

તમે મોક્ષે જશો એટલે ૮૪ લાખ જીવાયોનીમાં તમારા તરફથી થતો સંતાપ, ત્રાસ અટકી જશે. તે બધાને અભયદાન મળશે. તમે આત્મકલ્યાણ કરી મોક્ષમાર્ગ પામશો તેથી તમારી પ્રેરણાથી કેટલા મોક્ષે જશે.

શાસ્ત્રમાં લખ્યુ છે

સાચા સ્વના કલ્યાણમાં આખા જગતનું કલ્યાણ

સમાયેલું છે. સાચા સ્વનું કલ્યાણ નથી ત્યાં પરનું કલ્યાણ અભાવિત છે. જાતનું કલ્યાણ કરી જગતનું કલ્યાણ કરવા નીકળવાનું નથી. પહેલા આપણુ પછી દુનિયાનું.

સભા:- સિદ્ધ ભગવંતો મોક્ષે જાય એટલે એક જીવને નિગોદમાંથી બહાર કાઢે છે. તે ઉપકાર કરે છે ને?

સાહેબજી:- સિદ્ધ ઉપકાર શું કરે છે? નિગોદમાંથી બહાર કાઢતા જાય છે. સિદ્ધશીલા ઉપર બેઠા બેઠા તેઓ આખા જગત પર ઉપકાર કરે છે. કઇ રીતે કલ્યાણ થાય અને અનર્થ થાય તે ખબર હોયને. દુનિયામાં ધર્મ જેટલો સ્વાર્થ શીખવે છે તેટલો કોઇ શીખવતું નથી.

અસલી સ્વાર્થ પરમાર્થ છે.
નકલી સ્વાર્થ ભૌતિક સ્વાર્થ છે.
અસલી સ્વાર્થ કલ્યાણ કરશે.
નકલી સ્વાર્થ નુકશાન કરશે.

માટે આત્માને સાચા સ્વાર્થથી ગભરાવાની જરુર નથી.

પ્રશ્ન:- મોક્ષમાર્ગ મળી ગયા પછી ઉપેક્ષા કરીએ ત્યાં સુધી બેઠ
જીવને નિગોદમાં રાખીએ તો પાપ બંધાયને ?

સાહેબજી:- પાપનો સવાલ નથી, પણ તમે ઉપેક્ષા કેમ કરી છો ? મોક્ષમાર્ગ નથી ગમતો માટે ? માટે અનંતાકાળ સુધી મોક્ષમાર્ગ નથી મળવાનો. જે પોતાના કલ્યાણના રસીયા નથી તેને આખી દુનિયાના અકલ્યાણની ભાવના પડી છે. માટે પાપ બંધાય છે.

વિશ્વ-શાંતિ, વિશ્વ મૈત્રીની વાતો કરવી છે. પણ ઘરમાં સગાભાઈ સાથે રહેવા તૈયાર નથી.

નાનુ કલ્યાણ કરવું નથી. આખી દુનિયાનું કલ્યાણ થઈ જાય તેવી ભાવના કરવી છે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૧૫-૭-૯૫ મંગળવાર અષાડ વદ ૧૩

॥ યોગવિંશીકા॥ ગોવાળિયા ટેંક

॥ પ્રણિધાન॥

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને સંસાર સાગરમાંથી આત્માનો ઉદ્ધાર કરવા માટે ધર્મ તીર્થની સ્થાપના કરી છે.

મહાપુરુષોની દૃષ્ટીએ આપણે બધા ૮૪ લાખ જીવાયોનીમાં પરીભ્રમણ કરતાં રહીએ તે જ્ઞાનીઓને ગમતુ નથી. તેમાં જીવ ગમે તેટલો મથામણ કરે છતાં પણ તે તેની ઇંચ્છા મુજબ સુખ મેળવી શકે તેમ નથી. માટે જીવને પરિતૃપ્ત કરવા માટે મોક્ષે મોકલવો જ પડે. મોક્ષે કાંઇ જીવને હાથ પકડીને લઇ જવાય નહીં. જો બળજબરાઇથી જીવને મોક્ષે લઇ જવાતું હોત તો જ્ઞાની ભગવંતો એક પણ જીવને બાકી રાખત નહીં. અનંતા જીવો મોક્ષ પામ્યા છે તે બધા તેમના સ્વયં પુરુષાર્થથી જ પામ્યા છે. હા, દેવ-ગુરુ-ધર્મનું આલંબન સહાય રુપ બને છે. આ બધાની સહાયથી પહોંચવું હોય તો જીવે સ્વયં પુરુષાર્થ કરવો પડે છે. તેમાં ક્રમસર મોક્ષમાર્ગની ભૂમિકાઓ છે.

સૌથી પહેલાં ચરમાવર્ત ગુણના અદ્વેષથી આવે છે. પછી નક્કર સ્ટેપ અપુનર્બંધક દશા છે. જે મુક્તિના અદ્વેષથી આવે છે. પછી ચરમયથાપ્રવૃત્તિ કરણ આવે પછી યોગાવંચકપણુ આવે અને પછી જ બોધિબીજની પ્રાપ્તિ થાય છે.

ગુણનો અદ્વેષ પ્રગટે પછી તેને
મુક્તિનો અદ્વેષ પ્રગટે પછી તેને
મુક્તિની સાચી જીજ્ઞાસા સાંભળવાની છે.

જેને મુક્તિનો અદ્વેષ નથી તેને કદી મોક્ષની સાચી જીજ્ઞાસા પ્રગટે નહીં. અને જેને મુક્તિની સાચી જીજ્ઞાસા પ્રગટે તેને ચરમયથાપ્રવૃત્તિ કરણ આવે. મુક્તિની ઓળખ થાય તેને જ મુક્તિનો રાગ થાય. બસ તેને સમ્યક્ત્વનું બીજ પડી ગયું.

એટલે સ્ટેપ બરાબર જોઇ લો

(૧) ગુણનો અદ્વેષ
(૨) મુક્તિનો અદ્વેષ
(૩) મુક્તિની જીજ્ઞાસા
(૪) મુક્તિની ઓળખ
(૫) મુક્તિનો રાગ

જેને આગળનું સ્ટેપ ન આવ્યુ હોય અને પાછળનું સ્ટેપ આવેલુ દેખાય તો તે આભાસિત છે. જેને મુક્તિનો અદ્વેષ નથી આવ્યો અને કહે મુક્તિની જીજ્ઞાસા છે તે વાસ્તવીક નથી. પરંતુ આગળનું સ્ટેપ આવે પછી પાછળનું સ્ટેપ આવે છે. અને આ જ ક્રમથી જીવો યોગમાર્ગે ચઢ્યા છે અને પ્રક્રિયાન સુધી પહોંચ્યા છે.

આ આંતરિક પ્રક્રિયા છે. જેમ કર્મ તોડતાં જઇએ અને ગુણ પેદા કરતાં જઇએ તેમ ભૂમિકા પ્રાપ્ત થતી જાય. પહેલા ગુણ ઉપરનો દ્વેષ છોડો પછી, પરમ ફળ મુક્તિ છે તેના પરનો અણગમો કાઢી નાંખો. આને કાઢવામાં આડખીલી રૂપ આ સંસારનો ગાઢ રાગ છે. અનંતકાળથી આ ગાઢ રાગ ટક્યો છે તેની આધારશીલા શું ? તમારા બધા કૃત્રિમ રાગ છે. ભૌતિક સુખ પર ગાઢ રાગ છે. બધા રાગ સાપેક્ષ છે. જેમ દુઃખ ઉપરનો દ્વેષ અનાદિનો છે તેમ તમને

સુખ ઉપર સહજ રાગ છે. અને તેમાંથી જ બધા રાગ પેદા થાય છે. પછી દિકરા, સંપત્તી કે ઘરેણા હોય. જેને ભૌતિક સુખ પર ગાઢ રાગ હોય તેને બીજા બધા પર રાગ પેદા થવાનો. ભૌતિક સુખ જ જો સુખ હોય તો તમે રાગ કરીતો અમે નિંદા ન કરીએ પણ તે અસલી સુખ નથી, નકલી સુખ છે. હવે જીવને જેમ તત્વનો બોધ થાય તેમ સંસારનું કહેવાતુ વાસ્તવીક સુખ આભાસિત છે. તેના તરફ અણગમો થાય. હવે વૈરાગ્યનુ મૂળ સંસારના સુખ ઉપરનો અણગમો કે દ્વેષ છે. જેને સંસારના સુખ ઉપર અણગમો, અરુચી કે દ્વેષ નથી તે કદી વિરાગ ન પામી શકે.

વૈરાગ્યની યોની દ્વેષ છે. તેમ
જેમ મૈત્રીનો પ્રાદુર્ભાવ બીજાના હિતમાના રાગમાંથી થાય છે. તેમ પરના દુઃખના દ્વેષમાંથી દયા પેદા થાય. તેમ વૈરાગ્યનુ મુળ સાંસારિક સુખનો દ્વેષ છે.

જેનામાં કષાય નથી હોતા તેમા દયા-મૈત્રી નથી હોતા. બધાનુ ઉત્પાદક બીજ કષાય જ છે. તેમ વૈરાગ્યની યોની દ્વેષ છે.

શકા:- વીતરાગને કેવો વિરાગ હોય ?

સાહેબજુ:- પ્રશસ્ત કષાય ન હોય. સંસારના ઉદ્વેગરુપ વૈરાગ્ય ન હોય.

જેમ સિદ્ધ ભગવંતોને સંસાર ઉપર નિર્લેપતા રુપ ઉદાસીનતા છે. તેમને સંસાર પ્રત્યે કંટાળો, ઉદ્વેગનો ભાવ નથી. આ ભાવ પણ કષાય છે. વીતરાગને આવો વિરાગ ન હોય. નીચલી ભૂમિકામાં જે વિરાગ હોય તે ઉપલી ભૂમિકામાં નથી હોતો. ઉપલી ભૂમિકાના પ્રત્યેક ગુણ અને નીચલી ભૂમિકાના ગુણ જુદા પાડ્યા છે. માટે મારી કે તમારી ક્ષમામાં પણ બીજ રુપે કષાય પડ્યા હશે. પરંતુ ઉપલી ભૂમિકામાં બીજ રુપે કષાય નથી હોતા.

તમને લોકોને કોઈ ગાળ આપી જાય તો શાંત રહો, ગુસ્સો ન કરો તેવું બને. હા, તમે હંમેશા ક્ષમાશીલ હોવ તેવું નથી. પણ તમે આ ક્ષમા કેળવી ત્યારે પ્રશસ્ત કષાયનો ભાવ હોય છે. જેમ ક્રોધ કરીશ તો કર્મબંધ થશે. અશુભ કર્મ કરવા નથી. અથવા ક્રોધ ભયંકર છે તેનાથી આત્માને સંતાપ પેદા થાય છે. તો આત્માને દુઃખી કેમ કરવો, અથવા ક્ષમા રાખવાથી આગળના કર્મો ખપે. માટે આમ કોઈને કોઈ કષાય હશે જ.

જ્યારે મહાપુરુષોની ક્ષમાનું સ્તર જુદુ હોય છે. જેમ ચંદનને ઘસો, કાપો તો સુગંધ જ નીકળવાની. કારણ તેનો સ્વભાવ જ સુગંધી છે. તેમ મહાપુરુષોનો સ્વભાવ જ ક્ષમાશીલ છે. તેમાંથી ક્રોધ

પેદા થાય જ નહીં. તેઓ કર્મ ખપાવવા માટે ક્ષમા રાખતા નથી. કે કર્મબંધના ભયથી પણ ક્ષમા રાખતા નથી. ઉંચી ભૂમિકાની ક્ષમા કેવી હોય તેનું શાસ્ત્રમાં વર્ણન છે. માટે વગર કષાયે આપણે શુભ ભાવ કરી શકીએ તેવું આપણુ લેવલ નથી. અત્યારે ઘણા વાતો કરે છે સાક્ષીભાવની ત્યારે અમને હસવું આવે. કહે જીવનમાં સાક્ષીભાવ કેળવવો જોઈએ, સમતા કેળવવી જોઈએ પણ અમને લાગે

સાક્ષીભાવ કોને કહેવાય ?
સાક્ષીભાવ કયા લેવલમાં હોય ?
સમતા એટલે શું ? ક્યારે આવે ?

આ બધી ખબર હોતી નથી. જો આ બધી ઝીણાની ખબર હોય તો આવું બોલે નહીં. દરેક શુભ પરિણામ કષાય મૂર્છા જ કરવાના છે.

મુક્તિનો અદ્વેષ લાવવા માટે સંસારનો વૈરાગ્ય લાવવા મુક્તિનો દ્વેષ તોડવા સંસારના સુખ પર દ્વેષ લાવવો પડે. રાગ-દ્વેષ પરસ્પર વિરોધી હોય, તેને જોડી દો તો રાગદ્વેષથી જ રાગ-દ્વેષ કપાય.

મુક્તિનો અદ્વેષ પામવા સંસારના લૌકિક સુખ પ્રત્યે દ્વેષ લાવવો પડે. પણ જો સંસારમાં સુખ દેખાય તો રાગ થવાનો જ છે. પણ જ્યારે તે ઇન્દ્રજાળ લાગે ત્યારે જ તેના તરફ અણગમો દ્વેષ થાય. જેને સંસાર પરથી મન ઉઠે પછી જ મુક્તિનુ આકર્ષણ થાય. જેને સંસારથી નથી છુટવુ તેને મોક્ષની જરુરીયાત ખરી ? જેમ કોઇ જગ્યાનું વાતાવરણ ન ગમે તો લાગેને જલદી છોડીએ પણ જો અનુકુળ વાતાવરણ હોય તો ચોંટી જવાનું મન થાય.

જેને સંસારમાં રસ લાગે છે તેને મોક્ષની જીજ્ઞાસા તો નથી પણ મોક્ષનો અદ્વેષ પણ આવ્યો નથી. અદ્વેષ આવે પછી જ જીવ મોક્ષની જીજ્ઞાસા કરી શકે. તમને મનગમતી વસ્તુને ઝણવાનુ મન

થાય છે. જેમ સ્ત્રી, પૈસાવાળ પર દ્વેષ છે. તો તેને જાણવાનું મન થાય? જેના પર દ્વેષ હોય તેને જાણવાની ઈંતેજારી રહેતી નથી. જો તમને મોક્ષને જાણવાની તાલાવેલી થઈ હોય તો, આ મોક્ષ શું ઢામ? મોક્ષ શું છે? ત્યાંનુ સુખ કેવું છે? આ બધુ ન જાણો ત્યાં સુધી ચેન ન પડે. પણ અત્યારે તમને નિરાંત છે કે ઉતાવળ છે? જ્યાં સુધી મોક્ષનું સ્વરુપ ન સમજાય ત્યાં સુધી દિક્ષત ન થાય. સાચી જીજ્ઞાસા જંપીને બેસવા દે નહીં.

જેમ વૈજ્ઞાનીકોને શીસર્ચ કરતાં લાંબોગાળમાં મન લાગી ગયુ તો પ્રયોગ દ્વારા અમુક વિગત જાણે નહીં ત્યાં સુધી ખાવાપીવાનું ભૂલી જાય છે. માટે લોકો તેમને ધુની અને બાવરા કહે છે ને? ઘણા તો તેઓને ગાંડા જ માનતા હોય છે. કારુણ લગન છે. તેમ તમને બધાને મોક્ષ જાણવાની લગન, ધુન લાગી છે?

સભા:- એટલે જ આવીએ છીએ.

સાહેબજી:- બસ આટલામાં સરસ જવાબ આપી દીધો. અહિંયા આવવા માત્રથી જો ઉદ્ધાર થઈ જતો હોય તો બહુ જ સરસ. તીર્થંકરના સમવસરણમાં પણ આવે એ બધાનો ઉદ્ધાર નથી થતો. તો હું કેમ ગેરંટી આપુ. તમારી જીજ્ઞાસા પ્રબળ છે કે માંદલી છે?

પ્રબળ જીજ્ઞાસાનુ લક્ષણ શું? - તમને કદાચ અધુરુ સાંભળવા મળ્યુ હોય તો એમ થાય કે આગળનું ક્યારે મળશે. કેવી રીતે મળશે. જાણવાની તલપ લાગે છે? ઉંઘ આવે છે! તમારી તરસ તમારા વ્યવહાર પરથી નક્કી થઈ જાય. માર્મિક બોલ્યુ છું.

આ ક્ષેત્રમાં ધર્મના ઉપદેશક સાથે જેવો વ્યવહાર કરો છો તેવો સંસારના ક્ષેત્રમાં કોઈની સાથે વ્યવહાર કરો તો ઉભા રહેવા દે ખરા? જેમ ડોક્ટર પાસે ટાઈમ લઈને ૧૦ કલાક મોડા જાઓ તો તમને લે ખરા? જુએ ખરા? કે ટાઈમ પહેલા પહોંચી જવુ પડે? પણ

અહિંયા બધુ ચાલેને? ટહેલતાં આવો તો વાંધો નથી ને? આ ક્ષેત્રમાં લગન કેટલી છે? લગનવાળાનું માનસ વ્યવહારથી જ જુદુ પડે. તમે અમને કહો કે મોક્ષ બતાવો છે. પણ ટહેલતાં ટહેલતાં આવી અને કાનને રસ પડે તેવું સાંભળી લઈએ. પણ બહુક મળે તો ચેન ન પડે તેવી તલપ છે?

અપુનર્બંધક પછી જીવની જીજ્ઞાસા કેવી હોય! તેને મોક્ષ બતાવવા મન આતુર હોય, વિહ્વળ હોય છે, મનમાં અજંપો રહ્યા કરે. એમની આગળ મોક્ષના સ્વરુપનું વર્ણન કરીએ તો એકાગ્રચીત્તે ચાર કાને ભાવવિભોર થઈને સાંભળે. સાંભળતાં મોં ઉપર આનંદ દેખાય.

હવે ચરમયથાપ્રવૃત્તિકરણમાં આવ્યા પછી જીવ સંસારચક્રમાં ૧ કોડાકોડી સાગરોપમ જેટલું કર્મ બાંધવાનો નથી. આ તેની કાયમ માટેની ગેરંટી છે. કદાચ તે ઘોર પાપાત્મા બને પણ આનાથી વધારે તે કર્મનો બંધ નહીં કરે. તેને આ બનામત લાભ છે.

જ્યારે અપુનર્બંધકવાળો જીવ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ નહીં બાંધે. તે ધર્મથી ભ્રષ્ટ થયા પછી ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ નહીં બાંધે. પણ ૬૯, ૬૮, ૬૭ બાંધે. જ્યારે ચરમયથાપ્રવૃત્તિકરણવાળો જીવ તો ૭૦ નહીં, ૬૯, ૬૮, ૬૭, ૬૬ નહીં પણ બાંધશે તો એક કોડાકોડી સાગરોપમથી ઓછી બાંધશે. એ ભૂમિકાને પામવા મુક્તિની જીજ્ઞાસા જોઈએ. જેનામાં આવે તે જ ખરો તે ભૂમિકા પામવાનો અધિકારી છે.

સભા:- જિજ્ઞાસા આવેને ચાલી જાય, આવેને ચાલી જાય તેવું બને?

સાહેબજી:- આવી રમતની વાત ન ચાલે. ધંધામાં આવું બને છે? જીંદગી સુધી જીજ્ઞાસા રહે છે ને? આટલા ઉંમરલાયક થયા તો પણ કોઈ કહે કે આ લાઇનમાં કમાવાનું જોરદાર છે તો સાંભળવા બેસી જાય. અને કહે કે આમાં મહેનત સમજાવા જોઈએ તો શું કહો! બધી

સમજણ લેવા બેસી જાઓ ને ? મજુરી કરવા પણ તૈયારને ! કારણ સંસારની જીજ્ઞાસા નક્કર છે, ઈચ્છાઓ નક્કર છે. અહિંયા જ પોલંપોલ ચાલે છે.

પાછા કહેશો સાહેબ અહિંયા આવીએ એટલે જીજ્ઞાસા થાય. પણ દાદરો ઉતરીએ એટલે બધી અસર નીકળી જાય છે. પણ હું પુછુ છુ કે તમે અહિંયા પણ ભીંજાઓ છો ખરા ? હૃદયમાં કાંઈ અપીલ કરે છે. મન કાંઈ રમકડુ નથી. તેને તો જે સારુ અને સાચુ લાગે તે પકડી રાખે.

મુક્તિની જીજ્ઞાસા, મુક્તિની ઓળખ, મુક્તિનો રાગ કેળવવા શ્રેષ્ઠ ઉપાય શું ?

મોક્ષના સ્વરુપનું ચિંતન. જે પરમાનંદ મોક્ષ બનાવ્યો છે. તેવા મોક્ષના સ્વરુપનું ચિંતન કરવું. અનંતા તીર્થંકરોએ આ પસંદ કર્યુ છે. સર્વસ્વનો ત્યાગ કરીને એ મેળવવા સાધના કરી. કંઈક રમણીયતા હશે ને ? તેમની બુધ્ધિ આપણી બુધ્ધિ કરતાં વધારે. માટે તેમને પસંદ કરેલી અવસ્થા ઉંચામા ઉંચી હોય ?

ઘણા પૂછે મોક્ષ ક્યાં આવ્યો ?
મોક્ષે જઈને કરવાનું શું ?
મોક્ષ કેવો હોય ?

આ બધુ બાળક બુધ્ધિ સૂચવે છે. આવા પ્રશ્ન પૂછનારને આ તમારા સંસારમાં પણ મનુષ્ય ભવ કે વર્તમાન જીવનમાં કરવા જેવું શું ? જે પુણ્ય, પાપ, કર્મ નથી માનતો તેવા નાસ્તિક જીવને આપણે પૂછીએ કે જીવે કરવાનું શું ? તમને પ્રશ્ન સમજાય છે ?

તમે કહેશો નાનપણમાં ભણવા જેવું. ધંધોરોજગાર કરવા જેવો માટે કમાવા જેવું બધુ બોલો છો ને ? આ બધુ બહારમાં જવુ આવવું, ધંધા માટે હાડમારી કરવી. તેમાં મજા આવે છે ? તમને

કોઇ પૂછે સવારથી સાંજ સુધીમાં તમે કમાઓ છો કેટલા ? પાંચ હજાર. તો કહીએ તમને દસ હજાર આપી દઇએ તો તમે બજારમાં જાઓ ખરા? જેટલું અરમાન, ઇચ્છા છે તેટલું જો ઘર બેઠા મળે તો બજારમાં મહેનત કરવાની જરુર ખરી? જેમ છોકરાઓને કહીએ કે તમને ભણ્યા વગર આ બધી ડીગ્રી આપી દઇશું તો ભણવા માટે મજુરી કરે ખરા ?

મારે આપણને જીવનમાં મજુરી, હાડમારી સતત કર્યા કરવામાં રસ નથી. તમારા જીવનમાં બધી ઇચ્છા મુજબ વૈભવ, ભોગો, અનુકુળતા તમને આપવામાં આવે સાથે લાંબુ સ્વાસ્થ્ય જીવન આપવામાં આવે તો તમે શું કરો?

સભા:- તૃપ્તિ, ધરપત નથી.

સાહેબજુ:- તૃપ્તિની પછી વાત. અત્યારે નાસ્તીકની વાત છે. તૃપ્તિ આવી, નથી આવી તેની વાત નથી. પણ ભૌતિકમાં તમારુ ધ્યેય શું ?

મળેલુ ભોગવવું, બને તેટલી મોજમજા કરવી.

સભા:- પછી મરી જવાનું

સાહેબજુ:- મરી જવાની પછી વાત. આત્મા, પરલોક નથી માનતો તેને કહીએ કે એક વખત મરવાના છીએ. તો શું કહેશો " તો શું અત્યારથી મસાણમાં જઈને બેસીએ? " અત્યારે તો ભોગવાય તેટલું ભોગવી લઈએ. માટે મારો મુદ્દો ક્યાં છે ?

તમે સંસારમાં જીવનનો આનંદ ભોગવવામાં માનો છો કે મજુરીમાં ?

ઘણાને ઘંઘોધાયો સારો ચાલે તેમ છે. છોકરાઓ બરાબર સાચવે તેમ છે. છતાં સુખ ન હોય તો ધક્કા થાય.

સભા:- પછી ઉંધુ કરી બેસે

સાહેબજુ:- ડોકરાને સલાહની જરુર નથી. સારી રીતે કરી શકે તેમ છે. પણ તેમના આત્માને સુખ નથી. તેમને આટલી ઉંમરે પૂછીએ કે મ

આમ તો ડૉક્ટર સાહેબ નવરા બેઠા ટાઇમ ન જાય.

તમે મોટરે જઈને શું કરવાનું ? આનો અર્થ મજુરી જોઈએ છે ? જેને મજુરીમાં મજા, આનંદ આવે છે તેને ભોગવવામાં રસ નથી. ભોગવી શકે તેવી જેની બુધ્ધિ નથી તેની વાત નથી. પણ ભોગવી શકે તેવી બુધ્ધિવાળાને શું ? તેને મળેલા ભોગ ભોગવવામાં જ રસ છે. તે ભોગવવામાં ગમે તેટલું જીવન પસાર થાય પણ જીવનમાં કંટાળો નથી આવતો.

અત્યારે આ લોકમાં શ્રીમંતોને મજુરી કર્યા વગર શ્રીમંતાઈ ટકે તેમ નથી પણ જૂનકાળમાં ઘણા શ્રીમંતો હતા. ભોગકુલો હતા. તેમને ભોગ માટે ગધ્ધા મજુરી ન હોય.

જેમ દાખલા તરીકે શાલીભદ્રને.

સભા:- હા, નવ્વાણુ પેટી આવતી

સાહેબજી:- બસ, તમને નવ્વાણુ પેટી યાદ રહી ગઈ !

પણ તેઓ કંઈ વખરમાં ગયા છે ? તેમના મહેલમાંથી પણ બહાર નીકળ્યા છે ! મહેલ પણ વિશાળ છે. બગીચા, ફીડાસ્ટ, સ્વીમીંગપુલ બધુ જ અંદર છે. જન્મ્યા પછી તેઓ મહેલમાંથી કંઈ બહાર નીકળ્યા નથી. તેમના માટે શ્રેણીકને ક્યારે ખબર પડી.

વેપારી પાસેથી રત્નકમ્બલ એક પણ લેવા તેઓ તૈયાર નહોતા. કારણ તેઓ નીતિમાન હતા, વફાદાર હતા. આવી કિંમતી વસ્તુ લેવાથી રાજાને નુકસાન થાય. પણ ભદ્રાશેઠાણીએ લઈ લીધી. પરંતુ શેલ્લણાને થયુ કે આવી કમ્બલ એક લઈને રાજાજાનામાં વસાવી જોઈએ. રાજાને વાત સાચી લાગી. માટે લેવા માટે સેવકો દ્વારા વેપારીની તપાસ કરાવી. તો ખબર પડી કે બધી જ કમ્બલ વેચાઈ ગઈ. તપાસ કરતાં ખબર પડી કે ભદ્રાશેઠાણીએ ખરીદી લીધી. પરંતુ નાણુ લઈને સેવકોને મોકલ્યા કે એક રત્નકમ્બલ તેમની પાસેથી

લઈ આવો. ત્યારે ભદ્રાશેઠાણી કહે છે મોડું થઈ ગયું. ક્ષમા ઇચ્છીએ છીએ. આજ્ઞા પહોંચવામાં વિલંબ થઈ ગયો. આ રત્નકમ્બલ આપી શકાય તેમ નથી, કારણ વાપરેલી કમ્બલ અપાય નહીં. ૩૨ સ્ત્રીઓને હિસાબે ૧૬ કમ્બલ ઓછી પડી માટે અડધા ટુકડા કરી આપી દીધી. અને એમને તેનાથી પગ લૂંછી ખાળમાં નાંખી દીધી. આમતો રત્નની હોવાના કારણે અગ્નિથી શુદ્ધ કરી શકાય પણ વાપરેલી કમ્બલ અપાય નહીં.

શ્રેણીકે જ્યારે આ જાણ્યુ ત્યારે તેઓ અચંબો પામ્યા. મારા નગરમાં આવા વૈભવ છે. હું એક રત્નકમ્બલ લઈ ખજાનામાં રાખવાનો વિચાર કરતો હતો ત્યારે આમને તો ખાળમાં નાંખી દીધી. માટે વિચારે છે કે આ માણસો કેવા હશે ?

માટે તેમને સંદેશો મોકલ્યો કે મારે શાલીભદ્રને જોવા છે. માટે આદર, સન્માન સાથે રાજસભામાં મોકલો. આ ભદ્રાશેઠાણી બાજરમાન શેઠાણી છે. આર્યદેશમાં શેઠાણીઓ કેવી હતી તેના આ દૃષ્ટાંત છે. તેઓ રાજા પાસે રત્ન-ઝવેરાતના ભેટણા લઈને જાય છે. રાજા પાસે ભેટણું મૂકી વિનંતી કરી કહે છે કે " આપે નિમંત્રણ આપ્યુ. પણ શાલીભદ્રને રાજસભામાં આવવું ફાવશે નહીં. આ વાતાવરણ તેમને અનસેટલ છે. જે વાતાવરણમાં તેઓ રહ્યા છે, તેથી તે અહિંયા આવશે તો તેમને ગુંગળામણ થશે. માટે શાલીભદ્રને જોવાની ઇચ્છા હોય તો આપ મારા આંગણે પધારો, જેથી મારુ આંગણું પણ પાવન થશે. અને આપની ઇચ્છા પણ પૂરી થશે. શ્રેણીકરાજાને તેમનો આખો વૈભવ જોવાની ઇચ્છા હતી. માટે હા પાડે છે . સામે શાલીને ગયા છે.

રાજસભામાં આવતાં જેને તકલીફ થાય તે કેવા વાતાવરણમાં જીવતા હશે ? વિચારજો તેઓ કદી મહેલ છોડી બહાર નીકળ્યા નથી. શું તેઓ આખો દિવસ ઓદીની જેમ પડ્યા રહેતા હતા ?

આ બધી વાતો તમને મોક્ષનું સ્વરૂપ સમજાવવા માટે છે.
ઉંચા વૈભવ માટે તેને શું કરવાનું ? ખાલી ભોગવવાનું જ છે.
કાંઈ હાડમારી કરવાની જરૂર છે?

જે ભોગાસક્ત જીવ હોય, જેને ભોગસુખનું આકર્ષણ હોય, તેને મનગમતી ભોગ સામગ્રી મળી જાય તો તે તેનો આસ્વાદ લેવામાં તન્મય થશે. હવે

મોક્ષમાં જે મળ્યું છે તે ટોપ લેવલનું મળ્યું છે. સિદ્ધ ભગવંતોએ દુનિયામાં કોઈએ ન મેળવ્યું હોય તેવું મેળવ્યું છે!

માટે સ્વાદ લીધા કરશે. મજા લીધા કરશે.
શાલીભદ્ર મત્તલોડનું દૃષ્ટાંત છે. તેમ બીજું દૃષ્ટાંત સ્થુલીભદ્ર

તેઓ ભરયુવાનીમાં છે. ૧૬ કળાએ રૂપયૌવન ખીલ્યું છે. તેમની પુણ્ય પ્રકૃતિ જોઈને મોહિત થઈ જવાય તેવું છે. કોશ્યા એ ખીલતી કળી જેવી છે. રાજનર્તકી છે. તે સ્થુલીભદ્રને જોઈને મોહિત થઈ છે. તેમને જોઈને મન આસક્ત થયું છે.

હવે નંદરાજા સામે તેને નૃત્ય કર્યું અને રાજાએ ખુશ થઈને વરદાન માંગવા કહ્યું ત્યારે તે કહે છે "શકટાલ મંત્રીના દીકરા સ્થુલીભદ્રને આપો." રાજાએ આદા કરી. રાજાની આજ્ઞાથી સ્થુલીભદ્ર ગયા. કોશ્યામાં વશ કરવાની, મોહિત કરવાની શક્તિ કોની છે? રૂપ, યૌવન, વૈભવ, કળા, નૃત્ય બધું જ છે. જ્યારે સ્થુલીભદ્રના મનને જીત્યું છે. માટે તેઓ બાર વર્ષ સુધી બહાર નીકળ્યા નથી. તેમને મન થયું નથી. કોશ્યાએ સામે ચાલીને તેમને મેળવ્યા છે. કુલની જેમ સાચવ્યા છે. તે તેમના માટે પ્રાણ પાથરે તેમ છે. માટે ઘડીકમાં ક્રિયાગૃહ, ઘડીકમાં વાવડી, વાડીયા, ઘડીકમાં નૃત્ય કરે. આમ આખો દિવસ તેઓનો ભોગમાં જાય. તેમને બીજુ કોઈ મહેનત ખરી? બાર વર્ષ સુધી મહેલમાં રહ્યા તો કંટાળે ખરા? મનગમતા ભોગ માટે પછી કંટાળો આવે ખરો?

માટે મોક્ષમાં ગયા પછી ભોગવતા આત્મા કંટાળે ખરો ?
સિદ્ધ ભગવંતોએ મનગમતુ મેળવી લીધુ છે.
હવે ભોગવવા સિવાય કાંઇ કરવાનું નથી.
ભોગવવાના આનંદમાં જ મસ્ત છે.
ભોગવવાના આનંદમાં કંટાળાનો સવાલ જ ન આવે.
સ્થુલીભદ્રના બાર વર્ષ આંખના પલકારામાં ગયા છે. જ્યારે તેમના પિતાશ્રીનું મૃત્યુ થયુ ત્યારે સમાચાર મળ્યા કે રાજા વાદ કરે છે. મંત્રીમુદ્રા આપવી છે. ત્યારે ખબર પડી કે ૧૨ વર્ષ વીતી ગયા.

પૂ.હેમચંદ્રસૂરીજીએ લખ્યુ છે

કોશ્યાએ લાખો રુપિયાનો ખર્ચો તેમની પાછળ કર્યો છે. તેને પૈસા લેવાનો તો સવાલ જ નહોતો આવતો છતાંપણ શકતાલ મંત્રીએ દીકરાને ખિસ્સા ખર્ચ તરીકે ૧૨ વર્ષમાં સાડાસાત કરોડ મુદ્રા મોકલી છે. આજના રુપિયામાં ગણી લેજો. એટલે કેટલા અબજ રુપિયા ખિસ્સા ખર્ચ થતો. માટે વિચારજો તે કઇ રીતે રહેતા હશે ! તેમને કહ્યુ છે કે મનલોકમાં તેમને દેવતાઇ સુખને ભોગવનારના ભોગ ભોગવ્યા છે

આખો દિવસ બીજુ કરવાનું ન હોય. કોઇને કોઇ ઇન્દ્રિયના આનંદ-પ્રમોદ મેળવે. સંસારના ભોગોનો આનંદ સતત મળતો હોય તો કંટાળો નથી. પણ તે મેળવવાની પદ્ધતિ શું ? જડ પુદ્‌ગલના ગુણનો આસ્વાદ લીધા કરવાનો. જેથી આનંદ મળે.

જેમ શાલીભદ્રે મનગમતુ જ્યુસ પીધુ. તેમાં જે મીઠાશ કે ખટાશનો સ્વાદ છે. તે તેને આવ્યો! સ્વાદ એ જડપદાર્થનો ગુણધર્મ છે. આ સંસારમાં જેટલા ભૌતિક આસ્વાદ ભોગવે છે તેમાં સારા રુપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ હોય. આ જડના ગુણધર્મ છે.

આ જડના ગુણ સંવેદનથી સતત એકધારુ સુખ મળતુ હોય તો ભવનાભવ કંટાળો નથી આવતો. તેમાં નવરા ક્યાં બેસી રહ્યા? તેમ

મોક્ષમાં શું ?

મોક્ષમાં જડના ગુણનો આસ્વાદ નથી પણ

મોક્ષમાં ચૈતનના ગુણોનો આસ્વાદ છે.

શાલીભદ્ર કે સ્થુલીભદ્રના વૈભવ કરતાં દેવના સુખની લીમીટ નથી. પણ તેમાં ભોગસુખમાં ક્રમ શું ? સવારથી સાંજ સુધી ભૌતિક જડ પદાર્થના ગુણધર્મનો આસ્વાદ.

મોક્ષમાં જડપદાર્થોનો આસ્વાદ નહીં પણ

ચૈતનના ગુણધર્મોનો આસ્વાદ છે.

શું જડના ગુણધર્મથી આસ્વાદ આવે અને ચૈતનના ગુણધર્મમાંથી આસ્વાદ ન આવે તેવું પુરવાર કરી શકો ખરા ? જો કરો તો મોક્ષમાર્ગ ખોટો.

દુધપાકની મીઠાશમાં સ્વાદ છે. શું અંદરના આત્માના ગુણોનો સ્વાદ નથી ? જો તે પુરવાર કરો તો મોક્ષનો આનંદ કાલ્પનીક બને. પરંતુ મોક્ષનું સુખ નક્કર છે. ઈન્કાર ન કરી શકો તેવું છે.

સંસારમાં કારેલામાં બેસ્વાદપણુ છે અને કોથમાં બેસ્વાદપણુ નથી ? કારેલાની કડવાશ લાગે પણ કોથથી આત્માને સંતાપ ન થાય. આ પુરવાર કરી શકો ખરા ? આ બધા તર્કો ધ્યાન દઈને વિચારવા જેવા છે.

અમે તમને પૂછીએ મોક્ષમાં શું મજા છે તો બાઘાની જેમ જોયા કરોને !

ભગવાન વીતરાગ પરમાત્માની ભક્તિ કરો છો પણ તેમની પાસે કેવો આનંદ છે તે જાણો તો ભક્તિ કરતાં આનંદ આવશે. તેમને જોઈને તે આનંદ મેળવવાની તરસ પેદા થશે.

આનંદઘનજીએ ગાયુ શું ?

તેમને પ્રભુના વિરહની વેદના કેટલી છે ?

તમે પરમાત્માના મિલન માટે તડપો છો ? પરમાત્માના વિરહની વેદના થઈ છે કદી ? સંસારમાં જ તમને વિરહ નડે છે. મનગમતી વસ્તુ

વિખુટી પડે ત્યારે ઝુરો ને? પણ ભગવાનની યાદમાં કદી ઝુર્યા છો ખરા? આનંદઘનજી શું કહે છે પ્રભુ તમે કહેતા હોય તો પહાડોમાં ફરું, વેરાન રણોમાં ફરું, નદીઓ ઓળંગુ. પણ તમારા દર્શન માટે તરસ્યો છું. તમને આવી તરસ જાગી છે?

મુનિને જુઓ ત્યારે વિચાર આવે છે કે ભગવાન કેવા પરમાનંદમાં મસ્ત છે. મને આવી ક્યારે મજા મળશે?

મોક્ષની મજાની ખબર ન હોય તેને પરમાત્માની ઓળખ થાય? જેને આ મજાની ખબર ન હોય તેને પરમાત્મ ભક્તિ કેવી થાય? જેમ તિજોરીમાં હલ્લો જુઓ. હીરા મોતી બધુ જ મળે તેમ લાગે. તેથી મોંમાં કેવું પાણી છુટે. તેવી રીતે ભગવાન પાસે અખૂટખજાનો દેખાયો છે? જેને જોઇને એમ થાય કે આ માલપાણી ક્યારે મળશે? ના, તો કેમ?

કારણ મોક્ષના સુખની ઓળખ નથી.

જેને મોક્ષના સુખની ઓળખ નથી તેનામાં યોગાવંચક ન હોય.

જીજ્ઞાસા ન હોય તેને મુક્તિની ઓળખ ન હોય.

જેને મુક્તિની ઓળખ ન હોય તેને રાગ ક્યાંથી હોય?

મુક્તિનો રાગ એ જ બોધિબીજ છે.

આટલા વર્ષમાં બોધિબીજ નથી પામ્યા! આનો ઝવેરાત જેટલો ધર્મ છે. જે અંકુર છે. કહી દાય છે ક્યારે વૃક્ષ ઉગશે ક્યારે ફળ આવશે. પણ આ બધુ નથી તો અફસોસ કરવાની જરુર છે?

મોક્ષના સુખની રમણતાનો વિચાર કરજો.

દેવલોકના ઉંચામાં ઉંચુ સુખ કેવું છે! તમને ત્યાં મોકલીએ તો કંટાળીને પાછા આવો. જ્યાં જન્મ પછી મરતાં સુધી ઉભા પણ નહીં થવાનું. ફાવે તમને? અબજોના અબજો વર્ષ હાથ, પગ પણ નહીં હલાવવાના. ઉંચા દેવલોકમાં ખાવા, પીવાનું નથી. કરવા ફરવાનું નથી. ઉંચા ભૌતિક સુખમાં હાથપગ નથી હલાવવાના તો ચેતના સુખ તો તેનાથી ઉંચુ છે.

તો તેમાં શું કરવાનું ?
મહેનત મજુરી કરી મનગમતું મળી જાય એટલે બધુ મળી ગયુ ?
પણ જેને
ઉંચા લૌકિક સુખ સમજશો તેને પુદ્ગલાનંદ સમજશો.
જેને પુદ્ગલાનંદ સમજશો તેને આત્માનંદ સમજશો.

।। પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ।।

।। યોગવિંશીકા ।।

રવિવાર
ગુરુવાર
અષાડવદ અમાસ

।। પ્રણિધાન ।। ગોવાલિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને વિશુદ્ધ આત્મ તત્વને ઉપલબ્ધ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરી છે.

મહાપુરુષોની દૃષ્ટીએ આ જગતમાં આરાધના કરી મેળવવા કે પામવા લાયક જો કોઇ તત્વ હોય તો આત્માનું મુળભુત સ્વરુપ છે. તે પામીએ એટલે તેમાં જ પુનરાવૃત્તિ છે, જીવના અંતિમ દૃષ્ટિની પ્રાપ્તિ છે. આવું

શુદ્ધ સ્વરુપ મેળવવાનું કારણ શું? મેળવીને કરવાનું શું? જેમ સંસારની તમે સવારથી સાંજ સુધી પ્રવૃત્તિ કરો છો તેમાં શું મેળવો છો? અને તેના માટે જ પ્રયાસ કરો છો. ધર્મને ન માનનારા પણ આખો દિવસ દોડધામ કરે છે. કોઇ જ નવરુ બેસતુ નથી. જીવને પરિશ્રમ ચાલુ છે. આ માટે આવો પ્રયાસ ચાલુ છે?

૯૯% લોકોને મનગમતા ભોગ સુખોને મેળવવા માટે, તેની સામગ્રી માટે જ પુરુષાર્થ કરવો પડે છે. મનગમતા સુખોની તો અલપઝલપ જ જીવનમાં હોય છે. બાકી તો તેની સામગ્રી મેળવવામાં જ જીવન પુરુ થાય છે. જેમ ઘરોમાં, કમાવવામાં, બાપડ ઉછેરમાં, રસોઇ બનાવવામાં, ઉંઘવામાં, થોડી કુદરતી હાજતોમાં ટાઇમ જાય છે. જેને સંસારમાં અલ્પ પુણ્ય છે, ભાગ્ય નબળુ છે, મંદ છે, તેને મેળવવા માટે મથામણ છે.

નરક, તીર્યંચમાં તો પુણ્યનો સવાલ જ નથી આવતો. કર્મનો માર ખાવા જ ત્યાં જવાનું છે. ત્યાં તો દુઃખ દુઃખ દુઃખ જ છે. માટે જ તેને દુર્ગતિ, પાપગતિ કીધી છે. પાપનો ભોગવટો કરવા માટેની જ ગતિ છે. પુણ્ય ભોગવવાનો ચાન્સ તો મનુષ્ય અને દેવભવમાં છે. મનુષ્યમાં પણ મોટાભાગના જીવો તો હાડમારીમાં જ પસાર કરે છે. જ્યારે હલકા દેવોને પણ કેવા સુખો છે. મનુષ્ય કરતાં વધારે છે.

ઉંચા દેવલોકની સંખ્યા ઓછી છે. નીચેના દેવલોકમાં સંખ્યા વધારે

છે. તેમાં સેવક વર્ગ વધારે છે, સ્વામી વર્ગ ત્યાં ઓછો છે. તેમને તો આખી જીંદગી સેવા હોય છે. જન્મે ત્યારથી મરે ત્યાં સુધી તેઓને સેવક તરીકે જ રહેવાનું હોય છે. અહિંયા તો કદાચ પુણ્ય હોય તો સેવક પણ સ્વામી બની શકે છે. પણ નીચા દેવલોકમાં આ શક્ય નથી. ત્યાં દેવતામાં ઉંચા ભોગ, અને ઉંચા પુણ્યના સ્વામી ઓછા હોય છે. મનલોકમાં ઉંચા ભોગને ભોગવનારા ઓછા છે. બાકી બધા ઘણી જ મહેનત કરીને સામગ્રી મેળવે છે. જરા મજાનો ટેસ્ટ મેળવવા માટે, દુઃખ પરિશ્રમનો તેમના જીવનમાં પાર નથી. અને એમાં આખુ જીવન પસાર કરવાનું. તેમાં ભોગવવાની ક્રિયા થોડી પણ તલસાટમાં જીવન પુરુ કરવાનું. હવે આવા જીવોની વાત તો આપણે બાજુએ મૂકીએ. પણ

મનલોકમાં રાજા, મહારાજા, શેઠીયા, શ્રીમંતો જેમને પુણ્યની કમીના નથી. આમતો બધી જ રીતનું પુણ્ય તો ઓછા જીવને હોય છે. જેમ સંપત્તિ મળી છે પણ શરીર માંદુ છે. બન્ને વસ્તુ મળી છે તો ઘરમાં દીકરા, પત્નીનું સુખ નથી. પરંતુ લાલીલક્ષ્મને કોઈ જાતની પુણ્યમાં કમી કહી શકીએ ખરા? પુણ્યની તૃષ્ટી ક્યાંય ન દેખાય તેવું તેમનું જીવન છે. દેવલોકમાં પણ ઉંચા દેવલોકના દેવોને કરવાનું શું? આ હું વારંવાર રીપીટ કેમ કરુ છુ કે ઘણાને ઘરેડમાં બેસી ગયુ છે કે નવરા બેસાય નહીં કંઈક તો કરવું જોઈએ. કંઈક કરીએ એટલે જ ટાઈમ પસાર થાય.

હવે મોક્ષમાં જવાનુ એટલે શું ?

શુદ્ધ આત્મ તત્વ પામવાનું છે. કર્મથી મુક્ત એવા આત્મ તત્વને મેળવી લીધો પણ પછી શું કરવાનું ? બસ મોક્ષમાં નવરા બેસી રહેવાનું ? અને તે પણ પાંચ, પચ્ચીસ વર્ષ નહીં પણ આતો કાયમની વાત છે. અહિંયા બે દિવસ પણ વગર કામે કંટાળો આવે છે. કારણ પ્રકૃતિએ સ્વભાવ ઘડાયેલો છે.

જેમ ગવર્નમેન્ટમાં ઓફીસર ક્લાસના માણસને રીટાયર કરે છે.

અત્યારે તો જે કે બેકારી વધુ છે માટે નાની ઉંમરે પણ રીટાયર કરે છે. તેમાં ઘણાનું મન, શરીર સક્ષીય હોય, કામ કરવાની તાકાત હોય છતાં પણ રીટાયર કરે છે. હવે તેમને ઘરે બેસવાનું આવે એટલે ખાઈપીને બેસી રહેવાનું. કારણ જીવનમાં મજા લેવા માટે તેમની પાસે કોઈ વિશેષ પ્રવૃત્તિ-કળા-વિનોદ નથી. માટે તેમને કામ ન હોય તો ત્રાસી જાય છે. ગાંડા થઈ જાય છે. ભૂતકાળની વાતો માણામાં ઉભરાય. એક ઓફીસરને તેના જીવનમાં આવું બનવાથી, તેને થોડા દિવસમાં ઓફીસે જઈને વાત કરી કે મને ભલે પ૮ વર્ષે રીટાયર કર્યા, હવે મને પગાર નહીં આપતા પણ ઓફિસમાં એક જગા આપો. હું અનુકુળતા મુજબ કામ કરીશ. તેને પૂછ્યુ કેમ? તો કહે મને સ્વસ્થ અને સાજા રહેવું હોય તો આના સિવાય ઉપાય નથી. માટે મફતમાં પણ કામ આપજો, ઘરમાં કામ વગર ત્રાસી જઉ છું. આવા લોકો દુનિયામાં અને સહિત્યા પણ ઘણા જ હશે!

સલાઃ- શક્યતા છે.

સાહેબજીઃ- શક્યતા નહીં હકીકત છે.

કઈક કામ કરીએ તો ગાડુ ચાલે નહીંતર નિષ્ક્રિય બેસીએ તો અટકી જાય. માટે મફતમાં તમને મજુરી ગમે છે ને? કારણ જીવનમાં કઈ રીતે પામવું તેની દરકાર જ નથી. આ એક પ્રકારનો પ્રવૃત્તિનો રોગ છે, કે જેના વગર ન ચાલે તેવું એક જાતનું વ્યસન છે. આમતો મહેનતમાં દુઃખ છે પણ મહેનત કરવાની ટેવ પડી ગઇ છે. આવા જીવોને મોક્ષની વાત ગળે ઉતરે જ નહીં. મોક્ષ શું ચીજ છે? આ અવસ્થા શું કામ મેળવવાની છે? ત્યાં શાના ભોગ છે? શાનું સુખ છે? આ બધા વિકટ અને વિકરાળ પ્રશ્નો દેખાય છે. માટે જ વાત ગળે ઉતરે નહીં ને! અને તેથી જ એમ કહે કે જેને મોક્ષે જવું હોય તે જાય. આવી સ્થિતિ ઘણાની છે. અને આવું જેને તત્વ સમજાયું નથી તેવા જીવોને સંસારમાં

પણ મૂઢ બુદ્ધિવાળા કહ્યા છે. ધાર્મિક ક્ષેત્રની તો પછી વાત.

હવે જીવનમાં કંઈક કરવાનું કોને હોય? જેના જીવનમાં ઉપાધિ કે અધુરાશ હોય તેને? તમને જે ઇચ્છા મુજબ મળી જાય પછી મેળવવા મહેનત રહે છે? જેના જીવનમાં ખામી, ખોટી છે, પુણ્યે ઓછું આપ્યું છે. તેને સરભર કરવા વારંવાર પુરુષાર્થ કરવો પડે છે તેને જ પ્રવૃત્તિ કરવી પડે છે. જેને મળી જાય તેને કરવું ના રહે. ઉંચા પુણ્યવાળા જીવોને ભૌતિક દૃષ્ટિએ પ્રવૃત્તિ કરવાની રહેતી નથી પરંતુ ત્યાં પ્રવૃત્તિનો ચેન્જ આવે છે. અને એકલા ભોગ જ રહે છે અને ત્યાં જ ભૌતિક સુખની ચરમાનો ઉંચો આનંદ માન્યો છે. અને આજ સંસારના સુખની વ્યાખ્યા છે. આત્માના સુખની વ્યાખ્યા પછીથી લઈશું. સંસારમાં ઉંચા સુખી કોને કહેવાય?

ઉદ્યોગ પતિને? એનો અર્થ વધારે ઉદ્યમશીલ. જેટલા મોટા ઉદ્યોગપતિ થઈને ફરે છે તેમને ત્યાં તેમના કલાર્કો, પટાવાળા કે બીજા વધારે કામ નહીં કરતા હોય પણ તેના માલિકને કેટલા કલાક કામ કરવાનું? તેમની ઓફીસમાં ફાઇલોના ઢગલા પડ્યા હોય. જેના કામ આગળ ન વધવાથી તપાસવા ઘરે પણ લઈ જવા પડે? એટલે તેમના જીવનમાં હોમવર્ક પણ ખરું? માટે માલિકોને લાગ આવે દસ-દસ કલાક કામ કરવાનું આવે. એટલે કેવી સ્થિતિ છે?- આનો અર્થ શું? એટલે આ કાળમાં ઉંચા ભોગનું પુણ્ય હોય તેવા જીવો દેખાતા નથી. જેમ શાસ્ત્રમાં ભોગીકુળોના વર્ણન આવે છે. દા.ત. સિદ્ધાર્થ રાજા અને ત્રિશલારાણી. તેમના શયનખંડ કેવા હતા તેના વર્ણન પાના ભરીભરીને છે. તમને લાગે શયનખંડનું આટલું લાંબુ શું વર્ણન હોય. પણ તેમના જીવનમાં દુન્યવી દૃષ્ટિએ ભોગો ઉંચા છે. સંપત્તિ, સત્તા પુણ્યપ્રભાવે મબલખ હોય છે. જેમ મોટા શેઠીયાઓને ત્યાં વેપાર તો મુનિમો કરે. મુનીમો પણ વફાદાર હોય. અત્યારે તો આ કાળમાં સ્થિતિ

આખી ઉંધી છે. જ્યારે શાસ્ત્રોમાં આના વખાણ જ વર્ણન આવે છે.

હવે મનુષ્યલોકના ભોગમાં પણ શું આવશે કે તે ભોગવવામાં પણ ઉપાધિરાટ, દુઃખ, પીડા થશે. પણ ઉંચા દેવલોકમાં જઓ તો ભોગમાં કોઇ પરિશ્રમ નહીં. કે ભોગ મેળવવામાં પણ પરિશ્રમ નહીં. દેવલોકમાં દેવતા જન્મે ત્યારથી મૃત્યુ થાય ત્યાં સુધી કશું જ કરતાં નથી. છતાં ઉંચા ભોગોનો આનંદ માણે છે. આ બધી વાતો દુન્યવી દૃષ્ટીએ છે. નવગ્રૈવેયકમાં અભવિનો જીવ પણ હોય છે. હા, પાંચ અનુત્તરમાં આસન્નભવિ જ જીવો હોય છે. આ બધાના આયુષ્ય કેટલા ?

સભા:- 33 સાગરોપમ

સાહેબજી:- એ તો વધારેમાં વધારે. પણ બધાના આયુષ્ય કેટલા ? કોઈના ૨૧ સાગરોપમ કોઇના ૨૩, કોઇના ૨૭ એમ હોય. એટલે કાળ કેટલો થયો. કલ્પના ન કરી શકો ને ? અબજો પલ્યોપમ મળીને એક સાગરોપમ થાય. અને એક પલ્યોપમનાં અસંખ્ય વર્ષ થાય. માટે કાળના પ્રવાહની દૃષ્ટીએ લાંબુ જીવન છે. તમારે અત્યારે આવું આયુષ્ય હોય તો ત્રાસી જાઓ ને ? છતાં એમને દુઃખના ત્રાસનો સવાલ નથી. સતત ભોગસુખમાં મગ્ન રહે છે. આવા સુખોના શ્રેષ્ઠ રમણીય વિધાનો છે. ત્યાંતો હીરામોતી મફતોનો પાર નહીં. ભીંતોમાંથી સંગીતની સુરાવલી નીકળતી હોય, સુગંધ પણ કસ્તુરી કરતાં અધિક હોય, આવા ત્યાંના વાતાવરણ હોય. ત્યાંના દેવલોકમાં શરીર કેવું ? તમારા કરતાં સાઇઝમાં નાનુ. પણ તેમનું બળ કેવું ? ઇન્દ્રોને પણ થપટીમાં ચોપી શકે. એકલ્પમા આખી સૃષ્ટીને હલાવી શકે. તેમની પાસે બળ છે, જ્ઞાન છે, કળા છે, શક્તિ છે, રૂપ છે, પુણ્ય, પ્રભાવ, ઐશ્વર્ય એટલું છે છતાં પથારીમાં જન્મ્યા ત્યારથી પડ્યા રહેવાનું.

અવળે વર્ચમાં હાથ પગ પણ ન હલાવે.

સભા:- તો કરે શું?

સાહેબજી:- હા, બસ તમને જેમ જેલખાનામાં પૂરી દીધા. પરંતુ મજુર હોય તેને મજુરી કરવાની હોય. મહેનત કરીને કરે, જેના નસીબમાં ઠાંઠા પૂરતું હોય તે મજુરી કરે. પરંતુ જેને ઉંચામાં ઉંચા ભોગ સુખો મળી ગયા છે: તે તો તેના સારા રુપ, સારા રસ, સારા ગંધ, સારા શબ્દ, સ્પર્શ માણે છે.

જુવોને ભૌતિક આનંદની ઉત્કૃષ્ટતા કોને કહેવાય ખબર છે? તમારી વ્યાખ્યા પ્રમાણે ધાંધલ ધમાલ કરીએ, હોહા કરીએ, મજુરી કરીએ અને ભોગસુખો મેળવી, તેમાંથી મળતો આનંદ માણવો, બસ તેજ ને! હવે તેને મોક્ષનો આનંદ કેવી રીતે ખરો?

દેવલોકમા એક વિમાનમાં હજારો દેવો હોય, ના ત્યાં કાંઇ ભીડ ન હોય, એક એકને મહાલય સ્વતંત્ર હોય, છતાં તેઓ આટલા વર્ષોમાં એક બીજાને મળે નહીં, વાતચીત પણ ન કરે. તમારી દ્રષ્ટીએ તો મુંજાઇને શેસાટેલા હશે? એમને? તમારા ઘરમાં અણબનાવ થાય તો બોલે નહીં તેમ બેઠા કાંઇ મૂપ બેઠા છે? પણ તેમને બોલવામાં રસ નથી: તમને રજ કલાકમાં માણસ ન મળે, વાતચીત ન કરવા મળે તો ગમે!

સભા:- અરે ગાંડા થઇ જઇએ

સાહેબજી:- બકવાસ કરવાની ટેવ જ પડી ગઇ છે.

તેમને ભૌતિક સુખમાં દેહ-ઇન્દ્રિયના સુખ વધુ છે. પણ દોનું? તેઓ કદી કરતા નથી. તમને દેખાવ તેવી એક પણ પ્રવૃત્તિ તેઓ કરતાં નથી. પણ જડના પુદ્ગલ પદાર્થોનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અનુભવ કરે છે. સારા રુપને આંખથી માણે, સારા સંગીતને કાનથી સાંભળે, તેમ અનુભવ કર્યા કરે.

જડ પુદ્ગલના ગુણધર્મો છે તેનું સતત આસ્વાદ, માધુર્ય લીધા કરવો. તે તેની ઉંચી મજા છે.

મનલોકમાં ચક્રવર્તીના ભોગસુખ દેવતાઈ સુખ આગળ કયારા જેવા છે.

શંકા:- મિથ્યાદૃષ્ટી અને સમ્યગદૃષ્ટીને સરખુ સુખ હોય?

સાહેબજી:- કયુ સુખ લો છો? આત્મીક કે ભૌતિક? કાનને, આંખને, નાકને ભૌતિક આનંદ થાય છે તે આનંદ સમકીતીને અને મિથ્યાદૃષ્ટીને સરખો હોય છે. પણ તેમાં સમકીતીને વિશેષ તૃપ્તિ થાય છે. જ્યારે મિથ્યાદૃષ્ટીને ઓછી તૃપ્તિ મળે છે. હવે તેમાં કારણ આગવુ છે. હવે જેને તૃષ્ણા જ ઓછી હોય તેને થોડા ભોગમાં પણ તૃપ્તિ થાય. પરંતુ જેને તૃષ્ણા વધારે હોય તેને વધારે ભોગમાં પણ તૃપ્તિ ન થાય.

જેમ આગ વધારે હોય ત્યાં થોડું પાણી નાંખીએ તો છમકારો થઈને ઉડી જાય. માટે આગને ઠારવા ત્યાં તો ડોલ્યે ભરીને પાણી જોઈએ. તેમ તૃષ્ણા એક આગ જ છે.

આ સુખ કોરલે? આગને પ્રજ્વલીત કરો, પછી તેનાથી દાઝો અને પછી દવા લગાડો. એનું નામ જ ભૌતિક ભોગ, સુખ છે. હવે વધારે દાઝેલાને દવા લગાડો તો પણ ઠંડક ઓછી થશે. તેમ મિથ્યાદૃષ્ટીને દાહ વધારે છે. સમકીતીને દાહ ઓછો છે. માટે મિથ્યાદૃષ્ટીને દાહ ઠરતાં વાર પણ લાગે, અને ન પણ ઠરે.

ગ્રૈવેયકે રહેલા સમકીતી અને મિથ્યાદૃષ્ટીની તૃપ્તિના સુખનો ભેદ પડે છે. સમકીતીને શરીર, ઈન્દ્રિય અને મનના સુખ તરબતર છે, મસ્ત છે. પણ આત્મા સતત દુઃખમાં છે. જ્યારે મિથ્યાદૃષ્ટીનો આત્મા પણ દુઃખમાં છે. શરીર, ઈન્દ્રિય, મન અને આત્માના સુખ જુદા છે.

શંકા:- મન અને આત્માના સુખનો તફાવત?

સાહેબજી:- તમારું મન સ્વસ્થ, શાંત હોય, આવેગ, ઉશ્કેરાટ વગરનું હોય તો મનના સુખનો અનુભવ થાય.

શુભભાવ, શુભલેશ્યા હોય તો મનનું સુખ મળે. પણ અધ્યાત્મ ન આવ્યો હોય તેને આત્માનું સુખ ન મળે.

જેનામાં અધ્યાત્મ નથી તે ૨૪ કલાક આત્માના દુઃખમાં સડે છે. અહિંયા ઘણા બન્ને સુખને એક જ માને છે.

જેમ કોઈ ધ્યાન કરે ત્યારે ટેન્શન ઓછુ થાય, હળવાશ થાય. માટે માને મને આત્માનું સુખ મળી ગયુ છે. જુવો અવેતડાંધર્યો મનના સુખને આત્માનું સુખ મારી બેઠા છે.

ઘણા જુવો શરીર, ઈન્દ્રિય, મનના સુખમાં દુઃખી હોય પણ આત્માના સુખમાં મહાલતા હોય. ઘણા જુવો શરીર, ઈન્દ્રિય, મનના સુખમાં મસ્ત હોય પણ આત્માના સુખમાં દુઃખી હોય, ઘણા જુવો આ બન્નેમાં દુઃખી હોય. તેમ ઘણાને પાછા દેહના સુખ હોય, પણ ઈન્દ્રિયના સુખ ન હોય, તેમ ઘણા ઈન્દ્રિયના દુઃખમાં હોય પણ મનના સુખમાં હોય, તેમ આમાં ઘણા વિકલ્પો, ભાંગા આવે છે.

શ્રેણીકરાજા, કૃષ્ણમહારાજા નરકમાં છે. તેઓ ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટી તીર્થંકરના જીવો છે. તેઓ શુદ્ધ સમકીતની અનુભુતિમાં રમી રહ્યા છે. શ્રેણીકરાજા તિર્થંકરનામકર્મ નિકાચીત કર્યું છે. આવતી ચોવીસીમાં પદ્મનાભસ્વામી ભગવાન થશે. હવે અત્યારે તેમને તીર્થંકરનામકર્મ જેવી ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ ચાલુ છે. પણ

નારકીના દુઃખ ભોગવે છે. શરીરને સતત ૨૪ કલાક નરકમાં ત્રાસ ચાલુ છે. જેમ પરમાધામીનો ત્રાસ, કે બાજુના નારકીના જીવ જુવોનો ત્રાસ પણ ચાલુ છે. ત્યાંના વાતાવરણમાંથી એટલી દુર્ગંધ આવતી હોય, એટલી ઠંડી હોય કે આપણો તો બેભાન થઈ જઈએ. ગરમી પણ એટલી હોય કે બરફની લાદી પર સુવાડે

તો તે જુવને ઠંડક લાગે. અને ઠંડી બેટલી હોય કે અહિંયા બોઇલરમાં, સુવાડે તો ઠંડક લાગે.

સભા:- જઇ આવ્યા હશુ ?

સાહેબજુ:- હા, ચોક્કસ.

સભા:- યાદ નથી આવતું. ભૂલી ગયા છીએ.

સાહેબજુ:- અત્યારે પણ, તમે માના પેટમાં હતા તે યાદ છે ? ત્યાં આટ આટલું વેઠ્યુ હતુ. તે યાદ છે ? આ ભવમાં પણ નવ મહિના ઉંધે માથે રહીને જન્મ્યા હતા. બધુ જ ભૂલી ગયા ? અરે તમે બે વર્ષના હતા ત્યારે શું શું થયુ હતુ તે ખબર છે ? સ્વભાવ શુ ? જ્યારે સુખ આવે ત્યારે ગેલ કરવું દુ:ખ આવે ત્યારે રડી લેવુ. પછી ભૂલી જવું. આ વિસરી જવાનો સ્વભાવ છે. હવે અત્યારે આ ભવનુ વિસરી ગયાં તો તેના અગાઉના ભવોની તો શું વાત કરવાની.

સભા :- સાહેબ યાદ કરાવી લો ને ?

સાહેબજુ:- વગર યાદ કરાવે પણ ભલે અત્યારે નરક પ્રત્યક્ષ નથી દેખાની. પણ તીર્યંચ ગતિના દુ:ખો તો દેખાય છે, કતલખાના દેખાય છે. ઉભાને ઉભા જુવો ચીરાય છે. તેમની ચિચિયારી જોઇ શકો છો. અરે તમે હોસ્પીટલમાં જઇને જનરલ વોર્ડ જુઓ તો કોઇને મોટી ગાંઠ નીકળી હોય, કોઇનો ટાંટીયો કપાઇ ગયો હોય, કોઇને કેવા કેવા ઓપરેશનો થયેલા હોય, કેવા કેવા એક્સીડન્ટવાળા કેસો હોય, કેવા ફ્રેક્ચરનાં હોય. આવા લોકોને જુઓ તો દુ:ખની અસર થાય. ખાવાનું પણ ન ભાવે. અત્યારે આ કાળમાં વિપાક ઓછા દેખાય છે? છતાં શું હાલત છે ? આવી પરિસ્થિતિ આપણી પણ થઇ શકે છે. તેવું માનો છો ? કોઇએ સલામતીની ગેરંટી આપી નથી છતાં તમે મસ્ત થઇને ફરો છો ને ? આ શું સૂચવે છે ? એક પ્રકારની મોહદશા છે.

તમે તીર્યંચના દુ:ખો જોઇને ટેવાઇ ગયા છો. મનુષ્યોમાં ગરીબો,

ફૂ ડપટ્ટી, હોસ્પીટલો વગેરે ઘણા ઘણા દુઃખો જોઇને ટેવાઇ ગયા છો, ઠીઢા થઇ ગયા છો. તેમ તમને અત્યારે નરક દેખાય નો પણ પછી તેના દુઃખ જોઇને ઠીઢા જ થઇ જાવને? પરંતુ અત્યારે પણ સમજવા ઘણી જ દૃષ્ટીઓ છે.

એક બનેલો બનાવ કહુ

અમે વિહાર કરતાં બીંબડી ગામે ગયેલાં. ત્યાં મહાત્મા ગોચરી માટે ગયા. અમે ધર્મલાભ આપીને ઉભા રહ્યા ત્યારે અમને વહોરાવાને બદલે તેના છોકરાને બોલાવ્યો. અને કહે મહારાજના પગ પકડ. તેને ઉભો રાખી બોલવાનું ચાલુ કર્યું. શાસ્ત્રમાં નરક લખી છે પણ અમે જોઇ નથી. પણ આ છોકરાએ તો જીવતાં નરક જોઇ છે. આ છોકરો ભલો, ભોલો ૧૨, ૧૫ વર્ષનો હતો. એક વખત ઓંધીતા રસ્તે જતાં તેને પોલીસ પકડી ગઇ. આ છોકરા માટે પોલીસને વહેમ પડ્યો કે આ ત્રાસવાદીનો સાગરીત છે માટે ઉપાડી ગયા. અને પછી જે તેના પર વીતાવ્યુ છે તેનું હું વર્ણન કરી શકુ તેમ નથી. આજે આ વાતને બાર, બાર મહિના થયા છતાં પણ રાતના ઉંઘમાં ચિચિયારીઓ પાડી ઉઠે છે. પહેલા તેને શરીર પર સખ્ત માર માર્યો, સોજ ઉઠી ગયા, લોહી લુહાણ થઇ ગયો. બસ કહે માફિતિ આપ. થર્ડ ડીગ્રીથી જે વિતાવાય તે વિતાવ્યુ પછી શું કર્યું સાહેબ જ પોલીસ તેડા થઇને તેને મજબુતાઇથી પકડી રાખ્યો અને જેટલા માથાના વાળ હતા તે એકી સાથે ખેંચી લીધા. અમે સાધુ થઇને પણ પંચ મુષ્ટિ લોચ નથી કરતાં. એક સાથે આવી રીતે વાળ ખેંચે તેને શું થાય? બસ તે સોડીને એટલુ જ જોવાનું કે આ કરતાં મરવો ન જોઇએ. ફીઝીકલ અને મેન્ટલી જેટલું ટોર્ચર થાય તેટલું કરવામાં બાકી ન રાખ્યુ. આ વાત કરતા હતા ત્યારે પણ એ છોકરો ધ્રુજતો હતો. આ નરકને યાદ કરાવે તેવું હતુ. અમે તેને સમભાવ તેટલું સમજાવ્યું.

માટે મારૂ કહેવું છે કે કર્મ જેવું ઉદયમાં આવે તેવી વાર છે. સિંહ જેવાને પણ ઉંદર બનાવી દે.

શ્રેણીકરાજા ક્ષાયિક સમકીતી છે તે ભૂતકાળની આરાધના છે. પણ નરકમાં છે ત્યાં ભૂતકાળનું કર્મ ઉદયમાં છે. માટે સતત્ શરીર, ઈન્દ્રિયની વેદના છે. તરસ લાગે પણ દુર્ગંધિવાળુ, ગરમ ખદબદતુ પાણી હોય, ઉલ્ટી થઈ જાય. ત્યાં શ્વાસનો પાર ન હોય. ગરમી, ઠંડી પણ એવી હોય જેથી શ્વાસનો પાર ન હોય. નરકમાં મન પણ ત્રાસમાં હોય. નારકીના જીવોને અશુભ લેશ્યા હોય તેના કારણે આવેશ, અડપાડપણ બધુ જ હોય માટે ક્લેશ થાય. પરમાધામી પર ક્લેશ હોય. સ્વાર્થવૃત્તિ, આસક્તિ હોય એટલે મન સંતાપમાં જ હોય. આવા સમકીતી આત્માને શરીર, મન, ઈન્દ્રિયનું દુઃખ છે પણ આત્માનું સુખ અનુભવી રહ્યા છે. એવુ આત્માનુ સુખ તો નવ ગ્રૈવેયકના મિથ્યાદૃષ્ટી દેવો પાસે પણ નથી, હા ઉપરના સમકીતી દેવતા પાસે હોય છે. આ બધા વિકલ્પો, દૃષ્ટાંતો સમજાય તો દેહ, ઈન્દ્રિય, મન, આત્માના સુખ જુદા છે તે સમજાય.

જેમ ભૂખ લાગી છે એટલે શરીરને ખાવાની ઈચ્છા થઈ છે. હવે અત્યારે આયંબીલનુ પણ ખાવા આપો તો ભૂખ ભાંગી જશે. ભૂખનું નિવારણ થશે. પણ ત્યારે જીભને તકલીફ થશે. માટે શરીરના સુખ કરતાં ઈન્દ્રિયનું સુખ જુદુ છે.

શરીરની ડીમાન્ડ ખોરાક છે
જીભની ડીમાન્ડ સ્વાદ છે.

જેમ ઠંડીમાં ઘાબળો, સ્વેટર જોઈએ, કારણ તેનાથી હુંફ મળે. હવે ત્યારે આ કલરનુ નહીં, આવા ડિનનું નહીં, આ ડ્રેસ સાથે મેચીંગ નથી થતું આ બધા નખરા આંખના છે. મનનું તોફાન તો આનાથી જુદુ છે. તમને વગર ડીઝાઈનનો વગર કલરનો ઘાબળો ઓઢાડો

તે ઠંડી દૂર થઇ જાયને ? માટે આંખની શરીરની ડીમાન્ડ જુદી છે. આંખ, કાન, નાક બધામાં ડીફરન્સ પડશે.

જેમ શરીરને આરામ માટે જગ્યા જોઇએ છે. પણ લીસ્સી, પોચી, ડનલોપીલો જોઇએ, વાદર સરસ જોઇએ. આ બધું તોફાન કોનું ? ઈન્દ્રિયના જ તોફાન છે. ઘણા કુટપાથ પર પણ સૂઇ જાય છે. શરીરની ડીમાન્ડ ઓછી છે. ઈન્દ્રિયના તોફાન ઘણા છે. અને કંઇ ગણ્યા તોફાન તો મનના છે.

શરીરને પોષણ મળે તેવા ખોરાક હશે પણ જીભ ના પાડશે, કહેશે બરાબર નથી.

હવે જીભને પણ સ્વાદીષ્ટ વસ્તુ મળી ગઇ, પેટ પણ ભરાઇ ગયું. પણ તે વખતે જીભ ડીમાન્ડ કરશે. ગુલાબજંબુ સ્વાદીષ્ટ છે, જીભને ગમે છે માટે કહેશે પેટ ભરાઇ ગયું છે છતાં પણ બે ચાર વધારે લઇ લે. જીભની આ ડીમાન્ડ છે. ૨-૫-૧૦-૧૫ ખાઇ લીધા પછી થશે હવે બસ ત્યારે મન શું કહેશે. ના,ના થોડા તેમાંથી કાલ માટે રાખી લે, સંગ્રહ કરવા જેવો છે. આ મનની ડીમાન્ડ છે.

સભા:- દીર્ઘદ્રષ્ટી વાપરી.

સાહેબજી:- મનના ગણિત જુદા છે. જીવનમાં બધા ભૌતિક સંગ્રહ, સંચય મન જ કરાવે છે. આ કાંઇ ગુણ નથી. ૧૫ ડ્રેસ હશે તો પણ કહેશે હજુ નવા જોઇએ છે. આ સંગ્રહ મન જ કરાવે છે. જીવનમાં શું બને છે ભોગ ભોગવતાં જઇએ ત્યારે ક્યારેક શરીર ધરાય છે, ક્યારેક ઈન્દ્રિય ધરાય છે પણ મન તો કોઇ દિવસ ધરાતું નથી. મનની ડીમાન્ડ જુદી છે, માટે મનના સુખદુઃખ જુદા છે. જેટલું મન ધરાય તેટલું મનનું સુખ મળે. માટે સૌથી મોટો ત્રાસ મનનો છે. જેનું મન ધરાય તેને શાંતિ મળે. ઉંચા દેવલોકમાં મન એવું હોય કે લગભગ તૃપ્તિમાં જ હોય.

સભા:- લોભ ન હોય ?

સાહેબજી:- સવારથી સાંજ સુધી રિદ્ધિ, સિદ્ધિ જુએ છે. આમ ઇન્દ્ર પણ તેમની પાસે મગનરો છે. પણ છતાં પણ કયું લેવાની વૃત્તિ નથી. અને મળેલી રિદ્ધિસિદ્ધિનો સંગ્રહ કરવાની ઇચ્છા નથી. ગ્રૈવેયકમાં રહેલા મિથ્યાદૃષ્ટી દેવતા શુક્લ લેશ્યામાં હોય છે.

શુક્લ લેશ્યા શું ખબર છે.

સભા:- મહારાજ જાણે

સાહેબજી:- બસ બધુ અમને જ ભણાવ્યુ ને ?

એમના કષાય શાંત, પ્રકૃતિ ઉદાત્ત છે. દેવલોકમાં અભવિના જીવને પણ મન શાંત, સંતોષી, સ્થિર, આવેગ, ઉદ્વેગ વગરનું મનનું ઉત્તમ સુખ મળે છે પણ તેને આત્માનું સુખ નથી મળતું સુખ કયુ મેળવવા જેવું છે તે ખબર નથી.

તમે શરીરના પાંચ રૂપિયાના સુખ ખાતર પાંચ લાખના સુખને ખુઓ છો. શરીરના પાંચ રૂપિયા જેટલુ સુખ મેળવવા મનનુ પાંચ લાખનું સુખ ખોઇ ઠાઠો છો. બહારના તાપને દૂર કરવા અંદરમાં ભઠ્ઠો સળગાવો છો. થોડી ઠંડક માટે મોટી ગરમી પેદા કરો છો. આ સંસારમાં મૂર્ખ જીવોને નૈતિક સુખ કેમ ભોગવવું તે ખબર નથી. હવે જેને આ ખબર નથી. તેને આત્માનું સુખ શું તે ક્યાંથી ખબર હોય ? હવે જેને આત્માનુ સુખ ખબર ન હોય તેને મોજના સુખને કેમ સમજાવવો. અને આ ન સમજાય તેને પ્રતિઘાન કેમ આવે ?

એક જીવને પણ જો આત્માના સુખની ઝાંખી થઇ જાય તો અમને અત્યારની આકાંક્ષાની મહેનત સફળ થઇ લાગે.

અનાદિ કાળથી જીવે હાડકા ભાંગી જાય તેવું દુઃખ ભોગવ્યુ છે. જો અનાદિથી જીવ ત્રાસ્યો હોય તો જ્યારે ભગવાન પાસે જીવ

જ. ત્યારે તેને થાય કે આ જલાખ જુવાયોનીમાંથી છોડાવ, મારે બીજુ કાંઇ જોઇતુ નથી. થાય છે ખરુ?

આ આખો મોક્ષમાર્ગ એમનેમ ઠોકી બેસાડવાનો નથી. મોક્ષ જોયો નથી. પણ ખાત્રી છે કે વગર જોયે પણ તેના નક્કર પુરાવા છે. અને જો એ ગળે ઉતરી જશે તો પ્રણિધાન આવશે.

જેને પ્રણિધાન આવે તેને આજ્ઞાના ભાવ બરાબર જલ્દી આવશે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

૨૮-૭-૯૫ ચોવિસીડા ગોવાળિયા ટેંક
ગુરુવાર
શ્રાવણ સુદ ચૌદમ. । પ્રતિષ્ઠાન ।

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને આત્માના અનુપમ સુખની પ્રાપ્તિ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરી છે.

મહાપુરુષોની દૃષ્ટીએ સુખના બે પ્રકાર છે, ભૌતિક સુખ અને આત્મીક સુખ. ભૌતિક સુખ છે તે આદરવા લાયક નથી. અને આત્મીક સુખ જ આદરવા લાયક છે. આત્મીક સુખની જ ઉપાદેયતા બતાવવામાં આવી છે. આ સમજાય કઇ રીતે ? તેને આત્મીક સુખ તરફ દૃષ્ટી કેળવવી જ પડે.

જે જીવો બાહ્ય સુખદુઃખને જ સમજે છે, તેવા જીવો આત્મીક સુખને સમજવા માટે ગેરલાયક છે. દેહ, ઈન્દ્રિય, મનના સુખદુઃખોને જીવનમાં બાહ્ય સુખદુઃખ કહીએ છીએ. જડના સંયોગથી તેનો અનુભવ થાય છે. પછી તેમાં સારા રુપ હોય, સારા રસ હોય કે સારા ગંધ હોય. પરંતુ આ બધાથી બાહ્ય સુખનો જ અનુભવ થાય છે. જ્યારે આંતરિક સુખ તો આંતરિક ગુણોથી થાય છે. મનનું સુખ પણ આંતરિક સુખ છે. જીવ મનનુ સુખ બાહ્ય પુદ્‌ગલમાંથી મેળવવા પ્રયત્ન કરે છે, પણ જ્યારે તેને તે પ્રાપ્ત થાય છે ત્યારે તે અંતર દ્વારા જ થાય. આત્માનું સુખ તો આંતરિક ગુણો દ્વારા જ પ્રાપ્ત થાય છે. આત્માનું સુખ શું છે તે સમજવું મુશ્કેલ છે.

બુદ્ધિમાં એવું બેસી ગયુ છે કે કોઇને કોઇ વસ્તુને ભોગવવાથી જ આનંદ મળે અને આ ભ્રાન્તી અનાદીની છે. જ્યારે મોક્ષમાં કોઇ ચીજ જ નથી, વિષયો નથી. તો પછી ત્યાં પ્રવૃત્તિ શું કરવી ? આવો પ્રશ્ન થઇ જતો હોય છે. તમારી માન્યતા છે કદંક કરીએ, કદંક ભોગવીએ તો જ મજા આવે. કંઇ કર્યા વગર આનંદ મેળવી શકીએ તે બુદ્ધિ બહાર છે.

પરંતુ હલકાં સુખો મેળવવા આ બધુ જોઇએ. પણ ખબર નથી કે પરાકાષ્ઠાનો આનંદ ક્યારે થાય? જ્યારે તમે પ્રવૃત્તિ બંધ કરી. સક્રિયતામાંથી નીકળી નિષ્ક્રિય બનો, સ્થિર બનો, ઇન્દ્રિય, મનને શાંત, ધીર ગંભીર બનાવો પછી જ પૌદ્ગલિક પુદ્ગલોના ગુણોનો આસ્વાદ લીધા કરો પછી જ પરાકાષ્ટાનો આનંદ થાય. જેટલા પુણ્યશાલી છે તે પ્રવૃત્તિ કરતાં નથી, ખાલી ભોગવટો કરે છે. હલકા સુખોમાં પરિશ્રમ છે. જેમ શાલીભદ્રને ખાવા માટે મહેનત છે. તે મેળવવા માટેનો પરિશ્રમ નથી. ખાવા માટે હાથહલાવી કોળીયો મોંમાં મૂકવો પડે, ચાવવા, પચાવવા પરિશ્રમ કરવો પડે. કામના ભોગ માટે પણ શારિરીક પરિશ્રમ ખરો? આ બધા હલકા ભોગો છે. પણ દેવલોકમાં ઉંચે જાય તો ત્યાં ઉંચા જ ભોગો છે. ત્યાં ભોગોને ભોગવવા માટે પુરુષાર્થ કે પરિશ્રમ નથી. કામની પ્રવૃત્તિ નીચી માની છે. તેવી ઉપરના દેવલોકમાં નથી. તેઓ તો શૈય્યામાં જન્મે ત્યારથી સૂતા હોય, ખાલી પાંચે ઇન્દ્રિયના સુખોનો આસ્વાદ માણતા હોય તેમને કોઇ પ્રવૃત્તિ, આવેગ, ઉકેરાટ ન હોય. શરીર પ્રવૃત્તિ રહિત, ઇન્દ્રિયો શાંત, મન પણ શાંત હોય, પરંતુ તેમને સતત, સાતત્ય રુપે આનંદ માણતો રહે. માટે ઉંચો પુણ્યનો વિપાક ત્યાં જ માન્યો છે. બધા ધર્મો પણ સ્વર્ગ, નરક માને છે. દેવલોકનું વર્ણન તેમને ત્યાં છે. પણ જૈનોના શાસ્ત્રમાં દેવલોકનું વર્ણન વિશાળ છે. આ વાત હું બોલુ છુ તેમ નહિ પણ જૈનેતર સંત સાથે મારે કેટલા કુ કેટલા પ્રશ્ન થઈ છે. તે સંતે બીજા દર્શનોનો અભ્યાસ કરેલો હતો. મારે તે કહે કે તમારે ત્યાં કેવું દેવલોકનું વર્ણન છે. અમારી પાસે આવું નથી. આપણે ત્યાં એક-એક દેવલોકની માહિતી શાસ્ત્રમાં આપી છે. ઉંચા પુદ્ગલના સુખ કેવા હોય, તેની અવસ્થાઓ બતાવી છે, કોઈ દુનિયામાં કોઇએ કલ્પી નહિ હોય.

અન્ય માને છે કે જેના જીવનમાં ભોગની પ્રવૃત્તિ છવાયેલી હોય એ વ્યક્તિ સુખમાં તરબતર હોય, માટે બહારના ધર્મો જેવાકે ઈસ્લામ, ક્રિશ્ચન માને છે જન્નત અને હેવન. ઈસ્લામ ધર્મમાં કુરાનમાં જન્નત માની છે અને ક્રિશ્ચન ધર્મના બાઈબલમાં હેવન માન્યું છે. કહે છે આખી જીંદગી સારી રીતે જીવો તો તેના રૂપમાં જન્નત, હેવન મળે. એમને ત્યાં ધર્મનું અંતિમ લક્ષ્ય જન્નત અને હેવન છે. જ્યારે આપણો ત્યાં ધર્મનું અંતિમ રૂપ મોક્ષ છે. ભારતીય બધા ધર્મોએ મોક્ષ બતાવ્યો છે. પેલા લોકોએ હેવન, અને જન્નત બતાવ્યુ છે.

કહે છે મોક્ષે જવા જેવું છે, ત્યાં આધિ-વ્યાધિ-ઉપાધિનો અંત આવી જશે, નથી જનમવાનું નથી મરવાનું, રોગ નથી, શોક નથી. હેવન અને જન્નતમાં પણ આ બધાની ગેરહાજરી માની છે. આપણો કહીએ મોક્ષે ગયા પછી આધિ-વ્યાધિ-ઉપાધિ નથી. એમ તેમને ત્યાં પણ નથી. એ લોકો કહે છે ત્યાં સતત આનંદ પ્રમોદ છે, શોક સંતાપ નથી, મજા જ કરવાની. પણ મજા શું ? જેમ એક વ્યક્તિ પાછળ ૭૨-૭૨ અપ્સરા હાજર હોય, ૧ અપ્સરા પંખો નાંખે, ૧ અપ્સરા ચામર વીંઝે, ૭૨ જાતના જામ હોય, મેવા મીઠાઈ રૂપ, રંગ ડીઝાઈન, ફરવા ફરવાના સાધનો, વસ્ત્રો, અલંકારો બધુ જ ટોપમાં ટોપ હોય. બસ ભોગ ભોગવ્યા કરવાના. રૂપ-રંગ, સંગીતથી તન્મય બનો. ઘડીકમાં આ ભોગ તો ઘડીકમાં આ ભોગ! અને તે પણ કાયમ માટે. તમારે જો કાયમ માટે આવા ભોગમાં રહેવાનું આવે તો મોક્ષની જરૂર ખરી?

આપણે ત્યાં મોક્ષમાં કોઈક વસ્તુ નથી. આપણો ત્યાં પલંગ, બત્તીયા, અપ્સરા, સુગંધ, માલપાણી કોઈ વસ્તુ નથી ખરી? બધી જ વસ્તુની ગેરહાજરી માની છે. તમને આ બેમાંથી કયું

પસંદ પડે ? આપણો મોક્ષ કે જન્નત ?

સભા:- મોક્ષ જ પસંદ પડે.

સાહેબજી:- હા, પસંદ પડે તો શું કામ પસંદ પડે ?

અત્યારે દેવલોકમાં તો મરવાનું આવે. પણ મોક્ષમાં મરવાનું નથી. તેમ જન્નતમાં પણ મરવાનું નથી અને કાયમ માટે મોજમજા છે. તો ગમે ને ?

સભા:- આવા, પીવાનું એ બધા દુઃખો તો છે જ.

સાહેબજી:- બસ એજ મનમાં બેસવું જોઈએ. આપણે દેવલોકમાં આનંદ માન્યો. પણ કયો ? ભૌતિક આનંદ છે, ત્યાં કામાનંદ છે આત્માનંદ નહિ. આત્માનંદનુ ઉંચુ સુખ તો શાસ્ત્રમાં છે.

ઉંચા દેવલોકમાં એકે અપ્સરા નથી. અપ્સરા પ્રત્યે આવેગ આવે તેમાં ઉંચુ ભૌતિક સુખ ન હોય. હલકી કક્ષાના કામના સુખને આભાસિક સુખ કહ્યુ છે. માટે ઉંચુ સુખ મેળવવા ધાંધલ ધમાલ ઓછી કરવી પડે. થોડા શાંત, સ્થિર બનો તો જ ભૌતિક ઉંચા સુખ મળે. અત્યારે હજુ આત્માના સુખની વાત નથી.

ઉંચા ગ્રૈવેયકમાં દેવતાઓના મન શાંત છે. અત્યારે અપ્સરા આપણને એક પણ ન મળે. તેમનો અહંકાર શાંત થઇ ગયેલો છે. તેમનામાં બળ કેટલું છે, તાકાત કેટલી છે, નીચેના દેવલોકના દેવોને સેવક બનાવવાની તાકાત છે. મનુષ્ય લોકને એક મીનીટમાં નમાવી શકે પણ મારો પ્રભાવ પાડુ, શક્તિ બતાઉ, આવું કંઇપણ તેમને થાય નહિ. આપણામાં વિશેષ શક્તિ હોય તો શાંત બેસીશો ખરા ? સાધુ પણ ન બેસી શકે. મારામાં આકાશમાં ઉડવાની શક્તિ, કે અદશ્ય થવાની શક્તિ હોય તો રહિ શકુ ખરો ?

સભા:- સ્થુલીભદ્રને થયેલુ ને ?

સાહેબજી:- સ્થુલીભદ્રને આખી જીંદગીમાં એક જ વાર શક્તિ બતાવવાનું

મન થયેલું. અને તે પણ ઘણું જ મેળવ્યા પછી. જ્યારે આપણો તો એના પહેલા જ ફુદકા મારીએ. માટે આપણી સરખામણી તેમની સાથે ન થાય નહિતર તેમની આશાતના કરશું. તેમને જ્યારે ભરતબાહુસ્વામીજીએ કહ્યું કે તમારી વાચના બંધ છે તો પગમાં પડીને કહે છે કે મારો દોષ હોય તો બતાવો, મને ક્ષમા કરો. તેમને થયું કારણ વગર તો જ્ઞાનીભગવંતો આવું કરે નહિ. માટે તેમને ઉપયોગ મૂક્યો તો ખ્યાલ આવ્યો કે મને જ્ઞાનશક્તિ પ્રદર્શીત કરવાની ઇચ્છા થઇ માટે મારી વાચના બંધ કરી છે, પછી તેમનો પગમાં પડી ક્ષમા માંગી ત્યારે ભરતબાહુજી કહે છે કે તમારા જેવા ઉચ્ચ પુરુષને પણ આવું મન થયું. તેમા તમારી નબળાઇ નથી, તે કલીકાળનો દોષ છે, આ તેની નિશાની છે. આવાને પણ આવું થયું તે આશ્ચર્ય છે. આમ તેમનો મનોવિજય કેટલો ? કોશ્યાને ત્યાં કેટલો મનોવિજય કર્યો છે. તેમનું નામ ત્ર ચોવીસી સુધી રહેવાનું છે. તેમને એકવાર આવી ઇચ્છા થઇ તે કલીકાળનો પ્રભાવ છે.

માન, અહંકારને જુતો ત્યારે શક્તિઓ પચાવવાની તાકાત આવે છે. અભવિના જીવે પણ કેટલા માન કષાયો જીત્યા હોય છે. તેમની પાસે ઇચ્છે કરતાં પણ વધારે બળ હોય છે પણ પ્રદર્શીત કરવાનું મન થતું નથી. વિચારજો માન ઉપશાંત કઇ કક્ષાના હશે. દુનિયાની ટોપ અપ્સરા દેખાય તો પણ નખમાં વિકાર થાય નહિ, માટે કામને કેવો જીત્યો હશે ? તેમને કોઇ આવા ઉચ્ચકોટ કે આવેગો થાય નહિ. સતત શાંત પડ્યા હોય, માટે તેઓ ભૌતિક સુખને ભોગવતાં હોય છે. જેના જીવનમાં મનની વ્યાકુળતા છે તેને બહારના સુખો ધુળધાણી બરાબર છે. ઉચ્ચ સુખ પ્રાપ્ત કરવા શાંત-સ્થિર મન જોઇએ. ઉંચા દેવલોકના સુખ ઉંચી ગુલ લેશ્યાથી થાય છે.

પુદ્ગલની દુનિયામાં પણ પ્રવૃત્તિ શૂન્ય બનવાથી ઉંચા સુખ મળતા હોય તો, આત્માનું સુખ તો તેનાથી પણ ઉંચુ છે તો તે મેળવવા તો પ્રવૃત્તિ શૂન્ય બનવાનું જ હોય. માટે જ મોક્ષમાં કશું કરવાનું નથી. હંમેશા મેળવવાનું કોને ? જેના જીવનમાં અધુરપ હોય તેને. સિદ્ધ અવસ્થામાં તેમને બધી સિદ્ધિ થઈ ગઈ છે. કહેવાતી બધી જ વસ્તુઓ પ્રાપ્ત થઈ ગઈ છે ત્યાં અધુરપ નથી, પૂર્ણતા છે. અપૂર્ણતા અધુરપ છે અને ત્યાં જ દુઃખ છે જ્યારે પૂર્ણતામાં બીજાને સુખ હોઈ શકે. માટે સિદ્ધદશા પૂર્ણતાનું પ્રતિક છે. ત્યાં શાશ્વતકાળ માટે કશું કરવાનું નથી. સતત ગુણોનો આસ્વાદ માણવાનો છે.

ઉંચા દેવલોકમાં ૩૩ સાગરોપમ સુખ માણ્યો છે.
જ્યારે મોક્ષમાં કાયમ માને સુખ માણવાના છે.
મોક્ષમાં આત્માના ગુણોનો સ્વાદ છે.
જ્યારે અહિંયા જડ પુદ્ગલના ગુણોનો સ્વાદ છે.

હવે કોઈ કહે કે જડના ગુણોમાં મજા હોઈ શકે પણ આત્માના ગુણોમાં મજા કેવી રીતે હોઈ શકે ! અને આવું જે માને છે તેની હજુ દ્રષ્ટી ખુલી નથી. પરંતુ કોઈ સાબીત કરી શકશે નહિ કે જડ પુદ્ગલમાં સ્વાદ-બેસ્વાદપણું છે પણ આત્માના ગુણોમાં સ્વાદ નથી.

કોઈ વ્યક્તિને અહંકારનો ભાવ, આટોપ પેદા થયો તે સતત માન-સન્માનનો ભૂખ્યો છે. અહંકાર એક પ્રકારની ભૂખ છે. અહંકારીને કોઈ બહુમાન કરે, સન્માન કરે, પ્રશંસા કરે તો રાજી થાય. આ ભૂખ મનની છે. તે ભૂખ કાંઈ શરીર કે ઈન્દ્રિયની નથી. જેમ તમારા વખાણ કરવાથી તમારા પેટને કાંઈ શાંતિ થાય છે. ભૂખ્યા હોય તો કાંઈ પેટ ભરાય ખરું ? તેમ માન-સન્માન વખાણ કરે ત્યારે કાંઈ તમારા શરીરને સુંવાળપ પેદા થવાની નથી. માટે તેનાથી કાંઈ શરીર અને ઈન્દ્રિયને

સુખ નથી મળતું. કાન-આંખ-નાકને તેનાથી કાંઇ સુખનો અનુભવ થતો નથી.

સભા:- વખાણથી કાનને તો સંતોષ થાય છે ને?

સાહેબજી:- ના, ખોટી વાત. તે વખતે કાનને સંતોષ નથી થતો જેમ તમારા વખાણ કરવા કોઇ ઉભુ થયુ. હવે તેનો અવાજ ઘોઘરો હોય તો તે વખતે કાનને ન ગમે પણ મન તો સાંભળીને કીલે ને? માટે પ્રશંસા તે ઇન્દ્રિયની નહિ પણ મનની ભૂખ છે. કાનને તો સંગીત, સારા, મધુરા કે પ્રિય હોય તેવો અવાજ ગમે છે. પછી ભલે બીજાના વખાણ પણ પ્રિય અવાજે હોય તો તેને ગમે. જેમ ભગવાનનું સ્તવન સુંદર અવાજે ગાતો હોય તો કાનને ગમે ને? આમ તો બીજાના વખાણ છે.

સભા:- કાનને ગમતું હોય તે મનને ગમે જ તેવું બને?

સાહેબજી:- ના તેવું નથી. કાન અને મનની કીમાત જુદી છે. જેમ તમારા વિરોધીના વખાણ કરે ત્યારે સારા અવાજના કારણે કાનને ગમશે પણ તે વખાણ મનને ગમે ખરા?

સભા:-

સાહેબજી:- ઇન્દ્રિય એ પુદ્ગલની રચના છે. તેને સતત અનુકુળ વિષયો જોઇએ. પ્રતિકુળ વિષયો નથી ગમતાં. અનુકુળ-અનુગ્રહ થાય છે. પ્રતિકુળ વિષયથી ઇન્દ્રિયને ઉપઘાત થાય છે. જેમ તીખો પદાર્થ જીભ પર મૂકો તો જીભ ચચરી જાય. ત્યારે મનથી વિચાર કરો તો જ ચચરે? તેમ તમે દાઝો ત્યારે મનથી વિચાર કરો તો જ દાઝો કે ન કરો તો પણ દાઝો?

સભા:- પાંચે ઇન્દ્રિયના વિષય ભોગવતાં આત્માને ભાન હોય ને?

સાહેબજી:- હા, છેલ્લે તો આત્માને જ ભાન કરવાનું છે. જ્ઞાન કાંઇ ઇન્દ્રિય પાસે હોય? ને તો જડ છે. શરીર, ઇન્દ્રિય કે મનના સુખ-

દુખનો અનુભવ તો આત્મા જ કરશે. અને આત્માના સુખનો અનુભવ પણ આત્મા જ કરશે. પરંતુ આ ચારેના સુખ-દુઃખ જુદા છે. માટે તેમાં ભેળસેળ ન કરાય. તમારે આજ ગડબડ છે. માટે ધર્મ ઢારા મળતાં આંતરિક સુખને જાણી શકતા નથી. ઉપવાસ કરવામાં આનંદિક સુખ માણે છે તેમ લાગે છે! તપ-ત્યાગમાં તો કષ્ટ જ દેખાય છે ને? માટે જ તમારે કહેવું પડ્યું કે સાહેબ અઠ્ઠમ કરવાના છે તો થોડી પ્રેરણા કરશો. આ પ્રેરણા કેમ કરવી પડે છે? અરે કર્યા પછી પણ પંપીળા થશે કે કેમ? ના, તમે શરીર અને ઇન્દ્રિયને અનુકુળ વિષયની વાત હોય તો તરત જ ઉત્સાહીત થાઓ. તમે મનના સુખ અને આત્માના સુખને હજુ પિછાની શક્યા નથી.

હવે શરીરના સુખના કારણો જુદા છે તેમ ઇન્દ્રિયના સુખના કારણો જુદા છે. અહંકાર માન-સન્માનથી થતું સુખ મનનું સુખ છે. અહંકાર એ મનની ભૂખ છે. ભૂખ વધારે હોય તો કોઈ જરા વખાણ કરે તો ફુલાઈ જઈ પણ જેમ ભૂખ ઘટતી જાય તેમ મન શાંત થતું જાય.

અનુત્તર અને સર્વાર્થસિદ્ધના દેવોને જેવું માનસીક સુખ છે તેવું કોઈને નથી. મન સાટલું શાંત હોય છે માટે જ દેવલોકમાં મજા છે. તેમનું જે માનસિક સુખ લખ્યું તેમાં ને નિરતિચાર ચારિત્ર વટાવી ગયા હોય અને સમતાના સ્તરે પહોંચી ગયા હોય તેને જ સૌથી વધારે હોય. સમતામાં જે માનસીક સુખ છે તે નિરતિચાર ચારિત્રમાં માન્યુ નથી. કારણ કે ભૂમિકામાં પણ પ્રશસ્ત કષાય હોય છે. ૧૨ મહિના ચારિત્ર પાળવાથી મનના સુખની પરાકાષ્ટાની પ્રાપ્તિ સમતાના જીવોને થાય છે.

ભગવાન મહાવીરે દીક્ષા લીધા પછી ૧૨ મહિનામાં મનના સુખની પરાકાષ્ટા પ્રાપ્ત કરી છે. પણ આત્માનું સુખ જુદુ છે.

સભા:- સમતા ક્યારે આવે?

સાદેબજુ:- છઠ્ઠા સાતમાના અપર લેવલમાં સમના આવે. પાછુ તત્કાળ વધતાં વધતાં ૧૨ મહિને અપ્રતિમ સુખનો અનુભવ ચાલુ થઈ જાય છે. પાછુ આ સુખ બાયપ્રોડક્ટ કહેવાય. તેને આનુસંગીક સુખ કહ્યુ છે. સાધનાની ખરી આનંદની અનુભુતિ તો આત્માનું સુખ છે, જે પેલા સુખ પાસે કાંઇ વિસાતમાં નથી. જેમ ખેતીમાં ઘાસ અનીવાર્ય પણ ઉગે. પણ તેની કાંઇ કિંમત નહિ. પણ ખરી કિંમત તો અનાજની છે. જો આનુસંગીક સુખ આવું હોય તો મુળ આત્માનું સુખ કેવુ હશે? કદી વિચાર્યું છે ખરુ? પરંતુ તમે હજુ આવી મેન્ટાલીટી જ તૈયાર કરી નથી. તમને તો હજુ કીમ કે પ્રભુ તો જંગલમાં રખડતા હતા. બારેબાજુ કાંટાની ઝાડીઓ વરસતી હતી તો તે વખતે આવા સુખની મજા મળે?

પરંતુ તમારી પાસે આંતરિક સુખની દ્રષ્ટી જ નથી. જેની પાસે આ દ્રષ્ટી હોય તેજ સમજુ શકે. ભગવતી સૂત્ર- ઠાણાંગ સૂત્ર- પ્રકરણ ગ્રંથોમાં લખ્યુ છે, આવુ તો કેટલીય જગ્યાએ લખાણ છે. જે મુની સમતા પામે તેને તેની લેશ્યા જન્ય આવું આવું સુખ મળે.

તમને શરીરનું સુખ કઇ રીતે મળે તે બધી ખબર છે, તેમાં તો એક્સપર્ટ છો. અરે ઇન્દ્રિયના સુખ પણ કઇ રીતે મળે તે ખબર છે. પરંતુ મનના કે આત્માના સુખ માટે જ ખબર નથી.

જેમ ઇન્દ્રિય અને શરીરને અનુકુળ પ્રતિકુળ વિષયો છે તેમ મનના પણ અનુકુળ- પ્રતિકુળ વિષયો છે. તેમાંથી મફતા માનસીક સુખને વધારે મેળવવા શું કરવાનું?

ટૂંકમાં તમે મન ઉપશાંત કરો, અજંપા બહાર કાઢી લો તો માનસીક સુખ મળે. તપ-ત્યાગ-સંયમ પાળો, સામાયિક, પ્રતિક્રમણ કરો ત્યારે શાંત બનો તો માનસીક સુખ મળે. ધર્મથી મનનું સુખ મળે ત્યારે જો અધ્યાત્મના સુખની અનુભુતિ ન મળતી હોય તો તે

જીવનો ધર્મ મોક્ષમાર્ગની બહારનો છે.

ધ્યાન કરે ત્યારે ઘણા શાંતિ, પ્રસન્નતાનો અનુભવ કરે છે. તે વખતે જાણે ઘણી ઝંઝાવાતમાંથી મુક્ત થઈ ગયા હોય તેવું લાગે છે. તેમને મજાનો અનુભવ થાય છે. આવું પણ કોઈને થાય છે. પણ આત્મીક સુખનો આ અનુભવ નથી.

ધર્મના ક્ષેત્રમાં પણ ચિત્તની પ્રસન્નતા પામનાર લાખો-કરોડો ઓછા છે. અનુભવ થતો નથી. ખોટી શ્રદ્ધાથી ધર્મ કરતાં હોય છે. તેમને એમ કે તેનાથી પુણ્ય મળશે-કર્મો ખપશે, કઈંક સારું થશે. આવી માન્યતા ઘણાની છે. પણ ધર્મ કરવાથી પ્રસન્નતા, મનને શાંતિનો અનુભવ થાય તેવા ઘણા ઓછા છે. પરંતુ અમારે તો કહેવું છે કે આવો અનુભવ થતો હોય પણ આત્મીક પ્રસન્નતા ન મળે.

સભા:- માનસીક પ્રસન્નતા પામેલાને આત્મીક પ્રસન્નતા ન આવે?

સાહેબજી:- આવે પણ ખરી અને ન પણ આવે. જેમ અભવિના જીવો મનની પ્રસન્નતા ઘણી પામે છે. નિરતિચાર ચારિત્ર પાળે ત્યારે તેમને મનનું સુખ કેવું હોય ? જરા પણ ગુસ્સો, વિકાર ન હોય. પ્રતિકુળ વિષયો આવે તો પણ ગુસ્સો ન કરે. બાવામાં કદાચ લીમડાનો રસ નાંખીને આપે તો પણ મોં બગડે નહિ. હવે આવા જીવને આત્માની પ્રસન્નતા ન મળે. તે મોક્ષમાર્ગની જમીકાની બહાર જ રહે છે.

સભા:- ચિત્ત પ્રસન્ન પૂજન ફળ

સાહેબજી:- તેના બે અર્થ કહ્યા છે. એક તો જેમાં સાથે આત્માનું સુખ મળેલું જ હોય. અથવા આ ફળ આનુસંગીક હોય. મનની પ્રસન્નતા થઈ જવાની કે જે આત્માના સુખ સાથે જકડાયેલી હોય. અથવા તેના આનુસંગીક ફળ રૂપે હોય. બધા શાસ્ત્રો નયવાદથી લખાયા છે

ઉપમીતીમાં સિદ્ધર્ષીગણીએ લખ્યું છે કે આ સંસારમાં પુણ્યના વિપાકવાળાને ભૌતિક સુખ મળે છે. પુણ્ય રહિત જીવોને મળતું

નથી. છતાં લખ્યુ કે આ મળતાં સુખોનો આનંદ કોણ લઈ શકે? તો કહ્યુ સમ્યગ્દૃષ્ટી જ લઈ શકે. પુણ્યાનુબંધી પુણ્યનો જેને ઉદય નથી તેવા જીવોને સાચા અર્થમાં સુખની અનુભુતિ ન થાય. સાચા સુખની અનુભુતિ તો સમ્યગ્દૃષ્ટિને જ થાય. જ્યારે પેલા જીવોને ન થાય.

એક બાજુ એમ કહો છો કે સમ્યગ્દૃષ્ટી સંસારના સુખને દુઃખ માને છે અને બીજુ બાજુ એમ કહો છો કે સંસારનું ત્રૈકાલિક સાચુ સુખ સમ્યગ્દૃષ્ટી જ મેળવી શકે.

શબ્દાર્થ:- તાળી જ ક્યાં બેસે

સાહેબજી:- બુદ્ધિમાં બેસાડવું પડે.

ઉપદેશ રહસ્યમાં એક આખુ ચેપ્ટર લખ્યુ છે. તેમાં મિથ્યાદૃષ્ટી અને સમ્યગ્દૃષ્ટીના સુખની તુલના કરી છે. એવા વૈવિધ દૃષ્ટાંતો આપ્યા છે બરાબર સમજી શકો તો બુદ્ધિમાં બેસી જાય.

જેમ કોઈ માણસને ઝેર અજાણતાં અજાણતાં ખવડાવામાં આવે પછી તેના શરીરમાં તેની અસર તો થાય. જેમ બેચેની લાગે, ગભરામણ થાય, પસીનો થાય, અંદરમાં વિહ્વળતા લાગે. નસો ખેંચાય, ઉલટીઓ થશે તેવું લાગે. હવે આવા વખતે તેની સામે સુંદર અપ્સરા મૂકો, સારા માલપાણી ખવડાવો કે, ચંદનના લેપ કરો, એરકન્ડીશનમાં બેસાડો, મખમલના ગાલીચા પાથરો, પાંચે ઈન્દ્રિયના ભોગથી તેને લાદી લો. એ જે માંગે તે આપો. એ વખતે એને મજા આવે ખરી?

શબ્દાર્થ:- ડાકણ મરણનો ભાઈ છે

સાહેબજી:- તમને ચિંતા થઈ ગઈ. પણ આપણો ખાત્રી આપીએ કે ભાઈ તું મરવાનો નથી. સારા ડોક્ટર, વૈદોને સામે બેસાડી

દઈએ પછી કોઈ ચિંતા ખરી? જાણે મોત સામે છે જ નહિ. આ કેવું મારણ પણ છે. હવે વિચારો કે તેને ભોગનો આનંદ કેમ ન થાય?

સભા:- કારણ અંદરથી બેચેન છે.

સારેવાજુ:- આવી ગયા ઠેકાણે. જે અંદરથી બેચેન છે તેને બહારના ગમે તેટલા સુખ આપો તે સુખ કેવા? તે સુપરફીશીયલ છે.

બીજા દૃષ્ટાંતમાં જેમ કોઈ ઘર ફ્રીજમાં ફ્રાસતો હોય ત્યારે કોઈ ટોપ લેવલનું મ્યુઝીક સંભળાવે, એરકન્ડીશનમાં તેને બેસાડે ચંદનનો લેપ કરે, બહારથી ગમતુ બધુ તેને આપીએ, પણ સાથે ફ્રીજે તારે ભાવ નહિ મટાડવાનો. તો શું થશે? જેને અંદરથી ત્રાસ છે તેને બાહ્ય સુખ કેવુ? તે સુખ સુપરફીશીયલ જ છે. તેને બહારથી સુખ થાય પણ અંદર તો દુઃખી દુઃખી ને દુઃખી જ રહેવાનો.

હવે જેમ ઘીમધખતો તાપ હોય, સૂર્ય જાણે આંખો ફાડીને તપતો હોય. તેની સખ્ખત ગરમીથી સરોવર-તળાવમાં સપાટીનું પાણી ગરમ થઈ ગયુ હોય, વરાળ નીકળતી હોય પણ તેમાં દસ ફુટ નીચે જુઓ તો નીચેનું પાણી ઠંડુ બીનળ જેવુ લાગે. તેમ સમ્યગ્દૃષ્ટીને શરીર-ઈન્દ્રિયની વેદના આવે તે દુઃખ બહારનુ છે પણ તેને તે વખતે પણ અંદરમાં ઠંડક હોય છે. ત્યારે મિથ્યાદૃષ્ટીને બહારના ભોગો આપો તો બહારથી સુખી થાય પણ અંદરથી તો દુઃખી દુઃખીને દુઃખી જ રહેવાના.

તમારા જીવનમાં આને બરાબર સમજશો તો સુખી થઈ જશો. તમને ઈન્દ્રિય અને શરીરના સુખોથી દાદી દઈએ પણ સાથે શાસ્ત્ર રાખવાની કે મન બેચેન રાખવાનું તો મજા આવશે?

જૈનેતર એક દૃષ્ટાંત આવે છે. તેમને ત્યાં સાધનાથી પ્રસન્ન થઈ સાધકને વરદાન આપે છે. સાધકે ઘોર તપસ્યા કરી જેથી

ઈશ્વર ખુશ થઈને વરદાન આપે છે. તેમાં આપે કહે છે કે શરત એક જ છે કે એક જ વસ્તુ એણની માંગી શકે પણ બધુ સાથે માંગી શકે નહિ. કોને થયુ પૈસાનું સુખ માંગુ. તમે હોવ તો શબ્દો જ માંગોને? કોને સંપત્તિ માંગી. હવે સંપત્તિ આવે પછી ઘરમાં ભાઈઓ હળીમળીને રહેતા હોય તે રહી શકે ખરા? કોરસે ઉત્પાત ચાલુ થયો મારે તેને થયુ આ તો મોંઢાકુ ચાલુ થઈ છે. ગમે તેટલી સંપત્તિ હોય પણ જો કુટુંબમાં શાંતિ ન હોય તો? જો કુટુંબમાં શાંતિ હોય પણ શરીર રોગનું ઘર થયેલું હોય તો શું થાય? ન ખાઈ શકે, ન પી શકે. મારે શરીરનું સુખ પહેલુ ગણાય છે. તમારે વ્યવહારમાં પણ કહે છે ને પહેલુ સુખ તે જતે નર્યા. ત્યારે અમે આગળ વધીને કહીશુ કે શરીર, કુટુંબ, સંપત્તિ, સત્તા બધુ જ હોય પણ જો મન બેચેન હોય તો બધુ જ ધુળધાણી થાય. માટે નક્કી શું થયુ? કે ભોગસુખમાં પણ આંતરિક સુખનું મહત્વ વધારે છે. આ વાત તમને મનમાં બેસશે કે નહિ તે ખબર નથી પણ જો બેસી જાય તો માનસિક સુખ મેળવવા પહેલો પ્રયત્ન કરશો. આ ભૌતિક દૃષ્ટીએ વાત થઈ.

જેને મનની સ્વસ્થતા હોય તેને ભૌતિક સુખ હોય. જ્યારે વાસ્તવમાં આત્માનું સુખ હોય તેને જ ખરુ સુખ છે. આત્માનું સુખ નથી તેને બધુ જ કચરા બરાબર છે અને આ બતાવ્યા તો જ આત્માના સુખનું મુલ્ય દેખાય.

શબ્દ:- આત્માનું સુખ

સાહેબજી:- તમારા જીવનને ચકાશવાનું ચાલુ કરો. તમારા અનુભવનું પૃથ્થકરણ કરો. તમારા જીવનમાં થયા સારા માઠા પ્રસંગો બન્યા હશે.

જેમ શરીર તંદુરસ્ત હોય, મનગમતાં સુખો મેળવી શકતા

હવે ત્યારે કોઈ ખરાબ સમાચાર આવે. જેમ સોદામાં લાખ રુપિયા ગુમાવ્યા અથવા દિકરાને હોસ્પીટલમાં દાખલ કર્યો છે. આ સમાચાર મળતાં દુઃખ શું થાય ? સંસારના બધા બાહ્ય સુખ કયરાના દોપલામાં જાય ને ? શરીર-ઈન્દ્રિય દુઃખમાં હોય પણ મન શાંત હોય તો, જેમ તમે નાવમાં ઝપાસતા હોવ ત્યારે સમાચાર મળે કે સોદામાં લાખ રુપિયા કમાયા તો ખુશ થઈ જવને ?

સભા:- સાહેબ આત્માનું સુખ કેવી રીતે મેળવવું ?

સાહેબજી:- તે મેળવવાની પણ આખી પ્રોસેસ છે.

દુઃખમાં ભૌતિક પ્રક્રિયા છે તેવી પેરેલલ ક્રિયા છે. અહિંયા પુદ્ગલના ભોગ છે, તેમાં ચેતનના ભોગ છે. અહિંયા પુદ્ગલના ગુણો છે. તેમાં આત્માના ગુણો છે. અહિંયા સાધન દેહ ઈન્દ્રિય છે, આત્માના સુખમાં સાધન મન છે.

સમાન પ્રક્રિયાથી જ આત્માના સુખમાં જવાય છે.

પણ પહેલા આ સુખ કયરા જેવા લાગવા જોઈએ.

સભા:- આત્માનું સુખ મેળવવા નિરતિચાર ચારિત્ર ખરુ ?

સાહેબજી:- હા ખરુ, તે મેળવવામાં તમામ ભૂમિકા કારણ છે. જેમ સંસારમાં સુખ માણવા પહેરવું, ઓઢવું, ખાવુ, પીવુ બધી પ્રવૃત્તિ છે તેમ આત્માનું સુખ મેળવવા સામાયિક, પ્રતિક્રમણ, તપ, ત્યાગ, સંયમ આત્માના સુખને મનના સુખને માણવા માટેના ઉપાય છે. તમને સાટે આ બધામાં કષ્ટ દેખાય છે તે ભ્રમ છે. પરંતુ સાટે ગુણોનો આસ્વાદ છે.

હકીકતમાં વિચાર કરો.

જેમ ઉપવાસ કરતાં આવડે ત્યારે આવેગો શાંત થવાના જ. જડાલ સાથે બોલવુ છુ. ખાઈ પીને શાંત થાય તે સંભવિત નથી. હવે મનના આવેગ રાગ્યા તેથી મનની શાંતિ મળે છે માટે માનસિક સુખ સાટે આત્મીક સુખ આવે છે. આ આત્માની ભોગકિયા છે. સામાયિક, પ્રતિક્રમણ મૂળ આત્માના ભોગની આંતિક ઝાંખી કરાવનારી ક્રિયા છે.

॥ પ.પૂ. શ્રી યુગલુ મુનિવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

૩૧-૭-૯૫
સોમવાર
શ્રાવણ વદ ચોથ

॥ પ્રણિધાન ॥ ઝોવાપિયા ટેક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના પ્રત્યેક જીવ મુક્તિના પ્રણિધાનને પ્રાપ્ત કરે તે માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે. મહાપુરુષોની દૃષ્ટીએ, જીવ જ્યારે પરિપૂર્ણ સાધના કરશે ત્યારે મોક્ષપદને પ્રાપ્ત કરશે. પણ તેને પ્રાપ્ત કરવા માટે તલપ્પા છે. તેમા સ્ટેજ નજીકે, કક્ષા નજીકે પહેલા અંતિમ ધ્યેય બાંધવાનો છે.

ધર્મ શા માટે છે ? ધર્મ કરી શું મેળવવા જેવુ છે ? શું છોડવા જેવુ છે ? ધર્મ શું ચીજ છે ? એનો પાયામાંથી ઉહાપો કરો, પરમાર્થ કરો, ચિંતન કરો. તો બુદ્ધિમાં બેસી જાય કે મુક્તિ મેળવવા જેવી છે.

આત્માની શાશ્વત ઝંખનાને પરિપૂર્ણ કરવી તેનું નામ મોક્ષ છે. મોક્ષનું પ્રણિધાન કર્યું તે ધર્મના ક્ષેત્રમાં પાયાની વસ્તુ છે. જ્યારે મોક્ષ પ્રાપ્ત કરવા લાયક સંકલ્પ નજીકે બંધાય ત્યારે પુરુષાર્થ ઊભા મેળવવા લાયક છે તેવો સંકલ્પ ઉભો થાય.

જેમ સંસારમાં સંકલ્પ શ્રીમંતાઈનો છે, તેમ ધર્મના ક્ષેત્રોમાં પણ પ્રણિધાન આવશ્યક છે. મોક્ષનું પ્રણિધાન કર્યું હોય એટલે શું મોક્ષ. મોક્ષ કરવાનું ?

ઘણા લોકો કહે સાધુ પાસે જઈએ એટલે મોક્ષની વાતો કરે, જે હાથમાં આવે તેમ નથી, અથવા મર્યા પછીના પરલોકની વાતો કરે, પણ અત્યારે આ લોકમાં સુખી કેમ બનવુ તેની સમજણ આપતા નથી. પરંતુ અમે તેમ કહેતા નથી કે દમણા મોક્ષ પામી લો કે પરલોકની તૈયારી કરી લો, પરંતુ અમારું તો એટલુ જ કહેવુ છે કે આ બધા દ્વારા અંતિમ ધ્યેય પામવાનો નિર્ણય કરવાનો છે, પણ નાનકડીક તો અંતિમ ધ્યેય પામવા માટે જે કમસરનો ધ્યેય છે, તેને પ્રાપ્ત કરવાનો છે. દા.ત. જેમ નાના છોકરાને

M.D. બનવું છે, તો શું સીધો M.D.ના ક્લાસમાં બેસી જાય કે શરૂઆત પ્રાઇમરીથી કરે, હાઇસ્કુલમાં જાય, કોલેજમાં જાય અને છેલ્લે પહોંચે. તેમ અત્યારે મહેનત કોની ? તેવી જ રીતે પહેલા મોક્ષનું ધ્યેય બાંધવાનું કહીએ છીએ. કારણ મનુષ્ય એને કરવાથી કે એના પુરુષાર્થ દ્વારા શું મેળવવું છે, તેનું ધ્યેય હોય. અત્યારે મોક્ષને લાયક ગુણ કેળવવાના નથી, પરંતુ નીચલી કક્ષાના ગુણો પહેલા કેળવવાના છે.

અમે કહીએ અંતિમ ધ્યેય સાદિઅપર્યવસિત છે, પરંતુ શક્તિ ન હોય તો શ્રાવકાચાર બતાવીએ છીએ. માટે પહેલો પુરુષાર્થ તો શ્રાવકપણાનો કરવાનો છે. માટે મોક્ષનું પ્રણિધાન કરવાનું કહીએ છીએ, પણ તેના પુરુષાર્થની વાત નથી.

જેમ તમારે છોકરાઓને હાઇસ્કુલમાં લાઇનો ક્લીવાઇડ થતી હોય ત્યારે આપણે કઈ લાઇનમાં જવું છે તે પહેલા નક્કી કરવું પડે. તેવી જ રીતે ધર્મના ક્ષેત્રમાં શું મેળવવું છે, તે અંતિમ ધ્યેય તરીકે નક્કી કરવાનું આવશે.

હવે જેને મોક્ષ મેળવવો છે, તે મોક્ષની સમજ મેળવતો જાય, સ્વરૂપ જાણતો જાય. મોક્ષમાં આત્મગુણોનો આસ્વાદ છે. જેમ સંસારમાં જીવ જડના ગુણોમાં રાચે છે. ત્યાં આત્માના ગુણોમાં રમવાનું છે.

અત્યારે પણ તમારી રમણતા ક્યાંક છે. તમારી ચેતના કોઈને કોઈ વસ્તુમાં રમી રહેલી છે. અને એના સ્વાદનો અનુભવ મેળવવા પ્રયત્ન કરતી હોય છે. જેમ સંસારમાં જડના સારા સ્વાદ, સારી સુગંધ, જડના સારા સ્પર્શ મેળવવા પ્રયત્ન કરે છે, તેમ મોક્ષમાં ચૈતન્યના ગુણોમાં આસ્વાદની રમણતા કરવાની છે.

અત્યારે મોક્ષમાં જે સુખ છે, તે સુખનો આત્મામાં ઝબકારા પણ પ્રગટાવો તો તેને ખ્યાલ આવી જાય કે ત્યાંની મજા કેવી છે. તેને

સમજાવાનું પણ ન રહે કે મોક્ષનું સુખ કેવુ હશે. દા.ત. સાકરના એક કણની મીઠાશમાંથી આખી સાકરની મીઠાશ કેવી હશે, તે જાણી શકાય તેમ તમે થોડો ઉપશમરસ, શાંતરસનો સ્વાદ ચાખો ત્યારે થાય કે અહિંયા સારસો સ્વાદ છે. તો મોક્ષમાં કેટલો સ્વાદ હશે. પરંતુ તે જાણવા માટે પહેલા કણીયાનો સ્વાદ ચાખવો પડે. તમે કણીયા જેટલો સ્વાદ ચાખ્યો નથી, માટે લુખા કરો છો, તેથી જ અંદરમાં અજ્ઞાનતામૂલક બધ, તેંડારપણુ લાગે છે. પણ અહિંયા થોડી અનુકુલતા ચાલુ કરો, ત્યાં સહુથી પરાકાષ્ઠાની અનુકુલતા છે.

તમે એક વખત એક કલાક અશુભભાવ કરો અને એક વખત શુભ ભાવ કરો. બેઉની અનુકુલતાથી શું તફાવત પડે છે, તે જોઇ જુઓ. એક કલાક જેના પ્રત્યે પ્રતિસ્પર્ધી ઇર્ષા જેવો ભાવ હોય તેના માટે ઇર્ષ્યા કરો અને તેના પછી મૈત્રીનો ભાવ કરો પછી તમારી અનુકુલતાનું પૃથ્થકરણ કરો. જ્યારે ઇર્ષ્યા હતી ત્યારે શું અનુકુલતા હતી અને મૈત્રી કરી ત્યારે કેવી શાંતિ હતી. આ પ્રયોગ પોતાની જાતે કરવાનો છે. આવા તો લાખ્ખા ભાવો છે. જેમ ક્રોધની વૃત્તિ કેળવો અને ઉદારતાના ભાવ કેળવો, પછી વિચારો શાંતિ કોમા હતી અને અશાંતિ કોમા હતી, સંતાપ કોમા હતો, સ્વસ્થતા કોમા હતી? આ બધી સહાનુકુલતાથી નિર્ણય કરવાની વાત છે. દોષ માત્ર દુઃખરૂપ છે, ગુણમાત્ર સુખમય છે. આ વાત ગળે ઉતરે તો આ અભ્યાસ ચાલુ કરો. અને પછી જે પરિણામ આવે તે વિચારીને નિર્ણય કરો. પૂજ્ય હરિભદ્રસૂરિએ વીસ વીસ શ્લોકની વીસવીસી ગ્રંથ લખ્યો છે. આપણે જે ત્રોગણોતેર વાંચીએ છીએ, તે સત્તરમી વીસી છે. એની જે વીસમી વીસી છે, તેમાં મુક્તિના સુખનું વર્ણન કર્યું છે.

સિદ્ધભગવંતનું આત્યાબાધ અનુપમ સુખ કેવું છે.

બોઢ શ્લોકમાં લખ્યું કે મોક્ષ, મોક્ષ કરો છો, પણ તેની વ્યાખ્યા તો બતાવો. મોક્ષ ચીજ શું છે? તે કોઈ જગ્યા નથી. આત્માની કર્મરહિત અવસ્થા છે. જીવ ઉપર જાય તેનું નામ મોક્ષ નથી, મોક્ષ તો અહિંયા મૃત્યુલોકમાં થાય છે. સર્વબંધનથી મુક્તિ તેનું નામ મોક્ષ. મહાવીરપ્રભુનો સર્વ કર્મનો ક્ષય થયો એટલે જ પાવાપુરીમાં મોક્ષ પામ્યા. તે જગ્યામાં મુક્તિની પ્રાપ્તિ થઈ. કર્મના ભારથી હલકા થવાના કારણે સહજ ઉર્ધ્વગતિ, ઉદ્ધ્વ સ્વભાવથી જીવ ઉપર જાય છે, પણ તે સિદ્ધશીલા એટલે મોક્ષ નથી. આપણે અનંતીવાર સિદ્ધશીલા પર જન્મ્યા છીએ, મર્યા છીએ છતાં પણ એમને એમ રખડી રહ્યા છીએ.

શ્રોતા:- નીગોદના જીવ તરીકે સિદ્ધશીલા પર જઈ આવ્યા છીએ?

સાહેબજી:- હા, અનંતાજીવો સિદ્ધશીલા પર છે, આપણે બેઈન્દ્રિય પૃથ્વીકાય, અપ્કાય બધામાંથી ઉત્પન્ન થઈ આવ્યા છીએ. સિદ્ધભગવંતો સિદ્ધશીલાથી થોડા ઉપર છે. લોકાગ્રભાગ ઉપર છે, ત્યાં અનંતીવાર જન્મ કર્યા છે. જગ્યા સાથે મોક્ષ ન મનાય, પણ કર્મરહિત આત્માની અવસ્થા તેનું નામ મોક્ષ.

મહાપુરુષોએ આગળ લખ્યું કે બધા સુખોનો સરવાળો તેનું નામ મોક્ષ. બધા દુઃખોની ગેરહાજરી તેનું નામ મોક્ષ.

શ્રોતા:- સિદ્ધશીલા પર તિર્યંચના જીવો હોઈ શકે.

સાહેબજી:- ઝાડ, પાન, વનસ્પતિ, બેઈન્દ્રિય તે બધા તિર્યંચ કહેવાય.

મૂળ કહેવાનું તાત્પર્ય શું છે કે તમામ સુખોનું એકીસાથે પીડ તેનું નામ મોક્ષ. જ્યાં લેશમાત્ર દુઃખની હાજરી નથી.

તમામ પ્રકારના દુઃખોનો સરવાળો તેનું નામ સંસાર
તમામ પ્રકારના સુખોનો સરવાળો તેનું નામ મોક્ષ.

માટે વિચારજો દુઃખ શું છે ? સુખ શું છે ?
પરાધીનતા તે દુઃખનું કારણ છે, સ્વાધીનતા છે તે સુખનું કારણ છે મોક્ષમાં પરાધીનતાનું નામ નથી. પૂર્ણ સ્વાધીનતા છે. ભયમાં સુખ કે નિર્ભયતામા સુખ ? મોક્ષમા કોઈ જાતનો ભય નથી. નિર્ભયતાની પરાકાષ્ઠા છે.

નાસ્તીકને પૂછશો તો પણ આના બરાબર જવાબ આપશે. સંપૂર્ણ નિર્ભયતા મોક્ષમાં છે. માટે ત્યાં સુખ છે. ત્યાં સંસારમાં છે, માટે દુઃખ છે. તેમ વિચારશો કે સ્થિરતામાં સુખ કે અસ્થિરતામાં સુખ ; જોકે તમને તો અસ્થિરતામાં સુખ લાગશે. કારણ તમને દોડવામાંજ મજા આવતી હોય છે, મહેનત કરવાની ટેવ પડી ગઈ છે. કારણ બેઠા બેઠા મનગમતુ સુખ નથી મળતુ માટે, પરંતુ સોફા પર બેઠા જ વસ્તુ હાજર થઈ જતુ હોય તો ભેલા પણ ન થાવ. માટે અસ્થિરતામાં દુઃખ છે, સ્થિરતામાં સુખ છે. સંસારમાં પ્રતિક્ષણ અસ્થિરતા છે. મોક્ષમા પ્રતિક્ષણ સ્થિરતા છે. તેમ એક એક પાસા ગોઠવશો તો ખ્યાલ આવશે કઈ અવસ્થામાં દુઃખ છે, કઈ અવસ્થામાં સુખ છે. જેમ ગંભીરતામાં સુખ કે અધીરાઈમાં સુખ ? તમને હોમા સુખ લાગે છે. પરંતુ ગંભીરતામાં સુખ છે, અધીરાઈમાં દુઃખ છે. મોક્ષમા પરમ ગંભીરતા છે. માટે જે વ્યક્તિ મોક્ષમાં જાય તેને પરાકાષ્ઠાના સુખનો સ્વાદ થાય છે.

અત્યારે અહિંયા તે ઉંચામા ઉંચાનો સ્વાદ ન મળે, પણ નમુના તરીકે તેનો અનુભવ કરી જુઓ તો ખ્યાલમાં આવે, આટલામાં આટલી મજા તો પરાકાષ્ઠામાં કેટલી મજા, પછી તો ગુલ્લાટાજ જ કરવાનો રહેશે. સુખનુ કારણ આ ભાવો છે. તો લાવો જેમ જેમ વધતા જાય તેમ મોક્ષની નજીક પહોંચશો. અને પરાકાષ્ઠાનું સુખ પ્રાપ્ત થાય ત્યારે મોક્ષે પહોંચશો. તમને

મોક્ષ સમજવામાં કયા ગુંચ છે તે સમજતી નથી, આ તો સીધુ તત્વ છે.

અજ્ઞાનમા સુખ કે જ્ઞાનમા સુખ ? સંસારમાં જે ક્ષેત્રમાં અજ્ઞાન છો, ત્યાં મુશ્કેલી નડે છે, દરેક ક્ષેત્રની જાણકારી હોય તો રાજ. ગમે છે શું? દરેક વ્યક્તિને જ્ઞાન જ ગમે છે, તે પણ મહેનત વગર મળતુ હોય તો.

શ્રોતાઃ- અજ્ઞાનને અભીશાપ રૂપ કેમ કહ્યુ ?

સાહેબજીઃ- શાસ્ત્રોમાં કહે છે કે જેનામાં બીજ વિષયો વકરેલા હોય, તેને જ્ઞાન પેદા થાય તો મહાત્રાસરુપ થાય. જે માણસને મનની શાંતિ નથી, આવેગો ખદબદી રહ્યા છે એવા માણસને જ્ઞાન વધશે તો સંતાપ વધશે. જેમ તમારે ત્યાં ટી.વી છાપા વગેરે આવ્યા એટલે સવારથી સંતાપ ચાલુ થાય. જેમ છાપામાં વાંચ્યો કે અમેરિકામાં આમ થયુ તો બેઠા બેઠા સંતાપ વધવા માંડે ન લેવા ન દેવા. છતાં પણ આખી દુનિયાના સમાચારોથી તમારા મનના સંતાપો વધારશો, જૂનકાળમા આ બધાનુ અજ્ઞાન હતુ માટે સુખેથી રહેતા હતા. અત્યારે તમારુ જ્ઞાન વધ્યુ પણ કેવુ અજંપાવાળુ.

શ્રોતાઃ- પણ સાહેબ આને તો જ્ઞાન ન જ કહેવાય ?

સાહેબજીઃ- બરાબર, પણ વ્યવહાર ભાષામાં જ્ઞાન જ કહેવાય, પવિત્ર જ્ઞાનના અર્થમાં ન કહેવાય.

તાત્પર્ય એ કે ઘણી વસ્તુનુ અજ્ઞાન છે, માટે શાંતિ છે. જ્ઞાન પચાવવાની શક્તિ, ગંભીરતા આવે તો હાથ, નોબા પોકારી જાવ. તમને જાતિસ્મરણ નથી થતુ તે સારુ છે, પણ જો થાય તો હાથ બાય, હાથ ના કરો. અત્યારે કોઇનો હીરાનો નેકલેસ, વીંટી જુવો તો મનમાં ગલીપચી થાય, પણ ખરેખર ખબર પડે કે દેવલોકમાં ગયા ભવમાં આવી સુખ સમૃધ્ધિ, અપ્સરાના ભોગો હતા. તો પોક મૂકીને રડવા લાગો. તેથી જાતિસ્મરણ ન થાય તે સારુ છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી, વિવેક કે

પચાવવાની તાકાત ન હોય તો ત્રાસરૂપ થાય, માટે અજ્ઞાન આશીર્વાદ રૂપ આવા જીવોને થાય. અને બીજો અર્થ એ કરે કે જે અજ્ઞાન જ હોય તો કોઈ જાતની પંચાત નહિ, માટે મુર્ખા માટે તે અર્થ ખરો.

તમને ડાહ્યાનું વિરુદ્ધ આપે તો ગમે કે બોદાનું વિરુદ્ધ આપે તે ગમે. સંસારમાં તમે અજ્ઞાની દેખાવો તો ભોકપનો અનુભવ થાય છે. માટે જ્ઞાનમાં જ મજા છે, આમ વાસ્તવીક જ્ઞાન બીડાનું કારણ નથી. અહિંયા જે જ્ઞાન છે, તેના કરતા મોક્ષમાં જ્ઞાનનું અનંતુ સુખ છે, તે માણે તો ગમે કે નહિ?

હકીકતમાં જ્ઞાન સુખની અનુભુતિ કરાવે છે. તમારામાં અત્યારે બળ છે તેનાથી વધે તો રાજ કે નબળા બનવામાં રાજ. મોક્ષમાં અનંતવીર્ય છે, માટે અનંતસુખ છે, કોઈપણ પાસાથી સુખની પરાકાષ્ઠા મોક્ષમાં આવશે. તેનાથી વિરુદ્ધ પાસુ સંસારમા રહ્યો.

મોક્ષમાં બધા સુખની સામગ્રી હાજર છે
મોક્ષમાં બધા દુઃખની સામગ્રી ગેરહાજર છે.

છતાં આવો મોક્ષ ન ગમે તેને મુર્ખો કહેવો, બહુ કહેવો કે બિચારો કહેવો. જેને મોક્ષના સુખનુ સ્વરૂપ ન સમજાય તેની બુદ્ધિ તીક્ષ્ણ થઈ નથી.

જેમ અત્યારે જેને સંસારનુ સુખ માન્યુ છે, તે બધુ મળવાનુ નથી. પુણ્ય પ્રણિધાન છે કે નહિ? તેમ મોક્ષના સુખની ખાત્રી થાય તો પ્રણિધાન આવે.

ચુકાનો અદ્વેષ આવ્યા પછી મોક્ષની જિજ્ઞાસા, મોક્ષ માટે ઉહાપો થાવુ થાય.

તમને કહે કે હાઇસ્કુલમાં જવાથી ડોક્ટર નથી બનાતુ તો હાઇસ્કુલમાં શું કામ ભણો છો? પણ હાઇસ્કુલમા પાસ થશો તો જ કોલેજમાં જવાશે અને પછી જ ઉંચી કક્ષામાં પ્રવેશ મળશે. તેમ

તમામ ભૂમિકાની સાધના દ્વારા મોક્ષની સિદ્ધિ મળવાની છે, માટે તમામ ભૂમિકાની સાધના નકામી જાય તેમ નથી. મોક્ષ એ તો અંતિમ લક્ષ્ય છે. અત્યારે તો અમે તમને વીતરાગ બનવાનુ પણ નથી કહેતા, કે કેવલજ્ઞાની બનવાનુ પણ નથી કહેતા અને મોક્ષે પહોંચવાનું નથી કહેતા. વીતરાગતા વગર કેવલજ્ઞાન ન આવે, કેવલજ્ઞાન વગર મોક્ષે ન જવાય, માટે જ્યારે વીતરાગ બનવાનુ નથી કહેતા; તો અમે ઉપદેશ શેનો આપીએ છીએ ? શ્રાવકનો જ ઉપદેશ આપીએ, અશ્રાવકનો ન જ આપીએ. અત્યારે જે શ્રાવક ધર્મ છે તેની જ અમે પ્રેરણા કરીએ છીએ. અમે કહેતા નથી કે તમે દમણાને દમણા સાધુ થઈ જાવ. પહેલા તમને તપાસીએ પછી જ અમે તમને દીક્ષા આપીએ. માટે જ અમે કહીએ છીએ કે પહેલા મોક્ષનો ધ્યેય બાંધો, મોક્ષનો રાગ કેળવો.

વીતરાગ બનવા માટે રાગ તોડવો જોઈએ. અને મે કહ્યુ કે વીતરાગનો રાગ કેળવો, છોડવાની વાત નથી, આ તો કરવાની વાત છે. આપણો પ્રેક્ટીકલ ધર્મ છે. વિચાર કર્યા વગર ઠોકે રાખીએ તેમ નથી.

સંસારમા પણ કેમ જીવવું ? શ્રાવક તરીકે સંસાર કેમ સેવવો જોઈએ તેવી વાતો પણ અમે તમને કહીશું. માટે આ બધી વાતો અવ્યવહારીક વાતો નથી, જનરલ ખુલાસા માટે વાત કરી છે.

જીવનમાં સાધુતાના આદર્શ તરીકે સાધુતાને આદર્શ તરીકે બતાવીએ છીએ, પણ દીક્ષા જ લઈ લો તેમ નથી કહેતા, પરંતુ આદર્શ તરીકે રાખવાનુ કહીએ છીએ, આ માર્ગ છે, મેળવવા જેવુ છે.

આપણે ત્યાં બે પ્રકારના ઉપદેશ છે.

"સારી વસ્તુ ગમાડવા માટેનો ઉપદેશ છે

સારી વસ્તુના આચરણ માટેનો ઉપદેશ છે."

મોક્ષ ગમાડવા માટે અમે સ્પષ્ટતાપૂર્વક તમામ પાસાથી સુંદર રીતે વર્ણન કરીએ છીએ, તેને આદર્શ તરીકે ધ્યેય બનાવીએ છીએ.

પહેલા બનાવીએ સાધુતા, વીતરાગતા, કેવળજ્ઞાન, મોક્ષ પણ આવશ્યકની વાત આવી ત્યારે પહેલા બોધીબીજ પામો, આજ પ્રાથમિક વાત છે. બોધિબીજ, મુક્તિની અભિલાષાને પરસ્પર ઈન્ટરકનેક્શન છે. જૈનામાં મુક્તિનો રાગ છે. જૈનામા પરમાત્માનો રાગ છે.

જૈનામા પરમાત્માનો સાચો રાગ છે તેની પરમાત્માની ભક્તિ સાચી છે. જૈનામાં પરમાત્માની સાચી ભક્તિ છે, તે જ બોધિબીજ પામે છે. જો તમને પરમાત્માનો સાચો રાગ છે તેવો તમે દાવો આપતા હોવ તો તમે બોધિબીજ પામી ગયા છો. પરંતુ પરમાત્માનો સાચો રાગ છે એટલે શું? ભગવાનનું શું ગમે છે? તેમનો પ્રભાવ ગમે છે? શું ગમે છે?

સભા:- સાદેવ ગુણો ગમે છે.

સાધ્વેવજુ:- પાકુ વિચારીને બોલજો. જે ગુણો ગમે છે એનો મતલબ એના વિરોધિ દોષ નથી ગમતા ને. જે ગુણ ગમે છે તેના વિરોધી દોષ પ્રત્યે ભારોભાર અણગમો છે?

આપણા શાસનમાં પરમાત્મા એટલે વીતરાગ. આંતરીક કષાયો જીત્યા છે, તે વીતરાગ, માટે વીતરાગતા ગમે છે. એટલે જ તમને રાગ, દ્વેષ નથી ગમતાને, હૃદયપૂર્વક કહેવુ પડે કે જ્યારે રાગ થાય છે, ત્યારે પીડાનો અનુભવ થાય, બેચેન થાવ છો, રાગદશા સાલે છે, આ રાગદશાથી ક્યારે મુક્ત થાવુ તેવી ઝંખના રહે છે. તમે કોનેસ્ટીથી બોલજો કે આવા ભાવ થાય છે. ક્યારે પણ તમારા મોંમાથી આવા બોલ નીકળ્યા છે ખરા?

બધાના મનમાં જેવડો પ્રકારના રાગ છે. જેમ કુમાળો દીકરો આવે તમારી પાસે વિનયપૂર્વક બેસે, તો તમને વહાલ થાય, અનુરાગ થાય. ત્યારે એમ થાય કે બીજા કોઈના મોહથી દીવાઈ રહ્યો છુ. કે પછી ટેસ્ટ આવે છે. માટે હજુ વીતરાગ માટે રાગ નથી.

તો પછી દાવા માટે કેમ કહી શકો કે વીતરાગ મારે રાગ છે.

વીતરાગની ભક્તિ કરવી સહેલી છે, પરંતુ વીતરાગને હૃદયમાં પધરાવવા સહેલા નથી. મંદિરમા પધરાવવા સહેલા છે, પરંતુ હૃદયમાં પધરાવવા સહેલા નથી. મંદિરમા વીતરાગને પધરાવો પણ હૃદયમાં ન પધરાવો તો તેનુ મૂલ્ય ઓછુ થઈ જાય, આમે તેને નકામુ નથી કહેતા પણ મૂલ્ય ઓછુ થઈ જવાનુ.

તમને કોઈ અંતરની પ્રીતિથી જમાડે અને કોઈ ઔપચારિક પ્રીતિથી જમાડે તો સંતોષ કોમા ? ગમ્યા વગર પરાણે જમાડે ભલે પછી માલપાણી ખવડાવે તો પણ સંતોષ ખરો ? જ્યારે બીજો તમને જોઈને રાજુ રાજુ થઈ જાય અને અંતરની પ્રીતિથી સાદુ જ ભોજન કરાવે તો આનંદ થાય ને ? માટે અંતરની પ્રીતિ અને મોક્ષ ઔપચારિક પ્રીતિમાં તણાવત પડી જશે. માટે કહીએ છીએ કે, પ્રણિધાન લાવો. પરમાત્માના ભક્ત બનવા મોક્ષનુ પ્રણિધાન અવશ્ય કરવુ જોઈએ. મોક્ષનુ પ્રણિધાન હોય તેને તમામ ગુણોનુ પ્રણિધાન કરવુ જોઈએ. જેને ગુણ સાથે વિરોધ છે, તેને મોક્ષ સાથે વિરોધ જ હોય. જે ગુણ ગમતા હોય, ગુણ સાથે સુમેળ હોય, તેને મેળવવાનો તળસાટ, અભિલાષા હોય તો મુક્તિનુ પ્રણિધાન કરવાને લાયક છે.

મોક્ષના પ્રણિધાનમા તમામ ગુણના પ્રણિધાન આવી જાય છે. મોક્ષે જવુ છે તેને કહેવુ પડે હિંસા નહિ પણ અહિંસા ગમે છે. જેને હિંસા ગમે છે, તેને સંસાર ગમે છે, અહિંસા ગમે છે તેને મોક્ષ ગમે છે. તમને હિંસા સાથે અનુબનાવ છે? અહિંસા સાથે મેળ છે ? પણ ના હિંસા પણ ગમે છે માટે પૂર્ણ અહિંસાના રાગી નથી.

જેને સત્ય ન ગમે તેને પૂર્ણ સત્યવાળુ મોક્ષ ન ગમે. જ્યા અસત્યનો પડછાયો હોય ત્યાં મોક્ષ કહી શકાય નહિ. જેને ગુણ ગમવામાં કચાશ આવે તેને મોક્ષ સાથે અનુસંધાન નથી.

મોક્ષનું પ્રતિદાન આવ્યુ તેને તમામ ગુણોનુ પ્રતિદાન આવ્યુ કહેવાય. નીતિ, ન્યાય, પ્રમાણિકતા ગમે છે ? સંપૂર્ણ ન્યાયમય, નીતિમય જીવન મોક્ષમા છે.

તમે અનીતિ કોટલે શું માનો છો ? જેમકે વ્યાપારમાં વરાઠ મારવે, લુચ્ચાઇ કરવી તે અનીતિ ? જેમ મોટર લઇને જતા તમારાથી ટાયર નીચે કોઇ કીડી ચગદાઇ ગઇ તો તેને તમે અનીતિ માનો ખરા ? તે તમને કાંઇ કરડવા આવી હતી ? છતાં તમે તેનુ જીવન લૂટી લીધુ. કોઇના પદાર્થ લૂટી લેવા તે તો કાંઇ મોટી અનીતિ નથી પણ કોઇનુ જીવન લૂટી લેવુ તે તો મહાઅનીતિ છે. જેને સાચા અર્થમાં અનીતિ ગમતી હોય તેને મોક્ષ ગમ્યા વગર રહે નહિ.

શકા :-

સાહેબજી :- સાધુ સ્વાર્થથી કોઇ જીવને હાની પહોચાડતો નથી. તેનાથી થતી હિંસા દ્રવ્ય હિંસા છે. નિરતિચાર ચારિત્ર પાળનાર સાધુ પણ વિહાર કરે, ચાલે ત્યારે વાયુકાય, પૃથ્વીકાય વગેરેની હિંસા થાય છે. જવકાય પૂર્વક ચાલે તો પણ કોઇ ત્રસ જીવો મરે. સાધુપણામા કોઇપણ જીવ સાથે વર્તન અન્યાય પ્રેરિત નથી, અને સ્વાર્થ પ્રેરિત પણ નથી. બની શકે તેટલુ ન્યાયથી વર્તન જ છે. જો અન્યાયી વર્તન થાય તો સાધુનુ જીવન નિષ્પાપ જીવન કહેવાય જ નહિ.

૧૪ ગુણસ્થાનક સુધી દ્રવ્યહિંસા માની છે.

કેવળીને પણ દ્રવ્યહિંસા માની છે. સર્વ પ્રકારે અહિંસાની પ્રાપ્તિ તો મોક્ષમા છે.

શકા :- ૧૪મા ગુણસ્થાનકે દ્રવ્ય હિંસા કઇ રીતે ?

સાહેબજી :- કેવલીસમુદ્‌ઘાત કરતા તે વખતે પવનથી કીડી આદીને અથડાય અને મરી જાય તો તે તેમના દેહ દ્વારા જે હિંસા થઇ તે દ્રવ્યહિંસા થઇ કહેવાય. જૈન દર્શનમાં હિંસા અહિંસાનુ વર્ણન જેવુ છે તેવુ વીને

ક્યાંય વર્ણન નથી.

મોક્ષની અવસ્થા જ ખરી અવસ્થા છે. જો તે બરાબર મનમાં બેસી જાય તો તમામ ગુણોનું પ્રણિધાન આવી જાય.

અનંતા ભવમા બોધિબીજ નથી પામ્યા કારણ આવું મોક્ષનું પ્રણિધાન નથી આવ્યું. કેમ નથી આવ્યું ? કારણ અનંતકાળથી ગુણ અણગમતા રહ્યા છે. દોષ ગમતા રહે અને ગુણ અણગમતા રહે તો પ્રણિધાન ન આવી શકે. આજ અનંતકાળની રૂઢ થયેલી માન્યતા બદલવાની છે. ભલે આચરણ નથી પણ ધ્યેય તો બંધાઇ જ જવું જોઇએ. ટૂંકમાં આપણે પ્રણિધાનનું સ્વરૂપ જોયું.

હવે આગળ વિશેષમાં કહ્યું કે

ત્રીજો અલેષ - હીનગુણલેષાભાવ બતાવ્યો છે.

૧ ગુણનો અલેષ

૨ મુક્તિનો અલેષ

૩ હીનગુણ અલેષ

એક એક અલેષ સાથે ભૂમિકાઓ બંધાયેલી છે. માટે વચ્ચમાં રહ્યો છે.

હીન ગુણ લેષાભાવ કહ્યો છે.

ગુણનો લેષાભાવ નથી કહેતા.

પણ હીનગુણ લેષાભાવ કહ્યો છે.

નિર્ગુણના લેષનો અભાવ.

ગુણના લેષનો અભાવ નથી કહેતા પણ

હીનગુણલેષા ભાવ કહ્યુ છે.

હવે ધર્મ કરવા જીવ નીકળે અને પ્રાથમિક કક્ષાનો ધર્મભાવ જન્મે ત્યાં તો આડખીલી આવી ઉભી થાય.

જેમ કોઇ દિવસ દર્શન, પૂજા નહોતા કરતાં અને કરતાં થયા અથવા તો જન્મથી સંસ્કાર મળ્યા હોવાથી જીવનમાં તપ, ત્યાગ,

સંયમ, દાન, સામાયિક, પૂજા, ક્ષમા થોડી દયા-દાન આદિ થતા હોય તેવી વ્યક્તિને પોતાનામાં જે ગુણ હોય તે જો બીજામાં ન દેખાય તો બાકીના પ્રત્યે તુચ્છકાર હીનતાનો ભાવ થાય.

જેમ તમે દાન કરતાં હોય અને કોઈ સોલીવાની વાત નીકળે. પછી ભલે તે બીજો ધર્મ વધારે કરતો હોય. પણ તે ધર્મની પણ તમને કિંમત નહિ.

જે ગુણ પોતે વિકસાવેલો હોય તે ગુણની બાકી બીજે જુઓ તો સહન ન કરી શકો. માટે તેના માટે હલકો અભિપ્રાય બંધાય. બીજાના સદ્‌ગુણની કદર કરવા કે મુક્ત કરવા જેટલી પણ ઉદારતા રહેતી નથી.

તમારામાં તમારાથી નીચેની કક્ષાવાળાની તેના દોષની અસહીષ્ણુતા છે. બીજાના ગુણોની કદર કરવાની લાયકાત નથી. અને આવા જુવો પ્રતિઘાત પામી શકે નહિ: અને પામી જાય તો પણ પાછા નીચે પડે.

અસહીષ્ણુતા હોય તો ચોક્કસ બીજાના ગુણ પ્રત્યે અભાવ થશે. નીચેની ભૂમિકાવાળા જુવો પ્રત્યે અભાવ થશે જ.

તમે વિચારજો તમારી જાતને મુલવવાના માપદંડ શું છે અને બીજાની જાતને મુલવવાના માપદંડ શું છે? જુદા જ રાખ્યા છે ને! આ અંદરની અપ્રમાણિકતા જ છે. જો તમારામાં પ્રમાણિકતા હોય તો થાય કે જેમ મારા ગુણ છે પણ સાથે ઘણા બીજા દોષો પણ છે તેમ બીજામાં પણ ગુણો સાથે આવા બીજા દોષ હોઈ શકે. હું કોઈ પરિપૂર્ણ નથી. પરિપૂર્ણતા તો આગળની કક્ષામાં આવશે, આમ વિચારે.

મારે પ્રતિઘાનમાં વિવેકપૂર્ણ મૂલ્યું

હીનગુણ પ્રત્યે અદ્વેષ છે? જે બોધિબીજ સાથે સંકળાયેલું છે.

મોટે ભાગે જુવો ધર્મ કરતા નથી, અને પાછા દેખાઇ મારે કે ધર્મ કરનારા કરતાં અમે વધુના સારા છીએ ભલે અમે ધર્મ નથી કરતાં. પ્રભુ-દર્શન કરનારા પણ કેવા હોય છે? કેવા વર્તન કરે છે? ધર્મ કરીને આવું કરવું એના કરતાં તો ન કરવું સારું. આમ બોલનાર ઘણો જ વર્ગ છે પણ હું તમને પ્રશ્ન પુછું કે

શું પ્રભુ કરનાર બધા સુધ્યા ? અને ન પ્રભુ કરનાર બધા પ્રમાણિક છે? મેજોરીટી કોમા આવશે? દેરાસર જનારા બધા દુષ્ટ હશે કે દેરાસર નહિ જનારા બધા વફાદાર હશે? આમનો પુણ્ય પાપ માનનારામાં પણ અમુક ડવાસ આવો રહેવાનો પણ એનો મતલબ એમ તો નહિ ને કે બધો જ વર્ગ ખરાબ, અને એના કરતાં ધર્મ ન કરવો સારો. અમે એમ નથી કહેતા કે ધર્મ કરનાર બધા સારા, તેમનામાં કોઇ ખામી નથી એવુ અમે કહેતા નથી.

જે ધર્મ કરતા નથી અને ધર્મ કરનારની અને ધર્મની નિંદા કરે છે તે એટલા દયાપાત્ર છે કે તેમને જે ભુલ મળી છે તે અનંતા ભવ સુધી ન મળવા માટે છે. આ માર્ગ તો પવિત્રમાં પવિત્ર છે. તેની અવહેલના કરનારને દુર્બુધ્ધિના કારણે ઘોર પાપ બંધાય છે. આપણે ત્યાં જૈનોમાં પણ આવુ બોલવાવાળો વર્ગ ઘણો મોટો છે.

પ્રશ્ન:- નિકાચીત કર્મ કહેવાય ?

સાહેબજી:- ના દુર્બુધ્ધિ કરી કહ્યું પરંતુ સ્વભાવ થયું ? હું સારો છું, પોતાનો ડગ્ગો સાચો કરવા માટે. આમા મેળવવાનું કાંઇ ન હોય. બસ વર પાડે. મીનીંગલેસ ભાવો કરીને કર્મ બાંધે.

પવિત્રતાનો માર્ગ એ ખરો માર્ગ છે. તેની અજ્ઞાતના કરે છે તે નિર્બુધ્ધી, દુર્બુધ્ધીમાં આવે. અત્યારે આપણે હીનબુધ્ધીની વાત ચાલે છે. તેનામાં ગુણ છે પણ તમારાથી ઉતરતા છે. હા, તમારો ટાઇમ થઇ ગયો છે આપણ કાલે જોઇશું રાખીએ.

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૧-૮-૯૫
મંગળવાર
શ્રાવણ સુદ પાંચમ

॥ પ્રણિધાન॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના પ્રત્યેક જીવ ઉચીત વ્યવહારનો સમ્યગ્ બોધ પામે તેના માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ જીવ જ્યાં સુધી અધર્મમાં તન્મય હોય છે ત્યાં સુધી બીજા જીવો પ્રત્યે કેવો વ્યવહાર કરવો, ન કરવો તેનો વિવેક હોતો નથી. અને જે ધર્મના ક્ષેત્રમાં આવે તેને સાચા ધર્મી બનવા માટે બીજા પ્રત્યેનો અભિગમ, વ્યવહાર કેવો હોવો જોઇએ, જોડવો છે તેના અંતરના ભાવ કેવા હોવા જોઇએ અને બાહ્ય વ્યવહાર કેવો હોવો જોઇએ તેનો વિવેક જોઇએ.

પ્રણિધાન પામનાર જીવો મારે લાયક કે તેને તમામ ગુણોની અભિલાષા છે. તેના વિકસેલા ગુણો પ્રત્યે હર્ષ હોય અને પોતાનામાં જે હજુ નથી વિકસ્યા તેની ઝંખના હોય. તેનામાં દોષ હોય તેનું દુઃખ હોય અને દોષ કાઢવાની વાત હોય, પ્રયત્ન હોય. આ બધી પોતાની વાત કરી પણ બીજા જીવો પ્રત્યે તેનો કેવો ભાવ હોય તેના માટે બતાવ્યુ કે

હીનગુણાદ્વેષાભાવ.

આમા પ્રણિધાન પામેલા જીવોની મનોદશા કેવી હોય તે બતાવ્યુ. ધર્મ કરનારે કેવો ભાવ રાખવો તે સ્પષ્ટ જોઇએ.

બધા જીવો કાંઇ સરખા નથી. બધાની પ્રકૃતિ, પ્રવૃત્તિ પણ સરખી નથી. જે ધર્મના વિરોધી, નિંદક છે તેની સાથે તો લેવાદેવા નથી, પરંતુ જે ગતાનુગતીક ધર્મ કરે છે અથવા જૈન શાસનના નામથી ધર્મ પકડીને કરે છે તે પણ બધા કાંઇ ગુણ સંપન્ન નથી હોતા. પરંતુ મારે ગુણ પામવા છે, મારી ખામીઓ દૂર કરવી છે, દોષ ખટકે છે તેને કાઢવા છે. આ નિર્ણય જેનો થીઝડસ થઇ ગયો છે એના માટે જ પ્રણિધાનની વાત છે. પરંતુ

જે ભાવશ થઇને રખડે છે તેને તો પ્રક્ષિદ્યાન આવે નહિ.

આ મામુલી ભાવધર્મ નથી. અનંતકાળમાં ન પામ્યો હોય તેવો ભાવધર્મ છે. આ ધર્મ પામે તે વ્યક્તિ વિશિષ્ટ હોય જ. જત માટે નક્કી કરી લીધું કે શું કરવાનું, પણ બીજા પ્રત્યે કેવી મનોદશા જોઇએ? પછી તે ધર્મી હોય, ગુણી હોય, સુખી હોય, દુઃખી હોય, પાપી હોય, પુણ્યશાળી હોય કે અધર્મી હોય. અત્યારે શું બધા પ્રત્યે સમાનભાવ, મૈત્રીભાવ રાખવાનો છે? પરંતુ બધા શું માને છે કે જીવ માત્ર પ્રત્યે એક સરખો ભાવ રાખવાનો. પરંતુ તેવુ નથી તેવો ભાવ તો સમતામાં ગયા પછી રાખવાનો છે. પરંતુ અત્યારે તો જીવની જેવી કક્ષા હોય તેના પ્રમાણે ભાવ કરવાના છે.

જે શાસન વિરોધી છે, સન્માર્ગ વિરોધી છે, ધર્મના નિંદક છે તેના પ્રત્યે દ્વેષ પેદા થવો જોઇએ. અને જો આવા પ્રત્યે દ્વેષ પેદા ન થાય તો તેનું પ્રક્ષિદ્યાન કાચુ છે. જેને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે રાગ હોય તો તેના વિરોધી પ્રત્યે દ્વેષ થાય જ. શાસનનો રાગ હોય તો શાસનના વિરોધી પ્રત્યે દ્વેષ થવો જ જોઇએ અને ન થાય તો તેનો શાસનનો રાગ કાચો છે. માટે દ્વેષ ક્યાંય ન કરવો તેવી વાત નથી.

ક્યાંય પણ રાગ નહિ અને ક્યાંય પણ દ્વેષ નહિ તે સમતામાં છે. સમતામાં જઇશું ત્યારે ભગવાનનો રાગ પણ છોડવો પડશે. ગૌતમ સ્વામીને કેવળજ્ઞાનની માંડવામાં, કેવળજ્ઞાન પામવામાં ખાડખીલી રુપ શું હતુ? પ્રભુ પ્રત્યેનો રાગ જ હતો ને? સમતાની નીચેની ભૂમિકા તેઓ પામેલા હતા.

સભા:- મધ્યસ્થ ભાવ રાખવાનો છે?

સાહેબજી:- મધ્યસ્થ ભાવ પહેલા લખ્યો છે? પહેલા મૈત્રી પ્રમોદ, કરુણા પછી મધ્યસ્થ ભાવ છે.

સભા:- પરની પરિણતી

સાહેબજી:- ખાલી વાયકી વાનો કરવી છે કે આયણા કયે કરવું છે? આવુ કોણ બોલી શકે? જેને ઉભાને ઉભા ચીરી નાંખે તો ફુંકારો ન કરે કે મનમાં અસર પણ ન થાય. તે આવુ બોલવા માટે બહિકારી છે. તમારુ આ લેવલ છે? અત્યારે મચ્છર કરડે તો પણ ઠેકડો મારો ને? આખો દિવસ પરને માથે લઇને ફરો છો અને ખાલી વાતો કરવી છે.

નિસ્પેક્ષ મુનિ સમતામા રહેલા કેવા હોય ખબર છે? તેમને છેદી નાંખે, ભેદી નાંખે, કુટી નાંખે છતાં જરાપણ અસર ન થાય. આજ માણસ બોલી શકે કે પરને અને મારે કાંઇ લેવાદેવા નથી.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ૩૬મા અધ્યયનમાં નમિરાજર્ષીનો સંવાદ છે, અદ્‌ભુત છે. નમિરાજર્ષી મહારાજા સમ્રાટ છે. પ્રત્યેક બુદ્ધ જીવ છે. પોતાની મેળે વૈરાગ્ય પામે, પોતાની મેળે મોક્ષમાર્ગ પામે, જ્ઞાન પામે અને સંયમ લઇને સિદ્ધિ પામે. તેમને ગુરુની આવશ્યકતા ન હોય. તેવા જીવો પ્રત્યેક બુદ્ધ કહેવાય.

હવે બન્યુ શું! તેમને નિમિત્ત મળ્યુ અને વૈરાગ્ય થયો છે. તેમને મસ્તકનુ શૂળ થયુ છે. અત્યારે વૈદ્યોને આવા થતા હોય છે થાય ત્યારે ત્રીતો સાથે મા ૧ પછડે. આવુ શૂળ તેમને થયુ છે સાથે પિત્તનો દાહ છે. સારા વૈદોને બોલાવી ઉપચાર કરે છે. વૈદ કહે છે તત્કાળ રોગ મટે તેવો નથી પણ રાહત કરવા માટે જેટલા બને તેટલા ઠંડકના. ચંદનના લેપ કરો, શીતલ ગૃહમાં રાખો. શીતલ પદાર્થો ભોજનમાં આપો, તેમને ચંદનનો લેપ કરો. લેપ કરીને થોડીવારમા ગરમ થઈ જાય મારે ફરી લેપ કરવો પડે. એટલે આમ આખો દિવસ ચાલે. પરંતુ એમનું પુણ્ય એટલુ છે કે રાણીઓ ખડેપગે રહે છે. મહારાજાને મજા નથી મારે રાણીઓનું મન હર્ષ પામતું નથી. મારે તેઓ શોકાતુર છે,

માટે રાણીઓ પોતે ચંદન ઘસવા બેસી જાય છે, માટે વિચારજો કેવુ પુણ્ય હશે ?

હવે શું થયુ કે રાણીઓ અલંકાર પહેર્યા હોવાથી જ્યારે ચંદન ઘસે ત્યારે બંગડીઓ એકબીજા સાથે અથડાય એટલે અવાજ આવ્યા કરે. આમ આવા અવાજ ગમતાં હોય પણ અત્યારે રાજા બેચેન હોવાના કારણે તેમને ગમતો નથી. માટે પૂછે છે આટલો અવાજ શાનો થાય છે ? મંત્રી કહે છે મહારાણીઓ ચંદન ઘસે છે તેનાથી કંકણનો મધુર ધ્વનીનો નાદ છે. તો તેમને રાણીઓને અવાજ બંધ કરવા કહ્યુ. રાણીઓ પતિભક્તા છે. માટે વિચારે છે અવાજ ન થાય તે રીતે કરીએ. કંકણ સૌભાગ્યનું ચિન્હ છે. માટે બધા કંકણ ઉતારી ન દેવાય. તેઓ બુદ્ધીશાળી છે. માટે વિચારે છે બધા કંકણ ઉતારી દઇએ ફક્ત એક એક કંકણ હાથમાં રાખીએ તેથી એક-એક કંકણ રાખી બીજા બધા ઉતારી દીધા. પછી ચંદન ઘસવાથી હવે અવાજ થતો નથી. હવે અવાજ બંધ થયો છતાં પણ ચંદન તો ઘસી ઘસીને આવતુ હોવાથી રાજા પૂછે છે. ત્યારે કહે છે આપણે સાંત્વન મળે માટે એક એક કંકણ રાખીને બીજા બધા કંકણ ઉતારી દીધા. હવે આ વાત સમારી દઈએ આમ તો નોરમલ છે. ક્યારે કયા નિમિત્તની અસર થાય તે ખબર નથી. અડિયા રાજાએ તો ચિંતન ચાલુ કર્યું. અનેક હતા તો અવાજ હતો. પણ એક છે તો સંઘર્ષ, અવાજ નથી. આ ઉપરથી ચિંતન ઉપર આગળ ચઢ્યા. આ સંસારમાં બધુ જે જેટલા થવાથી બગડે છે. એક હોય તો બગડવાનો સવાલ છે ! પ્રશ્ન થાય છે ? આગળ ચિંતન પર ચઢ્યા છેલ્લે ક્યાં સુધી? આ જગતમાં જેટલા સંઘર્ષ થાય છે તે બીજાના નિમિત્ત, સંયોગથી છે. કર્મ નામનુ તત્વ આત્માને વળગ્યુ છે માટે જ આત્માને ત્રાસ છે. ઉપાધિનું કારણ જેનો સંયોગ જ છે. આત્મા જો પોતાના ગુણમુત્ત

સ્વભાવમાં હોય તો ઉપાધી ન રહે. આગળ ચાલે છે.

હું એકલો છું. એકાકી બનવા જેવું છે. માથે છે તો ઉપાધી છે. આમ ચિંતનમાં વધતા જાતિસ્મરણ થયું. આગલા ભવના કારણે જ્ઞાન યાદ આવ્યું. મારે વિચારતા દીક્ષા લેવાની ભાવના થઈ છે. સંસાર પ્રત્યે દ્વેષ થયો છે. વિચારે છે રોગ શાંત થાય તો દીક્ષા લઉં. પુત્રશાખીના સંકલ્પો ફળે છે. તેમને પછી દીક્ષા લીધી. આ મિથિલાનગરીના રાજા છે.

સત્તા, સંપત્તિ, પ્રજા, પરિજનોને છોડીને નીકળે છે. આનાથી આખી મિથિલામાં ઓહા મચી ગઈ છે. તેમને બધાના હૃદય સિંહાસન ઉપર રાજ કર્યું છે. મારે આવો ત્યાગ સાંભળીને આખી મિથિલાને દુઃખ થયુ છે માટે આખી મિથિલા રડે છે. પરંતુ આતો અવિચ્છ થઈને નીકળ્યા છે. પોતે સ્વયં દીક્ષા લઈને સાધનામાં ઉભા રહ્યા છે. આમને ગુરુની જરૂર હોતી નથી. હવે આ વખતે તેમના ભાવોની ધારા જોઈને ઇન્દ્રમહારાજાને ખૂબ જ બહોભાવ, બહુમાન થયુ છે. છતાં એ ધારા કેટલી સ્થિર રહે છે તે જોવા માટે બ્રાહ્મણનુ રૂપ લઈને આવે છે. વિનયથી વંદન કરી પૂછે છે " સમ્રાટ આપનુ પગલુ કેમ ભર્યું ? જેનાથી આખી મિથિલા નગરી રડી રહી છે. આપ કેમ ચાલી નીકળ્યા ? પરંતુ આપની નાયક તરીકેની બધાને શાંત કરવાની, સાંત્વન આપવાની બધાનુ રક્ષણ કરવાની તમારી જવાબદારી છે." ત્યારે તેઓ કહે છે કે મિથિલા રડે છે તેમાં નવુ નથી. જેમ ઘરાદાર ઝાડ ઉપર પંખીઓ રોજ આવીને વિશ્રામ કરતા હોય છે. હવે ચોમાસુ વાવાઝોડુ આવે અને ઝાડ પડી જાય ત્યારે પંખીઓ જેમ કકળાટરોળ કરે તેમ મિથિલા કાકારોળ કરે છે. તેઓ પોતાના સ્વાર્થ માટે રડે છે. કારણ તેમના સુખનુ સાધન ગયુ છે. કોઈને

માટે રડે છે તેમાં સ્વાર્થ જ કારણ છે. બીજા કોઇને માટે વ્યાકુળ થાય છે તે પણ સ્વાર્થ માટે જ થાય છે. જેવો સ્વાર્થ પૂરો થાય એટલે સંબંધ પૂરા થાય. રડે પણ ક્યાં સુધી? પછી ભૂલી જાય. અને પોતપોતાનામાં પડી જાય.

તમારે ઘોડ પણ કેટલો ટાઇમ? બે દિવસ તમારા વગર ન રહી શકુ તેવું બોલનાર પણ મઝેથી રહે છે. અને વાસ્તવમાં આ હકીકત છે. બધા, બધા વગર રહે છે અને મજેથી રહે છે.

ઝાડ પડી જાય અને કાગારોળ કરે પણ ક્યાં સુધી? બીજુ ઝાડ મળશે એટલે શાંત થઇ જશે.

હવે ઇન્દ્રમહારાજાએ છેલ્લે શું કર્યું?

કહે છે મિથિલાનગરી ભડકે બળી રહે છે. અગ્નિની જ્વાળાઓ કણકણમાંથી નીકળી રહી છે. આખી નગરી ચીસો પાડી રહી છે. બચાવો, બચાવો સ્વામી નમીરે અમારુ રક્ષણ કરો. આ દશ્ય તેઓ બનાવે છે. હવે સામાન્ય રીતે શું થાય? જે પ્રજાને પોતાના પુત્રની જેમ સાચવી છે, પાલન કર્યુ છે માટે જો જરાપણ અનુરાગ હોય તો બસર થયા વગર રહે ખરી? મમતાના કારણે કદાચ જો ન થાય તો પણ આટલા જીવો મરતાં હોય તો દયા રુપે પણ પરિણામ થાય ને! અમે કુત્રક બધુ જોઇએ તો થાય કે બસર મરી રહ્યુ છે. દયારુપે પરિણામ થાય ને? માટે દયાના પરિણામથી પણ તેઓ બચાવા દોડે ને?

ઇન્દ્રમહારાજા કહે છે "તમારી મિથિલા બળી રહી છે. રક્ષણ માટે પોકારી રહી છે. ક્ષત્રિયોએ પરિવારનું, પ્રજાનું રક્ષણ કરવુ જ જોઇએ. માટે તમે ઉદ્યત થયા છો. કેમ નિશ્ચિંત થઇને ઉભા રહ્યા છો. આવો તેઓ આક્રંદ કરે છે ત્યારે નમિરાજા કહે છે

"મિથિલામાં જે બળે છે તે મારુ નથી અને મારુ જે છે તે

બાપડુ નથી." આવુ બોલવાનો અધિકાર કોને? તેમને તો ખબર નથી કે આ દેવ માયા છે. નજરોનજર રહેણ માટે દોડાદોડ કરી રહેલા જુએ છે ચીસો પણ પાડે છે છતાં પણ કહે છે

જે બાળે છે તે મારુ નથી
મારુ છે તે બળતુ નથી

હું આવુ બોલુ તો પાપ લાગે. મારા કપડાને ભડકો લાગે તો હું ભાગુ ને? અમે મહાત્માની જેમ કાઉસગ્ગમાં ઉભા હોઇએને કોઇ ચીરી નાંખવા આવે તો અમીએ નહિ? પોતે દાઝે ત્યારે બચવા માટે પ્રયત્ન કરે અને બીજા બળે ત્યારે મારુ નથી આવુ બોલે તો લુચ્ચાઇ જ કહેવાયને?

પરમત્વની અસર નથી પણ આ બોલવાનો અધિકાર કોને? અધિકાર આપ્યા વગર બોલે તો વાઇડાઇ કહેવાય. ત્યારે જેવા જેના કર્મ તેવું બોલો તો પણ પાપ બંધાય. તમારી અત્યારે આવુ બોલવાની ભૂમિકા નથી. કયા લેવલમા કઇ વાત છે તે જોઇને આવડવી જોઇએ.

કોઇ બળતુ હોય ત્યારે બચાવવાની જવાબદારી આવે પણ મજેથી બોલીએ કે કર્મથી બળે છે તો મહાપાપ લાગે. નમિરાજા માટે બરાબર છે તે વખતે તેમના શરીરને બાળે તો પણ કહે બળે છે તે મારુ નથી. મારુ છે તે બળતુ નથી.

તમને બાળે તો કેડકા જ મારશોને? મારે આવી વાતો ચાલે નહિ. નમિરાજર્ષી જેવા અત્યારે ભાવ કરે છે તેવા અમારા થી પણ કરાય નહિ. કારણ અત્યારે અમારુ એ લેવલ નથી.

પ્રશ્નઃ- અત્યારે આ સમતાની ભૂમિકાનો અહિંયા વિચ્છેદ છે?

સાહેબજીઃ- હા, આવી સમતાની કક્ષાનો વિચ્છેદ છે. માટે જે આવી વાતો કરે છે તે બધા વેવલા જેવા થયા છે. ખાલી

બોલ્યા કરે ગોખ્યુપટ્ટીની જેમ
કે પુદ્ગલ પુદ્ગલને ખાય છે
પર પુદ્ગલની અસર નથી
હું શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર છુ.
પરંતુ શરીર પર જેક ટાંચણી ખોસે તો ઉંચા થાવને? ડોક્ટર ઈંજેક્શન આપે છે ત્યારે પણ અસર થાય જ છે ને? શરીર પર દ્રવ્ય જ છે. માટે આવુ બોલવાનો કાંઇ મતલબ છે? આ તો જેક મડદાની આત્મવંચના છે. માટે તમારી શું ભૂમિકા છે તે વિચારો.

જીવ માત્ર પ્રત્યે સમાન ભાવ નથી કરવાનો. અને કરો તો દોષ લાગે. જેવો જીવ તેવો ભાવ કરવાનો આવશે.

જેટલા જીવો ધર્મથી શુન્ય છે. ધર્મ નથી આચરતા. નાસ્તિક જેવા છે, ધર્મનો સ્વીકાર પણ નથી કરતા તેવા જીવો હીનગુણની ભૂમિકામાં નથી આવતા. તેવા જીવોના ગુણની પ્રશંસા કરાય નહિ. અહિંયા તો હીનગુણીની વાત છે.

હીનનો અર્થ બોલ્યો છે કે પોતાનાથી ઉતરતા ગુણ લેવાના નહિ. પરંતુ પોતાનાથી <u>ઉતરતી ગુણમય કક્ષા લેવી</u>. તમારાથી થડીયાતી ગુણમય કક્ષાવાળા અધિક ગુણી કહેવાય. તમારાથી ઉતરતી ગુણમય કક્ષાવાળા હીનગુણી કહેવાય. જ્યારે

જેના ધર્મનો આચાર, શ્રદ્ધા નથી તેને તો ગુણહીન નહિ, ગુણ અધિક નહિ પણ તે તો નિર્ગુણી કહેવાય. પછી ભલે ગમે તેટલા બીજા ગુણ હોય. નાસ્તીક જીવોના ગુણોનુ બહુમાન, પ્રશંસા કીધી નથી. તમે ધર્મ રહિતના ગુણો જોઈને પ્રભાવીત થાવ પ્રશંસા કરો તો ખરા અર્થમાં તમે ધર્મ પામ્યા નથી.

તમારા બધાનો સ્વભાવ શું?
સંસારમાં સજ્જન હોય, પ્રમાણીક હોય, બીજા ગુણો પણ હોય તો

તમે તેના વખાણ કરવાના ચાલુ કરોને? પ્રસંગે મહત્વ આપોને, અનુમોદના પણ કરો. જેમ નહેરુ છે, દેશની સ્વતંત્રતાની ચળવળ વખતે કેટલુ બલિદાન આપ્યુ છે. રાજલક્ષ્મિ, દેખાદાઉ કેવી છે. બધી સંપત્તિ દેશને ધરી છે જેલમાં પણ રહ્યા છે. માટે શું આ ગુણોની પ્રશંસા થાય? નીતિ, પ્રમાણિકતા હોય તો એ ગુણોની પ્રશંસા થાય? જેમ ચેરનાર છે. તેનામાં પ્રમાણિકતા છે તો તેના વખાણ થાય? તમે તો કરો ને?

સભા:- કહીએ તે સાચો છે.

સાહેબજી:- ખાલી સાચો છે, પ્રમાણિક છે તેમજ કહો કે તેનાથી વધારે પણ બોલોને? ખરો સજ્જન પ્રમાણિક આજ છે. રીલા, ટપડાં કરવાવાળા તો ઠીક કેવા હોય તે ખબર છે. મારે તમે ગમે તેના ગુણની પ્રશંસા કરોને? સારા વર્તનની અંબાઓ છો. પણ તેમાં વિવેકની ખામી છે. અધર્મીના ગુણની પ્રશંસા હોય જ નહિ. પછી તેનામાં લાખ્યો હોય કે કરોડ હોય. એ બધા ગુણ તેના આત્માને રખડાવનારા છે. પાપાનુબંધી પુણ્ય ઉભુ કરે છે. માટે ધર્મીના ગુણની જ પ્રશંસા કરવાની છે. અધર્મીના ગુણની પ્રશંસા કરવાની નથી. અમે એવુ નથી કહેતા કે અધર્મીમાં ગુણ ન હોય.

સભા:- ગુણ ગમે ત્યાં હોય પણ ગુણની પ્રશંસા તો કરાય જને?

સાહેબજી:- વેશ્યા પ્રમાણિક હોય તો વખાણ કરાય?

દારુડ્યો પ્રમાણિક હોય તો વખાણ કરાય?

બસ બધુ બોલ, બોલ કેમ ખસતો? ગુંડામાં ગમે તેટલા ગુણ હોય તો જાહેરમાં વખાણ થાય? અને વખાણ કરો તો ગુંડાખીરીને પ્રોત્સાહન મળે. સામાજીક દ્રષ્ટીએ પણ મર્યાદા છે.

આ કાંઇ દુર્ગુણીના વખાણ કરવાની વાત નથી. વાત તો સદ્‌ગુણીના વખાણ કરવાની જ છે. પણ કોના સદ્‌ગુણના

વખાણ થાય? તેમાં પણ મર્યાદા છે. સંસારમાં મર્યાદા ખરી ને?

મોટાભાગે દલાલોમાં પરસ્પર કેટલો વિશ્વાસ હોય છે. તેટલો તો કદાચ તમારે વેપારીમાં પણ નથી હોતો. બે લોકોનું બધું કામ વિશ્વાસ પર થાય. પુરાવા કે દસ્તાવેજથી કાંઈ કામ ન ચાલે. વિશ્વાસ પર તેમનો ધંધો ચાલતો હોય છે. પ્રાણ આપી દે પણ વિશ્વાસઘાત ન કરે. સ્મગલીંગના ધંધામાં જે વફાદાર હોય તેને જ પ્રવેશ મળે. તમારા કરતાં ગુણ તેમના વધારે છે. છતાં વખાણ, પ્રશંસા થાય?

જેમ અમે કહીએ ડોક્ટર નાસ્તીક છે. ભલે પછી પરોપકારી દયાળુ હોય પણ તેના વખાણ ન થાય. તો તમે કહેશો શું તો ગુણ નહિ જોવા?

સારા માણસ વખાણ એવી રીતે કરે કે દુષ્ટતાને પ્રોત્સાહન ન મળે. તેમ અધર્મીના ગુણની પ્રશંસા કરો એટલે અધર્મને પ્રોત્સાહન મળે. માટે ધર્મીના જ વખાણ થાય. આને જે નહિ માને તેને પ્રણિધાન આવવાની વાત જ નથી.

સમ્યગ્દૃષ્ટી ગમે તેના વખાણ ન કરે.

સમ્યગ્દૃષ્ટી ગમે તેના વખાણ કરે તો સમકીત ટકે ખરું? માટે વિવેક માંગે છે. સમ્યગ્દૃષ્ટી જો ગમે તેના વખાણ કરે તો મિથ્યાત્વને પ્રોત્સાહન મળે.

આપણે આગળના દૃષ્ટાંત વિચારી ગયા હતા. મંત્રીને થાય છે કે જાહેરમાં જો હું તેના વખાણ કરીશ તો મિથ્યાત્વને પ્રોત્સાહન મળશે. વિદ્વાન છે છતાં વખાણ કરવા તૈયાર નથી. તમે ગમે તેના વખાણ કરી આવોને? શું વાંધો છે? ગુણ ગાવામાં વાંધો ખરો?

માટે હજુ પ્રણિધાન પામી શકો તેમ નથી

અદેખા નિર્ગુણી કેમ નહિ લખ્યું. ગુણના અદેખની પણ વાત નથી. પરંતુ જે ધાર્મિક છે, આરાધના કરે છે, આલોઠ, પરલોઠ, પુણ્ય, પાપ

આશ્રવ માને છે, ધર્મના ક્ષેત્રમાં થોડો વિકાસ કર્યો છે પણ નમાજ કરતાં તેની જુમ્મકા નીચી છે. હવે જો તમારામાં પ્રક્ષિપ્તવાન ભાવ આવ્યો હોય તો તેના પ્રત્યે દ્વેષનો ભાવ ન આવવો જોઈએ પણ તેના ગુણની કદર કરી દાઢી તેવો અલ્લેખ જોઈએ.

બળા:- કોઈ સાહેબ ધર્મક્રિયા ઓછી કરતા હોય તો ?

સાહેબજી:- શું ધર્મક્રિયા ઓછી કરે એટલે હલકો માની બેસવાનું. અને ધર્મક્રિયા વધારે કરે તો ઉંચો માની બેસવાનું ? તમે બધાને મુલવવાના સાચા માપદંડ પકડ્યા છે ખરા? બીજાને મુલવવા માટે તમારી પાસે બેરોમીટર કયા છે ? જેમ કુ તપસ્યા કરી દાઢનો હોઉ અને બીજો કોઈ ન કરી દાઢતો હોય, પણ બીજો ધર્મ કરતો હોય ત્યારે કહુ કે આખા દિવસમાં છ-છ ટાઇમ આવે છે. આખો દિવસ બાવામાં જ જુવ છે તે શું ધર્મ કરશો ?

તેમ ગુણનો સ્વભાવ શું કે પોતે કોઈ ભાવનમાં વિધિ પાળતો હોય. જેમ કે કેશર સારુ બરાબર ભાવતો હોય; વચમાં ઉભો ન રહેતો હોય, વિધિ પ્રમાણે કરતો હોય ત્યારે જો કોઈ વચમાં આવીને ઉભુ રહે તો તરત જ બોલશો કે શું આવાને આવા ચાલ્યા આવે છે. જરાપણ વિવેક નથી. બસ પોતાનામાં બેઠ ગુણ આવ્યો એટલે બીજા પર કૂદી પડવાનું. આવી પ્રકૃતિવાળાને સુધરવાની જરુર છે. નહિતર તેને પ્રક્ષિપ્તવાન આવે નહિ.

જેમ પોતે પ્રતિક્રમણ કરતો હોય, અને બીજો આમ ધર્મ કરતો હોય પણ પ્રતિક્રમણ કરતો ન હોય તો કહેશો આનો ધર્મ શું કામનો પ્રતિક્રમણ પણ કરતો નથી. એટલે પોતે જે કરે છે તે જો બીજો ન કરતો હોય તો તે નકામો. આ હલકો ભાવ છે. બીજાની નાની બાબતથી ઉંચા થઈ જાવ છે. અસહિષ્ણુ થઈ જાવ તો તમે ધર્મને હજુ સમજ્યા નથી. પરંતુ ત્યારે વિચારવાનું કે આપણામાં પણ હજુ

ઘણી ખામીઓ છે.

સભા:- પણ સાહેબ પૈસાને સુધારવાનીને ?

સાહેબજી:- બીજાને સુધારવાનો તમને હક આપ્યો છે ? તમે ગુરુ છો ? તમને કોઈએ ગુરુપદ આપ્યું છે ? બીજાને સુધારવાનો હક કોને ? તમે વકીલ છો ?

વકીલને, સંઘના મોવડીને, મને ધર્મગુરુને આ હક આપ્યો છે. સંઘમાં કોઈપણ આવીને ગમે તેમ સલાહ આપી જાય તે ચાલે ? પરંતુ તમે વિનયથી કહો અને જો કરે તો ઠીક અને ન માને તો પણ બરાબર. પરંતુ તમારા માનસ કેવું કે તમારી કહેલી વાત જો કોઈ ન માને એટલે નકામો, અવગુણી થઈ જાય.

ધર્મના ક્ષેત્રમાં આવનારને રાગ-દ્વેષ કેવા પ્રકારના હોય તે નક્કી કરવા જોઈએ.

રાગના અને દ્વેષના બે પ્રકાર છે.

ગાઢ રાગ - ગાઢ દ્વેષ

સામાન્ય રાગ - સામાન્ય દ્વેષ

જેમ જેના પ્રત્યે અનુરાગમાનો ભાવ થાય પછી તેની કોઈ પણ સારી વાત ન ગમે. અને જેના પ્રત્યે રાગ થાય તેની ખરાબ વસ્તુ પણ સારી લાગે ?

ગાઢ રાગનું લક્ષણ શું ? રાગ થાય તેના અવગુણ ન દેખાય.

ગાઢ દ્વેષનું લક્ષણ શું ? જેના પ્રત્યે ગાઢ દ્વેષ થાય તેના એકપણ ગુણ ન દેખાય.

તમને જે અનુકુળ હોય, તમારા માન્યા હોય માટે તે સોનાના અને તમને જે પ્રતિકુળ હોય, જેની સાથે મેળ ના બેસે તે સોનાનો હોય તો પણ તમારે લોઢાનાને ?

કોઈ શ્રાવકના સ્વભાવ સાથે મેળ ન થાય એટલે તે ખરાબ, પણ તેનામાં જેટલી લાયકાતો છે, તેટલી તો કદર કરવી જ જોઈએ.

માટે નાના દોષથી કોઇ હલકુ નથી અને
નાના ગુણથી કોઇ મહાન નથી.
માટે માપદંડ ચોકકસ છે.

તમે જે કક્ષામાં છો તેનાથી ઉતરતી કક્ષામાં હોય તે હીનગુણી કહેવાય અને તમે જે કક્ષામા છો તેનાથી ઉપરની કક્ષામાં હોય તે અધિક ગુણી કહેવાય માટે કક્ષાની સમજ જોઈએ.

જેમ કોઇ સંયમી, સારા સાધુ છે. તેની સામે કોઇ શ્રાવક છે. જરુર પડે તે ખૂબ દાન કરતો હોય, ખૂબ તપ કરતો હોય, અથવા શાસ્ત્રો ભણતો હોય. તેની સામે સંયમી સાધુમાં કઠોર તપ કે દાનની પ્રવૃત્તિ ન હોય, જ્ઞાનની પ્રવૃત્તિ ન હોય તો એટલા માત્રથી શું શ્રાવક ચઢીયાતી કક્ષામાં કહેવાય ? અધિક ગુણી કહેવાય ? પણ ભલે ને ગમે તેટલો સારો હોય. ઉંચી કક્ષા તો સાધુની જ કહેવાશે.

માટે વ્યક્તિની ભૂમિકા પ્રમાણે હીનગુણી, અધિકગુણી કહેવાશે. જેમ કોઇ સમ્યગ્દૃષ્ટી છે જે ઓછો તપ-ત્યાગ, ભક્તિ-દાન કરે છે. જ્યારે બીજો કોઇ મિથ્યાદૃષ્ટી છે તે ઘણો તપ-ત્યાગ, ભક્તિ-દાન કરે તો હીનગુણી કોણ કહેવાશે ? મિથ્યાદૃષ્ટી જ હીનગુણી કહેવાશે. અને સમ્યગ્દૃષ્ટીની કક્ષા ઉંચી જ ગણાશે. તેજ અધિકગુણી ગણાશે. જેમ મિથ્યાદૃષ્ટી વિધિપૂર્વક પૂજા કરતો હોય અને સમ્યગ્દૃષ્ટી અવિધિથી પૂજા કરતો હોય તો શું મિથ્યાદૃષ્ટી અધિક ગુણી થઇ ગયો કહેવાશે? તમે જે કક્ષામાં છો તેનાથી ઉતરતી કક્ષામાં કરુણા ભાવ લાવો તો પણ પાપ લાગે.

શ્રાવક તપ કરી શકતો હોય અને હું તપ નથી કરતો તો હું તે શ્રાવકને લાવથી હાથ જોડુ તો પાપ લાગે કે પુણ્ય બંધાય?

પાપ બંધાય. કેમ? નીચી કક્ષાવાળાનું બહુમાન કર્યું માટે પાપ લાગે.

ઉપલી કક્ષાવાળા નીચલી કક્ષાવાળાની ભક્તિ ના કરે. જેમ કોઈ શ્રાવક તપ કરી વાડતો હોય અને કોઈ સાધુ ઓછો કરતો હોય ત્યારે એને એમ લાગે કે આતો એમનેમ ખાઈપીને પડ્યા રહે છે તો તેને આશાતનાથી દોષ લાગે. કારણ તેમની કક્ષા ચઢીયાતી છે. કોઈ વખત એવું બને કે ગુરુ કદાચ ઓછા હોય પણ કક્ષા તો ચઢીયાતી જ રહેવી.

જેમ શ્રાવક પ્રસંગે ગુસ્સે ન થાય અને ક્ષમા રાખે અને કદાચ સાધુ ગુસ્સે થાય તો આમ વિચારો તો ક્ષમા કોનામાં વધારે ગણાય? શ્રાવકમાં – પણ આ રીતે ગણાય નહિ. આમ ક્ષમા ગુણ છે પણ શ્રાવકની કક્ષા નીચી છે. જ્યારે સાધુભગવંતની કક્ષા ઉંચી છે માટે

ઉપલી કક્ષાવાળો ઉંચો જ રહે
નીચલી કક્ષાવાળો નીચો જ રહે.

જરૂર સાથે બોલવું છું. માટે મુલ્યાંકન આ રીતે કરાય.

સભા:- તો પછી સાધર્મિક ભક્તિથી આશાતના ન થાય?

સાહેબજી:- સાધર્મિક શું છે? તમારા સમાન ધર્મવાળા છે. બેઠક જ સ્ટેજમાં મારનીરીટીવાળા હોય તો પણ સમાન ગણાય. જેમ પહેલે માળે કોઈ ટેબલ પર બેઠુ છે, કોઈ નીચે બેઠુ છે, કોઈ ખુરશી પર બેઠુ છે પણ બધા પહેલે માળે જ ગણાયને.

તમારા માટે સાધર્મિક કાંઈ સાધુ નથી. પણ સમાન ધર્મવાળા છે. માટે વ્યવહારથી વર્તન કરાય. અને ભાવ કરવા આંતરિકને પકડવાનું છે. તેને લઈને કરવાનું આવે. ઉતરતી કક્ષા હોય ત્યાં અલેષ લાવવાનો છે. આ ઘારાધોરણ ચોક્કસ છે. જેવી વ્યક્તિ તેવો ભાવ કરવાનો છે. અનુચીત ભાવ કરો તો પાપ લાગે. ઉચીત ભાવ કરો તો પુણ્ય બંધાય અને કર્મનો ક્ષય થાય.

સભા:-

માહેબજુ:- ગુરુનાનુરાગ છે માટે જ ગુરુની કદર કરે છે ? નીચલી કક્ષાના ગુરુઓની અનુમોદના હોય. ગુરુ પ્રત્યે વાત્સલ્ય ભાવ હોય પણ ભક્તિ ન હોય. ભક્તિ મા-બાપ સાથે આવે કે હીરજા પ્રત્યે હોય. ત્યાં તો વાસ્તવિકતા જ આવે. જો હીરજાને પગે લાગવાનું ચાલુ કરે તો શું કહે ? મોહમાં ઘેલો થઇ ગયો છે.

હીનગુરુ પ્રત્યે અહેષ અને પાપી પ્રત્યે કરુણા ભાવ છે. ગુરુની કદર છે. તેના ગુરુ પ્રત્યે તિરસ્કાર ન થવો જોઇએ માટે જ અહેષ લખ્યો.

તમારા માટે ઇનજનરલ હીનગુરુ તરીકે કોણ આવે ? તમે હીનગુરુ અહેષ ભાળવી રાખ્યો હોય તો પ્રતિઘાત આવે છે. હીનગુરુની જ્યારે ?

તમને મોક્ષમાર્ગ મળ્યો છે. સાચા માર્ગની ઓળખ જોઇએ. પરંતુ આ ધર્મમાં કે અન્ય ધર્મમાં જે આ માર્ગને પામ્યા નથી તે તમારા કરતાં નીચી કક્ષાવાળા કહેવાય.

માર્ગ પામેલો જીવ માર્ગ ન પામેલા જીવ કરતાં ઉંચો છે. માર્ગ નથી પામ્યો પણ પેલા કરતાં ગુણ વધારે છે. છતાં તે નીચો જ કહેવાય. માટે આનો અર્થ શું થયો ?

ઘણા પૂછે છે કે બીજા ધર્મના મંદિરમાં જવાય કે નહિ ? અન્ય ધર્મના સાધુ સંતોને પગે લગાય કે નહિ ?

આ પ્રશ્નનો આડકતરી રીતે બધો જવાબ આવી જાય છે. કહેશો શું ? ત્યારે તેમ બોલના સંતો મારા કરતાં તો સારાને ! અમે કશું કરતાં નથી માટે અમારા કરતાં સારા ને ? પરંતુ તમને જમિકાનું જ્ઞાન નથી માટે જ જમિકાનું મહત્વ ખબર ન હોવાના કારણે જ આવા બધા ગોટાળા કરો છો.

નાસ્તીકમાં ગમે તેટલા ગુણ હોય પણ તે આસ્તીક કરતાં નીચો જ છે. તેમ અધર્મી કરતાં ધર્મી ઉંચો જ છે. તેમ જે માર્ગ પામેલો છે તે માર્ગ ન પામેલા કરતાં ઉંચો છે.

અન્ય ધર્મમાં ઘણા ઉંચા હોય છે તેઓ ગુરુનીયલ ગમે તેટલા હોય પણ સાચો માર્ગ નથી પામ્યા માટે નીચા છે.

તમને જૈન શાસન મળ્યા પછી જો દેવ ગુરુની ઓળખ હોય તો આ માર્ગ અનુપમ છે. આવો માર્ગ ક્યાંય નથી. પછી ભલે તમે ઓછુવત્તુ કરતાં હોવ, તમારો સ્વભાવ ખામીવાળો હોય, અને અન્ય ધર્મના સંત દયાળુ, પરોપકારી હોય છતાં પણ તે નીચો છે. આ તમારી બુદ્ધીમાં બેસતું નથી ને ?

ઘણાને થું છે ! તમને માને તે ઉંચા - અને ન માને તે નીચા. પણ તેવું નથી. અહિંયા પણ જો માર્ગ ન પામ્યો હોય તો તે નીચો છે.

શાસન પામેલાની ગુરુની પ્રશંસા કરવાની વાત છે તેની પ્રશંસા ન કરવાની વાત નથી. પરંતુ કક્ષાની વાત છે. કોઇપણ ધર્મમાં રહેલો જીવ હોય પણ ગુરુ હોય તો તેના ગુરુની પ્રશંસા કરવાની છે. જો તે ગુરુ અધ્યાત્મના હોય તો તેની પ્રશંસા ન કરીએ તો અમારામાં પણ ગુરુઅનુરાગ ન ટકે.

ઉપલી કક્ષાવાળા નીચલી કક્ષાવાળા જીવના ગુરુની પ્રશંસા કરે. અમે સાધુ છીએ પણ તમે શ્રાવક સારી આરાધના કરતા હોવ તો પ્રશંસા કરવાની આવે. અમારા માટે ધર્મની ઉપબૃહણા છે ને ? માટે પ્રશંસા થાય. પરંતુ જે અધર્મી છે, નાસ્તીક છે જેને ધર્મ સાથે કાંઇ લેવાદેવા નથી તેવાના ગુરુથી કાંઇ લેવાદેવા નથી.

સભા:- અન્ય દર્શનમાં સમ્યગ્દૃષ્ટી હોય ? ખબર કેવી રીતે પડે ?

સાહેબજી:- અન્ય દર્શનમાં બધા સમ્યગ્દૃષ્ટી નથી. જેમ અહિંયા નથી તેમ ત્યાં પણ બધા સમ્યગ્દૃષ્ટી નથી. પરંતુ સમ્યગ્દૃષ્ટી હોઇ શકે.

અન્ય દર્શનમાં જે સમ્યગ્દૃષ્ટી હોય તે તેના દર્શનના તત્વમાં જે ખોટુ લાગ્યુ હોય તેને ખોટુ માનતો હોય. પરંતુ તેના દર્શનને ૧૦૦% ફોલો ન કરતો હોય. અને તેને સોએ સો ટકા ફોલો કરનાર વ્યક્તિ

સમ્યગ્દૃષ્ટી ન હોય. ત્યાં મિથ્યાત્વ પોષક વાતો છે. પરંતુ તેવી વાતો સમ્યગ્દૃષ્ટીને ગમતી ન હોય. અને જો આવો સમ્યગ્દૃષ્ટી અન્ય ધર્મમાં છે તેમ અમને ખબર પડે તો અમે પણ તેની પ્રશંસા કરીએ.

સભા:- અન્ય ધર્મમાં દેવ-ગુરુની શ્રદ્ધા હોય ?

સાહેબજી:- હા, શ્રદ્ધા હોય, શ્રદ્ધા વગરનાની તો અમે વાત જ કરતા નથી.

પરંતુ ગોટાળો દેખાય તો as it is ફોલો ન કરે. નહિતર દૃષ્ટીરાગ આવી જાય. જો અમારાથી ગોટાળો થાય તો તમારે શું કરવાનું આવે ?

તેમને ધર્મના નામથી હિંસાની વાત કરી છે. પણ આ-ગોસ્વામજી છે. તો ત્યાં વિવેક કરવાનો આવે. અમે કાંઇ તેમની નિંદા કરવા બેઠા નથી. પરંતુ સાચા, ખોટાનું સમર્થન તો કરવું જ પડે.

જેમ વૈદિક ધર્મમાં

પવિત્રતાને મહત્વ આપ્યો તેમ ખુબ માને છે. પવિત્રતાને મહત્વ આપે તેની સામે આપણે વિરોધ નથી. ધર્મ પવિત્ર થવા માટે જ છે. પરંતુ એ લોકો શું કહે શરીર, કપડાં, ઘર બધું સાફ ચોખ્ખુ રાખવું. તો ભગવાનનો વાસ થાય. માટે એક કાંઇ પડે કે ન્હાવા જાય ને ? જો સ્નાન કર્યા પછી કોઇ અડી જાય તો ફરી ન્હાવા જાય ને ? માટે બાહ્ય ચોખ્ખાઇને તેમને મહત્વ આપ્યુ છે. જ્યારે આપણો ખરો ધર્મ અસ્નાનમાં છે. માટે જ સાધુને અસ્નાની રહેવાનું છે. માટે વિચારજો. આવું તો ઘણુ આવશે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૩૨-૯૫
ગુરુવાર
શ્રાવણ સુદ સાતમ

॥ યોગવિંશીકા॥ ગોવાળિયા ટેંક

॥ પ્રણિધાન॥

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના પ્રત્યેક જીવ માત્રને પ્રત્યે ઉચીત વ્યવહારનો સમ્યગ્‌બોધ પ્રાપ્ત કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ ધર્મની વ્યાખ્યા એક રીતે વિચારીએ તો ઉચીત વ્યવહાર આવશે. પ્રત્યેક ભૂમિકા પ્રમાણે ઉચીત વ્યવહાર કરવો તેનું નામ ધર્મ છે. અનુચીત વ્યવહાર કરવો તેનું નામ અધર્મ છે. ઇંડામાં વાસ્કુઆનથી માંડીને ટોપ લેવલ બુધીની ભૂમિકા પ્રમાણે ઉચીત વ્યવહાર કરવાનો છે.

જેમ કેવળજ્ઞાનીને તેમની કક્ષા પ્રમાણે, સાધુને તેમની ભૂમિકા પ્રમાણે, તેમ શ્રાવક માટે, સમ્યગ્‌દ્રષ્ટી માટે, સામાન્ય માણસને તેના પ્રમાણે ઉચીત વ્યવહાર કરવાનો છે. માટે અનુચીત વ્યવહાર કરવો તેનું નામ અધર્મ છે. આ વ્યાખ્યા સુસંગત છે. તાત્પર્ય શું કે પોતાની કક્ષા પ્રમાણે ઉચીત વ્યવહાર આવે છે. માટે આપણા માટે સામે જેવી કક્ષા છે તે પ્રમાણે વ્યવહાર આવે. પરંતુ અત્યારે સમાન વ્યવહાર કરવાનો નથી. જેવો વ્યવહાર કરવાનો છે તેવા સાથે ભાવ કરવાના છે.

વ્યવહાર જુદો કરો અને ભાવ જુદા કરો તો તે ઢંભ થશે. ધર્મમાં ઢંભ કરવાની વાત નથી. નિર્દંભતા કરવાની વાત છે. માટે પ્રત્યેક વ્યક્તિ પ્રત્યે સમાન વ્યવહાર સમાન ભાવ રાખવાનો નથી. પણ જ્યારે શુદ્ધ સમતાની ભૂમિકા આવે ત્યારે જીવ માત્ર પ્રત્યે સમાન વ્યવહાર, સમાન ભાવ છે.

દા.ત. એક મચ્છર બેઠુ છે. તેમાં પણ આત્મા છે. તમારો આત્મા અને તેનો આત્મા મૂળ રીતે આત્મા છે. તત્વની દ્રષ્ટીએ સિદ્ધ ભગવંત જેવો જ આત્મા છે. આત્મા સો પરમાત્મા. છતાં મચ્છરને હાથ જોડો તો વાજબી કે ગેરવાજબી ? હાથ જોડો તો ધર્મ કે અધર્મ કહેવાય ? માખી, મચ્છર, કીડી વગેરેમાં પરમાત્મા છે તો હાથ જોડો તો પાપ લાગે

કે પુણ્ય બંધાય.

કીડી કાંઇ પગે લાગવાની કક્ષામાં છે ? તેની લજ્જા, બહુમાન થઇ શકે ખરું ? ગુણનું બહુમાન થઇ શકે ખરું ? વિનય, લજ્જા, બહુમાન, પ્રશંસા, અનુમોદના ક્યાં કક્ષી તેના ચોક્કસ ધોરણો છે. માટે જૈન શાસન કહે છે કે જીવ સાથે વ્યવહાર કરતાં જેવું પડે કે તેની કઇ કક્ષા છે ? અને તે પ્રમાણે જ વ્યવહાર થાય.

સભા:- સાહેબજી કીડીને નવકાર સંભળાવાય ?

સાહેબજી:- કીડીને નવકાર સાંભળવા કાન છે ? જેને કાન હોય તેને સંભળાવાનું આવે કે જેથી ધર્મ પામી શકે. હવે ધર્મ પામી શકે તેવા જીવો કોણ ?

સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ ધર્મ માટેની લાયકાત ધરાવે છે. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં ધર્મ પામવાની લાયકાત નથી. તીર્થંકરના સમોવસરણમાં તેમની દેશનામાં પશુઓ પણ આવતા. દેશના પામી, કલ્યાણ સાધી જતાં. પણ તેમાં સંજ્ઞી પંચેન્દ્રિય આવે. તીર્થંકરોએ ઘોડાને, સાપને કે સમડીને ધર્મ પમાડ્યાના દાખલા છે પણ કીડીને ધર્મ પમાડ્યાના દાખલા ક્યાંય આવે છે ? એ ભવોમાં જ્ઞાન, શક્તિ, ધર્મ પામી શકે તેવી તેમની અવસ્થા જ નથી.

સભા:- નવકાર ગણવાથી તેના પરમાણુની અસર ન થાય ?

સાહેબજી:- પરંતુ તે ઝીલવા જેટલી શક્તિ કે લાયકાત તો જોઇશે ને ? તેમને સાંભળવા કાન નથી, વિચારવા મન નથી. નવકારના ભાવની અસર થઇ શકે તેવું સ્ટેજ નથી.

સભા:- તેનામાં આત્મા તો ખરો ને ?

સાહેબજી:- તેમ તો નીગોદમાં પણ આત્મા છે, ઝાડપાનમાં પણ આત્મા છે. પરંતુ તે પાંગળો છે, શાસ્ત્રમાં લખ્યું છે કે અસંજ્ઞી જીવોમાં શુભ લેશ્યા, શુભ ધર્મ, શાસનનો મોક્ષમાર્ગ પામવાની લાયકાત

હોની નથી. નવકાર સંભળાવીને તમારે કંઈ પમાડવુ છે ને? હા, ગયો તો તમને લાભ થાય, પણ તેને લાભ થતો નથી. વ્યવહારથી એ જીવોનો ભવ જ ધર્મ માટે અયોગ્ય છે. કંઈ રીઝલ્ટ આવે તેવુ હોય તો નવકાર સંભળાવો તો બરાબર.

સભા:- તો પછી આવા જીવો, તેમાંથી કંઈ રીતે બહાર નીકળીને ઉચ્ચ ગતિ બાંધશે.

સાહેબજી:- અકામ નિર્જરાથી તેઓ ઉચ્ચ ગતિ બાંધશે, આ ગતિઓને દુનિયાનો અખાડો કહ્યો છે. જીવને તેમા એક વખત ગયા પછી બહાર નીકળતા દમ નીકળી જાય. અકામ નિર્જરા એક જ તેના માટે સાધન છે, તેમા કોઈ જ બીજો વિકલ્પ નથી. ત્યાં શુભ લેશ્યા, ધ્યાન, ધર્મની આરાધના, વિરતિ મોક્ષમાર્ગ કશું જ નથી. ફક્ત અકામ નિર્જરા જ તેનો ઉપાય છે. દુનિયામાં નવ્વાણુ પોઇન્ટ નવ્વાણુ ટકા જીવો અસંજ્ઞીમાં છે. સંજ્ઞીમાં તો મુઠ્ઠીભર જીવો નથી, આખા સમુદ્રમાં એક ટીપુથી પણ ઓછા જીવો સંજ્ઞીમાં છે. આપણે પણ ત્યાં સબડ્યા છીએ. જ્યારે ત્યાંથી નીકળ્યા ત્યારે અકામનિર્જરાથી જ નીકળ્યા છે. તેજ એક આલંબન છે. અકામ નિર્જરા કરવી બહુ જ કઠણ છે. અત્યારે અનુકુળ સંયોગમા પણ અકામ નિર્જરા કરી શકાય તેમ નથી.

સભા:- સહન કરી લેવાનું એટલે અકામ નિર્જરા થાય.

સાહેબજી:- એવુ નથી, કર્મનો ઉદય થાય તો સહન તો કરવું પડે. ત્યારે બૌધમા- બોંબાબાપ કરીને સહન કરો, પરંતુ અકામ નિર્જરા માટે તો સહન કઈ રીતે કરવાનુ છે? ઢોકા પડતા જાય અને શાંતિથી સહન કરતાજું આવે. હાય હોય થાય તો અકામ નિર્જરા ન થાય.

સભા:- મરુદેવી માતાએ અકામ નિર્જરા કઈ રીતે કરી?

સાહેબજી:- તેમને કેટલુ શાંતિથી સહન કર્યું છે? એ તેમની વિશેષતા હતી, માટે જ નીકળી શક્યા. દા.ત. તમારો પાડોશી કચકચ કરતો હોય

તો માથાનો દુઃખાવો લાગે, થાય કે આટલુ લોહી પી ગયો છે, ત્યારે આ તો બાજુનુ ઝાડ વીંધી નાંખે છે, તો પણ તેના માટે લેષ નથી થતો. આના માટે મન તો કેટલુ શાંત જોઇએ. દુઃખ વધતા શાંતિ, સહિષ્ણુતા, મૈત્રી આદિ ન પ્રગટે તો અકામ નિર્જરા ન થાય.

પ્રશ્નઃ- તેમા લાગણી હોય ?

સાહેબજીઃ- હા હોય, તેમનામાં પણ રાગદ્વેષ માન્યા છે, વનસ્પતિમાં ક્રોધ, માન, માયા બધુ જ છે. વિજ્ઞાન પ્રયોગથી પુરવાર કરી બતાવે છે. તેમનામાં પણ અનુરાગ, પ્રિતિ, ભય, રાગ, દ્વેષ બધુ જ વિજ્ઞાન પુરવાર કરી બતાવે છે, જે કે આપણે ત્યા હજારો વર્ષ પહેલા આ બધુ લખાયેલુ છે. માટે જેવા ભાવ તેવો કર્મબંધ ચાલુ છે. એટલે અકામ નિર્જરા કરવી સહેલી નથી. ખાલી દુઃખ વેઠવાથી અકામ નિર્જરા થતી હોય તો નારકીના જીવો કેટલુ દુઃખ વેઠે છે. તો પછી તેની અકામનિર્જરા થાય. પરંતુ ત્યાંથી તેઓ સદ્‌ગતિમા જતા નથી. દુઃખ આવે ત્યારે તેના નિમિત્ત પર દ્વેષ થતો હોય છે. માટે અસંજ્ઞીમાં ગયા પછી ભાવઃ કરીને અનંતા ભવે એક જીવ બહાર નીકળી શકે. આ વાસ્તવીક સ્વરુપ છે. તે તર્કવાદ્ય છે. અસંજ્ઞી જીવોનો ભવ મહાજોખમી ભવ છે. જેમ પગ લપસ્યો એટલે ઉંડે ને ઉંડે ખૂંપતો જાય, સંજ્ઞીપણામાં પણ ધર્મ કરી લઇએ તો વાત જુદી છે, નહિતર અજગર મોં ફાડીને બેઠા છે.

માટે અમે કહીએ છીએ કે રોજ સવારે ચોર્યાશી લાખ જીવાયોનીના સ્વરુપનું ચિંતન કરો. આ સંસારમાં દુર્ગતિ મોં ફાડીને બેઠી છે, એક વખત ગયા પછી પત્તી ગયું. પહાડની ટોચ પરથી પગ લપસ્યો તેને કોણ બચાવી શકે. આ બધા ભયસ્થાનો દેખાવા જોઇએ, તમે તો આ સંસારમાં નિશ્ચિન્ત છો ને ? બહાદુર છો માટે નિર્વિચારક છો. અઢિયા પચાસ જુના ભાવ મૂછના હોય, પરંતુ ત્યાં તો મરી છો કે જીવો છો તેની નોંધ લેનાર નથી. મોટે ભાગે

ઉમોને જુવો મરે છે. ત્યાં વેદનાનો પાર નથી. આ બધુ દેખાય તો તમને એમ થાય કે ધર્મ પામી સાધના કરી, જલ્દી જલ્દી આ સંસારમાંથી છૂટકારો પડી જઈએ. મહારાજ તમને ડરાવે છે તેમ નથી લાગતુ ને? પણ હકીકત છે, આ જ સંસારનું સ્વરુપ છે.

સભા:- ડર જરુરી છે?

સાહેબજી:- હા, સાચો ડર જરુરી છે. ડર કોણ ન રાખે, મુર્ખો હોય તે ડર ન રાખે. પરંતુ ડાહ્યો માણસ છે, તે સમજે છે કે સામે જોખમ છે. બારે બાજુ આગ લાગી હોય અને ઉઠાડીને કહે કે ભાગ તો શું કહેશો. ડરાવે છે, અમે કંઇક કાલ્પનીક ભય નથી બતાવતા, વાસ્તવીક ભય બતાવીએ છીએ. માટે સાવધાન થઇને ધર્મના ઇચ્છુક બનો. અને તેના માટે જૈન શાસને થડવા માટે ભૂમિકા બનાવી છે. પોતાને થડવા માટે બીજાનું મુલ્યાંકન કરવા માટે આ ભૂમિકાઓ બતાવી છે.

જુવ છે માત્ર તેટલાથી પ્રંશસા-ભક્તિ કરવા લાયક બનતો નથી. અધર્મી કદાચ સદ્‌ગુણોવાળો હોય તો તે વખાણ કરવા લાયક નથી. શું તમને આ મગજમાં બંધ બેસશે. તમે કહેશો ગુણ ગમે ત્યાં હોય તેની પ્રશંસા કરવામાં વાંધો નથી, અમારે ખરાબવાતને મહત્વ નથી આપવુ, પણ સારાની પ્રશંસા કરવામાં શું વાંધો? જૈન શાસનમા સારુ પણ બધુ વખાણવા લાયક નહિ. તમે ચૌદશના પ્રતિક્રમણમા અતિચાર બોલો છો, તેમા આવે છે કે મિથ્યાદ્રષ્ટી તણી પ્રશંસા કીધી - - - - -

આ બધુ શ્રાવકના અતિચારમાં આવે છે.

સભા:- બસ સાહેબ અમે તો ખાલી બોલી જઇએ છીએ.

સાહેબજી:- હા, તમારે અર્થ સાથે લેવા દેવા નહિ ને, પછી માનવાનો કોઇ જ સવાલ નથી, ત્યાં ગુણની પ્રશંસા કરવાની ના પાડી છે. એનો અર્થ શું થયો? આ જગતમાં ગુણ પણ બધા સારા નથી. ગુણ પણ

ભૂમિકાના હોય તે પ્રશંસા પાત્ર છે. માટે નાસ્તીક કે અધર્મીના ગુણોની પ્રશંસા, બહુમાન, અનુમોદના ન થાય અને કરે તો મિથ્યાત્વ આદિ કર્મ બંધાય.

સભા:- અધર્મીની વ્યાખ્યા શુ ?

સાહેબજી:- જેટલા ધર્મો છે તેમાં કોઈપણ ધર્મના આચાર-વિચારને અપનાવતો નથી તે અધર્મી.

તમામ ધર્મ જે સિદ્ધાંતને માને છે તેને શ્રદ્ધા રુપે માનતો નથી તે નાસ્તીક. અને કોઈપણ ધર્મના આત્મારુપ સિદ્ધાંતને માને છે તે આસ્તીક.

ન માનનાર નાસ્તીક. ન આચરનાર અધર્મી અને આચરનાર ધર્મી.

સભા:- આસ્તીક છે તે કેમ ખબર પડે?

સાહેબજી:- માણસના વિચારો ડગલેને પગલે વ્યવહારમાં અભિવ્યક્ત થતા હોય છે, ચાર માણસ ધર્મની વાત કરતા હોય ત્યારે નાસ્તીકને વેદીયાની વાત લાગે. અત્યારે ઘણા એવા છે કે પોતાના શાસ્ત્રોને ન માને. તેમ કેટલાક ડોક્ટરો, વકીલો, ઓફીસરો કે કોઇને ધર્મની વાત કરતા જુએ તો હાંસી ઉડાવે, અત્યારે તમારા ઘરોમા પણ આવો વર્ગ છે., તમે કદાચ ધર્મની વાત કરો તો તમારો ધર્મ તમારી પાસે રાખો તેમાં રસ નથી. આત્માની વાત કરે તો કહેશે કે આત્મા કોને જોયો છે? હવે આ બધાને શું કહેવુ ? ધર્મ માનતા નથી, અને પછી સજ્જન થઇને ફરતા હોય તો પણ નિર્ગુણી. કહ્યા છે. નાસ્તીકના ગુણને ગુણ તરીકે સ્વીકારવાના નથી.

સભા:- ગુણનો અર્થ શુ?

સાહેબજી:- જે એમના આત્માનો ઉધ્ધાર કરે તે સાચો ગુણ કહેવાય.

સભા:- ગુણાનુરાગ મર્યાદામા રાખવાનો ?

સાહેબજી:- ગુણાનુરાગ મર્યાદામા નહિ, પણ સાચા ગુણોનો અનુરાગ

કરવાનો છે. નુકસાન કરે તેવા ગુરુનો અનુરાગ કરવાનો નથી. ગુંડામાં સારી વાત હોય તો પણ તેની પ્રંશસા કરાતી નથી, બલ્કિતર ગુંડાગીરીને પ્રોત્સાહન મળે. હાડકી કક્ષાના ગુરુની પ્રશંસા ન કરાય, કરાય તો દોષ લાગે. ગુરુાનુરાગમાં છોછ નથી લાવવાની. પણ સાચા ગુરુનો રાગ કરવાનો છે.

હવે જૈનાભા ધર્મ છે. ગમે તે ધર્મને તે માનતો હોય, પાછો શ્રદ્ધાથી માનતો હોય, આચરતો હોય, થોડો પણ આચરે છે, જે બધો આવો ક્લાસ છે, તેમા ભેદ શું પાડ્યા?

① માર્ગ પામેલા અને માર્ગ ન પામેલા. માર્ગ પામેલાની કક્ષા ઉંચી છે. અને નહિ પામેલાની કક્ષા ઉતરતી છે, પછી ભલેને તેમા ગુણ વધારે હોય, અમે કહીએ કે નાસ્તીકના લાખ ગુણો કરતા, આસ્તીકનો એક ગુણ વધારે સારો, તેવી રીતે અધર્મીના કરતા, ધર્મીનો એક ગુણ સારો, તેમા પણ ગમે તેટલો ધર્મ કરતા હોય, માર્ગ ન પામેલો હોય તે નીચો છે અને માર્ગ પામેલો હોય તે ઉંચો છે.

આ બધી કક્ષા પાડુ છુ. ઉંચી કક્ષાવાળો અધિકગુણી કહેવાશે, નીચી કક્ષાવાળો હીનગુણી કહેવાશે. પરટીકયુલર ગુણને લઇને હીનગુણી કહ્યા નથી. આ વ્યવહાર ભૂમિકા પ્રમાણે બાહ્ય અને અભ્યંતર બન્ને રીતે આવશે. ઘણા વ્યુ કહે કે કક્ષા કઇ રીતે નક્કી કરવી? પરિચયમાં આવે એટલે તરત જ ખબર પડે કે ધર્મી છે કે અધર્મી છે, નાસ્તીક છે કે આસ્તીક છે, સાચો માર્ગ પામ્યો છે કે નથી પામ્યો. અને ખબર પડે તે રીતે ગુરુની પ્રશંસા અને અનુમોદના થાય.

જેમ સમજે કે ભગવાનનું શાસન મળ્યુ. દેવ-ગુરુ-ધર્મની ઓળખ હોય તો સાચો માર્ગ તેને પ્રાપ્ત થયો છે. જે સમજે તે મહેનત કરીને પામે તો સાચો માર્ગ પામવાની સંભાવના છે. બધા જ પામી ગયા

તેવુ પણ નથી. જે પામ્યા છે તે પછી જૈનેતર પણ હોય જે ગુણી હોય, પવિત્ર હોય, તે સદાચારવાળુ જીવન પાળતા હોય કે ન પાળતા હોય, પણ જે માર્ગ નથી પામ્યા તે હીનગુણી કહી શકાય. હવે તેમના પ્રતિએ દ્વેષ નહિ કરવાનો પરંતુ અદ્વેષ અને કરુણાનો ભાવ લાવવાનો છે. ઈતર ધર્મના સન્યાસીમા આચાર-વિચાર સારી વસ્તુ જુઓ તો કરુણાનો ભાવ આવવો જોઈએ. ભક્તિ, પૂજ્યતા કે બહુમાનનો ભાવ ન જોઈએ. તમને અમારી વાત સંકુચીત લાગશે. પરંતુ કાંઈક પરાયા કે પોતાનાની વાત નથી. જે આટલો ધર્મ કરવા છતાં માર્ગ નથી પામ્યા તે જોઈને કરુણાનો ભાવ થાય છે, અને જે અવિવેક ગણાય છે.

સભા:-

સાહેબજી:- આ વાત સત્તાધીશો પસ્તાળ. પુણ્ય, પાપ તેવુ કશુ જ માનતા નથી, આ એક નવી જાત જ પાકી છે. જુનકાળમાં રાજામહારાજાઓનું ધર્મકીર્તામાં આગવુ સ્થાન રહેતુ. મહાત્માઓ રાજસભામાં જતા, રાજાઓ પણ મહાત્માઓને સાંભળવા જતા. જતા ત્યારે આગળની હરોળમાં બેસાડતા, કારણ આસ્તીક નીતિમાન, આર્યપરંપરાને માનનારા છે, ધર્મમાં શ્રદ્ધા છે. જ્યારે અત્યારે સત્તાધીશો પુણ્ય, પાપમાં માને તેમ નથી, માટે ધર્મમાં માનવાનો સવાલ જ નથી. અને સામાજીક દ્રષ્ટીએ કેટલાક બદનામ થયેલા છે, આવાને આગળ લાવશો તો ધર્મ બદનામ થશે.

સભા:- અત્યારે ઘણા સાધુભગવંતો તેઓને બોલાવે છે.

સાહેબજી:- તે ખોટુ જ છે. સામેથી આવે તો અમારા ઉપાશ્રયના દરવાજા બંધ નથી. ઉપાશ્રયના દરવાજા રાત્રે પણ ખુલ્લા હોય છે. પણ સામેથી આવે તો ના નથી. પણ મારે બોલાવવાની શું જરુર? હું તો તમને પણ બોલાવતો નથી. અમારા સાધુના આચાર

સમજે. જેને ધર્મ મેળવવાની ગરજ હોય તે સાંભળવા આવે. આ ડોઇની વ્યક્તિગત વાત નથી. પણ અમારા આચાર શું? અમારા માટે કશુ છે કે નિસ્પૃહી બની રહેવાનું છે. તમે આવો તો જ અમારો ધર્મ થાય, આરાધના થાય, તમે ન આવો તો કુકુવી જવાનો આવો તરી જવાનો, અમારે અમારી આરાધનાથી તરવાનું છે. અમને તો ભગવાને ૨૮ મૂલગુણ પંચમહાવ્રત, સ્વાધ્યાય આદિ બતાવ્યા છે. જેમાથી માયુ પણ ઉંચુ કરી શકાય નહિ. આતો ઉપદેશ આપવાની જવાબદારી અમને મૂકી છે, ભગવાને કહ્યુ છે કે સામે જો પાત્રે તેવો ખૂબ લાયક હોય અને તમારી દેતી શક્તિએ તેમને ઉપદેશ ન આપો તો દોષ લાગે. કારણ સાચા ધર્મનો પ્રવાહ અટકી જાય, શાસનના માર્ગનો લોપ થાય.

તમારા જેવા શ્રોતા ન મળે તો અમારુ કલ્યાણ અટકી જવાનુ નથી. માટે સામેથી બોલાવવાની વાત નથી. પરંતુ સામેથી સત્તાદીક્ષા, નાસ્તિક અને અધર્મી પણ જો જીજ્ઞાસાથી આવે તો તેને ધર્મ સંભળાવવા તૈયાર હોઇએ. અમે તેની ભૂમિકા પ્રમાણે, તારવા માટે, બુદ્ધિ પ્રમાણે ઉપદેશ આપવા તૈયાર હોઇએ, પણ સામેથી બોલાવવામાં માનતા નથી. જે સાધુને મન થાય તે ખોટુ છે. આ લોકોને જરાપણ મહત્વ આપવા જેવુ નથી. કદાચ જૈનેતરને મહત્વ આપો તો ખોટુ નથી. આ સત્તાદીક્ષાો માટે તો સખત ઉકળાટ ભરેલો છે, માટે તેઓ સીક્યોરીટી સાથે નીકળે છે, નહિતર તો જનતા જ તેને ફેંકી માંખે. જનતાને જેના માટે આટલો અભાવ તેને તમે હારતોરા પહેરાવો અને પ્રશંસામાં શુ ને શુ બાકી.

આ તમારા મુંબઇમાં એક જ્યારે મને કશુ નહોતુ અને આવુ ગોઠવી દીધેલુ. તે વખતે મને એમ કે સામેથી આવ્યા હશે, પરંતુ પછીથી મને ખબર પડી, તે વખતે મને બોલવા માટે કશુ. મે કશુ તમને જોઇને સંઘ ઘેલો થયો હોય તેવુ લાગે છે. કોના વખાણ થાય અને કોના ન

થાય તેવો વિવેક નથી. આવુ મે કેમ કે કેમ કરેલું પણ આવુ બધાને ગમતુ નથી. વજ્ર કારણે દખો ઉભુ કરીએ છીએ તેવુ લાગે. આ તમારા શબ્દ બોલુ છુ. તમારે આવુ કહેનાર કાંઈ તેમ નથી. જૈન શાસન ગુણપૂજામાં માને છે, પણ ચમિડાના ગુણો લેવાના છે. ગમે તેવાને જૈનશાસનમાં મહત્વ ન અપાય.

ગમે તેવાને મહત્વ આપવુ તે મહાન નુકશાન છે. તમે કહેશો કે સાહેબ પ્રસંગે તેઓનું કામ પડે છે. સંઘના કામો માટે તેઓનું કામ પડે છે. હા, કબુલ. તેના માટે તમારે સંબંધ રાખવા પડતા હોય તો અંગત રીતે સંબંધ રાખો, ગુપ્ત સંબંધ રાખવા. આ સત્તા તેમના હાથમા છે માટે પ્રસંગે જરુર પડે, પણ કલાય શું ? તમે બદેશમાં માન આપશો તેના કરતા અંગત રીતે માન આપશો તો જલ્દી થશે. નહિતર આ રીતે કરશો તો શાસનની પ્રણાલીકાને તોડો છો, અધર્મને પોસો છો. આ તમને જૈનસંઘની પરંપરા બતાવી.

અન્ય ધર્મના સાધુસંતો, ગુરૂજીઓ પ્રત્યે કરુણાનો ભાવ હોય, પરંતુ પૂજ્યભાવ ન આવે. જો ભક્તિથી ઝુકી પડો, વખાણ, પ્રશંસા કે બહુમાન કરો તો આ અવિવેક ગણાશે. લોકો કહે છે કે અમારા કરતા તો ઉંચાને ? ના, જરાય નહિ. ગમે તેવા આચાર-વિચાર પાળતા હોય તો પણ માર્ગ ન પામેલા હોય તો સાતવાર નીચા કહેવાશે.

સભા:- માર્ગ પામેલા છે કે નહિ તે નક્કી કઈ રીતે કરવુ ?

સાહેબજી:- ભગવાનના શાસનમાં અહિંયા માર્ગ પામેલા હોય અને ન પામેલા હોય તેમ અન્ય ધર્મમા પણ માર્ગ પામેલા હોઈ શકે. જે માર્ગ પામ્યા છે, તેની આંતરિક દશા હોય.

જે સાચા અર્થમાં સંસારથી વિરક્ત છે, તેને કોઈપણ મતનો કદાગ્રહ નથી, તેવા જીવો ગમે ત્યાં રહેલા હોય તો માર્ગ પામેલા છે.

જ્યારે જૈનોમાં અસત્યનો આગ્રહ છે, પોતાની વાતનો કદાગ્રહ છે, અને વૈરાગ્ય નથી, તેવા જૈન શાસનમા હોવા છતાં પણ તે માર્ગ પામેલા નથી.

ઉપાધ્યાયજીએ કહ્યું કે જૈનોમા આવાઆવા ભાવ છે તે ભાવથી જૈન કહી કાઢાય, જૈનોમાં આવાઆવા ભાવ નથી તે જૈનમા જન્મેલા હોવા છતાં પણ ભાવ જૈન નહિ પણ કુળથી જૈન કહેવાય.

આપણે ત્યાં અપુનર્બંધક અવસ્થા વર્તાવી તેમાં મુક્તિનો અદ્વેષ અને સંસારનો વૈરાગ્ય જેવા થાય. અને કોઇનો કદાગ્રહ ન હોય. આવી ભાવવાળા જીવને અપુનર્બંધક દશાવાળો કહીએ છીએ. પછી તે ગમે ત્યાં રહેલો હોય, તે માર્ગ પામેલો છે. ભાવજૈન છે.

સભા:- સાધર્મિક ભક્તિ આવે ત્યારે શું કરવુ ?

સાહેબજી:- સાધર્મિક ભક્તિ બે પ્રકારે છે. એક વ્યક્તિગત અને બીજી જાહેરમા. સંઘજમણ કરીને ભક્તિ કરો છો તે જાહેરમાં થઇ. વ્યક્તિગત રીતે ઘરે બોલાવીને તથા વ્યક્તિગત રીતે બીજી રીતે કરો તે વ્યક્તિગત થઇ. હવે જાહેરમાં ભક્તિ કરવાની આવે છે તેમા જે જૈન શાસન વ્યવહારથી પામેલા છે તે બધાને નિમંત્રણ અપાય, સરભરા થાય, તેની ભક્તિ થાય. અને વ્યક્તિગત આવે ત્યારે ધર્મ અને ગુણ જોઇને ભક્તિ કરાય. ખાલી નામમા જૈન કે કુળના જૈન હોય તો તેની વ્યક્તિગત ભક્તિ કરવાની નથી.

તમારો તો શું સિદ્ધાંત છે કે પહેલા જરૂરીયાતવાળાની ભક્તિ કરવાની, જરૂરિયાત નથી તેનું કાંઇ કરવાનુ નહિ. મારે પહેલા ઝુપડપટ્ટીમાં ભક્તિ કરો. તમારા ઘોબાનો આજ છે ને? અને પાછા બોલો ગરીબ છે, બિચારા છે. સાધર્મિકને બિચારા કહેવાય ? આર્થિક દ્રષ્ટીએ નબળા છે માટે તેમને જરૂર છે.

સભા:- તો શું એ વાત ખોટી ?

સાહેબજી:- જરૂરિયાતવાળાની ભક્તિ હોય. એને જરૂરિયાત છે માટે ભક્તિ કરો છો કે તમારે જરૂરિયાત છે માટે ભક્તિ કરો છો? શું દેવગુરુને તમારી ભક્તિની જરૂર છે માટે ભક્તિ કરો છો? શું તમે એમની ભક્તિ નહિ કરો તો એમને એમ રહી જશે? માટે ભક્તિ માટે જરૂરિયાત જોવાય નહિ, અને તેવો વિચાર કરે તો સાચી ભક્તિ કહેવાય નહિ. તમને આ બધું ઊલટું લાગે છેને?

ભક્તિ પાત્રતાના ધોરણે લાભ વધારે કે જરૂરિયાતના ધોરણે લાભ વધારે? ભક્તિપાત્રે પરિણામની ધારા ઉત્તમ થાય છે. માટે તેનાથી લાભ વધારે થાય.

સૌથી પહેલા ભક્તિ ભગવાનની છે. તેમને શું જરૂરીયાત છે? તમે દેરાસર ન બનાવ્યુ હોત તો તે શું બહાર રહી જત! પરંતુ તેમના ગુણોની પૂજા અને બહુમાન કરવાના છે.

સભા:- નવુ મંદિર પછી કરવું અને પહેલા જીર્ણોદ્ધાર કરવાનું કહ્યુ?

સાહેબજી:- પરિસ્થિતિ શું થઇ? ભક્તિ જેની કરવાની છે તે દેવ નરકે સમાન સ્તર છે. જીર્ણોદ્ધાર કરવાની પહેલા જરૂર છે. કારણકે આશાતના આદિ દોષો મોટા ઉભા ન થાય માટે પહેલા કરવાનું છે.

માટે સાધર્મિકમાં ખાલી જરૂરીયાતમાં સ્થાન ન અપાય. નહિતર આખો સંઘ ખોટે રસ્તે જશે. એક ગુણીયલ સાધર્મિકની ભક્તિ અને ગુણ ન હોય તેની ભક્તિ કરો તો ગુણીયલ સાધર્મિકની ભક્તિ ખરુ વધારે ફળ આપશે. મારે ગુણીયલને શોધતાં જવુ પડે. સાધુમા પણ ગુણીયલની ભક્તિ પહેલા કરવાની છે. નિર્ગુણી સાધુની ભક્તિ કરવાની નથી. તો ગમે તે સાધર્મિકની ભક્તિ કેમ થાય?

સભા:- પણ મદદ તો કરવી જોઇએને?

સાહેબજી:- જો તમે તેને સાધર્મિક માનતા હોવ તો મદદ શબ્દ ન

કહેવાય. પરંતુ તેની તો સેવા અને ભક્તિ જ હોય. કોઈની પણ દયા કે અનુકંપા કરવા માંગતા હોવ ત્યારે તેના કે તમારા આત્માને લાભ થાય માટે કરવાની છે.

કોઈ જીવના ખાલી ભૌતિક દુઃખ દૂર કરવા તેવો આપણો ધર્મ બનાવ્યો નથી.

આ સંસારમાં ભૌતિક દુઃખ છે. હવે દુઃખ દૂર કરવા છે. તો તેને દૂર કરવા ધર્મ આવશે. તેજ ઉપાય છે.

મેં દીક્ષા લીધી. આખા સંસારનો ત્યાગ કર્યો. જો અમે ઉંચો ધર્મ પામ્યા હોય તો પંચ મહાવ્રત પાળવાના પણ જો ભૌતિક દુઃખ દૂર કરવા તેજ ખરો ધર્મ છે તો મારે શું કરવાનું આવે? માનવ સેવા. તો પછી આ દીક્ષા લીધી તે મેં ભૂલ કરીને? નહિતર ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, માંદાને દવા, આમ જ બધી સેવા કરવી જોઇએ ને? પણ ભગવાને આવુ કરવાનું ઉડ્યાંજ બનાવ્યુ? ઉલટાની ના પાડીને? જાણો છો તમારા ગુરુના આચાર વિચાર શું છે? બરાબર સમજશો તો.

તીર્થંકરના જીવન વાંચો તો માત્ર સાધના કરી "સવિ જીવ કરું શાસન રસી." આજ ભાવના કરીને? એના બદલે "સવિ જીવ કરું ભોગ રસી" એવી ભાવના કેમ ન કરી. સ્વાધ્યાયમાં દરરોજે બોલી જઓ છો પણ અર્થ શું છે તે સમજો છો? કે વિચારવાનુ જ બંધ રાખ્યુ છે. જ્યારે ભગવાન જન્મ્યા ત્યારે શું કોઇ ભૂખ્યા, તરસ્યા, માંદા, ગરીબ નહોતા? જન્મ્યા પછી તેમની પાસે શક્તિ, વૈભવ કેટલો હોય, છતાં એમ ન થયુ કે બધાના દુઃખ દૂર કરી શ્રીમંત બનાવી દઉ, સાજા કરી દઉ. ઇન્દ્રો પણ તેમની સેવામાં હાજર હતા. તેઓ પણ બધુ જ કરી શકે. છતાં ઇતિ શક્તિએ ડાંઇ ન કર્યું?

સભાઃ- તો પ્રભુ વર્ષીદાન કેમ આપે છે?

સાહેબજીઃ- દીક્ષા લેતા જ કેમ આપ્યુ? જન્મ્યા ત્યારે કેમ ન આપ્યું?

વર્ષીદાન કેમ આપે છે? તો કહે છે કે ચારિત્રરૂપ ધર્મ કરવા નીકળે છે. કારણ આ સત્તા, સંપત્તિ, વૈભવ કચરા જેવા છે, છોડવા જેવા છે. તેનું આયરણ અભિવ્યક્ત કરવા વર્ષીદાન આપે છે. જે ગરીબોનું દુઃખ દૂર કરવા આપ્યુ છે તો શું છેલ્લે દહાડે જ ગરીબો નીકળ્યા. માટે જૈન શાસનનુ તત્વ સમજો. બહુ જ ગંભીર છે.

તમે પુણ્ય, પાપના સિદ્ધાંતને ઉતાર્યો નથી. કહે છે દુઃખ ક્યારે આવે? ભૂતકાળમાં જીવે કાંઇ પાપ કર્યું હોય ત્યારે આવે ને? તમે આમ દુઃખ દૂર કરો પણ ક્યાં સુધી તે પાપ કરવાનું બંધ ન કરે તો સાચા અર્થમાં દુઃખનું નિવારણ થાય? તમે તેને શ્રીમંત બનાવો પણ સાથી દયા શું? આ જગતમાં કોઇ જીવ પાપ ન કરે તેને માટે પૂરક બનવું ને.

જેનાથી પાપનું પોષણ મળે તે દયા, દયા નથી.
તે પાપને જીવનમાંથી ઓછુ કરે તેવી દયા કરવાની છે.

સંસારમાં જીવોને દુઃખ છે ત્યાં સુધી હાયહોય કરશે. જેવું દુઃખ દૂર થશે એટલે ગેલમાં આવી જશે. પછી સંસારમાં શું કરશે? માટે પાપનુ પોષણ થયુ કહેવાય! પરંતુ તેના જીવનમાંથી પાપ ઓછુ થાય તે જેવાનુ. હવે ધર્મ પામશે તો પાપથી છૂટશે?

ભગવાને વર્ષીદાન ધર્મ પમાડવા આપ્યુ છે. બૌતિક દુઃખ દૂર કરવા નથી આપ્યુ. માટે દયા, દાન કરો ત્યારે ધર્મ પમાડવા કરવાનું છે. એક જીવને માંદો જુઓ તો અરેરાટી થઈ જાય. પરંતુ તમારી જે દુઃખ દૂર કરવા પૂરતી જ દયા હોય તો જૈન શાસનની દયા વસી નથી.

સભા:- જૈની અનુકંપા કઈ રીતે કરે?

સાહેબજી:- જૈની અનુકંપા ચોક્કસ કરી દાડે પણ તે કઈ રીતે તે સમજવુ ખૂબ જ જરૂરી છે. હવે તમારે જૈનધર્મની મંદવાસા કરાવવી છે કે તમારી

પ્રશંસા કરાવવી છે ? આપણી અનુકંપામાં જૈન ધર્મની જ પ્રશંસા કરાવવાની છે.

તમે એવી રીતે દયા, દાન કરો કે જેનાથી આખા જગતમાં જૈન શાસનનો ફેલાવો થાય. લોકોને માર્ગ પમાડવા, પાપથી મુક્ત કરવા માટે અનુકંપા કરવાની છે. હવે જે જીવો મુળથી અધર્મ પામેલા છે તેના દ્રવ્ય લૌકિક દુઃખ જ દૂર કરો તો તેને તો તેના પાપોની દુષ્ટતાને પોષણ મળશે. કારણ દુઃખ દૂર થવાથી પાછા પાપો કરવામાં જ મચી પડશે.

સભા:- તો પછી અમે જે રીતે અનુકંપા કરીએ છીએ તેનાથી તો પાપ જ લાગે ને ?

સાહેબજી:- તમારા સંઘમાં કરાની અનુકંપામાં અમુક વસ્તુઓ જોઈને હું રાજી થયો છું: પણ કઈ અનુકંપાથી રાજી અને કઈ અનુકંપાથી રાજી નહિ તે જાણવુ પડે.

અનુકંપા કરતી વખતે મંદિર કે ધર્મ સ્થાનકો સાથે હોવા જરૂરી છે. જેથી આપણા ધર્મના ક્ષેત્રમાં દુઃખી જીવો આવે ત્યારે તેમને થાય કે આ જૈનો ધર્મ કરવા આવે છે પણ સાથે આપણા જેવાની પણ કેવી માવજત કરે છે, સારસંભાળ રાખે છે, ખાવા-પીવાનુ આપે છે. એમનો ધર્મ કેવો હશે! જે કોઈ જાતના આપણા સંબંધ વગર આટલી ચિંતા કરે છે. માટે ધર્મના ડનેડશન વાળી જ અનુકંપા આપણને માન્ય છે.

ઘણા લોકો શું કરે છે સવારે ખાવા, પીવાનું, દવા વગેરે લઈને આશ્રમો વગેરેમાં જાય ત્યાં જઈને માંદાની સારવાર કરે, ખાવા, પીવાનું આપે લાગણી બતાવે તેઓને ખુશ કરી સંતોષ આપે. પરંતુ આમાં તેમના લૌકિક દુઃખ દૂર કરવા સિવાય બીજુ કોઈ ડનેડશન ન હોય માટે આ અનુકંપા જૈન શાસનને માન્ય નથી.

વર્ષીદાન પણ મનુષ્યે અવસરે જ આપ્યુ છે.

મોટા ધર્મના અવસર વખતે કે જેનાથી ધર્મ ઉપર સદ્‌ભાવ થાય. લેનારને પણ થાય અને આપનારને પણ અધિક થાય. માટે ધર્મસ્થાનક કે ધર્મપ્રવૃત્તિ

નું કનેકશન હોય તેવી જ અનુકંપા માન્ય છે.

ધર્મના અંગ તરીકે અનુકંપા કરવાની છે.

સ્વતંત્ર તરીકે નથી બનાવી.

ધર્મના અવસરે, ધર્મ સ્થાનકોમાં, તથા ધર્મ કરતાં હંમેશા બધાના સુખદુઃખની ચિંતા કરવાની છે. જ્યારે પણ ધર્મ કરવા બેઠો ત્યારે જગતના જીવને શાંતિ મળે તે જ ભાવના હોય. અમારિપર્વતન પણ કઈ રીતે છે?

જૈનોનો ધાર્મિક ઉત્સવ આવે ત્યારે જીવ માત્રને શાંતિ મળે તેવી પ્રવૃત્તિ જોઈએ. ધર્મની પ્રશંસા થાય તે જ રીતે અનુકંપા કરવાની છે.

આજે જૈનો કેવા છે કે ગુપ્ત રીતે ગુપચુપ જઈને અનાજ, દવા, કપડા, સત્તા આપી આવે. કારણ જૈન હોવાના કારણે જૈનત્વના સંસ્કાર હોવાના કારણે ડોમળતા તેમનામાં વણાયેલી છે. માટે મોટા મોટા શ્રીમંતો પણ ગામડામાં અને જઈને આ રીતે કરી આવતા હોય છે. આ રીતે જૈનોના બાપે રળિયા આ રીતે આ માર્ગે આવ્યા છે. પરંતુ આ બધું ગુપ્ત રીતે, સ્વતંત્ર તરીકે - જ્યાં ધર્મનું, શાસનનું કોઈ કનેકશન નથી માટે વિચારણીય છે. જે શાસનને માન્ય નથી.

આવી રીતે કરવા કરતાં ધર્મસ્થાનકોમાં જવું જોઈએ અને ધર્મના અવસરે કરવું જોઈએ.

તીર્થંકરોએ પણ ધર્મના અવસરે જ વર્ષીદાન કર્યું છે. ધર્મને મુખ્ય કરવા ધર્મના સાધિન તરીકે જ કર્યું છે.

પરંતુ તમે તો અત્યારે શીર્ષાસન કરી દીધું છે.

અને તેને તમે મહાધર્મ બનાવી દીધો છે.

તમે જે મંદિરના સ્થાનકોમાં કરો છો તે બરાબર છે. દેરાસર, ઉપાશ્રય સાથે જે સંકળાયેલું છે. હજુ પણ વિશેષ રીતે કરીને ધર્મની સારી પ્રભાવના થઈ શકે. માટે અમારો અનુકંપા કરવાનો વિરોધ નથી પણ બધામાં વિવેક આવશે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

શ્રાવણ સુદ ૮ ॥યોગવિંશીકા॥ ગોવાળિયા ટેંક
રવિવાર

॥પ્રણિધાન॥

અનંત ઉપકારી, અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના પ્રત્યેક જીવ માત્રને સાચી હિત ચિંતાની પ્રેરણા કરનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ પરમાત્માનું શાસન જેને દુઃખમાં ઓળખાવવુ હોય તેને કહી શકાય જગતની સાચી ચિંતા કેવી રીતે કરવી, તેને બતાવનાર માર્ગ એ પરમાત્માનું શાસન છે. તમારા આત્માનું અને જગતનું ભલુ કરો તેજ પરમાત્માની આજ્ઞા, ઉપદેશ છે. જે કોઇનું પણ ખરાબ ઇચ્છો નો તે તમારી ખામી છે. જીવમાત્રનું ભલ કરવાની આજ્ઞા આપે છે, પરંતુ કઇ ભુલકામના કરવા લાયક કે કઇ ભુલકામના કરવા લાયક નથી. તેનો ઉંડો વિવેક જૈન શાસનમાં મૂક્યો છે. આ ભુલકામના પણ કઇ કરવા લાયક અને કઇ ન કરવા લાયક તેનો પણ વિવેક બતાવે છે. અભાવ કે અણગમાના કારણો બુરુ કરવાની ભાવના થતી હોય તે તમારી નબળાઇ છે.

સભાઃ- બધા શુભભાવ પણ ન કરાય ?

સાહેબજીઃ- હા, ગઇ કાલે આપણે વાત નીકળવાથી જે પ્રશ્નની ચર્ચા થઇ, તેમા સમજણ ન હોવાના કારણે, ઘણી ગેરસમજ અને ગોટાળો થયો છે, પરંતુ અમે શાસ્ત્રદૃષ્ટિએ સ્પષ્ટ અને સચોટ લાગે તેજ વાત કરી છે. પરંતુ તમારો સ્વભાવ છે. કે વર્ષોથી તમારા માનસ જે રીતે ઘડાયેલુ હોય તેમાં સારી પણ વિરોધી વાત આવે એટલે સમજ્યા વગર ચોંટી જાય. હા, અમારી પણ ગેરસમજ કે ભૂલ થતી હોય તો કહી શકો છો, પરંતુ આ પાટ ઉપર બેસીને ભગવાનની આજ્ઞા મુજબ જ બોલવાની ઇચ્છા છે, તેમા પોતાની સૌખ આની વાત કરવાની ભાવના નથી. શાસ્ત્રની રીતે નક્કિ વાત કહીએ તમને ગળે ન ઉતરેને, તે તમે રીજેક્ટ કરો તે ખોટી વાત છે. જૈનધર્મ કરનારને જૈનધર્મના પાયાના તત્વની ખબર નથી.

આપણુ લોકોત્તર શાસન છે. દુનિયાના અન્ય ધર્મો તે લૌકિક ધર્મો છે. દુનિયા જેને ધર્મ માને છે, તેને આપણે ધર્મ માનતા નથી. પણ લોકોને ખબર નથી તેવી ધર્મની વ્યાખ્યા જીનેશ્વરદેવાએ લોકોને બતાવી છે. માટે દયા, દાન, પરોપકાર બધામાં લોકોત્તરતા આવશે. નાની સરખી પ્રવૃત્તિમા પણ લોકોત્તરતા વણાયેલી છે, અને તે શાસ્ત્રના બોધિવાળા સમજાવી શકે છે, આ અદ્‌ભુત શાસ્ત્રને ઓળખી શકશો તો તેની કદર કરી શકશો. ગઇકાલે આ આપણો મૂળ વિષય નહોતો પણ જાહેરમાં પૂછ્યુ માટે શાસ્ત્ર પ્રમાણે કહેવુ પડે. તમને ન ગમે તો પૂછી શકો છો, પણ મનમા ગોટાળાવાળવાની જરૂર નથી.

હું ગઇકાલે શું બોલ્યો હતો ? તે ફરીથી રીપીટ કરુ છુ માટે ધ્યાનમા રાખજો. આપણા જૈન શાસનમાં જગતના કેવળ લૌકિક દુઃખ દૂર કરવાની ભાવનાથી દયા, દાનની પ્રવૃત્તિ બતાવતા નથી. આવુ હું સ્પષ્ટ બોલ્યો હતો. પરંતુ જો એવુ બતાવવુ હોય કે જગતમાં કેવળ લૌકિક દુઃખ દૂર કરવાની ભાવના કરવી, પછી ને સત્કાર્ય જ કહેવાય, પરંતુ તેવુ નથી. અને સત્કાર્ય કરો એટલો ધર્મ કર્યો કહેવાય. પરંતુ આ સંસારમાં વિષયકષાયથી એટલા જીવો દુઃખી છે કે તે બધાના લૌકિક દુઃખો દૂર થાય તેવી તમન્ના કે કામના જૈનશાસનના શ્રાવકના મનમા ન હોય. માટે અહિંયા જ વાંધો પડે છે, કેવી કામના શ્રાવકના મનમા હોય, કયા દુઃખ કઇ રીતે દૂર કરાય તેની કેવી કામના કરાય કે ન કરાય તેનો બધો વિવેક જૈનશાસનમાં બતાવ્યો છે.

એક પણ જીવ દુઃખી થાય તેવી અમારી ઇચ્છા નથી, અમે પણ જીવમાત્રના દુઃખનુ નિરાકરણ ઇચ્છીએ છીએ. મુક્ત થાય અને સુખી થાય તેમા અમને કંઇ વાંધો, વિરોધ નથી. છતાં પણ કેવા દુઃખ દૂર કરવાની ભાવના કરાય તેનો વિવેક છે. આ બધી તમારા માટે નવી વાત છે, આપણે તેને દૃષ્ટાંત દ્વારા જોઇએ.

આ યુગમાં આર્થિક સંયોગો અને સામાજીક સંયોગો એવા ઉભા કર્યા છે કે ઘણા યુવાનો એમા પરણ્યા વગરના છે. તો તમારાથી કે મારાથી ઈચ્છા કરાય કે આ બધા પરણી જાય તો સારૂ. નથી પરણેલા દુઃખ છે કે સુખ છે? દુઃખ કેટલાય પ્રકારનુ છે. આવી કામના આપણાથી કરાય ખરી?

આ કાળમાં ઘણા જુવો એવા છે કે સંસાર માંડ્યા પછી સંતાન થતા નથી તો શું એમ વિચારાય એવા બધાને સંતાન થઈ જાય તો સારૂ? તેમને ખાવા-પીવા, પહેરવા-ઓઢવાનુ બધુ સુખ છે પણ ખોળાનો ખૂંદનાર નથી. ઘણા એવા છે કે કોઈકના દીકરા જોતા રડી પડે, રમાડવા માટે તરત જ ઉચકી લે, એમને આનુ એટલુ દુઃખ હોય છે કે ખાવાનુ પણ ભાવતુ ન હોય. આવા ભૌતિક દુઃખ દૂર થાય ને કામનાની વાત સાધુ માટે છોડી દો પરંતુ શ્રાવક નરીકે પણ ઈચ્છા કરાય ખરી? માટે સંસારમાં જેટલા દુઃખો છે ને બધા દૂર થાવ એટલે વાંઢાઓ પરણી જાય, નિસંતાન ને સંતાન થાય; ભોગ ન હોય તેને મોજમજા મળે. પ્રેમીઓ જે વિરહમાં તડપે છે તેમનું મિલન થાય. આવી તો કેટલી કામનાઓ આવશે તો શું આવી બધી કામનાઓ થાય ખરી?

સભા:- સાહેબ ખાલી રોટી, કપડા, મકાન રાખીએ તો?

સાહેબજી:- તમે આનો અર્થ શું કર્યો કે ખાલી આજ દુઃખ, દુઃખ છે. બીજ દુઃખો દુઃખ નથી, પરંતુ તેના કરતા બીજા મોટા દુઃખો છે, માટે પહેલા સિદ્ધાંત બાંધો, આપણો પ્રિન્સીપલ પર જ ચલાય. તમે તો રાજકાજે આપેલુ સૂત્ર ઘુસાડી દીધુ. સારી વસ્તુ પણ બધી કરવાલાયક યોગ્ય છે કે નહિ તેનો વિચાર કરવો પડે માટે તેનો સિદ્ધાંત બાંધવો પડે. માટે જૈનશાસનનો પ્રીન્સીપલ બતાવવા માંગુ છુ.

આપણા નીર્ણયો સાધના કરની વખતે આવી ભાવના કે પ્રવૃત્તિ કેમ ના કરે? મહાપુરુષોની આજ્ઞાના ભયોથી સાધના ચાલુ થાય છે.

અને છેલ્લા ભવે તો તે માઘના પરાકાષ્ટાની હોય છે. છેલ્લા ભવના જન્મ વખતે તો શુદ્ધ સમકિતની હોય છે. ચાર જ્ઞાનના ધણી હોય છે. આગલા ભવે સંસારની દુઃખમય દશાનું અવલોકન ઊંડા તેમને દર્શન થાય છે, અને ટોપ લેવલની કરુણા તેમના હૃદયમાં હોય છે. અરિહંતના હૃદય વિશ્વવાત્સલ્યમય હોય છે. જગતના જીવમાત્ર પ્રત્યે અપાર કરુણા વાત્સલ્ય હોય છે. માને દીકરા પ્રત્યે હોય તેના કરતાં પણ કઈ ઘણું અધિક વાત્સલ્ય, કરુણા હોય છે. માટે આ દુઃખો જોઈને કરુણાની ઉર્મીથી તેમને એવી ભાવના ભાવી કે "सवि जीव करु शासन रसी." પરંતુ બીજુ કોઈ ભાવના કેમ ન ભાવી! તમે જેને પ્રભુ છો તેને ઓળખો છો ખરા? તેમની સાધના પર કદી વિચાર કર્યો છે ખરો? તીર્થંકરોએ શું કામ આવી શક્તિ હોવા છતાં પણ આવી પ્રવૃત્તિ કરી નથી. અંતિમ ભવમાં બધાને બંગલા આપી દાઢે તેમ છે, ચોસઠ ઇન્દ્રો તેમની સેવામા હાજર છે જેથી પૃથ્વી પર એકપણ જીવને દુઃખી રહેવાનુ ન આવે. બધાને શ્રીમંત અને સુખી કરી દાઢે તેમ છે. આ બધુ કરવામા તેમની પૂરેપૂરી શક્તિ હતી છતા પણ તેમને આવી ઓડ પણ પ્રવૃત્તિ કરી નહિ. તો રહસ્ય શું? કરવા યોગ્ય હતુ પણ ન કર્યું એટલે શુ ભૂલ કરી? અને તેને ભૂલ માનો તો આખો સિદ્ધાંત ખોટો થઈ જાય.

સભા:- વર્ષીદાન વખતે તો આવી પ્રવૃત્તિ કરેલી?

સાહેબજી:- આ પ્રશ્નની ચર્ચા ગઈ કાલે ઘણી થઈ ગઈ છે.

તે વખતે જ ભગવાને આવી પ્રવૃત્તિ કરી અને પહેલા કેમ ન કરી, જન્મ્યા ત્યારથી જ આપી દાઢે, તેવી પ્રવૃત્તિ કરી દાઢે તેમ હતા. પરંતુ તે વખતે તેમને ધર્મની પ્રભાવનાના સાધન તરીકે આપ્યુ છે. જગતના દુઃખ દૂર કરવાની ભાવનાથી નથી આપ્યુ. ધર્મના અંગ તરીકે આપ્યુ છે. ભગવાન કોઈ પણ એવી રીતે લે કે કેટલાક

લોકો ધર્મ પામી જાય. આ સંસારમાં સત્તા-વૈભવ કીકી સીકી વધુ જ કચરો બરાબર છે. તપ-ત્યાગ- સંયમનુ મુલ્ય છે. તેજ આદર્શ મેળવવા લાયક છે. આ તત્વનુ આખી દુનિયાને ભાન કરાવવા માંગે છે. આ વધુ ફેંકી દેવા જેવો કચરો છે. માટે આ દાન લોકોને ધર્મ પમાડવા આપે છે. અને એવા માત્રથી ઘણા જીવો બોધીબીજ, સમકીત આદિ પામે છે. દાનનો પ્રભાવ અપૂર્વ બતાવ્યો છે. શાસ્ત્રમાં આનુ વિસ્તારથી વર્ણન છે.

સંસારીજીવોનું દુઃખ દૂર કરવાની અમારી ના નથી, પરંતુ તેના વાસ્તવીક હીતને લક્ષમા રાખીને લૌકીક દયા કરવાની છે. અમે અનુકંપા કરવાની ના નથી પાડતા, પણ શાસ્ત્રમાં જે રીતે બતાવી છે તે બતાવવા માંગીએ છીએ. જેમાં ધર્મનુ અનુસંધાન જોઇએ, જોઇએને જોઇએ.

અત્યારે કરોડો રૂપિયા જૈનો પાસેથી અનુકંપા પાછળ ખર્ચાય છે. ધાર્મિકક્ષેત્રો કરતા સામાજીકક્ષેત્રમાં ઘણુ દાન વધી ગયુ છે. જૈનો પણ માનવા થઇ ગયા છે કે સામાજીક કાર્યો એજ ખરો ધર્મ છે. માનવસેવા જ ખરો ધર્મ છે. મંદિરો તો બીનજરૂરી છે.

સભા:-

સાહેબજી:- આ પ્રશ્ન પૂછનારને બરાબર ભાન હોવુ જોઇએ કે તે આમા શું કહેવા માંગે છે. આમા શુ કહ્યુ છે કે વગર ઉપકારે પણ એનુ હિત કરવામાં જેનું ચિત્ત રતપણુ છે, તેજ તીર્થંકરોને અરિહંત બનાવવામાં મુખ્ય સાધન છે.

"હિતમાં રતપણુ"

કોઇનુ પણ હિત કોમા, કોઇનુ પણ સુખ રતપણુ નથી લક્ષ્યુ. જે આપણી સુખી કરવાથી હિત થતુ હોય તો વાંઢાને પરણાવી દો તો સુખી થઇ જાય. એટલે શું તેનુ કલ્યાણ થઇ જાય ? પરંતુ અમે તો જગતના જીવમાત્રનું હિત ઇચ્છીએ છીએ. તો પછી હિત કોમા ? હિત બોલો

એટલે આત્મા આવે જ, માટે આત્માના હિતને લક્ષમાં રાખવાનું છે.

જગતના જીવમાત્રમા આત્મકલ્યાણને સામે રાખીને દયા-દાનની પ્રવૃત્તિ કરવાની આવે. પરંતુ ભૌતિક દુઃખોને સામે રાખીને જૈન શાસનમા દયા-દાનની પ્રવૃત્તિ નથી બનાવી.

વ્યવહારમાં નિયમ શું છે? જેમ નાનુ બાળક છે તેને સમજણ નથી. તેનુ હિત શેમા છે, અહિત શેમા છે? પણ સમજુ મા-બાપો તેની બધી ઇચ્છા પૂરી ન કરે, જેમ ચાર વર્ષના બાળકને ઝાડા થી, ખાંસી સખત થઇ હોય ત્યારે મા પાસે આઇસ્ક્રીમ માંગે તો મારી મા શું તેને આપી દે? ન આપે તો બાળક રડે માથા પછાડે તો પણ શુ મારી મા આપે ખરી, હા રડ્યા કરે તો વાંધો નહિ. આંખો લાલચોળ થઇ જાય પણ વાંધો નહિ, છતાં પણ મા આપે નહિ. તો શું મા ક્રુર છે, કઠો હૃદયવાળી છે. રડતો જોઇ જે મા પીગળી જાય તેજ મા દયાળુ છે? તો દયાળુ કોણ?

સભા:- ન આપે તે.

સાહેબજી:- પાકુ ને, કારણ શું? જે હિતને સામે રાખીને બાળકનું તાત્કાલીક દુઃખ દૂર કરતી નથી. જે સમજણા જ તેનુ દુઃખ તાત્કાલીક દૂર કરવા આઇસ્ક્રીમ આપી દે તો બાળક ખુશ થઇ જશે, નાચવા માંડશે પણ તે સમજે છે કે લાંબે ગાળે કવાસ ન્યુમોનીયા થશે. અને બન્નેને રડવાનો વારો આવશે.

જગતના જીવોના ભૌતિક દુઃખો દૂર કરવાથી તેમના દુઃખો દૂર થતા નથી. માટેજ તીર્થંકરોએ આ ભાવના ભાવી હતી. જમણમ ખાવાની બાળક મા પાસે ઇચ્છા કરે, એટલે શુ તેની ઇચ્છા છે, એટલે શું આપી દેવું? પરંતુ વિચારવુ પડે. કે હિત શેમા છે. તીર્થંકરો જગતના જીવોનુ સાચુ હિત શેમા છે તે જાણે છે. ભલે બધા ઇચ્છે કે દુનિયાના દુઃખ દૂર થાય અને ગેસ કરીએ. પણ તેમાથી બહાર કાઢવાની તીર્થંકરોએ કામના કરી નથી. પણ શું કામના કરી છે? કે જો શક્તિ આવે તો

"સવી જુવ કરુ શાસન રસી" પરંતુ "સવી જુવ કરુ ભોગ રસી" તેવી ભાવના તેમને આવી નથી.

સભા:- સાહેબ વસ્તુપાલ, તેજપાલે ઘણો પરોપકાર કર્યો છે. તે કઈ રીતે?

સાહેબજી:- તેમને જે પરોપકાર કર્યો છે. તેમાં ભગવાનની આજ્ઞા વિરુદ્ધ એક પણ પ્રવૃત્તિ કરી નથી.

સભા:- તેમને તો મસ્જીદો પણ બંધાવી છે.

સાહેબજી:- હા, ચોક્કસ, કુવા, તળાવ, અન્નદાન, ક્ષેત્રો, ધર્મશાળા, પાંજરાપોળ, મસ્જીદો સેંકડો અને હજારો સંખ્યામાં બંધાવ્યા છે. વૈદિક ધર્મના મંદિરો પણ બંધાવી આપ્યા છે, પણ તે બધુ સમજવુ પડે. વસ્તુપાલ તે કયા લેવલની વ્યક્તિ છે તે વિચારો. જાહેરક્ષેત્રમાં રહેલી વ્યક્તિના સામાજીક કર્તવ્યો જુદા છે અને સામાન્ય વ્યક્તિના કર્તવ્ય જુદા છે. જેમ રાજા-મહારાજા-મંત્રી, નગરશેઠોના સામાજીક કર્તવ્યો જુદા છે, તે કાંઇ સામાન્ય વ્યક્તિને એપ્લાય ન થાય.

અમે કહીએ કે અન્ય ધર્મના સાધુને વંદન-ભક્તિ કરો તો દોષ લાગે. પરંતુ અહિંયા પણ વિવેક છે તે જાણવુ પડશે, જેમકે રાજાને રાજસભામાં કોઇપણ પવિત્ર સંત આવે ત્યારે તેમનો આદર સત્કાર કરવો જોઇએ, હાથ જોડી નમસ્કાર કરવા જોઇએ. કારણકે આખી પ્રજાના નાયક છે. પરંતુ અહિંયા લેબાગુ સંતની વાત નથી. જે તેના ધર્મશાસ્ત્રના પંડિત હોય, તેના શાસ્ત્ર પ્રમાણે આચાર વિચાર પાળતા હોય તેવા સંતનો આદર સત્કાર કરવાનો છે, માટે રાજાને જાહેર નેતૃત્વ તરીકે સપોર્ટ કરવાનો આવે, પણ તમને આ નિયમ લાગુ ન પડે. માટે વસ્તુપાલ, તેજપાલ પણ મંત્રી તરીકે જાહેર વ્યક્તિ છે. તેમનુ તો પુણ્ય વિચારો, તે પોતે મંત્રી હોવા છતાં પણ વધારે સત્તા ભોગવે છે. રાજા વિરધવલના કૃપાપાત્ર છે. તેમની સેવામાં ચૌદસો સેવકો છે. તેમના રસોડે દરરોજ પચાસ હજાર માણસ જમતા હોય છે. આ ઉપરથી કલ્પના કરી લ્યો કે

તે કેવી વ્યક્તિ હશે. અનુપમાદેવીને એવો નિયમ છે કે પાંચસો સાધુ-સાધ્વીને ગોચરી વહોરાવી પછી જ ભોજન કરવું, તેવો અભિગ્રહ છે. તે પણ નિર્દોષ ગોચરી વહોરાવવાની, માટે વિચારજો કે કેટલી રસોઇ થતી હશે કે જેનાથી પાંચસોને નિર્દોષ ગોચરી વહોરાવી શકે, તમારે બે-ચાર પણ દરરોજે આવે તો આવા ભાવ પ્રગટે ખરા?

સભા:- પાંચસોને વહોરાવવામાં કેટલો ટાઇમ જતો હશે?

સાહેબજી:- હા, સવારથી સાંજ સુધી પોતે બેઠા હોય. શું તેઓ એમને એમ કેવળી થઇ ગયા છે, વિચારજો કેવી શ્રાવિકા હશે. કેવુ તેમનું સમર્પણ હશે, જૈનશાસન કેવુ રગેરગમાં વસ્યુ હશે કે દેવગુરુને આટલુ સમર્પણ કરી શકે? ધામ તો તેમને કેટલા દાસ-દાસીઓ છે, છતાં પણ તેઓ જાતે વહોરાવે, તમારે ત્યાં સાધુ મહાત્મા આવે તો રસોઇયાને ઓર્ડર કરો ને. ઘુમ મારીને કહી દો મહારાજ, મહારાજને વહોરાવજો, કેમ બરાબરને?

સભા:- સાહેબ કનકવેલના રસોડે પણ હજારનો લાભ લેવાય છે.

સાહેબજી:- હા, બરાબર છે, ના નથી. પરંતુ આમનુ તો કઇ ગણુ વિશેષ છે. આ કાળમાં સમુળગુ જ નથી તેમ અમારા કહેવુ નથી. પરંતુ આ વધુ વિશેષ ધર્માત્મા છે.

વસ્તુપાલ મંત્રી તરીકે જાહેર વ્યક્તિ છે, માટે જાહેર વ્યક્તિ તરીકે તેમના કર્તવ્ય જુદા છે. વસ્તુપાલ ગુજરાતના મહામંત્રી હતા ત્યારે ગુજરાત પર મુસલમાનનો સતત ભય તોળાતો હતો. પહેલા મોગલોનુ રાજ્ય હતુ. ગુજરાતનો રાજ્યવૈભવ, જહોજલાલી જોઇને આક્રમણ કરીને લુટવાનુ તેમને મન થાય. માટે મંત્રીશ્વર વિચારે છે કે આમાંથી ગુજરાતને બચાવવા શું કરવુ? તેઓ શાસનની રક્ષા કરતા તેટલુ નથી, પણ સામાજીક સંસ્કૃતિનુ, પ્રજાનુ રક્ષણ કરવુ પણ કામો કર્યા છે. માટે જ મોગલોને ખુશ રાખવા આવા પ્રકારે મરજાદો બંધાવી આપી છે, આ

દાખલો લઈને. તમારાથી આવુ કામ થાય ખરુ? અરે, મસ્જુદો બંધાવી ને તો કંઈ જ નથી, પરંતુ તેમને કેવા પ્રકારનુ કષાય કર્યા છે, તેનો દાખલો જોઈએ.

આ વખતે દિલ્હિ સલતનત પાવરફુલ છે. વીરધવલની તાકાત નથી કે તે તેની સામે બાથ ભીડી શકે, જો તેનુ આક્રમણ આવે તો પીંખાઈ જાય. બધી વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જાય. સદાચારી સ્ત્રીઓ પર આફત આવે. મહામંત્રી વસ્તુપાલ તો દીર્ઘદ્રષ્ટીવાળા છે. માટે આ બધુ વિચારી શકે છે. હા, અત્યારે જો આવા બાહોશ અને દીર્ઘદ્રષ્ટીવાળા હોય તો તેમને રાજકારણમાં મોકલાય, હવે વસ્તુપાલે વિચાર કર્યો કે દિલ્હી સલતનત સાથે કઈ રીતે મૈત્રી બાંધવી જેથી ગુજરાત ઉપર આફત ન આવે. કારણકે હિંદુને તેઓ કાફર માનતા હોય છે, માટે આ કામ કઈ રીતે કરવુ તે વિચારે છે. પછી તેઓ ગુપ્તચરો દ્વારા ત્યાંની રજેરજ માહિતિ મેળવે છે. અને તેમા ખબર પડી કે આ બાદશાહને માતા પર અતિશય પ્રેમ છે. માતાની છેલ્લી ઉમર હોવાના કારણે મક્કાજ કરવા નીકળે છે. માટે રાજાએ સંપત્તિ-વૈભવ બેશતા કરવા આપી છે અને તેમને ખબર પડી કે ખંભાતના બંદર નજીકથી નીકળશે, હવે મંત્રીશ્વર તેની સદબુધ્ધિનો કેવો ઉપયોગ કરે છે.

તેમના જ ખાસ વફાદાર સેવકોને બોલાવી, કાનમાં સલાહ આપી, કે જ્યારે તેમના માતુશ્રી આ બાજુથી નીકળે ત્યારે છાપો મારી તેમને લૂંટી લેવા. વફાદાર સેવકો તો મંત્રી કહે તેમજ કરે. માટે તેમના કહ્યા પ્રમાણે તેમને લૂંટી લીધા અને એવી હાલત કરી કે જેનાથી તેઓ આગળ જઈ ન શકે. માટે તેમને ખંભાત બંદરે ઊતરવુ પડ્યું. હવે તેઓએ તપાસ કરી કે વીરધવલનું રાજ્ય છે, પણ તે ઘોળકા રહે છે, અહિંયા તો તેમના મંત્રી વસ્તુપાલ છે. માટે ન્યાય માટે

વસ્તુપાલ પાસે ગયા. તેમને કહે છે કે તારા રાજ્યમાં કેવી અનીતિ-ગુંડાગીરી ચાલે છે. વસ્તુપાલ કહે છે કે મારા રાજ્યમાં અનિતિ હોઈ શકે ખરી? ત્યારે કહે છે કે તારા જ પ્રજાના માણસોએ મને લૂંટી લીધી છે. વસ્તુપાલ નરત જ હાથ જોડીને કહે છે કે તમારી સંપત્તિ અને ગુનેગારને હાજર કરું છું, પણ આપ અહિંયા રહો. તેવી મારી નમ્ર વિનંતિ છે. મને તમારા ધર્મના દીકરા તરીકે માનીને આપ અહિંયા રહો. વસ્તુપાલે સગા દીકરા કરતાં પણ તેમની અધિક સરભરા કરી, લૂંટેલો બધો જ માલ સુપરત કરે છે, પોતે જેવા પગલા લે છે કે પોતે ત્યાગી લાગે, સદાચારી લાગે.

આ તેમને લુચ્ચાઈ કરી, પરંતુ તે પ્રશસ્ત પાય છે. દેશના, પ્રજાના ધર્મના હિત માટે આ લુચ્ચાઈ કરી છે.

માને દર્શન કરવા જવું છે, તેમને દરીયો તકલીફ ન આવે માટે કહે છે કે હું તમારી સાથે આવું. માને એવી ખુશી કરી કે મા કહે છે કે તારે બેટા, રાજકારણના ઘણા કામ હોય, માટે તેને આવવાની ના પાડે છે. આનાકાની કરતા છેલ્લે પોતાનું લશ્કર સાથે મોકલે છે. અને કહે છે કે પાછા ફરતા મારા આંગણે ચોકસ રોકાવવાનું છે.

દર્શન કરીને પાછા આવ્યા ત્યારે થોડો વખત રોકાઈને દીલ્હી જવાની રજા માગે છે. વસ્તુપાલ રોકાઈ જવા માટે ખુબજ આગ્રહ કરે છે. આમ આનાકાની કરીને કહે છે કે મારે જવું જ પડશે. અને કહે છે કે બેટા તારે સાથે આવવું જ પડશે. મંત્રીશ્વર ના પાડે છે, પણ આગ્રહના કારણે છેલ્લે કહે છે કે હું દીલ્હીની સરહદ સુધી આવું પણ અંદર ન આવું. કારણકે અમે કાફર ગણાઈએ. બાદશાહનો વિશ્વાસ શું કામનો મરી જઈએ માટે અંદર હું નહિ આવું.

મા કહે છે કે પહેલા મારો જન આપી દઈશ પણ તને કંઈ નહિ થાય, મારો દીકરો તને સામે લેવા આવશે. વસ્તુપાલ વહાર

રહ્યા છે. રાજાને ખબર પડી કે મા આવ્યા છે ત્યારે સામે જઈને પૂછે છે કે કેમ મા, બરાબર જત્રા કરી આવ્યાને, ત્યારે કહે છે કે શું કપાળ, આ વસ્તુપાળ દીકરો મળ્યો એટલે હેમખેમ પાછી આવી છું. તું તો મારા પેટનો દીકરો છે પણ એણે મારા માટે શું શું કર્યું છે, તે સાંભળીશ તો નવાઈ પામીશ. બાદશાહ આ વાત સાંભળીને આફરીન થઈ ગયા છે. બાદશાહ કહે છે કે દીકરો માન્યો તો સાથે કેમ ન લાવ્યા? એટલે કહે છે આવ્યો છે પણ બધના કારણે બહાર ઉભો છે.

બાદશાહ સામે જઈને માનભેર લઈ આવે છે, પછી કહે છે કે મારી મા માટે આટલું કર્યું છે, તે માટે હું તમારા પર આફરીન છું. તમે મારી પાસે બે કામ માંગો, જે હું તમને સુપ્રત કરી આપીશ. વસ્તુપાળ ના પાડે છે. પણ બાદશાહ બહુ જ આગ્રહ કરે છે. માટે કહે છે કે એક તો ગુજરાતના રાજાની દીલ્હીના બાદશાહ સાથે કાયમી મૈત્રીનો કરાર થાય અને બીજુ કામ તમારા કબજામા આરસની ખાણ છે તેમાથી સારામાં સારા આરસના પથ્થરો જોઈને મને જીનમુર્તિ માટે કાઢી આપો. વિચારજો માથા કેવી કરી, શા માટે કરી. સ્વાર્થ માટે કરી કે હીત માટે કરી. આ માણસે મસ્જદ બંધાવી હજારો મંદિરોને સુરક્ષીત કર્યા. આ જાહેર વ્યક્તિ છે, તેમણે કરેલા કામોનો ખોટો સંદર્ભ ન પકડો નહિ તો ગોટાળો કરશો.

તમે દયાના, પરોપકારના કામ કરો, પણ કઈ રીતે કરવાના, તે બરાબર રીતે સમજવાનું છે.

① જૈનશાસનની, ધર્મની પ્રભાવના માટે આ કામો કરવાના છે.
② કા જૈનશાસનની અપભ્રાંજના અટકાવવા માટે આ પ્રવૃત્તિ કરવાની છે.
③ વ્યક્તિગત માટે પોતાની કીમાતા અટકાવવા માટે આ કામો કરવાના છે.

પરંતુ સામાના દુઃખ દુર કરવા આ કામ કરવાના નથી.

સભા:- ભૂખ્યો આવે તો શું અમારે નહિ આપવાનુ ?

સાહેબજી:- અમે કોઈ બોલ્યા પણ નથી કે નહિ આપવાનુ. દા-ત. કુંઅહિંયા બેઠો હોઉ, કુતરો મરતો હોય કે માણસ મરતો હોય તો મારી જવાબદારી શું આવે? તેને બચાવવાની જવાબદાર આવે. પરંતુ અમે વિચારીએ કે તેના કર્મથી મરે છે. તો એવો વિચાર મારાથી કરાય ખરો? પરંતુ મારી શક્તિ હોય તો બચાવવાનો વિચાર કરવો જોઈએ. કુંસાવધ પ્રયત્ન કરુ તો પાપ લાગે, કારણ અમારા આચાર પ્રમાણે પ્રયત્ન કરવાનો આવે. પુરા છતી શક્તિએ મરતુ હોય તો અને દયા ન કરીએ તો પાપ લાગે. તો પછી શ્રાવકને કેમ જવાબદારી ન આવે. હા, મારી સામે મરતુ હોય તો તેને બચાવવાની જવાબદારી ખરી, પણ ઝુઝો ઝુઝો જે બધા મરતા હોય તેને ન બચાવું અને તે મરે તો શું મને પાપ લાગે? અને જો એ બધાને બચાવવાની જવાબદારી આવે તો પછી મારે આખો દહાડો શુ કરવાનુ, જ્યાં ખબર પડે ત્યાં દોડવાનું જ!

સભા:- કોઈ મારે નહિ તેવો ઉપદેશ આપી દાકો ને,

સાહેબજી:- એને માટે જ જગતના જીવ માટે અમે અહિંસાનો ઉપદેશ આપીએ છીએ, સમજાવીએ છીએ, પણ આ તો દયાની પ્રવૃત્તિની વાત છે.

હવે તમારી જવાબદારી ક્યાં સુધી આવે છે, તમારી સામે ભૂખ્યો, તરસ્યો આવે ત્યારે, છતી શક્તિએ તેને ન આપો તો પાપ લાગે. જરુરત પડે ત્યારે ક્રોદ પર હાથ ફેરવતા બેઠા હોવ, અને એક ટુકડો પણ ન આપો તો તમારા હૃદયના ભાવ કઠોર થઈ જશે. શ્રાવકના ઓળખોથી કોઈ ખાલી હાથે પાછો જાય નહિ. મારે જ તેને અભંગદ્વાર કહ્યા છે. આ દેકારો અનુકંપા નહિ કરો તો કઠોર બની જવાશે, ધર્મ કરવાને નેવલાયક બની જશો. ધર્મ કરવા આવનાર વ્યક્તિનું હૃદય કોમળ જોઈએ. કોમળ હૃદયમાં ધર્મનો વાસ થાય છે. તમારી સામે આવી વ્યક્તિઓ આવે ત્યારે તમારા આત્માની દયા ખાતર, દયા કરવાની છે, જો તમે

છની શક્તિએ નહિ કરો તો ઈર્ષ્યા અને કઠોર થઈ જશો. પરંતુ સામે આવે તેજ, નહિ કે સામે ચાલીને જવાની વાત છે. સામે ચાલીને ક્યારે પણ આવી પ્રવૃત્તિ કરવાની વાત નથી.

સામે ચાલીને તો ત્યારે કરવાની છે, કે જ્યારે શાસન પ્રભાવનાનું કાજ આવે, કે પછી શાસનની અપભ્રાજનાનું કામ આવે ત્યારે કરવાનું છે.

ધર્મના અંગ તરીકે, અને ધર્મના અવસરે, ધર્મની લીંક જોડીને કરવાનું છે. અને તમે તેમ નહિ કરો તો ધર્મ નિંદાશે અને સાથે તમારી કક્ષા પણ ઘટશે. મારે તેઓ દુઃખી જુએ છે, ભૂખ્યા, તરસ્યા, માંદા છે, તે જોઈને તેના બાલી ભૌતિક દુઃખો દૂર કરશો તો તે દુઃખો દૂર થવાથી, પાછા સંસારમાં રચીમાચીને વધારે પાપો કરશે. એટલુ તેના આત્માનુ અહીત થશે. માટે તેવી પ્રવૃત્તિ બરાબર નથી. કારણકે એમા તમારુ કે તેના આત્માનુ અહીત થશે, પરંતુ તેનાથી પણ પાપનુ પોષણ થશે. આ તમારા શુભભાવ હોવાથી, પુણ્ય બંધાશે પણ તે હલકી કક્ષાનુ બંધાશે. અને પાછુ પાપાનુબંધી પુણ્ય હશે. નિસ્વાર્થ ભાવે શુભભાવ કરો તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય. પણ પાપ પોષક શુભભાવ હોય તો પાપાનુબંધી પુણ્ય બંધાય, જેમા પાપ વધારે બંધાય અને પુણ્ય ઓછુ બંધાય.

સભાઃ- પણ સાહેબ અમે એવી શેરી ઉપર રહેતા હોઈએ છીએ કે સામેથી કોઈ આવા ભૂખ્યા-તરસ્યા આવે નહિ. અને આવે તો પણ ગુરખો ઉપર ન આવવા દે. તો અમારે શું કરવું?

સાહેબજીઃ- આ ગૃહ વ્યવસ્થા તમારા માટે એક લાંછન રૂપ છે. તમારા ઘરે તો સાધુ-સંતો પણ ન આવી શકે. હવે અમને પણ ગુરખાઓ રોકતા હોય છે. જીવન વ્યવસ્થા આર્યમાંથી અનાર્ય થઈ ગઈ છે.

તમારા આંગણેથી રસ્તે જતા સામે જે હીનદુઃખી મળે તેની યથાશક્તિ દયા, સહાય કરવાની ફરજ આવે. દાદાને એવુ થયુ છે કે મહારાજસાહેબ અનુકંપા કરવાની ના પાડે છે, પણ તેવુ નથી, પણ કઈ

રીતે કરવી તે સમજવું જોઈએ.

જેમકે શ્રાવક દેરાસર જાય ત્યારે, ઘરેથી નીકળે ત્યારે દાન આપતો આપતો જાય. પહેલાના વખતમાં રાજાઓ, રાણીયાઓ, રથોમાં અને પાલખીમાં દેરાસર જતા, ત્યારે બધાને આવી રીતે દાન આપતા જતા હતા, તે વખતે લેનાર પણ વિચારે કે આ લોકો ધર્મ કરવા જતા હોય ત્યારે આપણને આપીને આપણી માવજત કરે છે. માટે એ લોકોને આપણા ધર્મ માટે, ધર્મી માટે સદ્‌ભાવ થાય છે.

વસ્તુપાળ માટે આવે છે કે આબુના દેલવાડાના દેરાસરો બંધાવ્યા ત્યારે અઢાર કરોડ સુવર્ણમુદ્રા ખર્ચી છે, અંત્યારના તેની કિંમત અબજોના અબજો થાય. જે દિવસે પ્રતિષ્ઠા કરી તે દિવસે ચાયકોને બાવીસ લાખ સુવર્ણમુદ્રા આપી છે. વિચારજો એક સોનૈયાની કિંમત કેટલી? તેનાથી બાર મહિના સુધી માણસ માલપાણી ખાય તો પણ પૈસા વધે એટલી થાય. માટે વિચારજો તેમનો અનુકંપા કઈ રીતે કરી, માટે આપણા શાસ્ત્રમા અનુકંપા કરવાની ના નથી.

સભા:- સાહેબ સાધર્મીકો સામેથી આવતા નથી.

સાહેબજી:- અનુકંપા જાહેરાંકરવાની છે. સાધર્મીક ભક્તિ ગુપ્તમા કરવાની છે. આ બેઉ ભક્તિ છે, માટે ભક્તિ માટે વ્યવહાર જુદો હોય, ભાવ પણ જુદો હોય. અનુકંપામાં ભક્તિની વાત નથી. સાધર્મિકને તમારી પાસે સામે ચાલીને આવવુ પડે તે તમારા માટે કલંક છે. અત્યારે સ્થિતિ ઘણી કફોડી છે, તમે પહોંચી, વ્યવસ્થા ખોટી કરી છે ભગવાનના શાસનને પામેલો જૈન, આર્થિક દૃષ્ટીએ ગરીબ હોય, પરંતુ હીન તો ન જ હોય. હીન કોણ હોય જે માંગતા હોય તે. માટે સાધર્મિકને તમે માંગણ બનાવ્યા તે તમારી ખામી છે. અત્યારે પણ હજુ સંઘ બદલે તો બધુ વ્યવસ્થિત તેના કરતાં પણ વધારે ચડીયાતી ભક્તિ થઈ શકે. અનુકંપા પણ બદલવાની જરૂર છે, તેમ આમા પણ

તમારી રીત બદલવી જરૂરી છે.

સભા:- લાડુની ઉછવી એ ભક્તિનો પ્રકાર છે?

સાહેબજી:- હા, લાડુની ઉછવી એ ભક્તિનો પ્રકાર છે. ભક્તિના અનેક પ્રકાર છે. જાહેરમાં વ્યક્તિ આવે તેની ભક્તિનો પણ પ્રકાર જુદો હોય છે.

પણ અત્યારે અનુકંપા માટે મનાય છે કે તે એક મહાન ધર્મ છે. દેવગુરુની ભક્તિ કરતા પણ આ ધર્મ ચડી જાય છે. મારે કહેવું છે કે આવું માનનારા એક નંબરના બેવકુફ છે. દેવગુરુની ભક્તિ અને અનુકંપા વચ્ચે કોઈ તુલના નથી. એક સાધુની ભક્તિ કરો અને તેની સામે લાખ શ્રાવકની ભક્તિ કરો તો પણ તે ભક્તિની તોલે ન આવે. તેમ દેવની ભક્તિ કરો અને તેની સામે લાખ સાધુની ભક્તિ કરો તો તોલે ન આવે. તો પછી દેવગુરુની ભક્તિ કરો અને તેની સામે ગમે તેટલી અનુકંપા કરો તો પણ ક્યાંથી તોલે આવે, માટે આવું સમજનારા અને બોલનારા મહા બેવકુફ છે.

વસ્તુપાળે અનુકંપામાં વધારે ખર્ચેલા કે દેવગુરુમા વધારે ખર્ચેલા? દેલવાડાના દેરાસર બનાવવામાં અઢાર કરોડ સુવર્ણમુદ્રા ખર્ચી હતી અને જે દિવસે યાચકોને દાન આપ્યુ ત્યારે બાવીસ લાખ સુવર્ણમુદ્રા આપી હતી. પરંતુ અત્યારે અનુકંપાને મહાન ધર્મ મનાય છે.

કોઈને તમે ભૌતિક દૃષ્ટિએ દુઃખી જુઓ છો ત્યારે તમારી કોમળતા ના કારણે અરેરાટીનો ભાવ જાગે છે, તમને તેના દેહનુ દુઃખ દેખાય છે, પણ તેના આત્માનુ દુઃખ દેખાતુ નથી.

તીર્થંકર ભગવંતોએ ત્રણ લોકના દુઃખ જોયા તેમા તેમણે આત્માનુ દુઃખ જોયુ કે દેહનુ દુઃખ જોયુ? તમને શરીરના દુઃખ દૂર કરવાનો પણ જો તે પાપમાં સબડતો હશે તો શરીરના દુઃખ પણ દૂર નહી થઈ શકે. શ્રાવક માટે કહ્યુ કે સાચો મૈત્રીભાવ શ્રાવક કઈ રીતે કરે.

જગતમા કોઈ જીવ પાપ ન કરે, તેજ સાચો મૈત્રીભાવ છે. જીવ

પાપ ન કરે તો દુઃખ ન આવે. તમને વિરોધ પાપ સાથે છે કે પાપના ફળ સાથે છે. તમને પુણ્યનુ ફળ ગમે છે, પણ પુણ્ય હોનાથી માણે તે ગમતુ નથી. માટે તમારા બધાની મુશ્કેલી ક્યા છે? તે વિશે વિચારજો. જીવ સંસારરસીક, પાપરસીક છે. પરંતુ જો પાપનો રસ્તો તૂટી જાય, શાસનનો રસ અને ધર્મનો રસ ભરાઇ જાય એટલે આપ મેળે તૂટી જાય. માટે નૌતિક દુઃખ દૂર કરવા પણ આત્માના હીતની ચિંતા જોઇએ. જેમ લાખોની દયા કરો એના કરતા એક જીવને માર્ગે ચઢાવી દો તો ફળ વધુ છે. માર્ગ પર ચડી જાય એટલે તેનુ ફળ સમકીત આવે, પછી ભલે તેમા ગમે તેટલી હિંસા થાય.

સભા:- અનુકંપા કરતા પાછળ જોવાનુ કે તે પૈસાથી શુ કરે છે?

સાહેબજી:- વસ્તુપાળે યાચકોને બાવીસ લાખ મુદ્રા આપી તે શુ પાછળ જોવા ગયેલા, જો જાય તો હાલત તેમની ખરાબ થઇ જાય, પણ અનુકંપા કરતા પાછળ જોવાનુ નથી રહેતુ. પણ અનુકંપા કરતા ધર્મની પ્રભાવના થાય તે રીતે કરવાની છે.

સભા:- હોસ્પીટલોમાં અનુકંપા થાય છે, તે કયુ સ્થાન ગણાશે?

સાહેબજી:- તે સામાજીક સ્થાન છે, ધર્મ સ્થાન નથી. સામાજીક સ્થાનોમાં શું કરાય અને કઇ રીતે કરાય તેનો વિવેક જુદો છે. ધર્મને વિખુટો પાડીને અનુકંપા કરો તો શાસ્ત્રને મંજુર નથી. નૌતિક દયા પણ એવી મંજુર છે કે તે જગતમા ધર્મપ્રભાવનાના સાધન તરીકે બને.

સભા:- સાહેબજી, હોસ્પીટલોમ કહેવાય છે કે જૈનો જ આવુ કામ કરે છે

સાહેબજી:- તમે જૈનધર્મના નામે તમારી ઓળખાણ આપો ત્યારે યશ કોને જાય. તમે કહેશો કે અમે બધા ભેગા મળીને આ કામ કરીએ છીએ. અમારુ મોટુ સર્કલ છે. જુદાજુદા ઠેકાણે અમે બધા ભેગા મળીને આ કામ કરીએ છીએ પરંતુ આમ કહેવાથી તમને પોતાને યશ મળે છે. પરંતુ તમારે એમ કહેવુ જોઇએ કે અમારા ધર્મમા લખ્યુ છે કે અમારો ધર્મ જીવમાત્રને સુખશાંતિ કરાવવાનો સંદેશ આપે છે, માટે અમે કરીએ

લીએ. આમ કહેવાથી યજ્ઞ ધર્મને, ધર્મના શાસ્ત્રોને અને ધર્મને આપનારને જાય છે. આ રીતે જ્યારે પણ ધર્મનો અવસર આવે ત્યારે કરવાનુ છે.

જેમ ભગવાને પણ ક્યારે વર્ષીદાન કર્યું? તેઓ દીક્ષાના અવસરે નીકળ્યા ત્યારે વર્ષીદાન કર્યું છે. અમારે આ બધી પ્રવૃત્તિ બંધ કરાવવી નથી, પણ તેમા વિવેક બદલવો પડશે. જેમ ઉવીર લખે છે કે " દયા ધર્મ કા મૂલ " છે. પણ જૈનશાસનની દયાને માનતો નથી. જેમ કહેવાય છે કે દુઃખીયાના દુઃખ દૂર કરવા તે દયા. માટે અન્યધર્મમાં કન્યાદાન, સંતાન પ્રાપ્તિના આશીર્વાદ આપે છે. ક્રીસ્તીધર્મમાં લગ્ન પાદરી કરાવે અને તે પણ ધર્મસ્થાનોમા આશીર્વાદ પણ આપે. આપણા દેરાસરો કે ઉપાશ્રયોમાં શું લગ્ન થાય? તમે શ્રાવક થઈને બીન જરૂરી લગ્નમાં હાજરી આપો તો તમારા વ્રતોમાં અતિચાર લાગે. માટે બધે વિવેક આવશે. બસ જૈન બનવુ હોય તેમણે જૈન શાસનને સમજવુ પડે.

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૬-૮-૯૫
સોમવાર
શ્રાવણ સુદ ૧૧

॥ચોત્રવિંશીકા॥

॥પ્રણિધાન॥

ગોવાલિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને સમ્યગ્‌વિવેક પ્રાપ્ત થાય એટલા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ ધર્મનો પ્રારંભ વિવેકથી થાય છે. જે વ્યક્તિ વિવેકને ધારણ કરે એટલે કે મિથ્યાત્વમાંથી નીકળી સમકીત તરફ ગતિ કરે છે. અને પૂર્ણ રીતે વિવેકને ધારણ કરે એટલે સમકીતને પ્રાપ્ત કરે છે.

વિવેકનો અર્થ શું ? પોતાના આત્માના ગુણ અને દોષોનો વિવેક કરવાનો છે. તેમ બીજાઓના પણ ગુણ અને દોષોનો વિવેક કરવાનો આવે છે.

ગુણીયલ પ્રત્યે કેવો વ્યવહાર કરવાનો
હીનગુણી પ્રત્યે કેવો વ્યવહાર કરવાનો
તદ્દન નિર્ગુણી પ્રત્યે કેવો વ્યવહાર કરવાનો

આ બધામા વિવેક કરવાની આવશે.

પોતાના ગુણદોષને સમજને પોતાની ભૂમિકા નક્કી કરવાની છે, તેમ બીજાના ગુણદોષથી ભૂમિકા નક્કી કરી, વ્યવહાર કરવાનો આવશે.

નિશ્ચયનયની અપેક્ષાએ જીવથી આત્મા સિદ્ધસ્વરૂપ છે. આત્મા સો પરમાત્મા. સિદ્ધ પરમાત્માનુ જેવુ સ્વરૂપ છે, તેવુ મારા, તમારા, કીડીના અભવિના આત્માનુ સિદ્ધ સ્વરૂપ છે, માટે નિશ્ચયનયથી વિચારીએ જીવમાત્ર પરમાત્મા છે. બધા પરમાત્મા સ્વરૂપ છે. એમ માનીને ભક્તિ બતાવી નથી. અને તેનો પુરાવો નવકાર મહામંત્ર છે. ચૌદપૂર્વનો સાર એવો પંચ મહામંત્ર છે. તેમા તમે પંચપરમેષ્ઠિને નમસ્કાર કરો છો. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ તેને ક્રમસર લીધા છે. પરંતુ નમસ્કાર માટે ત્યાં સુધી મર્યાદા પૂરી કરી. આગળ કાંઇ "નમો લોએ સવ્વ સિવાયમ" ન લખ્યુ, કારણ શું ? આમ તો જીવમાત્ર પરમાત્મા છે. છતા પણ પગે લાગવાનુ ન લખ્યુ. જે જીવ અધર્મી છે, નિર્ગુણી છે, તેના તરફ પ્રેમભાવ, ભક્તિ કરે તો તે મિથ્યાત્વ છે.

નિશ્ચયનયથી કોઇની પૂજા નથી, કોઇ પૂજ્ય નથી. બધા જ પરમાત્મા સ્વરૂપ છે. તો કોણ કોને પગે લાગે. તમે દેરાસર જાવ એમા કોઇને મન થાયને મોટા ભગવાનના પગમા નાના ભગવાન નમાવે તો આશાતના કહેવાયને?

નિશ્ચયનયની દ્રષ્ટીથી જુવમાત્ર શીવ છે. તો પછી પગે ક્યાં લાગવાનુ આવે? નમસ્કાર કરવો તે જ વ્યવહાર છે. આપણો નવકાર પણ વ્યવહારનયથી સ્થાપિત છે, નિશ્ચયનયથી નથી. તે તો કહે છે કે પંચ પરમેષ્ઠિ તમારામાં જ છે. વ્યવહાર કહે છે કે અપૂજ્ય પ્રત્યે પૂજ્યભાવ પ્રગટે તો દોષ લાગે. તેમ નિશ્ચયનય પણ કહે છે કે અપૂજ્યને ન પૂજય. શાસ્ત્રમાં પૂજ, ભક્તિ પૂજનીયની બતાવી છે. પૂજ્યની વ્યાખ્યા શું છે? ગુણમા શ્રેષ્ઠ હોય તે પૂજ્ય. તમારાથી વધારે ઉંચી ભૂમિકા, ઉંચા ગુણો હોય તેની પૂજા, તમારાથી નીચા ગુણો હોય તે પૂજ્ય નથી. અપૂજ્યની પૂજા કરવી તે મિથ્યાત્વ છે. મારે ગમે તે વ્યક્તિ સાથે ભક્તિ બહુમાનનો વ્યવહાર નથી. વૈદિક ધર્મમા વાયુદેવતાને માને, અગ્નિદેવતા માને, પાણીદેવતા માને, સુર્ય, ઝાડ વગેરેને પગે લાગે, અને તેમના સંતો પણ પગે લાગે છે. ત્યાં અમે કહીએ છીએ કે આ બરાબર નથી. જેમકે શ્રાવણ મહિનામા પૂજા કોની કરે, ઝાડની, પાણીની, નાગની અને વડલાની જ પૂજા કરે ને? આનુ તાત્પર્ય શું? ઝાડમા કે પાણીમા એવુ શું છે કે તે ભક્તિપાત્ર બને. એતો એક ચોર્યાશીલાખ જુવાયોનીમાં રખડતો પામર એકેન્દ્રિય જુવ છે, જે કર્મના ફંદામા ફસાયેલો છે, તે બીજાઓનું શું ભલુ કરી શકશે?

બસે તે જીણથી સિદ્ધ છે, પણ એટલા માત્રથી પગે લગાય? તીર્થંકરનો આત્મા હલકી અવસ્થામાં હોય તો પણ તેની ભક્તિ કરાતી નથી. ખબર હોય કે આ જુવ તીર્થંકરનો છે, છતાં પણ તેની ભક્તિ કરાતી નથી, કારણ હીનગુણની અવસ્થા હોય તો તેની પણ ઉપાસના થતી નથી. આરાધ્ય તત્વ, ઉપાસક તત્વની શુધ્ધતા આપણા શાસનમાં ખૂબ ભાળવી છે, તેવું

બીજે ક્યાંય નથી, પરંતુ જૈનોમા અત્યારે ઉપાસક તત્વની ઓળખાણ નથી.

તમે દેરાસર બંધાવો છો તેમા ભગવાનની મુર્તિમા ખૂબ ઝુલ્લત રાખી છે, શાસનમાં કોઈ પણ મુર્તિ અરિહંત સ્વરુપ સ્થાપીત કરતા નથી, સિદ્ધ સ્વરુપ સ્થાપીત કરીએ છીએ. ચોવીસે તીર્થંકરોની મુર્તિ હજારે જિનમંદિરમાં છે. પણ બધી સિદ્ધ અવસ્થાની છે.

સભા:- અષ્ટ પ્રાતિહાર્ય હોય છે

સાહેબજી:- તે તો ભાવના માટે બાજુમા મૂક્યા છે. અરિહંત કોને કહેવાય? જેઓ ધર્મ શાસનની સ્થાપના કરે છે. બાર પર્ષદા સામે સમવસરણમાં બેસીને ભવી જીવોને લાયકાત પ્રમાણે અમોઘ દેશના આપે છે. તે વખતે તેમની મુદ્રા શું હોય ? તેઓ જ્ઞાન મુદ્રામા દેશના આપે છે. અર્ધ પદ્માસનમાં બેઠેલા હોય છે, જ્ઞાન મુદ્રામાં હોય છે. ચતુર્મુખ થઈને દેશના આપતા હોય છે. તે વખતની મુદ્રાવાળી મુર્તિ કોઈ દેરાસરમાં જોઈ છે? કેમ નહિ?

સભા:- સિદ્ધ થયા નથી.

સાહેબજી:- એવુ નથી. અરિહંત સિદ્ધ નથી થવા. પણ મુર્તિ સ્થાપીત કરી શકાય છે. જેમ કે પદ્મનાભપ્રભુની મુર્તિ છે. શ્રેણીકના આત્મા તે જ પદ્મનાભ તીર્થંકર થવાના છે. હજુ તેઓ સિદ્ધ થયા નથી. છતાં મુર્તિ સ્થાપીત કરી ઉપાસના, ભક્તિ થાય છે. આપણે " નમોત્થુણમાં બોલીએ છીએ કે જે અઈયા સિદ્ધા જે ભવિસંતિ ..... " એનો અર્થ શુ. જેઓ ભૂતકાળમા તીર્થંકર થયા છે, જે ભવિષ્યમા થવાના છે, જે વર્તમાનમા વિચરી રહ્યા છે. એ ત્રણેને નમસ્કાર કરુ છુ. ભાવિ તીર્થંકરની મુર્તિની પૂજા-ઉપાસના કરીએ છીએ, માટે મોક્ષે ગયા પહેલા પૂજા થાય. "નમો અરિહંતાણં" મા પણ કોઈ વ્યક્તિગત વાત નથી. તેમા ત્રણેકાળના અરિહંતને નમસ્કાર છે તેમ ત્રણે કાળના સિદ્ધોને નમસ્કાર છે.

અરિહંત ભગવંતો ઝાડપાનમા, ફુલડા, બિલાડામાં પણ હોય. માટે ચોર્યાશી લાખ જીવાયોનીમાં ગમે ત્યાં રખડતા હોવાના કારણે તે સ્વરુપે

પૂજનીય નથી.

શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા મહાપ્રભાવશાળી તરીકે પૂજાય છે. આ પ્રતિમાજી ભરાવી કોણે, અષાઢી શ્રાવકે. ગઈ ચોવીશીમા દામોદર શ્રાવકે તીર્થંકરને પૂછ્યું કે મારું કલ્યાણ કોનાથી થશે? પ્રભુએ કહ્યું કે આવતી ચોવીસીમાં ત્રેવીસમા તીર્થંકર તરીકે પ્રભુ પાર્શ્વનાથ થશે. તેમના ગણધર થઈને મોક્ષે જશો. માટે મારા ખૂબ ઉપકારી છે. એથી પ્રભુ પાસે વર્ણન સાંભળી, વિધિપૂર્વક ભાવથી તેમની પ્રતિમા બનાવી અને જીંદગી સુધી ત્રીકાળ પૂજા કરી. અને મર્યા પછી પણ દેવલોકમાં સાથે લઈ ગયા અને ત્યાં પણ પૂજા કરી. અસંખ્ય દેવો દ્વારા આ મૂર્તિ પૂજાઈ છે. ત્રણે લોકમાં પૂજાઈ છે. આવી પ્રતિમા ભારતભરમાં કોઈ જૈનસંઘ પાસે નથી. હવે આ પ્રતિમા સ્થાપીત થઈ ક્યારે? પાર્શ્વનાથપ્રભુનો જીવ ક્યાં હોય? તીર્થંકર થવામાં દશ કોટાકોટી સાગરોપમનો કાળ બાકી છે. કેટલું અંતર છે. એક હજાર સાગરોપમથી વધારે જીવ, પંચેન્દ્રિય પણામાં ન રહી શકે. બે હજાર સાગરોપમથી વધારે ત્રસપણામાં ન રહી શકે. માટે બીજા સાગરોપમનો કાળ, ઝાડપાન, પાણી એકેન્દ્રિયમાં તેમનો જીવ ભટકતો હશે. છતાં તે વખતે તેમની મૂર્તિ બનાવી પૂજા કરતા હોય છે. ત્યારે હજુ આત્મકલ્યાણની દૃષ્ટિએ ચડ્યા નથી, સમકીત પણ પામ્યા નથી. હજુ વિકાસ જ થયો નથી. ત્યારે પણ તેમની પ્રતિમા ત્રણલોકમા પૂજાય છે. પણ વિચારજો કયા સ્વરુપે?

સિદ્ધ સ્વરુપે પૂજાય છે, પણ તે વખતે જે સ્વરુપમા રખડતા હોય, તે સ્વરુપની પૂજા નથી. આમ આત્મા તો તેજ છે, પણ આરાધ્ય તરીકે, જે પૂજ્ય અવસ્થા હોય, તેને સામે રાખીને પૂજા થાય. આ તો તીર્થંકરનો આત્મા છે, છતા પણ તે અપૂજ્ય છે. કારણ અપૂજ્ય અવસ્થા છે. માટે ભક્તિ, ઉપાસના ન થાય. માટે આપણા શાસનમા પૂર્ણ અવસ્થાની જ મુર્તિ ભરાય છે.

અરિહંતો પણ અપૂર્ણ છે, માટે તે અવસ્થાની મુર્તિ ભરાતી નથી.

અન્ય ધર્મોમા ઇશ્વર તત્વ છે, બધા અધુરા છે. જે સ્વયં ખામીવાળા હોય તે ઇશ્વર તત્વ માટે લાયક થાય ખરા? ગુણી હોય પણ ભગવાન તો ન જ કહેવાય. પૂર્ણ હોય તેને જ ભગવાન કહેવાય. માટે અરિહંતની અરિહંત સ્વરુપે મુર્તિ નથી બનાવતા પણ સિદ્ધ સ્વરુપે બનાવી છે. અપૂર્ણને પરમાત્મા તરીકે મનાતા નથી, પૂજાતા નથી. જેનામા થોડી પણ અધુરાશ છે, તે સ્વરુપે પૂજનીય નથી.

તીર્થંકર ભગવાન તો જ્ઞાન મુદ્રામા ઉપદેશ આપે છે. ઉપદેશ કોણ આપે? તે હજુ કૃતકૃત થયા નથી. તેમને પણ હજુ કર્મ ખપાવાના બાકી છે. કલ્યાણની પ્રવૃત્તિ પણ કેમ કરવી પડે છે? હજુ તેમને કર્મ ખપાવાના બાકી છે, માટે જો મુદ્રામા પ્રભુ તરીકે પ્રતિષ્ઠિત કરો તો દોષ લાગે.

સભા:- મુદ્રા સાથે સંબંધ હોય?

સાહેબજી:- ગુરુમુર્તિ પણ, ગુરુ મુદ્રામા હોય તો ગુરુ જ કહેવાય. અને સિદ્ધ અવસ્થામા મુર્તિ હોય તો તેમની સિદ્ધ અવસ્થા થઇ કહેવાય. કારણ મુદ્રા બદલાઇ ગઇ. માટે બેનો સંબંધ છે.

જેમ શંકરના હાથમાં ડમરુ છે, નાચી રહ્યા છે, સાપ છે, હાથમા માણા છે. આવી ભગવાનની મુર્તિ હોય? પરમાત્માનુ આવુ સ્વરુપ હોય? નાચે તેને ભગવાન કહેવાય? નાચવાની પ્રવૃત્તિ કેવી કહેવાય. આરંભ-સમારંભવાળી જ કહેવાય. ભગવાનની ભક્તિ માટે પણ તમે સામાયિકમાં નાચી શકો? શું ભગવાન નાચે? નૃત્ય, હાવભાવ એ તો બધા દોષો છે. અધુરાશના પ્રતિકો છે.

શ્રીકૃષ્ણના હાથમાં વાંસળી છે, તે પ્રતિક કોનુ? સંગીતનું? તમે સામાયિકમાં પાવો વગાડી શકો? પાપ લાગે ને?

સભા:- સાહેબ સામાયિકમાં ગુરુવંદન થાય?

સાહેબજી:- હા, ચોક્કસ. કારણ ગુરુવંદનની ક્રિયા અક્રિસક છે અને તે

સાધુભગવંતો ઉંચા પગ છે. માટે ગુરુવંદન થાય. જે આરંભ-સમારંભની ક્રિયા છે તે સામાયિકમાં ન થાય. તમે સામાયિકમાં માળા ગણો છો, કારણ તમે અધુરા છો, સાધક છો. જે ભગવાન હોય તે અધુરા હોય?

એજ શ્રીકૃષ્ણને અમે નમો અરિહંતાણંમાં પગે લાગીએ છીએ.

શ્રીરામને નમો સિદ્ધાણંમાં પગે લાગીએ છીએ.

શ્રીકૃષ્ણ અમમનાથ તરીકે ભાવિ તીર્થંકર થવાના છે. તેમની મુર્તિની પ્રતિષ્ઠા પણ કરાવીએ છીએ અને તેમને પગે પણ લાગીએ છીએ. કૃષ્ણના નામ સાથે ઝઘડો નથી. ભાવી તીર્થંકર તરીકે સિદ્ધ સ્વરુપે નમસ્કાર કરીએ છીએ, પણ શ્રીકૃષ્ણ સામે મળે તો પગે લાગીએ? માટે ભાવિ તીર્થંકરનો આત્મા પણ અપૂજ્ય હોય ત્યાં સુધી પગે લગાય નહિ. તેમની પૂજ્ય અવસ્થાને પગે લગાય.

સભા:- દ્રવ્ય અરિહંત કોને કહેવાય?

સાહેબજી:- જે ભૂતકાળમાં અરિહંત હતા, અથવા ભવિષ્યમાં અરિહંત થવાના છે. દ્રવ્ય અરિહંતની પૂજ્ય અવસ્થા હોય તો જ પૂજ્ય. દા.ત. પ્રભુ મહાવીરનો જન્મ ત્રીશલામાતાની કુખે થયો, સિદ્ધાર્થરાજા અને તેઓ પાર્શ્વનાથપ્રભુના શ્રાવક છે. તેમને ખબર છે કે આ દીકરો તીર્થંકર છે. પાર્શ્વનાથપ્રભુના જે ગણધર છે, તે કેવીગણધર તેમને ત્યાં આવેલા છે અને કહે છે કે ભાવિ તીર્થંકરનો જન્મ થયો છે. તે વખતે ઘણા સાધુ-સાધ્વી ત્યાં આવતાં, પણ વર્ધમાનકુમાર તરીકે પગે લાગે? ઘમાસમણુ આવે ખરા? એમ તો તે તીર્થંકર છે ને.

સભા:- સાહેબ, સંસાર અવસ્થા છે.

સાહેબજી:- એટલે સાધુ માટે ગૃહસ્થ પૂજ્ય છે? અહિંયા ઇન્દ્રો આવીને પ્રભુ ભક્તિ કરે છે, શ્રાવકો પણ પૂજે છે. તો સાધુ કેમ નહિ? દ્રવ્ય અરિહંત હોવા છતાં પણ ભક્તિ કરતાં નથી. તમારી દ્રષ્ટીએ ત્યાજ્ય કે ગેરત્યાજ્ય? પણ બધો વિવેક છે.

એક ભાઇ મને આવીને કહે કે ભાવી તીર્થંકર તરીકે ત્રણે કાળમાં પૂજ્ય છે. દા.ત. મરીચીના ભવમાં ત્રીટંડી વેશમા ભરતચક્રવર્તીએ નમસ્કાર કર્યા, તો પછી નમસ્કાર કરવામાં વાંધો નહિ ને ? તમારી દૃષ્ટીએ શુ આવશે ? એમની આ અવસ્થાઓ નમસ્કાર કરવા યોગ્ય હોય તો, તો પછી સિદ્ધ માટે, કીડી, મંકોડા માટે પણ આવશે ને ?

સભા:- ખમાસમણુ અપાય ?

સાહેબજી:- ના, આને જ મિથ્યાત્વ કહ્યુ છે. પ્રાણાયામિ દીક્ષા નામનો મત છે. જેમ કબીરપંથની દીક્ષાને અમુક નામ આપે, તેવી રીતે પ્રાણાયામિ દીક્ષા [illegible] છે. તેમા તાજલી તાપસ નામના મોટા સંત છે. તેમને પ્રાણાયામિ દીક્ષા લીધી છે. આ જીવ ગુપ્તીવાલ, વિરક્ત, લાયકાતવાળો છે. સાઇઠ હજાર વર્ષ સુધી છઠ્ઠને પારણે છઠ્ઠ કર્યા છે. પારણામા પણ આયંબિલ કરે. ભીક્ષામા ભાત લાવી એકવીસ વખત ધોઇને આયંબીલ કરે. ઓવારી જઇએ તેવી તેમની સાધના છે. આટલા ગુણ હોવા છતાં પણ તેઓ સમકીત પામી શક્યા નથી. કારણ શુ ? પ્રાણાયામિ દીક્ષામાં માને છે કે બધા જીવો આત્મા સો પરમાત્મા છે, મૂળ સ્વરૂપથી ભગવાન છે. કહે છે કે ઘટઘટમાં રામ વસે છે. આ વાત ઠસાવી દીધેલ હોવાના કારણે બધા જીવોનુ મુળજુત સ્વરુપ, પરમાત્મ સ્વરુપ છે. માટે બધા જીવમાં ભગવાનનો વાસ જુએ છે. માટે દીક્ષા લેવા જતા રસ્તામા જેટલા જીવ મળે તેટલાને પગે લાગે. કુતરુ મળે તો કુતરાને, ગરોળી મળે કે કીડી મળે, સારો માણસ મળે કે, બદમાશ ગુંડો મળે, બધાને હાથ જોડે. કારણ બધામા પરમાત્મા વસે છે. પરંતુ આને આપણે મિથ્યાત્વ કહ્યુ છે.

આવુ કરવુ પણ બહુ જ મુશ્કેલ છે. તમને બધાને પગે લાગવુ ગમે કે પગે લગાડવુ ગમે ? જેનામા નમ્રતા, વિનય ન હોય તે ના કરી શકે ખરુ ? તે જીવમા નમ્રતા, વિનય, સરળતા હશે ત્યારે જ આવો

આચાર પાળી રહ્યા હશે. પરંતુ અહિંયા બધા જ ગુરુઓને મિથ્યાત્વ કહ્યું છે.

સભા:- નામલી તાપસ શેથી દૃષ્ટિમાં હતો?

સાહેબજી:- તેઓ ત્રીજી દૃષ્ટિમાં હતા. તેઓ અધ્યાત્મિક વ્યક્તિ છે. મોક્ષ માર્ગે ચઢેલા છે. તેમનામા લાખ ગુણ છે, છતાં અવિવેકના કારણે સમકીત પામવામાં અટક્યા છે. તેમને પૂજ્ય કોણ? અપૂજ્ય કોણ? તેનો વિવેક નથી માટે આટલુ બધુ હોવા છતાં પણ મરતાં સુધી મિથ્યાત્વી રહ્યા. માટે બધા સિદ્ધ છે. તે સમજને પૂજે તો શું થાય?

સભા:- સિદ્ધ ભગવંતનો ઉપકાર છે?

સાહેબજી:- છે, ઉપકાર છે, નમો સિદ્ધાણંમા જે નમસ્કાર કરો છો તેમા તે અવસ્થાનો નમસ્કાર છે, અત્યારની અવસ્થાનો નહિ. દા.ત. ભરતચક્રવર્તી રાજ મરીચીને પગે લાગ્યા પણ સમવસરણમાં હજારો સાધુ-સાધ્વીની વચ્ચે પ્રભુએ કહ્યું હતુ કે ભાવી તીર્થંકર છે. છતાં પણ કોઇ સાધુ-સાધ્વી ઉભા થઇને પગે લાગવા ગયા નહિ. તમારી દૃષ્ટીએ ભૂલ કરી કે વ્યાજબી કર્યું? વ્યાજબી કર્યું. જો જ સાધુસાધ્વી પ્રભુ સાથે વિહાર કરતા અષ્ટાપદ જાય તો મહાવીર ભગવાનની મૂર્તિને આવે તો ત્રણ નહિ પણ ત્રેવીસ ખમાસમણા આપે. જો જ પ્રભુ મહાવીરનો મરીચીનો આત્મા પ્રભુના નિર્વાણ પામ્યા પછી બીજા સાધુસાધ્વી સાથે વિચરે છે ત્યારે એક વખત માંદા પડ્યા. ત્યારે તેમની ખબરઅંતર આદિનાથપ્રભુના સાધુ પૂછતા નથી, ભક્તિ પણ કરતા નથી. કારણ શું?

કોઇપણ જીવ સાથે વ્યવહાર કરતા અત્યારે તે કઇ કક્ષામા છે તે પ્રમાણે તેની સાથે વ્યવહાર થાય. સિદ્ધ થવાના છે માટે અત્યારે પૂજ્ય તે બરાબર નથી. પૂજા, ભક્તિનો વ્યવહાર કરવાનો હોય ત્યારે વિવેક હોવો જોઇએ. આ જીવ ભક્તિપાત્રની કક્ષામા છે કે નહિ? અધિક ગુણી છે કે નહિ? જો અધર્મી છે, હીનગુણી છે, તો ભક્તિ ન થાય. પૂજા ન થાય. જેમ ભગવાન મહાવીરના સાધુ પદ્મનાભપ્રભુને ખમાસમણા

આપે, પણ રસ્તામા શ્રેણીક મળે તો પગે લાગે ખરા? આ જ જુવ છે, આત્મા તે જ છે. છતાં પગે ન લગાય. રામ મોક્ષે ગયા છે તો તેમના મંદિરમા જઇને પગે લાગીએ તે ચાલે? રામ નામ સાથે અમારે વાંધો નથી. વાંધો અવસ્થા સાથે છે. જે અવસ્થામાં રજુ કર્યા છે, તે અવસ્થા પૂજ્ય નથી.

સભા:- નિર્વાણ અવસ્થાની જ મુર્તિ ભરાય ને?

સાહેબજ:- હા, નિર્વાણ અવસ્થાને છોડીને તેમની કોઇ અવસ્થાની મુર્તિ ભરાતી નથી. કરોડો દેવતા તેમનો જન્મ મહોત્સવ કરે છે, છતાં પણ તેમના જન્મથી માંડી કોઇ અવસ્થાની મુર્તિ ખરી? દીક્ષા અવસ્થામા કેવી કેવી સાધના કરી છે, છતાં પણ તે અવસ્થાની મુર્તિ નહિ ને? તે વખતે તેઓ છદ્મ, સાતમા ગુણસ્થાનકમા છે, બધાને પૂજ્ય છે. છતાં તે અવસ્થાની મુર્તિ નથી.

સભા:- સાહેબજ જીવીતસ્વામી તરીકે મુર્તિ છે

સાહેબજ:- જુવતા હતા ત્યારની મુર્તિ છે. પણ તે સિદ્ધ અવસ્થાની જ મુર્તિ છે. મુર્તિની બાજુમા તમને વશીષ્ટા નહિ મળે. કારણ આ બધી અપુર્ણ અવસ્થા છે. હજુ પરમાત્મા નથી બન્યા, પરંતુ પરમાત્મા બનવાનુ બાકી છે. ભવિષ્યમાં ચોકકસ બનવાના છે.

સભા:- ઇન્દ્રમહારાજ સ્તવના કરી શકે?

સાહેબજ:- સાધર્મિક, સાધર્મિકને પગે લાગી શકે છે. ઇન્દ્રમહારાજા સમકીતી છે. ભગવાન પણ તે વખતે સમકીતી છે. તેઓ સ્તવના કરી શકે. ભાવિનો, વર્તમાનમાં ઉપયોગ કરી શકે તો ચાલે. તે અવસ્થા ઇન્દ્ર માટે પૂજ્ય છે. જૈનશાસનમાં ટકકાનુ મહત્વ કેટલુ છે, તે બરાબર સમજો.

સભા:- અરિહંત બે મુક્તામા નિર્વાણ પામે?

સાહેબજ:- હા, ચોકકસ બે મુક્તામા નિર્વાણ પામે છે. અનંતકાળમાં જેટલા તીર્થંકરો થઇ ગયા, થાય છે, થશે તે બધાની અંતિમ અવસ્થા શુ?

કાંતો પદ્માસન કાંતો કાયોત્સર્ગ એને છોડીને બીજુ કોઈ મુદ્રામાં નિર્વાણ પામતા નથી. હા, સિદ્ધ ગમે તે અવસ્થામા થાય, એટલે બીજા કોઈપણ જીવો સિદ્ધ અવસ્થા પામે ત્યારે કોઈપણ અવસ્થામાં હોઈ શકે. ઘણા ઘણીમા પીલાતા ગયા છે, ઘણા સળગતા ગયા છે. પરંતુ તીર્થંકર માટે તો આ એક જ નિયમ છે. તેમની અંતિમ અવસ્થા આ જ બે હોય, માટે તે જ બે મુદ્રા મુર્તિમા ભરાય છે.

સભા:- સાધર્મિક સાધર્મિકને પગે લાગી શકે તો પછી આચાર્ય સાધુને વંદન કરે?

સાહેબજી:- આચાર્ય અને સાધુ, બેઉ સાધુ છે. પરંતુ સાધુને આચાર્ય વંદન કરે તેવુ નથી.

સભા:- સાહેબજી હાથ જોડે ખરા?

સાહેબજી:- હાથ જોડે તેવુ નથી. સાધર્મિકમા પણ વડીલ નાનાનો ફેર પડે છે. તેમ બધે જ વડીલ નાનાનો ફેર પડશે.

ભગવાન મહાવીરનો મરીચીનો જીવ સાધર્મિક છે. તે વખતે ભરતચક્રવર્તી ત્રણ પ્રદક્ષિણા દઈ હાથ જોડે છે. મરીચીની અવસ્થા તેમને માટે અપૂજ્ય નથી. પરંતુ સાધુ માટે તે અવસ્થા પૂજ્ય નથી. માટે શ્રાવક-શ્રાવકને સાધર્મિક નાતે પૂજ્ય છે. માટે જે ગુણની તેનામાં સંભાવના હોય, તે ગુણની વિશેષ વૃદ્ધિ કરવા કે પ્રાપ્તિ કરવા ભક્તિ કરી શકો છો.

સભા:- અહીં પદ્માસનમા પ્રતિમાજી છે

સાહેબજી:- પરંતુ તેમા વિશેષ શુ કારણ બન્યુ છે? શીલ્પની દૃષ્ટિએ, ઐતિહાસિક દૃષ્ટિએ, કયા કારણથી થયુ છે. પહેલા હતુ તે થયુ છે કે નવુ? તે ખબર નથી, પણ અપવાદનુ કારણ શોધવુ પડે.

આપણા શાસનમાં પ્રતિમાજી ચક્ષુવાળા જ હોય પણ કોઈએ ગોટાળો કર્યો હોય તો, એમ તો ન જ કહેવાય કે જૈનશાસનમા ચક્ષુવાળા પ્રતિમાજી ન હોય.

સભા:- તો દીગમ્બરની પ્રતિમા પૂજાય?
સાહેબજી:- આંખ મીચેલી અવસ્થા, ધ્યાન અવસ્થા છે. ધ્યાન એ સાધકદશાનું લક્ષણ છે. સાધક છે, માટે અપૂર્ણ છે. માટે તેને આપણે પૂજ્ય ગણતા નથી. ક્યાંય મારા-તારાની વાત નથી. પરંતુ આ અવસ્થા જ અધુરી છે. તે આકાર પૂર્ણતાનો દ્યોતક નથી માટે ભગવાન કહીને અપૂજ્યને પૂજે તો દોષ લાગે

સભા:- બીજાના ધર્મના ઝઘડામા પ્રતિમાજ જાય, તો પછી પૂજાય?
સાહેબજી:- અધિકાર, ઝઘડો ચાલ્યો જાય પછી પૂજા ન કરી શકાય. તે વખતે પૂર્ણ પ્રતિમાની પણ પૂજા કરો તો મિથ્યાત્વમતને પોષણ મળે છે. હોય ત્યાં સુધી પૂજ શકાય.

તમારા જીવનમાં ધર્મ કરવા માટે પણ વિવેક જોઇશે. જેમ પૂજ્ય અવસ્થા છે તેમ અપૂજ્ય અવસ્થા છે.
સભા:- ભગવાનની કાયોત્સર્ગ પ્રતિમા સાધકદશાને સુચવતુ નથી?
સાહેબજી:- તે વખતે સાધના તરીકે કાયોત્સર્ગ નથી. જો સાધના તરીકે હોય તો અપૂર્ણ કહેવાય. પરંતુ તેઓ તો શરીરનો યોગનિરોધ કરવા રીલેક્સ કરે છે. તે માટેની મુદ્રા છે.

દુનિયામા જૈન શાસન પાસે પ્રતિમા છે, તેવી કોઇને પાસે નથી ભગવાનની પ્રતિમા ગુણના ભંડાર સ્વરુપ છે. ગુણોનો જાણે પીંડ છે. સાક્ષાત ગુણોને અભિવ્યક્ત કરે છે.

સભા:- આદેશ્વર ભગવાન પારણુ કરે છે, તેની મુર્તિ નથી?
સાહેબજી:- તે દર્શનીય તરીકે છે, પણ કાઇ પ્રતિષ્ઠિત નથી. આપણે દીક્ષા, જન્મકલ્યાણક બધાના ચીત્રો બનાવીએ છીએ, પાંચે કલ્યાણકની ઉજવણી કરીએ, પણ તે અવસ્થાની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરતા નથી.

સભા:- તો પછી અરિહંત કેવા કહેવાશે?

સાહેબજી:- અરિહંત અપૂજ્ય નથી, માટે જ નમો અરિહંતાણં પહેલા મૂક્યુ, પછી જ નમો સિદ્ધાણં મૂક્યુ છે. પરંતુ પરમાત્મ સ્વરૂપમાં સ્થાપીત કરવા હોય તો, સિદ્ધ અવસ્થા મૂકે છે. તેઓ અપૂજ્ય નથી માટેજ પ્રશ્ન કરેલો કે સમવસરણમાં બેઠેલા પ્રભુનુ ધ્યાન કઇ રીતે કરવુ? આવી ચતુર્મુખ દેશના આપનાર, જ્ઞાનમુદ્રામાં સમવસરણમાં સિંહાસન પર વિરાજમાન હોય, તે રીતના સ્વરૂપનુ ધ્યાન કરવાનુ. આપણે તેમની બધી અવસ્થાનુ ધ્યાન હોય છે. જેમકે રાજ્ય અવસ્થા, દીક્ષા અવસ્થા પરંતુ આ બધી અવસ્થાઓને પ્રતિમામા પ્રતિષ્ઠીત કરાની નથી.

એક બનેલો કીસ્સો કહુ. એક મોટા ધર્માચાર્ય પાસે, એક ભાઇએ આવીને કહ્યુ કે પ્રભુ મહાવીરે દીક્ષા લીધી ત્યારથી જેમકે ચંડકૌશિક ડસ્યો, ચંદનબાળાએ બાકુળા વહોરાવ્યા, સંગમે ઉપસર્ગો કર્યા, તેવા તેવા બધા પ્રસંગોની આબેહુબ પ્રતિમાઓ ભરાવવી છે. જેથી સ્પષ્ટ ચિતાર ખડો થાય. આ બધી મુર્તિઓની મંદિરમાં પ્રતિષ્ઠા કરાવવી છે. તો મને માર્ગદર્શન આપો, ત્યારે ધર્માત્માએ કહ્યુ આપણા શાસનમા પરમાત્વ તત્વમા મોક્ષ અવસ્થાની જ પ્રતિમા પ્રતિષ્ઠિત થાય છે. આ મેં મારા મોઢેમોઢ સાંભળ્યુ છે.

સભા:- સાહેબજી, ઘણા ઠેકાણે દાગીનાઓ કોતરેલા હોય છે.

સાહેબજી:- દાગીનામાં શું વાંધો છે? પ્રભુને મુગટ, અલંકાર ચઢાવો છો ને? ભક્તિ રીતે, સિદ્ધ અવસ્થામા દાગીના કોતર્યા હોય તો વાંધો નથી, પુર્ણ અવસ્થા તો નિર્વાણની લીધી છે. જેતમે સિદ્ધ અવસ્થા સિવાય, બીજ અવસ્થાને માનો તો કેટલાય પ્રશ્ન થાય. પછી તો અપૂર્ણને પૂજવાનુ આવે. તો દીગમ્બરની મુર્તિને પૂજવાનો સવાલ આવે. બીજ અવસ્થા પરમાત્માની પ્રભાય તો ધ્યાન અવસ્થા પૂજવામાં શુ વાંધો, આમા તો ઘણા જ પ્રશ્ન ઉભા થઇને રહેશે.

અન્ય ધર્મવાળા જાય, નાગને પૂજે છે. આપણે ત્યાં નાગ પાર્શ્વનાથની ફણા ઉપર હોય છે. તો આપણે પણ નાગને પૂજાએ લીએ એમ ઘણા કહે છે, પરંતુ નાગ નજીકે પૂજા કરીએ લીએ ? નાગ નજીકે પૂજે તો મિથ્યાત્વનો દોષ લાગે, નાગ તો પામર પ્રાણી છે. ઘણા કહે છે કે પ્રભુના લાંછન નજીકે દરજ્જા, સર્પ, કમળની પૂજા કરીએ લીએ. પરંતુ તેમા પ્રભુભક્તિ નજીકે પૂજા છે.

સભા:- દેવ તત્વમા શુ આવે ?

સાહેબજી:- અરિહંત, સિદ્ધ બન્ને આવે, પરંતુ અરિહંત અપૂજ્ય છે, તેવુ નથી, તેના માટે કોઇ મતભેદ નથી. અરિહંતને અપૂજ્ય માનો તો નવકાર જ નહિ ગણી શકાય. છતાં ખુબી એ છે કે પરમાત્મ તત્વની વાવતમાં અરિહંતને પણ પૂર્ણ અવસ્થામાં પૂજવાનો આગ્રહ રાખ્યો. તીર્થંકર તરીકે વિચરે છે ત્યારે તેઓ કૃતકૃત્ય નથી. તેમને હજુ થાર કર્મ ખપાવવાના બાકી છે. સદેહે છે. જ્યારે દેહાતીત છે તેનુ નામ સિદ્ધ છે. દેહ બંધન છે. પ્રવૃત્તિ બંધન છે. તેમની પ્રવૃત્તિ આખા જગતનુ કલ્યાણ બને છે, પણ તીર્થંકરનામકર્મ ખપાવવા માટે.

અરિહંતની કર્મકાય અવસ્થા છે.

સિદ્ધની તત્વકાય અવસ્થા છે.

માટે ભેદ પડ્યો છે, તેમા સયોગતા ઘણી છે. સૂક્ષ્મવિવેક ઘણો છે. અરિહંતની અપૂર્ણ અવસ્થા છે, પણ અપૂજ્ય નથી. અપૂજ્ય હોય તો પૂજા ન થાય.

સભા:- ક્ષેત્રમ્બરની મુર્ત્તિ કેમ ન પૂજાય ?

સાહેબજી:- કારણ અધૂરી છે. તે ધ્યાન અવસ્થામાં છે, તે સાધિકદશા સૂચવે છે. આંખમીચી તે ધ્યાન અવસ્થાનુ સૂચક છે. તેમને ધ્યાન ધારા હજુ કંઇ મેળવવાનુ બાકી છે. આંખો મીંચીને કરાતુ ધ્યાન તે માનસિક ધ્યાન છે. જેને હજુ કંઇ મેળવવાનુ બાકી છે, ભણવાનુ બાકી છે, તેમને કેવળજ્ઞાન નથી. આપણે પ્રભુને નજરોનજર નથી જોઇ શકતા, કારણ

કેવળજ્ઞાન નથી. માટે તેમનુ ધ્યાન કરવાનુ રહે છે. જે નજરોનજર પરમાત્માને જોઈ શકતા હોઇએ તો તેમનુ ધ્યાન કરવાનુ રહે? પછી તો ખાલી દર્શન કરવાનુ રહે. જે ધ્યાન અવસ્થામાં છે તેને જોવાનું, જાણવાનુ નક્કી બાકી છે? માટે છદ્મસ્થ અવસ્થા આવી, માટે તે પૂજ્ય ન બને. ઘણી વખત પૂજા અને ભક્તિ માટેનો વિવેક નથી કરતા ત્યાં મિથ્યાત્વના જબરદસ્ત દોષ લાગે છે.

જેમકે અધિકગુણીને હીનગુણી માનો તો મિથ્યાત્વ લાગે.
હીનગુણીને અધિકગુણી માનો તો પણ મિથ્યાત્વ લાગે.

સભા:- નિર્ગુણી સાધર્મિક ભક્તિ થાય?

સાહેબજી:- નિર્ગુણી સાધુની ભક્તિ ન થાય તો, નિર્ગુણી સાધર્મિકની ભક્તિ કેમ થાય? જૈનશાસનમા ગુણનુ-ઘોરણ ચોકકસ રહેવાનુ. ગુણનો વિચાર ન કરે તો ન ચાલે. અન્ય ધર્મના બધા સાધુસંતો માર્ગ નહિ પામેલા હોવાના કારણે હીનગુણી છે. માટે તેમના માટે પૂજ્ય કે ભક્તિભાવ ન થવો જોઈએ, પણ કરુણાભાવ થવો જોઈએ. આપે ઘરાને ના પાડીએ તો કહેશો કે મહારાજ પોતાના-પારકાનો ભેદ રાખે છે. અન્ય ધર્મમાંથી પણ સિદ્ધ થાય છે. તે પંદર પ્રકારે સિદ્ધ થાય છે તેને બતાવતા દલીલો કરે છે. પરંતુ ચોને સામે રાખીને કોઇ અન્યલીંગવાળાની તે અવસ્થાની હેરાસ્તમાં તેમની મુર્તિ ભરાશે? સિદ્ધ વરીકેની પૂજા કરાશે? ગૃહસ્થલીંગે થયેલા હોય તો પણ ગૃહસ્થાવસ્થા મૂકીને પૂજા ન થાય. ભરતચક્રવર્તી રાજા કેવળજ્ઞાન પામ્યા ત્યારે ઇન્દ્રમહારાજા શુ કહે છે, પહેલા વેશ લો પછી જ નેઓ વંદન કરે છે. ગૃહસ્થ હોય ત્યાં વંદન નથી કરતાં, તે અવસ્થામાં વંદન નથી.

સભા:- ધોતીયાવાળાને ખમાસમણા અપાશે?

સાહેબજી:- સાધર્મિકને હાથ જોડો, કરાય વધીને થરણરજ લો, તીલક કરો, ઉભે પગ ઘોઓ પણ, ખમાસમણુ તો ન જ આપી શકો.

સભા:- સાહેબજી મા-બાપને ખમાસમણા અપાય છે.

સાહેબજી:- શેવુ ક્યાંથી લઈ આવ્યા ? ખમાસમણુ અપાય નહિ, પગે લગાય.

સભા:- અષ્ટાંગ પ્રણામ કરે છે.

સાહેબજી:- અષ્ટાંગ પ્રણામ આપણામાં નથી. કારણ: તેમા જયણા સચવાતી નથી. નમસ્કાર સાથે જયણા સાચવવાની છે. મા-બાપને પગે લગાય, રજ લેવાય, ભક્તિ કરાય, પણ ખમાસમણુ ન અપાય.

સભા:- દેવ-દેવીની આરતી ઉતારાય ?

સાહેબજી:- હા, કરાય.

ભરતમહારાજા ને વખતે તેરમા ગુણસ્થાનકે છે. છતાં પણ ઇન્દ્રમહારાજે કહ્યુ કે વેશ ગ્રહણ કરો, પછી જ તેઓ નમસ્કાર કરે છે.

સભા:- દેવ-દેવીને ખમાસમણુ અપાય ?

સાહેબજી:- ના, અપાય.

॥પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

શ્રાવણ સુદ ૧૨ ॥યોગવિંશીકા॥
મંગળવાર. ॥પ્રણિધાન॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી, અનંતજ્ઞાની, શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને નિર્મળ સમ્યગ્ ગુણદોષનો વિવેકરૂપ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ કરે તેના માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

ઉપાધ્યાય યશોવિજયજી આ ગ્રંથના ટીકાના રચયીતા છે. તેમના બીજા ગ્રંથોમાં પણ સમ્યગ્‌દર્શન એટલે શું ? તેની વ્યાખ્યા કરતા કહે છે કે ગુણ અને દોષોનો યથાર્થ વિવેક અને ચારિત્રની અભિલાષા તેને સમ્યગ્‌દર્શન કહે છે. જેને સાચા ખોટાનુ ભાન છે અને સાથે સારુ પામવાની તીવ્ર તમન્ના છે તેને સમ્યગ્‌દર્શન કહે છે.

બીજા ગુણનો વિવેક નહિ, પણ ગુણ અને દોષ બન્નેનો વિવેક કરવાનો કહ્યો છે. જીવમાત્રના ગુણદોષની સમજણ અને તેનાથી તેનુ મુલ્યાંકન કરવુ જોઈએ. સમ્યગ્‌દૃષ્ટિ પોતાની જાતને પણ ગુણના ત્રાજવા ઊભા મૂલવે, અને બીજાને માટે પણ મૂલવવા આજ માપદંડ રાખે. ગુણ અને દોષ તેજ માપદંડ છે. મુલ્યાંકન કરવામા દૃષ્ટિ તટસ્થ અને પ્રમાણિક જોઈએ લીએ. જાત માટે પણ ખોટા-ઉંચા અભિપ્રાય બાંધી લે તેવુ ન જોઈએ. પોતાની ભૂલોનો પણ સ્વીકાર કરે અને જે દોષ અને ખામી હોય તેનુ ભાન કરે. તેમ બીજા માટે પણ તેના ગુણનુ એપ્રીસીયેસન કરે.

ધર્માત્માના ગુણોની કદર કરવાને પાત્ર છે. અને તે ન કરો તો ખામી કહેવાય. તેવા ધર્માત્મા પ્રત્યે બહુમાન પેદા ન થાય તે જીવો ગુણાનુરાગ માટે ભક્તિમાં કાચા છે. જે કક્ષાના ગુણો હોય તે રીતે બહુમાન કરવાનુ છે. નાના ગુણનુ નાનુ બહુમાન. ઉંચો અને મહાન ગુણ હોય તો ઉંચુ બહુમાન હોય. ગુણ માત્ર પ્રત્યે કદર અને બહુમાન ભાવ હોવો જોઈએ, પરંતુ ધર્માત્માના ગુણ પ્રત્યે ઇર્ષાનો સવાલ જ નથી આવતો.

હવે સમકીત પામવા પહેલા પ્રણિધાન છે. સમકીતનો માર્ગ હોવાથી બોધીબીજ પામેલા જીવમા ત્રીજો અદ્વેષ માન્યો છે. પહેલા અને બીજા અદ્વેષને પોતાના આત્મા સાથે સંબંધ છે, જ્યારે ત્રીજો અદ્વેષ બીજાના

આત્મા માટે છે. ગુરુના અલેખમા પોતાના દોષ તોડવાના છે. જ્યારે બીજા મુક્તિના અલેખમા પોતાના સંસારના રાગલેખ તોડવાના છે. જ્યારે ત્રીજા અલેખમા તો તમારી સાથે સ્વ કે પરધર્મમા ધર્માત્મા નરીકે છે. જે તમારાથી ઉનરતી કક્ષાના છે તેના પ્રત્યે ગુણાનુભાવ નહિ પરંતુ અલેખ અને કરુણાનો ભાવ હોવો જોઈએ.

પરંતુ તમારો સ્વભાવ શુ? આપણી પાસે જે વિશેષતા છે, તે બીજામાં ન હોય તો તેના માટે હલકો અભિપ્રાય કેળવી લેવો. બીજાની નાની ખામી જોઈને પણ તરત જ તમને અસર થઈ જાય. તમે જે રીતે ધર્મ આચરો છો તે રીતે ન આચરતો હોય, અથવા તમારી થોડી ઉંચી કક્ષાની માન્યતા હોય તો તમને તરત જ લેખ થાય તો તમારામાં હીનગુણલેખ આવી જાય. જૈનધર્મ કહે છે કે તમને બીજા ધર્મ માટે પણ અલેખ જોઈએ. બીજો માર્ગ ન પામેલો હોય, અથવા તેની નીચી ભૂમિકા હોય તો અલેખ અને કરુણાભાવ જોઈએ.

ભગવાને શાસન સ્થાપ્યુ શું કામ? જો બીજા ધર્મોમા આત્મીક માર્ગ હોય તો ભગવાનને નવો ધર્મ સ્થાપવાની શું જરુર હતી? પેલો સાચો માર્ગ છે તેનુ જ અનુસરણ કરો તેવી સલાહ આપત. કોઈપણ તીર્થંકર એમ જ કહે છે કે અનંતકાળથી તીર્થંકરો કહી ગયા છે તે જ કહુ છુ. જે જૈન શાસનનો ધર્મ છે, જેને આજ સુધી પ્રરુપ્યો છે, તેનુ જ વિધાન કરુ છુ. બીજા ધર્મોમા તત્વોની વાત છે તે કહુ છુ તે સિવાય નવુ નથી કહેતો, એટ પણ તીર્થંકર આવુ વિધાન નથી કરતા. તેને બોલવા પાછળ કારણ શુ?

અન્ય ધર્મમાં ધર્મના નામથી ઘણી ખોટી વાતો છે. માટે ઉપદેશ આપતા સમવસરણમાં બેસીને કહે છે કે આ બધા મિથ્યામત છે. આ વાતો આગમમા પણ આવે છે. ગૌતમમહારાજને પ્રભુએ કહ્યુ છે કે આ બધા મિથ્યામતો છે. જે વાત ધર્મના નામથી આવે છે તે સાચી નથી. ત્યાં આત્મકલ્યાણનો સાંગોપાંગ માર્ગ નથી. આ બધુ ભગવાન તટસ્થતાથી બોલે છે.

પ્રશ્નઃ- સર્વજ્ઞ છે માટે ?

સાહેબજીઃ- વીતરાગ છે માટે. માશતારાનો ભાવ કોને હોય ? પ્રભુને તો રાગ અને દ્વેષ નથી. પારકો ધર્મ છે માટે તેને ખોટો કહુ તેવુ તેમને ન હોય. એટલા માટે કહે છે કે સત્ય અને પરિપૂર્ણ ધર્મ તો આ જૈનશાસન જ છે.

બીજા ધર્મોને સાચા અને સારા માનીને આપણા ધર્મ સાથે સરખાવાનો માનસ જ જોઇએ. જેઓ સર્વધર્મ સમાન માને છે તેઓ પ્રસંગે વાતો કરે છે કે બધા ધર્મ સરખા. આપણે સાચ જોવાનુ મતભેદમા નહિ પડવાનુ. સારી વાતો ગ્રહણ કરો એવુ માનસ છે. તેને સાચા ખોટાનો, સારા ખરાબનો, ગુણદોષોમાં વિવેક કરતા આવડતુ નથી. આ વિવેક ન હોય તો સમકીત પામી નશકાય, અને કદાચ ભૂતકાળમાં પામી ગયા હોય તો સમકીત ચાલી જાય. માટે સવધર્મ સમાન એવુ મનાય જ નહિ. આ સાંભળીને લોકો કહે છે કે મહારાજસાહેબ માંદાટીક વાતો કરે છે, તેમના જ વખાણવાળા છે. પોતાના મત અને પંથનુ મમત્વ છે. બીજા પ્રત્યે હલકાપણાનો ભાવ છે. એ કુ બધાને સારા અને સાચા કહુ તો સારો, પરંતુ બીજાના ખોટા મતનુ ખંડણ કરુ તો ખરાબ આવુ લોકોનુ માનસ છે.

પરંતુ આપણો ધર્મ ક્યાંય એવુ નથી કહેતો કે બીજા ધર્મની નિંદા કરો, સંઘર્ષ કરો, વિરોધ કરો, ઝઘડા કરો. જૈનશાસનનો ધર્મ તો બીજા ધર્મ પ્રત્યે ક્યાંય લેશ પણ શીખવતો નથી. બીજા ધર્મશાસ્ત્રોમા ધર્મજનુનની વાતો મળશે, પરંતુ જૈનધર્મમા ધર્મ માટે જનુનની વાતો નથી. તોડે પાડો તેવી વાતો નથી, આક્રમણ અને ધર્મજનુનને જૈનધર્મ માનતો નથી. એ તો કહે છે કે ધર્મ એ હૃદયથી પામવાની વસ્તુ છે. જેને સાચુ અને સારુ જે ગમે તે સ્વીકારી શકે છે. ભગવાન પણ જૈન તત્વની વાત સમજાવે, જેને પસંદ પડે તે સ્વીકારે. પરંતુ ધર્મ લાદી દેવાનો કે બળજબરીથી કે દબાણથી સ્વીકાર કરાવવો એવું જૈનધર્મ માનતો નથી.

અહિંયા ઘણા પૂછે છે કે જૈનો કેમ આટલા ઓછા ? આમ તો આપણા

ધર્મને ઉંચો અને સારો કહો છો, અદ્ભુત તત્વજ્ઞાન, વિજ્ઞાન, ઉંડા સાંગોપાંગ વાળો આચાર છે. તો પછી જૈન ધર્મનો અનુયાયી વર્ગ આટલો ઓછો કેમ. નેવુ કરોડની વસ્તીમા માંડ લેગા કરતા એક કરોડ હશે, પણ દુનિયાની પાંચ અબજની વસ્તીમા એક ટકો પણ જૈનો આવે તેમ નથી. અને આ વાતને હાંકાને સ્થાન નથી.

તેના બે કારણો છે.① જૈન શાસ્ત્રમા ધર્મજનુન નથી. આખો ઈતિહાસ બોલે છે કે ધર્મજનુનથી એકે જૈન બનાવ્યા હોય તેવો એક દાખલો નથી. કોઇ ધર્મનો નાશ કર્યો હોય, લદાવ્યો હોય તેવુ ઈતિહાસની દ્રષ્ટિએ ક્યાંય નોંધ નથી.

② બીજુ બાજુ જૈનધર્મના આચાર-વિચાર તથા આખો જૈનદર્શનની દ્રષ્ટિએ જૈનદર્શન બહુ જ ઉંડો છે, સુક્ષ્મ છે. માટે આ ધર્મ જેને અપનાવવો હોય તો તેનુ ડેરીબલ કેટલુ હાઇ જોઇએ. જેટલો ધર્મ સુક્ષ્મ હોય તેટલો અનુયાયી વર્ગ વધારે મળે. માટે કહેવાય છે કે રજનીશના આટલા વખતમા આટલા બધા અનુયાયીઓ થઇ ગયા. હા, બરાબર છે. તેમને તો લોકોને ગમે તે કહેવાનુ, એમનો ઉપદેશ એ છે કે જે ઇચ્છા થાય, તે ભોગવી લો તેનુ નામ ધર્મ, આવો ધર્મ કોને ન ફાવે.

સભા:- મહાવીરપ્રભુ મર્યાદિતક્ષેત્રમા વિચર્યા માટે ઓછો ધર્મ પમાડી શક્યા?

સાહેબજી:- બીજા ક્ષેત્રમા પમાડી ન શકાય તેવા જીવો હોય તો શું કરે? તમે પશ્ચિમની વાતોથી લેવાઇ ગયા છો. હું કહુ છુ કે ત્યાંની પ્રજાએ આટલો વિકાસ કર્યો છે, પણ તેમને ત્યાં હિંસા, દુરાચાર જીવનમાં કેટલા વણાયેલા છે. ૯૫% તેઓ માંસાહારી, દારૂ પીનારા હોય છે અને આને સોકલ્ડ કોમન કહેવાય. સપ્ત વ્યસન જેના જીવનમા વ્યાપ્ત હોય તેવી પ્રજાને અધ્યાત્મવાળી, મોક્ષમાર્ગની વાતો ગળે ઉતરે? અહીની પ્રજામા અને ત્યાંની પ્રજામા તફાવત કેટલો, આપણો ત્યાં ગુજરાતમા શ્રીમંત માણસ પણ માંસ કે દારૂ લે તો બેઆબરૂ થાય, જ્યારે અત્યારે તમારે

ત્યાં પણ વ્યસન સેવીને પણ ઉંચા થઈને ફરતા હોય છે. કારણ તમે શ્રીમંતાઈને ઉંચુ સ્થાન આપો છો. પણ ભૂતકાળમા આવા ઉંચા શ્રીમંત માણસને કોઈ સારા માણસ બેસાડે પણ નહિ. હવે જ્યાં સપ્ત વ્યસન આટલા કોમન હોય ત્યાં ભગવાનની નાનામા નાની જયણા, જેમ કે બારી પણ જયણા વગર બંધ કરો તો પાપ લાગે. આ વાત મનમા બેસે ? પાપ લાગે તે માને ? વૈદીયા જ કહે માટે જ હાઈલેવલનો આટલો સુક્ષ્મ આચાર, આવો ઉંચો ધર્મ ફાવે ખરો. અત્યારે જૈનોમા પણ આ જૈનધર્મ ફાવતો નથી, તેનુ કારણ શુ ? આ જ કારણ છે. જૈનધર્મ બુદ્ધિ કે તર્કથી જવાબ ન આપી શકે તેવો અઘરો ધર્મ છે ?

સભા:- ત્યાં જૈન ચેર સ્થાપે છે.

સાહેબજી:- બેના માટેનો ક્રીસ્સો કહુ. જર્મનીમા સંસ્કૃત અભ્યાસ કરાવે છે. ઈળીયાના પ્રોફેસર ડો પદ્મનાભ જે ત્યાં પ્રોફેસરશીપ કરે છે તે જૈન તત્વ ભણાવે છે, એ પોતે આચારાંગ ભણાવતા. બોકે પ્રોફેસરને ભણાવવાનો આ અધિકાર નથી, આ ગીરવ્યાજવી છે. ધર્મગુરુમા પણ ગમે તે ન ભણાવી શકે. તે ભણાવવા માટે અમુક ચોક્કસ ધોરણો છે. જે પામે તે જ ભણાવી શકે. હવે આ આચારાંગમાં શું વર્ણન આવે ? આચારનુ જ આવે. તે પણ કોના આચારનુ ? તેમા જૈન મુનીના આચારનુ વર્ણન આવે છે. આ ભણનાર વિદ્યાર્થીઓ P.H.D. લેવલના હોય છે

હવે જૈનમુનીના આચારનુ વર્ણન આવ્યુ કે વનસ્પતિ, પાણી, અગ્નિ, સ્ત્રી, પૈસા કોઈને પણ સ્પર્શ કરતા નથી. હવે જ્યાં અડવાની વાત નથી તો લેવાની કે સંગ્રહ કરી ઉપયોગ કરવાની વાત ક્યાં આવે ! પાછુ આ જીવન સ્નાન નહિ કરવાનુ. ભોજનમા પણ સવારે મળે તે સાંજે ન રાખે, સાંજે મળે તે સવારે ન રાખે, આમ તો એક જ ટાઈમ ભોજન કરવાનુ હોય. આવુ બધુ સાંભળ્યા પછી વિદ્યાર્થીઓ પૂછે છે કે સર is this possible ? કે પછી એથીક્સ તરીકે આ બધી વાતો લખી નાંખી છે. આવા આચાર તો કઈ રીતે

પળાય? જો વનસ્પતિને ન અડાય તો પાન ખાવાનો પ્રશ્ન ન આવે. આગને સ્પર્શ ન થાય તો ભુવનમા જીવાય જ કઇ રીતે માટે આ આચાર પ્રેક્ટીકલ છે? તેઓ તો તેમની લાઇફસ્ટાઇલ પ્રમાણે પાપવ્યસનો સેવતા હોય અને પાછા પાપ તરીકે માનતા જ હોય અને આવા માણસોને તમે આવી ઉંચી અને સુક્ષ્મ વાતો કરો તો કેમ બેસે?

વેશ્યા પાસે સતી સ્ત્રીનુ વર્ણન કરો તો તેના મગજમા બેસે ખરુ? તેની જેમ આ વિદ્યાર્થીઓને આ આચારો મગજમા ન બેસવાથી પ્રોફેસરે કહ્યુ કે ઇન્ડીયામા અત્યારે હજારો જૈન સાધુ-સાધ્વીજીઓ છે કે જે આ પ્રમાણે પ્રતિજ્ઞાઓ પાળીને જીવે છે, ત્યારે કહે કે પુરાવા આપો, ડોક્યુમેન્ટ આપો. આના માટે પ્રોફેસર ઇન્ડીયા આવ્યા ત્યારે તેમણે વિચાર કર્યો કે બે લીડો તો અહિંયા આવવાના નથી માટે તેમના માટે ડોક્યુમેન્ટ પુરાવા લઇ જવા. તેમણે ચેક ફોર્મ બનાવ્યુ અને અમારી પાસે આવીને કહે કે તમે જે લાઇફ સ્ટાઇલ પાળો છો તેમા તમે રાઇટ કરી આપો, હુ તેઓને ડોક્યુમેન્ટ તરીકે બતાવીશ. ત્યારે અમે બધાએ કહ્યુ કે અમે આચાર દુનિયાની દ્રષ્ટીએ પાળતા નથી. માટે તેના ડોક્યુમેન્ટ કરવાના હોય નહિ. રાંડા થતી હોય તો ભલે કરે. જેનામા જૈન સંસ્કાર છે, તેને પણ જૈનશાસનનુ તત્વ બુધ્ધિમા બેસાડવુ મુશ્કેલ છે, તો પછી અનાર્ય માટે તો આટલી ટોપ અધ્યાત્મિક વાતો, ઉંચો માર્ગ, ઉંચો ધર્મ કેમ ફાવે. તેઓને તો સામાજીક પ્રવૃત્તિ હજુ ગમે.

સામાજીક પ્રવૃત્તિને આપણે ધર્મનો અંગ કહીએ છીએ. પણ ધર્મ તો ન કહીએ. આવો ધર્મ તેમને બેસે? તેઓને તો ભણાવીને આવા ધર્મની માહિતિઓ આપી દઇએ તો ઉલટી ઇમપ્રેક્ટીકલ વાતો લાગે. અને પછી જૈનધર્મ માટે ગમે તેઓ અભિપ્રાય બાંધી દે. જેમ તેઓ આગમ ભણાવતા હોય તે કદાચ દારુ પીતા, સીગરેટ પીતા હોય. ભણાવનાર પણ આવા અને ભણનાર પણ આવા હોય તો મહાન અનર્થ થાય.

માટે જૈનની સંખ્યા ઓછી છે. ભગવાનના સમયમા પણ જૈનધર્મની વિપુલ સંખ્યા નહોતી. ગમે તેટલી સારી અને સાચી વાત, કડવા વાતને સ્વીકારનાર ડેરલાક નીકળે, તમને બધાને શ્રાવકધર્મના આચાર પણ કઠણ લાગે છે ને, આવા આચારો અન્ય ધર્મમાં ક્યાંય નથી. માટે બીજા ધર્મ કરતા જૈનધર્મની સંખ્યા અલ્પ જ રહેવાની, માટે મેજોરીટીની વાત નથી કરતા. અમને આવો ધર્મ મળ્યો છે માટે અમે મહાભાગ્યશાળી છીએ. અમારો ધર્મ બીજા ધર્મને વખોડવાની વાત ક્યાંય નથી કરતો.

કોઇ ધર્મનો અનુયાયી તેના શાસ્ત્ર પ્રમાણે ઉપાસના કરતો હોય અને અધ્યાત્મ-ગુણોનો વિકાસ કરતો હોય તો નક્કી તેનુ કલ્યાણ થશે. માટે બીજા ધર્મમા રહેલો છે તે નકામો છે, તેવુ નથી, પણ બધા ધર્મ સાચા અને સારા તેમ તો ન જ કહેવાય. નહીંતર મહાપાપ લાગશે. અને મિથ્યાત્વનો મોટો દોષ લાગશે.

એક વસ્તુને એક સારી કહે અને બીજો તે જ વસ્તુને ખરાબ કહે. માટે બધાએ તેને સારી અને સાચી ન જ કહેવાય. આ ખોટુ જાણ્યા પછી તેના પ્રત્યે દ્વેષ કે તિરસ્કાર નથી કરવાનો. જેટલુ ખોટુ છે તેને ખોટુ અને જેટલુ સાચુ છે તેને સાચુ કહેવાનુ છે. એટલે હીનગુણીનો અર્થ શુ? કે ગુણીયલ છે. પણ અન્ય ધર્મમા હોવાના કારણે માર્ગ પામ્યા નથી. માટે તે હીનગુણી છે. તેમના પ્રત્યે ભક્તિ કે બહુમાનનો ભાવ ન આવવો જોઇએ પણ અદ્વેષ અને કરુણાનો ભાવ આવવો જોઇએ, પરંતુ ભક્તિ અને બહુમાનનો ભાવ પ્રગટે તો મિથ્યાત્વ કહેવાય, આમ તેઓ ગુણીયલ છે. પણ અન્ય ધર્મમા હોવાના કારણે માર્ગ પામ્યા નથી. જોકે જૈનધર્મમા પણ આવા જીવો હોઇ શકે છે. માટે જેવી કક્ષા હોય તેવો ઉપરોધ લેવાય. જો આ વાત મગજમા નહિ બેસે તો વ્યવહાર ગોટાળોવાળો થશે. તમે કહેશો કે અમારાથી આપણા ઉંચા સાધુસંત છે. તો તેમની ભક્તિ કેમ ન કરી શકીએ. પણ આનો એક જ જવાબ છે, તેઓ માર્ગને પામ્યા નથી માટે. જેમ રમણમહર્ષિ, પ્રસિદ્ધ

સંત છે, સારી વાતો કરે છે. ભૂતકાળમા પણ નરસિંહ મહેતા, મીરા, કબીર, તુકારામ આવાની ઘણાની વાતો આવે છે. તેઓમા પણ ઘણી સારી વાતો છે પણ તેઓ માર્ગ ભુલેલા છે, તેવુ તેમના વ્યવહારમાંથી નીકળતો. માટે ગુરુપદમાં ભક્તિયાત્રા તરીકે સ્થાન ન આપી શકો. વધુમાં મિથ્યાત્વ લાગતો. આ બધુ કનવીન્સ થવુ જોઈએ. ઘણાને લાગે છે કે આ બધી વાતોથી અમે લોક વ્યવહાર ચુકી જઈએ છીએ. અમારા ફ્રેન્ડ-સર્કલમાંથી અમારા દેરાસર, ઉપાશ્રય આવે છે, હાય બોડે છે, તો પછી અમારે પણ વ્યવહાર સાચવવો જોઈએ.

સભા:- મીરાને હીનગુણી કહી શકાય?

સાહેબજી:- તેમનામા ભક્તિ છે, પણ વિવેક નથી. જૈન શાસનના વિવેક નામનુ તત્વ ક્યાંય તેમના જીવનમા દેખાતુ નથી. આમ તેમનુ જીવન સન્યાસી છે, કૃષ્ણભક્તિમા તન્મય છે. તેઓ રાજરાણી છે, પરંતુ વૈધવ્ય આવેલુ છે. રાજરાણી તરીકે કેટલી મર્યાદા જોઈએ. પરંતુ ભક્તિ માટે, રસ્તા વચ્ચે કૃષ્ણનુ ગીરધર ગીરધર નામ લઈને નાચવા માંડે, સ્ત્રી તરીકે કુળમર્યાદા ચુકી જાય છે. તેમના જેઠ સાધ્વા હતા અને તેમણે કહેડાવ્યુ કે પ્રભુભક્તિ કરવાની ના નથી, પણ મહેલમા કૃષ્ણમંદિર બંધાવી ભક્તિ, ઉપાસના કરો. પરંતુ આ રીતે રસ્તા વચ્ચે નાચો, કપડાના ઠેકાણા ન રહે. લોકોનુ ટોળુ ભેગુ થાય. મીરાએ જવાબ મોકલ્યો કે પ્રભુમા એટલી તલ્લીનતા આવી જાય છે કે હું દુનિયા વીસરી જાઉ છુ. માટે આવા બંધન નહિ રાખે. જેથી તેમના જેઠે કહ્યુ કે આ કુળબંધન ન રાખતા હોય તો ઝેરનો પ્યાલો મોકલ્યો છે, તે પી જજો. વિચારજો સ્ત્રી મર્યાદા શુ હોય?

અત્યારે તમારે લગ્નમાં દીકરીઓ, કુળવધુઓ નાચતી હોય છે, જાહેરમા ડીસ્કો નાચે? ગરબા કરાઓ. તમારુ નાચવુ એ મર્યાદા બહારનુ છે ને? જાહેરમા ડીસ્કો નાચે? સામાન્ય વિવેક ભુલી જવાય તેવી ભક્તિને શુ કહેવુ?

સુલસાની ભક્તિને મીરાની ભક્તિ સામે મૂકી શકાય? તે પરમભક્ત શ્રાવિકા છે. તે કોઇ વખત રસ્તામા નાચ્યા હોય તેવુ બન્યુ છે? માટે બરાબર કમ્પેર કરજો. અંબડશ્રાવકે તેમની પરીક્ષા કરવા સાક્ષાત બ્રહ્માનુ, શંકરનુ, વિષ્ણુનુ રુપ કર્યુ છે, છતા તે રસના મસ્ત થતા નથી. તેમજ પચ્ચીસમા તીર્થંકરનુ રુપ બનાવ્યુ છે, છતાં તેને જોવા જવાનો ભાવ કે કુતુહલ થયુ નથી. વિવેકમા કેટલા અડગ છે. આખુ નગર ઉમટ્યુ છે. ઉમટકાથી દર્શન કરવા જવાનો સવાલ નથી પણ જીજ્ઞાસા કે કુતુહલ પણ થયુ નથી.

મીરાની ભક્તિ પણ કાંઇ સ્વાર્થી કે મતલબી નથી. એ પણ પરમ ઉપાસક છે. પરંતુ ઇશ્વર તત્વમાં ગુરુ-દીક્ષનો વિવેક નથી. જેમની મુદ્રામાં વૃક્ષ હોય, હાથમાં સર્પ છે બાજુમા પાર્વતી છે. આ બધુ ખરા ઇશ્વર તત્વમાં હોઇ શકે? ખાલી સ્વરુપ જોઇને નાચે છે? માટે ખાલી સમર્પણ માત્રથી વિવેક આવતો નથી. માટે મીરા કરતાં સુલસાનું સ્થાન હજાર અસંખ્ય ઘણુ ઉંચુ છે.

સંભા:- મંદોદરી નહોતા નાચ્યા?

સાહેબજી:- તેઓ કાંઇ શું ગામ વચ્ચે નાચેલા? તેઓ તો મહાસતી હતા. રાવણ પણ મહાપુરુષ છે. બન્ને જણા મહાન છે. નહિ સમજનારા રાવણને ગમે તેવા ચિતરે છે. અત્યારે ઉપદેશકો પણ કહે છે કે તમારે રામ બનવું છે કે રાવણ બનવુ છે? પરંતુ તમારી રાવણ થવાની પણ શું ત્રેવડ છે?

આર્યદેશની સ્ત્રી નૃત્યકળા ન જાણે તેવુ હોય? રાજપુત્રીઓ, મંત્રીપુત્રી, શ્રેષ્ઠિ પુત્રીઓ ૬૪ અથવા ૭૨ કલાને ભણતી હતી. **ભલભલાના મન મોહી લે તેવી તેમની કલાઓ હોય. પણ બધી કલાઓનો ઉપયોગ ક્યાં કરે? દેવ-ગુરુ અથવા પોતાના પતિને તેનાથી પ્રસંદ કરે.**

મંદોદરી રાવણ ઉપર નાચ્યા છે ત્યાં એકાંત છે. પ્રભુ સામે ભક્તિ કરતાં નાચે છે. ત્યારે રક્ત રાવણ સામે છે. સામતો સીતાજી પણ નાચ્યા છે. ત્યારે વનમાં રામ, સીતાજી, ભરતજી જઇ રહ્યા છે

ત્યાં નાની ટેકરી આવે છે. તેના પર એક મહાત્મા કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા છે. તેમની મુદ્રા, જોઈને ભાવવિભોર તેઓ થયા છે, માટે તેઓ પહાડ ઉપર જાય છે. વિનયથી તેઓને ત્રણ પ્રદક્ષિણા આપી વંદન કરે છે. તે વખતે આજુબાજુ કાંટા, પથરા, છવાયેલા જોઈને થાય છે કે તેઓને જરાપણ શરીરની પડી નથી. કેટલા નિર્મમત્વી છે? કેવી સાધના છે? આના પર જરાપણ ચાલે તો પગ વીંધાઈ જાય, તેવી સ્થિતિ છે. માટે તેઓ આજુબાજુનો એરિયા સાફ કરે છે. પાણી છાંટી, સુંગંધીન પુષ્પો પાથરી વાતાવરણ સુગંધી કરે છે. ત્યારે ભક્તિન કારણે સીતાજી નૃત્ય કરે છે અને રામ વાંજીત્રાં વગાડે છે. પણ હાજરી કોની? પર પુરુષ નહિ ને? બધે મર્યાદા હોય છે. હા, લક્ષ્મણજી તો આંખ ઉંચી કરે તેવા નથી. તેમના માટે ગમે તેવી કલ્પના પણ ન કરી શકાય.

હા, આવા ગુરુ સામે નાચી શકાય, પણ અમારી સામે ન નાચી શકાય. કારણ અમારી એવી ભૂમિકા નથી, ઉક્રા નથી.

માટે સુલસા, મયણાની ભક્તિને કાંઇ મીરાની ભક્તિ સામે સરખાવી શકાય નહિ, કારણ જમીન આસમાનનો તફાવત છે.

સભા:- મીરા, નરસિંહ મોક્ષમાર્ગ પામેલા હોય?

સાહેબજી:- મિથ્યાત્વ છે. મોક્ષમાર્ગ પામેલા છે તેવું એકાંતે ન કહી શકાય. પણ વૈરાગી છે, સંસાર રસીક નથી. વૈરાગ્યને પામેલા છે. જેનામાં વૈરાગ્ય ન હોય તે પ્રસંગે આવુ ન બોલી શકે કે "ભલુ થયુ ભાંગી જંજાળ જ્યારે તેમની પત્ની ગુજરી ગયા ત્યારે આવું બોલેલા. હજુ પરંતુ ઔચિત્યનો તેમનામાં વિવેક નથી.

સાચો માર્ગ પામેલા હોય, પ્રભુનુ શાસન પામેલા હોય. તેનામાં કઠીન વ્યવહાર આવે છે.

સભા:- પણ સાહેબજી માર્ગાનુસારીના ગુણો તો હતા ને?

સંદેહભજ:- માર્ગાનુસારીના ગુણોમાં અમુકમાં તેમને થાપ ખાધી છે. મર્યાદા પણ માર્ગાનુસારીના ગુણોમાં એક ગુણ છે. તેમાં ખામીને ખામી ન સમજે તો દોષ છે. અહિંયા મારા તારાનો ભેદ નથી.

અત્યારે સાધુઓ પણ એક બાજુ સુલાસાને ઝૂકે અને બીજી બાજુ મીરાને ઝૂકે પણ તે યોગ્ય નથી. બન્નેના ડેલીવરમાં ઘણો જ તફાવત છે.

હીનગુણીને અધિક ગુણી માનો તો પણ મિથ્યાત્વ લાગે. અમે પણ પાટ પર બેસીને ગમે તેને ગમે ત્યાં સરખાવીએ તો મહાદોષ લાગે. પરંતુ અત્યારે લોકોને આવી જ વાતો ગમે છે.

ઇશુખ્રિસ્ત, મહમંદ પયગમ્બર, અન્ય સાધુ સંતો તથા મહાવીર આ બધા મહામાનવ છે, વિશેષ મહાપુરુષો છે, સમાજ ઉપર ઉપકારક છે. આવી રીતે બોલીને મહાવીરને તેઓની સાથે સરખાવાય નહિ. હલકા લેવલના સાથે પ્રભુને સરખાવો તો કેવી અજ્ઞાતનાનું પાપ લાગે.

મીરા, નરસિંહે કાંઇ અમારુ બગાડ્યુ નથી. અમને કોઇ મારાતારાનો ભેદભાવ નથી. તેમનામાં ગુણ હતા તેની અમે કદર કરીએ છીએ પણ તેમના લેવલ પ્રમાણે.

માર્ગાનુસારીના ગુણોમાં માતાપિતાની ભક્તિ તથા પોષ્યવર્ગનું પોષણ કરવું આવો ગુણ આવે છે. જે નરસિંહમહેતાના જીવનમા ઘટે છે?

હા, મા-બાપની ભક્તિ જ હોય તે કાંઇ પોષ્ય નથી. પોષ્ય તો જે આશ્રિત હોય તેનુ પોષણ કરવાનું છે. મા-બાપ ભક્તિ પાત્ર છે. બીજા વગેરેનુ પોષણ કરવાનું છે.

નરસિંહ મહેતાના ઘરમાં હાંડલા ખખડતા હોય છે. ખાવાપીવાના જરાપણ ઠેકાણા નથી. છતાં આખો દિવસ ભક્તિ કરતાં, ભજનો ગાતા ફરે. તથા ગામમાં પણ તેમની શું છાપ હતી? એક વખત શું થયુ કે કુંવરબાઇના મામેરામાં લગ્ન છે. જાન આવવાની છે. ઘરમાં લોટ, ઘી, તેલ કાંઇ નથી. શું કરશું? માટે પત્ની કહે છે તમે બજારમાં જઇને

જઈને લઈ આવો. બહુજ કહેવાથી તેઓ ગયા પણ શું થયું? જોવા તેમને દૂરથી આવતા વેપારીઓએ જોયા એટલે કહેવા માંડ્યા કે મહનીવા આવ્યાં. વગર કારણે શરમમાં પણ આપવુ પડશે. આગળનુ તો ચુકવ્યું નથી, આ નવું પડાવવા આવ્યો છે. માટે ઘણા વેપારી પાછળથી ઘરે જતા રહ્યા, કોઇક બાજુની દુકાનમાં કામસર ચાલ્યા ગયા. ઘણાએ દરવાજા બંધ કર્યા.

ધર્મીની આવી છાપ વ્યવહારમાં હોય તે શું ઉચીત છે? ના, સાધુ થાય તેની વાત જુદી છે. એક વખત સંસાર માંડ્યા પછી તેની શું જવાબદારી આવે? માટે આવી રીતની ભક્તિને ભક્તિ કહેવાય કે કામભક્તિ કહેવાય? સંસાર માંડ્યા પછી સંસારના કર્તવ્યો મૂકીને ધર્મ કરે તે વ્યાજબ નથી. ધર્મીની આવી આવશ્ક હોય તો ધર્મ નિંદાય છે. મહેના તો કેઠવાડે જઇને ભજનો ગાય. આ બધુ માર્ગાનુસારીના ગુણોમાં આવે?

સલા:- બધા જીવ સમાન સાહેબ.

સાહેબજી:- જો એવું જ હોય તો પછી પ્રભુ આદિનાથે શું કામ શાન્તિ, કુળની વ્યવસ્થા સ્થાપી?

માટે ધર્મના નામથી અધર્મ કરાય નહિ. અને આ બધા વ્યવહારથી અધર્મ જ થાય.

ઘણા કહે છે કે ભગવાન મહાવીરે ક્રાંતિ કરી. એ કાળમાં જ્ઞાતીના નામથી બધુ બંધીયાર હતું જે તેમને ઘુડુ કર્યું. એટલે એનો મતલબ શું થયો કે ઋષભદેવપ્રભુએ જે વ્યવસ્થા સ્થાપી હતી તેને પ્રભુ મહાવીરે જડ મૂળથી ઉખેડી નાંખી. આવુ બોલાતુ હશે? તમારે કંઇ પણ કહેવુ હોય તો પ્રમાણિકતાથી શાસ્ત્રના ક્વોટેશન સાથે બોલાય. પણ જૈન શાસનના નામથી એમનેમ મન ફાવે તેમ બોલે તે ચાલે? ના કદાચ વ્યક્તિગત કોઇની માન્યતા હોય તો કહે "હું આમ માનુ છુ". પણ આવી

બોલનાર સમજતાં નથી કે આવી અજ્ઞાતનાથી કેવા ઘોર કર્મો બંધાય છે.

માર્ગાનુસારીના ગુણમા પણ બતાવ્યુ છે તમારે સંતાનના લગ્ન બાબતમાં પણ સમાન કુળ, સમાન જાતિ, ભિન્ન ગોત્રવાળા સાથે જ લગ્ન વ્યવહાર કરવો નહિતર દોષ લાગે. માટે બધે વિવેક આવશે.

માટે જે કીતની વ્યક્તિની કક્ષા હોય તે પ્રમાણે વ્યવહાર કરવાનો આવશે. અમે કાંઇ હીનગુણી કેમથી નથી કહેતા. માટે તમારે અધિકગુણી શુ ? હીનગુણી શુ ? તેનું બરાબર એનાલીસીસ જોઇએ.

જેમ મીરાનું વર્ણન આવે તો તમે ડોલવા લાગો ને ? પણ તે બરાબર નથી, અવિવેક સૂચવે છે. તેઓ રાણી હોવા છતાં સંસારના મોજશોખનો ત્યાગ કર્યો છે, વૈભવથી વિકારોનો કેવો ત્યાગ કર્યો છે ? તેમના સમર્પણ, ભક્તિ પણ કેવા છે ? પરંતુ આટલુ હોવા છતાં તેઓ માર્ગને પામેલા ન હોવાના કારણે આટલો પુરુષાર્થ હોવા છતાં તેઓ કેટલુ ઓછુ પામી શકે છે. માટે આવા વિચારથી તમને તેમના તરફ કરુણાભાવ, અદ્વેષનો ભાવ આવવો જોઇએ. અને તેની સામે તમને થવું જોઇએ કે હું કેટલો ભાગ્યશાળી છુ. કે આવું વિશેષ મને દેવ-ગુરુ-ધર્મ તત્વ મળ્યુ છે. જો મને આ જૈનશાસન ન મળ્યુ હોત તો આવા વિશેષ તત્વની ઓળખ થતે નહિ. માટે હું કેટલો ભાગ્યશાળી છુ. આવો ભાવ આવવો જોઇએ.

હવે મીરાના ઇશ્વર તત્વમાં વર્ણન કેવું આવશે? જે ઇશ્વરતત્વમાં ક્યાંય મેચ થાય તેમ છે? છતાં તેને ઇશ્વર તત્વ માનીને ભજે તો તે કેટલો અવિવેક સૂચવે છે.

કોઇ ધર્મના શાસ્ત્રો અમારે ભણે વીતરવાના નથી. પણ ઇશુ ખ્રિસ્તની વાત તો બાઇબલમાંથી, પયગમ્બરની વાત તો તેમના કુરાનમાંથી વાંચેલી છે. શ્રીમદ્ ભગવત્ ગીતા આ બધા મારી ભર્તે મેં તેમના શાસ્ત્રો વાંચ્યા છે. અત્યારે તમે જો આવું આચરણ કરીને તો હું એમ માનુ છુ કે લોકો તમને જુત્તા મારે.

સભા:- માટે કરે છે ને કે કૃષ્ણ કરે તે લીલા _ ---.

સાહેબજી:- પરંતુ એ ન ચાલે. આવા ભક્તિભાવમાં પૂરો અવિવેક છે. આ બધું વર્ણન તેમના શાસ્ત્રોમાં જ છે. જૈનોમાં અંશ માત્ર વિવેક ન હોય તે સાચી ભક્તિ કઇ રીતે કરી શકે?

હવે વિવેકીને તો તરત જ થાય કે જે લીલા આપણામાં ન વસ્યી જોઇએ તે તો ભગવાનમાં કઇ રીતે ઘટે? જો એ ઘટતું હોય તો તે પરમાત્મ તત્વમાં કઇ રીતે આવી શકે! માટે વિવેક હોય તો જ સાચા તત્વની ઉપાસના કરી શકાય છે. માટે અન્યધર્મના માર્ગ પામેલા નહિ હોવાના કારણે હીનગુણી કહેવાશે, પરંતુ તેમના પ્રત્યે અણગમો રાખશો તો પાપ લાગશે, માટે અંગત રાગ-દ્વેષ ન જોઇએ, પરંતુ અદ્વેષ અને કરુણા ભાવ જોઇએ, અને આ વાત ન સ્વીકારો તો સમકીત આવી શકશે નહિ. જેને આ વાત પ્રત્યે દ્વેષ છે, તેને જિનવચન પ્રત્યેનો દ્વેષ છે. અન્યધર્મમાં ગુણ છે, પણ તેમની કક્ષા નીચી છે, માટે મીરામા જેટલા ગુણ છે, પણ માર્ગ નહિ પામેલા હોવાના કારણે, કેરીવાલ નીચુ છે. અન્યધર્મના સદ્‌ગુરુ જો ભગવાનની આજ્ઞા મુજબના હોય તો અમે પણ અનુમોદના કરીએ છીએ.

સભા:- ચિત્તમાં કે મોઢેથી?

સાહેબજી:- અનુમોદના ચિત્તથી થાય, પ્રશંસા મહેરમા થાય. પ્રશંસા, અનુમોદના કોની કરાય, કોની ન કરાય, તેના ભેદ શુ? કરવા જેવાની ન કરીએ તો શુ થાય, ન કરવા જેવાની કરીએ તો શુ થાય, તેનુ બધુ વિવરણ ધર્મપરીક્ષા નામના ગ્રંથમા આપ્યુ છે.

ઉંચી કક્ષા સાથે નીચી કક્ષાને ન ભેડાય. એક બાજુ મીરાને મૂકો, બીજુ બાજુ મથુરાને મૂકો તો આશાતના થાય. મથુરાની ભક્તિ, વિવેક કેવો છે તે ખબર છે? અરેખર તે વિદિશાર ગીતાર્થ જૈનશ્રાવિકા છે. લાખોમાં ન મળે તેવી શ્રાવિકા છે. માટે ગમે તેને ગમે તેની સાથે તુલના થાય નહિ, નહિ તો આશાતનાનું પાપ લાગે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૮-૮-૯૫
ગુરુવાર
શ્રા.સુ. ૪ નમ

॥ યોગવિંશીકા॥

॥ પ્રકિર્ણાધાન॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ પ્રત્યેક જીવ પ્રત્યે ઉચીત વિવેકને દર્શાવનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ આમ તો જીવમાત્રની હીતચિંતા કરવી તેજ આ શાસનનું મુળભાવનું બીજ સ્થાન છે. આ જગતમાં જેટલા પણ જીવો છે તે બધા પ્રત્યે મૈત્રીભાવ કરવાની આ શાસન વાત કરે છે.

મૈત્રી એટલે શું ? બધા સાથે હળીમળીને રહેવું, લાગણી કરવી, ભેટી પડવું તેનું નામ કાંઇ મૈત્રીભાવ નથી. જો મૈત્રીભાવનો આવો અર્થ હોય તો જેટલો બીજનો પરિચય વધારે તેટલો મૈત્રીભાવ વધારે કહેવાય. અમે પરિવારને છોડ્યા એટલે અમારો મૈત્રીભાવ નથી એમને ? બધા સાથે મિત્રતાનો ભાવ કેળવો એટલે કે જેટલું ફ્રેન્ડસર્કલ મોટુ તેમ મૈત્રીભાવ વધારે. ખરુને ? અમારે તો કોઇ ફ્રેન્ડસર્કલ નથી. માટે અમે મૈત્રીભાવ કરવા લાયક નથી ને ? તમે સામા જીવ પ્રત્યે રાગદ્વેષ કરો તેવી વાત નથી. પરંતુ તેની હીતચિંતા કરવી તેવું શાસ્ત્ર કહે છે

પ્રત્યેક બીજા જીવોની હીતચિંતા કરવી એટલે મૈત્રી કહેવાય. આત્મીક અને ભૌતિક બેઉ રીતે હીતચિંતા કરી એટલે મૈત્રી કહેવાય. એકલી ભૌતિક હિત ચિંતા કરો તો તે મોહજન્ય મૈત્રી કહેવાય. મૈત્રી માટેનું સ્થાન હિતચિંતા જોઇએ. પછી ભલે કોઇના પર ગુસ્સો આવે પણ તે જો તેની હિતચિંતામાંથી હોય તો તે મૈત્રી છે. જો નમને લાગણી પણ ઉભરાતી હોય પણ જો તેની તેમાં હિતચિંતા ન હોય તો મૈત્રી ન કહેવાય. ઘણા શું કહે છે કે દ્વેષ આવ્યો એટલે મૈત્રી ચાલી જાય. પરંતુ શિષ્યનું જો અહિત થતુ હોય તો ગુરુ ગુસ્સો કરે ત્યારે શું તેમનો મૈત્રીભાવ ચાલ્યો ગયો ? પરંતુ તેના તરફ મૈત્રીભાવ છે માટે ગુસ્સો આવ્યો છે ને ?

આપણામાં મૈત્રીભાવ જીવમાત્ર પ્રત્યે કરવાનો છે. બીજ કોઇ ભાવ જીવમાત્ર પ્રત્યે કરવાના નથી. દયા પણ જીવ માત્ર પ્રત્યે કરવાની નથી.

દયા દુઃખી જીવ પ્રત્યે કરવાની છે. તમારાથી હલકાની દયા હોય, કરુણા પણ જીવ માત્ર પ્રત્યે કરવાની નથી. પરોપકાર પણ જીવ માત્ર પ્રત્યે કરવાનો નથી. જીવ જે ભાવને યોગ્ય હોય તે રીતે જ તેના પ્રત્યે ભાવ કરવાનો છે. પરંતુ મૈત્રીભાવ સર્વવ્યાપી છે. મૈત્રીભાવ પ્રત્યેક જીવ પ્રત્યે કરવાનો છે. કરુણા, મધ્યસ્થ, પ્રમોદ અમુક ઠેકાણે જ કરાય. પણ મૈત્રીભાવ બધે કરાય છે. માટે મૈત્રીનો અર્થ બરાબર સમજવાનો છે.

જે જીવ પ્રત્યે હિતની દૃષ્ટિ ન હોય અને રાગ કરે તે મૈત્રી નથી. તેમ જે જીવ પ્રત્યે હિતની દૃષ્ટિ હોય અને દ્વેષ કરે તો પણ મૈત્રીભાવ કહેવાય.

ઘણા આપણે ત્યાં મૈત્રીનો ભાવ પ્રેમ કરે છે. જેટલો તમે જગતના જીવો સાથે પ્રેમ કેળવો તેટલો મૈત્રીભાવ વિશેષ કહેવાય. એટલે જ્યાં પ્રેમ છે ત્યાં મૈત્રીભાવ કહેવાશે આવું ઘણા માને છે પણ તમે દિકરા માટે મરીફીટો એવું વાત્સલ્ય હોય પણ તેની હિતચિંતા ન હોય તો તે મોહ, મમતા કહેવાય. પરંતુ આપણે તો જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ કેળવવાનો છે.

હવે મૈત્રીભાવ કેળવવા માટે હીનગુણ અદ્વેષ છે.

અત્યારે જીવને પોતાના દોષ કે ખામીને જોવાની અદ્‌ભુત શક્તિ છે. આપણા દોષ, ખામીને આપણે ગંભીરતાથી પકડી જાણીએ છીએ. જ્યારે બીજાના દોષ કે ખામી પ્રત્યે અસહિષ્ણુતાની દૃષ્ટિ હોય છે. જેમકે કોઈ વ્યક્તિના દોષ કે ખામી જોયા પછી તમે તેને બેચાર ઠેકાણે વાત ન કરો ત્યાં સુધી ચેન ન પડે. અને જાણો ત્યારે પણ તરત જ અસર થાય. જ્યારે તેને ખુલ્લા કરો ત્યારે જ વિરમત થાય.

અત્યારે ગુરુ પાસે આલોચના લેનાર કેટલા? જેને નથી લીધી તે તો પોતાના ગુપ્ત દોષોને ગુરુ પાસે જાહેર નથી કર્યા એટલે પોતાના પાપોને

પચાવી જાણ્યા છે.

સભા:- તેને ગંભીરતા કહેવાયને ?

સાહેબજી:- ગંભીરતા આવી હોય ? મરતાં સુધી પણ તે મોંમાં ન આવે. જ્યારે બીજના દોષ ઓછા વગર ન રહેવાયને ? જુવની આ ખાસીયત છે, સ્વભાવ છે.

બીજના દોષને પચાવવા, તેનામાં દોષ જોવા છતાં તેના ગુણની કદર કરવી તેજ હીનગુણ અલ્પેષ છે. આપણી ખામી જાણીએ છતાં આપણામાં જે ગુણ છે તેનો અહંકાર થાય છે. પોતાના દોષો હોવા છતાં આપણે પચાવી જાણીએ છીએ. અને આપણા ગુણની કદર વગર જરૂરે પણ કરીએ છીએ. માટે દરેક જગ્યાએ મુલ્યાંકન દૃષ્ટિ તટસ્થ જોઈએ. જે અંત માટેના ડાંડલા છે તે બીજ માટે જોઈએ. પરંતુ અત્યારે પ્રમાણિકતા નથી. બીજની ખામી જોવા પહેલી તેનું જે સારૂ પાસુ છે તેને જોઈ શકો તો ગુણોની કદર, અનુરાગ કરવાને તમે લાયક છો. તમારા સ્વભાવથી વિરુદ્ધ વિચારવાળા હોય તો તે તે તરત જ અણગમો થાય. તમે જેને સારૂ માનો તેવું જો બીજો વર્તન ન કરે તો તરત જ અસ્વસ્થ થાય, કહેશો કાંઇ કસ નથી. તેના માટે હલકો અભિપ્રાય બંધાઇ જાય છે. આવી પ્રકૃતિવાળા જુવોનું હૃદય એવું છે કે બીજના દોષોનો સ્વીકાર કરે, ગુણની કદર કરે તેમ નથી.

પોતે જે ધર્મ માને છે જે રીતે પ્રતિક્રમણ, સામાયિક કરે છે, તપ-ત્યાગ કરે છે, તત્વનુ જાણે છે, દયા-દાન કરે છે અને બીજા જો તે કરવાનું નથી કરતાં તો તેને લાગશે સામે જુવમાં કાંઇ કસ નથી. જે વિધિ પોતે જાણતે તે બીજા ન જાણતે તો તરત જ અસ્વસ્થ થાય. પોતે નવ અંગે બરાબર પૂજા કરે, અને બીજો જો તે રીતે બરાબર કરાય, જાણકારી ન હોવાના કારણે કે ઉતાવળને કારણે બરાબર ન કરે તો તે વખતે તમારી શું સ્થિતિ થાય? પૂજા કરવા આવે છે પણ પૂજા કેમ કરવી તેનુ પણ ભાન નથી. આવા જુવોને ડફોર થઇને કહેવા જેવું છે, માટે તમે અતિશય અસહિષ્ણુ છો!

આવી તો નાનીનાની અજયણા ઘણી થતી હોય છે. આમ પાછી પોતે

બીજુ કેટલીય અજયણા સેવતો હોય. પણ તેને તો બીજાની જ ખામી દેખાશે. સાધુપણામાં પણ અમને આવા ભાવ ન આવવા જોઈએ.

અમારે કોઈ દોષને સારો નથી કહેવો, અમે તેનો બચાવ પણ નથી કરતાં. પરંતુ જે ગુણ છે તેનું યોગ્ય મુલ્યાંકન તો કરવું જ પડશે. તો જ તમે ધર્મની કદર કરી શકશો. નહિતર ધર્મી જીવની ઉપેક્ષા કરનારને તેનાથી કેવુ પાપ બંધાશે?

ધર્મની ઉપેક્ષા કરવાથી ભવાંતરમાં ધર્મ તમને ન મળે. કોઈના પણ ગુણ, સદાચારની ઉપેક્ષા કરવી તે, તે દેવ-ગુરુ-ધર્મની જ ઉપેક્ષા થઈ. તેનાથી ધર્મ કે ધર્મની સામગ્રી ભવાંતરમાં ન મળે. જેનાથી જીવને કલ્યાણ કરવા માટેના દરવાજા બંધ થઈ જાય છે. હિંસા, ચોરીથી જે પાપ બંધાય તેના કરતાં આનાથી પાપ ભારી બંધાય છે.

ધર્મ કરનાર આવનાર વર્ગને નિંદા કરવાના ભાવને કારણે શું થાય ધર્મ કરવા છતાં ધર્મ કે ધર્મની સામગ્રી ન મળે અને પાપ બંધાય, બોધિ દુર્લભ થાય. સમકીત કે સમકીતનો માર્ગ મળવો દુર્લભ થઈ જાય.

ધર્મ કરનારને પ્રણિધાન પામવું હોય તો તેને ઈર્ષ્યાનો સંકલ્પ જોઈએ. તેમ તમારો એક નંબરનો વિરોધી હોય છતાં તે ગુણીયલ હોય તો તેના ગુણની કદર કરી શકો તેવી ઉદારતા જોઈએ. તમને જેની સાથે મેળ છે તેની કદર કરવી સહેલી છે પણ જેની સાથે મનભેદ, વિરોધ છે, વિરોધ ભલે સંસારીક કે ધાર્મિક હોય. તેવી વ્યક્તિના ગુણની વાત આવે તો તેને સાંભળવાની, પ્રસંગે યોગ્ય મુલ્યાંકન કરી તેની અનુમોદના બહુમાન કરી શકો તેવી ઉદારતા જોઈએ તો જ પ્રણિધાન આવે.

પ્રણિધાન પામેલો જીવ ગમે ત્યાં જાય તો પણ તેને ગુણની અનુમોદના હોવાના કારણે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. કારણ કેટલા પણ અધ્યાત્મના ગુણો પામેલા છે, મોક્ષમાર્ગને પામેલા છે તેવા જીવો

પ્રત્યે બહુમાન પડ્યુ છે. પરંતુ આ કરવા માટે આખા હૃદયનું પરિવર્તન કરવું પડે.

એક દૃષ્ટાંત છે. કુમારપાળનું. આ દૃષ્ટાંત ધર્મ દૃષ્ટીએ નથી પણ વ્યવહારીક દૃષ્ટીએ છે.

સિદ્ધરાજ અને કુમારપાળને પૂર્વભવનું વૈર ચાલ્યુ આવે છે. કટ્ટર દુશ્મન છે. એકબીજાને મારવા તૈયાર થાય તેવી સ્થિતિ હતી. એકબીજાને બરબાદ કરવામાં બાકી નથી રાખ્યું. સિદ્ધરાજની મુળરાજના વંશની આઠમી પેઢી ચાલી આવે છે. હવે સિદ્ધરાજને કોઈ સંતાન નહોતુ. માટે તેને સારા જ્યોતિષીને પૂછ્યુ કે મારા પછી ઉત્તરાધીકારી કોણ થશે ? જે ગુજરાતનો સમ્રાટ થશે. જ્યોતિષીએ અંગના લક્ષણો જોઈને કહ્યુ કે કુમારપાળરાજા થશે. તે સિદ્ધરાજના કાકાનો દિકરો છે. છતાં આ વાત સાંભળીને આગલા ભવના વેરના કારણે તેને અંદર લાવા લાગી, દ્વેષ આવ્યો છે. આ ભવમાં તેને કાંઇ તેનું બગાડ્યુ નથી. છતાં પણ આટલો દ્વેષ થયો છે. હવે તેને જેની સાથે કોઇ સંબંધ નથી તેવી વ્યક્તિને પકડી લાવી તેને સામ્રાજ્ય સોંપવાની તૈયારી કરે છે. અને ફરમાન કરે છે કે કુમારપાળને હાજર કરી શુળીએ ચઢાવી દો. પરંતુ તેમનું પુણ્ય હોવાના કારણે તેઓ છટકી ગયા. પરંતુ તેના હાથમાં સત્તાના સૂત્રો હોવાના કારણે ૧૫-૧૫ વર્ષ સુધી સતાવવામાં બાકી નથી રાખ્યુ. કુમારપાળને નથી ખાવાના ઠેકાણા, નથી પીવાના ઠેકાણા, ત્રણ ત્રણ દિવસ સુધી લાંઘણો થઇ છે અને પારણામાં માંગીને ચણા લાવીને પારણુ કર્યુ છે. જેના પર આટલુ વીત્યુ હોય તેના પ્રત્યે કેવો દ્વેષ હોય ? ૫૦ વર્ષ સુધી તેમને દુઃખ પડ્યુ છે. ઘણી વખત આપઘાતના વિચારો પણ કર્યા છે. પરંતુ રાજ મળ્યા પછી હેમચન્દ્રસૂરિ મળવાથી ધર્મને પામ્યા છે. પુણ્ય તપતું હોવાના કારણે રાજ મળ્યુ છે.

હવે એક વખત રાજસભામાં જાહેરમાં તેમના મંત્રી જે પરમ શ્રાવક,

અનુભવી, વયોવૃદ્ધ છે તેમનું નામ ઉદયનમંત્રી છે. તેમને પૂછ્યું કે મારા અને સિદ્ધરાજ વચ્ચે શું તફાવત છે? આ મંત્રીએ બન્ને પેઢી જોઈ છે. બન્ને રાજા સાથે ઘનિષ્ટ પરિચય છે. તેઓ પવિત્ર, વફાદાર છે. તેમને જાહેરમાં પૂછ્યું છે કે બન્નેમાં શું વિશેષતા, શું ખામી છે. આખી સભાને થયું છે શું જવાબ આપશે. **ઉદયનમંત્રી સાત્વીક શ્રાવક છે. મારે રાજકાજ માટે ચાંપલુસી કરે તેવા નથી. તેથી તેઓ કરે છે**

તમારામાં ૯૮ દોષ છે અને બે ગુણ છે જ્યારે

સિદ્ધરાજમાં ૯૮ ગુણ હતા અને બે દોષ હતા.

જાહેરમાં પોતાના દુશ્મનના વખાણ સાંભળવાના છે? તમને તમારા દુશ્મનના આવા વખાણ જાહેરમાં સાંભળવાના આવે તો સાંભળી શકો ખરા? વખાણ કરનાર માટે પણ અરુચી થાય ને? હવે આવા સ્વભાવવાળા પ્રણિધાનને પામી શકો ખરા? જે તમારો વિરોધી છે તેના તરફ તમને અભાવ છે. એટલે તેના વ્યક્તિત્વ પ્રત્યે અરુચી આવી. એટલે તેના ગુણ પ્રત્યે અરુચી થઈ. અને ગુણ અને ધર્મને અભેદ છે. માટે તમને ધર્મ પ્રત્યે અરુચી થઈ.

જગતમાં રહેલા જીવોના અધ્યાત્મ ગુણો તેજ ધર્મ છે. માટે અલ્ટીમેટ શું થયું? અધ્યાત્મના ગુણો પ્રત્યે દ્વેષ છે. માટે ધર્મ માટે જ દ્વેષ છે. માટે જે ગુણની અરુચી થઈ તે ગુણના વિરોધી અંતરાય બંધાય. ભવિષ્યમાં તે ગુણો ન પામી શકો, પામવાની ઇચ્છા પણ ન થાય. સામગ્રી જ ન મળે. જેથી તમારા વિકાસમાં આડખીલી ઉભી થાય.

આખુ જગત આવા ભાવોથી પીડાય છે માટે પ્રણિધાન પામેલા ઓછા જીવો હોય છે. માટે ભાવપૂર્વકનો ધર્મ હોય તેવા ઘણા જ ઓછા જીવો હોય. જેનામાં ભાવપૂર્વકનો ધર્મ નથી, તેનો ધર્મ મોક્ષનું સાધન નથી બનતો. માટે આપણે આટલો ધર્મ કર્યો છતાં મોક્ષ થયો નથી. કારણ આજ કડી ખૂટતી હતી.

હવે ઉદયનમંત્રીએ કહ્યું ત્યારે તે વાત સાંભળીને કુમારપાળે જરાપણ અણગમા વગર ખુલાસો કરે છે કે મારામા કયા દોષ હતા અને કયા ગુણ હતા ? અને સિદ્ધરાજમાં કયા દોષ અને ગુણ હતા ?

આમ મંત્રીને સિદ્ધરાજ કરતાં કુમારપાળ માટે વધારે સદ્‌ભાવ છે. આમ સિદ્ધરાજ કાંઈ નાસ્તિક, ધર્મશુન્ય નહોતા. તે પણ પાપ, પુણ્ય, પરલોક માનતા હતા. સિદ્ધરાજ હેમચન્દ્રસૂરિને પોતાની રાજસભામાં માનભેર બોલાવતા, તેમનો ઉપદેશ, પ્રેરણા પણ ઝીલતા હતા. ગુરુ તરીકે મહેલમાં પધરામણી કરાવી છે અને ત્યારે તેમની આરતી પણ ઉતારી છે. પણ ધર્મની દૃષ્ટીએ સ્ટેજ કુમારપાળનું ઉંચુ છે. છતાં કહે છે સિદ્ધરાજની પ્રકૃતિ અને તમારી પ્રકૃતિને મેળ ખાય તેમ નથી. સિદ્ધરાજની ઉદારતા પાસે તમે કૃપણ છો. તેમની ગંભીરતા, સેવકો પ્રત્યે માયાપણાનો ભાવ, ખેલદીલી કેટલી ! આ બધા ગુણો હોવા છતાં તેમનામાં બે દોષ હતા.

૧) યુદ્ધમાં શૌર્ય નહોતુ જે ક્ષત્રિયમાં જોઈએ અને

૨) પરસ્ત્રી પ્રત્યે સદાચાર નહોતો.

જ્યારે આજ બે ગુણ જે મહત્વના છે તે તમારામાં છે. તમે બેઉલવીર છો અને પરસ્ત્રી સદાચારી છો. ઉદયનમંત્રીએ આ દોષોનું કુમારપાળને ધ્યાન દોર્યુ માટે તેઓ ખુબ રાજી થયા છે. બીજાના ગુણોનો પણ વિચાર કરે તેવી પ્રકૃતિ છે. આવી વ્યક્તિ જો ધર્મ કરવા આવે તો પ્રણિધાન પામી જાય. પણ જે અસહિષ્ણુ છે તેને અદ્વેષ કેળવવાનો મુશ્કેલ પડે.

કહેવાય છે કે ઉદાર, ખેલદિલ હોય તેવાની દુશ્મની પણ ખરાબ નથી. કારણ સાચા, સારા ગુણોની કદર તેમનામાં હોય છે.

તેમ રામાયણ, મહાભારતમાં પણ આવા પાત્રો થયા છે. જ્યારે મહાભારતનુ યુદ્ધ રચાયુ ત્યારે યુદ્ધ મેદાનની વાત છે. એક બાજુ કૌરવનુ લશ્કર એક બાજુ પાંડવનુ લશ્કર છે અર્જુન સાથે લડવાની

તૈયારી છે. તે વખતે યુધિષ્ઠિર રથમાંથી નીચે ઉતરે છે. સાથે અર્જુન, ભીમ બધા જ સાથે નીકળીને સામેના લશ્કરની હરોળમાં ભિષ્મ પિતામહને ત્રણ પ્રદક્ષિણા આપી વિનયથી હાથ જોડી યુદ્ધ કરતાં પહેલા આશીર્વાદ લેવા આવ્યા છે. ભિષ્મ પિતામહ કૌરવના પક્ષે છે. માટે તે હોય ત્યાં સુધી તેઓ કૌરવોને મહાત કરી શકે તેમ નથી.

ભીષ્મ પિતામહ સમ્યક્ત્વધારી, બારવ્રતધારી શ્રાવક છે. પાંચમા ગુણ સ્થાનકે છે.

સભાઃ- તો પછી કૌરવોના પક્ષે કેમ છે?

સાહેબજીઃ- મહાપુરુષોના પાત્રોને સમજવા પણ લેવલ ઉંચુ જોઇશે. ભિષ્મ પિતામહ દાક્ષિણ્યતા ગુણના કારણે કૌરવોના પક્ષે રહ્યા છે. તમને તો આ ગુણ શું છે તેજ ખબર ન હોવાના કારણે તેને કેળવવાની તો વાત જ ક્યાં રહે? ભીષ્મને નમાલા કહીએ તો તેમની આશાતના થાય. તેઓ વિશિષ્ઠ ધર્મિષ્ઠ છે, જીંદગીમાં સાચી વાત કહેવામાં પાછી પાની કરી નથી, તેઓ સત્યવાળા છે. તેમને બધે સાચી સલાહ જ આપી છે. કોઇના માટે પણ અહિતકારી ભાવ થયો નથી.

તેમને રૈન્સ ઓફ ઓલ્લીજેશનના કારણે કુ કઇ રીતે દુર્યોધનને ના પાડુ? તેને તેમની ખુબ જ ભક્તિ, વિનય કર્યા છે. જેમ તમારા માટે કોઇએ ભોગ આપ્યો હોય તો તેની વિનંતિને ફુકરાવતાં દીલ ચાલે ને? પરંતુ ભિષ્મ પિતામહ કૌરવના પક્ષે રહ્યા છે પણ દુર્યોધનને સલાહ આપીને કહ્યુ કે "તુ ખોટા ઉન્માર્ગ પર જઇ રહ્યો છે. નીતિને ભૂલી રહ્યો છે" એમ ઠપકો આપે છે. જ્યારે યુધિષ્ઠિર પગે લાગી આશીર્વાદ લેવા આવ્યા છે, વિચારજે જેની સાથે ઝઘડવાનું હોય તેના પગે પડીને આશીર્વાદ લેવા આવ્યા છે. માટે આ બધાના હૃદય જ જુદા હોય. ભિષ્મ પિતામહ કહે છે તમને પાંચેયને આશીર્વાદ આપુ છુ કે તમારી પાસે સત્ય, નીતિ છે તો તમારો વિજય થાઓ. તેઓનો વિજય એટલે તેમનો પરાજય

ને? અને ખબર છે કે તેમના મૃત્યુ પછી જ પરાજય થાય છતાં તેની ચિંતા નથી કરી અને આવા આશીર્વાદ આપ્યા છે.

તેમ ભરતચક્રવર્તી અને બાહુબલીજી ૧૨ વર્ષ લડ્યા છે. ઘણાને એમ થાય કે આવા મુનિ આટલુ લડ્યા તો અમને લડવામાં શું વાંધો? પરંતુ હું પૂછુ છુ કે તમારા ઘરમાં મહાભારત પણ સર્જવાની ત્રેવડ નથી ને? મહાભારતના પાત્રોને અનુરૂપ એક પાત્ર પણ તમારા ઘરમાં છે? આ બધા વિશિષ્ઠ પાત્રો છે જેનું કેલીબર ઘણુ ઉંચુ છે.

ભરતચક્રવર્તીએ બાહુબલીજીને કહેરાવ્યુ છે કે તેઓ તમારા મોટાભાઇ છે. આખી દુનિયા તેમની આજ્ઞા માને છે. મોટાભાઇ સામે નમવું તે તો વિનય કર્યો કહેવાય. ત્યારે બાહુબલીજી જવાબ આપે છે જે નમ્યા છે તે બધા સત્તાના ભિખારી છે. હું કાંઇ સત્તાનો ભિખારી નથી. બાપાએ આપેલા રાજ્ય કરતાં એક તણખલું પણ મારે વધારે જોઇતુ નથી, અને જે જોઇશે તો મારા બાવડામાં ઘણી તાકાત છે. પણ સત્તાની સામે તો દાઢીમાં હાથ નાંખવાનો નથી. હવે જેને આખી દુનિયા માને છે તે આવો જવાબ સાંભળી શકે ખરો? છતાં શું કહે છે કે મારો ભાઇ, ઋષભદેવની પુત્ર આના સિવાય શું બીજો જવાબ આપે. સિંહનો બચ્ચો સિંહ જ હોય નહિતર તે નમાલો કહેવાય. આ થુલ બાર વર્ષ ચાલ્યુ છે. તેઓ પરસ્પર ગુણની કદર કરે છે. ધર્મી બનવું એટલે રમત વાત નથી. ધર્મીનું દીલ જગતના દિલ કરતાં જુદુ જ હોય. ધર્મીનુ દીલ અવસરે જ પરખાય. તમે કુટુંબમાં સગાભાઇની ભૂલ પણ પ્રસંગે જતી કરી શકો ખરા? દાઢમાં જ રાખોને? આવી પ્રકૃતિવાળા ધર્મ પામી પણ ન શકે અને ધર્મ પમાડી પણ ન શકે.

આ લોકોના જીવનમાં કેટલો આરંભ, સમારંભ હતો. તેટલો તમારા જીવનમાં નથી. છતાં તમારા ચરિત્રો મહાપુરુષોએ ન લખ્યા અને તેમના લખ્યા.

પ્રસંગે જેમનામાં ગમે તેના ગુણની કદર કરી, જે સ્થાનમાં જે રીતના ગુણ હોય તે રીતે તેને ન્યાય આપી શકે તેવી ઉદાસ્તા છે.

માટે આ બધાના આદર્શ ચરિત્રો છે. તેમાંથી ચરિત્રો અપનાવી બોધિ લેવાનો છે. કાળસૌરિકના જીવનમાં તેમના પાપોના શું વિપાક છે. માટે આવા આવા પાપો જીવનમાં પડછાયા તરીકે પણ ન આવે. આપણા શાસ્ત્રમાં હેય-ઉપાદેય ચરિત્રો તથા આદર્શ ચરિત્રો છે.

ધર્મ સત્વની પ્રેરણા કરે છે. સત્વમાંથી ખસવાની વાત કરતાં નથી. હીનગુણીઅદ્વેષીનું દિલ કેવું બોલ્યું તે આ દૃષ્ટાંતમાંથી લઈ શકો તો ખબર પડે કે કેટલી ઉદારતા હશે, તેમના હૃદયો વિશાળ હશે.

આ બધામાં ટીકાસ્પદ કહી શકાય તેવા એકપણ પાત્રો નથી. માટે આ બધા ચરિત્રો અમર થઈ ગયા છે. તેવી જ રીતે મયણા-શ્રીપાળનું ચરિત્ર પણ કેવું છે. શ્રીપાળે પોતાના દુશ્મન સાથે કેટલો ઉદાર વ્યવહાર કર્યો છે, તે ગુણગ્રાહી છે. માટે અજિતસેને તેમના પર આટલું વિતાવ્યા છતાં પણ શ્રીપાળ જીત્યા પછી શું કહે છે? યુદ્ધમાં તમે હાર્યા છતાં તમે શૌર્યથી લડ્યા છો માટે તમારામાં પરાક્રમ હોવાથી હાર્યા છતાં હિનભાવ કરતાં નહિ. વિચારજો વિરોધી પ્રત્યે ભાવ શું છે? આ ધર્મ પામવાની નિશાની છે.

તમારે તો ધર્મના ક્ષેત્રમાં પણ કેટલા મતભેદ છે. હવે અન્યધર્મમાં ઘણી વાતો ખોટી છે. આ ખોટી વાતોને અપનાવનારા અનુયાયીમાં પણ જે સદ્ધાત્મના ગુણ હોય તો તેની કદર કરવાની છે. મક્તિધાનવાળો તમામ ગુણોનો અભિલાષી હોય, તેને ધ્યેય, સંકલ્પમાં વણી લેવાનું છે. હીનગુણ અદ્વેષીને તમામ ગુણોનો રાગ હૃદયમાં ઉપજાવવો પડે. અને આ પામ્યા સિવાય છુટકો નથી. પરંતુ અમારે એમ પણ નથી કહેવું કે ગુણાનુરાગ ઘેલા થઈને કરો.

તમે કહેશો કે બધાને સારા જ માનવા, કોઈના દોષ જોવા નહિ, લેખ કરવો જ નહિ. વિરોધ કે મતભેદ રાખવો નહિ. હવે જે આવું કરે છે તે ધર્મનો વિવેક ચૂકી જાય છે.

ખોટુ હોય તેને ખોટુ માનવુ જ પડે. ખોટુ કહેવુ જ પડે અને જે ખોટુ આચરતો હોય તેનો વિરોધ કરવો જ પડે.

<u>સન્માર્ગના વિરોધી પ્રત્યે</u> <u>દ્વેષ</u> થવો જ જોઇએ. અને જો દ્વેષ ન થાય તો તમે શાસનને હારી જશો.

સભા:-

સાહેબજી:- દુનિયામાં જે પણ સાચામાર્ગને નુકશાન પહોંચાડે છે તે આત્માની જેટલી ચઢતી થાય તેટલું તેની જાતને નુકશાન છે. જેટલા ધર્મના વિરોધી માણસો છે, નાસ્તીક છે તેવાને ધર્મની વાત આવે એટલે કાતર લઇને ઉભા રહે. માટે આવા જીવોને બુદ્ધિ, પુણ્ય જેટલુ વધારે આવે તેમ તેને પોતાના આત્માને અને જગતને બન્નેને નુકશાન છે. આવા જીવો પ્રત્યે ઇર્ષ્યાભાવ આવવો જોઇએ.

સભા:- ઇર્ષા એટલે.

સાહેબજી:- જેની ઉન્નતી જોઇને રાજી થાય અને આદર કે લાગણી થાય તે ગુણ છે. પરંતુ ઉન્નતી જોઇને રાજી ન થાઓ અને અવનતિ [illegible] છે તેનું નામ ઇર્ષા છે. તમારો કોઇ વેપારી તમારાથી આગળ નીકળી જાય તો શું થાય? અને પછી ખબર પડે કે આટલુ કમાતો હતો તેમા ૨૫ લાખ ખોયા તો શું ભાવ આવે?

સભા:- મત્સર એટલે આજ ભાવ આવે ને?

સાહેબજી:- ઇર્ષા અવનતિ ઇચ્છે છે જ્યારે ઉન્નતી ઇચ્છવાને જે અસહિષ્ણુ છે તે મત્સર ભાવ છે. ધર્મ વિરોધી, અધર્મીનો ઉત્કર્ષ સહન થવો જોઇએ નહિ. જો દેવ-ગુરુ-ધર્મનો ખરો રાગ હોય તો આવા જીવોનો ઉત્કર્ષ જોઇને તેના પેટમાં તેલ રેડાયું જોઇએ. ઘણા કહેશે દ્વેષ કરાતો હશે? પણ બધે દ્વેષ કરવાનો નથી. અંગત દુશ્મન પ્રત્યે મૈત્રી, ઉદારતા દાખવવાની છે. પણ જે શાસનના દ્વેષી છે, ધર્મના દ્વેષી છે તેના પ્રત્યે તો દ્વેષ થવો જ જોઇએ નહિતર તમારો ગુણાનુરાગ કાચો છે. ઘણા કહે દ્વેષ નહિ કરવાનો, કરો તો ખરાબ

કહેવાય, પણ આપણે ત્યાં મહાપુરુષોએ પણ લેખ કર્યો છે. જેઓ શાસનના વિરોધી હતા ત્યાં લેખ કર્યો છે.

નમુથી પર વિષ્ણુકુમારને કેવો ગુસ્સો આવ્યો છે? બનથી માફી માંગ્યા છે. ગુસ્સાથી જ આવી પ્રવૃત્તિ કરી છે માટે ઇર્ષા, દ્વેષ કરે તો ઉચીત છે. માટે અદ્વેષના નામથી ઘેલા બનવાની વાત નથી. ઘણા કહે નાસ્તીક વ્યક્તિનું પણ સારુ જોવું, ખરાબ જોવું નહિ. પણ આવી આજ્ઞા ભગવાનની નથી. અને જે આવું માનશો તો સમકીત અટકી જશે. સમકીત તો ગુણ અને દોષનો વિવેક માંગે છે. ગુણ અને દોષની બરાબર પરખ જોઇએ. માટે ગમે તેવા ગુણથી લેવાઇ જાય છે તે અવિવેકી છે.

ઘણા જૈનો શું કહે છે કે આપણા ધર્મમાં ડીસીપ્લીન નથી. ચર્ચમાં કેવી શાંતિ હોય છે. મુસલમાનો પણ નમાજ પઢે ત્યારે બધા શિસ્તબદ્ધ હોય છે એટલે આ કીને વખાણ કરીને આપણા જૈનધર્મનું ડીવેલ્યુશન કરે છે. માટે જેનાથી કેવા ઘોર પાપ બંધાય. ઘણા પશ્ચિમના દેશોમાં જઇને આવે પછી શું કહે ત્યાં કેવી ડીશીપ્લીન છે? શું મોરાલીટી છે? આપણે ત્યાં તો બધા અનાડી પેદા થયા છે. જેને જૈનધર્મ સાથે લેવાદેવા નથી તેવાના સામાન્ય ગુણથી પણ લેવાઇ જવને? આ ગુણની કાંઇ અનુમોદના નથી પણ ગુણની ઘેલછા છે.

સભા:- બધા સંતને સારા માની પૂજવા લાયકને?

સાહેબજી:- તમે બધાને સારા કઇ દૃષ્ટીએ કહો છો?

સભા:- જૈનની દૃષ્ટીએ. જૈનધર્મના બધા સાધુ માટે.

સાહેબજી:- જૈન દૃષ્ટીએ બધા સાધુ સારા માટે બીજા ધર્મના સારા સાધુ પણ નકામા થયા? માટે ધર્મ માટે તમારો અભિપ્રાય શું થયો? મારા ધર્મનો સાધુ ગમેતેવો લેબાગુ હોય તો પણ તે સારો, કારણ મારા ધર્મનો સાધુ છે માટે અને અન્યધર્મનો સારો સંત પણ તમારી દૃષ્ટીએ નકામો? કેમ બરાબર?

અલા:- પણ જેને સુગુરુ-કુગુરુનું જ્ઞાન નથી તેનો પોતાના ધર્મના સંતને સારા જ માને ને?

સાહેબજ:- જેને સુગુરુ-કુગુરુનું જ્ઞાન નથી તેને વાસ્તવમાં તટસ્થ રહીને બધા પ્રત્યે અહોભાવ કેળવવો જોઈએ. જેને જૈન બની ધર્મનું ભાન નથી તેને તો બધા ધર્મ માનવાના આવે. પણ તમે શું નક્કી કર્યું કે આપણા ગુરુ છે પછી તે ગમે તેવા હોય તો પણ પૂજવા લાયક છે. જ્યારે પેલા સાધુ છે પણ પારકા છે માટે પૂજવા લાયક નથી. પરંતુ ધર્મમાં તટસ્થતા, પ્રમાણીકતા જોઈએ.

આપણે ઈતરધર્મના સન્યાસીને સુગુરુ કેમ નથી માનતા? જે વ્યાખ્યા સુગુરુની છે તેત્યાં નથી માટે ને? હવે એજ કારણ આપણે ત્યાં ન હોય તો તેમને સુગુરુ કેમ મનાય? આટલી તટસ્થતા, પ્રમાણીકતા જૈનધર્મ સિવાય ક્યાંય નથી. ભગવાને જ કહ્યુ છે કે મારો વેશ પહેર્યા પછી પણ તેનામાં આચાર, વિચાર ન હોય તો વેશની કોઇ કિંમત નથી. જગતમાં આવા સ્ટેટમેન્ટ કોઇ ધર્મમાં નહિ મળે.

એક વૈજ્ઞાનીકે મારી સાથે કલાકો સુધી વાત કર્યા પછી મને કહે દુનિયામાં ધર્મો કેટલા છે. તે બધા જ કહે છે અમને માનો તો જ કલ્યાણ થશે. જો બીજા ધર્મને માનશો તો કલ્યાણ નહિ થાય. તો પછી અમારે શુ કરવું? ત્યારે મેં કહ્યુ હકીકતમાં તમારી ભૂલ થાય છે. જૈનધર્મ આવુ કહેતો નથી. આ સાંભળીને તેઓ વિચારમાં પડી ગયા.

ભગવાને કહ્યુ છે કે જે જૈનધર્મને માને, આપણો ધર્મ છે. માટે તે સાચો અને સારો ધર્મ છે. જો આ પ્રમાણે માનીને અપનાવે તો તે મિથ્યાત્વ છે.

તમને કોઇ પૂછે આટલા બધા ધર્મ હોવા છતાં તમે જૈનધર્મને જ કેમ અપનાવ્યો? તેની પાછળ કારણ શુ? બીજા ઘણા વિકલ્પો હોવા છતાં આજ ધર્મને કેમ પસંદ કર્યો?

સભા:- વીતરાગના.

સાહેબજી:- એનો અર્થ એમ જ કે ખરું ઈશ્વર તત્વ અહિંયા જ છે. બીજે પરિપૂર્ણ ઈશ્વર તત્વ નથી. વીતરાગ છે માટે આ પ્રભુને પૂજો છો ? એનો અર્થ એમ થયો કે તમને વીતરાગદશા બહુ જ ગમે છે? પરંતુ હું તમને પ્રશ્ન છું કે તમે વીતરાગદશાના રાગી છો કે રાગદશાના રાગી છો ? જાતને બરાબર ઢંઢોળીને પૂછજો.

તમે ગુરુથી જૈનધર્મના ઈશ્વરતત્વનું મુલ્યાંકન કર્યું અને બીજા ધર્મના ઈશ્વરતત્વ કરતાં આ ઈશ્વર તત્વ ઉંચુ લાગ્યુ માટે તમે આ ધર્મ અપનાવ્યો છે, તો બરાબર. પણ જો મારો ધર્મ છે માટે મમત્વથી તેને પકડ્યો હોય તો આભિગ્રહીક મિથ્યાત્વ છે. માટે જે મારો ધર્મ, મારા ભગવાન, મારા ગુરુ એમ માનીને અપનાવે તે બધા આભિગ્રહિક મિથ્યાત્વી છે.

આપણા ભગવાને કહ્યુ નથી કે મારો સાધુ હંથો અને બીજો નીચો. આવુ બોલે તે વીતરાગ કહેવાય નહિ.

જો ગુણનું ધોરણ મારા સાધુમાં પણ ન હોય તે સુગુરુ નહિ.

ગુણનું ધોરણ જો અન્યધર્મના સંઘમા ન હોય તો તે પણ સુગુરુ નહિ.

માટે ક્યાંય પણ ભેદભાવ ન જોઈએ.

આપણે ત્યાં ગુણપૂજામાં ભેદભાવ નથી.

ગુણ પૂજા એ તટસ્થ પૂજાનો પ્રકાર છે.

જો તમે એમ નિયમ બાંધ્યો કે બધા જ સાધુ, ડોશીના માટે ખરાબ અભિપ્રાય બાંધવો નહિ. તો પછી રસ્તામાં પાદરી, મૌલવી ગમે તે મળે તેને પગે લાગવું પડશે. ગમે તે કપડાં પહેરીને આવે એટલે પૂજવું. આ એક અવિવેક છે.

માટે ગુણ-દોષનો વિવેક બરોબર કરવાનો છે.

હીનગુણીની કદર કરવાની પણ તેમાં ઘેલછા પણ નહિ કરવાની.

પ.પૂ શ્રી યુગભૂષણવિજયજ સદ્ગુરુભ્યો નમઃ

૯૮-૯૫
શુક્રવાર
શ્રાવણ વદ.૧.

॥ યોગવિંશીકા॥
॥ પ્રણિધાન॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના પ્રત્યેક જીવને સાચો પરાર્થ અને પરમાર્થનો પ્રબોધ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ ધર્મનું ટૂંકમાં વર્ણન કરવું હોય તો જગતમાં જેટલો પરાર્થ અને પરમાર્થનો ભાવ છે તેનું નામ જ ધર્મ છે. અને જગતમાં જેટલો સ્વાર્થ અને જડની પરિણતી છે તે અધર્મ છે. મહાપુરુષોએ નટસૈલમાં ધર્મ-અધર્મની વ્યાખ્યા બતાવી દીધી છે. વૈધિકતાથી ધર્મ-અધર્મનો સંગ્રહ આમાં કરી લીધો છે. જો આ બેને બરાબર સમજીએ તો ધર્મની શરૂઆત ક્યાંથી થાય છે, અને અધર્મનું મૂળ ક્યાં છે, તે બેને સ્પષ્ટ સમજવાથી અંતરમાં કલ્યાણ માટેની સાચી દિશા મળે છે.

મૂળ ગ્રંથમાં હરિભદ્રસૂરિએ કહ્યું કે,
જે ધર્મ મોક્ષ સાથે જોડે તેને અમે યોગ કહેવા તૈયાર છીએ પણ
જે ધર્મનું મોક્ષ સાથે અનુસંધાન નથી તેને અમે યોગ કહેવા તૈયાર નથી.

જે ધર્મ પ્રણિધાન આદિ ભાવોથી યુક્ત હોય તેને જ અમે મોક્ષનું સાધન કહીએ છીએ. હવે પ્રણિધાનનું લક્ષણ તેમને શું આપ્યું ? પરોપકાર વાસના યુક્ત. પ્રણિધાનનું મુખ્યત્વ સ્વરૂપ— કર્તવ્યતાનો ઉપયોગ અને ધ્યેય પ્રાપ્તિનો સંકલ્પ.

આવા પ્રણિધાન પામેલા જીવનું અંતઃકરણ બે ભાવનાથી વાસિત હોય. ① હીનગુણ્ણલેપ ન હોય, પણ કરુણાનો ભાવ હોય અને સાથે ② પરોપકાર વાસના વિશિષ્ટ હોય. જેને પ્રણિધાન પામવું છે તેને પરોપકારની અભિલાષા સતત હોવી જોઈએ. જેમ વાતાવરણ સુગંધથી મઘમઘ થતું હોય અને તેમાં કોઈ નવી વ્યક્તિ આવે તો તે સુગંધથી તરબતર થાય, તેને સુગંધનો અનુભવ થાય તેમ તેનું અંતઃકરણ આ ભાવથી તરબતર હોય.

વાસ્તવીક સાચા ધર્મની શરૂઆત પરોપકારથી થાય છે. ધર્મ-અધર્મનો પાયો જ પરોપકાર અને સ્વાર્થ છે. ધર્મ પરિણામનું મૂળ બીજ જ પરોપકાર છે. પરની હિત ચિંતા ચાલુ થાય ત્યાંથી જ ધર્મ ચાલુ થાય છે. જેટલી સ્વાર્થની ચિંતા તે અધર્મ છે માટે સ્વાર્થ અને પરોપકાર સામ સામે પરસ્પર ધર્મ-અધર્મ

છે. પરાર્થમાંથી પરમાર્થમાં જવાય છે. માટે સ્વાર્થ અને પરાર્થની વ્યાખ્યા સમજવા જેવી છે.

તમે ભગવાન પાસે જયવીયરાય સૂત્રમાં બોલો છો "પરત્થકરણંચ.. ભગવાન પાસે માંગો છો. તમે ને વખતે પરોપકાર કરવાની શક્તિ, સામગ્રી, અનુકૂળતા માંગો છો કે સાથે અંતઃકરણમાં પરોપકાર કરવાના પરિણામ પણ છે? અનંતકાળથી આત્મામાં સ્વાર્થ અસ્થિમજ્જવત્ થઇ ગયો છે. માટે જ સ્વાર્થની વાત આવે એટલે તમે સાબદા, અને પરાર્થની વાત આવે એટલે દૂર ભાગોને? તમને પરોપકાર કરવાની તક મળે ત્યારે તમે રાજી થાઓ કે ઉપાધિ લાગે? સાચું બોલજો. જો તમે રાજી થતા હોવ તો, પરોપકાર કરવાની કેટલી તક મળે છે. હા, જ્યાં પરોપકાર કરવાની તમારી શક્તિ ન હોય ત્યાં જુદી વાત. પરંતુ છતી શક્તિએ તમે કેટલો પરોપકાર કરો છો? તમે તમારા જીવનમાં પ્રાયોરીટી કોને આપો છો?

શાસ્ત્રકારો સ્વાર્થની વ્યાખ્યા બતાવતા કહે છે કે પોતાને લક્ષમાં રાખીને જેટલી ભૌતિક ઇચ્છા કરવી તેનું નામ સ્વાર્થ. સ્વાર્થ સાથે ભૌતિકતાને વણી લેવાની છે.

રાજા:- સાહેબજી ખરો પરોપકાર કઇ રીતે થાય?

સાહેબજી:- કોઇપણ આત્માને સર્વ દુઃખથી મુક્ત કરી, એ આત્માને મોક્ષે મોકલી આપો તે ખરો પરોપકાર છે. જેનાથી અનંતકાળના તેના દુઃખ, દર્દ દૂર થશે. એક જીવને મોક્ષે મોકલો એટલે તેને પરમ શાંતિ, સુખ મળે. તથા આ સંસારમાં કોઇપણ જીવ દ્વારા બીજા જીવોની હિંસા થવાની જ. તીર્થંકરથી પણ અંતિમ ભવમાં કોઇ જીવની હિંસા ન થાય તે રીતે તેઓ જીવી શકતા નથી. કેવળીને પણ દ્રવ્યહિંસા હોય છે. માટે કોઇપણ જીવને જે ત્રાસ ન આપવો હોયતો મોક્ષે ગયા સિવાય છુટકો નથી. માટે જે જીવ મોક્ષે જાય ત્યારે તેનાથી થતા બધા જીવોના દુઃખ દર્દ કાયમ માટે દૂર થવાના.

દસ પૂર્વધર ઉમાસ્વાતિજીએ કહ્યું કે એક જીવને મોક્ષે મોકલવો

તેના જેવો ઉપકાર બીજો કોઇ નથી. હા, પાપ મોક્ષે કોઇ જીવને બળજબરાઇથી કે હાથ પકડી, બાવડું ઝાલીને મોક્ષે પહોંચાડાય તેમ નથી. પણ જો આ શક્ય હોત તો તીર્થંકર ભગવંત કોઇ જીવને બાકી રાખત ખરા?

મારે કશું કે જગતમાં લાયક જીવોને મોક્ષમાર્ગ પર ચઢાવો. એક વખત જીવ રસ્તે ચઢે પછી સ્વયં સાધનાથી આગળ પહોંચશે. માટે ખરો પરોપકાર આ જ છે. ભલે તમે ભૌતિક રીતે ગમે તેટલા જીવના દુઃખ દૂર કરો પણ તે પેલા ઉપકાર પાસે નાચીઝ છે.

આ પરોપકારની પ્રવૃત્તિ દ્વારા શું થશે? કે તમે એક જીવને મોક્ષમાર્ગ પર ચઢાવવામાં નિમિત્ત થઇ ગયા એટલે તમને ભવાંતરમાં શાસન પામવાની ગેરંટી મળે છે. આ કુદરતમાં આપ્યા વગર કાંઇ સામે મળતું નથી.

શંકા:- જેની પાસે હોય એ આપે કે જેની પાસે ન હોય તે આપે? જે મોક્ષમાર્ગ પર ચઢ્યો હોય તે ચઢાવી શકે?

સમાધાન:- ભાવથી. ચઢ્યો હોય તે ચઢાવી શકે. ઘણી વખત નહિ ચઢેલો જીવ ચઢાવવામાં સહાય કરે. બીજાને દ્રવ્ય આપીને સહાયક થાય તેને ભવાંતરમાં સામગ્રી પ્રાપ્ત થાય. જેનામાં ઓઘ શ્રદ્ધા છે તે દ્રવ્યથી સહાય કરી શકે છે. અને તે બીજાને દ્રવ્ય આપવામાં સાધન બને છે.

જૈન શાસનમાં શ્રદ્ધા, ભાવના, ચારિત્ર, વિરતિ, પરિણામ આ બધાના બે ભેદો છે.

૧) તાત્વીક - અતાત્વીક

૨) દ્રવ્યથી - ભાવથી

ઓઘથી ભાવ છે એટલે દ્રવ્યથી ભાવ પોતાને છે. જે બીજાને પ્રાપ્ત કરાવવામાં સાધન બને છે.

જ્યાં સુધી મોક્ષની શ્રદ્ધાની અનુભુતિ નથી ત્યાં સુધી તેને ઓઘથી શ્રદ્ધા કહીશું. અને તેથી તમે જે પણ ધર્મની પ્રવૃત્તિ કરો છો તે ઉપચારથી કરો છો. કારણ તેનાથી મળતા સુખનો અંશથી પણ સ્વાદ ન હોય તો

તેને બોધ શ્રદ્ધા જ કહીશું. હજુ તેમાં અનુભવનું તત્વ ભળ્યુ નથી.

દા.ત. તમે વીતરાગને પૂજો છો, તેમની સ્તુતિ, સ્તવના, ઉપાસના, ચૈત્યવંદન, પૂજા આદિ કરો છો. પરંતુ તમને પૂછીએ વીતરાગતાનો સ્વાદ શું? જો એ સ્વાદનો અંદરમાં આવિર્ભાવ પણ અનુભવ ન હોય તો તે બધી ક્રિયા તમે બોધથી કરો છો. એજ રીતે તમે આત્મા માનો છો, પરલોક, પુણ્ય, પાપ, મોક્ષ માનો છો. મોક્ષમાં અનંતુ સુખ છે તે પણ માનો છો એટલે આત્મામાં અનંતુ સુખ છે તે પણ માનો છો? તો પછી એ સુખની કોઇ સંવેદના ખરી? કે ખાલી બધી વાતો વિશ્વાસથી માનો છો?

<u>સંવેદન પૂર્વકની શ્રદ્ધા જુદી</u> અને
<u>સંવેદન શુન્ય શ્રદ્ધા જુદી છે.</u>

દા.ત. કારેલાને કડવા જ અને દુધપાકને ગળો જ કેમ માનો છો? મરચાને તીખા જ કેમ માનો છો? કદાચ હું કહુ કે મરચા તો મીઠા હોય તો પણ તમે માનો ખરા? ત્યારે તમે કહેશો સાહેબ અમારો અનુભવ છે કે મરચાં તીખા જ છે. અમારા પર ગમે તેટલો વિશ્વાસ હોય તો પણ માનવા તૈયાર નહિ ને? માટે વિશ્વાસ ગમે તેટલો પ્રબળ હોય પણ અનુભવ આગળ તે નાચીજ છે.

પરંતુ તમારા જીવની મુશ્કેલી શું છે? આત્મામાં અનંતુ સુખ છે અને જડમાં સુખ નથી. તમે આ સાચે માનો છો કે ખાલી તમને ભ્રમ છે? તમને થશે હા, ભગવાને આ કહ્યુ છે માટે સાચુ છે. તેથી માનો ખરા પણ તમારો અનુભવ શું બોલે?

માલપાણી, પેંડામાં જ મીઠાશ, મજાનો અનુભવ થાય ને? આત્મામાં મીઠાશ, મજાનો અનુભવ થાય છે? ના, માટે મહારાજની બધી વાતો ઉડી જાય ને? તેથી વિશ્વાસ રૂપે જ શ્રદ્ધા રહે છે. <u>અનુભવ એ મોક્ષમાર્ગની માસ્ટરકી છે.</u> બધા બંદરના આવરણ તોડી સાચી દિશા બતાવવાની તાકાત અનુભવમાં છે. તત્વ સંવેદન એ જ મોક્ષનો રાજમાર્ગ છે.

પહેલા ગુણસ્થાનકથી તત્વ સંવેદનનો પ્રારંભ થાય છે. અને તત્વ સંવેદનની પરાકાષ્ટા તેનું નામ જ મોક્ષ છે. જેનામાં આંશિક અનુભવ આવ્યો તેને મોક્ષમાર્ગ ચાલુ થઈ ગયો. માટે અનુભવ ખૂબ જ જરૂરી છે.

હવે અનુભવ તમારી પાસે શું માંગે છે ?

સભા:- ભોગ માંગે છે.

સાહેબજી:- બાહ્ય દૃષ્ટીએ ભોગ આપો તેની વાત નથી. પણ તત્વનું સંવેદન કોને કરવાનું છે ? પોતાની જાતને જ. પણ જાતને તત્વનું સંવેદન કેમ થતું નથી ? આત્મામાં અનંતુ સુખ છે તે કાંઈ ગયા છે ? જે તે સાચુ છે તો અનુભવમાં કેમ થતું નથી ! આ ન થવામાં કડી ક્યાં ખૂટે છે ?

હકીકતમાં આત્મામાં જે સંવેદન શક્તિ છે તે મલીન થઈ ગઈ છે. જેની મલિન શક્તિ તેને આત્માના સુખનો અનુભવ ન થાય. તાવવાળી કે રોગવાળી વ્યક્તિને સ્વાદિષ્ટ વાનગી આપો તો પણ સ્વાદ આવે ખરો ? આયુર્વેદમાં લખ્યુ છે કે જેને કફનો પ્રકોપ થાય તેને બધુ બેસ્વાદ લાગે. જેને પિત્તનો પ્રકોપ થાય તેને બધુ કડવું લાગે, કારણ શું જીભ બગડી છે. સ્વાદના અનુભવની તાકાત તે ગુમાવી બેઠી છે. તેમ મિથ્યાત્વએ સંવેદન શક્તિને મલીન કરી દીધી છે.

<u>માટે આત્માની મલીન શક્તિ તેનું નામ જ મિથ્યાત્વ.</u>

<u>તેમ આત્માની નિર્મળ સંવેદન શક્તિ તેનું નામ જ સમકીત છે.</u>

સમ્યગ્ ગુણનું વર્ણન કરતાં કહે છે કે

આ ઘોર સંસારમાં આત્માની મહા પરિભ્રમણની જો કોઈ જડ હોય તો મિથ્યાત્વ છે. જો આ મિથ્યાત્વ નામનું કર્મ ન હોત તો જીવ અનંતકાળ આ સંસારમાં રખડી ન શકતે. માટે આ રખડપટ્ટીનું મુળ બીજ મિથ્યાત્વ છે. જીવ કર્મનો બંધ ઉત્કૃષ્ટથી ૭૦ કોટાકોટી સાગરોપમ બાંધી શકે. એટલે સાત ચોવીસી થઈ. માટે તો તો જીવ ક્યારનો ય તેમાંથી છુટીને મોક્ષે ચાલ્યો જાય. કોઈ આત્માને અનંતકાળનું કર્મ બંધાતુ નથી. ભલે ગમે તેટલા ઉગ્ર પાપ

કરે તો પણ. છતાં જીવનો અનંતકાળથી સંસાર કેમ ચાલે છે ?
મિથ્યાત્વ છે. માટે જ.
હવે જે એક કર્મ બાંધ્યું છે તેમાંથી બીજુ નવું કર્મ, તેમાંથી બીજુ નવું કર્મ તેમ આખી કર્મની ચેનલ મિથ્યાત્વ કરી આપે છે. જેમ એક ઝાડમાંથી બીજુ ઝાડ તેમાંથી બીજુ તેમ જે શૃંખલા ચાલે તેમ મિથ્યાત્વનું કામ છે. માટે મિથ્યાત્વ એ મહાપાપ છે. તેને કાઢવું તે જ ખરી કસોટી છે.

મુળ બંધાયુ કર્મ થોડુ છે. પણ તેનું વ્યાજ ચાલ્યા જ કરે. તેમાંથી આત્મા ઉંચો જ ન આવે. જેમ જેને પશ્ચિમના દેશોનું દેવુ કર્યું તે દેશ મરતાં સુધી તેમાંથી બહાર ન આવે કારણ પઠાણી, પઠાણી, પઠાણીનું વ્યાજ ચાલ્યા જ કરે. વર્લ્ડબેન્કની શું હાલત છે. લોકો શું કહે છે શાહુકારો જૂનકાળમાં ખૂબજ લુટતા હતા. પરંતુ આ બેન્કો તો અજગર જેવી છે. આખે આખા શાહુકારને ગળી જાય તેવા અજગરો છે. પહેલાં જૂનકાળમાં શરાફી ધંધો શ્રાવક કરતાં હતા. શરાફી એ શ્રાવકને યોગ્ય ધંધો છે. પણ તેને ખુબજ વગોવી દીધો છે અત્યારે તેને વગોવી, નિંદા કરી કરીને, કાપતા કરીને આ ક્રાંસીકનો ધંધો સાવ નાબુદ કરી નાંખ્યો છે અને તેના બદલે દેશમાં બેન્કો ગોઠવી અને વર્લ્ડ લેવલે - વર્લ્ડ બેન્કો ગોઠવી.

રીપોર્ટ શું કહે છે ૪ રૂપિયે આપણે ડોલર લીધેલો તેના અત્યાર સુધી ૨૪ રા. ચૂકવ્યા, છતાં દેવા પેટે હજુ માથા પર પડ્યા છે. મુદ્દલ તો ઉભુ છે. અત્યારે હવે ૪ના ૩૦-૩૨-૩૫ થવાને ? ચૂકવ્યુ તે તો વ્યાજમાં ગયુ અને સાચે મુદ્દલ પણ વધતી જાય.

સભા:- કારણ શું ?

સાહેબજી:- રૂપિયાનું ડીવેલ્યુશન ચાલુ હોય માટે ૪ના ૩૪ થવા છે. તમારે રૂપિયાની વેલ્યુ ઘટાડવી જ પડે તેવું જ તેમને કર્યું છે.

મિથ્યાત્વ, આત્મામા આ જ રીતે કરે છે. એક વખત કર્મ બાંધો ત્યારે સાથે જો મિથ્યાત્વ હોય તો તમે મરી જાવ, તેનુ દેવુ પુરુ થાય

જ નહિ. માટે અનંતા ભવ સુધી કર્મની ચેનલ ચાલે જાય છે. માટે આવા કર્મને કાઢવા માટે સમકીત છે. જે જેવુ છે તેવુ → એવી નિર્મળ સંવેદન શક્તિ પેદા થાય.

નિર્મળ સમજણ શક્તિ તેનુ નામ સમ્યગ્જ્ઞાન
નિર્મળ દર્શન તેનું નામ સમ્યગ્દર્શન.
આત્માનો ઝળહળત સ્વભાવ તેનુ નામ ચારિત્ર.

સભા:- સાહેબજી, દાખલા સાથે સમજાવો.

સાહેબજી:- દા.ત. આપણે ઝૂપથી ચેતન લીએ અને આ પાટ છે તે જડ છે. હવે તમે પાટ કોતરો, સોય ખોસો કે દંડો મારો તો પણ તેને કાંઇ ન થાય, તમને જરા સોઇ ખોસે તો રાડ પાડો, અરે જરાક તમને કોઇ અડી જાય તો પણ તેનો તમને ખ્યાલ આવે. ઉંઘમાં પણ કોઇ જરાક વાળ ખેંચે તો જાગીને ચીસ પાડો, કારણ અંદરમાં સંવેદન શક્તિ પડી છે. તમારુ શરીર અને ઇન્દ્રિયો ચોવીસે કલાક એલર્ટ છે. માટે કોઇ પણ પ્રસંગે તમને સંવેદન થાય. જેમ આંખમાં પણ નાનુ સરખુ રજકણ ઉડીને આવે તો આંખ મીંચાઇ જાય, નાનો સરખો કચરો પડે તો પણ પટપટ કરીને પાણી દ્વારા કાઢી નાંખો. કારણ ઇન્દ્રિય ચોવીસે કલાક જાગૃત છે.

શરીર, ઇન્દ્રિયની સંવેદન શક્તિ જાગૃત છે, તેમ આત્માની સંવેદન શક્તિ જાગૃત હોય તેને આત્માના સુખદુઃખનો સતત અનુભવ થાય. જેમ તમારી જીભ પર સાકર મૂકો કે મીઠુ મૂકો, આમ તો બન્નેનો દેખાવ સરખો છે, છતાં પણ ભોળવાયા વગર બન્નેનો તફાવત બતાવે છે. ખારાને ખારુ કહે છે, મીઠાને મીઠુ જ કહે છે. કારણ જીવનું સંવેદન સતત જાગૃત છે. આત્માને જેવો ભાવ થાય તેવો અનુભવ થાય તો તેનું સંવેદન જાગ્રત છે. અને તેવો ભાવ ન થાય તો, અથવા અનુભવ ઉલ્ટો થાય તો સંવેદન બુઠ્ઠુ છે.

દા.ત. સમ્યગ્દૃષ્ટિ સુલસા શ્રાવિકાનુ દૃષ્ટાંત વિચારીએ, તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ શ્રાવિકા છે. તેમના જીવનમાં સંસારની પ્રવૃત્તિ કરતાં રાગદ્વેષ ન થાય

એવું નહિ પણ તેની સંવેદન, અનુભુતિ જુદી થાય. જ્યારે તેમના બત્રીસ પુત્રો મૃત્યુ પામ્યા ત્યારે તેમને આઘાત લાગે છે, તેનાથી તેઓ શોકાતુર થયા છે, પણ તેમના પતિને તેમનાથી કંઈ ગણો વધારે આઘાત લાગ્યો છે. આ બધા પુત્રો રૂપ, કળા, વિનય, ચાતુર્ય, પુરુષ્ય બધામાં વિશિષ્ટ હતા. આવા જુવાનજોધ પુત્રો એકી સાથે મૃત્યુ પામે તો કોઇના પણ કાળજા કંપી જાય. માટે તેમને શોક થયો છે. હવે આ સમ્યગ્દૃષ્ટિને શોક થવાનું કારણ શું ? કારણ કે તેમને મમતા હતી. મમતાના કારણે જ આવુ નિમિત્ત પામીને તેઓ શોકમાં ગરકાવ થઇ ગયા છે. પરંતુ મમતામાં તેમને અનુભુતિ શું હોય ? સમકિતને કષાયમાં દુઃખ અને પીડાની અનુભુતિ હોય. સમ્યગ્દૃષ્ટિને પોતાના રાગ-દ્વેષના ભાવ છે. તેમા વેસ્વાદ અને કડવાશ છે. તેનો અનુભવ તેને હોય જ. જેમ ઉકરડો પડવાથી બળતરા થાય તેમ પુત્રની મમતામા તેમને સતત દુઃખનો અનુભવ છે. પરંતુ મમતામાં તેમને મજા નથી આવતી.

સભાઃ- તો તેમને દુઃખ કેમ થાય છે

સાહેબજીઃ- મમતાના કારણે, પણ તે મમતા લાગે છે દુઃખમય, વિચારે છે કે રાગ કર્યો માટે શોક આવ્યો ને, રાગ ન કર્યો હોત તો શોક થવાનો સવાલ જ ન હોત. જે મારા નહોતા, તેને મારા માન્યા માટે દુઃખ લાગ્યુ. સમ્યગ્દૃષ્ટિને કષાયમાં દુઃખનો અનુભવ થાય. જેમ તમારી આંગળી કપાય અને પીડા ન થાય તો તેને બેભાન અવસ્થા કહો કે સભાન અવસ્થા કહો ? તમને જે પીડા નથી થતી તે તમારી અજાગૃતિ છે. સંવેદનની મલીનતા છે. સમ્યગ્દૃષ્ટિને પોતાના દોષ, વિષય, કષાયોમાં સતત વેદના અને પીડા જ હોય. જેમ તમને તમારો મારે અને બળતરા થાય તેમ આ આત્માના તમામા છે. સમ્યગ્દૃષ્ટિને કષાયમાં દુઃખનો અનુભવ છે. તેમ ગુણમા સુખના સ્વાદનો અનુભવ છે.

સમ્યગ્દૃષ્ટિને મમત્વ સ્વયં દુઃખ લાગે છે. જ્યારે તમને મમત્વ કરી

કર્મ બંધાય છે કારણ મમતા તમને મીઠી લાગે છે. તમે તો તેનાથી આવતા પાપના ફળથી ગભરાઓ છો, જ્યારે સમ્યગ્દૃષ્ટિને મમતામા દુઃખનો અનુભવ છે. રાગ સ્વયં તેને અજંપો લાગે. રાગમાં મીઠાશનો અનુભવ થાય તે સમકીત માટે લાયક નથી. એટલે સમ્યગ્દૃષ્ટિ રાગ ન કરે તેવુ નથી, જેમ માંદો માણસ કડવુ ખાય, પણ ખાતા તેને આનંદ નથી, માટે તે મોં બગાડીને ખાતો જાય.

શકા:- સમકીત નિશ્ચયથી હોય ને, વ્યવહારથી?

સાહેબજી: હા, સમકિત વ્યવહારથી અને નિશ્ચયથી હોય. અત્યારે કુ વ્યવહાર સમકીતની વાત કરુ છુ. જેટલા નિશ્ચયનયથી વાત કરે છે, તે બધા શાસ્ત્ર ભણ્યા નથી, આપણે ત્યાં અત્યારે નિરતિચાર ચારિત્ર પણ નથી. તો પછી નિશ્ચયનય તો હોય જ નહિ, તે બન્નેનો વિચ્છેદ છે.

શકા:- નિશ્ચયથી સમકીત છઠ્ઠા સાતમા ગુણસ્થાનકમાં હોય ને?

સાહેબજી:- છઠ્ઠા, સાતમામાં જે દશા માની છે, તે આ કાળમાં નથી. ગુણસ્થાનકો માં પણ અમુક અમુક અધ્યવસાયો હોય છે. નિરતિચાર ચારિત્ર અત્યારે વિચ્છેદ છે, પરંતુ નિરતિચાર ચારિત્ર પાળનારને પણ નિશ્ચયનય મિથ્યાદૃષ્ટિ કહેશે. ગૌતમમહારાજએ પ્રભુ પાસે દીક્ષા લીધા પછી નિર્મળા આરાધના કરે છે. તેમના ગુણો અને ચારિત્રના વખાણ કરીએ એટલા ઓછા છે. છતાં [illegible]યનય તેમને મિથ્યાત્વી કહેશે. કારણ તમે જેને ખોટુ અને ખરાબ માનો અને તે છોડો નહી તો કેવુ ખરાબ કહેવાય, માટે આચરણ વગરની શ્રદ્ધા ફોતરા જેવી છે. ભગવાન દીક્ષા લીધા પહેલા સંસારમાં હતા ત્યારે મિથ્યાદૃષ્ટિ હતા તેમ નિશ્ચયનય કહેશે. દીક્ષા લીધા પછી સમતામાં આવ્યા છે.

હવે જો ગૌતમમહારાજને કષાય ખરાબ લાગતા હોય તો ભગવાનનો રાગ લઈને તે કેમ બેઠા છે? ખરાબ માનો અને છોડવાનું આચરણ ન કરો તો શું કિંમત! વ્યવહારનય શ્રદ્ધાથી ફળ જુદુ નથી માનતો, અને નિશ્ચયનય શ્રદ્ધાથી ફળ જુદુ માને છે.

<u>વ્યવહારનય જ્ઞાનસ્ય ફલમ્ ક્રિયા</u>
<u>નિશ્ચયનય જ્ઞાનસ્ય ફલમ્ વિરતિ માને છે.</u>

નિશ્ચય સમકીત પ્રમાણે તો તમે જેટલુ ખરાબ માનો છો. તેટલુ છોડો. અને સારુ માનો છો તે આચરો. આમા મીનમેખ ફરક ન હોય.

સભા:- સમકીત ચારિત્ર ન માને?

સાહેબજી:- નીચલી ડીગ્રીમા હોય ત્યાં સુધી ન માને. ગૌતમમહારાજનું ચારિત્ર. નિષ્કલંક છે. દીક્ષા લીધા પછી અજાણતા બોલાઇ ગયુ કે શ્રાવકને આટલુ અવધિજ્ઞાન ન હોય. તે ભૂલ છે તે ખબર પડતા તે ભૂલનુ મિચ્છામી દુક્કડં આપવા સામેથી તરત ગયા છે. આવા પ્રથમ ગણધર, ઉંચી પોસ્ટવાળા છતાં કેટલા નમ્ર, તેમનામા વિનય, તપ, ભક્તિ ચારિત્રના ગુણોમા ક્યા પ્રકા કચાશ નથી, છતાં પણ નિશ્ચયનય કહેશે તેઓ મિથ્યાત્વી છે. માટે નિશ્ચયનયની માન્યતા કેવી હશે તે વિચારજો. જો તમે વાતને બરાબર પકડશો નહી તો ન ઘરનાકે ન ઘાટના રહેશો. અત્યારે બધા નિશ્ચયનયની વાતો કરે છે પણ પામવાની ગરજ નથી. અને પામવો શક્ય પણ નથી. અને તેઓને વ્યવહારને અપનાવવો જીવનમાં ફાવતો નથી. એવા પુણ્ય વગરના જીવોની હાલત ત્રીશંકુ જેવી રહે છે. માટે આપણે વ્યવહાર સમકીત પકડીને ચાલવાનુ છે અને વ્યવહાર સમકીતને ધ્યેય બનાવીને ચાલવાનુ છે. નિશ્ચય સમકીત મહામુની માટે રીઝર્વ રાખવાનુ છે, અમારા કે તમારા માટે નથી. અમારા માટે જ્યા નિશ્ચય સમકીત નથી તો તમારે માટે તો ક્યાંથી હોય?

સભા:- સાહેબજી ગ્રંથીભેદ તો થાય છે ને?

સાહેબજી:- ગ્રંથીભેદ તે વ્યવહારનયથી છે, ગ્રંથીભેદ તે ચોથા ગુણસ્થાનકે છે. જ્યારે નિશ્ચય સમકીત છઠ્ઠા-સાતમે આવે.

ઉપાધ્યાય યશોવિજયજીએ લખ્યુ છે કે જે માને છે તે સ્વીકારે છે, જે શ્રધ્ધા કરે છે, તે આચરણ કરે છે. જે જગતના તત્વોમાં માને છે તે મુની છે. જે મુની છે તેજ સમ્યગ્દ્રષ્ટિ છે. તમને ખબર પડે કે સામે કાચનો ટુકડો

પડ્યો છે તે જાણ્યા પછી એને સ્વીકાર્યા વગર તમે છોડો ખરા? મફતી ન લેવા માટે હાથ પકડો તો પણ હાથ છોડાવીને પણ તમે તે લઈ લો, કહેશો અબજોથી અધિક કિંમતિ છે જ્યારે પહેલું તો કચરો છે. જ્યારે સાચું જાણ્યું ત્યારે આચરણ થવા વગર રહે ખરું? જે શ્રદ્ધા સાચાને સ્વીકારે નહીં અને ખોટાને છોડે નહીં તે શ્રદ્ધા શું કામની? દા.ત. તમે ખાડો છે તે જાણ્યા પછી તેમા ભુસ્કો મારો તો તમારા જેવો કોઇ મુર્ખ ખરો. પણ પડ્યા પછી વાગે અને કોઇ પૂછે કે તમને ખાડાનો ખ્યાલ નહોતો કે તમે પડ્યા. તો તમે કહેશો કે મને ખબર હતી છતાં એમને એમ પડ્યો. ત્યારે કહેશે કે બાંધ્યુ તમારી ખબરમાં, બસ નિશ્ચય દૃષ્ટિ આજ છે. જાણ્યુ પછી આચરણામાં આવવુ જોઇએ, થોડુ આચરણ થાય તો મિથ્યાદૃષ્ટિ કહેશો માટે નિશ્ચય સમકીત ચોથીલેટે આવતુ નથી. વ્યવહાર સમકીત ચોથીલેટે આવે છે. નિશ્ચય સમકીત તો નિર્વિકલ્પદશામાં આવે છે જેનો અત્યારે વિચ્છેદ છે.

સભાઃ- કારક સમકીત હોઇ શકે?

સાહેબજીઃ- વાંધો નથી, હોઇ શકે, પણ છ કારક નહીં લેતા. જે માને તે પ્રમાણે કરે તેમા ઘણી માન્યતા હોય તો અધુરુ કરે. જ્યારે નિશ્ચયનય તો માન્યતા પણ પૂરી અને કરવાનુ પણ પૂરુ માને છે, પેલો દર્શનાચાર લે છે. જ્યારે આ ચારિત્રાચારને મેળો લે છે

બધા વ્યવહારો વ્યવહારનયથી છે. ચોથુ ગુણસ્થાનક પામવા માટે ભાવવૃત્તિ, મન કેવુ જોઇએ તેના માટે વ્યવહારને સામે રાખીને કહીએ છીએ. કારણ જે જ્ઞાત્ય હોય તેનો જ ઉપદેશ અપાય. અત્યાર સુધી અમે જે પણ વ્યાખ્યા કે તેનુ વર્ણન કર્યુ છે. તે વ્યવહારથી કર્યુ છે. આત્માની નિર્મળ સંવેદન શક્તિ તે વ્યવહાર સમકીત છે. અને આત્માના નિર્મળ ગુણની અનુભૂતિ તે ચારિત્ર છે. જેમ શ્રીમંત માણસને રોગ હોવાના કારણે પચાસ વસ્તુ ખાય પણ સ્વાદ નથી આવતો, મજુર ક્લાસના માણસને ભુખ ચોખ્ખી છે માટે રોટલા-મરચામાં પણ સ્વાદ આવે છે. હવે મજુર માણસની ભુખ સારી હોય પણ

માલપાણી ખાવાની ત્રેવડ ન હોવાથી માલપાણીનો સ્વાદ મળતો નથી. તેમ સમ્યગ્દૃષ્ટીની જુબ ચોખ્ખી છે. જે વસ્તુ જેવી હોય તેવા ગુણ દોષનો સ્વાદ લઈ શકે તેમ છે. પણ સમકીતીને હજુ વિરતિના ગુણ પ્રગટ્યા નથી. ગુણ નથી. ગુણ નથી તો ગુણનો સ્વાદ ક્યાંથી આવે. પણ તે ગુણોનો આસ્વાદ લેવાની તાકાત પડેલી છે. જેમ માલપાણીને માણવા માટેની ત્રેવડ જ નથી તો કઈ રીતે માણી શકાય. તેમ અવિરત સમ્યગ્દૃષ્ટિને સંયમનો સ્વાદ કેવો છે, તે ખબર છે, પણ તે ખાવાની તાકાત નથી. જ્યારે ચારિત્ર પામેલા મનમાં મહાસુખ માણી રહ્યા છે. પૈસામાં સંવેદન શક્તિ છે તે કારણે માનસિક અનુભુતિની ઝાંખી થઈ જાય, પણ ખરો અનુભવ તો જેની પાસે ચીજવસ્તુ છે તેને જ થાય. જેમ તમારી આંખ સારી વસ્તુને જોઈ શકે તેમ છે પણ આગળ ઉકરડો જ હોય તો ક્યાંથી સારી વસ્તુ જોઈ શકે ? તેમ **સારી વસ્તુ પાસે હોય જ નહી તો તેને માણી કઈ રીતે શકાય?**

જેને માલપાણીના સ્વાદની ખબર છે, પણ ત્રેવડ નથી, માટે ખાઈ શકતા નથી, તેમ બુદ્ધુને માલપાણીનો સ્વાદ ખબર નથી, તેની પાસે ઢગલા વસ્તુઓ લાવીને મૂકો તો શું કામનુ ? મિથ્યાદૃષ્ટિ ચારિત્ર પાળે પણ તેને સ્વાદની ખબર નથી. સમ્યગ્દૃષ્ટિ ચારિત્ર ન પાળે તો પણ સ્વાદની ખબર છે. ચારિત્રનો જે ભાવ છે તે સમ્યગ્દૃષ્ટિને ખબર છે. છતાં તે માણી શકતો નથી.

ચારગતિમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ જેવો કોઇ દુઃખી નથી, ચારે ગતિમાં સમ્યગ્ દૃષ્ટિ જેવો કોઈ સુખી નથી. બન્નેના ચેંગલ સાચા છે. કારણ આત્મીક દૃષ્ટિએ વિરતિના સુખનો સ્વાદ ખબર હોય, અને છતાં ન મેળવી શકવાના કારણે કેવો દુઃખી હોય. તે વિરતિ માટે જ ઝુરતો હોય. તેમ સંસારના ભોગસુખની દૃષ્ટિએ તેને તેમા ખરી તૃપ્તિ હોય છે, માટે તેના જેવો કોઇ સુખી નહી.

સભા:- નરકમાં રહેલા શ્રેણીક મહારાજ અને સર્વાર્થસિદ્ધમા રહેલા બલભદ્રકુમાર... સાહેબજી:- નરકમાં રહેલા શ્રેણિકમહારાજને અશુભ લેશ્યા છે. સર્વાર્થસિદ્ધમાં રહેલા બલભદ્રકુમારને શુભલેશ્યા છે. સર્વાર્થસિદ્ધમાં અવિરતિ છે પણ વીતરાગ

વજુકનુ તેઓનુ માનસ છે. ત્યાં ગુણસ્થાનક ચોથુ છે પણ કષાયો મંદ છે. સમભાવને તેઓ પામેલા છે. આસક્તી, રાગ, ક્રોધ, કષાયો, માન તેમનામા દેખાય નહિ. તેઓ ચોથા ગુણસ્થાનકના ટોપ લેવલમાં છે. શુભભાવ કે મનની રીતે ચોથા ગુણસ્થાનકના ટોપ લેવલે છે. ત્યારે પેલો છઠ્ઠા ગુણસ્થાનકમા પણ નીચા અધ્યવસાયના સ્થાને હોય તો પણ તે પેલા કરતા લાખ ગણો ઉંચો ગણાય છે. જૈનશાસનમાં અધ્યવસાય, ભૂમિકાનુ વર્ણન છે. ચૌદે ગુણસ્થાનકમાં એક એક અધ્યવસાયની શ્રેણી છે, હારમાળા છે. <u>અધ્યવસાય એટલે આત્માની પ્રત્યેક ક્ષણોના ભાવોનો સમૂહ</u>.

જેમ એક માણસ પહેલા માળની સીલીંગને અડીને બેઠો છે જ્યારે બીજો માણસ બીજા માળના નળિયે બેઠો છે. છતાં પણ પહેલા માળના માણસ કરતાં ઉંચે બેઠેલો ગણાશે, તેમ ચોથા ગુણસ્થાનકમાં બીજા સ્થાને રહેલા કરતાં પાંચમાં ગુણ સ્થાનકે નીચે રહેલો પણ પેલા કરતા ઉંચો છે.

અન્યધર્મમા એક સન્યાસીનુ વર્ણન છે, ને વિચારીએ. બે સન્યાસી જંગલમાં કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા હતા. દિવસો સુધી નિરાહાર હતા. આહાર, પાણી, ઇચ્છા કે વિકારોના વિચારો વગર મહિનાઓ સુધી ઉભા હોય. જગતની કોઇ પરિસ્થિતિ સાથે તેમને નિસ્બત નથી. આત્મભાવોમાં મગ્ન છે, આખા સંસારથી વિરક્ત છે. મોક્ષ સિવાયની કોઇ ઇચ્છા નથી. અહિંસા, સત્ય, દયા વગરે પ્રબળ ભાવોથી સમતાને પામે છે. દુઃખ પ્રત્યે દ્વેષ નથી, સુખ પ્રત્યે રાગ નથી, એમની પાસે વાઘ, સિંહ આવે તો પણ શાંત થઇ જાય. તેઓના સાનિધ્ય માત્રથી આવનારા અશુભભાવો શાંત થઇ જાય. છતાં સમકીત પામ્યા ન હોય અને મિથ્યાત્વમાં હોય.

હવે જ્યારે સમકીતી ક્રોધમાં હોય, લડાઇ કરતો હોય, યુદ્ધ ખેલતો હોય, ઉગ્રતા અને આવેશથી મારતો હોય તો પણ પેલા સમતા પામેલા મિથ્યાત્વી કરતાં સમકીતી ઉંચો છે. ત્યહિંયા આપણો કોઇ ભેદભાવ નથી. પરંતુ મિથ્યાત્વમાં રહેલો ગમે તેટલો શાંત હોય તો પણ સમકીતી કરતાં તેનું સ્તર નીચુ જ રહેવાનુ; કારણ સમકીતીની ભૂમિકા ઉંચી જ છે.

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥

॥ યોગવિંશીકા॥

૧૭-૮-૯૫ ॥પ્રણિધાન॥ ગોલાપિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને સાચી સુખશાંતિનું પ્રદાન કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ આ જગતની અંદર પ્રત્યેક જીવ સુખશાંતિને ઇચ્છે છે. અને તે મેળવવા માટે જ પ્રયત્ન કરે છે. પરંતુ બધા જીવો એમ માને છે કે મારે જ સુખશાંતિ જોઈએ, પણ બીજાને નહિ. માટે પોતાનુ આખુ જીવન સ્વાર્થ કેન્દ્રીત છે.

જેમ તમને સુખ જોઈએ છે તેમ બીજા જીવને પણ સુખ જોઈએ છે. અને આ પ્રાથમીક ધર્મ છે. જેને પરોપકાર ગમે નહિ તેને ધર્મ ગમે નહિ.

ઉપાધ્યાયજીએ પ્રણિધાન ભાવધર્મમાં હીનગુણ અલ્પેચ્છ સાથે પરોપકારને વિશેષણ રુપે વણી લીધો છે. પ્રણિધાનમાં પરોપકાર ચિંતકરુપમાં રુચિ રુપે વણાયેલો હોવો જોઈએ. પરોપકારરસિકતા ગુણ જો પરાકાષ્ટાનો હોય તો તીર્થંકરનામકર્મ બંધાય છે. પુણ્યબંધનું મુખ્ય કારણ પરોપકાર જ છે. બધી પુણ્યપ્રકૃતિના બંધમાં કેન્દ્ર બિંદુ પરોપકારની ભાવના છે.

જીવનમાં ખાલી સ્વને જો કેન્દ્રમાં રાખો તો તે અધર્મ કહેવાય. જગતના જીવોમાં સ્વાર્થ કેન્દ્રીત વૃત્તિ છે. આપણો સ્વાર્થને ખરાબ કેમ કહીએ છીએ? કારણ જગતની અંદર પાપ, દુર્ગતિનું ઉત્પત્તિ સ્થાન સ્વાર્થ છે. જગતની અંદર ચોરી, હિંસા, પરિગ્રહ વગેરેનું બીજ સ્થાન સ્વાર્થ છે. જીવ સ્વાર્થથી પ્રેરીત થઈને પાપ કરે છે. હું અને મારું સ્વાર્થમાંથી ફલીત થાય છે. મહાપુરુષોએ નિદાન કરવાની બાબતમાં ચોકકસ 'સાઇકોલોજી' પકડી છે. હવે ખુબી શુ છે કે દુનિયામાં સદ્ગુણો અને સદાચારીને પ્રશંસા મળે છે. છતાં પણ દુનિયા દુરાચાર તરફ કેમ ઘસડાય છે? કારણ હૈયામાં રહેલો સ્વાર્થ પાપ કરવા પ્રેરીત કરે છે.

સ્વાર્થ અધર્મ છે અને પરાર્થ ધર્મ છે. સ્વાર્થનું મૂળ "મારે સુખશાંતિ જોઈએ, માટે પૈસા જોઈએ છે. બીજાનુ જે થવાનું હોય તે થાય, બીજા જન્મમાં જાય તો પણ વાંધો નહિ, પોતાને પાંચસોનો નફો થતો હોય તો બીજાને પાંચ હજારનુ નુકસાન થતુ હોય તો ચાલે." તમે કોઇપણ વેપાર કરો તેમા

નિર્બળપણાથી જીવો મરે છે, તે ચાલે?

સભા:- લાચારીથી કરીએ છીએ

સાહેબજી:- લાચારી શબ્દ તમે કયાં બોલો છો ત્યાં મારે હાઇલાઇટ કરવુ છે. આ સંસાર માંડીને કોઇના પર ઉપકાર કર્યો છે? પરંતુ તમને સંસારની આકાંક્ષા હતી, માટે સંસાર માંડ્યો છે. મહતમાં કોઇની જવાબદારી માથે લો તેમ નથી. તમારે સંસ્થામાં પણ માણસો કામ કરવા રાખવા પડે છે ને? કારણ સંઘમાં કોઇ કામ કરવા તૈયાર નથી. જીવ સંસાર સ્વાર્થથી જ માંડે છે. માટે અંદરથી જો સેનાલીસીસ કરો તો જગત આખુ સ્વાર્થ પ્રેરીત થઇને કામ કરે છે. દીકરા, કુટુંબનુ પાલન પોષણ પણ તમે સ્વાર્થથી જ કરો છો. પરોપકારની ભાવના મહાદુષ્કર છે. ધર્મનો પરોપકારની ભાવનાથી પ્રારંભ થાય છે, માટે જ ધર્મ દુષ્કર છે. જાતને પૂછજો કે દાદો પણ કું શુ કામ કરુ છુ? શા માટે કમાઉ છુ? વિચારજો.

લાચારી કે મજબુરીથી કમાઓ છો? બાળકને અત્યારે કમાવવાની જરૂર પણ નથી. ખાવાપીવાની બાબત અનીવાર્ય છે, તીર્થંકર અને મહાપુરુષો આહાર વિના દેહ ટકાવી નથી શકતા, માટે તેઓને ખાવુ અનીવાર્ય છે. હવે અનીવાર્ય છે માટે ખાવ છો પણ ખાવામાં સ્વાર્થ નથી? તેમા પણ તમે લાચારી નહિ બનાવી શકો. કારણ ખાવામા ખાલી જીવન જરુરીયાત છે કે પછી આસક્તી, વિકારો, સ્વાદને પોષવાની ભાવનાથી ખાવ છો? અને ખાધા પછી જે શક્તિ મળે છે તેનો સદુપયોગ કરવાની ભાવના છે? માટે જ કું ખાઉ છુ. આવી ભાવના ખરી? પરંતુ બધી તમારો ભૌતિક સ્વાર્થ રમાડેલો છે. દવા લો છો, ડોક્ટરને બનાવીને ઉપચાર કરો છો? તેમા સ્વાર્થ ખરો? વગર સ્વાર્થે કરો છો?

સભા:- સાજા થવા દવા કરીએ છીએ.

સાહેબજી:- સાજા થઇ, પરોપકાર કરવા માંગતા હોવ તો બરાબર, પણ લગભગ જીવ પરાધીની નથી હોતો. માટે દવા લેતા મારે સાજા થવુ છે પછી તેમા ગમે તેટલી હિંસા થાય તેનો વિચાર જ નહી. આ બધી પંચાત કરીએ તો જીવી ન શકીએ, આજ બધા કારણોથી બધે પાપ લાગે છે. આ જગતમાં અતિશય સ્વાર્થ હોય ત્યાં ઉગ્ર પાપ બંધાય છે. આ જગતમાં ઓછો સ્વાર્થ હોય ત્યાં મંદ પાપ બંધાય છે. પણ

જીવન સ્વાર્થમય છે ત્યાં પાપ છે જ. આપણો કર્મવાદ પણ કહે છે કે જેના મનમાં પાપ નહી તે ભલે સંસારમા રહેતો હોય તો પણ રત્નીભાર તેને પાપ બંધાતુ નથી. સંસારની બધી પ્રવૃત્તિ કરતો હોય તો પણ તેને પાપ બંધાતુ નથી.

સભા:- સ્વાર્થથી કયા કર્મોનો બંધ થાય છે ?

સાહેબજી:- બધા અશુભકર્મોનો બંધ થાય છે. જેમ ખાવામાં તમે દાળ-ભાત, રોટલી ખાવ છો તેમા કેટલી હિંસા થાય છે, કેટલા ઘઉંના દાણાથી રોટલી બને છે, ઘઉંના દાણા બધા એકેન્દ્રિય જીવો છે. એટલે રોટલી એ એકેન્દ્રિય જીવના મડદા છે. માટે અશુભ કર્મોનો બંધ થાય છે, સંસારનું સ્વરૂપ જ આવુ છે. તેમ શાક પણ શું ? તે વનસ્પતિ જીવોનુ કલેવર છે. આપણને કોઇ કાચુ સમારીને ખાય તો આપણા પર કેવુ વીતે ? માટે બધી વાનગીમા હિંસા છે. વે જીવોએ તમારુ કશુ બગાડ્યુ નથી, તમને હેરાન કરવા આવ્યા નથી. જીવનમા ડીસ્ટર્બ કરતા નથી, વિચારજો વનસ્પતિના જીવોએ કંઇ તમારું બગાડ્યુ છે ? તમને કાંઇ હેરાન કરે છે ! છતાં પણ વગર કારણે નિર્દોષ જીવોને સાફ કરો છો, મારીનાખો છો. આટલી હિંસા હોવા છતાં તમે કહો કે તેમા અમને પાપ કેમ લાગે છે ! તમારા માટે કે તમારા સગાસંબંધી માટે તમે હિંસા કરો છો માટે બધે સ્વાર્થ સમાયેલો છે, માટે ખાતાપીતા, હરતાફરતા, ધંધોધાપો કરતા, કુટુંબનુ પાલન પોષણ કરતા, બધે જ તમને પાપ લાગે છે. કારણ સ્વાર્થ વગર કશુ કરી શકો તેમ નથી. તમારામા કહેવત છે ને લાલો લાભ વિના લોટે નહી, તમને સ્વાર્થ દેખાય તો જ પ્રવૃત્તિ કરો તેમ છો.

સભા:- પોથમા ગુણસ્થાનકવાળો શ્રાવક હિંસા કરતો હોય તો પાપ લાગે ?

સાહેબજી:- હા, તેને પાપ લાગે પણ સમકીતના વિવેક સાથે તે પ્રવૃત્તિ કરે છે, માટે તે દીલ્હાઇ પૂર્વક કરતો નથી. તેથી તેને પાપ ઓછુ લાગશે અને સાથે અનુબંધ તો પુણ્યનો જ થશે. વિવેક હોવાના કારણે અવિવેકી કરતા ઓછુ પાપ લાગશે.

તમે મોટરમા પરોપકાર માટે બેસો છો ! કે સગવડતા માટે રાખી છે ? તમારા સ્ટેટસ માટે મોટરો રાખો છો. તેમા કયો ભાવ છે ? માટે ઉપયોગ કરો

ત્યારે હિંસા સ્વાર્થના કારણે થઈ છે. માટે સિદ્ધાંત શું થયો? કે તમારા સ્વાર્થ ખાતર બીજા જીવોને દુઃખ આપો તો પાપ ન ગણાય? તો પછી પૂછવું પડશે કે પાપ કોને કહેવાય? જરૂરીયાત એ કાંઈ દોરણ છે? કાલે ઉઠીને ગુંડો કહેશે મને ચોરી કરવાની જરૂરીયાત છે માટે ચોરી કરું છું એટલે શું પાપ નહીં કહેવાય? હિંસા કરવા છતાં પોતાને નિર્દોષ માને તે વ્યાજબી નથી. પરંતુ પરોપકારની ભાવનાથી હિંસા કરે તો પાપ બંધાય નહીં. કારણકે ત્યાં જીવ મારવા છતાં ભાવ જુદો છે.

દા.ત. એક માણસ લુટવા આવ્યો, તે વખતે પૈસા બચાવવા છે, તમને એમ થાય કે તમને કેમ છૂટી જાય? અને તમે તેની સાથે મારામારી કરો. અને તે વખતે સામેનો માણસ તમારાથી મરી જાય તો હિંસાનું પાપ લાગે ને? હા, કારણ તમે લડ્યા શું કામ? પૈસાને બચાવવા માટે. સગવડતા, રક્ષણ માટે લડ્યા છો, પરોપકાર માટે કાંઈ લડ્યા નથી. હવે તેને બદલે તમે રસ્તા પર જતા હોવ ત્યારે કોઈ નિર્દોષ વ્યક્તિને છૂંદી નાંખતો હોય, સદાચાર સ્ત્રી પર આક્રમક કરતો હોય, તે વખતે તમને એવું થાય કે મારી નાગરીક તરીકે ફરજ છે કે તેનું મારે રક્ષણ કરવું જોઈએ. પાછો તમારે સ્ત્રી સાથે અંગત સ્વાર્થ ન હોય, પરંતુ પરોપકારની ભાવનાથી તમે તે ગુંડા સાથે લડો, અને ઝપાઝપીમાં ગુંડો મરી જાય તો હિંસાનું પાપ લાગે ખરું? ન લાગે. કારણ ભાવના પરોપકારની છે, અંગત સ્વાર્થ માટે માર્યો નથી. કર્તવ્ય બજાવવા માટે આ હિંસા છે, માટે સ્વાર્થ અને પરોપકારની વ્યાખ્યા વચ્ચે ગજાવત છે. એકની એક પ્રવૃત્તિ હોવા છતાં, સ્વાર્થથી કરો તો પાપ અને પરોપકારથી કરો તો પુણ્ય બંધાય. સદાચાર, પરોપકારથી રક્ષણ કરો તો પુણ્ય બંધાય.

સ્વાર્થ માટે હિંસાની પ્રવૃત્તિ કરો છો. જેમકે ખાવા માટે રસોઈ રાંધો છો, શું કામ? સગવડતા ખાતર રાંધો છો. મારે સ્વાર્થથી હિંસા થઈ. ને કોઈકને કોઈ ભૂખ્યો, તરસ્યો આવે અને તેને ખવડાવો તેમા પણ હિંસા છે. આમ તો બન્નેમા હિંસા છે. છતા પણ ભૂખ્યા-તરસ્યાને ખવડાવો તો પુણ્ય બંધાય, ત્યાંથી આપો છો માટે પુણ્ય બંધાય છે. અને તમે સ્વાર્થથી ખાવ છો માટે પાપ બંધાય છે. જેવો પરિણામ, ઉદ્દેશ બદલાય એટલે બંધમા ગજાવત પડી જાય છે.

પ્રશ્ન:- સાધુ ગોચરી ખાય છે તેમા પાપ બંધાય ?

સાહેબજી:- સાધુ શું કામ ગોચરી લે છે ? હા, તમારે ત્યાંથી બહુ જ સરસ આઈટમો મળે છે, માટે તમારે ત્યાંથી લઉ, અને પછી બહાર મજાથી ટેસ્ટથી ગોચરી વાપરુ તો મને પાપ લાગે, પરંતુ સાધુને ગોચરી શું કામ લેવાની છે ? શરીર ટકાવવું છે માટે. પણ શરીર પણ કેમ ટકાવવુ છે ? શરીર પર મોહ છે માટે ટકાવવુ છે ? આ ભાવના હોય તો ચોક્કસ પાપ લાગે, પરંતુ સાધુને શરીર આરાધનાનું સાધન બનવું જોઈએ. અને તે માટે અમે પાલન પોષણ કરતા હોઈએ તો પાપ ન લાગે. ઉત્સર્ગ માર્ગે આચાર શું છે ? તે ખબર છે ? કુ તમારા ત્યાં ગોચરી શું કામ લેવા આવુ છુ ? અમે રસોઈ રાંધીએ નહી, રંધાવીએ નહી, રાંધતાને સારી માનીએ નહી. અમારે ગોચરી પણ અહિંસક પદ્ધતિથી લેવાની, વાપરવાની પણ અહિંસક પદ્ધતિથી, અને પછી શરીરની જે શક્તિ કે બાધ મળે તેનો ઉપયોગ પણ અહિંસાના પાલન માટે, ઉપદેશ માટે કરવાનો છે. તમારે હિંસક પદ્ધતિથી શક્તિ મેળવવાની, અને મેળવેલી શક્તિનો હિંસામા ઉપયોગ કરવાનો નહી, આખી દુનિયામા જીવન જીવવાની આવી અદ્ભુત શૈલી મળશે નહિ, પરંતુ અમને પણ સ્વાર્થ આવે તો પાપ લાગે. ઈતિહાસમા કે વર્તમાનમા કોઈ દાખલો નથી કે જીવ સ્વાર્થભાવ કરે અને પાપ ન બંધાય. તમે તે વ્યવહાર પરોપકારથી કરો તો પુણ્ય બંધાય અને સ્વાર્થથી કરો તો પાપ બંધાય.

ઘણા જ શ્રાવકો સંસારમા બેઠા છે, આરંભ સમારંભ કરે છે પણ તેને તેઓ પાપ નજીકે સ્વીકારતા નથી પાછુ કહે છે કે આ તો કોમન છે. આમ જ જીવાય. પરંતુ આ બેંગલ ખોટો છે, જૈનશાસ્ત્રની દૃષ્ટિ જુદી છે. શ્રાવક તો શું રાજા-મહારાજા પણ જો જીવનમાંથી સ્વાર્થને તિલાંજલી આપે તો તેમને પણ પાપ લાગતુ નથી. પણ બધે સ્વાર્થ ભૂતની જેમ વળગ્યો છે.

જેમ તમારે ત્યાં સગા-સંબંધી આવ્યા તેની તમે સરભરા કરી, પણ તેને ત્યાં જાવ ત્યારે તે પ્રમાણે તમને આવકાર ન આપે તો શું ભાવ થાય ? સ્વાર્થી અને કૃતઘ્ની લાગેને ? તમે મહેમાનની સરભરા પણ બદલાનો ભાવ રાખીને કરો

છો, ડગલેને પગલે આ સ્થિતિ છે, જેમ કોઇના લગ્નમાં સો રુપિયાનો ચાંદલો કર્યો અને તમારા દીકરાના લગ્નમાં એકાવન રુપિયાનો ચાંદલો કરે તો શુ થાય? ત્યારે કહેશો કે તે તો બધાના પૈસા જમી જાય તેવો છે, માટે તમને બધી બદલાની ભાવના ખરી.

સભા:- ભગવાનની પૂજા કરતા શુ બદલાની ભાવના આવે?

સાહેબજી:- તમને બધાને પૂછવા જેવુ છે કે તે વખતે તમારા શુ ભાવ હોય છે? તમે તેમની પૂજા કરો છો અને છતાં પણ જો તમને તકલીફ આવે તો શુ કહો? તમારી પ્રભુ દરરોજ પૂજા કરુ છુ છતાં પણ મને કેમ તકલીફ આવી? માટે ત્યાં પણ બદલાનો ભાવ છે.

સભા:- વચમા આવીને ઘુસણખોરી કરે તો પાપ લાગે?

સાહેબજી:- જેટલી અવિધિ તથા બીજને વિક્ષેપ અંતરાય કરતા હોય તેટલો તેને દોષ લાગે છે. જેમ કોઇ પક્ષાળ કરવા વખતે ઘુસે તો પાપ લાગે. શુ તે એક જ કામચલા છે, બીજા બધા નવરા છે? માટે બધી અંતરાયના પાપ લાગે છે. બધા આરાધના કરતા હોય તેમા વિઘ્ન કરે, બોલબોલ કરે, વચમાં આવીને ઘુસીને ઝટ પૂજા કરે, આ બધા ભાવોથી પાપ લાગે છે.

સભા:- આવી વ્યક્તિને જોઇને બીજાને દ્વેષ થાય તો પાપ લાગે?

સાહેબજી:- હા, આનાથી જેને દ્વેષ થાય તેને પાપ લાગે અને આવી પ્રવૃત્તિ કરનારને પણ પાપ લાગે. ધર્મ કરનારની નાની ભૂલથી અકળાઇને દ્વેષ કરી કપડો આપો તો સોળમ પાપ લાગે, શુ તમે આખા ગામના ગુરુ છો? નિયમ શુ છે કે શ્રાવક ધર્મ કરતા ભૂલ કરતો હોય તો તેની બધી જવાબદારી ગુરુભગવંતની છે. માટે અમે પ્રસંગે ઉપદેશ આપીએ છીએ વિધિ અવિધિ બતાવીએ છીએ.

સભા:- છતા પણ અવિવેક કરે તો ગુરુને દોષ લાગે?

સાહેબજી:- ના, અમારે સમજાવવાનો ઉપદેશ આપવાનો છતાં પણ તે બરાબર ન કરે તો અમને દોષ લાગતો નથી. પહી તો અમે નાની અવિધિ જોઇએ તો મૌન રહીએ છીએ. પરંતુ મોટી અવિધિના દોષ જોઇએ તો અમારે ફરીવાર કહેવુ પડે, ન

સાચવનારને કાન પકડીને બહાર કાઢવા પડે. સામાન્ય રીતે જુવની પ્રાથમિક કક્ષામાં ક્ષુદ્ર મનોવૃત્તિ છે માટે દોષ રહેશે, પરંતુ તેનાથી પાપ તો લાગશે.

સભા:- આવા ઠેકાણે શ્રાવકમા કેવા શ્રાવકને જવાબદારી આવે ? અને ક્યાં આવે?

સાહેબજી:- વડીલોને આ જવાબદારી આવે. જેમકે દીકરો કંઈ ખોટુ કરતો હોય તો બાપને સુધારવાની જવાબદારી આવે. પણ આખા ગામની જવાબદારી તમને કોઈ સોંપી નથી. નાના દોષો પણ કહેવાય કઈ રીતે, તેને સુધારવા કઈ રીતે તેમા પણ વિવેક માંગશે. હવે વડીલે ધ્યાન દોર્યુ અને પછી પણ ન કરે તો વડીલની જવાબદારી આવતી નથી. અત્યારે તમે ભગવાનને પક્ષાળ સાત કળશથી કરશો, ઘરેથી દુધ,પાની લાવવાના હોય તો બોક પરમાત્માને પણ પક્ષાળ કરશો ખરા? માટે વૃત્તિ કેવી છે, મજનનું વાપરવુ છે, જેમ પોતાના પૈસાથી કુળ ચઢાવવાના હોય તો વિચાર કરે, પરંતુ ત્યાં જો કુળ મૂકેલા હોય તો વગર પૈસે પણ બધા ભગવાનને ચઢાવી આવે, આવી બધી ક્ષુદ્રવૃત્તિવાળાને પાપ લાગે છે, અત્યારે ઘણાની આવી ટેન્ડન્સી હોય છે. આમ પાછા સુખી હોય, સાધિન સંપન્ન હોય પણ પ્રકૃતિ કેવી કે પારકુ અને મજનનુ હોય તો વધુ કરવા તૈયાર.

સભા:- વચ્ચે ઘુસીને પહેલો લાભ લે તેને લાભ ખરો ?

સાહેબજી:- હા, ઝટઝટ કરીને વચમાં ઘુસી જાય છે, પરંતુ તેને લાભ ખરો, કારણ તેને દેરાસરમાં પરમાત્મા પ્રત્યે ભક્તિભાવ છે, માટે જ દેરાસરમાં આવે છે, ગમે તે કેકાણે ભક્તિનો ભાવ નથી. તેથી જ દેરાસરમાં લાભ લેવા પડાપડી કરે છે, ઘણાને દર્શન,પૂજાની પડી પણ નથી હોતી. **આને જ કેમ ઉમંગ છે ?** કારણ સદ્ભાવ છે, શ્રદ્ધા છે, માટે જ આવુ કરે છે. કોઈ અહિંયા પ્રભાવના કરતુ નથી કે તેના હિસાબે આવતો હોય, માટે તેને લાભ તો છે. પરંતુ સાથે વૃત્તિ કેવી કે પહેલા પોતે લાભ લઇ લેવો પણ તેનાથી બીજાને અંતરાય છે, માટે પાપ બંધાય છે. જેમ દર્શન કરતા વચ્ચે ઉભો રહે તો પાછળનાને અંતરાય થાય છે, માટે પાપ બંધાય છે, પરંતુ સાથે ભગવાનના દર્શન કરે છે, તેથી પુણ્ય પણ બંધાય છે.

સભા:- સાહેબજી કાંઈ પણ નથી લીધો હોતો અને ઘુસી જાય એને અજયણાનો દોષ લાગે ખરો?

સાહેબજી:- હા, ચોક્કસ દોષ લાગે છે. મેં અત્યારે શાસ્ત્ર પ્રમાણે વિધિથી પૂજા કરતુ હોય, તેવી કોઈ વ્યક્તિને જોઈ નથી. પરંતુ નાના દોષો સેવવાથી ગેરલાભ પણ છે અને સાથે પૂજા કરે છે માટે પુણ્ય પણ છે.

સભા:- સાહેબ શાસ્ત્રો રીતે વિધિ સમજાવોને?

સાહેબજી:- એનુ આજ ગ્રંથમાં પ્રક્રિધાન ભાવધર્મ પછી બીજે ભાવધર્મ પ્રવૃત્તિમાં વિવેચન આવશે. પ્રક્રિધાનવાળા ધર્મમાં અવિધિ હોય છતાં પણ એ ભાવપૂર્વકની ક્રિયા મોક્ષનુ સાધન છે. પરંતુ તેમા અવિધિ છે, જ્યારે પ્રવૃત્તિ ભાવધર્મમાં તો બધી વિધિની ડીમાન્ડ આવશે. આગળ તો પૂજા, ચૈત્યવંદનમાં કેવી યોગોનુ વર્ણન છે. જેમા દર્શન, પૂજા, ખમાસમણુ કઈ રીતે, કેવી વિધિ સહિતના યોગો છે તેનુ ઘણુ જ વર્ણન આવશે.

અમે અવિધિનો બચાવ કરતા નથી, અવિધિ ચલાવી લેવાની વાત છે પરંતુ મોટી અવિધિ તો અહિંયા પણ ન ચાલે. નાની અવિધિ સાથે જેટલો શુભભાવ છે, તેટલો લાભ થશે. અત્યારે તમને દેરાસરમાં કઈ રીતે જવુ, કઈ રીતે પૂજા, ચૈત્યવંદન કરવુ તો કાંઈ જ ખબર હોતી નથી. ઘણા તો એક બીજાને જોઈને કરતા હોય છે. દુનિયામા આવા પરમાત્વ તત્વની ઉપાસના ક્યાંય નહિ મળે.

સભા:- દેવવંદન ભાષ્ય ભણતો હોય છતાં અવિધિ કરે તો?

સાહેબજી:- પરંતુ જે વિધિ ભણતો હોય તેને પોતાની અવિધિની ખબર પડે. તેને વિધિ માટે બહુમાન પણ છે. માટે તેને અવિધિથી કરતાં પણ પુણ્ય બંધાય છે કારણ તેને વિધિ માટે આગ્રહ તો છે જ.

સભા:- કોઈ મોટા અવાજે ચૈત્યવંદન કરે તો પાપ બંધાય?

સાહેબજી:- મોટા અવાજે ચૈત્યવંદન કરવાની ના નથી. પણ શાસ્ત્રમાં લખ્યુ છે કે સુમધુર અવાજ સાથે સ્પષ્ટ ઉચ્ચાર સાથે જો પ્રયોગ થતો હોય તો સાંભળનારને

પણ તેનાથી ભાવ પેદા થાય અને બોલનારને પણ વધુ ભાવ આવે. આ રીતે ચૈત્યવંદન કરવાનું છે. જેમ કોઇ સુમધુર કંઠે સ્તવન ગાય તો લાયક જીવોને ત્યારે વિશેષ ભાવો, ઉર્મિઓ થાય. ચર્ચમાં જેમ મૌન પહલિથી પ્રેયર થાય છે તેમ આપણે કરવાનું નથી. પરંતુ જો તમારો અવાજ સુમધુર, સ્પષ્ટ ન હોય તો મોટેથી કરવાથી બીજાને ડીસ્ટર્બ થાય જેથી તે ચૈત્યવંદન કરતાં ભૂલી જાય માટે તેને અંતરાય થાય. જિનમંદિરો તો ભક્તિથી ગાજતાં હોવા જોઇએ. સ્તવનો, સ્તુતિ બોલાતા હોય, વાંજીત્રો વાગતાં હોય. કોઇ દેરાસરમાં પીનડ્રોપ સાયલન્સ રાખવાની નથી.

સભા:- મુખનાયકજી સામે જ સ્નાત્ર ભણાવવુ જોઇએ ? બીજે ભણાવીએ તો દોષ લાગે ?

સાહેબજી:- મુખનાયકજી સામે જ સ્નાત્ર ભણાવવુ તેવુ નથી. દેરાસરમાં ગમે તે સ્થાને ભણાવી શકો છો. આ બધી ક્રિયાથી દેરાસર ગાજતુ હોય, દેરાસર કોઇ ધ્યાનના ધામ છે ? દેરાસર તો ભક્તિ અને ઉપાસનાના સ્થાન છે. ધ્યાન કરવા માટે તો તીર્થસ્થાનો છે તથા તમારે ઘરે દેરાસર રાખવાનાં છે. જ્યારે જિનમંદિરમાં તો સામુહિક ભક્તિ જ થાય. જેનાથી બીજાની ભક્તિ જોઇને બળ મળે, પ્રેરણા મળે, આલંબન ઉભુ **થાય. ભાવો વધુ આવે માટે ભક્તિ સામુહિક રીતે દેરાસરમાં કરવાની છે.** પરંતુ તમે શુ માની બેઠા છો કે મસ્જીદ, ચર્ચમાં જેવી શાંતિ છે તેવી દેરાસરમા જોઇએ. માટે કહેનારા છે કે આપણા દેરાસરમાં કોઇ ડીસીપ્લીન નથી, શાંતિ નથી. પરંતુ ખબર છે આપણા દેરાસરમાં ઘંટનાદ મુક્યો છે. જેનાથી દેરાસર ગાજતુ હોય. માટે બધી વસ્તુ કરવાના સ્ટેજ છે. ધ્યાન કરવાનુ તો વ્યક્તિગત વસ્તુ છે જ્યારે ભક્તિ, ઉપાસના જાહેર વસ્તુ છે.

સભા:- પેઢા ધ્યાન ચાલે છે તેનુ શુ ?

સાહેબજી:-સમજો, કો વ્યક્તિ પેઢામા હોય, કાં ધ્યાનમાં હોય. જે પેઢામા હોય તે ધ્યાનમાં ન હોય. અને ધ્યાનમા હોય તે પેઢામા ન હોય. અનુપ્રેક્ષા તે

તત્વચિંતનની અવસ્થા છે. શાસ્ત્રકારોએ પહેલા ચિંતન પછી ભાવના, પછી અનુપ્રેક્ષા કહ્યુ છે અને પછી ધ્યાન કરવાનુ કહ્યુ છે. જે વ્યક્તિ, ચિંતન કે ભાવનામા હોય કે અનુપ્રેક્ષામાં હોય તેનામાં ધ્યાન હોય નહિ. ધ્યાન હોય તેમાં ચિંતન, ભાવના, પેક્ષા હોય નહિ. માટે શબ્દો બરાબર ગોઠવીને બોલો.

સભા:- સાહેબજી, અનુપ્રેક્ષા કયા લેવલે આવે?

સાહેબજી:- ગીતાર્થ વગરનો અનુપ્રેક્ષા કરી શકે નહિ. માટે અનુપ્રેક્ષા માટે જ્યારે આ સ્ટેજની વાત છે તો પછી ધ્યાનની વાત જ ક્યાં કરવાની? પરંતુ અત્યારે તમને વધારે ધર્મના ક્ષેત્રમા વધુ કાંઇક જોઇએ છે. ચીલાચાલુ ચાલતુ નથી અને પાછુ સાથે ઇન્સટન્ટ જોઇએ છીએ. ખરેખર ધર્મમાં આગળ જવું હોય તો તીર્થંકરોએ ક્રમસર સાધના માર્ગ બનાવ્યો છે તે જ રીતે આગળ વધાય.

જેમકે પહેલાં ભક્તિ પછી જપ પછી ચિંતન, મનન, ભાવના છે. પછી અનુપ્રેક્ષા અને પછી ધ્યાન છે. ધ્યાન કોઇ ટોળામાં આવે નહિ. વ્યક્તિગત ધ્યાન કરવાનું છે. પરંતુ અત્યારે જે પ્રવાહ ચાલી રહ્યો છે તે ખોટો છે. બીજાનું છે માટે અમે આવી સમીક્ષા નથી કરતાં પરંતુ શાસ્ત્ર રીતે છે માટે અમે કહીએ છીએ. શાસ્ત્રમાં લખ્યુ છે કે અમારે સાધુને પુરા જોતે પ્રજ્ઞા સંપન્ન હોય, ચારિત્રા સંપન્ન હોય તો પણ ધ્યાન પૂર્વાધિ અવસ્થામા નથી. ધ્યાન તો ઉત્તરાર્ધ અવસ્થા અને અંતિમ અવસ્થામાં કરવાનું છે. પહેલા તો પૂરા પોરસી, અર્ધ પોરસી છે. માટે અમારે પણ સ્ટેજવાઇઝ જવાનુ છે.

સભા:- ઉત્તરાવસ્થા એટલે કઇ?

સાહેબજી:- જ્યારે જીવનનો છેલ્લો તબક્કો શરૂ થાય. જેમકે પહેલા ભણવાનુ, ચારિત્રા સારુ પાળવાનુ, શાસનના જે કર્તવ્યો છે તે અદા કર્યા પછી ધ્યાન કરવાનું છે. સાધુ તેના કામોમાંથી નિવૃત્તિમાં જાય પછી જ ધ્યાન કરવાનુ છે. જેમકે પહેલા ભણવાનુ, અર્થચિંતન કરવાનું પછી જ્ઞાતા થયા પછી વાંચના આદિ આપવાની બધા કર્તવ્યો અદા કર્યા પછી ધ્યાન કરવાનું છે. જૈનશાસન

ઘણુ જ ઉંચુ છે.

હવે આપણે મુળ વિષય પર આવીએ.

જ્યાં પણ સ્વાર્થના ભાવો છે ત્યાં એકાંતે પાપબંધના કારણો છે. કુટુંબ ચલાવો છો, વેપાર ધંધા કરો છો, પાલનપોષણ પણ પાપ છે. મોટર આદિ જેવા કે સગવડતાના સાધનો રાખો છો, વાપરો છો ત્યાં બધામાં સ્વાર્થ છે માટે પાપ છે. તમે જ્યારે સ્વાર્થને દફનાવી દેશો ત્યારે જ પુણ્ય બાંધી શકશો.

સભા:- સ્વાર્થ પ્રશસ્ત ક્યારે બને?

સાહેબજી:-જ્યાં સુધી ભૌતિકતામાં સ્વાર્થ હશે ત્યાં સુધી સ્વાર્થ પ્રશસ્ત બનવાનો નથી. જ્યારે ભૌતિકતામાંથી આત્મીકતામાં આવશો પછી તે પ્રશસ્ત થશે. લગ્નમા ચાલ્લો પણ શુભભાવથી આપો તો પુણ્ય બંધાશે.

સભા:- તેમા શુ શુભભાવ આવે?

સાહેબજી:- સમાજનુ ઉચીત કર્ત્તવ્ય છે. આર્યદેશની પ્રણાલીકા છે. આનંદનો અવસર બધા ભેગા મળીને કરો તો એક બીજા પ્રત્યે લાગણી ઉભી થાય. માટે સુખદુઃખના પ્રસંગોમાં બધો સમાજ સાથે બેસીને ભોગવે. તમારા દીકરાના લગ્ન વખતે તમારી શક્તિ પ્રમાણે સગાને, સંબંધીને, કુટુંબોને જમાડવાના છે. અત્યારે લોકો કહે છે આખા ગામને જમાડવાની શુ જરુર છે? સુખ કાંઇ એકલાએ ભોગવવાનુ નથી બધા સાથે ભોગવવાનુ છે, વહેંચીને ભોગવવાનુ છે. તેમા લુચ્ચા, સ્વાર્થી બનવાનુ નથી.

સભા:- આ બધું કરતાં આરંભ સમારંભ થાય ને?

સાહેબજી:- આરંભ-સમારંભમાં બેઠેલાને તો તેનાથી થતો પરોપકાર કરવાનો છે. આરંભ-સમારંભ ત્યાગ કર્યા પછી તેનાથી થતો પરોપકાર પણ કરવાનો નથી. અમારે કાંઇ લગ્નના જમણ કરવાના નથી. તમારી દૃષ્ટિ કેવી છે કે તમારા માટે આરંભ-સમારંભ કરતાં કાંઇ નહિ પણ ગામ માટે વાત આવે તો પાપ દેખાય છે. પરંતુ આ આર્યદેશનો ઉચીત વ્યવહાર છે. બરાબર ...

સમજો. કાંઇ સાદગી કે સમુહમાં લગ્ન કરવાના નથી. જૈનશાસન કે આર્યદેશ આવુ કહેતો નથી.

સમુહમા ભેગા થઇને કરે છે તેમા તો બેઠ નાટક જ હોય છે. તમે વર્ણન કરો તો બધા પોઇન્ટ બનાઉ. કાંઇ સારા માણસો સમુહમાં લગ્ન કરવા તૈયાર છે ? ઘણો ઠેકાણે તો શુ સમુહમા લગ્ન ગામ કરાવી આપતા હોય છે. માટે ત્યાં પણ શું વૃત્તિ આવી? પરંતુ આ આર્ય પરંપરા નથી.

સભા:- તેમા અનાર્યપણુ શુ ?

સાહેબજી:- જેમકે ત્યાં તમારી બોલામાં કરવાની વૃત્તિ છે. તથા તમારી જવાબદારીમાંથી તમે છટકવા માગો છો. ઘણા ઠેકાણે તો મોવડીઓ સમુહ લગ્ન કરાવી આપતા હોય છે. આમાં દીકરો પોતાનો પરણે પણ ખરચો ગામ પાસે કરાવવો છે. આ રીતે કાંઇ લગ્ન કરવાની વિધિ નથી. આતો બેઠ પોઇન્ટ બતાવ્યો પણ આવા તો બીજા ઘણા જ પોઇન્ટ છે. અમે તમને ગમે તેટલુ કહીએ પણ આ બધી વાતો મગજમાં બેસવાની નથી. આર્ય વ્યવસ્થા ઋષીમુની પ્રણીત છે તેના મુળમાં નીર્દકર પ્રણીત છે. આ બધી વ્યવસ્થા સાત્વીક મનોવૃત્તિ તથા શુભભાવ કેળવવા માટે અને પુણ્યબંધ માટે છે. પણ તમે જ્યાં આ બધુ ચૂકો ત્યાં પાપબંધ થાય છે તેથી પુણ્યબંધને ગુમાવો છો. માટેજ બધે પાપ બાંધો છો. તમે લગ્નનુ જમણ કરતાં પણ પુણ્ય બાંધી શકો છો. પરંતુ એમ થાય કે આ કરતાં ઉપાધી આવી, બધા મરતીયા આવીને ખાઇ જશે. આ ભાવ સાથે જમાડો તો જમાડીને પણ પાપ બાંધો છો.

॥ પ-પૂ-શ્રી યુગભૂષણવિજય સદ્‌ગુરુભ્યો નમઃ॥

૧૬-૮-૯૫
શુક્રવાર
શ્રાવણ વદ ૮ અષ્ટમ

॥ યોગવિંશીકા॥

॥ પ્રણિધાન॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને પરમ તત્વ પ્રાપ્ત કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ આ જગતમાં પરમતત્વ વિશુદ્ધ આત્માનુ સ્વરુપ છે જે જીવ આ પામી જાય પછી તેને કાંઇપણ પામવાનું બાકી રહેતુ નથી. અને જેઓ આને પામી ગયા છે તે બધા સિદ્ધશીલા પર બેઠા છે. આત્મસ્વરુપની પૂર્ણ પ્રાપ્તિ તેનું નામ જ મોક્ષ છે.

તેને પામવા માટે જ્ઞાની ભગવંતોએ સાધનાનો માર્ગ બતાવ્યો છે. પણ તે સાધના ક્રમમાં બતાવી છે. હવે દ્રઢમાં સરળમાં વ્યાખ્યા કરીને બતાવ્યુ કે જીવનમાં પરપીડાનો પરિહાર તે પરોપકાર, અને પ્રણિધાન ભાવધર્મમાં તેને વણી લીધી છે. જેનામાં પ્રણિધાન હોય તેવા આત્માનું મન ૨૪ કલાક પરોપકારથી ઉભરાતું હોય. પરંતુ આપણને પરોપકાર ન ગમવાનું કારણ શુ ?

તમે તમારા જીવનમાં કદી પણ તમારુ ખરાબ ઇચ્છ્યુ નથી. ભગતાં નો સવાલ જ નથી પણ સ્વપ્નમાં પણ તમે કદી આવું વિચાર્યું નથી. કારણ તમે ૨૪ કલાક તમારુ સારુ ઇચ્છો છો, અને આ શાશ્વત વૃત્તિ છે. જ્યારે બીજાનું સારુ ઇચ્છવાની ભાવનાના બદલે શુ કહેશો "કે મેં કાઇ બધાની જવાબદારી માથે લીધી છે ?" અને તે જ સ્વાર્થ છે. આવી મનોકામનાવાળા જીવને ધર્મ શુ કહે છે કે તારુ સારુ કરવાની ભાવના અને બીજાનુ સારુ ન કરવાની ભાવનાથી જ તારુ અનંતકાળથી ખરાબ થઇ રહ્યુ છે. કારણ તારા અંતઃકરણમાં જે ભાવ હોય તેના પડઘારુપે કુદરતમાં પ્રતિભાવ મળે છે, ફળરુપે મળે છે.આ અટલ ન્યાય છે. માટે એકપણ સ્વાર્થનો પરિણામ છે ત્યાં સુધી પોતાનુ અહિત થાય તેવા જ કર્મ બંધાવાના.

પુણ્ય બાંધવા માટે પરોપકાર ભાવના તે જ ખરુ સાધન છે. પરોપકાર અને સ્વાર્થ તે પરસ્પર વિરોધી છે. પરોપકાર ભાવનામાં તાકાત એવી છે કે એકની એક ક્રિયાને પાપમાંથી પુણ્યમાં બદલી આપી શકે છે. જ્યારે સ્વાર્થ ભાવનામાં પુણ્યને બદલે પાપમાં ફેરવવાની તાકાત છે.

તમે કોઇપણ ક્રિયા કેમ કરો છો ? ફુલ ઝાડ ઉપરથી તોડ્યા કારણ સુંગંધની મજા લેવી છે ? હારતોરામાં ઉપયોગ કરવો છે, વેણીમાં નાંખવા છે ? આ માટે તોડ્યા છે તો ત્યાં બીજા જીવને ત્રાસ આપ્યો માટે પાપ લાગે છે. તેજ ફુલ તમે પ્રભુભક્તિ માટે તોડ્યા હોય તો પુણ્યબંધ થાય છે. કારણ ત્યાં સ્વાર્થભાવ નથી. માટે અશુભ ભાવ હતો તે શુભભાવ બન્યો. માટે એની એજ પ્રવૃત્તિથી પાપને બદલે પુણ્ય બંધાવાનું ચાલુ થયુ.

નેમ રસોઇ રાંધી, ખાવા બેઠા, સ્વાદ માટે આરોગો છો? ત્યાં તમારો સ્વાર્થ છે માટે તેના માટે થતી હિંસામાં પાપ લાગે છે. જ્યારે કોઇ સાધર્મિક આવે અને તેને માટે રસોઇ બનાવીએ તો હિંસા થતી હોવા છતાં પાપ નહિ પણ પુણ્ય બંધાય છે. ક્રિયા તો એની એજ છે. છતાં પણ પુણ્ય બંધાય છે. કારણ ત્યાં પરોપકાર, ભક્તિની ભાવના છે.

સભા:- સાહેબજી, તમારા માટે રસોઇ બનાવીએ તો ?

સાહેબજી:- તમારો ભાવ શુભ થાય, પણ અમારી આ રીતે ભક્તિ કરો તેમા લોગ કોનો લાગે? અમારો. જેની ભક્તિ કરો તેમાં તેના ગુણોનો નાશ કરીને ભક્તિ કરવાની નથી. આતો કેવી વાત કરી કે પહેલા ટાંટીયો પકડીને પછાડો અને પછી તેની માવજત કરો. માટે તમારે વિચારવું પડે. વ્યક્તિ પોતે કંદમુળ ખાતો નથી તે ભક્તિના નામે ખવડાવે તો તે ભક્તિ કહેવાય કે કુભક્તિ કહેવાય ?

સભા:- પોતે કંદમુળ ખાતો હોવને ખવડાવે તો ?

સાહેબજી:- કઇ વ્યક્તિ લો છો ? જૈન, અજૈન, કે માવડ ?

સભા:- જૈન

સાહેબજી:- જૈનને તો ખબર જ હોય કે કંદમુળ ખાવામાં પાપ છે. જેને સમજણ નથી તે તો અજૈનમા જ આવ્યો. તે દયાની બુધ્ધિથી કંદમુળ ખવડાવે તો શુભ ભાવના કારણે પુણ્ય બંધાય છે. દાનધર્મના સ્ટેજ છે માટે અમુક પરોપકાર અમુક માટે વ્યાજબી, અમુક માટે વ્યાજબી નહિ, જ્યારે બીજાને બીજો પરોપકાર વ્યાજબી છે. જેમ કોઇ ફોરેનમાં રહેનારો આફ્રીકન છે, હવે તેના

ઘરમાં નોનવેજ આદિ તો કોમન હોય છે. માટે તે પોતે જમવા બેઠો અને તેવામાં ગરીબ આવ્યો તો તે નિઃસ્વાર્થ ભાવે દયાની બુદ્ધિથી પોતાની વાનગીમાંથી ગરીબને આપે છે. બધા કાંઇ આપવા તૈયાર થતા નથી પણ આને તો ઉદારતાથી પોતાની વસ્તુ સ્વેચ્છાએ દયાની બુદ્ધિથી આપી છે, નિઃસ્વાર્થ ભાવના છે. માટે ત્યાં શુભભાવના કારણે પુણ્ય બંધાય છે. પરંતુ તે હલકી ક્વોલીટીનું પુણ્ય બંધાય છે. એના હૃદયમાં માણસ માટે દયા છે પણ સાથે પ્રાણી માટે દયા નથી, કઠોરતા છે તેના માટે તેને ૨૪ કલાક પાપ બંધાય છે. અને શુભભાવથી જે પુણ્ય બંધાય છે, તે પાપાનુબંધી પુણ્ય બંધાય છે. આવી વ્યક્તિ માંસનું દાન તેની કક્ષા પ્રમાણે કરી શકે છે. પણ જેને ખાતો હોય તે દાન કરે તો દયા કે અધઃપતન કહેવાય?

તેમ જૈન ભક્તિથી કંદમુળ ખવડાવે તો અધઃપતન કહેવાશે. તમારા આચાર-વિચાર શું? અભક્ષ્ય, અનંતકાય, બહુબીજ, વિદળ વગેરે દયાથી ન અપાય. વાસી પણ ન રાખીને ન આપે, આ બધુ જૈનો માટે ત્યાજ્ય છે. પરંતુ તેના બદલે ઉંચી વસ્તુનુ દાન કરવાનુ યોગ્ય છે.

હવે તમે અમારા માટે ૮અપવાદના કારણો જેમકે માંદા હોય, ગ્લાન હોય, વૃદ્ધ, તપસ્વી, કોઇ વિશેષ કારણે જેની શાસ્ત્રમાં આજ્ઞા છે તેમાં તમે ન કરો તો દોષ લાગે. પરંતુ વગર અપવાદે થાલુ કરો તેમાં અમારા પચ્ચખાણ **તોડાવો છો. માટે તે ભક્તિ નહી પણ કુભક્તિ કહેવાશે. જે સાચી ભક્તિ નથી.** સાધુના વ્રત, નિયમ ભાંગે તેવી ભક્તિ શુ વરાવર છે? પરંતુ એવી ભક્તિ કરાય કે જેનાથી તેમના ગુણો વધારે ખીલે, ત્યાં તમારા શુભભાવ માટે ના નથી.

સભા:- અમુક સાધુ ભગવંત સામેથી બનાવવાનુ કરે તો શુ કરવુ?

સાહેબજી:- હાથ જોડી, વિનયથી કહેવુ સાહેબ ઉચીત નથી. હા, કારણ હોય તો ખુશીથી જરૂર કરાવશો. મારી અત્યારે ભાવના કે અનુકુળતા નથી. આ બધુ ઉદ્ધતાઈથી કહેવાનુ નથી, વિનય સાથે કહેવાનુ છે. જાણી બુજીને કોઇના દોષમા પોષણ કરવુ તે દોષ પોષક તરીકે તમે જવાબદાર થાઓ છો, માટે ચોક્કસ પાપ લાગે.

ધર્મના ફીડામા જવાબદારી આવશે. સંસારમાં કોઇ વ્યક્તિ ભૂલ કરતું હોય અને તેના સમર્થનમાં બેસે તો પાપના પક્ષમા બેસનારને પાપ લાગે છે અને કરનારને પણ પાપ લાગે છે.

જીવનમાં સત્યને માનો, આચરો, તેના ટેકામાં ઉભા રહો તો ધર્મ થાય છે. જ્યાં અસત્યને ટેકો આપો તેમાં પાપ લાગે છે.

મયણાનુ દૃષ્ટાંત આવે છે કે તેના બાપે જાહેરમાં કીધુ કે પ્રભના સુખદુઃખનો કર્તા હર્તા હુ છુ. હું ધારુ તો રાજામાંથી રંક અને રંકમાંથી રાજા બનાવી શકુ ત્યારે મયણા મૌન છે. પણ રાજાએ પૂછ્યુ તુ કેમ બોલતી નથી ત્યારે આમ તો તે મૌન રહી શકતી હતી, હાજ હા પણ કહી શકતી હતી. પણ સિદ્ધાંતની વિરુદ્ધ વાત છે માટે ટેકો ન આપ્યો.

માટે દોષના પોષકની વાત આવે તેમાં ઉચીત વિનય સાથે ના પાડી દેવાની છે.

તમારે હિંસા, અસત્ય, અબ્રહ્મ, પરિગ્રહ વગેરે બધામાં પાપ લાગે છે. કારણ આ બધામાં કેન્દ્રસ્થાન બૌદ્ધિક સ્વાર્થ છે. મને સગવડતા, સુખમાં મજા મળે છે, બીજાનુ જે થવુ હોય તે થાય, માટે પાપ બેધાય છે. જેમ ચાલતા તમારા પગ નીચે કીડી મરી તો પાપ લાગ્યુ. કેમ લાગ્યુ ?

સભા:- ઉપયોગ નહોતો

સાહેબજી:- ઉપયોગ કેમ નહોતો ? તમારે લાપરવાહીથી ચાલવું છે બીજા જીવની ચિંતા કરવી નથી. તમારી ચિંતા રહ કલાક કરો છો. પગમા જરા કાંકરી કે કાંટો પણ ન વાગી જાય તેનું ધ્યાન રાખો છો. જ્યારે બીજના પ્રાણ જાય તો પણ ચિંતા નહી. રસ્તામાં ૧૦૦ કાંકરી હોવા છતાં પણ એક ન વાગે તેવા ધ્યાનથી ચાલો ને ? કેટલી ચિંતા ? જ્યારે બીજના આખા પ્રાણ જાય તો પણ વાંધો નહી. માટે બીજના પ્રાણની ચિંતા નથી તેથી પાપ લાગે છે. અમે તમને કહીએ કે તમે તમે મોટરમાં બેઠા તો પાપ લાગ્યુ. તો કહેશો કરીએ શુ ? આ બધુ વિચારીએ તો ચાલે નહિ. માટે બધે તમારા હૃદયમા સ્વાર્થ જડાયેલો છે.

પાપ કોને ન લાગે કે પોતાના સુખદુઃખની જેવી ચિંતા રાખે તેવી બીજના

સુખદુઃખની ચિંતા રાખે તો પાપ ન લાગે. પરંતુ તમારી જેટલી ચિંતા કરો છો તેના હજારમાં ભાગની પણ બીજા જીવ માટે ચિંતા કરો છો ખરા?

માટે તમારા સંસારની દરેક પ્રવૃત્તિમાં જેમકે ખાવો, પીવો, હરો, ફરો, વેપાર, ધંધા, રસોઇ કરો કે કોઇપણ ક્રિયા કરો તેમાં પાપ લાગે છે. કારણ સ્વાર્થ ભાવથી કરો છો, ત્યાં પરોપકાર ભાવ નથી. બસ મજા આવે છે માટે પંથાત છોડો બીજાનુ જે થવું હોય તે થાય. જેમ પ્લેનમા જલદી પહોંચવા બધો પણ પછી તેની ફ્લાઇટમાં ભલેને ગમે તેટલા પકડી આવીને મરે પણ આપણી સગવડતા સચવાયને!

આ દુનિયામાં એકલી હિંસાની પ્રવૃત્તિથી પાપ નથી બંધાતુ પણ તે વખતે જે અશુભભાવ, મલીનભાવ છે તેનાથી પાપ બંધાય છે. માટે ડગલેને પગલે હિંસા કરીએ છીએ તેમ નહિ પણ હિંસાના ભાવ પડ્યા જ છે.

જ્યારે ઘણા શું કહે છે કે સાહેબ હિંસા કરીએ છીએ પણ ભાવ નથી. પણ ભાવ નથી તેમ નહિ, ભાવ પડ્યા જ છે માટે જ હિંસા કરો છો. જેમ નહાવા ધોવા બેસો તો કેટલુ પાણી ઢોળો છો, ત્યારે હિંસાના ભાવ પડ્યા છે માટે પાણી ઢોળતાં પાપ લાગે છે. પણ એજ પાણી તમે પરબાળ માટે ઢોળો તો પાપ નથી લાગતુ. ત્યાં હિંસાનો ભાવ નથી, તમારી સ્વગવડના માટે નથી, માટે સ્વાર્થ નથી. જ્યારે પેલામાં સ્વાર્થ ભરેલો છે.

સભા:-સાહેબજી પૂજા કરવા જવા માટે નાહ્યાં પાણી ઢોળાય તેમાં કેમ પાપ લાગે?

સાહેબજી:- હા, તમે નિયમ કરો કે પૂજા કરવા સિવાય નાહવુ નહી. તેવો સંકલ્પ હોય અને પૂજા કરવા જતાં શુધ્ધિ માટે નાહવુ આવશ્યક છે. માટે પ્રભુની આજ્ઞા મુજબ સ્નાન કરો તો અસંખ્ય જીવો મરે છતાં પાપ લાગે નહિ. કેવી રીતે સ્નાન કરવું તેની શાસ્ત્રીય વિધિ છે. દેહનો બાહ્ય મેલ દૂર કરવા શુધ્ધિ કરવા સ્નાન કરવુ અનીવાર્ય છે પણ તમારા શરીરને સાફ કરવા કેટલુ પાણી જોઇએ!

સભા:- બાથ ટબ જેટલુ.

સાહેબજી:- અરે તમે તો હવે ટોકીમાં પડો તેમ છો. પરંતુ શાસ્ત્રમાં શુધ્ધિ

'મારે પ્રભુ લોટા પાણી કહ્યુ છે.

સભા:- લોટા કઈ સાઇઝના ?

સાહેબજી:- તમારા વ્યવહારમા જે હોય છે તેવા. ગામડામાં જંગલે જાય ત્યારે કેવો લોટો લઇ જતા હોય છે? તેવી સાઇઝ ગણવાની. જે પાણીથી સ્નાન કરો તે કાંઇ ગટરમાં ન જાય. પરંતુ બરાબર પરાતમાં નાહીને જયણા પૂર્વક પરઠવી દેવાનુ છે. ધર્મના ક્ષેત્રમા પણ બીનજરૂરી હિંસા બતાવી નથી. જેટલી અનીવાર્ય છે તે જ બતાવી છે. પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો છે. નિગોદના પણ જીવ હોય માટે તેમા હિંસા થતી છે. પણ ભાવ શુ છે? પૂજા કરવાના શુભભાવથી પ્રવૃત્તિ કરો છો માટે દોષ લાગતો નથી. હા, ત્યાં પણ જો સ્વાર્થનો ભાવ ભળે તો ત્યાં પણ પાપ લાગે છે. ધર્મ પણ સ્વાર્થ ભાવથી કરો તો પાપ લાગે છે.

જેમ તમે કોઇ મહાત્માની ખડે પગે સેવા કરી છે. અને વર્ષ પછી તમે મળો ત્યારે ભાવ ન આપે તો શુ થાય? લાગેને આમને કાંઇ કદર છે? માટે તે સેવા કરતાં તમે કદરની અપેક્ષા રાખીને? કાંઇ તે નિરપેક્ષ ભાવે કરી નથી. ધ્યાન ન રાખો ને આવા ભાવ જો મનમાં પડ્યા હોય તો પાપ લાગે છે. તમે અમારી ભક્તિ કરો અને અમે તમને મહત્વ ન આપીએ, મોટા ભા ન બનાવીએ તો શુ થાય? માટે શુ થયુ કે ભક્તિ દ્વારા માન-સન્માન મળે.

ઉપાધ્યાયજીએ કહ્યુ કે જે શિષ્ય ગુરુની ભક્તિ ખડે પગે કરે જેથી ગુરુ તેની કદર કરે, ખબરઅંતર રાખે, મહત્વ આપે, જો આવી ભાવનાથી તે ભક્તિ કરે તો પાપ લાગે. કારણ તેની ભક્તિ અપેક્ષાવાળી છે, માટે ચોક્કસ પાપ લાગે.

સભા:- ગુરુ કદર ન કરે તો તેમને પાપ ન લાગે?

સાહેબજી:- ગુરુને શિષ્ય લાયક લાગે તો કદર કરે, અને લાયક ન લાગે તો કદર ન પણ કરે. હા, જો શિષ્ય લાયક હોય અને ગુરુ કદર ન કરે તો ગુરુને દોષ લાગે. જેના ગુણ ભણે પણ તેની કદર તેના મોઢે કરવાથી તેમાં નુકશાન લાગે તો ન કરે. પણ તેની પાછળ વખાણ કરે. માટે પ્રશંસા

જે પચાવી શકે તેમ હોય તેની જ કરવાની. ન પચાવી શકે તેની પ્રશંસા ગુણ હોવા છતાં કરવાની નથી, નહીતર નુકશાન થશે. ઉપબૃહણા, સ્થિરિકરણ, વિકાસ માટે છે. અમે શિષ્યના ગુણની અનુમોદના કરીએ પણ મોઢે વખાણ ન કરીએ.

ધર્મના ક્ષેત્રમાં વળતરનો ભાવ તે સ્વાર્થનો પરિણામ છે માટે પાપબંધ ચાલુ છે. જ્યાં અશુભભાવ ભળ્યા ત્યાં પાપ છે.

જેમ તમે પ્રભુભક્તિ કરો તેમા કોઈ કહે કે આ પ્રતિમાજી બહુ જ ચમત્કારી છે, અલૌકીક છે તેની પૂજા કરવાથી બધુ જ ફળે છે તો શું બેના બદલે ચાર વખત પૂજા કરો ને? પણ ત્યારે પાપ બંધાય છે કારણ સ્વાર્થ તેમા ભળ્યો છે માટે.

સભા:- સાહેબજી મુર્તિમાંથી અમી ઝરે તે ચમત્કાર કહેવાય?

સાહેબજી:- આરસમાંથી પાણી ઝરે તેની ના નથી. પણ ચમત્કાર કોને કહેવાય તેની વ્યાખ્યા સમજવી પડે. દેવી-દેવતા કોને કહેવાય? આવે તો નિશાની શું? ચમત્કાર શું તે બધુ ભણવુ પડે.

દેવી-દેવતા આવે ત્યારે કાંઈ અલૌકીક કરીને જાય. માનવથી જે ન થાય તે કરી આપે તો ચમત્કાર કહેવાય. પરંતુ અમીઝરણા તેમાં આવે તેમ નથી.

હવે તમે ધર્મ પણ જો સ્વાર્થભાવથી કરો તો પાપ બંધાય છે. તો પછી સંસારની પ્રવૃત્તિ સ્વાર્થ ભાવથી કરો તો પાપ બંધાય જ.

પરોપકારની ભાવનાવાળાને પુણ્ય રીઝર્વેશનમાં છે. માટે હૃદય પરોપકાર ભાવથી વાસીત રાખવુ જોઈએ. જેટલો પરોપકાર ઉંચી કક્ષાનો એટલુ પુણ્ય ઉંચુ બંધાશે.

જેમ તમે ઉપાશ્રય અને બંગલો બંધાવો તેમાં બન્નેમાં પાયો ખોદવાનો આવશે. બન્નેનું બાંધકામ ઈંટ-ચૂનાથી થશે! પરંતુ ઉપાશ્રય બંધાવતાં પુણ્ય બંધે અને બંગલો બંધાવતા પાપ બંધ છે. કારણ બંગલો સ્વાર્થ ભાવે બંધાવો છો જ્યારે ઉપાશ્રય કાંઈ મોજ આરામ માટે નથી બંધાવતા.

પણ ધાર્મિક ભાવ, શુભ આશયથી, આરાધનાના ભાવથી બંધાવો છો માટે પુણ્ય બંધાય છે.

શાસ્ત્રમાં વર્ણન આવે છે કે ઘણાએ ધર્મયુદ્ધ કર્યા. તેમાં ઘણી જ હિંસા થઈ પણ પાપબંધ ન થયો, પણ શુભભાવના કારણે પુણ્યબંધ થયો.

જેમ રામ-રાવણ લડ્યા.

રામના પક્ષે ધર્મ છે તેઓ શીલની રક્ષા ખાતર લડ્યા છે. રાવણ પક્ષે અધર્મ છે. રામ શુભભાવથી લડ્યા છે માટે ધર્મયુદ્ધ કહેવાયુ. તેથી હિંસા હોવા છતાં પાપ નથી.

સભા:- ભરતરાજા અને બાહુબલીજી લડ્યા તે ધર્મયુદ્ધ કહેવાય?

સાહેબજી:- ને કાંઇ ધર્મયુદ્ધ નથી. તેઓ સત્તા માટે લડ્યા છે. ન્યાય, નીતિ, સદાચાર માટે લડવુ જુદી વસ્તુ છે. નીતિ પૂર્વક સત્તા ખાતર લડવું તે પણ જુદી વસ્તુ છે. આમ તેઓ નીતિ પૂર્વક લડ્યા છે પણ છેલ્લે ચૂક્યા છે. સત્તા ખાતર લડ્યા છે માટે ધર્મયુદ્ધ ન કહેવાય. જે ન્યાય, નીતિ, સદાચાર, ધર્મ ખાતર લડે તે ધર્મયુદ્ધ કહેવાય છે.

જેમ કોણીક અને ચેડામહારાજનુ યુદ્ધ થયુ તે ધર્મયુદ્ધ છે. ચેડામહારાજ ન્યાય અને રક્ષણ ખાતર લડે છે. તેમા અશુભભાવ નથી, સ્વાર્થ નથી.

ચેડામહારાજા ભગવાન પ્રભુ મહાવીરના મામા છે. વૈશાલી નગરીના અધિપતિ છે. મહાન સમ્રાટ છે. તેઓ ૧૨ વ્રતધારી શુદ્ધ શ્રાવક છે. તેમના આચાર, વિચાર શુદ્ધ છે, પણ તેમની કઠોડી સ્થિતિ થઈ છે. ધર્મી માટે પણ ધર્મસંકટ આવે છે. તેમની સગી દીકરી ચેલણા શ્રેણીક રાજાને પરણાવી છે. તેના પુત્ર હલ્લ-વિહલ્લ અને કોણીક છે. આ ત્રણેના ચેડામહારાજા નાના થાય. શ્રેણીકરાજાએ હલ્લ-વિહલ્લને દેવતાઇ વસ્ત્ર, ઘોડા વિ. આપ્યા છે ત્યારે કોણીકને રાજ આપ્યુ છે. દરેકને સમાન રીતે આપ્યુ છે. છતાંપણ સ્ત્રીઓની ઇર્ષાના કારણે તેઓ કોણીકને ભરમાવે છે. અને તેઓની પાસેથી લેવા માટે કહે છે. માટે કોણીક નાનાઓને કહે છે. "પિતાએ આપેલી વસ્તુઓ આપી

દો" ત્યારે બેઉ કહે છે "અમે કાંઇ તમને આપેલા રાજમાં માથુ મારતા નથી. આ તમે માંગો છો તે વ્યાજબી નથી. અન્યાયની વાત છે. આતો સંપત્તિ લુટવાની વાત છે" પણ કોણીક માને તેમ નથી. માટે તેમને થાય છે કે ભાઇ સત્તાધીશ છે માટે કંઇપણ કરી શકે તેમ છે. તેથી તેઓ બધી મુલ્યવાન વસ્તુઓ સાથે ભાગીને નાનાને ત્યાં પહોંચી ગય છે અને તેમનુ શરણ સ્વીકારે છે. શરણાગતનુ રક્ષણ કરવું તે ક્ષત્રિય પોતાનો ધર્મ માનતા. પ્રાણ સાથે તેનું રક્ષણ કરે. ક્ષત્રિયમાં રક્ષાધર્મ હતો. સામાજીક દૃષ્ટિએ આ ઉત્તમ સદાચાર છે. માટે યોગ્ય વાત છે અને આ તો તેમના દૌહિત્ર છે. ચેડારાજાએ તેઓને શરણ આપ્યુ છે. માટે મોટો ભાઇ કહે છે "તમે તેઓને મને સોંપી દો." પરંતુ શરણે આવેલા છે માટે આ અનુચીત વાત છે. તેથી ઘણી વાટાઘાટ કરી પણ તે સંમત થયા નહિ. તેથી કોણીકે વિચાર્યુ કે નાનાએ મારુ નાક કપાવવા આવુ કર્યુ છે, મારુ અપમાન કર્યુ છે. માટે તેને ખુબ ગુસ્સો આવ્યો છે તેથી કહે છે કે યુદ્ધ મેદાનમા આવી જાઓ. ત્યારે ચેડારાજા વિચારે છે કે બીજો વિકલ્પ ન હોવાના કારણે લડવુ પડશે. તેનાથી કરોડોની હિંસા થશે પણ શરણે આવેલ હોવાથી મોકલી અપાય નહી.

સભા:- વસ્ત્રો વગેરે આપી દે તો ?

સાહેબજી:- વિચારજો, તે વસ્ત્રોની માલિકી કોની છે ? સેચનક હેવતાઇ હાથી છે. કોણીકનુ મન કાંઇ એમનેમ ચોંટ્યુ નથી. હલ્લ-વિહલ્લ આપી દે તો કાંઇ ચેડારાજા ના પાડે તેમ નથી. પણ શરણે આવેલાને છોડી દે તેમ નથી.

તમને આ વાત બેસે તેમ નથી. કારણ તમે કાંઇ કોઇના ખાતર કરો તેમ છો ખરા? કોઇ આવીને કહે કે તમારો દાસ છુ, મને શરણ આપો. તો કહેશો વગર કારણે મારે ક્યાં પલોજણ માથે લેવી. તમે પરોપકારધર્મને સામાજીક દૃષ્ટીએ પણ જીવનમાં રાખ્યો છે ખરો ?

પરંતુ આ જુદી જાતના માનવી છે. આમતો કોણીક મહાન સમ્રાટ છે. ચેડામહારાજાને તેની સાથે સંબંધ વધાડવાનો છે. એક સામાન્ય

દોહીત્રા માટે કે જેની પાસે કાંઇ રસ્તા નથી. તમે કોઇ સામાન્ય માણસના રક્ષણ ખાતર મોટા સાથે સંબંધ બગાડો તેમ છો ?

સલા:-

સાહેબજુ:- ન્યાયની વાત હોય તો રક્ષણ આપવાનું છે કાંઇ ગમે તે નામથી આવે તેનું રક્ષણ કરવાનું નથી. જેમ ગુંડો આવીને આશ્રય માંગે તો અપાય ખરું? માટે વિચારવુ પડે.

સલા:- પણ સાહેબજુ ચેડામહારાજ હલ્લ-વિહલ્લ પાસે હતુ તેમાંથી થોડુ અપાવીને યુદ્ધ રોકી શકયા હોત ?

સાહેબજુ:- ચાલો લાખ અપાવી ઠેકાણુ પડાવી દો પણ તેમાં શું દાખલો બેસશે? હા, જાત માટે અન્યાય સહન કરો તો શાબાશી આપશે. પરંતુ આ રીતે કસ્તાં તો નમાલા ગણાય. પ્રસંગે ન્યાય અપાવાની ત્રેવડ નથી તેથી સમજાવીને કરે તો પણ પાપ લાગે. થાયડે ધર્મીના પનારે પડવુ જ નહી અંગુઠો જ બતાવશે. માટે તેમ કરવાથી ધર્મીની છાપ ખરાબ પડે.

તમારી એવી છાપ ખરીકે કોઇને અન્યાય થશે તો તમે તેની પડખે ઉભા રહેશો ? માટે ધર્મીમા ચોકકસ લક્ષણો માંગ્યા છે.

કુમારપાળરાજાએ સગા બનેવી સાથે યુદ્ધ કર્યુ છે ને ? આમનો તેમની જુવથા કેટલી ? પોતે સામાયિકમા હતા ત્યારે પગ ઉપર મંકોડો ચોંટ્યો તો ચપુ લઇને ચામડી કાપી નાંખી છે. તેમના નવ લાખ ઘોડાની પાછળ પુંજણી રહેતી. રાજા પોતે ઘોડાપર બેસે ત્યારે પુંજણે બેસે. અને એ નવલાખ ઘોડાને ગળેલુ પાણી પાતા. માટે નાના જુવની પણ બીનજરૂરી હિંસા કરે તેમ નથી. પણ ધર્મના પ્રસંગે યુદ્ધ ખેલ્યુ છે શુ કામ ?

તે પ્રસંગ કદાચ તમને ખબર નહી હોય માટે જોઇ લઇએ. કુમારપાળ રાજાની સગીબહેન આબ્રવરાજ રાજા સાથે પરણી છે. કુમારપાળ કરતાં પણ ચડીયાતો રાજા છે. હવે બન્ને પતિપત્ની બેઠા બેઠા શતરંજ રમે છે. કુમારપાળરાજા પહેલા નોનજૈન હતા પછીથી જૈન બન્યા છે. " કુમારપાળ

રાજ આખો દિવસ જયણા-જયણા કર્યા કરે છે. મુંડીયા સાધુના ભગત થઇ ગયા છે" આવુ તેમના બનેવી વિચારે છે. તેથી તેમને સાળાનુ ટીખલ કરવાનુ મન થયુ. મારે રમતાં એક પાસો બીજા પાસાને ઉડાવે ત્યારે શુ કહે કે "જો આ મુંડીયો ઉડ્યો" તે વખતે કુમારપાળની બહેન કહે છે તમે વિનય સાથે બોલો, બોલવામાં મર્યાદા રાખો. આ કાંઇ તમને શોભાસ્પદ નથી. પરંતુ સત્તાના મદના કારણે તેઓ કરીવાર બોલ્યા. આમ બેત્રણ વાર રાણીએ સમજાવ્યુ પણ માન્યા નહી. તેથી તે ખીજાઇને ઉભી થઇ ગઇ. અને કહ્યુ જીભ અંકુશમા રાખો નહિતર જુવતાં જીભ ખેંચાવી લઇશ. દેવ-ગુરુ-ધર્મ માટે બોલવાનો અધિકાર નથી. પરંતુ રાજા તો તાનમાં છે. મારે કહે જીભ કાઢી લેનાર તુ કોણ? આમ રાણીને ધુત્કારી. માટે રાણી શીલાદેવીને લાઇને ત્યાં જતી રહી. ખાલી હાથે બેડલી બહેનને આવેલી જોઇને પૂછે છે. બધી પરિસ્થિતિ જણાવે છે. ત્યારે લાઇ કહે છે ચિંતા કર નહિ. દેવ-ગુરુ-ધર્મ માટે આ રીતે બોલે તો બરાબર સબક શીખવાડીશ. મારે બનેવીને સંદેશો મોકલે છે કે મારી બહેનને પાછી બોલાવવી હોય તો પસ્તાવા સાથે મિચ્છામિ દુક્કડં માંગો નહિતર બહેન આવશે નહિ. રાજા તાનમાં છે માટે ના પાડે છે. માટે યુદ્ધ કરવાનું આવે છે. હવે આમ તો તેનુ લશ્કર જોઇને તે ગભરાયો છે માટે તે જીતવા ડાવાદાવા કરે છે. પરંતુ કુમારપાળ લડી લે છે. આમ તો આગળ ઘણી લાંબી વાત છે તે આપણે જોતા નથી. આ ઠેકાણે તમે શુ વિચારો? "જેના કર્યા એ ભોગવે, જેનુ પાપ એના માથે"

સભા:- અમે ક્યા ક્યા પહોંચીએ

સાહેબજી:- કબુલ કરો જ્યાં ક્યાં પહોંચી શકશો ત્યાં પરોપકાર કરશો. અરે દીકરા ધર્મ મારે ગમે તેમ બોલે તો પણ ચાંખી લો છો ને? શું તમારુ લોહી ઠંડુ પડી ગયુ છે? મારે બહુ જ વિચારવા જેવુ છે.

સભા:- સમકીત વગરનો જીવ આના માટે યુદ્ધ કરે તો કેવુ પુણ્ય બંધાય?

સાહેબજી:- તેને ભવોભવ શાસન મળવાનું, પુણ્ય બંધાય, તેને ધર્મરાગ છે. માટે ચોક્કસ તે પુણ્ય ધર્મની સામગ્રી તેને અપાવશે.

સ્વાર્થ અને પરાર્થ તે પાપ અને પુણ્ય બંધના કારણો છે. શુભ આશય અને શુભભાવથી પ્રવૃત્તિ કરો તો પુણ્ય બંધાય છે. અશુભ ભાવ અને અશુભ આશયથી પ્રવૃત્તિ કરો તો પાપ બંધાય છે.

સભા:- ધન કમાવવામાં શુભ આશય શું આવશે?

સાહેબજી:- ધન કમાઈને સારા કાર્યમા, ઉચીત કર્તવ્યો અદા કરવામાં, મોજ મજાનો ભાવ ન જોઈએ, પણ શુભ આશય જોઈએ.

તમે માંદા પડો ત્યારે અમે દવા જરૂરતા હોઈએ છતાં દવા કહીએ નાહે અને કહીએ તો અમને પાપ લાગે. કારણ તમારે સાજા પણ સંસારના સ્વાર્થ માટે થવુ છે, સાજા થઈને તમે સંસારના સ્વાર્થ સિદ્ધ કરશો. માટે તમારે બધે સ્વાર્થ ભરેલો છે. જેનાથી પાપબંધ ચાલુ છે.

॥ પ.પૂ. શ્રી યુગજીવનવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥

૧૮-૮-૯૫ ॥ યોગવિંશીકા॥
શુક્રવાર. ॥પ્રણિધાન॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને સત્ ધર્મનો પ્રબોધ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ જે જીવો ધર્મ અને અધર્મની સાચી વ્યાખ્યા સમજે છે તેનામાં વિશુદ્ધ ધર્મ પ્રગટે છે. અને પછીથી તે જીવને અધર્મમાંથી કઈ રીતે મુક્ત થવું અને કઈ રીતે પોતાના જીવનમા ધર્મને વિકસીત કરવો તેની દૃષ્ટી આવે છે. આ દુનિયામાં ધર્મ ઘણા છે અને તેમના ધર્મશાસ્ત્રો પણ ઘણા છે. માટે શાસ્ત્રોથી ઉપદેશ પણ વિવિધ પ્રકારનો છે. પરંતુ દંડમાં સરળ વ્યાખ્યા કરતાં કહે છે કે આ જગતમાં જે સારુ દેખાય છે, તે બધુ ધર્મનુ મુળ છે. અને આ જગતમાં જેટલુ ખરાબ દેખાય છે તે બધુ અધર્મનુ મુળ છે. જેમકે ગુંડાગીરી, બદમાશગીરી, જુઠુ, હિંસા, ચોરી, પ્રપંચ, દ્વેષ, વાસના, આસક્તી તથા તેનાથી થતા ગેરવર્તનો તે બધામાં અધર્મનુ મુળ છે. તેમ જગતમાં સારુ વર્તન, સારા વિચારો, સારી વાણી જે પણ દેખાય છે તે ધર્મ છે. જો આ દુનિયામાંથી ધર્મને કેન્સલ કરો તો દુનિયા કેવી રહે ? કોઇપણ સારો માણસ આ દુનિયામાં જીવી શકે ખરો? માટે સજ્જન માણસને તો ધર્મ શ્વાસોશ્વાસ રુપ છે. માટે ધર્મનો પ્રભાવ પ્રત્યક્ષ છે. અને આ જો સમજે તો ધર્મ માટેની આખી દૃષ્ટી બદલાઇ જાય. ધર્મમા એવી શું ખરાબ વસ્તુ છે કે તમે ધર્મનો વિરોધ કરી શકો? પણ જેને સારી વસ્તુ સાથે વાંધો હોય તેને ધર્મ સાથે વાંધો છે તેમ કહેવાય.

આ દુનિયામાં અન્યાય, અનીતિ, લુચ્ચાઇ વગેરે અધર્મમાંથી પેદા થાય છે અને સ્વાર્થ પરિણતિથી પેદા થાય છે. માટે અધર્મને મુળમાંથી ડામવા માટે હૃદયમાં રહેલી સ્વાર્થ ભાવનાને નાબુદ કરવી જોઇએ. જેને જીવનમાં ધર્મ પામવો હોય તેને ધર્મની શરુઆત **હૃદયમાં રાગથી કરવાની છે.**

પ્રણિધાન એટલે ઓળઘોળ થયેલો ધર્મરાગ છે. મોક્ષ અને મોક્ષના સાધન રુપમાં કર્તવ્યતાની બુદ્ધિ થઇ તેને પ્રણિધાન કહ્યુ છે.

અને તેમાં વિશેષણા તરીકે હીનગુણ અદ્વેષ અને પરોપકાર વાસિત હૃદય કહ્યુ છે. માટે જેને પણ પરોપકાર ગમે તેને ધર્મ ગમે જ, જેને ધર્મ ગમે તેને પરોપકાર ગમે જ. માટે જેને ધર્મ સાથે વિરોધ છે તેને પરોપકાર સાથે વિરોધ છે. આ રીતે પ્રણિધાનના જુદા જુદા પાસા મૂક્યા છે.

તમારામાં ધર્મ, ધર્મરાગ આવે તો તેને પોતાના અને બીજના અધર્મ ખટકે. જેને ધર્મ પર રાગ તેને અધર્મ પર દ્વેષ રહેવાનો. બીજના આત્મામાં રહેલો અધર્મ જોવાનો છે, પણ અધર્મી વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી કરવાનો. અધર્મી વ્યક્તિ પ્રત્યે તો કરુણા કરવાની છે. જ્યારે દ્વેષ અધર્મી વ્યક્તિના આત્મામાં રહેલા અધર્મ પ્રત્યે કરવાનો છે.

જેને પોતાનું દુઃખ નથી ગમતું તેને બીજાનુ દુઃખ જોઇને અનુકંપા પેદા થવી જોઇએ. પણ દુઃખને જોઇને દ્વેષ થાય તો સાચી દયા નથી.

ઘણા શ્રીમંત માણસોને પોતાના દુઃખ પ્રત્યે અણગમો છે માટે દુઃખ ન આવે તેની સાવધાની રાખે. પરંતુ બીજાને દુઃખી જુએ તો તેને લાગે કે આ આઘો ખસે તો સારુ. ઘણા શ્રીમંતોને સામાન્ય માણસ પ્રત્યે અણગમો હોય છે. માટે ઘણા સામાન્ય માણસો શ્રીમંત સાથે બેસતા પણ નથી, વાત પણ કરતા નથી. પરંતુ શ્રીમંત માણસને જેમ પોતાની ગરીબાઇ ગમતી નથી તેમ ગરીબ વ્યક્તિની ગરીબાઇ પ્રત્યે અણગમો દ્વેષ થવો જોઇએ. પણ ગરીબને જોઇને તો હમદર્દી જ પેદા થવી જોઇએ. પણ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન જોઇએ. માટે દરેક જીવને આ જગતમાં અધર્મ પ્રત્યે અરુચી, અણગમો થવો જોઇએ. અને જ્યાં ધર્મ જુઓ ત્યાં રાજીપો થવો જોઇએ.

આ જગતમાં જ્યાં પણ સ્વાર્થજન્ય પ્રવૃત્તિ દેખાય તો તે વર્તન અને ભાવ પ્રત્યે અણગમો થવો જોઇએ. જેમ જ્યાં પણ અનીતિ, અત્યાચાર, કરુણા જુઓ તો દ્વેષ, અરુચી થવી જોઇએ. પણ તે કરનાર વ્યક્તિ પ્રત્યે દ્વેષ થવો ન જોઇએ.

જેમ કોઇ વ્યક્તિ કહે મને અન્યાય પસંદ નથી માટે હું સહન કરી લઉ તો

નથી. તેથી પોતાના પર અન્યાય થાય ત્યારે અકળાય. પરંતુ શાસ્ત્રકાર કહે છે કે જ્યારે બીજા પર અન્યાય થતો હોય ત્યારે અકળાય અને તેનો વિરોધ કરે તો તે સારો ભાવ છે, ધર્મ છે. પણ પોતાની જાત પર અન્યાય થાય ત્યારે લડે તો ધર્મ નથી, પણ તે અન્યાયને સહન કરી લે તો ધર્મ છે.

જેમ દેશમાં અન્યાય, અનીતિ ચાલે તો મોરચા લઈને નીકળે છે, તેનો વિરોધ નોંધાવે છે, લાખનો કરે છે ત્યાં આ બધુ કરવામાં કારણ શું? ભાવ શું? જેમ વેપારીને સરકારના કાયદા દ્વારા વેપારમાં મુશ્કેલી ઊભી થાય ત્યારે તેમનું સંગઠન સાબદુ થઈ જાય, મોરચા લઈને નીકળે. તે વિરોધ કાંઈ ધર્મ નથી. કારણ પોતાના સુખ, સગવડતા પર તરાપ પડી છે. માટે લડે છે. તેમ બધે ઠેકાણે સમજવું.

માટે વ્યક્તિ ખાલી અન્યાયના કારણે વિરોધ કરવા નીકળે તેમાં કાંઈ ધર્મ ન કહેવાય, પણ અન્યાય, શોષણ થાય ત્યારે પરોપકાર ખાતર બલીદાન આપીને લડો તો સત્કાર્ય કહેવાય.

માટે એકની એક વસ્તુમાં તમારા હક ખાતર લડો તો અધર્મ. અને બીજાના હક માટે લડો તો ધર્મ છે.

દા.ત. તમારા ભાઈએ કે તમારા વડીલે તમને અન્યાય કર્યો ત્યારે માથુ ઉંચકો તો ધર્મ કહેવાય? કે તમે તે અન્યાયને સહન કરી લો તો ધર્મ કહેવાય? તમારા હક માટે તમે ન્યાયથી પણ લડો તો અધર્મ જ કહેવાશે.

વૈદીકધર્મમાં વ્યાસમુની થઈ ગયા તેમને મહાભારતમાં આમ તત્વજ્ઞાન પીરસ્યુ છે પણ આ બાબતમાં થાપ ખાઈ ગયા છે. જ્યારે કૃષ્ણએ પાંડવોને ઉપદેશ આપ્યો છે તેમાં જ તેમને થાપ ખાધી છે. પાંડવો પોતાના સ્વાર્થ ખાતર લડે છે છતાં કૃષ્ણ કહે છે કે "ખુશીથી યુદ્ધ કરો, નમાલા થવાની જરૂર નથી." ધર્મ ખાતર લડવું, પણ ધર્મ ક્યારે કહેવાય? જો તેમાં અંગત સ્વાર્થ ન હોય તો.

જેમ દા.ત. તમારુ મકાન તમે ભાડુઆતને આપ્યુ અને તેને

પચાવી પાડ્યુ. આમ કાયદાની દૃષ્ટીએ તમે તેના માલિક છો. છતાં તે માલીક થઈને બેસી જાય તેમ છે. તો તે વખતે તમે તેની સામે કોર્ટે જાઓ, લીગલ પ્રોસેસ કરી લડો તો શું તેને ધર્મ કહેવાય ? ન જ કહેવાય.

હવે જેમ તમે રસ્તા વચ્ચે જઈ રહ્યા છો ત્યારે તમને લૂંટી લેવા કોઈ આક્રમણ કરે છે જેનુ તમે કશુ બગાડ્યુ નથી, કાંઈ તેનો ગુનો કર્યો નથી. છતાં લુંટવા પ્રયત્ન કરે છે. આ ઠેકાણે ગુનેગાર તો લુટનાર છે. તો પણ તે વખતે તમે તેનો સામનો કરો, તાકાતથી લડી લો તો તે ધર્મ કહેવાય? કેમ નહિ? કારણ સ્વાર્થ છે.

માટે સ્વરક્ષણ માટે પણ લડો તો પાપ તો લાગે જ. અમે તમને તમારુ રક્ષણ કરવાની ના નથી પાડતાં, પણ તમારે રક્ષણ શુ કામ કરવુ છે? સ્વાર્થ માટે રક્ષણ કરવુ છે ? તે વિચારવુ પડે.

સભા:- તો શુ અમે લુંટવા દઈએ.

સાહેબજી:- ના, સ્વરક્ષણ શુભભાવથી કરો તો પુણ્ય બંધાશે. પરંતુ સ્વરક્ષણ સ્વાર્થ માટે કરશો તો પાપ બંધાશે. સ્વાર્થ માટે તો આખી દુનિયા લડે છે. કુતરા, બિલાડા પણ લડે છે. માટે તમારે તો આખી દુનિયા ધર્મ કરે છે તેમ કહેવુ પડશે.

સભા:- તો પછી અમારે કરવું શુ ?

સાહેબજી:- જીવનમાં સ્વાર્થને તિલાંજલી આપો. શાસ્ત્રકારોએ શ્રાવકને આક્રમક બનવાની ના પાડી છે, પણ સ્વરક્ષક બનવાની ના નથી પાડી. પણ સ્વાર્થના ભાવથી સ્વરક્ષણ કરવાની વાત નથી. પરંતુ પરોપકારના ભાવથી સ્વરક્ષણ કરવાનુ છે. તો જ ધર્મ થશે. પુણ્ય બંધાશે.

સભા:- પણ સાહેબજી અમારા સ્વરક્ષણમાં સ્વાર્થ ક્યાં આવ્યો ?

સાહેબજી:- આપણા ભગવાને કહ્યુ નથી કે તમે કમોતે મરી જાઓ. પરંતુ તમારે જીવવુ છે શુ કામ ? રક્ષણ કરવુ છે શુ કામ ? તમારે જીવનમાં સારા કાર્યો કરવા, આરાધના કરવા, દુનિયાનુ ભલુ કરવા જીવવું છે? કે

દુનિયાને ત્રાસ પમાડવા જીવવું છે ? જીવવાનો ઉદ્દેશ સ્વાર્થ, મોજમજા, એશ આરામ છે. માટે બધી મલીનતા ભરેલી છે. તમારી જીવવાની ઇચ્છા અશુભ પ્રેરીત છે માટે પાપ લાગે છે.

સભા:- બન્ને જાતના મિશ્રભાવ હોય તો ?

સાહેબજી:- મિશ્રભાવ હોય તો ફળ પણ મિશ્ર મળશે. જેટલા ટકા પરોપકાર નો ભાવ તેટલા ટકા પુણ્ય અને જેટલા ટકા સ્વાર્થનો ભાવ તેટલા ટકા પાપ બંધાશે.

આ વાત તમને સમજાતી કેમ નથી ? કારણ તેનો મુદ્દો ક્યાં છે કે તમે માનો છો કે જીવનમાં ખાવુ, પીવુ, રક્ષણ કરવુ, ધંધો કરવો, કમાવુ, રસોઇ કરવી, આ બધુ તો કરવું જ પડે. હા, અમે પણ તે માનીએ છીએ. પણ તમે આ બધુ શા માટે કરો છો ? તમે સ્વાર્થ માટે બધુ કરો છો. જ્યારે સારુ કામ પણ જો સ્વાર્થથી કરો તો તેને ધર્મ નથી કહેવાતો.

જેમ તમારે ત્યાં સંતાન જન્મ્યુ ત્યારે તે કીપલ છે. તેને ન સાચવો તો તે મરી જાય. માટે તમે સંતાનોને ઉછેરો છો, એનુ રક્ષણ કરો છો, માવજત કરો છો. હવે તમે આ પંચેન્દ્રિય મનુષ્ય જીવની સુરક્ષા કરી છે તે સારુ કામ છે. જેમ તમે કોડને જમાડો તો તે સારુ કામ છે તેમ તમારા છોકરાને જમાડો તે પણ સારુ કામ કહેવાય. છતાં પણ અહિંયા પાપ લાગે છે? કારણ તેમાં તમને સ્વાર્થ ભરેલો છે.

સભા:- અમારા માટે સ્વાર્થ ગણાય પણ સામેના માટે તો ઉપકાર થાયને?

સાહેબજી:- ઉપકારની પ્રવૃત્તિ પણ સ્વાર્થથી થઇ માટે પુણ્ય ન બંધાય. જો ઉપકારની પ્રવૃત્તિ સ્વાર્થથી હોય છતાં તેને ધર્મ કહેવાનો હોય તો તમે તો સૌથી વધારે ઉપકાર કુટુંબ પર કર્યો છે.

સભા:- ફરજ છે માટે

સાહેબજી:- અમે ભણીએ છીએ માટે જ ભણાવીએ પણ છીએ. પરંતુ કર્તવ્ય પણ જો સ્વાર્થથી અદા કરો તો પાપ જ બંધાય.

સભા:- આ તો સીક્કાની બે બાજુ થઈ.

સાહેબજી:- હા, ધર્મ ચોખ્ખો સ્પષ્ટ છે.

તમે તમારા સંસારમાં જેમકે મોટી કમ્પની ખોલી. તેની એડવરટાઈઝમેન્ટ માં લખો છો ને કે આનાથી અમે કેટલાયને રોજગારી આપીએ છીએ, સેવા કરીએ છીએ. હવે આ ગપ્પા છે કે સાચી વાત છે? શું તમે રોજગારી માટે કમ્પની ખોલી છે? કે બધાને નિચોવી લેવા ઇન્ડસ્ટ્રીઝ ખોલી છે? અને છતાં કહો કે અમે પરોપકાર માટે ખોલી છે. આ દુનિયામાં સ્વાર્થ શું શું નથી કરાવતો તે પ્રશ્ન છે. સ્વાર્થથી બચવું કરી છુટવા તમે તૈયાર છો: માટે જ ભુવનમાં ધર્મ અધર્મની વ્યાખ્યા ફીટ કરવી પડે. તમે દરેક ક્ષેત્રમાં ધર્મ-અધર્મ કરો છો તેનુ તમે મુલ્યાંકન નથી કરતાં. માટે જ ગોટાળાવાળો છો. સારી કામનાથી કરો તો જ ધર્મ કહેવાય.

જેમ ભરવાડો તેની ગાયોને કેવી સાચવે છે, પંપાળે છે, ઘાસચારો, કપાસ ખવડાવે છે. તેની ભુખ-તરસ બધાની માવજત રાખે છે. કેમ? તે દુધ આપે છે માટે. પણ એજ ગાયને વસુકી પછી નક્કામી ગણી, ઉપેક્ષા કરીને કાઢી મૂકે છે. માટે આ કાંઇ ધર્મ નથી. તેને ઉપકાર કરે છે પણ ભરવાડ પરોપકારની ભાવનાથી નથી કરતો માટે પાપ બંધાય છે.

આ સંસારનું સ્વરુપ કેવું છે કે તમે કોઇનુ ન કરો તો કોઇ તમારુ આટલુ પણ ન કરે. માટે બધાને એકબીજા માટે કરવાનું છે. મા-બાપ, ભાઇ-બહેન, દીકરા-દીકરી, પરિવાર, સમાજ બધા માટે કરવાનું છે. તમે ન કરો તો જીવી શકો તેમ નથી. પરંતુ તે કરવામાં સામે વળતરની અપેક્ષા છે. માટે જ પાપ બંધાય છે.

તમે સાધર્મિક ભક્તિ કરો છો. તેમાં સાધર્મિક તરીકે તમારુ કુટુંબ જમણમાં આવે છે. તમે જૈન એટલે તમારુ કુટુંબ સાધર્મિક થયુ ને? માટે હવે તમે તમારા કુટુંબને ઘરે જમાડો છો. માટે તેમાં સાધર્મિક ભક્તિ આવી તેથી પુણ્ય બંધાવુ જોઇએ. પણ પાપ કેમ બંધાય છે કારણ ત્યાં

જમાડતાં કયા ભાવથી જમાડો છો? તમે ઘરનાને જમાડતા હોવ ત્યારે જો કોઇ તમારા ઘરે આવી ચઢે તો તેને જમાડો ખરા? સત્તર પ્રશ્ન પૂછવા માંડો ને? માટે ત્યાં જમાડવાનો ભાવ નથી. ઘરનાને જમાડો છો તે સ્વાર્થ અને મોહથી જમાડો છો. જો પાડોશીના કીકરાને પણ દરરોજ જમાડવાનુ આવે તો જમાડો ખરા? કહેશો કે કોઇ દાનશાળા ખોલી છે. માટે પારકાને વગર કારણે જમાડી તેમ નથી. અત્યારે આખો સંસાર સ્વાર્થીત હીતોથી જ ચાલે છે છતાં કોઇ તમારી બધી અપેક્ષા પૂરી થતી નથી. થોડી અપેક્ષા એ પૂરી કરે, થોડી અપેક્ષા તમે પૂરી કરો. છતાં થોડી અપેક્ષા પૂરી થાય છે માટે કરો છતાં પાપ બંધાય છે.

સભા:- પણ સાહેબજી અમે તો સારી રીતે ધર્મ કરી શકે માટે જ ઘરનાને જમાડીએ છીએ.

સાહેબજી:- ચલો માની લઇએ તેના માટે તમે જમાડો છો અને પછી આખો દિવસ શુ? અધિર્મનુ જ વાતાવરણ આપો ને? પરંતુ સંસારમાં ચૌલાખ જુવાયોનીમાં રખડતાં રખડતાં આવો ઉત્કૃષ્ટ મનુષ્યભવ પામ્યો છે માટે આત્મકલ્યાણ કરે, મનુષ્યભવ સફળ કરે, તેની શક્તિનો સદુપયોગ કરે, તે માટે તમે તે રીતે તેનું જીવન ગોઠવો અને જમાડો તો પુણ્ય બંધાય. કારણ ત્યાં આત્મીક પરોપકારનો ભાવ આવ્યો. પરંતુ તમે ખાલી બોલો જ છો. તમારો કીકરો જુવાન થઇ, લગ્નોત્સવને તૈયાર થવા પછી જો કમાવામાં ઓછુ ધ્યાન આપે અને ધર્મમાં વધારે આગળ વધે તો તમે રાજી થાશોને? ત્યારે તો કહેશો નાશ માટે લોહીપાણી એક કરી તને ભણાવ્યો, ગણાવ્યો અને હવે તુ ઉપયોગી ન થાય તો કેમ ચાલે? તમને ઉપયોગમાં ન આવે અને ધર્મને ઉપયોગમાં આવે તો સહન કરી શકશો? માટે તમારી અપેક્ષા જુઠી છે. આખો સંસાર સ્વાર્થથી ચાલે છે તેવી જ પાપ બંધાય છે.

સંસારનુ મુળ જડ સ્વાર્થ છે.

હવે પાંડવો લડે છે તેમને હકનુ મળેલુ રાજ પાછુ લેવુ છે જે દુર્યોધને કપટ કરીને પડાવી લીધુ છે. પરંતુ તેમને જનુ કરવાની તૈયાર નથી. આમ તો બધાની વચ્ચે શાસ્ત્ર થઇ છે કે ૧૨ વર્ષ વનવાસ ભોગવ્યા પછી તેમની સંપત્તિ પાછી આપવી. પરંતુ દુર્યોધન ફરી ગયા છે, પાટલી બદલી છે. તમને પણ સંસારમાં આવા વિશ્વાસઘાતના દરરોજ અનુભવ થતા હોય છે. ત્યારે અન્યાય થયો, તેને દંડો કર્યો માટે કેમ સહન કરાય? આમ વિચારીને તમે લડો તો પાપ બંધાય.

સભા:- પાંડવો અને દુર્યોધન બેઉને આમા પાપ બંધાય છે?

સાહેબજી:- હા, બેઉને પાપ બંધાય છે. પાંડવોને ઓછુ પાપ બંધાય છે. કારણ તેમના પક્ષે ન્યાય, નીતિ છે. જ્યારે દુર્યોધનના પક્ષે ન્યાય, નીતિ નથી. પાંડવોએ દુર્યોધન પર ગેર વર્તાવ કે અન્યાય કર્યો નથી. પરંતુ તેમના હકનુ જ માંગ્યુ છે. છતાં પણ પાપ તો લાગે જ છે. જેમ તમે નીતિ પૂર્વક પ્રમાણીકતાથી ધંધો કરી લાખ્ખો કમાવ તો શુ પાપ ન લાગે? શુ અનીતિથી કરો તો જ પાપ લાગે? પણ તેવુ નથી.

નીતિથી, પ્રમાણિકતાથી ધંધો પણ શુ કામ કરો છો? હવે ધંધો કરો છો તેમાં હિંસા તો થવાની જ છે. ભલે ધંધામાં પ્રમાણીકતા, નીતિ જાળવો છો પણ તે કરતાં જીવહિંસા તો થશે જ. કેટલાય જીવનો તેમાં કચ્ચરઘાણ થશે. માટે પાપ તો લાગે જ છે.

સભા:- સાહેબજી, શેરબજારના ધંધામાં રોકીએ તો ક્યાં જીવહિંસા થવાની?

સાહેબજી:- તેમાં તો તમે આખા ગામની હિંસા માથે લઇને ફરો છો. અત્યારનુ શોષણ એટલે આખો યંત્રવાદ છે ઉદ્યોગીકરણનો મુળ આધારશીલાનો પાયો શોષણ છે. ૩૫૦ વર્ષથી વિજ્ઞાનનો વિકાસ થયો છે. ને પહેલાં યંત્રવાદનો એટલો વિકાસ નહોતો. છતાં પૂર્વજો વિકસીત હતા. તેમની જીવન પદ્ધતિ જુદી હતી. ફ્રાંસમાં ક્રાંતિ થઇ અને યંત્રવાદનો આધુનિક

જ્યે વિકાસ થયો તેમાં વિકાસ કર્યો તે કેવો કે જેમાં યાંત્રિક સગવડતા આપવા પ્રયત્ન જ પ્રયત્ન કર્યા છે. જે પ્રયત્ન મોંઘોદાટ છે. જેમ લૂનકાળમાં ઘોડાગાડી વપરાતી હતી, હવે તેની સામે વિજ્ઞાને મોટર મૂકી. જે ઘણી જ ઝડપી પદ્ધતિ છે, તેથી સીધી રીતે હરીફ તરીકે તેની સામે ન ટકી શકે. માટે તેને સપોર્ટ આપવો પડે. હવે તેને માટે અબજો રૂપીયા જોઈએ. તે પૈસા લાવવા ક્યાંથી? તે પણ મફતમાં લાવવા છે. માટે આ શેરબજાર નામનું ષડયંત્ર ગોઠવ્યું છે. ગામના અબજો રૂપિયા વગર વ્યાજે મફતમાં તેમાં વપરાય છે. આમ તમે એમનેમ પૈસા આપો તેમ નથી. પરંતુ તેમાં એટલી મધલાળ બતાવી છે કે તમે આપવામાં પાછુ વળીને જુઓ તેમ નથી. શેરબજારમાં પૈસા રોકો જેમાં સટ્ટા ડારા ફ્રીમ ભાવ ઉંચા લઈ જવામાં આવે છે. એટલે તમને ટંડશાળ દેખાય માટે જ તમે અબજો રૂપિયા મફતમાં આપો છો. દુનિયામાં યંત્રવાદ ફેલાઈ રહ્યો છે. ઈકોનોમીક્સ સમજે તેને બધી ચાની ખબર પડે. આ સીસ્ટમ ઉભી કરી છે તેમાં આ ધંધાથી તમારા બધાના હરામ હાડકાં થઈ ગયા છે. સવારે ખરીદોને સાંજે વેંચી નાંખો. કોના બાપની દિવાળી? પરંતુ આનાથી દેશને કેટલુ નુકશાન થાય છે.

બીજુબાજુ જેનાથી પરપોટા જેવુ અર્થતંત્ર ઉભુ થાય. હર્ષદ મહેતાનાં વખતે ત્રણ કરોડ એક દિવસમાં લોકોએ ગુમાવ્યા હતા. આ નવડાવવાનો જ ધંધો છે. કોઈને નવડાવો ત્યારે જ તમારા ખીસામાં આવે છે? ત્યાં કાંઈ પ્રોડક્શન છે? અનપ્રોડક્શન છે.

આ ધંધામાં તો આખી દુનિયાના પાપ માથે લઈને ફરવાનું છે. બધી ઈન્ડસ્ટ્રીસની નીક આ છે. તેમાં પાકી રૂપે સિંચન શેરબજારથી થાય છે.

તમને ઉઠા ભણાવીને તેમાં ઘુસાડ્યા છે. માટે તમે મરતાં સુધી કુહ્યા કરો. આમાં પૈસા રોકો એટલે અમુક ટકા તમારી પાર્ટનરશીપ થઈ જાય છે.

સભા:- સવારે ખરીદીને સાંજે વેંચી દે તો ?

સાહેબજી:- જુગાર સમજીને લેવુદેવુ કરે છે.

સભા:- અને પાછુ દેવુ આવે ત્યારે પાછા હાથ ઉંચા કરવા.

સાહેબજી:- હા, તે હરામખોરી છે. તમારી સાયકોલોજી જ તમને બરબાદ કરશે. વાસ્તવીકમાં એક નવા પૈસાની કિંમત ઘરમાં આવતી નથી. ખાલી કાગળીયા જ ઘરમાં આવે છે. આ તો કૃત્રિમ કિંમત ઉભી કરી છે.

ઘણા તો સવારે લઇને સાંજે વેંચી નાંખે. પણ તેમા કુટાઇ જાય છે. તેથી ઘણા લાંબાગાળાનું રોકાણ કરે છે. જેમ હજાર શેર લીધા તે લાખમાં લીધા છે. વધતાં ૨ લાખ, ૨॥ લાખ, ૩ લાખ થવા પણ હજુ એક નવો પૈસો ઘરમાં આવ્યો નથી. છતાં તેનો પારો ઉંચો થતો જાય, નાચ્યા કરે. લાખના ૨૫ લાખ થઇ ગયા છે. તે વિચારીને ઘરમાંથી ખરચવાનું ચાલુ કરી દે. માટે બજેટ વધારી દીધુ. હવે વાંધો ક્યાં છે કે કાવડીયો ઘરમાં આવ્યો નથી. છતાં કૃત્રીમ કાલ્પનીક સ્વપ્ન દ્વારા હર્ષ થાય છે. ૨૫ લાખના ૩૦ લાખ થશે તેમ આશા હોય અને તેમાં મીટર ગબડવાનું ચાલુ થાય ત્યારે મોતિવા મરી જાય. પરંતુ જ્યારે પના ૨૦ થયા ત્યારે કેટલો હર્ષ થાય છે. અને તેમાં ૨૦ના ૩૦ થવાની આશા છે. પણ જ્યારે ૨૫ના ૨૦ થાય તો છાતી કુટે. ૨૦ તો એના એજ છે. આમાં લેવાદેવા તો કાંઇ નથી. ખાલી મનના તરંગો છે. સંસારમાં તમે એની એજ વસ્તુ વધારે અપેક્ષાએ મળે તો રાજી અને એજ વસ્તુ ઓછી અપેક્ષાએ મળે તો દુઃખી ને ? માટે આમાં પના ૨૫ થાય તો હર્ષ ન જરૂરી કરો અને ૨૫ના ૫ થાય તો દુઃખ પણ ન જરૂરી કરે. જેથી ડીપ્રેશન આવી જાય. માટે વગર કારણે મનુષ્યભવ બરબાદ કરવા માટે આ ધંધો સારો છે.

શાસ્ત્રમાં શ્રાવકને યોગ્ય ધંધા બતાવ્યા છે, જે તમે ભૂલી ગયા છો. શ્રાવકના ભુવનમાં આર્થિક અસલામતી ન હોય. અને આસમાની સુલતાની પણ તેના ભુવનમાં આવે નહિ, તે રીતે જ જુવે. માટે તેનુ સ્થિર ઘોરણ જ હોય.

આર્થિક વ્યવસ્થા શ્રાવકે કઇ રીતે કરવી તેના અર્ક રૂપે ઉમાસ્વાતીજીએ સલાહ આપી છે, આર્થિક વ્યવસ્થા બતાવી છે.

સભા:- સંપૂર્ણ અહિંસક ગણી શકાય તેવો ધંધો ખરો?

સાહેબજી:- સંપૂર્ણ અહિંસક ગણી શકાય તેવો ધંધો છે જ નહિ. દરેક ધંધામાં હિંસા છે. શ્રાવક તેના જીવનમાં જરૂરીયાત માટે ધંધો કરે ત્યારે તેને માટે અહિંસક ધંધો ન લખ્યો પણ ઓછી હિંસાવાળો ધંધો કરવો તેમ લખ્યુ છે. ખેતી એ ઓછી હિંસાવાળો ધંધો છે, માટે વણીયો શાહુકાર ગણાતો.

વણીક પોતાના ધનનો પ્રાયે કરીને ધંધો કરવા કરતાં વ્યાજે પૈસા દીરતો અને વ્યાજ રૂપે તેનું વળતર લેતો. જે ઓછી હિંસાવાળો ધંધો છે. બ્રીટીશરોને આ રાક્ષસીનો ધંધો બેન્કો દ્વારા કાબુમાં કરવો હતો માટે તે ધંધાને નિંદી નાંખ્યો, તેને પડાવી લીધો. પરંતુ આ ધંધો શ્રાવકનો ઉચીત છે. તમારા દીકરાઓને લાગે બાપ-દાદા આ ધંધાથી લોહી ચુસતા હતા. હા, કોઇ બેકાદ બે નીકળે તેટલા માત્રથી તેને ખરાબ ન કહેવાય. અત્યારે બેન્કો લૂંટે છે તેના કરતાં વણીક ઓછુ લુટતા હતા.

સભા:- તેમાં પરોપકાર ભાવ કહેવાય?

સાહેબજી:- પરોપકાર લાવવા તો હૈયુ પલટવુ પડે. જ્યારે આ ધંધામાં પણ બદલાની ભાવના છે. વ્યાજ વળતર રૂપે લે છે. તે વળતર ભાવના વગર થોડુ લે છે?

સભા:- શ્રાવક હિંસક ધંધામાં પૈસા વ્યાજે દીરે તો?

સાહેબજી:- જેમકે શ્રાવકને ખબર છે કે આ કસાઇ છે. કનલ કરશે તો શુ શ્રાવક પૈસા દીરે ખરો? કદાચ માછીમાર જાળ લેવા માટે પૈસા માંગે તો અપાય? માટે શ્રાવક આવા ધંધામાં પૈસા દીરે જ નહિ. હવે શ્રાવકને ખેતી કરવાની ના છે. પણ ખેડુત શ્રાવકના પૈસા લઇને ખેતી કરશે. તેમાં હિંસા તો છે જ. પણ મોટી હિંસામાં વ્યાજે પૈસા શ્રાવક આપે

નહિ. માટે તમે આમતો ક્યાંય પણ પૈસા આપશો તો હિંસા તો છે જ. પરંતુ પોતે જાતે કરે તો કર્યું કહેવાશે જ્યારે બીજાને પૈસા દીરે તો કરાવ્યુ કહેવાશે. માટે પાપબંધમાં તફાવત તો રહેશે.

માટે કરે તેના કરતાં કરાવવાનું પાપ ઓછુ લાગે છે. શ્રાવક કર્મદાન પણ ન કરાવવાનું તો પચ્ચખાણ તો ત્યાગી બનો ત્યારે જ કરી શકાય. શેરબજારના ધંધામાં આખા ગામનુ કર્મદાન આવે છે. શાસ્ત્રામાં કહ્યુ છેકે કર્મદાન શ્રાવક કરે નહિ પણ ન છુટકે તેને કરવું પડે તો દીલમાં દુઃખ લાગે. અને પૈસા કમાયા પછી જે સમય વિશેષ વધે તેનો સદુપયોગ ધર્મમાં કરે.

શ્રાવકે કદાચ ૫૦ લાખ કમાઇ લીધા હવે તેને વધારે કમાવાની જરુર નથી, તેની ઇચ્છા પણ નથી. પરંતુ જીવન જરુરીયાત માટે આ મુડી વપરાય નહિ. તો વ્યાજે મૂકવા છે તો ક્યા રાખવા? આમ તો ગમે ત્યાં વ્યાજે રાખશો તે હકીકતમાં વ્યાજ તે મુડી ખાવા બરાબર છે. ૧૪% ૧૮%. વ્યાજ મેળવો, પણ જોખમ કેટલા? અને પરિસ્થિતિ શુ કે ૧૦ થી ૧૨% ફુગાવો વધે છે. એટલે નાણાની કિંમત ઘટે છે જે મુડી ખાધા બરાબર છે. આ બધી લુચ્ચાઇ જ છે. કોઇ સીધા પૈસા ન આપે માટે આવો ફુગાવો ઉભો કરે છે. આ વ્યવસ્થા સરકારે ઉભી કરી છે. જેનાથી તમારા કબાટમા પડેલા લાખ રુપિયામાંથી વગર લીધે ૯૦ હજાર થઇ જાય. માટે આ એક પ્રકારની લુચ્ચાઇ છે. પહેલા પૂર્વજો શાંતિથી જીવતા હતા તેવુ હવે રાખ્યુ નથી. શેરબજારમાં પૈસા રોકે તો, પછીથી તેને વધારે સમય મળે છે માટે તેનો સદુપયોગ તે ધર્મમાર્ગમાં કરી શકે છે અને સાથે પરિણામને જાણવા પડે.

હવે આગળ જેમ તમે જમવા બેઠાં. ૫૦ આઇટમ છે, તેમાંથી તમે ૫ આઇટમ ખાધી અને ૪૫નો ત્યાગ કર્યો તે ધર્મ છે. કારણ સ્વાર્થનો ત્યાગ કર્યો છે. હવે જ્યારે તમારા ઘરે સાધર્મિક આવે તો

તમારે ૫ આઇટમ ખવડાવવાની કે ૫૦ના બદલે ૫૫ આઇટમ પીરસવાની? ત્યાં એમ થાય કે આટલું વધુ કરીશ તો તેની આસક્તી પોષાસે, માટે પાપ થશે, અને હિંસા પણ વધારે થશે. માટે પાંચ આઇટમ જ પીરસું, તો શું તે વ્યાજબી છે? ના, ત્યાં તો જેટલુ બને તેટલુ બનાવીને મૂકવાનું છે.

સભા:- એક સાધર્મિકે ૫ આઇટમ ખાધી અને બીજાએ ૨૫ આઇટમ ખાધી તો બેમાંથી કોની ભક્તિનો વિશેષ લાભ?

સાહેબજી:- જેની ભૂમિકા ઉંચી હશે તેનો લાભ વધારે મળશે. પાંચ આઇટમ ખાય તે ઉંચો અને ૨૫ આઇટમ ખાય તે નીચો તેવું નથી. પણ બે ૨૫ ખાનારની ઉંચી કક્ષા હશે તો પેલા કરતાં લાભ વધારે છે. માટે સાચો વિવેક કરવાનો આવશે. જેમ સાધુ ભગવંત આવ્યા અને ૬૫ વસ્તુ વહોરી જ્યારે સાધર્મિકે બે આઇટમ જ વાપરી તો શું સાધર્મિકભક્તિનો લાભ વધારે મળશે? ના, માટે સ્તર જોવું પડે.

હીનગુણ અલ્પેચ્છ ન હોય કે ગુણાનુરાગ, મોક્ષનો રુચિ ન હોય તેને પ્રણિધાન આવે નહિ. પ્રણિધાનનો મહિમા અપાર છે. અનંતકાળથી જીવ આ ભાવધર્મને જ પામ્યો નથી. જેને પ્રણિધાન આવે એટલે તેનું કર્મ સામેનું યુદ્ધ ખેલાવાનું ચાલુ થયુ. માટે તે વ્યક્તિ હવે સંસારનો મહેમાન છે. સંસારરૂપી જેલમાંથી જલ્દી તેનો છુટકારો થશે. જેમ સંસારમાં જેલમાં પાંચ-પચાસ વર્ષની સજા પૂરી થવાની હોય ત્યારે સાયરન વગાડી છોડે છે તેમ પ્રણિધાન આપ્યુ એટલે સંસારરૂપી જેલમાંથી છુટવા માટેની મોક્ષમાર્ગની સાયરન વાગી. માટે કહે છે કે હવે આ જીવ આગળ ચાલ્યો તે સંસારનો થોડોક જ મહેમાન છે. માટે પ્રણિધાનનો મહિમા અપાર છે.

અનંતકાળથી જીવ નથી પામી શક્યો તેને જ પામવાનું છે. આપણી વધી જ ક્રિયા પ્રણિધાન પૂર્વકની જોઇએ. પછી તમે

એક નવકારશી પણ કરો કે પાંચ રૂપિયાનું દાન કરો પણ તે બે પ્રણિધાન પૂર્વકની હોય તો તે જીવા તેના આત્મા માટે ઊંચી નીકળશે. માટે આ પ્રણિધાનભાવની કિંમત ઘણી છે. બધા આ પ્રણિધાનભાવને પામીને આગળ વધો. આપણે આ પહેલો ભાવધર્મ પ્રણિધાનને બરાબર વિચારી ગયા. હવે પર્યુષણ પછી બીજો ભાવધર્મ લઈશું.